[illegible]

લેખક તથા પ્રકાશક:

[illegible]

૭૮૬

શહીદે ઇસ્લામ

(ભાગ પહેલો)

જેમાં ઇમામ હુસયન અ૦ની મહાન શહાદતનાં રહસ્યો, આપની વિદ્વતાભરેલી હીલચાલ, તથા ઇસ્લામ મઝહબની રક્ષા અર્થે આપેલી અનુપમ કુરબાનીનો ચિતાર, તેમજ અઝાદારીની ખુબીઓ, અને તાબુત-તાઝીયા, રડવું, પીટવું, જમણુ નીયાઝ ઇત્યાદી મોહર્રમની ક્રિયા પર વિરોધીઓના આક્ષેપોના ખુલાસાવાર જવાબો લખવામાં આવ્યા છે.

લેખક તથા પ્રકાશક

મહમદ જાફર શરીફ દેવજી જમાલ.

મુંબાસા. (કેન્યા કોલોની.)

કીંમત.

હિંદુસ્તાન માટે રૂપીયા ૧-૮-૦ પોસ્ટેજ સાથે.

આફ્રીકા માટે શીલીંગ ૨-૨૫ સેન્ટ પોસ્ટેજ સાથે.

આવૃત્તિ પહેલી.
પ્રત ૨૦૦૦.

હિજરી સન ૧૩૪૬.
ઇસ્વી સન ૧૯૨૮.

પ્રકાશકઃ-

મહમદ જાફર શરીફ દેવજી જમાલ.

મોંબાસા (કેન્યા કોલોની.)

મુદ્રકઃ-

જયશંકર ભાઈદાસ દ્વિવેદી.

મોજ-મજાહ પ્રી. પ્રેસ,

ખટાવ મૅન્શન, મુંબઈ-૪.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

પ્રથમ ખંડ.

ખંડ બીજો.

૧૫૯૩૫

બીસમીલ્લા હીરરહમાંનીર રહીમ.

"પ્રસ્તાવના."

હરેક કીતાબ માટે પ્રસ્તાવના અગર પ્રાથમિક બે બોલની જરૂરત છે. પ્રસ્તાવના એ કિતાબની કુંચી ગણાય છે, અને તેમાં પુસ્તક લખવાનું કારણ અને તેની જરૂરીયાત સમજાવવામાં આવતાં, વાંચનારને કીતાબના લખાણ અને તેની અગત્યની જાણ થાય છે.

અમારી આએ કીતાબ " શહીદે ઇસ્લામ " હુસયને મઝલુમ અ૦ની અઝાદારીની મહત્વતા સમજાવવા માટે અમોએ લખેલ છે. જો કે ઇમામે હુસયન અ૦ની શહાદતના વર્ણનમાં હજારો ન્હાના મોટાં પુસ્તકો અને રિસાલાઓ લખાયા છે, અને ઇસ્લામના દરેક ફીરકાએ આ મહાન્ ગમનાક બનાવને વર્ણવવામાં સારો ભાગ લીધો છે, છતાં આ બનાવ એવો છે કે તેના બારામાં જેટલી વખત અને જેવી શૈલીમાં લખાય, તો તે સવાબથી ખાલી નથી; એટલુંજ નહિ પણ આ બારીક સમયમાં જ્યારે નાસબીઓનો રાફ્ડો ફાટતો જાય છે, અને અઝાદારી બંધ કરવા બીન પાયાદાર એઅતેરાઝો કરી હુમલા થતા જાય છે, અને તે માટે દરેક રીતે કોશીશ થતી રહી છે, તેવા સમયમાં હુસયને મઝલુમના અઝાદારો ઉપર લાઝીમ છે કે પોતાના દીની બીરાદરોને અઝાદારીની ખુબી ચાલુ ઝમાનાને અનુસરતી અકલી અને નકલી દલીલોથી વારંવાર સમજાવતા રહે. દીન અને કૌમની અદના ખીદમત કરવાના શુભ હેતુથી તેમજ અઝાદારીની બુઝુર્ગી અને ખુબીઓ વધુ ખુલાસાવાર સમજાવવા માટે, આએ કીતાબ અમારી કવમ, હુસયને મઝલુમના અઝાદારો સમક્ષ રજુ કરતાં આનંદ થાય છે; અને આશા રાખીએ છીએ કે જો તેથી લાભ ઉઠાવવામાં આવશે તો અમારી મહેનતનો

પુરો બદલો મળેલો ગણાશે, અને અમારી હિમતમાં વધારો થતાં આએ કીતાબનો બીજો ભાગ ઇમામે હુસયન અ૦નું વૃતાંત ઇનશાઅલ્લાહ તુરત પ્રગટ કરવાની કોશીશ કરવામાં આવશે.

ઇમામે હુસયન અ૦ની અઝાદારીની ખુબી સમજાવવા માટે આ એકજ દાખલો બસ થશે કે અઝાદારીને ઇસ્લામ અને ઇસ્લામીઓનો મજબૂત કીલ્લો સમજી ઇસ્લામની અનેક બીજી બાબતોને પડતી મૂકી ઇસ્લામના દુશમનો ફકત અઝાદારી બંધ કરવાને તનતોડ કોશીશ કરી રહ્યા છે, અને તે માટે તેઓ અનેક પ્રકારના એઅતેરાઝો કરી રીસાલા પેંફલેટો અને હેન્ડબીલો હજારોના ખરચે પ્રગટ કરતા રહ્યા છે. ખરેખર, જ્યારે અઝાદારીના વિરોધીઓ આ મુજબ અઝાદારીને ઇસ્લામી મઝહબનો મૂળ પાયો ગણી તેની મહત્વતા સ્વીકારી રહ્યા છે, જ્યારે ખુદ મુસલમાનો તેની ખરી ખુબી હજી સૂઝી પામી શકયા નથી. અમોને ખાત્રી છે કે જો અઝાદારો અઝાદારીની ખરી ખુબીથી સંપૂર્ણ રીતે વાકેફ થાય, તો અઝાદારી ઉપર તન મન અને ધનને કુરબાન કરવામાં તેમના જોશની કોઇ પણ હદ બાકી નહિ રહે. મજલીસ પડી કરબલાનું દર્દનાક બયાન કરનારા ઝાકેરો માત્ર ફઝાએલ, મોઅજીઝા અને મુસીબતનું વર્ણન કરી પોતાની ફરજ બજાવેલી સમજી રહ્યા છે. કેમકે તેઓ પોતે અઝાદારીના ઉંડા ભેદને જાણી શકયા નથી; નહિ તો એવા અમુક નીમમુલ્લા અને ઝાકીરો ન્યાઝ વી૦ બંધ કરી હુસયની ફંડ ખોલી મદરેસા વી૦ માં વાપરવાની સૂચના પોતાની કોમ સમક્ષ મૂકવાની કદી પણ હીંમત કરતે નહિ. ઇનશાઅલ્લાહ અમો તેનો જરૂરી ખુલાસો નઝર ન્યાઝની ફસલમાં કરશું. જેથી વાંચકોને જણાશે કે તેવા ઝાકીરો માત્ર પોતાની જહાલતને લીધે અઝાદારીની ખુબીઓને પામી શકયા નથી.

ઇમાન અને અમલ માટે ઝાહેર અને બાતીન એમ બે ભાગ કરવામાં આવ્યા છે. ઇમાનનો ઝાહેર ભાગ ઝબાનથી કલમો પડી ખુદા અને તેના રસુલ તેમજ ઇમામત, કીયામત અને

પવિત્ર કુરઆન ઉપર એઅતેકાદ રાખવાને કહે છે અને ખુદા તેમજ તેના પયગંબરના ફરમાન મુજબ વર્તવું, જેમકે નમાઝ રોઝા હજ ઝકાત ઇત્યાદી ક્રિયાઓ બજાવી લાવવાને બાતીનનો ભાગ કહે છે. એજ પ્રમાણે ક્રિયા (અમલ)માં પણ ઝાહેર અને બાતીન બે ભાગ રાખવામાં આવ્યા છે. જેમકે નમાઝ ઝાહેર ક્રિયા છે. જો તે માત્ર ઝાહેર ક્રિયા સમજીનેજ પડવામાં આવે અને તેમાં સમાયલાં રહસ્યો સમજી તેથી લાભ ઉઠાવવામાં ન આવે તો તે નમાઝનો પુરો સવાબ મેળવી શકાશે નહિ. એજ પ્રમાણે હજ અને રોઝાના બારામાં સમજવું જોઇએ. જેથી ઇમાન અને અમલમાં ઝાહેર અને બાતીન એ બન્ને બાબતોની જરૂર છે. જેમકે કોઇ ઝબાનથી કલમો પડે અને તેના દીલમાં ખુદાની અપાર શક્તિ ઉપર જરાએ ઇમાન ન હોય અથવા ખુદાની મોહબ્બત કે તેનો ખોફ ન હોય, તો તેનો કલેમો અર્થ વગરનો ગણાશે તેમજ ઇબાદતમાં જો કોઇ નમાઝ પડતો હોય, રોઝા રાખતો હોય પણ દીલમાં તેના વિચારો બીજા પ્રકારના હોય માત્ર દુન્યા મેળવવા માટે અથવા પોતાની જાન આબરૂના બચાવ અર્થે ઇમાન લાવેલ હોય તો એવી ઝાહેરી ઇબાદત ખુદા પાસે નકામી છે. તેનાથી આખેરતમાં તેને કાંઇએ ફાયદો નહિ પહોંચે. તેમજ જો કોઇ કહે કે હું મનમાં ખુદા અને તેના રસુલની મોહબ્બત રાખું છું અને તેથી ઝાહેરી ક્રિયાઓ નમાઝ રોઝા ઇત્યાદીની જરૂરત નથી તો તેનું ઇમાન પણ ઉપર જણાવેલી ઇબાદતની જેમ નકામું છે.

હુસયને મઝલુમની અઝાદારીમાં પણ એજ મુજબ ઝાહેર અને બાતીન અમલ, એમ બે ભાગ કરવામાં આવ્યા છે. ઝાહેરી અમલથી મુરાદ રડવું, તાબુત, ઝુલજનાહ વી૦ કાઢી ગત યાદગીરી જાળવી રાખવાનું છે, અને તેમાં સવાબ છે, તેમજ અઝાદારીની ઉંડાણમાં જવા માટે પ્રથમ પગથીઉં છે. માત્ર એટલાજ ઉપર ઘણાખરા ઝાકીરો સંતોશ પકડી બેઠા છે, અને તે સીવાય બીજું કાંઇ નહિ જાણવાથી, વિરોધીઓને કહેવાને મવકો મળે છે કે અઝાદારો તો માત્ર રોઇ જાણે છે, અને બીરયાની ઉડાવતાં શીખ્યા છે, તેથી તેઓ નાહીંમત બાયલા

વી૦ થતા જાય છે; પરંતુ એ તેમનું કહેવું તદ્દન ગેરવાજબી છે. કેમકે અઝાદારીના ઉંડાણમાં ઉતરી તેનાં રહસ્યો તરફ લક્ષ દેવામાં આવે તો આવાઓને કટાક્ષ કરવાનો મવકો મળે નહિ. અઝાદારીની ખરી ખુબી સમજવા ઉંડાણમાં કોઇ ઉતરે તો તેને ખાતરી થશે કે અઝાદારીથી મતલબ બીજી અનેક બાબતો છે. તેમાં સમાયલાં અનેક શિક્ષણો પામી તે ઉપર અમલ કરવાને, અને જેને આપણે રડી રહ્યા છીએ તે મઝલુમે કરેલા મહાન્ કાર્યને ટકાવવા, અને તેને પગલે ચાલવાની આપણી ફરજ છે. તેમ થતાં ખચ્ચિત ઇસ્લામની હાલત બદલાઇ જતાં દુશમનો અને વિરોધીઓને હુમલા કરવાનો મવકો મળવાનો સંભવ રહેશે નહિ.

હવે એ અસલ શિક્ષણો આપવા માટે દરેક ઝાહેરી અસબાબ, ઇમામવાડા, મજલીસો, તાબુત, તાઝીયા, ઝુલજનાહ, અલમ, તલવાર વી૦ ની પણ જરૂરત છે. કેમકે તે શિવાય વિરોધીઓ કહે છે કે માત્ર મનમાં તે બહાદુર શહીદનું સ્મરણ કરી હિંમતવાન બની શકાય, એ બીલકુલ ખોટું છે. કોણ અને કેટલા એવા હશે કે જેઓ કીતાબો વાંચી શાંત મગજે પોતાના ઘરે બેસી એ મઝલુમનું સ્મરણ કરી શકતા હશે ? વળી ઇનસાન પ્રથમ તો દુન્યાની જંજાલમાં અને વેપાર વી૦ માં સદા ગુંથાયલો હોય છે, અને દુન્યાની મોજ મજામાં રહેતાં પોતાના અંગત મિત્રોના અને સગા સંબંધીઓનાં દુઃખો પણ ભૂલી જાય છે; તેથી તેઓની સ્મરણશક્તિ તાજી કરવા, તેઓને દુન્યાની ગફલતથી ચોંકાવી અઝાદારીથી મળતાં શિક્ષણો સમજાવવા, અને તે ઉપર અમલ કરવા માટે બોધ આપવાને ઝાહેર બેઠકો, મજલીસો અને કરબલાની બેમીસ્લ શહાદતનો ચિતાર દેખાડી આપવાની ખાસ જરૂર છે. માટે મોલવીઓ અને ઝાકેરોની ફરજ છે કે કરબલાની મુસીબતનું ગમનાક બયાન કરવા સાથે દરેક બનાવ ઉપરથી મળતી નસીહતો અને શિક્ષણોનું બયાન કરી તે ઉપર અમલ કરવાની સમજણ આપતા રહે.

અમોએ આ કારણને અંગે શહાદતની મહત્વતા; અઝાદારીમાં સમાયેલી ઉંડી ફીલસુફી, તેના થકી થતો દીન અને દુન્યાના ફાયદા અને મળતાં અમૂલ્ય શિક્ષણો વિગેરે વિષયોને અમારી સમજશક્તિ મુજબ આ કીતાબમાં સમજાવવાની કોશીશ કરી છે જેમાં અમો કેટલે દરજે ફતેહમંદ નીવડયા છીયે તેની તુલના કરવા વાંચકો ઉપરજ મૂકીએ છીયે. ખુદાની દરગાહમાં અમારી અરજ છે કે અમારી આ કોશીશ ફતેહમંદ નીવડે અને અમોને તેમજ આશકાને હુસયનને એ મઝલુમના અઝાદારોમાં ગણી કીયામતના દહાડે બખશીશનું સાધન બનાવે. આમીન.

આ પુસ્તકનો બહોળો ફેલાવો કરવા અને દરેક વર્ગ સહેલાઇથી મેળવી શકે એ હેતુથી મૂળ છપાઇ ખર્ચ કરતાં અર્ધી કીંમતજ રાખી છે જેથી અમને આશા છે કે હુસયને મઝલુમના અઝાદારોનું કોઇ ઘર આ પુસ્તકથી ખાલી રેહશે નહિ. આ પુસ્તકની બીજી આવૃત્તિની જરૂર જણાતાં કોઇ પણ ફેરફાર સુધારા વધારા કર્યા વગર ફરી વાર છપાવવા માટે અમારા દીન બંધુઓને અમારા તરફથી સંપૂર્ણ છુટ છે.

આ પુસ્તક લખવાના કામમાં, અને સુંદર છપાઇકામ કરી દેવામાં અમારા મિત્રોએ કીમતી સલાહ આપી અમને મદદ કરી છે તે માટે આ તકે અમે તેઓનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનીયે છીયે, તેમજ જે ભાઇઓએ શરૂઆતથી આ પુસ્તકના ગ્રાહક થઇ અમને ઉત્તેજન આપી ઇમામે હુસયન અ૦ પ્રત્યે પોતાની ફીદાગીરી ઝાહેર કરી છે, તેઓનો પણ આભાર માનીયે છીયે.

અમારી આ કીતાબના અભ્યાસથી ઇસ્લામના મહાન્ સત્યાગ્રહી હ૦ ઇમામ હુસયન અ૦ની શહાદતનાં રહસ્યોથી વાકેફ થઇ પ્રિય વાંચકો અઝાદારી પ્રત્યેના ઉત્સાહમાં વધારો કરશે અને એ મહાન્ શહીદે ઇસ્લામના જીવનનું અનુકરણ

કરી તેમનાં ફરમાનો પર અમલ કરશે તો અમને અમારી મેહનતનો પુરો બદલો મળેલો ગણીશું.

લી૦ ઝાકીરે હુસયન,

મહુમદ જાફર શરીફ દેવજી.

મુંબાસા, (કેન્યા કોલોની.)
તા. ૧૫ મી માહે શાબાન ૧૩૪૬ હીજરી.

— ≡ —

અર્પણ.

શહીદે ઇસ્લામ, મઝલુમે કરબલા, મહાન્ સત્યાગ્રહી હઝરત
ઇમામ હુસયન અલયહિસ્સલામના આશકો અને અઝા-
દારીમાં તન, મન અને ધનથી ભાગ લેનારા અઝા-
દારોને, તેમના એ શુભ કાર્યના ઉત્સાહમાં
વધારો કરવા, અને અઝાદારીનાં ગૂઢ
રહસ્યો સમજાવવા, અમારૂં આ
પુસ્તક સપ્રેમ અર્પણ
કરીએ છીયે.

મહમદ જાફર શરીફ.

"યૂરીદૂના લિયુત્‌ફીઊ નૂરૂલ્લાહિ બિઅફ્‌વાહિહિમ
વલ્લાહુ મુતિમ્મુ નૂરિહી વલવ કરિહલ કાફિરૂન."

અર્થ:–તેઓ ચાહે છે કે પોતાના મોઢાથી ખુદાના નૂરને બુઝાવી નાખે. પણ ખુદા પોતાના નૂરને સદા તેજસ્વિ રાખશે, અગરચે કાફરો તે પ્રત્યે અણગમો રાખતા હોય.

"પવિત્ર કુરઆન."

પ્રથમ ખંડ

શહીદે ઇસ્લામ.

હઝરત ઈમામ હુસયન અ૦

શહીદે ઈસ્લામ

પ્રકરણ પહેલું

કરબલાના મહાન્ શહીદ ઇમામે હુસયન અ૦

જગતના મહાન્ સત્યાગ્રહી ઇમામે હુસયન, શહીદે કરબલાના પવિત્ર નામથી કયો ઇનસાન અજાણ્યો હશે? હુસયન ઇબ્ને અલી ઇબ્ને અબીતાલિબ ઇબ્ને હાશમ ઇબ્ને અબ્દે મનાફ ઇસ્લામના મહાન્ પયગંબર હ૦ મોહમ્મદ (સ૦)ના દોહિત્ર હતા; અને તેમની વ્હાલી પુત્રિ હઝરત ફાતેમા અ૦ના પેટે જન્મ્યા હતા. અરબોમાં સર્વોત્તમ ને પવિત્ર ગણાતા સર્વ સદ્ગુણો અને લક્ષણો એમનામાં હતા. બહાદૂરી, શૂરવીરતા, સખાવત, ઇત્યાદિ સર્વ ખૂબીઓ તો જાણે તેમના પિતા હ૦ અલી અ૦ના તરફથી વારસામાંજ તેમને મળી હતી.

જે લોકો તેમના પિતાશ્રી અને ભાઇને અયોગ્ય શબ્દોથી યાદ કરતા હતા અને તેમનું બુરૂં બોલતા હતા, તેઓ (ખારજીઓ) પણ ઇમામે હુસયનનાં વખાણ કરે છે. મુસલમાનોના બધા પંથો ઇમામે હુસયન માટે બહુ ઉંચા વિચારો ધરાવે છે અને તે બુઝર્ગવાર પ્રત્યે આસ્થા અને મોહબ્બત રાખે છે. ઇમામે હુસયનની બુઝુર્ગી માટે એટલુંજ બસ છે કે પર-ધર્મીઓ પણ એકી અવાજે એમના માટે માનભરેલા વિચારો અને મોહબ્બત જાહેર કરી રહ્યા છે અને તેમની અઝાદારીમાં ભાગ લઇ રહ્યા છે.

ઇમામ હુસયન અ૦મે પોતાની શહાદત વડે ઇસ્લામને કિયામતના દહાડા સૂધી આબાદ રાખવા માટે જે પદ્ધતીથી

કામ કર્યું છે, એ પ્રમાણે જગતના કોઇપણ મહાપુરૂષ કે ધર્મોપદેષકે એમના જેવી અસરકારક પદ્ધતી ધારણ કરી નથી. એઓ ઇસ્લામની બેમિસાલ સેવા કરી ઇસ્લામીઓ પર જે એહસાન કરી ગયા છે તેને યાદ કરી તેમની મોહબ્બતમાં ઇસ્લામી આલમ લોહીના આંસુ પાડી, કિયામતના દહાડા સુધી રૂદન કરશે અને પોતાની જાન–માલ અને અવલાદ તે મોહસીને ઇસ્લામને અર્પણ કરશે તો પણ તેમના બેહદ એહસાનોનો બદલો વાળી શકશે નહિ. હુસયન અ૦ મે ઇસ્લામીઓની હિદાતય અને તારણ અર્થે પોતાના કને જે હતું તે સર્વ કરબલાના રણમાં લુંટાવી આપ્યું તેના બદલામાં ઇસ્લામી જગત પોતાનું સર્વસ્વ તેમના નામ પર કુરબાન કરે તોયે થોડુંજ ગણાશે.

ઇમામે હુસયનની બુઝુર્ગી અને તેમની શહાદતની મહત્વતા સમજવા માટે આપણને ઇસ્લામી ઇતિહાસ પર નજર નાખવી પડશે. અહીં અમે ટુંકમાં મૂળ હકીકત પર અજવાળું પાડવા માંગીયે છીએ અને આ કિતાબમાં અન્ય સ્થળે જૂદા જૂદા પ્રકરણોમાં પ્રસંગોપાત જરૂરી ખુલાસા કરવામાં આવેલ છે.

ઇસ્લામ મઝહબના મહાન્ સ્થાપક હ૦ મોહમદ સ૦મે અથાગ કોશીશથી અરબસ્તાનના જંગલી અને હઠીલા અરબોને વશ કર્યા અને "**લાઇલાહા ઇલ્લલ્લાહ**"નો કલમો જારી કર્યો તેથી આખા દેશમાં ટુંક સમયમાં મૂર્તિપૂજા નષ્ટ થઇ અને દિનબદિન મુસલમાનોની સંખ્યા વધતી ગઇ.

પયગંબરની હયાતીમાંજ ઇસ્લામની ચઢતી જોઇ બની ઉમય્યાના હૃદયમાં હસદ–વેર અને ઇર્ષાનો અગ્નિ જોશભેર ભડકયો અને તેઓ કોઇપણ ભોગે બની હાશમ પાસેથી જૂના જમાનાથી ચાલતી આવેલી અદાવતનું વેર વસુલ કરવાની તક માટે આતુર હતા. જાહેરમાં તેઓ મુસલમાન થયા હતા પણ અંદર ખાનેથી તેઓ મુનાફીક અને ઇસ્લામના કટ્ટા વેરી રહ્યા. પયગંબર તેઓની અદાવત ભરેલી હીલચાલથી અજાણ ન હતા, બલકે તેમને ખાત્રી હતી કે તેમની વફાત બાદ આ મુનાફીકો દીને ઇસ્લામને તોડી પાડવા માટે તનતોડ કોશીશ કરવા ચુકશે નહિ, તેથી એવા મુનાફીકોથી ચેતીને રેહવા માટે અને એહલે-

બૈતની મોહબ્બત રાખી તેમની તાબેદારી કરવા અને તેમના કનેથી શિક્ષણ મેળવવા માટે ભાર દઇને મુસલમાનોને સદા ભલામણ કરતા હતા અને વારંવાર ફરમાવતા હતા કે "જુઓ, મારી વફાત બાદ મુનાફીકોની વિરૂધ્ધતાથી મતભેદ પડશે, માટે જેઓ મારી એહલેબૈતનો દામન પકડશે તેઓ નજાત પામશે અને જેઓ તેમને મેલી આપશે, તેઓ ઉંધે માર્ગે દોરવાઇ જઇ હલાક થશે" વળી એ પણ વારંવાર ફરમાવતા રહ્યા કે "હું તમારી હિદાયત અર્થે તમારા વચ્ચે બે ભારે વસ્તુઓ છોડી જોઉં છું. એક પવિત્ર કુરઆન અને એક મારી એહલેબૈત. જો તમો એ બન્ને વસ્તુઓને મકકમપણે વળગી રહેશો તો કદી પણ ઉંધે માર્ગે ભટકવા પામશો નહીં"*

પયગંબરની વફાત પછી આપે કરેલી આગમચેતી મુજબ ઇસ્લામમાં મતભેદ જાહેર થયો, અને બની ઉમય્યાને મનગમતી તક મળી. સૌથી પેહલે ખીલાફતના સવાલપર મતભેદ શરૂ થયો. એક પક્ષ પહેલા ખલીફા હ૦ અબુબકર રદી૦ અને તે પછી હ૦ ઉમર રદી૦ અને તે પછી ત્રીજા ખલીફા હ૦ ઉસમાન રદી૦ અને ચોથા ખલીફા તરીકે હ૦ અલીને માનવા લાગ્યા. એ પક્ષના મુસલમાનોની એવી માન્યતા હતી કે, પયગંબર સ૦મે ખીલાફતના સવાલનો ફડચો પોતાની હયાતીમાં ન લાવતાં એ કામ મુસલમાનોની બહુમતી ઉપર મૂકયું છે, કે તેઓ ગમે તેની નેમણુંક કરી પોતાના ખલીફા બનાવે જે પક્ષ આજ પર્યંત એહલે સુન્નત-વલજમાઅતના નામથી ઓળખાય છે. બીજા પક્ષની માન્યતા એથી સાવ વિરૂધ્ધ હતી. એ લોકોનું કહેવું એ હતું કે પયગમ્બર સ૦ મે પોતાની હયાતીમાં ખુદાના હુકમથી (પવિત્ર કુરઆનની આયતોના આધારે) પોતાના પિત્રાઇ ભાઇ અને જમાઇ હ૦ અલી અ૦ ને પોતાના વસી અને ખલીફા નેમ્યા હતા જેથી તેમની મરજી વિરૂધ્ધ

---

* એહલેબૈતની તાબેદારી કરવાના બારામાં અને તેમની ફઝીલત વિશે બીજા પ્રકરણમાં ખુલાસાવાર લખવામાં આવેલ છે જેથી અહીં બહુ ટુંકમાંજ લખ્યું છે.

બીજા કોઇને ખલીફા તરીકે માની શકાય નહિ અને આ પક્ષના લોકો પેહલા ઇમામ અથવા ખલીફા તરીકે હ૦ અલી અ૦ને અને તે પછી બીજા ઇમામ અથવા ખલીફા એમના મોટા દીકરા હ૦ હસન અ૦ અને તે પછી એમના નાના દીકરા હ૦ ઇમામે હુસયનને ત્રીજા ખલીફા, અથવા ઇમામ માને છે અને ઇમામ હુસયનની અવલાદમાંથી નવ ઇમામો જેમાંના છેલ્લા બારમા ઇમામ હ૦ મેહદી અ૦ ને માને છે, જેઓ શીઆ ઇસ્નાઅશરી તરીકે ઓળખાય છે.

ઉપલા ટુંક ખુલાસાથી જણાશે કે, ઇસ્લામના મહાન્ સત્યાગ્રહી હ૦ ઇમામ હુસયન, શીઆ લોકોની માન્યતા મુજબ ત્રીજા ઇમામ છે. એ શિવાયના બધા ફીરકાના મુસલમાનો ઇમામ હુસયનને પયગંબરના નવાસા અને એહેલબૈતમાંથી ગણી તેમના પ્રત્યે માન અને મોહુબત જાહેર કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પયગંબરની વફાત પછી એક પછી એક ત્રણ ખલીફા થયા અને ચોથા ખલીફા હ૦ અલી અ૦ થયા. પહેલા ખલીફાના વખતથી શામની હુકુમત બની ઉમય્યા (ઇસ્લામના કટ્ટા વેરી) ના સરદાર અબુ સુફયાનના દીકરાઓના હાથમાં આવી જે હ૦ અલી અ૦ની જાહેરી ખીલાફતના સમય સુધી ચાલુ રહી.

હ૦ અલી અ૦ને જાહેરી ખીલાફત મળતાંજ સર્વથી પહેલે આપે જે કામ કર્યું તે શામના ગવર્નર મોઆવીયા ઇબ્ને અબુ સુફયાનને બરતરફ કરી, મદીના તરફ ચાલ્યા આવવાનો હુકમ લખીને તેને મોકલી આપ્યો. જેવી રીતે પહેલી ત્રણ ખીલાફતના વખતમાં મોઆવીયા ઇસ્લામી શહેનશાહુતનો માત્ર એક ચાકર અને ગવર્નર હતો, એજ પ્રમાણે ચોથી ખીલાફતના વખતમાં પણ મોઆવીયા ચોથા ખલીફા હ૦ અલી અ૦નો ચાકર ગણાય, અને તેની ફરજ હતી કે ખલીફાની તાબેદારી કરી શામની હુકુમતપરથી હાથ ઉઠાવી, મદીના દારૂલ ખીલાફત તરફ ચાલ્યો આવે. પણ અમે ઉપર જણાવી ગયા તે પ્રમાણે બની ઉમય્યાને ઇસ્લામ અથવા ખીલાફતની તાબેદારીની શરૂઆતથીજ દરકાર ન હતી. તેઓ માત્ર એવી તકની રાહ જોતા

હતા અને હવે તે તેઓને મળી.

મોઆવીયાએ ખીલાફત સામે બંડ ઉઠાવ્યું, અને ત્રીજા ખલીફા હ૦ ઉસમાનનું ખૂન હ૦ અલી અ૦ ના ઇશારાથી થયું હતું, એવું લોકોને સમજાવી વિરૂધ્ધતાનો અગ્નિ ભડકાવ્યો, પરિણામે સીફ્ફીનની લડાઇ થઇ.

આ લડાઇમાં મોઆવીયાની ફત્તેહ તો થઇ નહિં, પણ તેના પ્રધાન ઉમર આસની ચાલાકી ભરેલી સૂચનાથી પોતાની ખુલ્લી હાર જોઇ, પવિત્ર કુરઆનને ભાલા ઉપર લટકાવી તેના ફરમાનુસાર ચુકાદો લાવવા માટે તેણે સામા પક્ષને સૂચના કરી. એ યુકિતએ હ૦ અલી અ૦ ના લશકરમાં મતભેદ ઉત્પન્ન કર્યો અને અંતે લવાદોની નેમણુક થઇ. લવાદો મોઆવીયાના પક્ષના હોવાથી તેનીજ તરફેણમાં ચુકાદો આપ્યો અને તેથી મોઆવીયા શામનો સ્વતંત્ર હાકેમ બન્યો.

એ પછી ટૂંક સમયમાં હ૦ અલી અ૦ માહે રમઝાનની તારીખ ૧૯ મી અને ૪૦ હીજરીમાં મસજીદમાં નમાઝની હાલતમાં ઇબ્ને મુલજીમ મલઉનની તલવારથી શહીદ થયા. તે વખતે મોઆવીઆને સંપૂર્ણ વિજય મળ્યો અને તે હ૦ અલી-અ૦ની શાહાદતથી ઘણોજ સંતોષ પામ્યો.

હ૦ અલી અ૦ની વફાત પછી તેમના વડાં ફરઝંદ ઇમામ હસન અ૦ બીજા ઇમામ (અને જાહેરી ખીલાફત મુજબ) પાંચમાં ખલીફા થયા. તેમના સામે લડવા માટે મોઆવિયા જંગી ફોજની સાથે શામથી રવાના થયો. છેવટે તેઓએ મોઆવિયા સાથે સુલ્હ કરી લીધી. થોડાજ વખતમાં મોઆવીયાએ ઝહેરની એક પડીકીથી હ૦ હસનને પણ પોતાના માર્ગમાંથી દૂર કર્યા. પરિણામે ખીલાફત પાછી બની ઉમય્યામાં આવી અને મોઆવીયા સ્વતંત્ર બાદશાહ અથવા ખલીફા થયો. તેને સત્તાના મદે બની હાશમને સતાવવા અને તેઓના દોસ્તોને કત્લ કરી નાબૂદ કરવા પ્રેર્યો અને જેટલી થઇ શકે તેટલી સતાવણી અને શીયાઓની કત્લ તેણે આદરી (જેનો વિગતવાર ખુલાસો ત્રીજા પ્રકરણમાં લખ્યો છે.)

મોઆવીયાએ હ૦ ઇમામ હસન સાથે કરેલ સુલ્હમાં

વચન આપ્યું હતું કે, તે ખીલાફતની લગામ કોઇને સોંપી દેશે નહિ અને તેની નેમણુંક કરવાનું કામ મુસલમાનોની બહુમતી ઉપર મેલી દેશે. પરંતુ તે ઇમામ હુસનને ઉપર લખ્યા પ્રમાણે ઝેરની એક પડીકીથી દૂર કરી સુલ્હનામાંથી વિરૂધ્ધ જઇ પોતાના દીકરા યઝીદને ગાદીવારેસ બનાવવાની હીલચાલમાં પડયો અને લાંચ રૂશવત અને બાદશાહી રોબદાબથી કામ લઇ પોતાની હયાતીમાંજ મુસલમાનો કનેથી યઝીદની બયઅત લેવરાવી.

ઇમામ હુસનની વફાત પછી ઇમામતની પ્રથા મુજબ ઇમામ હુસયન ત્રીજા ઇમામ થયા, પણ ખીલાફત બની ઉમય્યાના હાથમાં હોવાથી ખીલાફતની પ્રથામાં મુસલમાનો તેમને ખલીફામાં ગણતા નથી જેથી પાંચમાં ખલીફા ઇમામ હુસન, છઠ્ઠા ખલીફા મોઆવીયા અને સાતમા ખલીફા તેમના દીકરા યઝીદને ગણે છે.

મોઆવીયાના મરણ પછી જ્યારે ઇ૦ સ૦ ૬૮૦ના એપ્રીલ માસની ૭ મી તારીખે તેનો પુત્ર યઝીદ ગાદીએ બેઠો ત્યારે ઇમામ હુસયન મદીનામાં એકાન્તવાસ લઇ અલ્લાહની બંદગીમાં દિવસો ગાળતા હતા. તેમણે મોઆવીયાના ઝમાનામાં માત્ર પોતાના મોટાભાઇ ઇમામ હુસનની તાબેદારી કરી હતી અને મોઆવીયાએ તેમની છેડતી લેવાનું પસંદ કર્યું ન હતું. તેઓએ ખુલ્લી રીતે જાહેર કરી આપ્યું હતું કે " હું નજીકમાંજ અલ્લાહના માર્ગમાં કત્લ થઇશ અને કદી પણ અસત્યની સામે માથું નમાવનાર નથી."

ઇમામ હુસયનને પોતાની કત્લ થઇ જવાની માત્ર ખબરજ નહિ બલકે ખાત્રી હતી અને દીને ઇસ્લામની હીફાઝત (રક્ષા) માટે શહાદત ઇખ્તેયાર કરવામાં એમને જરાએ વિલંબ ન હતો. જો એમ ન હોત તો એમણે પોતાની એવી નિર્દય કત્લ કદી પણ કબુલ રાખી ન હોત. અને પોતાનાં બાલ બચ્ચાં ઓરતો વિગેરેને પોતાની સાથે લઇ ન જતે. બલકે જો યઝીદનું રાજ્ય મેળવવા માટે તેમનો ઇરાદો હતે તો જબરદસ્ત ફોજ એકઠી કરવામાં પોતાથી બનતી દરેક કોશીશ કરતે, અને પોતાના ગણ્યા ગાંઠયા સાથીઓને પણ જૂદા પડવાની

સલાહ કદી ન આપતે. બની ઉમય્યાનાં વિનાશ માટે અને દીને ઇસ્લામની હીફાઝત અર્થે શહાદત ઇખ્તીયાર કરવા સિવાય બીજો કોઇ ઉપાય એમને જણાતો ન હતો. અને એથી ઇમામ હુસયને પોતાની વિદ્વતાથી પયગંબરે ઇસ્લામની સચ્ચાઇ અને દીને ઇસ્લામના શિક્ષણોની મહત્વતા પ્રકાશિત કરવા અને બની ઉમય્યાની છેલ્લી હદની ક્રૂરતાઓ અને ઝુલમો જાહેર કરવા માટે અને કિયામતના દહાડા સૂધી હક અને બાતીલ ઓળખવા માટે ઉત્તમ કસોટી મૂકી જવા, મઝલુમીયતને મહાન્ હથિયાર જાણી એ ઉપર મક્કમ રહ્યા, જેથી પોતાનાં દુઃખો વધુ અસરકારક થાય.

ઇમામ હુસયન બહુજ દુરઅંદેશ હતા. તેમનાં કોઇપણ કાર્યો ઉપર અગર તેમના પોલીટીકલ હીલચાલ ઉપર કોઇપણ માણુસ બેમત થઇ શકેજ નહિ. છતાં કેટલાકો નાદાનીથી એમ કહે છે કે, જ્યારે ઇમામ હુસયનને ખાત્રી હતી કે યઝીદની ફોજના હાથે જરૂર શહીદ થશે તો શા માટે તેઓ નાનાં બાળકો અને ઓરતોને પોતાની સાથે કરબલા સૂધી લઇ ગયા, જેઓ ભૂખ અને પ્યાસથી દુઃખી થયા અને બંદીવાન હાલતમાં લગભગ બાર મહિના કેદખાનામાં રહ્યા ? એ આક્ષેપનો ટુંક જવાબ એ છે કે, પ્રથમ એવા લોકો ઇમામ હુસયનને ઓળખી શકયાજ નથી. એક સાધારણ મુસલમાન કરતાં તેમની ફરજો સાવ જૂદા પ્રકારની હતી. તેઓ ખુદા અને તેના રસુલના ફરમાનુસાર અમલ કરનાર, લોકો ઉપર ખુદાની હુજ્જત અને ખલકતના ઇમામ હતા. પ્રથમ તો પયગંમ્બર સ૦એ તેમને હુકમ કર્યો હતો કે, કરબલા જતી વેળા પોતાના એહલેબૈતને પોતાની સાથેજ રાખે જેથી પયગંમ્બરના ફરમાનથી ઉલટું તેઓ વરતી શકતા ન હતા. બીજું સંગીન કારણ એ હતું કે જો ઇમામ હુસયન એકલા કરબલાની ઝમીન પર શહાદત પામતે તો કરબલાના હૃદયભેદક બનાવની હાલ જે પ્રમાણે અસર જણાય છે, તેમ ન રહેતે. તેથી પયગંમ્બરના કુટુંબ સાથે બની ઉમય્યા જે છેલ્લી હદની અદાવત રાખતા હતા અને ઇસ્લામ મઝહબ પ્રત્યે તેઓને જે તિરસ્કાર હતો અને તેઓ કેવા ક્રૂર જંગલી

૨

અને ઘાતકી હતા, એ સંપૂર્ણપણે જાહેર કરવા માટેજ પોતાની એહલેબૈત બાળકો અને ઓરતોને પોતાની સાથે રાખ્યા અને એમ કરી તે કપિંણોપર છેલ્લી હુજ્જત તમામ કરી.

તે મલઉનોએ પોતાના પયગંમ્બરના હરમની સ્ત્રીઓ અને બાળકો ઉપર જે ઘાતકી વર્તણુક ચલાવી, એની મુસલમાનોના હૃદયપર જે અસર થઇ, એ ઇમામ અને તેમના સાથીઓની કત્લ કરતાં ઓછી ન હતી, અને એજ એહલે હરમની મુસીબતોને યાદ કરી દરેક ઇનસાન તે ઘાતકી ઝાલીમો ઉપર તિરસ્કાર જાહેર કરે છે.

ઇમામ હુસયન અ૦ ઇસ્લામના મહાન્ પયગંમ્બરના લાડલા નવાસા તેમની એકની એકજ વ્હાલી પુત્રિ હ૦ફાતેમાના ફરઝંદ અને હ૦ અલી અ૦ મુસલમાનોના સરદાર, ચોથા ખલીફા અને પહેલા ઇમામના પ્યારા પુત્ર હતા. ઇસ્લામમાં એમનું સ્થાન એહલેબૈતની પ્રથા પ્રમાણે કેવું હોવું જોઇએ એ સર્વે કોઇ સમજી શકે છે. છતાં અહીં ટુંકમાં પયગંબરની થોડી હદીસો સમસ્ત મુસલમાનોની મશહુર કિતાબોમાંથી ટાંકીએ છીએ.

ઇસ્લામમાં હ૦ ઇમામ હુસયનનું સ્થાન.

દરેક વસ્તુનો પાયો હોય છે ને ઇસ્લામનો પાયો મારી ને મારી એહલેબૈત (અવલાદ) નો પ્રેમ છે.

(સહીહ બુખારી)

ઇમામ અહમદ ઇબ્ને હંબલ, ઇમામ હાકીમ, અને તિબરાની લખે છે કે, **" અબુ હુરયરા રિવાયત કરે છે કે પયગંબર સ૦એ હ૦ ફાતિમા હ૦ અલી, હ૦ હસન અને હ૦ હુસયન અલયહિયુસ્સલામ તરફ નજર કરી ફરમાવ્યું " હું એ લોકોનો વિરોધી છું, જેઓ આ લોકો સાથે વિરોધ કરે અને હું એ લોકો સાથે સુલ્હ કરનારો છું જેઓ આ લોકો સાથે સુલહ કરે."**

" હે લોકો ! જે માણસ મારી એહલેબૈતને નારાજ કરશે તે કિયામતના દહાડે મુશરિક યહુદી વિ. તરીકે ઉઠાડવામાં આવશે. '

(તારીખે તિબરી)

"હસન અને હુસયન અલયહિસ્સલામ દુન્યામાં મારા બે બગીચા છે."

(સહીહ તિરમઝી વગેરે)

"હસન અને હુસયન (અ૦) જન્નતના જવાનોના સરદાર છે.

(તિરમઝી, તારીખે અહમદ, તારીખે તિસાઇ
તારીખે તિબરી)

"પરવરદીગારા હું હુસયનને દોસ્ત રાખું છું. તું પણ એને દોસ્ત રાખ અને એની સાથે મોહબ્બત રાખનારને પણ દોસ્ત રાખજે.

(સહીહ બુખારી તિરમઝી વીગેરે)

"મારી એહલેબૈતની મોહબ્બત સાત ભય ભરેલી જગોએ તમને કામ આવશે. મોત વખતે, કબરમાં જવા વખતે, કબ્રમાંથી ઉઠતી વખતે, હિસાબ વખતે, કિતાબ વખતે, મીઝાન વખતે, અને પુલે સિરાત પરથી પસાર થતી વેળા"

(મનાકિબે અહમદ ઇબ્ને હંબલ)

"હુસયન મારાથી છે, અને હું હુસયનથી છું. હુસયનને જે દોસ્ત રાખે છે તેને અલ્લાહ દોસ્ત રાખે છે."

(સહીહ બુખારી તિરમઝી વી૦)

ઇબ્ને મસઉદ અને હુરેરા નકલ કરે છે કે, એક દિવસ અમે હ૦ રસુલે ખુદાને પોતાના મકાનથી બાહેર આવતા જોયા. તેમના એક ખભાપર હ૦ હસન અને બીજાપર હ૦ હુસયન હતા. કોઇ વખત મોટા નવાસાને બોસો આપતા અને કોઇ વખત નાના નવાસાને પ્યાર ફરમાવતા અમારી નજીક આવ્યા. કોઇએ પૂછયું, "શું આપને આ બન્ને સાહેબઝાદાઓ ઘણા વ્હાલા છે?" આ એવો સવાલ હતો કે જેના માટે જવાબની કશી જરૂર ન હતી, તેથી આપે સીધો જવાબ ન આપતાં, અર્થ-સૂચક વાકય ફરમાવ્યું, "હા, જે શખ્સ આ મારા બન્ને ફરઝંદોની મોહબ્બત રાખશે તેણે મારી સાથે મોહબ્બત કરેલી ગણાશે અને જે કોઇ એમની દુશમની કરશે તેણે આડકત્રી રીતે મારી સાથે દુશમની કરી ગણાશે."

(મુસનદે અબુઅલી મુસલી)

હ૦ઉમર ઇબ્ને ખત્તાબ બયાન કરે છે કે, એક દિવસે મેં જોયું કે ઇમામે હુસયન પયગંબરની પીઠપર સવાર છે અને એક દોરીનો છેડો તેમના હાથમાં અને બીજો છેડો પયગંબરે પોતાના દાંતમાં પકડી રાખેલો હતો, અને જેવી રીતે અસવારીના ઉંટને ચલાવવામાં આવે છે તે પ્રમાણે પયગંબર ગુંઠણભેર ચાલતા હતા. આ બનાવ જોઇને મેં કહ્યું "**નેઅમલ જમલુ જમલુકા યા અબા અબ્દિલ્લાહ**" હે અબા અબ્દિલ્લાહ (હ૦ હુસયન અ૦) તમારી અસવારીનાં ઉંટ ઘણા શ્રેષ્ટ ને ઉત્તમ ઉંટ છે. આ સાંભળી તરતજ પયગંબરે ફરમાવ્યું "**નેઅમર્રાકિબુ હુવા યા ઉમર**" હે ઉમર તેવણ (હ૦ હુસયન) ઉત્તમ અને શ્રેષ્ટ સવાર છે.

(વસીલતુન્નજાત મુલ્લા મુબીન ફરંગીકૃત)

એક દિવસ હ૦ પયગંબર મસજીદમાં મીમ્બરપર ખુતબા પઢતા હતા એટલામાં હ૦ હસન અને હ૦ હુસયન મસ્જીદમાં દાખલ થયા. તેમણે રાતા રંગના અરબી (લાંબા) પેહરણ પહેરેલાં હતાં, તેથી (સગીર વયના લીધે) લથડતા ચાલતા હતા. તેમને જોઇ પયગંબર મીમ્બર પરથી (ખુતબા અધુરો મૂકી) નીચે ઉતર્યા અને તેમને ઉપાડી મીમ્બર પર પાછા બેઠા! અને તેમને ખોળામાં બેસાડી પ્યાર કરવા લાગ્યા, અને હાજર રહેલાઓને સંબોધીને ફરમાવ્યું, "**જુઓ આ બન્ને મારા ફરઝંદો છે, મારા બગીચા રૂપ છે, હે ખુદા! હું તેમને ચાહું છું તું પણ તેમને દોસ્ત રાખ અને દોસ્ત રાખ, તે શખ્સને જે આ મારા બન્ને ફરઝંદોથી પ્રેમ રાખે.**"

(જામે અ૦ તરમઝી)

ઉપલી હકીકત વાંચ્યા કેડે જણાશે કે ઇમામે હુસયનનું સ્થાન ઇસ્લામમાં કેવું હતું અને હ૦ પયગંબર તેમને કેટલી હદ સૂધી ચાહતા અને પ્યાર કરતા હતા. એટલી અસાધારણ મોહબત રાખવાનું શું કારણ હતું અને વારંવાર લોકોને તેમની મોહબત રાખવા માટે સખ્ત તાકીદ કરવાનાં મુખ્ય કારણો શું હતાં તે અહીં ટુંકમાં જણાવીશું.

પેહલું અને મુખ્ય કારણ એ હતું કે તે મુજબ વર્તવાને ખુદાનો હુકમ હતો. ખુદા પોતાના પવિત્ર બંદા હુસયનને ચાહતા હતા અને તેની મોહબ્બત રાખવાનો હુકમ પોતાના પયગંબરને આપેલ હોવાથી સર્વ કરતાં વિશેષ તેમને ચાહતા હતા. કેમકે ખુદા ફરમાવે છે, "વમાયનતિ કુઅનીલ હવા, ઇનહુવા ઇલ્લા વહયુન યુહા" (તરજુમો) અને તે પોતાની ઇચ્છા પ્રમાણે બોલતો નથી, વહ્ય શિવાય બીજું કાંઇ નથી, કે જે તેને વહ્ય કરવામાં આવે છે (એજ તે કહે છે.)

(પવિત્ર કુરઆન)

આ આયતના આધારે ઇમામ હુસયનની મોહબ્બત અને તેમના બારામાં ફરમાવેલી હદીસો ખુદાની મરજી (વહ્ય) મુજબ સાબીત થાય છે.

બીજું કારણ એ હતું કે પયગંબરને ખબર હતી કે દીને ઇસ્લામને ગુમરાહીના અંધકારમાં ફના થતા બચાવનાર અને તેમની ઉમ્મતના તારણ અર્થે પોતાની વ્હાલી જાન અર્પણ કરનાર તેમના નવાસા હુસયન હતા. વળી એ પણ આપ જાણતા હતા કે તેમના લાડલા નવાસાને બેરહમીથી ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા કરબલાના બળતા રણમાં અનેક સંકટો અને તકલીફો પહોંચાડીને શહીદ કરવામાં આવશે. એ સઘળી બાબતો યાદ કરીને તેમના પ્રત્યેની લાગણી અને દયા ભાવમાં ઘણો ઉમેરો થતાં તેમની મોહબ્બતમાં બેહાલ થતા હતા.

અને ત્રીજું કારણ એ હતું કે, પયગંબરે ચાહ્યું કે, કુલ મુસલમાનો, ઇમામે હુસયન, અને તેમની બુઝુર્ગીથી વાકેફ થાય, જેથી કોઇ પણ ન કહી શકે, કે અમોને ઇમામે હુસયન, અને તેમની હુરમતથી અજાણ રાખવામાં આવ્યા, અને ઇમામ હુસયનની મોહબ્બત ફરજ્યાત, અને એમની તાબેદારી વાજીબ છે, એ વિષે અમે પયગંબરનાં મુખવચનો સાંભળ્યાં ન હતાં. પણ હવે પયગંબરે ચોખ્ખે ચોખ્ખું ફરમાવેલું હોવાથી તેમના વિરોધીઓ માટે બોલવાનું રહ્યું નથી.

દીને ઇસ્લામના ફેલાવા અર્થે વીસ વર્ષ સૂધી મહાન્ પયગંબરે અસહ્ય તકલીફો વેઠીને જે કામ કર્યું તે પરિપૂર્ણ

કરવા અને તેનું સીંચણ કરવા અર્થે ઇમામ હુસયન અ૦મે જે દુઃખો સહન કર્યાં, અને પોતાનું લોહી વેહેવડાવીને ઇસ્લામ અને ઇસ્લામીઓ ઉપર મ્હોટો ઉપકાર કર્યો તે એહસાનોને યાદ કરી, મહાન્ પયગંબર પોતાના પવિત્ર નવાસાની બેહદ અને બે મિસાલ મોહબ્બત રાખે અને તેમની ફઝીલતો બયાન કરી મુસલમાનોને તેમની મોહબ્બત રાખી તાબેદારી કરવા તાકીદ ફરમાવે તેમાં કશી નવાઇ નથી.

આપણે વાંચી ગયા તેમ ઇમામે હુસયનનું ઉંચ સ્થાન તેમની ફઝીલતો હોવા છતાં અને ઇસ્લામના મહાન્ પયગંબરની અસાધારણ બેહદ મોહબ્બત હોવા છતાં મુસલમાનોએ તેમની જરાએ કદર કરવાને બદલે કમકમાટ ભરેલી રીતે અને નિર્દયપણે તેમને શહીદ કર્યા. આ બનાવ તરફ નજર નાંખતા તે કર્પિણ મલઉનો પ્રત્યે કેટલો તિરસ્કાર ઉપજે છે એ લખવાની જરૂરત નથી.

બચિત તે નામના મુસલમાનો, બેદીનો શું કરી રહ્યા હતા, એ તેઓ સારી રીતે જાણતા હતા, પણ માત્ર દુન્યાની બે દિવસની જીંદગીના વૈભવની લાલચમાં, અલ્લાહનો કહેર પોતાપર વ્હોરી લેવાને લેશ માત્ર ડર્યા નહિ. કરબલામાં યઝીદની ફોજના સેનાધિપતિ ઉમર સાઆદે પોતાની પદવી સંભાળતી વેળા કાવ્ય રચીને ખરી સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું છે, તેમાંની અમુક કડીયોનો સાર અહીં ટાંકવો ઉચિત ગણાશે.

"ખુદાના કરીમ હું સમજી શકું છું અને હું સારી પેઠ જાણું છું, પણ એ બાબતો મને મુંઝવણમાં નાખે છે. શું હું રય (ઇરાન) ના મુલકની હુકુમત હાથથી જતી કરૂં, એ છતાં કે રયની હુકુમત મારા અંતઃકરણની ઇચ્છા છે? અથવા શું હું હુસયનના કત્લ કરવાનું પાપ માથે વોરૂં? લોકો કહે છે કે તૌબા [પશ્ચાતાપ] કબૂલ થાય છે, એ જો ખરી વાત હોય તો હું દયાળુ અલ્લાહ આગળ તૌબા કરી લઇશ; અને જો એ લોકો ખોટું બોલે છે (એટલે જહન્નમની શિક્ષા જેવી કોઈ વસ્તુ છે એ માન્યતા ખોટી હોય) તો દુન્યામાં તો હું સુખી થઇશ. જાણો કે દુન્યાનો વૈભવ તુરતમાં મળનાર (રોકડો

હિસાબ) છે, અને એવો કોણ નાંદાન છે કે રોકડને ઉધારના બદલામાં વેચી નાંખે જો હું હુસયનને કત્લ કરૂં તો મારી મુરાદે પ્હોંચીશ; પછી કિયામતના દહાડે જે કંઇ સજા થશે તે ભોગવી લઇશ. પણ તે પછી ઇશ્વર મારા ગુનાહને માફ કરી આપશે, પછી ભલેને દુન્યામાં સૌથી વધારે પાપી કેમ ન હોઉં."

(મકતલે અબુ ઇસ્હાક)

ઉમર સાઅદના ઉપલા શબ્દો સાફ દેખાડી આપે છે કે યઝીદ અને તેના સઘળા સાથીઓ માત્ર દુન્યા મેળવવાની લાલચમાં ખુલ્લી રીતે જાણી જોઇને ખુદા અને તેના રસુલની નાફરમાની કરવા તત્પર થયા હતા.

એક હુસયનપર, અને તે પણ ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા મઝલુમ પર ચઢાઇ લઇ જવા માટે કરબલાના રણમાં ૭૭,૦૦૦ થી ૧,૨૦,૦૦૦ સિપાહો મોકલવામાં આવ્યા હતા.

યઝીદની ફોજના એ સઘળા સિપાહોને ઇમામે હુસયન અ૦ છેલ્લી ઘડી સૂધી નસીહત કરતા રહ્યા કે, તેઓમાંના કોઇ પણ એમ ન કહી શકે કે અમો ઇમામથી અજાણ હતા. એટલાજ માટે વારંવાર તેઓની સામે ઉભા રહી ખુતબા પડતા હતા. તે ખુતબામાંથી એકનો તરજુમો અત્રે લખીએ છીએ તેથી સ્પષ્ટ થશે કે ઇમામને યઝીદની બાદશાહત મેળવવાનો લેશ માત્ર ઇરાદો નહોતો. વળી એ પણ સિદ્ધ થશે કે, જેટલા લોકો ઇમામની સામે લડવા માટે કરબલાના મયદાનમાં હાજર હતા તેઓ ઇમામ પર કોઇપણ પ્રકારનો આક્ષેપ મૂકી શકયા ન હતા.

આશુરાના દિવસે ઇમામનો ખુત્બો.

"સલાહુન્નશઅતૈન"ના કર્તા લખે છે કે, દશમી મોહર્રમ શુક્રવાર (આશુરા) ના દિવસે બપોર પહેલાં લડાઇની શરૂઆત થઇ. યઝીદની ફોજમાં ઉમર સાઅદે લશ્કરનો વાવટો પોતાના ગુલામ વરીદને સોંપ્યો. અમ્ર ઇબ્ને હજ્જાજને જમણી બાજુ અને ઉરવા ઇબ્ને કૈસને ડાબી બાજુની સરદારી આપી, સવારો

ઉપર ખવલીને અને પયદળ ઉપર શીસ ઇબ્ને રબ્ઇને અમીર બનાવ્યા.

અહીં ઇમામે હુસયને, અલમ પોતાના નાના ભાઇ હ૦ અબ્બાસના હાથમાં આપ્યો. જમણી અને ડાબી બાજુએ હબીબ અને ઝુહયરને જગા આપી. આ વફાદારો ઍમાની આગળ ગોઠવાયા. પાછળ ખંદક હતા જેથી એકજ દિશાએ લડાઇ થાય. પોતાની ફોજના થોડા વફાદાર જાનનીસાર મુજાહીદોની ગોઠવણ કરી, ઇમામે દુઆ કરી સવાર થયા અને ઉમર સાઆદની ફોજ તરફ તેઓને નસીહત ફરમાવી છેલ્લી હુજ્જત તમામ કરવા માટે આગળ વધ્યા અને મોટા અવાજે ફરમાવ્યું.

"હે લોકો ! મારી વાત સાંભળો, અને મારી બાબતમાં ઉતાવળ ન કરો, કારણ કે તમને ખરી હકીકત સમજાવવાની જે મારી ફરજ છે, તે હું અદા કરી લઉ અને મારા અહીં આવવાનાં જે કારણો છે તેથી તમને વાકેફ કરૂં. જો તમે ઇન્સાફ કરશો અને મારી સચ્ચાઇ સ્વિકારશો, તો તેથી તમોનેજ લાભ થશે અને પછી મારા ઉપર ઝુલમ કરવાનું તમને કારણ રહેશે નહિ; પણ જો તમો ન્યાય નહિ કરો અને મારી વાતની સચ્ચાઇને ન સ્વિકારો તો પછી તમને જે કાંઇ કરવું હોય તે કરજો. મારો બચાવ કરનાર અને સંભાળ રાખનાર અલ્લાહ છે, જેણે પવિત્ર કુરઆન મોકલ્યું; અને જે નેક લોકોને ચાહે છે" એ પછી થોડીવાર ચુપ રહી ઇમામે આગળ ચલાવ્યું:–

"હે લોકો ! તમે મને ઓળખો છો? જુઓ કે હું કોણ છું? પછી તમે તમારા માટે તમારા મનમાં વિચાર કરો અને તુલના કરો કે મારી કત્લ અને મારૂં અપમાન તમારા માટે હલાલ (કાયદેસર) છે? શું હું તમારા નબીનો નવાસો (દોહીત્ર) નથી? શું હું તમારા નબીના પિત્રાઇ ભાઇ, ખલીફા જેઓ સર્વથી પેહલા પયગંબરની નોબુવ્વત (ઇશ્વરી સંદેશ) ઉપર ઇમાન લાવ્યા હતા તેમનો (ઇમામ હ૦ અલી અ૦નો) પુત્ર નથી? શું હું તમારા પયગંબરની વ્હાલી દીકરી, માસુમા જનાબે ફાતમા ઝેહરાના જીગરનો ટુકડો તેમનો લાડલો ફરઝંદ નથી? શું શહીદોના સરદાર, હ૦ હમઝા મારા

પિતાના કાકા નથી ? શું હ૦ જઅફરે તય્યાર શહીદ મારા કાકા નથી ? શું તમને પયગંબરના આ શબ્દો પહોંચ્યા નથી જે તેમણે મારા અને મારા મોટા ભાઇ વિશે ફરમાવ્યા હતા કે આ બન્ને જન્નતના જવાનોના સરદાર છે.

ઇસ્લામના બધા ઇતિહાસકારો સર્વાનુમતે લખે છે કે, ઇમામ હુસયન અહીં સૂધી પહોંચ્યા ત્યારે સાંભળનારાઓ ઉપર એવી ઉંડી અસર થઇ કે મિત્રો અને શત્રુઓ સર્વની આંખો-માંથી આંસુ ટપકવા લાગ્યાં. ઇમામના શબ્દો હરમમાં પણ (ખયમામાં) સંભળાતા હતા અને એથી ઇમામની બહેનો અને દીકરીઓ રડવા લાગી, જેઓને શાંત કરવા હ૦ અબાસને ફરમાવ્યું. તે પછી આપે ખુત્બો આગળ ચલાવ્યો.

"વિચારો, પયગંબરની હદીસ બયાન કરવામાં જો તમે મને સાચો માનો છો તો ખરેખર તમે સત્યનો સ્વિકાર કર્યો. અલ્લાહ સાક્ષી છે કે મેં આજસૂધી કદી ખોટું કહ્યું નથી અને હું જાણું છું કે ખોટું બોલનારને અલ્લાહ દુશમન રાખે છે, જો એ હદીસના કહેવામાં તમે મને ખોટો સમજતા હશો તો હજીએ તમારામાં એવા ઘણા લોકો જીવતા છે, જેઓ મારી સચ્ચાઇની સાક્ષી પુરી શકશે. તમે જાબીર ઇબ્ને અબદલ્લાહ અનસારી, અબુ સઇદે ખદરી, સહલ ઇબ્ને સાદે સાએદી, ઝયદ ઇબ્ને અરકમ, અને અનસ ઇબ્ને માલીકને પૂછી જુઓ, તેઓ જરૂર તમને બતાવી દેશે કે તેઓએ જાતે પયગંબરની જબાની મારા અને મારા ભાઇ વિષે આ હદીસ સાંભળી છે. શું આ હદીસ તમારા માટે તમને મારી ખુનરેજીથી અટકાવવા બસ નથી ? જો એ હદીસ સંબંધી મારૂં કહેવું તમને સંદેહભરેલું જણાય તો શું હું પયગંબરનો નવાસો છું એમાં તમોને કંઇ શક છે ? વલ્લાહ પૂર્વથી પશ્ચિમ સૂધી આ દુન્યામાં મારા સિવાય તમારા પયગંબરનો કોઇ નવાસો નથી. અફસોસ છે તમારી ઉપર ! શું મેં તમારામાંથી કોઇને મારી નાંખ્યો છે જેનો બદલો લેવા ચાહો છો ? અથવા શું મેં તમારામાંના કોઇની દોલત લૂંટી લીધી છે અથવા તમારામાંથી કોઇને જખમી કર્યો છે અથવા કોઇ પ્રકારની ઇજા પહોંચાડી છે જેનો તમે બદલો લેવા ચાહો છો ?

એટલું ફરમાવી તે કર્પિણુ લોકો તરફથી જવાબની રાહ જોતા થોડી વાર ઇમામ ચુપ રહ્યા, પણ કંઇ ઉત્તર ન મળ્યો ત્યારે ઇમામે શત્રુઓના સરદારોને તેઓના નામથી બોલાવતાં કહ્યું, "હે શીસ ઇબ્ને રૂબ્ઇ, હે હજ્જાજ ઇબ્ને હુર, હે કૈસ ઇબ્ને અશઅસ અને હે યઝીદ ઇબ્ને હારિસ! શું તમે લોકોએ આ શબ્દોમાં મને કાગળ ઉપર કાગળ લખીને બોલાવ્યો નથી અને લખ્યું ન હતું કે "ઝાડમાં ફળ પાકી ગયાં છે અને બગીચા ફળદ્રુપ થયા છે માટે તમો બને તેટલી ઉતાવળે અમારી સ્હાયે આવો. અમે લશ્કર તય્યાર કરી રાખ્યું છે?" આ શબ્દો સાંભળી કોઇએ જવાબ ન આપ્યો, પણ શીસ ઇબ્ને રબ્ઇ બોલ્યો, "યા હુસયન, અત્યારે તો આપને યઝીદ ઇબ્ને મોઆવીયાની બયઅત કરી લેવી જોઇએ અને તે તમારી સાથે મેહેરબાનીથી વર્તશે." ઇમામે ફરમાવ્યું, "વલ્લાહ, હું આવું અપમાન સહન કરવા કોઇના હાથપર બયઅત કરનાર નથી, અને એક પરતંત્ર ગુલામની મીસાલ કલંકને સહન કરીશ નહિ અને યઝીદ જેવા બેદીન કાફરના હાથપર બયઅત કદી પણ કરીશ નહિ."

મકતલે અબુ ઇસહાક અને નાસેખુત્તવારીખમાં લખે છે કે, ઇમામે હુસયન અબ્મે અનેકવાર ખુત્બા પડી તે લોકોને સમજાવતા રહ્યા અને પોતાની ફઝીલત બયાન કરી ખુદાનો ખોફ અપાવતા રહ્યા, પણ તે બેદીનો તરફથી છેલ્લો જવાબ એજ મળતો હતો કે; "અમે એ બધું જાણીએ છીયે, પણ એ છતાં આપ જ્યાં સૂધી શહીદ થઇ માર્યા નહિ જાઓ ત્યાં સૂધી અમે આપનો પીછો છોડનાર નથી."

ઇમામ હુસયન અને તેમના સાથીઓની બેમિસાલ દ્રઢતા.

અનેક પ્રકારની મુસીબતો અને અસહ્ય સંકટોનો મુકાબલો છતાં છેલ્લી ઘડી સૂધી ઇમામે હુસયન અને તેમના સાથીઓએ જે દ્રઢતા દેખાડી છે, તેની સામે જો આપણે ઇતિહાસ ઉપર નજર નાખીશું તો આપણને જણાશે કે મોટા મોટા પયગંબરના

સાથીઓ પણ આવી કસોટીની વેળા પાછા પડયા છે અને દુ:ખોથી બ્હીને પયગંબરોનો સાથ મૂકતા અચકાણા નથી.

હ૦ ઇસા પયગંબરને આખા જીવનમાં એકે લડાઇમાં જવું પડયું ન હતું પણ એમના કેદ થયાની રાત, એમના સાથીઓની કસોટીની ખરી રાત હતી. એ વખતે એમન સાથીઓએ ભારે ફીદાગીરી ને ઇમાનની વાતો કરવા માંડી, કોઇએ કહ્યું કે "હું આપના પરસેવાની જગોએ મારૂં લોહી વ્હેવડાવીશ" અને કોઇ બોલ્યો કે, "જ્યાં સૂધી હું જીવું છું ત્યાં સૂધી તમારા એક વાળને પણ કોઇ ઇજા પહોંચાડી શકશે નહિ," એ બધુ છતાં તેઓ સ્હવાર સૂધી હ૦ ઇસાની સાથે જાગૃત રહી શકયા નહિ.

"ઇસુએ કહ્યું કે તમે અહીં થોભો અને મારી સાથે જાગૃત રહો........પછી શિષ્યોની પાસે આવે છે ને તેઓને ઉંઘતા જોઇ પીટરને કહે છે "શું તમે એક ઘડી પણ મારી સાથે જાગતા નથી રહી શકતા! તમે જાગતા રહો ને પ્રાર્થના કરો કે આફતમાં ન પડો"........ત્યારે તેણે આવીને બીજીવાર ઉંઘતા જોયા ને તેઓની આંખો ઉંઘથી ભરાયલી હતી........ ને ત્રીજીવાર તેઓને ઉંઘતા જોયા." (ઇન્જીલે મતા) અને એ પછી શું થયું? સ્હવાર થતાં જ્યારે એ મઝલુમ પયગંબરને પકડવા હાકેમના માણસો આવ્યા, ત્યારે એમણે પોતાના સાથીઓને જગાડયા; જાગીને સૌ લોકો પોતપોતાના ઘર તરફ ન્હાસી ગયા. પીટર બાપડો તો ટોપલામાં બેસીને કિલ્લા ઉપરથી નીચે આવતો રહ્યો અને યહુદાએ શું કર્યું? ત્રીસ રૂપરડી લઇને હાકેમના સેપાહોને હ૦ ઇસા જે જગાએ સંતાયા હતા ત્યાં લઇ ગયો. એ પછી હાકેમ પાસે જ્યારે આ લોકોને (હ૦ ઇસાના સાથીઓને) બોલાવવામાં આવ્યા અને પૂછવામાં આવ્યું કે, "તમો ઇસુનો ધર્મ પાળનારા છો?" ત્યારે સૌએ નકારમાં જવાબ વાળ્યો અને પીટરે તો ત્રણવાર સોગનપૂર્વક કહ્યું કે, "હું ઇસુને બીલકુલ ઓળખતોજ નથી."

વળી ઇસ્લામનો ઇતિહાસ આપણને એમ પણ જણાવે છે કે, ઓહોદની લડાઇમાં હ૦ પયગંબરના સઘળા સાથીઓ

તેમને લડાઇના મેદાનમાં દુશમનો વચ્ચે ઘેરાયલા, માત્ર બે ત્રણ વફાદાર દોસ્તોની સાથે એકલા મૂકીને ન્હાસી ગયા. સહીહ બુખારી વીગેરેના જણાવ્યા પ્રમાણે પયગંબરના સાથીઓ, ઓહોદની લડાઇમાં એવા નાઠા કે બબ્બે ત્રણ ત્રણ દિવસ સૂધી પાછું મોઢું દેખાડયુંજ નહિ.

મદારે જુન્નુબુવ્વહમાં તેના કર્તા શેખ અબ્દુલ હક્ક સાહેબ દેહલવી લખે છે કે, મુસલમાનો પરાજિત થયા ત્યારે પયગંબરને એકલા મૂકીને નહાસી ગયા, એ વખતે હઝરતના ચેહરાપર ગઝબનાં ચિન્હો પ્રગટ થયાં અને કપાળપરથી પરસેવાનાં ટીપાંઓ પડવા લાગ્યાં. પછી જોયું તો હઝરત અલી એમના પડખામાં ઉભા હતા. પયગંબરે ફરમાવ્યું, "યા અલી તમે બીજા લોકોની જેમ શા માટે ન્હાસી ન ગયા?" ઉત્તર મળે છે "લા કુફ્રન બઅદલ ઇમાન; ઇન્ન લી બિક ઉસ્વહ" અર્થાત્ ઇમાન પછી કુફ્ર હોઇ શકેજ નહિ. ખચિત હું તો દરેક વાતમાં આપનોજ તાબેદાર છું.

હવે આપણે કરબલાના મહાન્ શહીદ હઝરત ઇમામ હુસયનના વફાદાર સાથીઓ તરફ દ્રષ્ટિ પહોંચાડીએ.

મુહર્રમની નવમી તારીખે જ્યારે સુલ્હેનાં દ્વારો બંધ થયાં અને યઝીદની ફોજના સીપેહસાલાર ઇબ્ને સાઅદ તરફથી ખુલ્લી રીતે જાહેર કરી દેવામાં આવ્યું કે, આવતી કાલે જરૂર લડાઇ શરૂ થશે અને હુસયનની કોઇ પણ વાત સાંભળવામાં આવશે નહિ, ત્યારે ઇમામે હુસયન પોતાના વફાદાર સાથીઓને એકઠા કરીને એક ખુત્બો પઢયા (ભાષણ કર્યું) જેનો તરજુમો નીચે મુજબ છે:—

"અલ્લાહુના નામથી જે રહમાન અને રહીમ છે. હું અલ્લાહુની સના (વખાણ) કરૂં છું; સર્વોત્તમ સ્તુતિ અને દરેક સુખ અને દુ:ખના વખતે તેનો ઉપકાર માનું છું: હે અલ્લાહ! તેં અમોને (અમારા ઘરને) નોબુવ્વતની બુઝુર્ગી આપી અને પવિત્ર કુરઆન શિખવ્યું અને ધર્મની બાબતમાં સમજણ આપી, એ સૌ માટે હું તારો શુક્ર ગુજારૂં છું. અને તેં અમોને સાંભળવા કાનો, સત્ય જોવા આંખો, અને સચ્ચાઇ કબૂલ કરનારાં

હૃદય આપ્યાં માટે અમને એ સઘળી નેઅમતોનો શુક્ર કરનારાઓમાંના બનાવજે. જાણો કે, ખરેખર મ્હારા સાથીઓ કરતાં વધારે વફાદાર અને વધારે ભલા સાથીઓ મેં કોઇના જાણ્યા નથી અને કુટુંબીજનો કરતાં વધારે ભલાં હેત રાખનારને અલ્લાહની મરજીને વધારે તાબે રહેનારા કુટુંબીજનો મેં કોઇના જોયા નથી. અલ્લાહ તમે સૌને એ માટે સર્વોત્તમ બદલો આપો. હે વફાદારો! આ વિરોધીઓ મને એક દિવસ પણ વધારે મોહલત આપશે એવી હું તેઓનામાં આશા રાખતો નથી. માટે હું તમો સર્વેને મારી ખુશીથી રજા આપું છું કે તમે સૌ તમારા ગામ અને શહેરોમાં જાઓ. હું મારી બયઅતનો બોજો તમારા ઉપરથી ઉઠાવી લઉં છું અને મારા તરફથી તમારા ઉપર જરાય દબાણ કરતો નથી. જ્યાં તમારી મરજીમાં આવે ત્યાં જાઓ. રાત અંધારી છે એને ગનીમત સમજો અને જતાં જતાં મારા કુટુંબીજનોમાંથી પણ એકેકનો હાથ પકડી સાથે લેતા જાઓ અને વિખેરાઇ જાઓ કારણ કે આ લોકો માત્ર મારા લોહીના તરસ્યા છે અને મારા શિવાય બીજાની સાથે તેઓનો વિરોધ નથી. જ્યારે મને જોઇ લેશે ત્યાર પછી કોઇની શોધ કરશે નહિ."

આ ખુત્બો સાંભળતાંજ ઇમામનાં સગાંવ્હાલાં ને મિત્રોની રગેરગમાં ઇમાન અને વફાદારીનું લોહી ઉછળવા લાગ્યું. સૌથી પેહલા ઇમામના ફરઝંદો, અને પછી ભાઇઓ, ભત્રીજા, ભાણેજો, અને અસહાબો સૌ એક અવાજે પોકારી ઉઠયા, "ખુદા અમને એ દિવસ કદી ન દેખાડે કે અમે આપને એકલા મૂકીને જતા રહીયે" ખરેખર કરબલાનો ઇતિહાસ જોતાં સ્પષ્ટ થાય છે કે ઇમામે હુસયનને જેવા વફાદાર સગાંવ્હાલાંઓ અને સાથીઓ મળ્યા તેવા બીજા કોઇને ભાગ્યેજ મળ્યા હશે. તેથીજ કરબલાના શહીદોનો દરજ્જો પયગંબરના સાથીઓ જેઓ બદ્ર અને હુનયન ઇત્યાદી લડાઇઓમાં શહીદ થયા તેઓ કરતાં પણ વિશેષ અને ભારે જણાવવામાં આવ્યો છે.

ઇમામે હુસયનના વફાદાર સાથીઓએ ઇમામના ખુત્બાના જવાબમાં જે ઉત્તર વાળ્યો છે, એ બધા અહીં લખવાનો

અવકાશ નથી માત્ર બે સાથીઓના જવાબના અમુક ફકરાઓજ અહીં રજુ કરી બાકીનાઓ માટે વાંચકની કલ્પના ઉપરજ મૂકીએ છીયે.

સૌથી પેહલાં મુસ્લિમ ઇબ્ને અવસજા ઉભા થઇને અરજ કરવા લાગ્યા "હે પયગંબરના ફરઝંદ! આપ આ શું ફરમાવો છો? શું અમે આપને આમ શત્રુઓમાં એકલા મૂકીને જતા રહીયે? અને પછી કિયામતના દહાડે અલ્લાહને શું જવાબ આપીશું? જ્યાં સુધી મારા શરીરમાં જીવ છે અને હાથમાં તલવાર છે, ત્યાં સુધી હું કદી પણ આપનો સાથ છોડનાર નથી. વલ્લાહ, જો સિત્તેર વખત હું માર્યો જાઉં અને મને બાળીને મારી રાખ હવામાં ઉડાડી દેવામાં આવે એવું મને ખાત્રીપૂર્વક જણાય તો પણ હું આપથી છુટો પડીશ નહિ અને આપ પરથી ફીદા થઇનેજ ખુશી થઇશ અને આ તો એકજ વખત મરવાનું છે અને એ પછી તો હંમેશની સલામતી અને અમર સુખ છે."

એ પછી ઝોહયર ઇબ્ને કયન ઉભા થયા અને અરજ કરવા લાગ્યા "યબ્નરસુલિલ્લાહ! કસમ ખુદાની હું એ વાતથી ખુશ છું કે હું માર્યો જાઉં. અને ફરી સજીવન થાઉં અને ફરીવાર આપની સ્હાયમાં કત્લ થાઉં એમ હજાર વખત માર્યો જાઉં, એવાં બધાં દુઃખો મને કબૂલ છે. હું માત્ર એટલુંજ ઇચ્છું છું કે પયગંબરના કુટુંબ ઉપર આવી પડેલી આફત કોઇ પણ રીતે ટળી જાય."

આશુરાની રાત્રે ખયમાની બત્તી બુજાવી નાખી જેથી જવા ઇચ્છનારને આંખોની શરમ ન અટકાવે. જેઓના દિલમાં એહલેબૈતની મોહબ્બત અને ઇમાનની જગો દુન્યાની મોહબ્બતે લીધી હતી તેઓ તો અંધારી રાતનો લાભ લઇ ચાલતા થયા. પણ ઇમામના બોંતેર વફાદાર સગાંવ્હાલાંઓ અને સાથીઓ અડગ અને મક્કમ રહ્યા. ભૂખ અને પ્યાસની શીદ્દત અને કરબલાના રણની સખત ગરમી ઇત્યાદી અસહ્ય દુઃખો વચ્ચે મોતનો મુકાબલો કરી પોતાના પવિત્ર ઇમામ અને સરદારની

સ્હાયમાં રહેવા અને પોતાની પ્રિય જાન અર્પણ કરવામાં તે વિરનરોએ ખરી વફાદારી અને બહાદુરી દેખાડી.

કરબલાના મહાન્ શહીદ છેલ્લી ઘડી સૂધી જે શૌર્ય, ધીરજ અને હિમ્મત તેમજ દ્રઢતા દેખાડતા રહ્યા, તે વિષે યુરોપના મશહૂર ઇતિહાસકારો ઘણું લખી ગયા છે. તેઓમાંથી એક ઇંગ્રેજ-ઇતિહાસકાર પોતાના પુસ્તકમાં લખે છે કે, "મારા ધ્યાન મુજબ માત્ર ત્રણ બહાદુર પુરૂષો આ દુન્યામાં જન્મ્યા છે જેમાં સૌથી શ્રેષ્ટ અને ચઢીયાતા ઇસ્લામના મહાન્ પયગંબરના દોહિત્ર હુસયન ઇબ્ને અલી છે."

ખ્રિસ્તી લોકો હ૦ ઇસા પયગંબરની શહાદત માટે ગર્વ લીએ છે અને તેમની શહાદતને હ૦ ઇમામ હુસયનની શહાદતની સામે લાવીને મૂકે છે, એટલુંજ નહિ પણ તેથી ચઢયાતી જણાવે છે. તેથી હ૦ ઇસા અ૦ની છેલ્લી ઘડીની હાલત અને તેમની બેચેની વિષે તેમનાજ બાઇબલમાં જે લખાયલું છે, તેમાંથી અહીં ઉતારી લખીએ છીયે:—

When Judas went to betray him to the Jews, St. Mark tells us that Jesus went forward a little "and fell on the ground and prayed that if it were possible the hour might pass from him. And he said Abba (Father) all things are possible unto thee ; take away this cup from me........." And thus he prayed all-a-tremble th·ice, and was near swooming ! To add to the completeness of this greatly terrified and agitated picture of the Christian God incarnate H. G. Wells says. "There is a Tradition that fainted when according to custom, he was made to bear his cross to the place of execution."

MOSLEM REVIEW Vol. No. 4,
October 1927.

"જ્યારે જુડાસ તેને યહુદીઓ પાસે દગાથી પકડાવવા ગયો ત્યારે સેંટ માર્કસ આપણને કહે છે કે, '(હ૦) ઇસા અ૦ જરા આગળ વધ્યા અને જમીન પર પડી બંદગી કરી

કે બની શકે તો તે વખત પસાર થઇ જાય' અને તેણે કહ્યું બાપા 'તારા માટે–બધું શકય છે મારી પાસેથી આ પ્યાલું લઇ લે' આવી રીતે ધ્રૂજતાં ધ્રૂજતાં તેમણે ત્રણ વખત બંદગી કરી અને બેભાન થઇ જવાની અણી પર હતા. ક્રિશ્ચિયન ખુદાની મૂર્તિના આ ગંભીર બનાવને વધારે ભયંકર કરવા એચ. જી. વેલ્સ કહે છે કે, એમ કહેવાય છે કે તેમને મુર્છા આવી, જ્યારે રિવાજ પ્રમાણે તેમને વધગાહ સૂધી ફાંસીના લાકડે (ક્રોસ) લઇ જવાના હતાં.''

હ૦ ઇસા પયગંબરની છેલ્લી ઘડીનો ટુંક ચિતાર આપ્યા કેડે હવે અમે કરબલાના મહાન્ શહીદની હયરત પમાડનાર દ્રઢતા અને ધીરજની ટુંક નોંધ લઇ એ બન્ને મહાત્માઓ વચ્ચેનો તફાવત સમજવાનું કામ વાંચકવર્ગ ઉપર મેલીશું.

હ૦ ઇસાની છેલ્લી ઘડીની જે હકીકત બાયબલમાં લખવામાં આવી છે, તે ઇસ્લામી માન્યતાથી સાવ ઉલટી હકીકત છે. તે છતાં બાઇબલમાંથી એક ફકરો અહીં એટલાજ માટે ઉતાર્યો છે કે ખ્રીસ્તીઓ ઇસ્લામના મહાન્ શહીદનો મરતબો હ૦ ઇસા કરતાં ચઢયાતો જોવા ન માગતા હોવાથી તેમનાજ બાયબલમાંથી અસલ હકીકત જણાવી ઇમામ હુસયનની દ્રઢતા વચ્ચેનો ફેર જણાઇ આવે.

ઇસ્લામી માન્યતા મુજબ હ૦ ઇસાને સુળીએ લટકાવવામાં આવ્યાજ નથી, અને યહુદી લોકો તેમને પકડીને લઇ જાય તે પેહલાં ખુદાના ફિરશ્તા હ૦ જીબ્રઇલ તેમને આસમાન ઉપર જીવતા અને સહીસલામત ઉપાડી ગયા હતા અને જે માણસ હ૦ ઇસાને પકડવા આવ્યો હતો તેની શીકલ ખુદાના હુકમથી હ૦ ઇસાની શીકલ જેવી થઇ ગઇ તેથી જ્યારે હ૦ ઇસાને પામી ન શકયો અને ખાલી હાથે પોતાના સાથીઓને ખબર આપવા ગયો ત્યારે તેની શિકલ હ૦ ઇસાનીજ શિકલ જેવી હોવાથી તેના સાથીઓએ તેને પકડી સુળીએ લટકાવી દીધો. તે વારંવાર બુમો પાડતો અને પોતાનું ખરૂં નામ આપી તેઓને સમજાવતો હતો પણ તે લોકો તેને હ૦ ઇસાજ ધારતા હતા અને તે માત્ર જાન બચાવવા ખાતર ખોટું નામ આપી કકળાટ

અને કાલાવાલા કરી રહ્યો છે એમ સમજી ભૂલથી પોતાનાજ સાથી યહુદાને ત્રણ લાકડે ચડાવી દીધો.

હ૦ ઇમામ હુસયનની છેલ્લી ઘડી સુધીની દ્રઢતા માટે મુસ્લિમ અને ગૈર મુસ્લિમો કૃત ઇતિહાસ જોઇએ.

મી. વોશીંગટન ઇરવીંગ **Washington Irwing** પોતાના **Successors of Mohamed** નામના પુસ્તકમાં લખે છે કે "તા. ૭ મી અકટોબર ઇ૦ સ૦ ૬૮૦ના આશુરાના દહાડે સ્હવારના વખતથી ઇમામના મદદગારો પોતાના સરદારની સ્હાય માટે ઇમાનના જોશમાં ઝુમી રહ્યા હતા. ઇમામે કપડાં બદલ્યાં, શરીર પર અત્તર લગાડયું અને શાંતિપૂર્વક શહાદત માટે તય્યાર થયા."

કિતાબ બહરૂલગુમ્માંમાં લખે છે કે, "જ્યારે શિમ્ર મલઉન હઝરતની પવિત્ર છાતી પર સવાર થયો અને આપને ઝબેહ કરવા આપની મુબારક દાઢીને હાથમાં પકડી તે વેળા તેની તરફ નજર કરી ઇમામે હુસયન મુશકરાયા અને ફરમાવ્યું "ઓ શિમ્ર તું મને ઓળખે છે કે હું કોણ છું અને તું કોને કત્લ કરી રહ્યો છે?" તે મલઉન બોલ્યો, "હું બરાબર આપને જાણું છું. તમારા નાના રસુલે ખુદા, તમારા પિતા અલીય્યે મુરતુઝા, અને તમારી મા ફાતેમા ઝેહરા (અલયહિમુસ્સલામ) છે અને એ પણ હું માન્ય રાખું છું કે ખુદા કિયામતના દહાડે તમારા કાતિલને સજા કરશે પણ તેની મને પરવા નથી" (ખુદા લાનત કરે તે કાફર ઉપર અને તેના સરદારો ઉપર.)

પ્રકરણ બીજું.

ઇસ્લામના રક્ષક પયગંબર સ૦ની અહલેબયત.

ઇસ્લામના મહાન્ પયગંબરની વફાત પછી ઇસ્લામીઓમાં ત્રણ પ્રકારનાં માણુસો હતાં. (૧) પયગંબરની અહલેબયત, (૨) ખુદા વ રસુલની તાબેદારી કરનાર અહલેબયતની મોહબ્બત રાખનાર ચુસ્ત મુસલમાનો અને (૩) ઇસ્લામની ચઢતી અને બાદશાહત પ્રત્યે લોભાઇ દુન્યાની દોલત પ્રાપ્ત કરવાના લોભે જાહેરમાં ઇસ્લામ લાવેલા મુનાફેકો, જેઓની સંખ્યા ચુસ્ત મુસલમાનો કરતાં ઘણી મ્હોટી હતી અને જેમનું વર્ણન કુરઆનમાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે.

પયગંબર માત્ર પયગંબરજ ન્હોતા, પણ દીન દુન્યાના શહનશાહ પણ હતા. વીસ વર્ષની અથાગ મેહનતને પરિણામે ઇસ્લામ મઝહબનો ફેલાવો થયો અને તે જંગલી અરબોને વધુ કેળવવા અને ઇસ્લામનો વધુ ફેલાવો કરી, ઘરના (નામના મુસલમાનો મુનાફેકો) અને બાહેરના દુશ્મનોથી ઇસ્લામની રક્ષા કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં ન આવે તો તેનું શું પરિણામ નીપજે, એ અહીં જણાવવાની જરૂર નથી. અને સહેજમાં તે સૌને સમજાય તેવું છે.

પયગંબર પછી ઇસ્લામની રક્ષા કરવા કુરઆન અને હદીસોનું શિક્ષણ આપવા અને ઇસ્લામ ઉપર થતા અનેક પ્રકારના હુમલાઓ રદ કરવા માટે પયગંબરની અહલેબયત શિવાય બીજા કોઇ પણ લાયક ન હતા, એ અમો અહીં ખુલાસાવાર સાબીત કરવા માંગીયે છીયે, અને તે સાથે એ પણ સિધ્ધ કરી આપીશું કે, ઇસ્લામના તોંતેર ફીરકામાંથી એકજ ફીરકો ખરો અને ખુદા વ રસુલના ફરમાનુસાર અમલ કરનાર છે, જે પયગંબરની અહલેબયતની મોહબ્બત રાખનાર, તેમના તાબેદારો અને હુસયને મઝલુમના અઝાદારો છે.

હરેક ધર્મમાં અનેક ફાંટા હોય છે, અને તે એકબીજાથી વિરૂધ્ધ માન્યતા ધરાવે છે અને એ વિરૂધ્ધતા તે મૂળ ધર્મના સ્થાપકની વફાત પછીજ ઉત્પન્ન થાય છે. કેમકે, કોઇ પણ ધર્મના સ્થાપક કદી પણ એકબીજાની વિરૂધ્ધતા દર્શાવનાર ફરમાનો પોતાના તરફથી બાહેર પાડતાજ નથી. ખ્રિસ્તી ધર્મમાં કેથોલીક અને પ્રોટેસ્ટંટના વિભાગો હ૦ ઇસા પયગંબરના વખતથી ન હતા. તેમજ બાઇબલના ચાર તરજુમા ન હતા. એવીજ રીતે ઇસ્લામના તોંતેર ફીરકા પ્રત્યે તેના સ્થાપકની સહાનુભૂતિ કોઇ કાળે હોઇ શકેજ નહિ, અને એ સઘળા ફીરકા ખરા ગણી શકાયજ નહિ, એ સ્પષ્ટ થાય છે. એ સઘળા ફાંટા પયગંબરની વફાત પછી જાહેર થયા, જેથી ઇસ્લામનાં ખરા શિક્ષણની રક્ષા કરનારની નેમણુંક ન થયલી હોય અથવા ખરા ફીરકાની પુરતી ઓળખ ન અપાયલી હોય, તો એ માટે સ્વાભાવિક રીતે ઇસ્લામના મહાન્ પયગંબર જરૂર દોષિત ઠરી શકે. પરંતુ પયગંબરે ઇસ્લામ, પોતાની ઉમ્મતને સંપૂર્ણ શિક્ષણ આપી ગયા અને ખરા ખોટાની પારખ કરવા માટે ઉત્તમ કસોટી પોતાની એહલેબયત મૂકી ગયા છે. અને પોતાના પવિત્ર ભાઇ અને જમાઇ હ૦ અલી અ૦ ને પોતાના ખલીફા અને જાનશીન નેમી ગયા છે જે કાર્યથી રાજી થઇ ખુદા તરફથી પવિત્ર કુરઆનની નીચેની આયત નાઝીલ થઇ **"અલ્યવમા અકમલતુલકુમ દીનુકુમ, વઅતમમતુ અલયકુમ નીઅમતી વરઝીનુ લકુમુલ ઇસ્લામા દીના"** તરજુમો "આજે અમે તમારા માટે તમારા ધર્મ (ઇસ્લામ) ને સંપૂર્ણ કર્યો અને (આજે) અમે તમારી ઉપર અમારી નેઅમતો પુરી કરી અને (આજે) અમે તમારા માટે ઇસ્લામ ધર્મથી રાજી થયા."

ઇસ્લામ ધર્મના તોંતેર ફીરકા શા માટે થયા, એહલેબયતે રસુલની તાબેદારી શા માટે કરવામાં ન આવી, અને એહલેબયતે રસુલની ફઝીલત બુઝુર્ગીની સાબીતી તેમજ ઇમામે હુસયનની અઝાદારી બંધ કરવા હજી સુધી ઇસ્લામનો અમુક વર્ગ શા માટે તનતોડ મહેનત કરે છે, એ સઘળું પુસ્તકના બીજા વિભાગોમાં લખાએલ છે. છતાં આ પ્રકરણમાં ટુંકમાં

પણ ખુલાસાવાર સમજાવવા માંગીએ છીએ અને તે શાંત મને વાંચી અવલોકન કરવા ન્યાયી વાંચકને અરજ કરીએ છીયે.

ઇસ્લામમાં ફાટફુટ પડવાની આગમચેતીઓ હ૦ પયગંબર સ૦એ અગાઉથી કરી હતી અને પોતાની ઉમ્મતને દીનના દુશ્મનોથી છેટે રેહવા અને કુરઆન તથા એહલેબયતે રસુલને મક્કમપણે વળગી રેહવાની તાકીદ કરતા ગયા હતા, પણ તે નામના મુસલમાનો દુન્યાની બાદશાહત અને દોલતના મોહમાં ફસાઇ ગયા અને પવિત્ર કુરઆન તથા એહલેબયતે તાહેરીનના ફરમાનોનું ખુલ્લી રીતે ઉલંઘન કર્યું. પરિણામે ઇમામે હુસયન શહીદ થયા અને ઇસ્લામના તોંતેર ફીરકા થયા.

હ૦ પયગંબર સ૦એ ફરમાવ્યું "**સતફતરકુ ઉમ્મતી બઅદી સલાસા વ સબઉન ફીરકતુન અહદન ફીહીમ ફીલ જન્નહ**" મારી વફાત પછી મારી ઉમ્મતના ૭૩ ફીરકા થશે; તેમાંથી ફક્ત એકજ ફીરકો બેહિશ્તમાં દાખલ થશે.

ગદીરે ખુમ નામના સ્થળે હ૦ પયગંબર એક લાખ ચૌદ હજાર હાજીઓની વચ્ચે એક લંબાણ ખુત્બો પઢયા એના અમુક ભાગનો તરજુમો નીચે આપીયે છીયે:—

"હે મુસલમાનો! અલ્લાહનો ડર રાખો અને શરીઅતથી ઉલ્ટા વર્તી લડાઇ ન કરો અને યાદ રાખો કે ખુદા સૌના ઉપર ગાલીબ છે. નઝદીકમાંજ મારી પાછળ કેટલીક કોમો હશે જેઓ મારા ઉપર આક્ષેપ મૂકશે અને લોકો તેઓનાં જુઠાણાંને માન્ય રાખશે પણ હું ખુદાની પનાહ માંગું છું કે તેના હુકમની વિરૂધ્ધની કોઇ વાત કરૂં. હું તમોને એજ બાબતો સંભળાવું છું જે પહોંચાડવાનો મને ખુદાએ હુકમ આપ્યો છે, જેઓ ઝુલ્મ કરનારા છે તેઓ નઝદીકમાં જાણી લેશે કે તેઓનો અંજામ કેવો થવાનો છે."

હઝરત અહીં સૂધી બોલી રહ્યા ત્યારે ઓબાદા બીન સામિત અસહાબી ઉભો થઇ પુછવા લાગ્યો, "યા રસુલુલ્લાહ! આ કયારે થશે? અને એ લોકો કોણ છે એ અમોને બતાવો જેથી અમો તેઓથી બચતા રહીએ." હઝરતે ફરમાવ્યું, "તેઓ અમુક લોકો છે જેઓ પહેલેથીજ મારી દુશ્મની રાખતા

આવ્યા છે અને જ્યારે મારી રૂહ (ગળા તરફ ઇશારો કરી) અહીં સૂધી પહોંચશે (એટલે હું મરણ પામીશ) એ વખતે જાહેર થશે." ઓબાદાએ અરજ કરી "તે વખતે અમો કોની તાબેદારીમાં રહીયે?" હઝરતે ફરમાવ્યું "મારી ઇતરતની તાબેદારીમાં રહો. જેઓ ફઝીલતમાં સૌથી આગળ છે અને મારા વારેસો છે, એજ લોકો તમોને ગુમરાહીથી બચાવી લેશે અને નેકઅમલ તરફ બોલાવશે. મારી એહલેબયત તમોને પવિત્ર કુરઆન અને મારી સુન્નતોને તમારામાં કાયમ રાખશે અને કુફ્ર તથા બીદઅતથી તમોને બચાવશે."

ઉપલી હદીસ અને ખુત્બામાં ઇસ્લામના તોંતેર ફીરકા થવાની આગમચેતી અને એહલેબયતની તાબેદારી કરવાના હુકમથી દરેક મુસલમાનની ફરજ છે કે, જે એક ફીરકાની ખબર પયગંબરે આપી છે કે બેહિશ્તમાં દાખલ થશે તેની શોધ કરે. એવું ન થાય કે પોતાના માતપિતા અમુક ફીરકા અગર, ટોળામાં હતા તેથી હઠધર્મી બની તેને વળગી રહેવાથી આખેરતમાં પસ્તાવવું પડે.

એ નાજી ફીરકો કયો છે તે જાણવા માટે હઝરતે પોતાની એહલેબયતની મુહબ્બત અને તેઓની તાબેદારી કરવાનો હુકમ આપી ઉમ્મતના માટે ઘણી ઉત્તમ કસોટી મૂકી ગયા છે.

હઝરતે ફરમાવ્યું "**ઇન્ની તારેકુન ફીકુ મુસ્સકલયન કિતાબલ્લાહ, વ ઇતરતી વઅહલ બયતી માઇન તમસ્સકતુમ બિહિમા લન તઝિલ્લુ અબદી**" હે મુસલમાનો! હું તમારા વચ્ચે બે ભારે વસ્તુઓ (તમારી હિદાયત અર્થે) મૂકી જાઉં છું, એક કિતાબે ખુદા (પવિત્ર કુરઆન) અને એક મારી ઇતરત જેઓ એહલેબયત છે. જ્યાં સૂધી તમો એ બન્ને વસ્તુઓને મક્કમપણે વળગી રહેશો ત્યાં સૂધી કદી પણ મારી વફાત પછી તમો ખોટે માર્ગે ચડશો નહિ. (અને ગુમરાહ થશો નહિ.)

વળી બીજી જગોએ ફરમાવ્યું "જો તમો મારી એહલે-બયતની તાબેદારી કરશો તો તેઓ તમોને સીધા બેહિશ્તના માર્ગે ચઢાવશે. જુઓ મારી એહલેબયતને તમો શીખાવશો

નહિ કેમકે તેઓ પાસે મારૂં ઇલ્મ છે તેઓ તમને કહે તે પ્રમાણે અમલ કરતા રહેજો."

બેશક, જો મુસલમાનો એહલેબયતની તાબેદારી કરતે તો જરૂર તેઓ હિદાયત પામતે અને ગુમરાહી ન ફેલાતે તો ઇસ્લામના તોંતેર ફીરકા ન થાત.

પ્રથમ અમો એહલેબયતની ફઝીલત અને તેઓની મોહબ્બત અને તાબેદારીનું વાજીબ હોવું પવિત્ર કુરઆનની આયતો અને પયગંબરની હદીસોથી સાબીત કરી આપીશું. તે પછી મુનાફીકો અને બની ઉમય્યાના હાથોવડે તેમના પર પાડવામાં આવેલાં સંકટોનો ટુંક ચિતાર આપી તેમની નાફરમાની કરવાથી અને તેમને શહીદ કરી નાખવાથી તેમના દુશમનો દીને ઇસ્લામથી કેવી રીતે ખારીજ થયા એ સિધ્ધ કરી આપીશું.

એહલેબયતે રસુલની ઓળખ.

પવિત્ર પયગંબરની એહલે બયતની ઓળખ આપવાની કશી જરૂર નથી. એવો કયો મુસલમાન હશે, જે આલે રસુલના મુબારક નામોથી અજાણ હોય? પંજતન પાકમાં હ૦ મોહમ્મદ સ૦, હ૦ અલી અ૦, હ૦ ફાતેમા, હ૦ હસન, અને હુસયનના વાસ્તા આપી ખુદાની દરગાહમાં પોતાની હાજતો માંગવાને દરેક મુસલીમ ઇમાનદારની ફરજ છે; છતાં પવિત્ર કુરઆનમાં એહલેબયતના બારામાં જ્યાં પણ ઇસારો કરવામાં આવેલ છે તેથી મુરાદ એજ બુઝર્ગવારો છે અને તેઓ શિવાય બીજા કોઇ પણ એહલેબયતે રસુલમાં ગણી શકાતા નથી, એ સ્પષ્ટ કરવા માટે ટુંકમાં એ મા'સુમોની ઓળખ આપવાની જરૂરત છે.

એહલે સુન્નતના ઇમામ અહમદે હંબલ, તથા ઇમામે તબ્રાની અને ઇમામે હાકીમ પોતપોતાની કીતાબોમાં નીચેની હદીસ નકલ કરી છે.

"બીબી ઉમ્મે સલમા કહે છે કે, એક દિવસે પયગંબર સ૦ મારે ઘેર તશરીફ રાખતા હતા એટલામાં દાસીએ આવીને

અરજ કરી કે હ૦ અલી અને હ૦ ફાતેમા દરવાજા ઉપર ઉભા છે અને અંદર દાખલ થવાની રજા ચાહે છે." આ સાંભળી આપે મને ફરમાવ્યું, "એ ઉમ્મે સલમા તમે હટી જાઓ અને મારી એહલેબયતને જગો આપો." હું દૂર ખસી ગઇ અને હ૦ અલી તથા હ૦ ફાતેમા અને તેમના બે ફરઝંદો હ૦ હુસન અને હુસયન ઘરમાં દાખલ થયા. પયગંબરે તે બંને બાળકોને ઉઠાવી પોતાની ગોદમાં બેસાર્યા. ત્યાર બાદ હ૦ અલી અ૦ અને હ૦ ફાતેમાના ગળાની આસપાસ હાથ રાખી બન્નેને બોસો આપી તેમનાપર કાળી ચાદર ઓઢાડી ફરમાવ્યું, "એ ખુદા! આ મારી એહલેબયત હું તારે હવાલે કરૂં છું, ન કે દોઝખને, તુંજ તેઓની સંભાળ રાખ."

ઉમ્મે સલમા કહે છે કે તે વખતે આગળ વધીને મેં અરજ કરી "યા રસુલલ્લાહ! હું પણ તમારી સાથે (તમારી એહલેબયતમાં) છું," આપે ફરમાવ્યું "એ ઉમ્મે સલમા, તું તારી જગોપર રહે અને તારા માટે ખયર (ભલાઇ) છે."

ઉપલી હદીસથી સિધ્ધ થાય છે કે એહલેબયતમાં પયગંબરના ઘરની સ્ત્રીઓનો સમાવેશ થાય થતો નથી, કેમકે ઘરની સ્ત્રીઓ જ્યાં સૂધી નીકાહમાં હોય છે ત્યાં સૂધી તેણીનો સંબંધ રહે છે, પણ તલાક અપાતાં, સંબંધ તુટી જાય છે અને પોતાને ઘેર ચાલી જાય છે. વળી એહલેબયતે રસુલના બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે "**ઇન્નમાં યુસદુલ્લાહ લીયુઝહીબા અનકુમુર્રિજસ વયુતહહેરૂકુમ તતહીરા;**" અર્થ—માત્ર ખુદા ઇચ્છે છે કે તે તમારા ઉપરથી હે એહલેબયત (પયગંબરના ઘરના માણુસો) નાપાકી દૂર કરે અને તે તમને પાક કરી પવિત્ર કરે (સુરએ અહઝાબ આયત ૩૩.)

આ ફકરામાં બીજા પુરૂષના સર્વનામો **નરજાતીમાં** હોવાથી શીઆ અને ઘણાખરા સુન્ની લેખકો ધારે છે કે, આ યાને ઉપર આવેલા શબ્દો (હ૦ પયગંબરની બીબીઓ) સાથે કાંઇ સંબંધ નથી અને તેઓ કહે છે કે, હઝરત પયગંબરના **અહલુલબૈત એટલે ઘરના માણુસો ખાસ કરીને હઝરત અલી,**

ફાતેમા અને તેઓના બે પુત્રો હસન અને હુસેન છે કે જેઓના સંબંધમાં આ શબ્દો કહેવામાં આવ્યા છે.

(પ્રોફેસર ઇસ્ફહાની કૃત કુરઆનનો તરજુમો પાનુ ૮૦૮.)

આ આયતથી એહુલેબયત માસુમ–સર્વ ગુનાહોથી પાક અને પાકીઝા ઠરે છે તેમનાથી કંઇએ દોષપાત્ર કાર્ય થતું નથી.

જ્યારે પયગંબરની અમુક સ્ત્રીઓ માટે ખુદાએ કુરઆનમાં ખબર આપી છે કે **"ઇનતતૂબા ઇલલ્લાહિ ફકદ સગત કુલુબુકુમા, વઇન તઝાહરા અલયહી ફઇન્નલ્લાહ હુદા મવલાહુ વસાલેહુલ મુઅમીનાન, વલ મલાઇકતુ બઅદ ઝાલીકા ઝહીર."** તરજુમો (હે પયગંબરની બીબીઓ) જો તમો (બે વચન હોવાથી) બન્ને તવબા કરો અને ખુદા તરફ રજુ કરો (તો બહેતર છે પણ) ખરેખર તમો બન્નેનાં દીલ (હકથી ફરી જવાથી) કઠણ થઇ ગયાં છે એ છતાં જો તમો એકબીજાની મદદમાં રહેશો (અવળાઇ ચાલુ રાખશો) તો ખુદા તેનો (પયગંબરનો) મદદગાર છે અને મોઅમેનોમાં શ્રેષ્ટ (હ૦ અલી અ૦) તેમજ ફીરીશતાઓ પણ તેના મદદગાર છે.

ઉપલી આયતોથી પયગંબરની પાક એહલે બયત અને પયગંબરના ઘરની સ્ત્રીઓ વચ્ચેનો તફાવત ખુલ્લી રીતે જણાઇ આવે છે.

ઇમામે નુદી કીતાબે "શરહે મુહઝબમાં" લખે છે કે "પયગંબરની ઇતરતમાં એજ બુઝર્ગવારો છે જેઓ પયગંબર સાથે સંબંધ ધરાવે છે અને તેઓ હ૦ ફાતેમાની અવલાદ છે."

ઇમામે દારેકુનની કીતાબે 'સુનન'માં લખે છે કે "મઅકલ ઇબ્ને યસીર નકલ કરે છે કે મેં અબુબકર સીદીક (પહેલા ખલીફા સાહેબ) ને કેહતા સાંભળ્યા કે, હ૦ અલી અ૦ પયગંબરની ઇતરતમાંથી છે."

ઇમામ મોહમદ ઇબ્ને તલહા શાફીઇ કીતાબ "મતાલેબુસ્સુઉલમાં લખે છે કે, "આલથી મુરાદ માત્ર પયગંબરની એહલે બયતના એજ લોકો છે જેમના ઉપર સદકો હરામ હોય છે અને જેઓ હંમેશા પયગંબરના ફરમાનુસાર સંપૂર્ણ રીતે અમલ કરનાર અને ખુદાની તાબેદારી કરનાર (મા'સુમ) હોય છે.

બની અબ્બાસીના બીજા બાદશાહ ખલીફ મનસુર દવાનકીએ છઠ્ઠા ઇમામ હ૦ ઇમામ જઅફરેસાદીક અ૦ને કહ્યું કે, આપણે બધા પયગંબરના વંશમાંથી (બની હાશમ) નજીકના સગા અને તેમની ઇતરતમાંથી છીયે તેથી તમો (બની ફાતેમા) ને અમારા (બની અબ્બાસી) ઉપર કોઇ પણ પ્રકારની ફઝીલત નથી. તેના જવાબમાં હ૦ સાદીક અ૦મે ફરમાવ્યું "એ બાદશાહ જો પયગંબર તમારી પુત્રી સાથે નીકાહ કરવા ચાહે તો કરી શકે છે, જ્યારે અમારા કને એવી માંગણી કરી શકતા નથી. કેમકે, અમો તેમના ફરઝંદો અને દોહિત્રો છીયે."

(મુહાઝેરાત ઇમામે શગીબ ઇસ્ફહાની કૃત.)

ઉપલા ટુંક ખુલાસાથી સ્પષ્ટ થાય છે કે એહલેબયતે રસુલથી મુરાદ માત્ર હ૦ અલી અ૦ હ૦ ફાતેમા અને તેમના અવલાદ છે અને હ૦ અલી અ૦ની અવલાદમાં ઇગ્યાર ઇમામો મા'સુમ છે તે સાથે કુલ્લે ચૌદ બુઝર્ગવારો મા'સુમ ગણાય છે જેઓની મોહબ્બત અને તાબેદારી ખુદા વ રસુલના ફરમાનુસાર વાજીબ છે.

એહલેબયતે રસુલની ફઝીલત.

પયગંબરની પાક આલની ફઝીલત લખવા માટે આખા જગતના માણસો ભેગા થાય તો પણ દર્યામાંથી એક ટીપું જેટલું લખી શકે નહિ. એ પવિત્ર મા'સુમોની ફઝીલત અને બુઝર્ગી, દોસ્ત અને દુશમનો, ઇસ્લામીઓ અને પરધર્મીયો એકી અવાજે માન્ય રાખતા આવ્યા છે. એહલેબયતે રસુલના કટ્ટા વેરી બની ઉમય્યા પણ એ બુઝર્ગવારોની ફઝીલત બયાન કરતા હતા. અહીં અમો કુરઆને શરીફની આયતો અને પયગંબરની હદીસો વડે ટુંકમાં તે બુઝર્ગવારોની ફઝીલત લખ્યે છીયે જેથી દીને ઇસ્લામની રક્ષા કરનાર પવિત્ર ઇમામોની દરેક પ્રકારની ફઝીલત અને મરતબો હોવા છતાં જેઓ તે બુઝર્ગવારોની મોહબ્બત અને તાબેદારી તજી ભલતા માણસો, દુન્યાદાર બાદશાહો અને ઇસ્લામના કટ્ટા વેરી, બની ઉમય્યાની તાબેદારી કરવાથી અને ઇમામે હુસયનની અઝાદારીની વિરૂધ્ધતા

દર્શાવવાથી ઉંધે માર્ગે ચઢી ખુદા વ રસુલના ફરમાનોથી વિરૂધ્ધ વર્તતા રહ્યા છે એ સિધ્ધ થશે.

એ પવિત્ર આલના બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે **"ઇન્નમા યુરીદુલ્લાહુ લિયુઝહેબા અનકુમુરિજસા, અહલુલ બયત વયુ તહહીરૂકુમ તતહીરા."** તરજુમો:–માત્ર ખુદા ઇચ્છે છે કે, તે તમારા ઉપરથી હે એહલેબૈત (પયગંબરના ઘરના માણસો) નાપાકી દૂર કરે અને તમને પાક કરી પવિત્ર કરે. (સુરએ અહઝાબ આયત ૩૩.)

હવે ઉપલી આયાતમાં જણાવ્યા મુજબ એહલેબયતે રસુલમાં કયા બુઝર્ગવારો તરફ ઇશારો કરવામાં આવેલ છે, તેના બારામાં એહલેબયતની ઓળખ હમણાંજ વાંચી ગયા. અહીં એહલે સુન્નતની સહીહ મુસ્લીમમાંથી એકજ દાખલો આપીયે છીયે.

"ઝયદ ઇબ્ને હુબ્બાન કહે છે કે, એક દિવસે હું તથા હુસીન ઇબ્ને સારા અને તેનો દીકરો ઇમારાન ઇબ્ને હુસીન, ઝયદ ઇબ્ને અરકમને મળવા ગયા. તે મુલાકાત દરમિયાન હુસીને કહ્યું, "ઓ ઝયદ, ખરેખર તમોએ ઘણી નેકીયો અને ભલાઇ મેળવી છે. કેમકે, તમોએ પયગંબરની ઝીયારત કરી છે અને તેઓના કનેથી અનેક હદીસો સાંભળી છે અને એઓની પાછળ નમાઝ પડયા છો, માટે તમોએ પયગંબર કનેથી જે હદીસો સાંભળી હોય તેમાંથી થોડીક હદીસો અમોને કહી સંભળાવો." તેના જવાબમાં ઝયદ ઇબ્ને અરકમ બોલ્યા "ઓ મારા ભત્રીજા, હવે હું ઘરડો થયો છું અને મારી યાદશક્તિ મંદ પડી જવાથી ઘણી ખરી હદીસો હું ભૂલી ગયો છું જેથી જે કાંઇ મને યાદ છે અને હું સંભળાવું તે ખાત્રીપૂર્વક માન્ય રાખશો" તે પછી તેણે કહ્યું, "એક દિવસે એક તળાવ આગળ જેને ખુમ કહે છે અને તે મક્કા અને મદીના વચ્ચે આવેલ છે હ૦ રસુલે ખુદા સ૦ ઉભા થયા* લંબાણથી ખુતબો પઢયા. પ્રથમ ખુદાની સીફત

---

* આ ઇશારો ગદીરે ખુમના બનાવ તરફ છે. જે દિવસે એક લાખ ચૌદ હજાર મુસલમાનોની હાજરીમાં પયગંબરે પોતાના પિત્રાઇ ભાઇ અને જમાઇ હ૦ અલી અ૦ને પોતાના ખલીફા અને જાનશીન નેમેલા હતા.

બયાન કર્યા પછી લોકોને વઅઝ અને નસીહત કરી, તે પછી ફરમાવ્યું "અય લોકો, હું તમારા વચ્ચે બે ભારે અને અમૂલ્ય વસ્તુઓ મૂકી જાઉં છું. એક કિતાબે ખુદા (પવિત્ર કુરઆન) અને એક મારી એહલેબયત; કેમકે હું પણ તમારા જેવો એક ઇન્સાન છું! બચીત મારા માટે મોતનો સંદેશો આવવાનો છે અને તે હું સ્વિકારીશ! અય લોકો, તમો સદા પવિત્ર કુરઆનના ફરમાનોને મક્કમપણે વળગી રહેશો અને મારી એહલેબયત સાથે નેક સલુક કરવાને અને તેઓની તાબેદારી કરવા માટે તમોને ખુદા યાદ અપાવું છું." આ સાંભળી હુસીને પુછયું "ઓ ઝયદ, શું પયગંબરની સ્ત્રીઓ એહલેબયતમાં ગણી ન શકાય?" ઝયદ ઇબ્ને અરકમે કહ્યું "કદી પણ નહિં; ખુદાની કસમ ઘરની સ્ત્રી અમુક મુદત સૂધી ઘરમાં રહે છે (ત્યાં સૂધી તેનો સંબંધ ગણાય છે) તે પછી તેણીને તલાક આપવામાં આવે તો પોતાને ઘેર પોતાના માતપિતા કને ચાલી જાય છે, પયગંબરની એહલેબયત એ બુઝર્ગવારો છે, જેઓ આપના નજીકના સગા હોય છે અને તેઓના માટે સદકો હરામ હોય છે.

(૧) **કુલ કફા બિલ્લાહી શહીદન બયની વબયનકુમ વમન ઇન્દહુ ઇલ્મુ વ કિતાબ.** તરજુમો:—કહો તમો (કુરયશીઓને) કે અમારા અને તમારા વચ્ચે (મારી નોબુવ્વતની સચ્ચાઇ માટે) ગવાહી દેવા ખુદા અને તે શખ્સ કે જેને કિતાબનું (સંપૂર્ણ) ઇલ્મ છે બસ છે.

(કુરઆન પારા ૧૩ સુરએ રઅદની આયત ૪૩ મી.)

સઇદ ઇબ્ને મનસુર પોતાની 'સુનન'માં લખે છે કે, "અબુ અવાના અબુબશરથી નકલ કરે છે. તેણે સઇદ ઇબ્ને ઝુબેરને સવાલ કર્યો કે આ (ઉપલી) આયતમાં જેના કને કિતાબનું ઇલ્મ છે તેથી મુરાદ અબદુલ્લા બીન સલામ છે? તો સઇદે કહ્યું, અબદલા બીન સલામ મુરાદ નથી તે તો મદીનામાં મુસલમાન થયો, જ્યારે આ આયત મક્કામાં ઉતારવામાં આવી. અબદુલ્લા બીન સલામ પોતે રિવાયત કરે છે કે

પયગંબર સ૦મે ફરમાવ્યું કે "જેના કને કિતાબનું ઇલ્મ છે તેથી મુરાદ હ૦ અલી અ૦ છે."

(સહીહ મુસ્લીમ.)

(૨) **ઇન્નલ્લાહ વ મલાઇકતહુ યુસલ્લુન અલન્નબી યા અય્યુહલ્લઝીના આમનુ સલ્લુ અલયહી વસલ્લેમુ તસલીમાં** "તરજુમો" ખરેખર, ખુદા અને તેના ફરિશતાઓ પયગંબર ઉપર સલવાત મોકલે છે. હે મોઅમેનો તમે તેના ઉપર સલવાત પઢો અને આધીન રહી તેના ઉપર સલામ પઢો.

(સુરએ અહઝાબ આયત ૫૫.)

એક અસહાબે પયગંબર સ૦ને સવાલ કર્યો કે, આ આયતમાં આપના ઉપર સલામ કરવાનો હુકમ છે તે જાણીયે છીયે પણ સલવાત કેવી રીતે થઇ શકે તે જાણવા માંગીયે છીયે. આપે ફરમાવ્યું કે, અમારા પર આ પ્રમાણે દુરૂદ પઢો "**અલ્લા હુમ્મ સલ્લે અલા મુહમ્મદ વઆલે મુહમ્મદ, કમા સલ્લયતા અલા ઇબ્રાહીમ વઆલ ઇબ્રાહીમ**" જે પ્રમાણે પયગંબરપર દુરૂદ (સલવાત) મોકલવાનો હુકમ છે, એજ મુજબ આલે રસુલપર દુરૂદ મોકલવાનો હુકમ ખુદાએ ફરમાવેલ છે તેથી એહલેબયતની મહાન્ ફઝીલત સાબીત થાય છે. એટલુંજ નહિ પણ પાંચ વખતની નમાઝમાં ઉપર મુજબ દુરૂદ મોકલવી વાજીબ છે તે શિવાય નમાઝ સહીહ થતી નથી.

એહલે સુન્નતના ઇમામ શાફઇ કહે છે કે:—

"યા અહલ બયતી રસુલિલ્લાહ હુબ્બુકુમ=
ફરઝુન મિનલ્લાહ ફીલ કુરઆન અનઝલહુ"
"કફાકુમ મિન અઝિમીલ કદ્ર અન્નકુમ=
મન લા યુસલ્લિ અલયકુમ લા સલાત લહુ"

તરજુમો—ઓ પયગંબરની એહલેબયત, તમારી મુહબ્બત કુરઆનની આયત ઉતારી ખુદાએ વાજીબ કરેલ છે. તમારી ફઝીલત અને ભારે દરજ્જો સ્પષ્ટ કરવાને આ એકજ બાબત બસ છે કે, જે કોઇ નમાઝમાં તમારા ઉપર દુરૂદ ન મોકલે તો તેની નમાઝ નકામી અને બાતીલ છે.

(૩) ઇન્નલ્લઝીના આમનુ વઅમિલુસ્સાલેહાત ઉલાઇકા હુમ ખયરૂલ બરિય્યહ. તરજુમો:–અને બેશક જેઓ ઇમાન લાવી સારા અમલ બજાવી લાવ્યા, તેઓજ સર્વ લોકો કરતાં શ્રેષ્ટ છે.

(કુરઆન પારો ૩૦ મો સુરએ બય્યાનાની આયત ૭ મી.)

આ આયતના બારામાં પયગંબર સ૦મે હ૦ અલી અ૦ને ફરમાવ્યું "યા અલી તે શ્રેષ્ટ લોકો જેઓના બારામાં ખુદાએ ફરમાવેલ છે તે તમો અને તમારા શીઆઓ છે, અને કિયામતના દહાડે તમો અને તમારા શીઆઓ ખુશહાલીની સાથે આવશો, જ્યારે તમારા દુશમનો ઉદાસ ચેહરે અને ફજેત થઇને આવશે, યા અલી, તમો અને તમારા શીઆઓ સર્વ બેહીશ્તમાં જશો.

(સવાએકે મુહરેકા, મીસર છાપ પેજ ૯૬.)

હ૦ અલી અ૦ પયગંબર સ૦ની ખીદમદમાં હાજર થયા. આપે ફરમાવ્યું "કસમ તે પરવરદીગારના, જેની સત્તામાં મારી જાન છે. આએ અલી અ૦ અને તેમના શીઆઓ કિયામતના દહાડે નજાત (છુટકારો) પામનાર છે. તે પછી જ્યારે પયગંબરના અસહાબો હ૦ અલી અ૦ને જોતા હતા ત્યારે કહેતા હતા કે જુઓ "ખયરૂલ બરિય્યહ" સર્વથી શ્રેષ્ટ બુઝર્ગવાર આ હ૦અલી અ૦ છે."

(તફસીરે દુરરે મનસુર, જલાલુદીન સુયુતી કૃત
મીસર છાપ જીલ્દ છઠી પેજ ૩૭૯.)

કાલ રસુલુલ્લાહ સ૦ અલહસનુ વલ હુસયન સય્યદા શબાબી અહલીલ જન્નત હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું "હસન અને હુસયન અ૦ બેહિશ્તના જવાનોના સરદાર છે."

(સુનેન ઇબ્ને માજહ.)

હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું "હસન અને હુસયન દુન્યા અને આખેરતમાં મારા ગુલાબનાં પુલ છે."

(તરમઝી શરીફ.)

હ૦ અલી અ૦ નકલ ફરમાવે છે કે, હ૦ રસુલે ખુદા સ૦મે હ૦ હસન અને હુસયનનાં હાથો પકડીને ફરમાવતા હતા

"જે કોઇ મને ચાહશે અને મારા આ બન્ને ફરઝંદોને અને તેઓના માતપિતા (હ૦ ફાતેમા અને હ૦ અલી અ૦) ની મોહબ્બત રાખશે, તો કિયામતના દહાડે તે મારી સાથે મારા દરજ્જામાં રહેશે."

(સુનેન તરમઝી શરીફ.)

એહલેબયતે રસુલની ફઝીલતની ઘણી આયતો કુરઆને પાકમાં છે, અને બેહદ હદીસો છે તેમાંથી ઉપર લખેલી થોડી આયતો અને હદીસો અહીં બસ થશે. એ બુઝર્ગવારોની ફઝીલતથી દુશમનો પણ વાકેફ હતા અને બયાન કરતા હતા, જેમકે મોઆવિયાના મુખ્ય પ્રધાન ઉમર આસે એહલેબયતની શાનમાં અરબીમાં અશઆર કહેલ છે જે હંમેશા મવલુદ ઇત્યાદી ખુશહાલીના પ્રસંગોપર પઢવામાં આવે છે અને તેની પ્રથમ કડી "બિઆલ મુહમ્મદીન ઉરિફસ્સવાબુ" મુસલમાનોમાં મશહુર છે, જેમાં લંબાણથી આલે રસુલની ખરી ફઝીલત, તે કર્પિણની ઝબાનથી કુદરતે જારી કરાવેલી છે, તેના બે અશઆર અહીં લખીયે છીયે:—

"અલિય્યુદ દુર્રિ વઝ્ઝહબિલ મુસફ્ફા=
વબાકીન્નાસુ કુલ્લુહુમ્ તુરાબૂ

અર્થ—હ૦ અલી અ૦, સાચા મોતી અને કુંદનની મિસાલ છે, જ્યારે તેમના મુકાબલામાં બાકીના બધા માણસો માટી મિસાલ છે.

"ઇઝા લમ તબ્રા મિન અઅદા અલિય્યન=
ફમાલક ફા મહબ્બતીહી સવાબુ"

અથ—જો તું અલી અ૦ના વિરોધીઓથી દૂર નહિ રહે, તો તને તેમની મોહબ્બતનો કશો સવાબ (લાભ) મળશે નહિ.

એક દિવસ મોઆવિયા, તેના દીકરા યઝીદ અને ઉમરઆસ વચ્ચે કાવ્યરચનાની હરીફાઇ ચાલી, કે કોણ તેઓમાંથી સુંદર કાવ્યો રચી શકે છે, તેથી તેઓએ બબે લીટી કહી સંભળાવી જે લખવામાં આવે છે.

મોઆવીયાએ પ્રથમ નીચેની બે લીટીઓ કહી સંભળાવી :-

" ખયરૂલ બરિય્યની બઅદ અહમદુ હયદરન=
અન્નાસુ અરઝુન વલ વસિય્યુ સમાઉ."

અર્થ-પયગંબર પછી સર્વ લોકો કરતાં હયદર (હ૦ અલી) શ્રેષ્ટ છે, સઘળાં લોકો જમીન (માટી) મીસાલ છે; જ્યારે તેઓના મુકાબલામાં વસી (હ૦ અલી અ૦) આકાશ સમાન છે.

તે પછી ઉમરઆસે પોતાની બે લીટીયો નીચે મુજબ કહી સંભળાવી :-

" મનાકિબુન શહિદલ અદુવ્વુ બિફઝલેહી=
અલફઝલુ મા શહિદત બિહાલ અમદાઉ."

અર્થ-ખરેખર તેમની (હ૦ અલી અ૦) ની એવી ફઝીલત છે કે દુશમનો પણ માન્ય રાખે છે અને ખરી ફઝીલત તો એજ ગણાય કે જે દુશમનો કહી સંભળાવે.

તે પછી નીચે મુજબની બે લીટીઓ યઝીદે મલઉને કહી સંભળાવી :-

" કમલીહતીન, શહિદત લહા ઝરૅાઉહા=
વલહુસ્નુ માશહિદત બેહા ફુરૅાઉ."

અર્થ-(હ૦ અલી અ૦ ની ફઝીલત એવી છે કે) જેમ એક સ્વરૂપવાન સ્ત્રીની ખૂબસૂરતીનાં વખાણ તેણીની શોક તરફથી કરવામાં આવે, અને ખરી ખૂબસૂરતી તો એજ કહેવાય કે જેનાં વખાણ શોક કરે.

આ હરીફાઇમાં મોઆવિયા અને ઉમરઆસે એકમતથી યઝીદના અશઆરનાં વખાણ કર્યાં, કેમકે તે મલઉનના અશઆર વધારે સુંદર અને મિઠાશથી ભરપૂર હતા. આ હરીફાઇમાં તેઓએ બીજો કોઇ વિષય પસંદ ન કરતાં, હ૦ અલી અ૦ની ફઝીલતના બારામાં અશઆર કહ્યા એજ દેખાડી આપે છે કે તેઓ હ૦ અલી અ૦ અને આલે રસુલની ફઝીલથી ખુબ વાકેફ હતા, પરંતુ દુન્યાની અંગે બાદશાહત મેળવવા માટે સામા થયા હતા.

એહલેબયતે રસુલની મોહબ્બતનું વાજીબ હોવું.

"કુલલા અસઅલુકુમ અલયહા અજરન ઇલ્લલ મવદ્દતા ફિલ કુરબા."

હે રસુલ! કહો તમો તમારી ઉમતને, હું તમારી પાસેથી મારી મેહનતનો (ખુદાના અહકામ પહોંચાડવાનો) બદલો નથી માંગતો, શિવાય કે તમો મારી એહલેબયતની મોહબ્બત રાખો.

(પવિત્ર કુરઆન.)

જ્યારે આએ આયત જીબ્રઇલ લઇ આવ્યા ત્યારે અસહાબોએ અરજ કરી યા રસુલીલ્લાહ! આપની એહલેબયત જેઓની મોહબ્બત ખુદાએ અમારા પર વાજીબ કરી છે, તેઓ કોણ છે? આપે ફરમાવ્યું તેઓ હ૦ અલી અ૦, મારી પુત્રિ હ૦ ફાતેમા અને તેમના બે ફરઝંદો હ૦ હસન અને હ૦ હુસયન છે.

(મુસનદે અહમદ હંબલ.)

એહલે સુન્નતના પ્રખ્યાત આલીમ, સોઅલબી પોતાની તફસીરમાં લખે છે કે "મવદદત અને મોહબ્બત એહલેબયતની ઉસુલેદીન, ઇસ્લામના મુખ્ય સિધ્ધાંતથી છે, અને તેનો મુનકીર દીનથી ખારીજ નાસબી અને કાફર છે.

"મન અબગઝા અહલલબયત ફહુવા મુનાફીક."

અર્થ—જે કોઇ એહલેબયતના પ્રત્યે દુશમની રાખશે તે મુનાફીક છે.

(મુસનદ ઇમામ અહમદ હંબલ.)

હિંદુસ્તાનના પ્રખ્યાત આલીમ શાહ અબદુલ અઝીઝ, કૃત, તોહફામા જે શીઆ લોકોના ખંડનમાં લખેલ છે તેમાં લખે છે કે, "**હુબ્બુ અલીય્યુન આયતબ ઇમાન, વ બુગઝુ અલીય્યુન અલામતિન્નીફાક**" હ૦ અલી અ૦ની મોહબ્બત ઇમાનની નીશાની છે, અને હ૦ અલીની દુશમની મુનાફેક-પણાની અલામત છે.

"**અન અલીરચીન, કાલ લકદ અહિદા ઇલ્લરયન્નબીરયુલ ઉમ્મી ઇન્નહુ, લા યુહિબ્બુકા ઇલ્લા મુઅમીન, વલા યુબગીઝુકા ઇલ્લા મુનાફીક**" હ○ અલી ફરમાવે છે કે "હ○ પયગંબરે ઉમ્મીએ મને વચન આપ્યું છે કે (યા અલી) મુઅમીન હશે એજ તમારી મોહબ્બત રાખશે અને મુનાફીક શિવાય કોઇ તમારી દુશમની કરશે નહિ."

(સહીહ તરમઝી અને સહીહ મુસ્લીમ.)

તારીખે બગદાદીમાં બીબી આઇશાથી નકલ કરે છે કે હ○ રસુલે ખુદા સ○મે હ○ અલી અ○ને ફરમાવ્યું "યા અલી તમારા શીઆ અને દોસ્તો માટે અંતકાળનાં વખતે કોઇ પણ પ્રકારની હસરત રેહશે નહિ, તેમજ કબરમાં તેમના માટે ધાસ્તી નથી અને કિયામતના દહાડે તેઓ નિશ્ચિંત અને ખુશ રહેશે."

શેખ મુફીદ અને શેખ તુસી હ○ ઇમામ હુસયન અ○થી નકલ કરે છે કે, પયગંબર સ○મે ફરમાવ્યું, "જે કોઇ કિયામતના દહાડે અમારી મોહબ્બત સાથે આવશે તેને અમારી શફાઅતથી ખુદા બેહીશતમાં દાખલ કરશે. ખુદાની કસમ અમારી મોહબ્બત વગર કોઇના અમલ કબુલ થશે નહિ."

વળી બીજી જગોએ ફરમાવ્યું "સફા અને મરવાના પહાડો વચ્ચે હજાર વર્ષો સૂધી ચોખી ઇબાદત કરવા છતાં, અમારી મોહબ્બત તેના દીલમાં ન હશે તો ખુદા તેને ઉંધે મ્હોઢે જહન્નમમાં નાખશે."

હ○ પયગંબરે ફરમાવ્યું "પવિત્ર કુરઆન અને મારી એહલેબયત સદા સાથે જોડાએલી રહેશે અને કિયામતના દહાડે હવઝે કવસર આગળ મારી મુલાકાત કરશે ત્યાં સૂધી કદી તેઓ જુદા પડશે નહિ."

(યનાબીઉલ મવદ્દહ સવાએકે મુહરેકા, અલફારૂક.)

"જે શખસ હદીસે સકલયન ઉપર ઇમાન ન લાવે તે દીનથી ખારીજ ગણાશે."

(તોહફા, શાહ અબદુલ અઝીઝ દહેલવી કૃત.)

હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું "તમારા વચ્ચે મારી એહલેબયત હ૦ નુહ પયગંબરની કીશતી મિસાલ છે. જેણે તે કીશતીમાં પનાહ લીધી તે બચવા પામ્યો અને જેણે પનાહ ન લીધી તે હલાક થયો."

(તફસીરે અઝીઝી શાહ અબદુલ અઝીઝ કૃત.)

હ૦ પયગંબર સ૦મે ફરમાવ્યું "જે શખ્સ હ૦ અલી હ૦ ફાતેમા હ૦ હસન અને હ૦ હુસયન સાથે દુશમની કરશે તે મારો દુશમન છે અને જે તેઓની મોહબ્બત રાખશે તે મારો દોસ્ત છે."

(સહીહ તરમઝી–મીશકતે શરીફ.)

ઇબ્ને મસઉદ રીવાયત કરે છે કે, એક શખસે પયગંબરની ખીદમતમાં હાજર થઇ અરજ કરી યા રસુલલ્લાહ! આપ તે માણસના બારામાં શું ફરમાવો છો, જેણે એક ટોળાની દોસ્તી કરી પણ તેઓ સાથે ભળી ન શકયો? હઝરતે ફરમાવ્યું "બેશક તે માણસ એજ ટોળામાં ગણાશે જેની મોહબ્બત તેણે રાખી હશે" તે પછી હ૦ અબુઝરે ગફફારીએ અરજ કરી તે માણસના બારામાં આપનો શો હુકમ છે, જેણે એક કોમની સાથે મોહબ્બત કરી પણ તેઓનું અનુકરણ કરી તેઓની માફક અમલ કરી શકતો નથી. આપે ફરમાવ્યું "ઓ અબુઝર, તમો જેઓની મોહબ્બત દીલમાં રાખશો તેઓનીજ સાથે ગણાશો."

કોઇએ હ૦ અલીની ખીદમતમાં અરજ કરી "હું આપને તેમજ મોઆવીયાને ચાહું છું" હ૦ અલી અ૦મે ફરમાવ્યું, "તું એક આંખે કાણો છે તેથી બેહતર એ કે કાં તો બન્ને આંખે આંધળો થા અથવા તો પુરો દેખતો થા. મારી મોહબ્બત સાથે મોઆવીયાની મોહબ્બત હોઇ શકેજ નહિ."

(અદબુદદીન માવરદા કૃત.)

દોસ્ત અને દુશમન, દીનદાર અને બેદીન, મુસલમાન અને મુશરીક એ બન્ને પ્રકારના લોકોની મોહબ્બત કદી પણ એકજ દીલમાં સાથે રહી શકે નહિ. તે બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે:—

"લાતજીદુ કવમન યુઅમિનુન બિલ્લાહ, વલ યવમીલ આખીર, યુવાદદુના મન હાદદૅ લ્લાહ, વરસુલહુ, વલવકાનુ આબાઅહુમ વઅબનાઅહુમ વ ઇખવાનહુમ વ અશીરતહુમ."

તરજુમો—તું એવી કોમને જોઇશ નહિ જે ખુદા અને છેલ્લા દિવસ (કિયામત) ઉપર ઇમાન લાવે છે (અને) તેઓ તેની સાથે પણ દોસ્તી કરે છે જે ખુદા અને તેના પયગંબરની વિરૂધ્ધતા દેખાડી સામે થાય છે, અગરજો તેઓ તેમના બાપ અથવા તેમના છોકરા, અથવા તેમના ભાઇઓ અથવા તેમના સગાવ્હાલા હોય.

એહલેબયતે રસુલની તાબેદારી વાજીબ છે.

"યા અય્યુ હલ્લઝીના આમનુ અતી ઉલ્લાહ, વઅતી ઉર્રસુલ વ ઉલીલ અમ્રી મીનકુમ" હે મોઅમીનો, તમે તાબેદારી કરો અલ્લાહની અને તાબેદારી કરો તેના રસુલની અને તમારામાંના હુકુમતવાળાઓની.

(પવિત્ર કુરઆન.)

આ આયતમાં ખુદા અને તેના રસુલની તાબેદારી સાથે ઉલીલ અમ્રની તાબેદારી કરવાનો હુકમ થયો છે જેથી સાબીત થાય છે કે જેવી રીતે ખુદા અને તેના રસુલની તાબેદારી વાજીબ છે, એજ પ્રમાણે ઉલીલ અમ્રની તાબેદારી તેટલાજ પ્રમાણમાં વાજીબ છે. હવે ઉલીલ અમ્ર હુકુમતવાળા કોણ છે જેઓની તાબેદારી કરવી વાજીબ અને ખુદા વ રસુલની તાબેદારી કરવા બરોબર છે તેની ટુંક તપાસ લઇએ.

જેઓ પયગંબરના નજીકના સગા એહલેબયત હોય, અને જેઓની શાનમાં અને તારીફમાં કુરઆનની આયતો હોય, જેઓની મોહબ્બત કુરઆનમાં ખુદાએ વાજીબ કરેલી હોય, અને જેઓને ખુદાએ દરેક બુરાઇથી પાક અને મા'સુમ બનાવ્યા હોય, અને જેઓ ઇલ્મ, સખાવત, સુજાઅત ઇત્યાદી દરેક સદ્‌ગુણોથી શ્રૃંગારાયલા હોય, એઓજ આ આયતમાં જણાવ્યા મુજબ ઉલીલ અમ્ર અને તાબેદારી કરવા લાયક ગણી શકાય,

અને એમના પ્રત્યે ઇશારો છે. કારણ કે આયતમાં ઉલીલ અમ્રની તાબેદારી અને રસુલની તાબેદારી એકજ સરખી ખુદાએ ગણાવી છે. અને તેથી રસુલ મા'સુમ હોઇ ઉલીલ અમ્ર પણ મા'સુમ હોવા જોઇએ, નહિ તો બેઉ તાબેદારી એકસરખી નહિ રહે; પયગંબર મા'સુમ હોય અને ઉલીલ અમ્ર ફાસીક (ગુનેહગાર) હોય તો પછી આ આયત જુઠ્ઠી ઠરશે, જે કોઇ કાળે બનવાજોગ નથી એ સાધારણ સમજ ધરાવનાર ન્યાયી વાંચક સહેલાઇથી માન્ય રાખશે.

મોઆવીયા અને યઝીદ જેવા બની ઉમય્યાના સરદારોને ઉલીલ અમ્રમાં ગણાવી તેઓની તાબેદારીનો હુકમ કુરઆનમાં આપવામાં આવે એ કોઇ કાળે માની શકાય તેમ નથી. મા'સુમ શિવાયની તાબેદારી કરવાથી દીને ખુદામાં કેટલી ખરાબી થવા પામી તેનો ચિતાર આ પ્રકરણમાં ખેંચીએ છીયે.

આ આયતના ફરમાન મુજબ ઉલીલ અમ્ર કયા બુઝર્ગવારો છે એ વિશે અહીં અમો વધુ વિવેચન કરવા માંગતા નથી. કેમકે તે ખીલાફત અને ઇમામતનો મસઅલો હોવાથી અમારી આ કિતાબના વિષયથી જુદો હોવાથી તેની જરૂર જણાતી નથી. ટુંકમાં એટલુંજ જણાવીશું કે ઉલીલ અમ્ર જેઓની તાબેદારી ખુદાએ વાજીબ કરેલ છે તેઓ પયગંબરની એહલેબયત હ૦ અલી અ૦ અને તેમના અગ્યાર ફરઝંદો મા'સુમ ઇમામો છે.

ઇમામ ઇબ્ને અકદહ કીતાબ 'મુદાલાત' માં લખે છે, "બીબી ઉમ્મે સલમા બયાન કરે છે કે, પયગંબર સ૦ની છેલ્લી બીમારી ટાણે અસહાબો તેમને જોવા આવ્યા હતા અને આખો હુજરો અસહાબોથી ચિકાર ભરાઇ ગયો હતો." તે વેળા આપે ફરમાવ્યું "અય લોકો નજીક છે કે હું તમારાથી જુદો થઇશ અને આ દુન્યાથી કુચ કરીશ જેથી તમારી ભલાઇ માટે હું તમોને નસીહત કરૂં છું અને તમોને ખબર આપું છું કે હું તમારા વચ્ચે તમારી હિદાયત અર્થે બે ભારે વસ્તુઓ મૂકી જાઉં છું. એક ખુદાની પવિત્ર કીતાબ (પાક કુરઆન) અને બીજી મારી એહલેબયત." તે પછી હ૦ અલી અ૦નો હાથ પકડીને ફરમાવ્યું "જુઓ, અને યાદ રાખો અલી કુરઆન.

સાથે છે અને કુરઆન અલી સાથે છે. તેઓ કદી પણ એક-બીજાથી જુદા પડશે નહિ. જ્યાં સૂધી તેઓ કિયામતના દહાડે હુવઝે કવસર પર આવી મારી મુલાકાત કરશે, તે વખતે હું તેઓને જરૂર પુછીશ કે તમો લોકોની વર્તણુક તેઓની (કુરઆન અને એહલેબયતની) સાથે કેવા પ્રકારની હતી."

ખુદા કુરઆનમાં ફરમાવે છે "ફસયરલ્લાહુ અમલકુમ-વ રસુલુવલ મુઅમીનુન" અને ખચિત તમો જે કાંઇ કરશો તે ખુદા તેનો રસુલ અને મુઅમીનીન જોઇ શકશે.

ઇનસાનના નેક અથવા બુરા અઅમાલો જે પ્રમાણે ખુદા જોઇ શકે છે અને જાણી શકે છે તેજ પ્રમાણે તેનો રસુલ અને મુઅમીનીન જોઇ અને જાણી શકશે એમ ઉપલી આયતમાં ખુલ્લી રીતે જણાવવામાં આવ્યું છે. ખુદાની પાકઝાત તમામ ભેદોનો જાણનાર છે એ નિઃસંદેહ છે, તેમજ ખુદાએ પોતાના પયગંબરને સંપૂર્ણ ઇલ્મ આપેલ છે તેથી અને આ આયતના ફરમાનુસાર ઇનસાનના નેક અથવા બુરા કર્તવ્યોથી પયગંબર વાકેફ થાય તેમાં પણ કંઇ નવાઇ નથી.

હવે પયગંબર માફક ઇલ્મ ધરાવનાર, અને લોકોના અઅમાલથી વાકેફ થનાર મુઅમીનો કોણ છે, તે જાણવાની જરૂરત છે. શું હરેક મુઅમીન અથવા પયગંબરના સહાબી લોકોના અઅમાલ અથવા છુપા ભેદથી વાકેફ થઇ શકે છે? કદી પણ નહિ. તેથી જે ઉલીલ અમ્રની તાબેદારી પયગંબરની તાબેદારી સાથે વાજીબ કરવામાં આવી છે, તે એજ મુઅમીનો છે જેઓ લોકોનાં કર્તવ્યો જોઇ અને જાણી શકે છે, જેવી રીતે ખુદાએ તેઓને ઉલીલ અમ્ર બનાવી તેઓની તાબેદારી વાજીબ ઠરાવી છે, તેવીજ રીતે તેઓને મા'સુમ બનાવી અને ઇલ્મ આપી લોકોના ભેદોથી વાકેફ કર્યા છે. પયગંબરની માફક જેઓનો મરતબો હોય, અને જેઓની તાબેદારી વાજીબ કરવામાં આવી હોય એવા મુઅમીનો બલકે મુઅમીનોના સરદાર ખરા ઇમામોને તજી આપી બની ઉમય્યાના દુન્યાદાર બાદશાહોને પોતાના સરદાર અગર ઉલીલ અમ્ર ઇમામો સમજવામાં તે ખોટે માર્ગે દોરવાયલા મુસલમાનો કેવી ગંભીર

ભૂલ કરી પોતાની આકેબત બગાડી રહ્યા છે એ સ્પષ્ટ થતાં વધુ લખવાની જરૂરત નથી.

પયગંબરની મશહુર હદીસ જે સુન્ની અને શીઆ પોતાની કીતાબોમાં લખેલ છે તેમાં આપે ફરમાવ્યું, "**મન માત વલમ યઅરીફ ઇમામ ઝમાનીહી માત મયતતલ જોહલીય્યહ**" જે કોઇ પોતાના ઇમામે ઝમાનાને ઓળખ્યા વગર મરણ પામશે તો તે જહાલત (કુફ્રની) હાલતમાં મરશે (તે કુફ્રની સાથે મરણ પામશે.)

આ હદીસ ઇસ્લામના કુલ્લે ફીરકા માન્ય રાખે છે જેથી, ઇમાન અને ઇસ્લામનો ભારે સવાલ હોવાથી દરેક મુસલમાનની ફરજ છે કે, પોતાના ઇમામે ઝમાનાને, તેમજ તેથી અગાઉ થઇ ગયલા ઇમામોને ઓળખે. એમ તો પયગંબરની વફાત પછી ઇમામતનો દાવો કરનાર ઘણા માણસો થઇ ગયા, મોઆવીયા અને યઝીદ જેવા, તેમજ બની ઉમય્યા, બની અબ્બાસીના બાદશાહોએ ઇમામતનો દાવો કર્યો, અને તલવારના બળથી તેમજ ધનના જોરથી બળજબરીથી પોતાની ઇમામત મનાવવા લાગ્યા અને એવાઓને માનનારા આજપર્યંત બાકી છે. વર્તમાનકાળમાં કાદયાની લોકો ગુલામ અહમદને, આગાખાનીઓ નામદાર આગાખાનને, ઇસ્માઇલીઓ ઇમામ તય્યબને, શીઆ ઇસના અશરી બારમા ઇમામ હ૦ મેહદી અ૦ને ઇમામે ઝમાન તરીકે માની રહ્યા છે; એ સઘળામાંથી એક શિવાય બીજા સર્વે ઇમામતનો દાવો કરનાર ખરા હોઇ શકેજ નહિ. કેમકે, કોઇ પણ ઝમાનામાં એકથી વધુ ઇમામ હોઇ શકે એ અશકય છે. જેથી કિયામતના દહાડે નજાત મેળવવા માટે ખરા ઇમામની શોધ કરવી લાઝીમ છે, અને તે કુરઆને શરીફના ફરમાનોથી તેમજ પયગંબરની હદીસથી ખરા ઇમામની શોધ કરતાં વધારે મુશકેલી નડે તેમ નથી. માત્ર હક વાતની શોધ કરવા માટે હઠધર્મી તજી સચ્ચાઇથી કામ લેવાની જરૂરત છે. પણ જેઓ અસલથી કુરઆનને માનતા ન હોય, અને કુરઆનના શિક્ષણથી વિરૂધ્ધ જેઓની માન્યતા હોય, તેઓને પવિત્ર કુરઆન અને પયગંબરની

હદીસોમાંથી ખરા ઇમામની શોધ કરવા માટે કેહવું વ્યર્થ છે; અને એ શિવાય બીજી કોઇ પણ રીતે ખરા ઇમામની ખાત્રી થઇ શકે તેમ નથી. કેમકે, ઇસ્લામનું કુલ શિક્ષણ પવિત્ર કુરઆન અને પયગંબરોની હદીસો થકીજ મળી શકે છે. જેથી ખરા અને ખોટા ઇમામ વચ્ચેનો તફાવત દેખાડી આપવા માટે હ૦ ઇમામે હુસયન અ૦મે શહાદત ઇખ્તીયાર ફરમાવી, એ મસલાને કિયામતના દહાડા સુધી ચોખો કરી આપ્યો છે. જેના દીલમાં ઇમામે હુસયનની ખરી મોહબ્બત હશે, તે ઇમામે ઝમાનાને ઓળખી શકશે, કેમકે ખરી મોહબ્બતની નીશાની એ છે કે તે બુઝર્ગવારોની તાબેદારી કરવામાં આવે અને તેમની હદીસો મુજબ અમલ કરવામાં આવે તેમજ તેમના પિતા હ૦ અલી અ૦ અને તેમના નાના હ૦ રસુલે ખુદાની તાબેદારી કરવામાં આવે.

જે કોઇ ઇમામે હુસયનની મોહબ્બતનો દાવો કરી તેમની તાબેદારી ન કરે, તેમના ગમમાં આંસું ન પાડે, અને અઝાદારી ન કરે, બલકે અઝાદારીને બીદઅત અથવા હરામ સમજે, નમાઝ રોઝાને વાજીબ ન સમજે, તે પોતાના દાવામાં કદી પણ સાચો ગણાશે નહિ. એવા લોકો એહલેબયતની મોહબ્બત માત્ર ઝાહેરી દેખાવ કરવા માટે જણાવે છે, જ્યારે તેઓના દીલમાં ખરી મોહબ્બત એહલેબયતના દુશમનો બની ઉમય્યા વીગેરેની હોય છે, જેથી તેઓ અઝાદારી બંધ કરવા તનતોડ કોશીશ કરી રહ્યા છે.

ઇમામે હુસયનની મોહબ્બત અને તે મઝલુમની અઝાદારી થકી એહલેબયતની મોહબ્બત (જે વાજીબ ઠરાવવામાં આવી છે) ઝાહેર થાય છે અને એહલેબયતની મોહબ્બત ઇમાન માટે ખરી કસોટી છે કેમકે એહલેબયતની મોહબ્બત વગર હરેક ઇબાદત વ્યર્થ છે. તેથી સાબીત થાય છે કે, હ૦ ઇમામે હુસયનની અઝાદારી ઇમાનની ખરી કસોટી છે અને જેઓ અઝાદારી બંધ કરવા મચી રહ્યા છે તેઓ ઇમાનથી વેગળા છે.

ઇસ્લામના અનેક ફીરકામાંથી કયો ફીરકો ખુદા વ રસુલની ખરી તાબેદારી કરી બેહિશતનો સઝાવાર થશે, એ ઇમામે

હુસયન અ૦મે સ્પષ્ટ કરી આપ્યું છે. કેમકે, પ્રથમ આપણે વાંચી ગયા કે પયગંબર સ૦મે ફરમાવ્યું છે કે:—

૧ મારી ઉમ્મતના તોંતેર ફીરકા થશે તેમાં એક નાજી થઇ બેહીશતમા દાખલ થશે.

૨ એ નાજી ફીરકાની ઓળખ એવી રીતે આપી ગયા કે, જેઓ કુરઆન અને મારી એહુલેબયતને મક્કમપણે વળગી રહેશે તેઓ કદી પણ ગુમરાહ થશે નહિ.

૩ એહુલેબયતની તાબેદારી કરશો તો તમોને બેહીશતનો સીધો માર્ગ તેઓ દેખાડશે.

૪ મારી એહુલેબયતની તાબેદારી કરો તેમને શિક્ષણ ન આપો પણ તેમના કનેથી શિક્ષણ મેળવો.

૫ પવિત્ર કુરઆનમાં એહુલેબયતની અનેક ફઝીલતો જણાવવામાં આવી છે અને તેમની મોહુબ્બત અને તાબેદારી દરેક મુસલમાન ઉપર વાજીબ કરવામાં આવી છે.

૬ જે કોઇ એહુલેબયતથી દુશમની કરશે અથવા તેમની નાફરમાની કરશે તેના કોઇ પણ અમલ ખુદા કબુલ કરશે નહિ.

એ સઘળી બાબતોનો ખુલાસો સંપૂર્ણ સાબેતીઓ સાથે ઉપર લખી ગયા છીયે અને તે મુજબ અમલ કરનાર કેવા લોકો છે, એ ઇમામે હુસયન અ૦મે સ્પષ્ટ કરી ખરા ખોટાની પારખ કરી આપી છે.

મોઆવીયાની બાદશાહતના સમયથી તે નામના મુસલમાનો ખુલ્લી રીતે એહુલેબયતે રસુલની નાફરમાની કરતા રહ્યા. ઇસ્લામના કટ્ટા વેરી બની ઉમય્યાની તાબેદારી કરી ખુદા વ રસુલના ફરમાનોનું ઉલંઘન કરવા અચકાતા ન હતા છતાં તેઓ પોતાને ખરા મુસલમાન સમજી બેહીશતના હકદાર ધારતા હતા; તેથી ખરા ખોટાની પારખ કરવા અને એવા નામના મુસલમાનો, મુનાફેકો અને બેદીનોને ઉઘાડા પાડવા માટે ઇમામે હુસયન અ૦મે પોતાની ફઝીલત જાહેર કરી, ખુદા વ રસુલના ફરમાનુસાર તાબેદારી કરવા માટે તેઓને આમંત્રણ

આપ્યું, અને ઇસ્લામના કટ્ટા વેરી બની ઉમય્યાનો નાશ કરવા માટે અને દીને ઇસ્લામની રક્ષા કરવા અર્થે પોતાની મદદે બોલાવ્યા, પણ તે લોકો મુનાફીક દુન્યાદાર હોવાથી-ખુદા અને તેના પયગંબરના ફરમાનને ઠોકર મારી એહલેબયતે રસુલ-ઇમામે હુસયનની મદદ ન કરતાં બની ઉમય્યા ભેગા ભળી ગયા, અને છેવટે પોતાનાજ પયગંબરના નવાસાને શહીદ કરી દીને ઇસ્લામથી ખારીજ થયા અને મુનાફીક બેદીન અને ખોટા ઠર્યા. જેઓએ ખુદા અને રસુલના ફરમાનને માન આપી એહલેબયતે રસુલની મોહબ્બત રાખી, તેઓએ તેમની તાબેદારી કરી અને ઇમામે હુસયન સાથે રહી પોતાની જાન અર્પણ કરી ને પોતાની સચ્ચાઇ સાબીત કરી, તેઓ, નાજી ફીરકામાં રહીને પોતાને બેહીશતના સઝાવાર બનાવ્યા.

તે સમયના મુસલમાનો માટે ઇમામે હુસયન અ૦મે ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્તમ કસોટી વડે તેઓની પરિક્ષા લીધી હતી, જે કિયામતના દહાડા સૂધી દરેક મુસલમાન માટે બાકી રહી છે. આજે પણ જેઓ ખુદા અને તેના રસુલના ફરમાનુસાર એહલેબયતની મોહબ્બત રાખશે અને એહલેબયતના દુશમનો પ્રત્યે અસહકાર જાહેર કરી ઇમામે હુસયન પ્રત્યેની મોહબ્બત દીલમાં રાખશે અને તે મઝલુમની મુસીબતોને યાદ કરી ગમના આંસુ બાહેર પાડશે તેઓજ એ કસોટીમાં પાર પડી નાજી ફીરકામાં હોવાનો દાવો કરી શકશે. ઇમામે હુસયન અ૦ની અઝાદારી વિષે વધુ ખુલાસો આ કિતાબમાં અન્ય સ્થળે કરવામાં આવેલ છે, જે લક્ષપૂર્વક વાંચવાની અરજ કરીએ છીયે.

એહલેબયતે રસુલનો વિરોધ.

પવિત્ર કુરઆનમાં પયગંબર અને તેમના એહલેબયતની મોહબ્બત અને બુઝુર્ગીનું વર્ણન ઘણી આયતોમાં કરવામાં આવ્યું છે તેમજ તેમની તાબેદારી ખુદાએ સઘળા મુસલમાનો ઉપર વાજીબ કરેલી હોવા છતાં મુનાફીકોએ તેમનો વિરોધ કરી ગેરવર્તણુંક ચલાવી તેમની નાફરમાની કરી તેનો ટુંક ચિતાર આપવા માંગીયે છીયે જેથી ખરા મુસલમાનો અને

એહલેબયતના તાબેદારો ઘણા થોડા હતા એ સિધ્ધ થશે. એમ તો કલેમો ભણી સર્વ કોઇ મુસલમાન હોવાનો દાવો કરી શકે છે, પણ ઇસ્લામ અને ઇમાનની અનેક નીશાનીઓ ખુદાએ રાખી છે એ શિવાય માત્ર ઝબાની દાવો કરવાથી મુઅમીન અને બેહિશતના ઉમેદવાર થઇ શકાતું નથી.

હ૦ અબ્બાસ (પયગંબરના કાકા) ગુરૂવારના દહાડાને યાદ કરી એટલું રડતા હતા કે તેમની પાસેના જમીન પરના કાંકરાઓ આંસુથી ભીંજાઇ જતા હતા અને કેહતા હતા કે "અફસોસ! એ કેવો ગુરૂવારનો દહાડો હતો જ્યારે લોકોએ એમને (પોતાના પયગંબરને) વસીય્યત લખવા ન આપી! હાય, કેવી મુસીબત છે અને ખરેખર તે અટકાયતજ આ બધાં દુઃખોનું મૂળ છે."

(મિશકાતે શરીફ, તારીખે તબરી, ગિઝાલવી વી.)

જ્યારે પયગંબરની હાલત (બીમારીના લીધે) બહુ ખરાબ થઇ ત્યારે ફરમાવ્યું, "મારા હબીબને બોલાવો," હ૦ અલી આવ્યા ત્યારે પયગંબરે પોતાનું માથું તેમના ખોળામાં રાખ્યું અને એમને વસીય્યત કરી "યા અલી મારા પર ફલાણા યહુદાના આટલા દીરહમ લેણા છે, એ ચુકવી આપજો. યા અલી તમેજ મને સૌથી પેહલા કવસર પર મળશો. મારી પાછળ તમારા પર અનેક આફતો તુટી પડશે, પણ તમે સબ્રથી કામ લેજો અને જ્યારે તમે જુઓ કે લોકો દુન્યાની લાલચમાં પડયા છે ત્યારે તમો ગોશાનશીની અખતયાર કરી દીને ઇસ્લામની સેવા કરજો."

(રોઝતુલ અહબાબ, વીગેરે.)

ગદીરના દહાડે હઝરતે પોતાના ખુત્બામાં ફરમાવ્યું "હે લોકો! અલ્લાહથી બ્હીતા રહો. ઇસ્લામની આજ્ઞા શિવાય લડાઇ ન કરો. યાદ રાખો કે ખુદા સૌની ઉપર ગાલીબ છે. નઝદીકમાંજ મારા પાછળ કેટલીક કોમો મારા પર આક્ષેપ મૂકશે અને બનાવટી ખોટી હદીસો મારા નામથી લોકોને સંભળાવશે અને લોકો તેઓનાં જુઠાણુંને માન્ય રાખશે" તે વખતે ઇબાદા બીન સામીતે અરજ કરી "યા રસુલલ્લાહ, એ લોકો કોણ છે

એ અમને બતાવો જેથી અમે તેઓથી બચતા રહીયે" હઝરતે ફરમાવ્યું "તેઓ અમુક લોકો છે જેઓ શરૂઆતથીજ અમારી દુશમની ઉપર રહ્યા છે અને જ્યારે મારી રૂહ (ગળા પ્રત્યે ઇશારો કરીને) અહીં સૂધી પહોંચશે આ વખતે એ લોકો જાહેર થશે."

પયગંબરની આગમચેતી મુજબ તેમની એહલેબયત પર પડેલી અનેક મુસીબતો અને તેમના વિરોધને યાદ કરી હ૦ અલી અ૦મે પોતાના લંબાણ ખુત્બામાં ઇશારો કરેલ છે જે "ખુતબએ શક શકીય્યાહ"ના નામથી ઇસ્લામીઓમાં મશહૂર છે અને ઉલમા તેમજ તવારીખનવેશોએ તેનો ઉતારો કરેલ છે તેમાંથી એક પેરેગ્રાફ અત્રે લખીયે છીયે:—

"હું એ વિષય (લોકોની અવળાઇ) પર વિચાર કરવા લાગ્યો કે હવે મારી તુટેલી બાજુ વડે હું શું કરૂં? શું હું એ લોકો પર મારી તલવાર ચલાઉં, અથવા તો ગુમરાહીના ઘમઘોર વાદળાંથી ફેલાયલા અંધકાર પર સબર કરૂં? અફસોસ! એ એવી મુસીબત છે જે જવાનોને ઘરડા કરે છે અને ઘરડાઓને સાવ અશક્ત બનાવે છે, અને ઇમાનદારો એ દુ:ખ ન સહન કરી શકતાં મોતને શરણ થાય છે. એ વખતે મને એવું જણાયું કે મારા માટે સબુરી અખતયાર કરવામાંજ ભલાઇ છે, અને એમાંજ દાનેશમંદી સમાયલી છે, તેથી મેં સહનશીલતાથી કામ લીધું અને ગોશાનશીની ઇખ્તેયાર કરી.

(નહજુલ બલાગા—ખુત્બએ શક શકીય્યહ.)

પયગંબરની એકજ વ્હાલી પુત્રિ હ૦ ફાતેમા ઉપર તેમના પવિત્ર પિતાની વફાત પછી જે મુસીબતના પહાડો તુટી પડયા તેનો ચિતાર એ મા'સુમાની સોઝનાક નવહાની માત્ર બે લીટીઓ વડેજ આપીયે છીયે:—

"સુબ્બત અલય્ય મસાઇબુન લવ અન્નહા
"સુબ્બત અલલ અય્યામ સિરના લયાલીયા.

હઝરત ફાતેમા અ૦ પોતાના દુ:ખોનું વર્ણન ઉપલી બે લીટીઓમાં એ પ્રમાણે કરે છે કે "મારા પર જે દુ:ખો પાડવામાં

આવ્યા તે જો દિવસ ઉપર પડતે તો અંધારી રાતમાં બદલાઇ જતે."

એહુલેબયતે રસુલ પર મોઆવીયા યઝીદ મરવાન વીગેરે બની ઉમય્યાના સરદારો અને બાદશાહોના હાથો વડે જે મુસીબતો નાખવામાં આવી તેનો ટુંક ચીતાર "બની ઉમય્યાના" પ્રકરણમાં આપેલ છે જેથી આ પ્રકરણના માટે ઉપલો ખુલાસો બસ થશે.

હવે એહુલેબયતે રસુલને તજી દેવાથી ઇસ્લામીઓ કેવી ખરાબીમાં પડી ગયા તેનો ટુંક ચિતાર આપીયે છીયે; જેથી સિધ્ધ થશે કે ઇસ્લામનું ખરૂં શિક્ષણ માત્ર એહુલેબયત કનેથીજ મેળવી શકાય છે જેઓને ખુદાએ 'ઉલીલ અમ્ર' ઠરાવી તેમની તાબેદારી દરેક મુસલમાન પર વાજીબ કરી છે.

પયગંબરની વફાત પછી એહુલેબયતે રસુલની તાબેદારી કરી તેમના કનેથી દીનનું શિક્ષણ મેળવવાનું તજી દેવાથી મુસલમાનોમાં મતભેદ ચાલુ થયો. પરિણામે મુસલમાનો એક-બીજાની સાથે લડાઇ કરી દીને ખુદામાં બીદઅતો ચાલુ કરી. બની ઉમય્યાની ચઢતી થતાં તેઓએ એહુલેબયતે રસુલ, બની હાશમો ઉપર જુલમ કરવા લાગ્યા, દીને ઇસ્લામના તોંતેર ફીરકા થયા, હ૦ ઇમામે હુસયન અ૦ને કરબલાના રણમાં બેરહમીથી શહીદ કરવામાં આવ્યા, બની ઉમય્યા, ને બની અબ્બાસીના બાદશાહોના રાજ્ય અમલમાં મુસલમાનો અને મુખ્યત્વે સાદાત આલે રસુલ ઉપર જે કહેર વરસાવવામાં આવ્યો તે ભયંકર બનાવોનું વર્ણન ઇસ્લામી ઇતિહાસમાં મૌજુદ છે; એ સઘળી આફતો એહુલેબયતે રસુલને તજી દેવાથી અને ખુદા અને રસુલની નાફરમાની કરવાના લીધે ઇસ્લામ ઉપર આવી પડી એ શીવાય બીજું કોઇ પણ કારણ નથી.

એ ગુમરાહીના અંધકારમાંથી પ્રકાશમાં લાવવા માટે હ૦ ઇમામે હુસયન અ૦મે શહાદત ઇખ્તીયાર કરી, મુસલમાનોને દીને ઇસ્લામનો સીધો માર્ગ દેખાડી સ્પષ્ટ કરી આપ્યું કે, દીને ઇસ્લામના દુશમનો મોઆવીયા યઝીદ અને બની ઉમય્યાઓ જે રસ્તે ઇસ્લામીઓને ચલાવી રહ્યા છે તે

ગુમરાહી ભરેલો રસ્તો છે અને ઇસ્લામના શિક્ષણથી તદન ઉલટું છે. વળી એ પણ મુસલમાનોને જણાવી આપ્યું કે ખુદા અને તેના રસુલના શિક્ષણ મુજબ અમલ કરી નજાત મેળવવા માટે એહલેબયતે રસુલની તાબેદારી કરવા શિવાય બીજો કોઇ પણ રસ્તો નથી.

એહલેબયતે રસુલની મોહબ્બતના બારામાં ઘણી હદીસો વારીદ થયલી છે જે આ પ્રકરણની શરૂઆતમાં આપણે વાંચી ગયા. તેમાં એ પણ જણાવેલું છે કે "એહલેબયતની મોહબ્બત વગર અઅમાલ–નેકી કબૂલ થતી નથી અને તેમની મોહબ્બતથી ગુનાહ માફ થાય છે વીગેરે" એ વિશે એહલેબયતના દુશમનો અને વિરોધીઓ આક્ષેપ મૂકતાં કહે છે કે "એહલેબયતની મોહબ્બત રાખી ગમે તેવાં કુકર્મો કરવાની છુટ આપવામાં આવે છે" એ સાવ જુઠાણું છે અને તેનો સચોટ જવાબ ટુંકમાં આપવા માગીયે છીયે.

એહલેબયતની મોહબ્બત દુન્યા અને આખેરતમાં જરૂર લાભ પહોંચાડે છે અને તેનાથી ગુનાહો માફ થાય છે પણ તે સાથે ગમે તેવાં બુરાં કર્તવ્યો કરવાની છુટ છે એ માત્ર તોહમત છે એવી માન્યતા એહલેબયતના દોસ્તદારોની હોઇ શકેજ નહિ. પ્રથમ મોહબ્બત શું ચીજ છે અને તેમાં કેટલી ખુબી છે અને સાધારણ દીનબંધુ સાથે મોહબ્બત કરવામાં કેટલો સવાબ છે તેની ટુંક હકીકત આપીશું.

નેક લોકોની મોહબ્બત રાખવી ઉત્તમમાં ઉત્તમ અમલ છે.

ખુદા કુરઆનમાં ફરમાવે છે "ઇન્નમલ મુઅમીનુના ઇખ્વતુન ફઅસલીહુ બયના અખવયકુમ વત્તકુલ્લાહ લઅલ્લકુમ તુરહમૂન." તરજુમો:–"મુઅમિનો માત્ર (એકબીજાના) ભાઇઓ છે, માટે તમે તમારા ભાઇઓ વચ્ચે સલાહ કરાવો અને તમે સઘળા ખુદાનો ડર રાખો કે કદાચ તમારા ઉપર દયા કરવામાં આવે.

(સુરએ હોજોરાત આયત ૧૦.)

ખુદાની ખુશી માટે (તેના દોસ્તો, નેક લોકો સાથે) દોસ્તી કરવી અને તેનીજ ખુશી માટે (તેના દુશમનો બદીનો સાથે) દુશમની કરવી ઇમાનની મજબુતમાં મજબુત રસ્સી છે. (ઇમાનનો મુખ્ય ભાગ છે.)

(ઇમામ અહ્મદે હંબલ કૃત મુસનદ.)

ખુદાએ હ૦ ઇસા પયગંબરને ફરમાવ્યું "હે ઇસા, જો તારી ઇબાદત આસમાન અને જમીનના સર્વ લોકો કરતાં વિશેષ હોય પણ મારી ખુશી માટે (મારા દોસ્તો સાથે) મોહબ્બત અને મારી ખુશીના માટે (મારા દુશમનો સાથે) અદાવત નહિ રાખીશ (એટલે ભલા સાથે સહકાર અને બુરા લોકો સાથે અસહકાર નહિ કરીશ) તો તારી કોઇ પણ નેકી કબૂલ કરવામાં નહિ આવશે."

(ઇમામ ગઝાલી કૃત, અહયાઉલ ઉલુમ.)

હ૦ અબુઝર નકલ કરે છે કે પયગંબરે ફરમાવ્યું "ખુદાની દરગાહમાં સર્વથી ઉત્તમ અને પસંદ કરવા લાયક અમલ તેના માટેની દોસ્તી અને તેનાજ માટેની દુશમની (તવલ્લા તબર્રા) છે."

(ઇમામ અહમદે હંબલ કૃત મુસનદ.)

ખુદાએ હ૦ મુસા પયગંબરને ફરમાવ્યું "હે મુસા! શું મારા માટે કોઇ નેક અમલ રાખો છો?" હ૦ મુસાએ અરજ કરી "ખુદાવંદા હું તારીજ ખુશી માટે નમાઝ પડું છું, રોઝા રાખું છું અને સદકો તેમજ ઝકાત (ફકીરોને) આપું છું" હુકમ થયો "હે મુસા! નમાઝ તો તમારા માટે ઇમાનની નીશાની છે, રોઝા જહન્નમની આગથી બચવા માટે ઢાલ રૂપ છે, અને સદકો કિયામતના દહાડાની સખત ગરમીથી બચવા માટે છાંયો છે અને ઝકાત કબરના અંધકાર માટે દીવા સમાન છે, તો પછી એમાંથી કયો અમલ ખાસ મારા માટે રહ્યો?" હ૦ મુસાએ અરજ કરી "બારે ઇલાહા! હવે તો તુંજ મને સમજાવ કે કેવા પ્રકારના અમલ તારાજ માટે હોઇ શકે" હુકમ થયો "હે મુસા! કોઇ વખતે તમોએ મારી ખુશીના માટે મારા દોસ્તની સાથે મોહબ્બત કરી છે? અને મારા દુશમનોની

અદાવત કરી છે? તેથી હ૦ મુસા સમજ્યા કે નમાઝ રોઝા ઇત્યાદી અમલ કરતાં નેક લોકોની દોસ્તી કરવી અને બુરા લોકોની દુશમની કરવી એ ઉત્તમમાં ઉત્તમ અમલ છે.

હ૦ ઇમામ જઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું "જે શખસ પોતાના મુઅમીન ભાઇને ખુશ કરશે તેણે પયગંબરને ખુશ કરેલ ગણાશે અને જેણે પયગંબરને ખુશ કર્યા હશે, તેણે ખુદાને ખુશ કર્યા ગણાશે. એજ પ્રમાણે જે પોતાના મુઅમીન ભાઇને નારાજ કરશે તો ખુદા અને તેના રસુલને નારાજ કરેલ ગણાશે.

એજ બુઝર્ગવારે ફરમાવ્યું જે કોઇ પોતાના મુઅમીન ભાઇની હાજત બર લાવશે (તેનું કામ કરી આપશે) તેને ખુદા તરફથી કેહવામાં આવશે કે "હે મારા બંદા, આ તારી નેકીનો બદલો મારા પર છે અને તેના બદલામાં બેહિશ્ત શિવાય બીજી કોઇ પણ જગો તારા માટે હું પસંદ કરીશ નહિ."

(અવનુલ હયાન.)

ઉપલી હદીસોથી પોતાના મુઅમીન ભાઇની મોહબ્બત રાખી તેની મદદ કરવામાં બેહદ સવાબ છે એ સિધ્ધ થાય છે. તો મુઅમીનોના સરદારો પયગંબરની પવિત્ર આલ (એહલેબયત) ની મોહબ્બત રાખવામાં કટલો સવાબ હશે એ સમજાવવાની જરૂર નથી. જે પ્રમાણે દીનબંધુ (મુઅમીન ભાઇઓની) મોહબ્બત રાખી તેઓ સાથે નેકી અને એહસાન કરવાનો હુકમ છે, એજ પ્રમાણે દીનના દુશમનો મુનાફીકો અને બેદીનોથી છેટે રહેવાનો અને તેઓની દોસ્તી ન રાખવાની તાકીદ પણ કરવામાં આવી છે.

બુરા લોકો પ્રત્યે અણગમો જાહેર કરવો એ દરેક ઇન્સાન માટે સ્વભાવિક હોય છે. કેમકે 'સોબત તેવી અસર'ના સિધ્ધાંત મુજબ દરેક સમજુ માણસની ફરજ છે કે ઝાલિમ અને કપિંણુ લોકો પ્રત્યે (છેટે રહી) અણગમો જાહેર કરે અને લોકોને તેઓની બુરાઇથી વાકેફ કરી તેઓથી દૂર રહેવા માટે યોગ્ય સલાહ આપતા રહે.

ઇમાન સાથે બેઇમાનોની મોહબ્બત એક દિલમાં કોઇ કાળે એકી વેળા થઇ શકતી નથી; એ બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે "**યા અય્યુહલ્લઝીના આમનુ લા તત્તખેઝુ આબા-અકુમ વ ઇખવાનકુમ અવ્લીયાઅ ઇનીસ્તહબ્બુલ કુફ્ર અલલ ઇમાન વ મંય્યતવલ્લહુમ મિનકુમ ફઉલાઇકા હુમુઝ્ઝાલિમૂન.**" તરજુમો:—હે મુઅમીનો તમે તમારા બાપ અને તમારા ભાઇઓને મિત્ર ગણો નહિં, જો તેઓ કુફ્રને ઇમાન કરતાં પસંદ કરતા હોય અને તમારામાંના જે તેઓની સાથે દોસ્તી રાખે છે તેઓ ઝાલિમ છે.

અનસ ઇબ્ને માલીક નકલ કરે છે કે હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું "જ્યારે કોઇ ફાસીક (ગુનેહગારનાં) વખાણ કરવામાં આવે છે ત્યારે ખુદા ગઝબનાક થાય છે અને અર્ષ ધ્રૂજે છે."

(ખદીકી કૃત શોઅબલ ઇમાન.)

ઇબ્ને અબ્બાસ અને ઇબ્ને ઉમર નકલ કરે છે કે પયગંબર સ૦એ ફરમાવ્યું જે કોઇ બીદઅત કરનારાઓને (દીનના કામમાં પોતા તરફથી સુધારોવધારો કરનાર) માન આપશે તો તેણે ઇમાનના સ્તંભને તોડી પાડવા સમાન ગણાશે.

(અબુનસર સનજસ કૃત અબાના.)

ઇબ્ને ઉમર કહે છે કે પયગંબરે ફરમાવ્યું "જે કોઇ બીદઅત કરનારની સાથે માત્ર ખુદાની ખુશીના માટે દુશમની કરશે તો ખુદા તેના દીલને ઇમાનથી ભરપૂર કરશે અને જે કોઇ બીદઅત કરનારને ઠપકો આપશે તો ખુદા તેને કિયામતના દહાડે અમાનમાં રાખશે (તેને કિયામતના સંકટોથી બચાવશે) અને જે કોઇ બીદઅત કરનારને માન આપશે અથવા નર્મીથી વર્તશે તો તેણે દીને ઇસ્લામની બેહુરમતી કરેલી ગણાશે.

(અબુનઇમ કૃત હુલીયા.)

બુરેદા નકલ કરે છે કે પયગંબરે ફરમાવ્યું "તમો મુનાફીક (દીનના દુશમનને) 'સય્યદના' (અમારા સરદાર).

ન કહો કેમકે જો તમો તેને તમારો સરદાર સમજશો તો તમારા ખુદાને નારાજ કરેલ ગણાશે.

(ઇમામ અહમદ હંબલ કૃત મુસનદ.)

હઝરતે ફરમાવ્યું છે કે "ત્રણ પ્રકારના માણસોની બે હુરમતી કરવામાં અને તેઓને ઉઘાડા પાડી વગોવવામાં હરકત નથી.

૧ ખુલ્લી રીતે ગુનાહોના કામ કરનાર.

૨ ઝુલ્મ કરનાર હાકમ (બાદશાહ).

૩ દીનમાં બીદઅત કરનાર.

(સય્યદ મહમુદ અલવસી કૃત અજદબએ ઇશકીય્યહ.)

વળી હઝરતે ફરમાવ્યું છે કે "જે કોઇ ઝાલીમને તેના ઝુલમો છતાં ચાહશે તો તે જહન્નમમાં હામાનનો સાથી થશે.

(શેખ તબ્રીસી કૃત મકાઅમુલ અખલાક.)

ખુદા કુરઆનમાં ફરમાવે છે "વલી તરકનુ ઇલલ્લઝીના ઝલમુ ફતમસ્સકુ ન્નાર." તરજુમોઃ–"જે લોકો ઝુલમ કરી રહ્યા છે તેઓ તરફ વલણ ન રાખો, નહિ તો જહન્નમની આગ તમોને અડકશે."

(પવિત્ર કુરઆન સુરએ હુદ પારો ૧૩ મો.)

આ આયતથી અને ઉપલી હદીસોથી સિધ્ધ થાય છે કે, દીનના દુશમનો (એહલેબયતે રસુલના દુશમનો) બેદીનો અને મુનાફીકો પ્રત્યે વલણ રાખવાથી તેઓને માન આપી પોતાના સરદાર સમજવાથી ખુદા નારાજ થાય છે અને જહન્નમની આગ અને સજાને પાત્ર થાય છે.

ઉપલા ખુલાસાથી સિધ્ધ થાય છે કે મુઅમીન દીનદારની મોહબ્બત અને બેદીન મુનાફેકોની દુશમની રાખવી સર્વ મુસલમાનો ઉપર ફરઝ છે તો પયગંબરની એહલેબયત સાથે મોહબ્બત રાખી તેમના દુશમનો (જેઓ દીને ઇસ્લામનાજ દુશમનો ગણાશે) સાથે દુશમની કરવી અને તેઓ પ્રત્યે અણગમો ઝાહેર કરવો એથી હજાર દરજ્જે વાજીબ અને ફરઝ ગણાશે.

હવે પયગંબરની એહલેબયતની મોહબ્બત રાખવાથી ગુનાહો કેવી રીતે માફ થાય છે અને ઇમામે હુસયનની અઝાદારી કરવાથી અને તેમના ગમમાં આંસુ પાડવાથી સઘળા ગુનાહો કેમ માફ થાય છે અને એ માન્યતા રાખવાથી એહલેબયતના દોસ્તદારો અને અઝાદારો બેપરવા થઇ નમાઝ રોઝા ઇત્યાદી વાજીબ આમાલો તજી શકે છે કે નહિ અથવા તો દરેક પ્રકારના ગુનાહો કરવાની તેઓને છુટ આપેલી ગણાય કે નહિ એની પ્રથમ તપાસ લઇએ.

ઇનસાન માત્ર ભૂલને પાત્ર છે, તેમજ દુન્યાની મોહબ્બત અને મનોવિકારને લીધે મા'સુમ શિવાય દરેક માણસથી ભૂલ અને ગુનાહના કામ થાય છે અને ખુદા કુરઆનમાં ફરમાવે છે કે "ઇસ્તગફીરૂ રબ્બકુમ ઇન્નહુ કાના ગફ્ફારા" "તમે તમારા પરવરદીગારની માફી માંગો ખરેખર તે બેહદ માફી આપનાર છે" વળી ફરમાવે છે "કુલ યા ઇબાદિ યલ્લઝીના અસરફુ અલા અનફુસિહુમ લા તકનતુ મિનરહમતીલ્લાહ ઇન્નલ્લાહ યગ ફીરૂઝ્ઝુનુબા જમીઅન ઇન્નહુ હુવલ ગફૂરૂર રહીમ" તરજુમો:–"કહે હે મારા બંદાઓ કે જેઓ પોતાના જીવ વિરૂધ્ધ (પાપ કરવામાં) હદ બહાર ગયા છે તમો ખુદાની રહમતથી નીરાશ ન થાઓ ખરેખર ખુદા સર્વેને માફ કરે છે (અને) ખરેખર તે માફી આપનાર અને મેહેરબાન છે.

ઉપલી આયતોથી સિધ્ધ થાય છે કે, તવબા કરવાથી અને માફી ચાહવાથી ખુદા ગુનાહોને બખશી આપે છે પણ માફી બખશવા અને તવબા કબૂલ કરવા માટે ખુદાએ અમુક શરતો રાખી છે જે શરતો મુજબ તવબા કરવામાં ન આવે તો કોઇ કાળે તવબા કબૂલ થતી નથી, તેમજ તવબા ન કરવાથી ગુનાહો માફ ન થતાં સજાને પાત્ર થાય છે. તવબાથી ગુનાહો માફ થાય છે અને તવબાની મુખ્ય શરત એહલેબયતની મોહબ્બત રાખવામાં આવી છે અને ઇમામે હુસયનની અઝાદારી એહલેબયત પ્રત્યેની મોહબ્બતની ખરી અને મુખ્ય નિશાની છે તેથી સ્પષ્ટ થાય છે કે એહલેબયતની મોહબ્બત અને અઝાદારીથીજ ગુનાહો માફ થાય છે. તે શિવાય ગમે તેટલી ઇબાદત અથવા તવબા

કરવાથી ગુનાહો માફ થતા નથી એ અમે કુરઆનની આયતોથી અને હદીસોથી આ પ્રકરણમાં એહલેબયતની મોહબ્બતના વર્ણનમાં લખી ગયા છીયે અને અહીં પણ ટુંકમાં લખી સાબીત કરી આપીશું.

ખુદા કુરઆનમાં ફરમાવે છે "વબ્તગુ ઇલયહીલ વસીલહ" તરજુમો:-તમે તેના (ખુદા) તરફથી વસીલો મેળવો. (વસીલો મેળવવા પ્રયત્ન કરો.)

(પવિત્ર કુરઆન.)

એહલેબયતના વસીલા વગર કોઇ પણ અમલ અથવા તવબા કબૂલ નથી તે નીચેની થોડી દલીલો વડે સાબીત કરી આપીશું.

૧ પયગંબરની નોબુવ્વત ઉપર ઇમાન ન લાવતાં માત્ર ખુદાની તવહીદ ઉપર ઇમાન રાખવાથી મુસલમાન કહી શકાય નહિ. ઇસ્લામ માટે ખુદાની તૌહીદ સાથે પયગંબર સ૦ની નોબુવ્વત ઉપર, ઇમાન લાવવું વાજીબ છે અને પયગંબર ઉપર ઇમાન લાવવાનો એજ અર્થ છે કે તેમને ખુદાના રસુલ સમજે, તેમની મોહબ્બત દીલમાં રાખે અને તેમની તાબેદારી કરે. એમ કરવાથીજ મુસલમાન ગણાશે અને તેથીજ અમલ તથા તવબા કબૂલ થશે, તો જેના દીલમાં પયગંબરની મોહબ્બત હશે, તે જરૂર તેમની પવિત્ર એહલેબયતની મોહબ્બત રાખશે અને જે પયગંબરની તાબેદારી કરતો હશે ને તેમના હુકમથી તેમની એહલેબયતની પણ તાબેદારી કરશે. તેથી સિધ્ધ થયું કે જે કોઇ એહલેબયતની મોહબ્બત નહિ રાખશે અને તેમની તાબેદારી નહિ કરશે, તો તે પયગંબરની મોહબ્બત રાખનાર અને તેમની તાબેદારી કરનાર ગણાશે નહિ અને તેના અમલ અને તવબા પણ કબૂલ થશે નહિ.

૨ દીને ઇસ્લામમાં મુખ્ય ઇબાદત નમાઝ છે અને નમાઝ ન પડનારના કોઇ અમલ કબૂલ થતા નથી તો નમાઝ

જેવી ઉત્તમ અને શ્રેષ્ટ ઇબાદત કબૂલ થવાની શરત પણ એહલેબયતની મોહબ્બત છે. કેમકે નમાઝમાં પયગંબર અને તેમની પવિત્ર આલ પર દુરૂદ (અલ્લાહુમ્મ સલ્લેઅલા મુહમ્મદ વઆલે મુહમ્મદ) મોકલવામાં ન આવે તો નમાઝ બાતીલ થાય છે. હવે કોઇ એહલેબયતની મોહબ્બત ન રાખતાં તેમના પર નમાઝમાં દુરૂદ ન મોકલે તો તેની નમાઝ કબૂલ થતી નથી અને તેથી તે પોતાના ગુનાહોની માફી મેળવી શકતો નથી જેથી સિધ્ધ થાય છે કે ગુનાહોની માફી મેળવવા માટે અને દરેક ઇબાદત કબૂલ થવા માટે મુખ્ય શરત એહલેબયતની મોહબ્બત છે.

એક માણસ ગુનાહ કરતો જાય ને માફી માંગતો જાય, અને નમાઝ રોઝા વીગેરે ઇબાદત બજાવી ન લાવે અથવા તો ખુદા અને તેના રસુલના હુકમ મુજબ ઇબાદત ન કરતાં પોતાની મરજી મુજબ કુરઆન અને હદીસોના અર્થના અનર્થ કરી ગમે તે પ્રકારથી ઇબાદત કરે, હલાલને હરામ અને હરામને હલાલ કરે અને તવબા પણ કરતો રહે તો તેની તૌબા કોઇ કાળે કબૂલ થશે નહિ. પ્રથમ નમાઝ રોઝા વીગેરે ઇબાદત માટે ખુદા અને તેના રસુલનો હુકમ જાણવા માટે એહલેબયતની મદદની જરૂરત છે. કેમકે ઇસ્લામના તોંતેર ફીરકાના નમાઝ રોઝા હજ ઇત્યાદી આમાલનાં મસઅલામાં ફેર રહે છે. કેમકે કોઇ હાથ બાંધી નમાઝ પડે છે તો કોઇ ખુલ્લા હાથથી. કોઇ હનફી મઝહબના ઇમામના ફતવા પર અમલ કરે છે અને કોઇ શાફેઇના ફતવા મુજબ. એ મુજબ ઉસુલ ફુરૂઅમાં ફેર હોય છે તેથી ખુદા વ રસુલના ફરમાનુસાર અમલ કરવા માટે પયગંબરની પવિત્ર એહલેબયત જેમની તાબેદારી કુરઆનમાં ખુદાએ વાજીબ કરેલ છે તેઓના હુકમ મુજબ અમલ કરવાથી ખરા અઅમાલ થઇ શકે છે અને એજ કબૂલ થવા લાયક હોય છે. તેથી જ્યાં સૂધી એહલેબયતની મોહબ્બત દીલમાં ન હશે ત્યાં સૂધી તેમની તાબેદારી થઇ શકશે નહિ અને તેમની તાબેદારી નહિ કરવાથી દીને ખુદાના ખરા ફરમાનોથી વાકેફ થઇ તે ઉપર અમલ થઇ

શકશે નહિ જેથી સઘળા આમાલ બાતીલ અને તવબા પણ કબૂલ થશે નહિ.

ઉપલી દલીલોથી એહલેબયતે રસુલના વસીલા વગર તવબા કબૂલ થતી નથી એ સ્પષ્ટ થાય છે. હવે જેના દીલમાં એહલેબયતની ખરી મોહબ્બત હશે એ પોતાના સરદારોના ફરમાનોનું ઉલંઘન કરી અને ખુદા વ રસુલની નાફરમાની કરી કદી પણ તેમને નારાજ કરશે નહિ. કેમકે, ઇમામ હુસયનની મજલીસમાં સદા સંભળાવવામાં આવે છે કે, આશુરાની રાતના તે બુઝર્ગવાર અને તેમના સાથીઓએ આખી રાત જાગૃત રહી ખુદાની ઇબાદત કરવામાં અને કુરઆને શરીફ પઢવામાં ગાળી હતી. એટલુંજ નહિ પણ નમાઝને કિયામતના દહાડા સૂધી કાયમ રાખવા માટે નમાઝની હાલતમાં શહીદ થયા. જે નમાઝ કાયમ રાખવા માટે ઇમામે હુસયન અ૦મે. પોતાની જાન અર્પણ કરી શહીદ થયા, તે નમાઝને અઝાદારે હુસયન અ૦ કોઇ કાળે તજી શકતો નથી. નમાઝ રોઝા ઇત્યાદી આમાલ તજી દેનાર અને ગુનાહોના કામ કરનારના બારામાં ઇમામોની અસંખ્ય હદીસો વારીદ થયેલ છે અને તેમાં સખત અઝાબની ધમકી આપવામાં આવેલ છે. એ બુઝર્ગવારો મા'સુમ હોવા છતાં, આખી રાત જાગી ઇબાદત કરતા હતા. ખુદાની મોહબ્બત અને ખૌફથી રડતા હતા, તેઓ કોઇ કાળે પોતાના દોસ્તોને બેદરકાર રહેવાનું કહે નહિ.

તવબા કરી ખુદાની દરગાહથી માફી ચાહવા માટેની બીજી શરત એ છે કે થઇ ગયલા ગુનાહો માટે પસતાવો કરવો અને ફરીથી તેવા ગુનાહો ન કરવા માટે મક્કમ ઇરાદો કરવો પણ જો કોઇ માણુસ થઇ ગયલા ગુનાહો માટે પસતાવો ન કરે અને હવે પછી એવા ગુનાહોથી છેટે રહેવા માટે ઇરાદો ન રાખતો હોય તો તેની તવબા ખરી તવબા ગણાશે નહિ. તેથી તવબા માટે પ્રથમ સચ્ચાઇની જરૂર છે અને સચ્ચાઇની સાથે કબૂલ થવાની મુખ્ય શરત એહલેબયતની મોહબ્બત છે. અહીં પયગંબર અને ઇમામોની થોડી હદીસો આપી સ્પષ્ટ કરી આપીશું કે તવબા કબૂલ થવાની મુખ્ય શરત એહલે-

બયતની મોહબ્બત છે અને એ બુઝુર્ગવારોએ પોતાના દોસ્તોને ખુદાનો ડર રાખવા અને ગુનાહોથી છેટે રેહવા માટે સખત તાકીદભરેલાં ફરમાનો કરેલ છે.

હ૦ ઇમામ જઅફરે સાદીક અ૦એ ફરમાવ્યું "અમો એહલેબયતની મોહબ્બત ગુનાહોને એવી રીતે દૂર કરે છે અને મટાડી નાખે છે જેવી રીતે આગ સુકી લાકડીને બાળી નાખે છે."
(અયનુલ હયાત)

હ૦ અલી અ૦એ ફરમાવ્યું "મને એ શખ્સથી અજાયબી ઉપજે છે જે ખુદાની રહમતથી નાઉમેદ હોય છે એ છતાં કે તેના કને ગુનાહ માફ કરાવવા માટે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ હોય છે." કોઇએ પુછયું એ કઇ વસ્તુ છે? આપે ફરમાવ્યું "એ તવબા છે તેમ તવબા અને ઇસ્તીગફારથી પોતાને ખુશબુદાર બનાવો જેથી ગુનાહોની બદબુથી તમે શરમીન્દા ન થાઓ."

હ૦ અલી અ૦એ ફરમાવ્યું "હરેક ઇન્સાનના માટે ચાલીસ પરદા તેના ગુનાહો છુપાવવા માટે ખુદાએ રાખેલ છે જ્યારે તે ચાલીસ ગુનાહે કબીરા કરે છે ત્યારે એક પછી એક કુલ્લે ચાલીસ પરદા ઉપાડી લેવામાં આવે છે. તે વખતે આમાલ લખનાર ફિરીશતા અરજ કરે છે ખુદાવંદા આ તારા બંદાના ચાલીસે ચાલીસ પરદા (તેના ગુનાહોના લીધે) ઉપાડી લેવામાં આવ્યા (હવે તે ફજેત થશે) ખુદા તરફથી હુકમ થશે "હે ફિરીશતા તમારી પાંખો વડે તેની બદી છુપાવો" તે પછી તે બંદો જ્યારે ફરીવાર ગુનાહો કરે છે અને જરાએ પરવા કરતો નથી અને પોતાની બદીનું વર્ણન લોકો પાસે કરી બડાઇ હાંકતો રહે છે ત્યારે ફરીવાર ફિરીશતા અરજ કરે છે "બારે ઇલાહા આ તારો નિર્લજ બંદો કોઇ પણ ગુનાહને ચુકતો નથી. હવે તો તેના ગુનાહોના લીધે અમોને શરમ ઉપજે છે" તે વખતે હુકમ થશે "હે ફિરીશતા તમારી પાંખો તેના પરથી ઉપાડી લ્યો અને તેને મેલી આપો" તે પછી હઝરતે ફરમાવ્યું, "જ્યારે ફિરીશતા પોતાની પાંખો ઉપાડી લ્યે છે અને તે ગુનેહગારને તેની હાલત ઉપર મૂકે છે ત્યારે પ્રથમ અમારી મોહબ્બત તેના દીલમાંથી સાવ નાબુદ થાય છે અને અમારી

દુશમનાઇ જાહેર કરે છે (એહલેબયતનો દુશમન થઇ જાય છે) અને તેથી ખુદા તેને ઝમીન અને આસમાન ઉપર ફજેત કરે છે. આ તેની સ્થિતી જોઇ ફિરીશતા અરજ કરશે "ખુદાવંદા આ તારો બંદો છે અને ઘણો ફજેત થયો" હુકમ થશે જો હું તેમાં જરા પણ ભલાઇનો અંશ જોતે તો તમોને તેના પરથી તમારી પાંખો ઉપાડી લેવાનો હુકમ ન કરતે.

(અયનુલ હયાત.)

નોટ:–આ હદીસથી સિદ્ધ થાય છે કે ખુદાની ચાલુ નાફરમાની અને ગુનાહો કરવાથી છેવટે એહલેબયતની મોહબ્બત દીલમાંથી નીકળી જાય છે જેથી એહલેબયતની મોહબ્બત જેવી અમૂલ્ય વસ્તુ, જે વડે ખુદાની માફી અને બેહિશ્ત મેળવી શકાય છે તે સદા જાળવી રાખવા માટે નમાઝ રોઝા ઇત્યાદી નેક અમલ અને ગુનાહોથી છેટે રેહવાની જરૂરત છે. નહિ તો સદા બેપરવા રેહવાથી એહલેબયતની મોહબ્બત બાકી રેહવા પામતી નથી.

હ૦ ઇમામ જાઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું "કોઇ વખતે એક માણસ ગુનાહ કરવાનો ઇરાદો કરે છે અને પોતાને સમજાવે છે કે આ પ્રકારના ગુનાહ તો સર્વ કોઇ કરે છે (તેથી તે નજીવો ગુનાહ સમજી બેપરવાઇથી કરતો રહે છે) તે વખતે ખુદા તેને કહે છે "મારી ઇઝત અને જલાલના કસમ હું કદી પણ તને માફ કરીશ નહિ."

હ૦ સાદીક અ૦મે ફરમાવ્યું "તકબ્બુરીથી નેઅમત હાથથી ચાલી જાય છે, નાહક ખૂન કરવાથી સખત પસતાવો થાય છે, ઝુલમ કરવાથી ખુદાનો ગઝબ ઉતરે છે, શરાબ પીવાથી એબો ખુલે છે, અને રૂસવાઇ થાય છે; ઝીના (વ્યભિચાર) કરવાથી રોજી ઘટે છે, કત્એરહમ કરવાથી (પોતાના સગા કુટુંબીઓથી ભલાઇ ન કરવાથી અને તેઓને ભૂલી જવાથી) જીંદગી ટુંકી થાય છે અને માતપિતાની નાફરમાની કરવાથી દુઆ કબુલ થતી નથી."

કિયામતના દહાડે હ૦ પયગંબર અને તેમની પવિત્ર એહલેબયત ગુનેહગારોની શફાઅત ફરમાવી તેઓને અઝાબથી

છોડાવશે અને બહિશ્તમાં દાખલ કરાવશે એ કુરઆનની આયતોથી સાબીત છે અને તે બુઝર્ગવારો પોતાના દુશમનોની (જેઓ દીનના દુશમનો હોય છે) કદી પણ શફાઅત નહિ ફરમાવશે; જેથી કિયામતના દહાડે છુટકારો મેળવવા માટે એહલેબયતની મોહબ્બતની જરૂરત છે.

ખુદા કુરઆનમાં ફરમાવે છે "**મનઝલ્લઝી યશફઉ ઇન્દહુ ઇલ્લા બેઇઝનીહ**" તે કોણ છે કે જે તેની પાસે તેની પરવાનગી શિવાય શફાઅત (ભલામણ) કરે? "વળી બીજી જગોએ શફાઅતના બારામાં ફરમાવે છે "**વલસવફા યુઅતીકા રબ્બુકા ફતરઝા**" અને જલદીથી તારો પરવરદેગાર તને બક્ષીસ આપશે પછી તું રાજી થઇશ."

હવે જ્યારે ખુદા પોતાના પયગંબરને કિયામતના દહાડે એટલી બક્ષિસ આપશે કે તે બુઝર્ગવાર રાજી થશે તો જ્યાં સૂધી તેમને માનનારા મુસલમાનો જેઓ તેમની એહલેબયતની મોહબ્બત દીલમાં રાખતા હશે તેઓની શફાઅત કરી તેઓને જહન્નમથી નહિ બચાવશે ત્યાં સૂધી રાજી થશે નહિ પણ જેઓ તેમની એહલેબયતના દુશમન હશે અને ઇમામે હુસયનની અઝાદારીને બીદઅત કહી, તોડી પાડવાની કોશીશ કરતા હશે તેઓની કદી પણ શીફાઅત કરશે નહિ. કેમકે એહલેબયતના દુશમનો પયગંબરના દુશમન સમાન છે એ અમે ઉપર ખુલાસાવાર સહીહ હદીસો વડે સાબીત કરી ગયા છીયે. તેમજ પયગંબર પોતાના નવાસાના ગમમાં રડી અઝાદારી કરી પોતાની ઉમ્મતને અઝાદારી કરવાનું ફરમાન આપેલ છે (જે અમોએ આ કીતાબમાં અન્ય સ્થળે લખેલ છે) તેથી વિરૂધ્ધ વર્તન અઝાદારીને તોડી પાડવાની કોશીશ કરનાર અથવા અઝાદારીની મજાક ઉડાવનાર પયગંબરની શફાઅતની કોઇ કાળે આશા રાખી શકતો નથી.

પ્રકરણ ત્રીજું.

ઇસ્લામના કટ્ટા વિરોધી–બની ઉમય્યા.

ઇમામે હુસયનની શહાદતનું મૂળ કારણ અને શહાદતનાં રહસ્યો જાણુવા માટે તેમના કાતેલો અને ઇસ્લામનાં વિરોધી બની ઉમય્યાની ટુંક હકીકત–ઇસ્લામી ઇતિહાસનો સિહા સદ્રા ટુંકમાં લખવા માગીએ છીયે જેથી અઝાદારીનાં વિરોધીઓ શા કારણે અઝાદારી બંધ કરવા મથી રહ્યા છે, તેનું મૂળ કારણ સહેલાઇથી સમજી શકાય. તે સાથે બની ઉમય્યા જેઓ કુરેશી ખાનદાનમાં હલકી પંક્તિના અને હીજાઝના રણમાં વસતા બારવટીયા જેવા હતા, તેઓની ચઢતી કરનાર કોણ હતા અને કરબલાના ભયંકર બનાવની શરૂઆત કયાં અને કયારે થઇ એ સહેલાઇથી સમજી શકાશે.

ઇમામ ગઝાલીનું ફરમાન "વાએઝો માટે હસન અને હુસયન અ૦ની શહાદતનું બયાન કરવું હરામ છે, કેમકે તેથી સહાબા પ્રત્યે અભાવ અને ખરાબ લાગણી ઉત્પન્ન થવાનો ભય રહે છે" એ કલ્પના કેટલે અંશે ખરી છે એ અમે આ પ્રકરણમાં સ્પષ્ટ કરવા માગીએ છીયે.


બની ઉમય્યાને શરૂઆતથીજ બની હાશમ પ્રત્યે તિરસ્કાર હતો અને બની હાશમની ચઢતી જોઇ ઇર્ષાનો અગ્ની તેઓના દીલમાં ભડકતો. અમો અહીં બની ઉમય્યાનો ઇતિહાસ અને તેઓની શત્રુવટથી ઇસ્લામને જે ખમવું પડયું હતું તેના હકીકત ટુંકમાંજ આપીશું.

અબ્દુશશમ્સ અને તેના દીકરા (બીજી તવારીખો મુજબ ગુલામ) ઉમય્યાની વિરૂધ્ધતાનું વર્ણન ટુંકમાં "અતશે બની હાશમ"ના પ્રકરણમાં આપ્યું છે, તેથી અહીં વધુ લખતા નથી. તેઓના બારામાં ઇસ્લામના મશહુર ઇતિહાસકાર અલ્લામાં તબરીઝી લખે છે કે "ઉમય્યાને હાશિમ પ્રત્યે તિરસ્કાર

હતો અને વગર કારણે વેરભાવ રાખતો હતો. આ વિરૂધ્ધતા લગભગ બસો વર્ષ સૂધી ચાલુ રહી."

ઉમય્યા અબ્દુશશમ્સનો ગુલામ હતો તે વિષે અલ્લામા તબ્રી "મજમઉલ બહરેનમાં" લખે છે કે, "બીજી રીવાયતો મુજબ બની ઉમય્યા કુરેશી સાબીત થતા નથી. કેમકે, ઉમય્યા એક રૂમી ગુલામનું નામ હતું જે અબ્દુશશમ્સ પાસે હતો અને તેને અબ્દુશશમ્સનો સંબંધી આપી ઉમય્યા ઇબ્ને અબ્દુશશમ્સના નામથી બોલાવતા હતા જ્યારે તે માત્ર એક રૂમી ગુલામ હતો અને એ મુજબ ગુલામોને અથવા દત્તક કરેલાને દીકરા તરીકેનો સંબંધ આપવાનો તે સમયના અરબોમાં ચાલુ રિવાજ હતો જે પ્રમાણે હ૰ રસુલે ખુદા સ૰મે ઝેદ બીન હારીસાના બારામાં કર્યું હતું. આપે ઝેદના અસીર થવા બાદ તેને પોતાનો દત્તક કરી ઝેદ ઇબ્ને મોહમ્મદનું નામ આપ્યું હતું.

વંશાવળી.



* હ૦ અલીની માતા.

† બની અબ્બાસી બાદશાહોની વંશાવળી.

તવારીખ મુજબ:-(૧) ઉમય્યા અબ્દુસ શમ્સનો દીકરો ન હતો પણ ખરીદેલો ગુલામ હતો. (૨) બની ઉમય્યાના વંશના પહેલા બાદશાહ. (૩) મરવાન યઝીદ પછી ઇસ્લામની બાદશાહત ઉપર આવનાર બની ઉમય્યાનો બાદશાહ હતો અને તેના પછી તેના ચાર દીકરાઓએ અનુક્રમે બાદશાહત ભોગવી.

"તારીખે કામીલમાં" લખે છે કે અબ્દે મનાફના ચાર દીકરા હતા. હાશિમ અબ્દુશશમ્સ, નવફિલ અને મુત્તલીબ. તેમાંથી હાશિમ અને અબ્દુશશમ્સ બન્ને જોડયા પેદા થયા હતા. એકની આંગળી બીજાની પેશાની ઉપર ચોંટેલી હોવાથી તેઓને જુદા પાડતી વખતે લોહી નીકળ્યું તેથી કહેવામાં આવ્યું કે આ બન્ને ભાઇઓની અવલાદમાં ખુનરેઝી ચાલુ રહેશે.

અબ્દે મનાફની વફાત પછી મક્કાની હુકુમત ખાનએ કઅબાની તવલીયત અને હાજીઓને પાણી પીવરાવવાનું હ૦ હાશિમના હાથમાં રહ્યું અને અબ્દુશશમ્સની તેમાં જરાએ દખલગીરી ન હતી. હ૦ હાશિમની તે રિયાસત ઉમય્યા ઇબ્ને અબ્દુશશમ્સ (બીજી તવારીખો મુજબ અબ્દુશશમ્સનો ખરીદેલો રૂમી ગુલામ) થી ઇર્ષાને અંગે જોઇ શકાયું નહિ તેથી હાજીઓની ખીદમત અને મેહમાની તથા પાણી પીવરાવવાના કામમાં દખલ દેવું શરૂ કર્યું, પણ તેમાં તે નિષ્ફળ નીવડયો. મક્કાના લોકોએ તેની ખોટી દખલગીરી અને નાલાયકી માટે તેને ઠપકો આપ્યો અને ટીકા કરવા લાગ્યા તેથી તે ગુસ્સે થયો અને તેના આવેશમાં હ૦ હાશિમને બુરૂં બોલવા લાગ્યો અને અરબના ધોરણ મુજબ હ૦ હાશિમને હરીફાઇના મુકાબલા માટે આમંત્રણ કર્યું જે કોઇ પોતાની કારકિર્દી અને લાયકાત દેખાડવાની હરીફાઇમાં જીત મેળવે તો તે પોતાના પરાજીત થયલા હરીફ ઉપર દંડની સજા કરે.

હ૦ હાશિમ ઉમય્યાને પોતાના મુકાબલા માટે નાલાયક સમજતા હોવાથી તેની ચેલેંજ ઉપર પ્રથમ જરાએ લક્ષ આપ્યું નહિ પણ કુરેશીઓના આગ્રહથી છેવટે એવો ઠરાવ થયો કે તેઓ બન્ને અસફાનમાં રહેતા ખઝાઇ નામના વિદ્વાન કાહેન તેઓના બારામાં જેની વિરૂધ્ધમાં ચુકાદો આપે તે દસ ઉંટ પોતાના હરીફને આપે અને દશ વર્ષ સૂધી દેશવટો ભોગવે.

તે પછી તેઓ અસફાન તરફ રવાના થયા અને ખઝાઇ કાહેનને પોતાની હકીકત કહી સંભળાવી. તેણે હ૦ હાશિમની ચળકતી નુરાની પેશાની તરફ ઇશારો કરી કહ્યું "નુરાની ચાંદ ચમકતા સિતારા અને ઘમઘોર વાદળાંના કસમ અને તે ઉડતાં

પંખીઓ જે આસમાન સૂધી પરવાઝ કરે છે તેઓની કસમ હ૦ હાશિમ દરેક પ્રકારથી ઉમય્યા ઉપર સર્વોપરી ધરાવે છે અને ઉમય્યા અને તેના કુટુંબીઓ તેમની આગળ કોઇ હીસાબમાં નથી.

ઉપલા ચુકાદાથી ઉમય્યાએ હ૦ હાશિમને દસ ઉંટ દંડના આપ્યા અને દશ વર્ષ સૂધી દેશવટો ભોગવવા મક્કાથી બાહેર નીકળી જંગલમાં વાસો કર્યો.

આથી જણાશે કે બની ઉમય્યા એક ઝલીલ કોમ હતી અને તેઓ જંગલોમાં જીપ્સી (ભટકતી કોમ–ઇંગ્લાંડ વગેરે દેશોમાં અગાઉ હસ્તિ ધરાવતી હતી તે) મુજબ આમતેમ ભટકતા રેહતા જ્યારે બની હાશિમ શરૂઆતથી સઘળા કુરેશીઓના માનવંતા સરદાર–મક્કાના બાદશાહ અને ખાનએ ખુદાના મુતવલ્લી હતા.

ખુદા અને રસુલના દુશમન બની ઉમય્યા.

બની ઉમય્યાના કુટુંબને પયગંબર દુશમન રાખતા હતા અને તેઓને શજરે મલઉનાની ઉપમાં આપવામાં આવી હતી.

બઝાઝ નકલ કરે છે કે ઇમરાન બીન હુસીનને એક વખતે મેં પુછ્યું કે "સૌથી પયગંબર વધુ કેવા લોકોને દુશમન રાખતા હતા?" તેણે કહ્યું કે "જો આ વાતથી મારી હયાતીમાં કોઇને વાકેફ ન કરે તો હું તને જવાબ આપીશ." મેં તેની શરત માન્ય રાખી ત્યારે તેણે કહ્યું કે "બની ઉમય્યા સકીફ અને બની હુઝેફાના કુટુંબને પયગંબર સર્વથી વધુ દુશમન રાખતા હતા."

તફસીરે કબીર તથા તફસીરે નેશાપુરીમાં કુરઆનની આયત "શજર તુલ મલઉનતા ફીલ કુરઆન" ની તફસીરમાં લખે છે કે તેથી "મુરાદ બની ઉમય્યા છે."

સીબ્તે ઇબ્ને જવઝી તઝકેરા ખવાસુલ ઉમ્મહમાં લખે છે કે "હ૦ ઇમામ હસન અ૦એ મઆવીયાને કહ્યું, "એ મઆવીયા, અહઝાબની લડાઇમાં પયગંબર સ૦એ તારા બાપ અબુ સુફયાનને ઉંટ ઉપર સવાર અને લોકોને તેમની સામે

લડવાને ઉશ્કેરતા જોયા તે વેળા અબુ સુફયાનની ઉંટની લગામ તારા ભાઇ યઝીદ ઇબ્ને અબુ સુફયાનના હાથમાં હતી અને તું (મઆવીયા) પાછળથી ઉંટ ચલાવતો હતો. તમોને જોઇને હઝરતે ફરમાવ્યું ખુદા આ સવારને અને તેના ઉંટની લગામ ખેંચનારને અને હાંકનાર (એ ત્રણે) ઉપર લઅનત કરે અને જ્યારે તારો બાપ અબુ સુફયાન પયગંબરની નજરે પડતો ત્યારે તેને લઅનત કરતા હતા.

અબુ સુફયાન. (યઝીદનો દાદો.)

હ૦ રસુલે ખુદા સ૦ મક્કામાં કુરેશીઓને મૂર્તિપૂજા અને શિર્ક તજી ખુદાએ વહદહુ લાશરીકની ઇબાદત કરવાની હિદાયત શરૂ કરી તેની અસરથી કેટલાક લોકો મુસલમાન થયા તેથી કુરેશીઓ પ્રકાર પ્રકારથી પયગંબરને સતાવવા લાગ્યા છતાં તેઓને પોતાના ઇરાદામાં જરા પણ સફળતા મળી ન હતી તેથી તેઓએ પયગંબરને કત્લ કરી નાખવાનો ઇરાદો કર્યો.

આ મશવેરતમાં અબુ સુફયાનનો મુખ્ય હાથ હતો અને તેણે સલાહ આપી હતી કે દરેક કબીલામાંથી એકેક માણસની ચુંટણી કરવામાં આવે અને રાતના વખતે પયગંબરના ઘરને ઘેરો ઘાલી એમને કત્લ કરી નાખે જેથી બની હાશમને પયગંબરના ખુનનો બદલો લેવા જતાં કુરેશીઓના સઘળા કબીલાઓથી લડવું પડે.

અબુ સુફયાનની એ સૂચના મુજબ કુરેશીઓએ અમલ કરી પયગંબરના ઘરને આખી રાત ઘેરો નાખી સવારની રાહ જોતા હતા. હઝરતને ખુદા તરફથી હુકમ થતાં હ૦ અલી અ૦ને પોતાના બીછાના ઉપર સુવરાવી ઘેરામાંથી એવી રીતે નીકળી ગયા કે તે લોકો જોઇ ન શકયા. પયગંબરની વિરૂધ્ધતામાં અબુ સુફયાનની આ પેહલી કોશીશ નીષ્ફળ નીવડી.

હિજરત પછી પયગંબર સ૦ મદીનામાં રહ્યા એ અરસામાં અબુ સુફયાન અનેક પ્રસંગોમાં સામે થઇ બદ્ર ઓહદ વી૦ની લડાઇ લડયો એ સઘળા બનાવો અહીં લખી લંબાણ કરવા

માંગતા નથી માત્ર થોડી જરૂરી બાબતો પ્રસંગોપાત લખવામાં આવશે.

અબુ સુફયાનનું ઇસ્લામ ઉપર ઇમાન લાવવું.

સને આઠ હીજરીમાં અબુ સુફયાન અને તેના દીકરા મઆવીયાએ ઇસ્લામ ધર્મ ગ્રહણ કર્યો પણ તે મુનાફેકોના તોર પર હતું. કેમકે, મક્કા સર થયા પછી અબુ સુફયાનને પયગંબરની ખીદમતમાં લાવવામાં આવ્યો. હઝરતે તેને કલેમો પઢવાને ફરમાવ્યું, તેના જવાબમાં તેણે કહ્યું, ખુદા તો એકજ છે પણ આપ તેના પયગંબર છો એ બારામાં હું ઇચ્ચુપચ્ચુ છું. આ સાંભળી હ૦ અબાસ (પયગંબરના કાકા) જેઓ તે વખતે હાજર હતા તેમણે કહ્યું, "એ બદબખ્ત જલદી બોલ કે ખુદા વહદહુ લાશરીક છે અને હ૦ મોહમ્મદ સ૦ ખુદાના મોકલેલા પયગંબર છે, નહિ તો હમણાજ તલવારથી તારૂં માથું ધડથી જુદું કરૂં છું." તેથી અબુ સુફયાન અને તેનો દીકરો મઆવીયા માત્ર તલવારની બીકથી મુસલમાન થયા.

અબુ સુફયાન વાજીબુલ કત્લ થઇ ચુકયો હતો. કેમકે, પયગંબરને તેના હાથોથી ઘણી તકલીફ વેઠવી પડી હતી અને તેની દુશમનાવટને લીધે ઘણા મુસલમાનો બદ્ર ઓહોદ વીગેરે લડાઇઓમાં માર્યા ગયા હતા, પણ પયગંબરની રહમદીલીના સબબથી બચવા પામ્યો હતો. ઉપર લખ્યા મુજબ તેઓ જાહેરમાં મુસલમાન થયા હતા પણ છેલ્લી ઘડી સુધી તેઓ બેદીન ને મુનાફીક રહ્યા. એટલુંજ નહિ પણ તેઓ ખુદાની તવહીદ અને પયગંબરની નબુવ્વતને ખુલ્લી રીતે જુઠ લાવતા હતા. જેમકે તારીખે આસમે કુફીમાં (સુન્ની લેખક) લખે છે કે, "એક દિવસે ત્રીજા ખલીફા ઉસમાન (પોતાની ખીલાફતના ઝમાનામાં) પોતાને ઘેર બેઠા હતા અને તેથી હજુરમાં બની ઉમય્યાનું એક ટોળું બેઠું હતું, એટલામાં અબુ સુફયાને દાખલ થઇ કહ્યું "ઓ બની ઉમય્યા, આ બાદશાહતની મજા ખુબ ચાખી લ્યો અને તેને (ફુટબોલના) દડા માફક ખૂબ ગબડાવતા રહો. કેમકે, કસમ તે શખ્સના કે

જેના કસમ અબુ સુફ્યાન (પોતે) લ્યે છે કે અઝાબ જેવી કોઇ વસ્તુ નથી અને ન હિસાબ છે, ન બેહિશ્ત કે દોઝખ છે ન હશર, ન કયામતનો દિવસ છે."

અબુ સુફ્યાનની ઉપલી વાણીથી સિધ્ધ થાય છે કે તે કોઇ અપ્રત્યક્ષ અથવા કલ્પિત માણસની સોગંદ ખાઇને કહે છે જેથી તે ખુદાની હસ્તીનો મુનકીર (મુશરીક) હતો અને બેહિશ્ત–દોઝખ–કયામત ઇત્યાદીની જે ખબર પયગંબર સ૦એ આપી તેનો ઇન્કાર કરી પયગંબરની નબુવ્વતનો પણ મુનકીર સાબીત થાય છે.

પહેલા ખલીફાની બયઅત મુસલમાનોએ કરી અને હ૦ અલી અ૦ શાન્તી અને સબુરીથી ગોશાનશીની ઇખ્તીયાર કરી તે વખતે અબુ સુફ્યાને હ૦ અલીની ખીદમતમાં હાજર થઇને કહ્યું, "યા અલી, શું ખીલાફત એવી નજીવી વસ્તુ છે કે જેને કુરેશના એવા ખાનદાનને સોંપી દેવામાં આવે કે જેનો મરતબો ઘણોજ હલકો હોય? ખુદાની કસમ અગર જો આપ ફરમાવો તો હમણાજ તેની (પેહલા ખલીફા) સામે સવાર અને પયદળ સિપાહીઓથી મદીના ભરી આપું. હ૦ અલી અ૦એ તેના જવાબમાં ફરમાવ્યું, "ઓ અબુ સુફ્યાન, તું હમેશાં ઇસ્લામ અને ઇસ્લામીઓનો કટ્ટો વેરી પુરવાર થયો છે, પણ ખચિત તું તારા વેરભાવથી ઇસ્લામનું બુરૂં કરી શકીશ નહિ.

(તારીખે અબુલફીદા.)

રવઝતુસ્સફાના કર્તા લખે છે કે "પેહલા ખલીફા હ૦ અબુબકરને અબુ સુફ્યાનની વિરૂધ્ધતા અને બંડ ઉઠાવવાની કોશીશની ખબર પડી તો (રાજ્યની સલામતી માટે) તેના દીકરા યઝીદ ઇબ્ને અબુ સુફ્યાનને શામની હુકુમત આપી અને તે પહેલા ખલીફાનો ગવર્નર થઇ શામ તરફ રવાના થયો. અબુ સુફ્યાનને જ્યારે તેના દીકરાને મળેલી પદવીની વધામણી આપવામાં આવી ત્યારે તે ઘણો ખુશ થયો અને કહ્યું કે, ખુદા અબુબકરને તેની ભલાઇનો નેક બદલો આપે.

થોડા પળો અગાઉ એજ અબુ સુફ્યાન પહેલા ખલીફાને ઉતરતા ખાનદાનનો જણાવી ખીલાફત માટે નાલાયક ઠરાવે છે

અને હ૦ અલી અ૦ને તેમનો હક્ક અપાવવા માટે મદદ કરવા તૈયાર થાય છે અને પછી તેના દીકરાને હુકુમત મળતાં પહેલાં ખલીફાની ભલાઇ માટે દુઆ કરતો જણાય છે, જેથી સિદ્ધ થશે કે તે બની ઉમય્યાનો સરદાર માત્ર ઇસ્લામને તોડી પાડવા અને રાજ્ય મેળવવા ઇરાદો રાખતો હતો. એ મુજબ પેહલા ખલીફાએ અબુ સુફયાનના દીકરા યઝીદને શામની હુકુમત આપી–પયગંબરના દુશમન–શજરે મલઉનાની ચઢતી કરી તેઓના બળમાં ઘણો વધારો કર્યો. પરીણામે મઆવીયા–ઇસ્લામનો સ્વતંત્ર બાદશાહ થઇ હ૦ અલી અ૦ અને હ૦ હસન અ૦ સામે બંડ ઉઠાવ્યું અને તેઓને શહીદ કરાવ્યા અને તે પછી યઝીદ પલીદ ખલીફા થયો અને તેના હાથો વડે કરબલાનો ભયંકર બનાવ બન્યો જેને યાદ કરી આપી ખલકત કયામતના દહાડા સૂધી રડશે.

જસ્ટીસ અમીરઅલી લખે છે કે, "પયગંબરે કેટલીક વાર હ૦ અલીને પોતાના ખલીફા બનાવવા બાબત ઇશારો કર્યો હતો પણ લોકોની મનોવૃત્તિએ વિજય મેળવ્યો અને પાછળથી એનું પરિણામ શું આવ્યું? અંદરો અંદરની લડાઇઓ સળગી ઉઠી અને ઇસ્લામને સખત હાની પહોંચી. જો એ વખતે હ૦ અલીને ખલીફા તરીકે ચુંટી લેવામાં આવ્યા હત તો મુસલમાનોમાં આ માંહોમાંહેના યુદ્ધો અને રક્તપાત ન થાત.

(અસીર કૃત હ૦ મોહમ્મદ સ૦ પેજ ૧૩૬.)

અબુ સુફયાનની જીગરખાર સ્ત્રી હિંદા.

તારીખે ઇબ્ને અસીરમાં છે કે "જ્યારે હ૦ હમઝા શહીદ થયા ત્યારે અબુ સુફયાનની સ્ત્રી હિંદા જીગરખાર (કાળજું ખાનાર) અને તેની બહેનપણીઓએ હ૦ હમઝા અને ઇસ્લામના બીજા શહીદોના હાથ, પગ વીગેરે કપાવી નાંખ્યા અને હિંદાએ એ શહીદોના કાન અને નાક એક દોરામાં પરોવીને ગળામાં હાર તરીકે પહેર્યો અને પોતાના શરીર પરનાં ઘરેણાંઓ હ૦ હમઝાના કાતીલ એક હબશી ગુલામને આપી દીધાં. એ

પછી તેણે હુમઝાનું કાળજું મંગાવી ખાઇ જવાનો વિચાર કર્યો; પરંતુ ગળી શકી નહિ ત્યારે ચાવીને નાંખી દીધું."

(અસીર કૃત હ૦ મોહમ્મદ સ૦ પેજ ૬૧.)

જરમન ફિલોસૉફર ડાકટર મોરમેન જણાવે છે કે "ઇસ્લામના ઉષઃકાળમાં બની હાશિમ અને બની ઉમય્યા વચ્ચે સખત વિરોધ રહ્યો તે એટલે સૂધી કે પયગંબરે મક્કા સર કરીને બની ઉમય્યાને પરાજિત કર્યાં. આ વખતથી બની હાશમ ચડતીની ટોંચે પહોંચ્યા. બની ઉમય્યાએ તેઓની તાબેદારી ગ્રહણ કરી લીધી છતાં તેઓના હૃદયમાં બની હાશમ તરફનો વેરભાવ જેવોને તેવો તાજોજ હતો. તેઓ પોતાનું વેર વસુલ કરવાનો કોઇ આબાદ પ્રસંગ જોઇ રહ્યા હતા અને પયગંબરની વફાત વખતે તેઓને એ પ્રસંગ મળ્યો પણ ખરો. પયગંબરનો ખલીફો વલી અહદીના સિધ્ધાન્ત પ્રમાણે મુકર્રર ન થાય એ માટે તેઓએ કોશીશ કરી અને આ રીતે તેઓએ બની હાશિમને ખીલાફતમાંથી મહરૂમ રાખ્યા.

(હ૦ મોહમ્મદ સ૦ અસીર કૃત પેજ ૧૨૩.)

બની ઉમય્યાની ચઢતી.

શરૂઆતમાં બની ઉમય્યાની સ્થિતિ કેવી કંગાળ હતી એ અમોએ શરૂઆતમાં જણાવેલ છે. એટલુંજ નહિ પણ પયગંબર સ૦ના ઝમાનામાં તેઓ હલકી પંક્તિમાં ગણાતા હતા, તે પણ વાંચકો જાણી ગયા. અબુ સુફયાન અને તેનો દીકરો મોઆવીયા તલીક વાજી બુલકત્લ હોવાથી જાન બચાવવા ખાતર મુસલમાન થયા તેથી તેઓને માફી બખશવામાં આવી હતી. પરંતુ ઇસ્લામની શત્રુવટના લીધે હકમ અને તેના દીકરા મરવાનને* દેશનિકાલ કરવામાં આવ્યો હતો એ મુજબ બની ઉમય્યાની હાલત બીલકુલ કંગાળ અને નબળી હતી.

---

* પયગંબર સ૦મે મરવાનને દેશપાર કરેલ તેને ત્રીજા ખલીફાએ મદીનામાં પ.છો લાવી પ્રધાનપદ આપી લાખોની નવાજીશ કરી તેનું ટુંક વર્ણન હવે પછી આપવામાં આવશે.

પ્રથમ તેઓની ચઢતી પહેલા ખલીફાએ અબુ સુફયાનના દીકરા યઝીદ (મોઆવીયાના વડીલ ભાઇ) ને શામની હુકુમત આપી ત્યારથી શરૂ થઇ તે પછી યઝીદ બીન અબુ સુફયાનના મરણ કેડે તેના ભાઇ મોઆવીયાને બીજા ખલીફાએ શામના ગવર્નરની પદવી આપી તેના ભાઇની જગોએ તેની નેમણુંક કરી તેથી શામના પ્રગણામાં બની ઉમય્યાઓએ સંપૂર્ણપણે સત્તા જમાવી લીધી.

ત્રીજા ખલીફા હ૰ ઉસમાનના જમાનામાં દોલતની કમી હતી તે પણ પુરી થઇ અને તેથી બની ઉમય્યાઓએ પુષ્કળ ધન મેળવી પોતાનું સૈન્યબળ ખુબ મજબૂત કરી લીધું અને એ પ્રમાણે તેઓ હવે ચઢતીની ટોચે પહોંચવા લાગ્યા.

જસ્ટીસ અમીરઅલી લખે છે કે "બની ઉમય્યાના કબીલામાંથી ઉસ્માન બિન અફફાનની* (ખલીફા તરીકેની) ચુંટણી કરવામાં આવી. એમની ચુંટણી આખરે ઇસ્લામની બરબાદીના કારણ રૂપ સિધ્ધ થઇ. હ૰ ઉસમાન જો કે ભલા માણસ હતા પરંતુ વયોવૃધ્ધ અશક્ત અને કાચા નિશ્ચયવાળા હતા અને રાજ્ય વ્યવસ્થા માટે તો કોઇ પણ રીતે યોગ્ય નજ હતા. ઉમય્યાવાળાઓની મનોવૃત્તિ પ્રમાણે તેઓ બહુજ જલદી પોતાના કૌટુંમ્બિક અસરમાં જકડાઇ ગયા. તેઓ પોતાના સેક્રેટરી મરવાનની આજ્ઞાનું લેશ માત્ર પણ ઉલંઘન કરી શકતા ન હતા. મરવાન બની ઉમય્યામાં બહુજ કુચારિત્ર્યમાન હતો અને પયગંબરના ઝમાનામાં તેને કરાર ભંગના અપરાધ માટે દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

(અસીર કૃત હ૰ મોહમ્મદ સ૰ પેજ ૧૪૯.)

અલ્લામા મસઉદી લખે છે કે "રાજ્યાસનપર બિરાજતાંજ ઉસમાન પોતાના કાકા હકમબીન અબિલઆસ મરવાન બિન હકમ અને બની ઉમય્યાના બીજા લોકોને જેઓને પયગંબરના ઝમાનામાં દેશનિકાલ કરવામાં આવ્યા હતા તેઓને પોતાની પાસે મદીનામાં બોલાવી લીધા, તેમજ ઉસમાને જે લોકોને

* ઉસમાન બીન અફફાન બીન અબિલઆસ બીન ઉમય્યા.

ગવર્નર બનાવ્યા તેઓમાં એમને ભાઇ વલીદ બીન અકબા હતો જેના જહન્નમી હોવાની ખબર પયગંબરે આપી હતી. વલીદ કુફાને ગવર્નર હતો અને રાત દીન શરાબ પીવામાં ગુલતાન રેહતો અને જ્યારે મોઅઝિઝન નમાઝ માટે વલીદને જાગૃત કરતો ત્યારે તે નશાની સ્થિતિમાં મસજીદમાં જઇને સ્હવારની નમાઝ બે રક્ત બદલ ચાર રક્ત પડાવતો અને કહેતો કે "કહો તો બે રક્ત હજી વધારે પડાવી દઉં" એવું પણ કહેવામાં આવે છે કે વલીદ નમાઝની સ્થિતિમાં સીજદામાં જઇને કહેતો હતો કે "પી અને મને પણ પા" અને એથી એક દિવસે એની પાછળ નમાઝ પડનારાઓએ કહ્યું "કમ્બખત! અમને તારા પર તો આશ્ચર્ય નથી થતું, પરંતુ જેણે તને અમારા પર ગવર્નર બનાવીને મોકલ્યો છે તેના ઉપર આશ્ચર્ય થાય છે.

(અસીર કૃત હ૦ મોહમ્મદ સ૦ પેજ ૧૫૦.)

હ૦ ઉસ્માને મુસલમાનોના બયતુલ માલની રકમ પોતાના સગાસ્નેહિઓમાં (બની ઉમય્યામાં) છુટે હાથે વ્હેંચી તેઓને તવંગર બનાવ્યા. આફ્રીકાની મેહસુલની રકમ તથા બાગે ફિદક મરવાનના નામે લખી આપી. આ એજ બાગે ફિદક છે જેના માટે પેહલા ખલીફાએ પયગંબરની પવિત્ર પુત્રિ હ૦ ફાતેમા અ૦નો લેખિત પુરાવા સહીત રજુ થયલો દાવો એમ કહી કાઢી નાખ્યો કે પયગંબરની (અંગત) મીલકત ઉપર તેઓના વારસોનો હક્ક થતો નથી અને પયગંબરની કુલ્લે મિલકત ઉપર સામાન્ય મુસલમાનોનો હક્ક થાય છે.

મુહાઝિરાતે રાગીબના કર્તા લખે છે કે "હ૦ ઉસમાને પોતાના કાકા હકમ બિન અબિલ આસને* બયતુલ માલમાંથી એક લાખ દિરહમ અને મહઝુસનું બજાર આપ્યું."

ઇબ્ને કતીબા લખે છે કે "અબ્દુલ્લા બીન ખાલીદને બયતુલ માલમાંથી ચાર લાખ દિરહમ આપવામાં આવ્યા" એ

---

* મદીનાથી દેશપાર થયલા મરવાનનો બાપ.

જોઇને અબદુલ્લા ઇબ્ને મસઉદ સહાબીએ હ૦ ઉસમાનને કંઇ કહ્યું તેથી ગુસ્સે થઇ હ૦ ઉસમાને તેને એવો માર માર્યો કે તેની પાંસળીનાં બે હાડકાં ભાંગી ગયાં.

શાહ અબદુલ અઝીઝ લખે છે કે "હ૦ ઉસમાનના પિત્રાઇ ભાઇ અને જમાઇ અબદુર્રેહમાન બીન અવફ મરણ પામ્યો ત્યારે તે અખૂટ દોલત મૂકી ગયો. તેની ચાર સ્ત્રીઓ હતી અને એ ચારે સ્ત્રીઓનો કુલ હક્ક તેની મીલકતનો આઠમો ભાગ થતો હોવાથી એ આઠમા ભાગના ચોથા હિસ્સા મુજબ ફક્ત એંસી હજાર દિરહમ તેની એક સ્ત્રીને મળ્યા.

પેહલા ખલીફાના જમાઇ ઝુબયરની દોલતના બારામાં લખે છે કે, "તેની સ્થાવર મિલ્કત બસરા, કુફા, મિસર, અને ઇસકંદરિયામાં હતી. એ શિવાય તેના માર્યા ગયા બાદ તેના ઘરમાંથી પચાસ હજાર સોનાના સિક્કા નીકળ્યા અને હજાર ઘોડા, હજાર કનીઝો અને ગુલામ હતા. તેની કુલ્લે મિલ્કતની કીંમત (હાલના હિસાબ મુજબ) પાંચ કરોડ રૂપિયા જેટલી થતી હતી.

પેહલા ખલીફાના જમાઇ તલહાની દોલત માટે લખે છે કે "તેનાં ખેતરો ઇરાકમાં હતાં, તેમાં અનાજની દઇનીક ઉપજ એક હજાર દિરહમની હતી."

તારીખે તીબ્રીની બીજી જીલ્દ પેજ ૮૬ માં તેના કર્તા લખે છે કે, "હિજાઝમાં બીજા ખલીફાની માલેકીની એક જમીન હતી, જેની વાર્ષિક આવક ચાલીસ હજાર દીનાર (લગભગ બે લાખ રૂપીયા) થતી હતી."

તારીખે ઇસ્લામની ત્રીજી જીલ્દના પેજ ૧૨૮ માં લખે છે કે "આફ્રીકાની મેહસુલ પચીસ લાખ, ખુમસની રકમ હ૦ ઉસમાને મરવાનને પાંચ લાખમાં ઉધડી આપી હતી તેમાંથી પણ બીજા એક લાખની મુકાણ કરી આપી."

બની ઉમય્યાની ચઢતી નાણાની રેલછેલ અને તેઓની બદલાયલી સ્થિતિની ખાત્રી કરાવી આપવા ઉપર ટાંકેલા થોડા દાખલા બસ થશે. એ સઘળું ખુલફાઓની દર્યાદીલી અને સખાવતને આભારી હતું.

ઇસ્લામના મહાન પયગંબર અને સ્થાપક બન્ને જહાનનાં સરદાર જેમના પ્રતાપથી નિર્ધન આરબોની ચઢતી થવા પામી હતી તેઓ શહેનશાહતનો ઓહદો ધરાવવા છતાં કેવી સાદી જીંદગી ગુજારતા હતા તેનું અવલોકન કરાવી સિધ્ધ કરાવી આપવા માંગીયે છીયે કે, તેઓ પૃથ્વી પર માત્ર રાજ્ય કરવા ન્હોતા આવ્યા બલકે તેઓ ખુદાના મોકલેલા પયગંબર હતા અને પાક ઇસ્લામ મઝહબ તૌહીદનું શિક્ષણ આપવા આવ્યા હતા.

નીચે અમે જોન ડેવનપોર્ટના શબ્દો રજુ કરીએ છીયે.

"As a friend and a parent, he exhibited the softest feeling of our nature: but while in possession of the kind and generous emotions of the heart, and engaged in the discharge of most of the social and domestic duties he disgraced not his title of an Apostle of God with all that simplicity, which is so natural to a great mind he performed the humbler offices whose homeliness it would be idle, to conceal with pompus diction ; even while Lord of Arabia, he mended his own shoes, and coarse woollen garment milked the ewes, swept the earth and kindled the fire and dates and water, were his usual fare, and milk and honey his luxuries. When he travelled he divided his morsels with his servants."

"એક મિત્ર અને પિતા તરીકે એમણે આપણા સ્વભાવની કોમળમાં કોમળ લાગણીઓનું પ્રદર્શન ઠરાવ્યું; પરંતુ અંતરની લાગણીઓ ધરાવતા હોવા છતાં અને ઘણી ખરી સામાજીક અને કૌટુમ્બીક ફરજો બજાવવામાં મશગુલ હોવા છતાં તેમણે પોતાને પ્રાપ્ત થયલ ઇશ્વરી પયગંબરનાં પદને ક્યારેય હલકું પાડયું નહિ. મહાન્ હૃદયી લોકોને સ્વભાવિક એવી એ સરળતા સાથે તેઓ સામાન્ય પદ્ધિનાં કાર્યો કરતા—જેની સામાન્યતા ભપકબંધ વાકયરચના મારફતે સંતાડવી નિરર્થક થશે. તેઓ અરબસ્તાનના શહેનશાહ હતા, ત્યારે પણ તેઓ

પોતાના જોડા અને ઉનનાં જાડાં વસ્ત્રો પોતાના હાથે સાંધતા, મેંઢીઓને દોહતા, જમીન ઉપર ઝાડુ દેતા અને આગ સળગાવતા. તેઓનો સામાન્ય ખોરાક ખજુર અને પાણીનો હતો. દુધ અને મધનો ક્યારેક સ્વાદિષ્ટ વસ્તુઓ તરીકે ઉપયોગ થતો. તેઓ જ્યારે પ્રવાસ કરતા ત્યારે પોતાના ગુલામ સાથે જમતા.

(હ૦ મોહમ્મદ સ૦ અસીર કૃત પેજ ૧૧૩.)

એમનાજ પગલે ચાલનાર એમના પિત્રાઇ ભાઇ, જમાઇ અને વસી હ૦ અલી અ૦ જ્યારે જાહેર ખલીફા અને ઇસ્લામના શહેનશાહ હતા ત્યારે પણ એમણે એવુંજ સાદું જીવન ગાળ્યું છે.

"પહેલવહેલા જ્યારે ઇસ્લામના શહેનશાહ કુફાની મસ્જીદમાં ખુત્બો પઢવા માટે દાખલ થયા ત્યારે ત્યાં ભેગા થયલા લોકોએ એમને આગળ વધવાની જગા ન આપી. કેમકે, એમના શરીર ઉપર એક પહેરણ હતું જેના પર ખજુરીની છાલનાં થીગડાં લાગેલાં હતાં. માથા પર એક જુની પાઘડી હતી. આ પોષાકે શહેનશાહ પોતાનો શાહી ખુત્બો પઢવા ગયા હતા. કોઇએ પુછ્યું "યા અલી! આપની એટલી બધી સાદાઇનું રહસ્ય શું છે?" એમણે જવાબ આપ્યો "એટલા માટે કે શ્રીમંતો એ જોઇને સાદાઇ ગ્રહણ કરે અને ગરીબોને આશ્વાસન* મળે કે તેઓનો બાદશાહ પણ તેઓનાજ જેવો છે."

(અસીર કૃત હ૦ મોહમ્મદ સ૦ પેજ ૧૯૪.)

એમના જમાઇ અબ્દુલ્લાહ ઇબ્ને જાઅફરને એક વાર ઘોડો ખરીદવાની જરૂરત પડી, પણ એમના પાસે પૈસા ન હતા. પોતાની નિર્ધનતા અને જરૂરત રજુ કરીને એમણે હ૦ અલીને એ માટે વિનંતિ કરી. હ૦ અલીએ એ વાત વ્હેચણી દિવસ ઉપર મુલતવી રાખી. જ્યારે જ્યારે અબ્દુલ્લાહ બહુજ આગ્રહ કરવા લાગ્યા ત્યારે હ૦ અલી અ૦ બોલ્યા "મેં મારી લાચારી તમોને દર્શાવી દીધી છે. હવે તો ચોરીનોજ

* દિલાસો.

એક ઇલાજ બાકી છે." આ સાંભળી અબ્દુલ્લાહ ચુપ થઇ ગયા અને પછી કયારેય એવી કોઇ માંગણી કરી નહિ."

(અસીર કૃત હ૦ મોહમ્મદ પેજ ૧૮૯.)

હ૦ અલી અ૦ ખેતરમાં પાણી નાખતા અને તે મેહનતના બદલ મેળવેલ ધનથકી એક સોહ ગુલામો ખરીદ કરી અઝાદ કર્યા. એમનો સાદો ખોરાક જવની રોટલી અને નીમકનો હતો. ઘરના કામકાજમાં હ૦ ફાતેમા અ૦ને સ્હાય થતા, બજાર લાવતા, અને બાળવાનાં લાકડાં જંગલમાંથી કાપીને લાવતા હતા.

હ૦ રસુલ સ૦ અને એમના વસી હ૦ અલી૦ અ૦ની નજરમાં માત્ર અલ્લાહુની રઝામંદી અને દીને ઇસ્લામનો ફેલાવો કરવા શિવાય કંઇ ન હતું, અને તેમના હાથમાં જે કાંઇ આવતું તેની સરખી વ્હેંચણી મુસલમાનો વચ્ચે કરતા અને બીજાઓની માફક પોતાના માટે એક હિસ્સાથી વધુ કદી પણ ન લેતા એમાંથી પણ તેઓ મુસલમાન ફકીરોને ભાગ આપતા હતા.

બની ઉમય્યાનો પહેલો બાદશાહ મોઆવીયા ઇબ્ને અબુ સુફયાન.

પહેલા ખલીફાના ઝમાનામાં મોઆવીયાના ભાઇ યઝીદ ઇબ્ને અબુ સુફયાનને શામની હુકુમત મળી. તેને સ્હાય થવા માટે મોઆવીયા પણ શામ તરફ ગયો અને યઝીદના મરણ પછી મોઆવીયા શામનો ગવર્નર થયો.

આથી બની ઉમય્યાની ચઢતી થવા લાગી. મોઆવીયાએ એ પ્રાંતોમાં પોતાની સંપૂર્ણ સત્તા જમાવી લીધી. બની ઉમય્યા નિર્ધન અને હલકી પંક્તીના હતા. હવે તેઓને શામની હુકુમત મળી. એ લોકો પાસે એક દોલતની જે કમી હતી તે હ૦ ઉસમાન ત્રીજા ખલીફા (બની ઉમય્યાના પહેલા બાદશાહ) ના ઝમાનામાં એ કમી પણ પુરી થઇ પુષ્કળ નાણું મેળવીને એ લોકોએ પોતાનું બળ વધાર્યું. પરિણામે મોઆવીયા

હ૦ અલી અ૦ની સામે થઇ લડયો અને હ૦ ઇમામ હસન અ૦નો હક છીનવી ઝેર પાઇ શહીદ કર્યા.

હ૦ ઇમામ હસન અ૦ સાથે કોલકરાર કરી ખીલાફતની લગામ હાથમાં લેતાંવાર મોઆવીયાએ કુફાની જામે મસ્જીદમાં લોકોને આ શબ્દો સંબોધ્યા, "તમે અત્યાર સૂધી અમારાથી વેરભાવ રાખી સામે થતા રહ્યા, હવે તમે અમારા તાબામાં અને અમારી સત્તા હેઠળ આવ્યા છો. તમને લાઝીમ છે કે તમારી એ ગેરવર્તણુંક માટે અમારી કને માફી ચાહો, મેં તમારી સાથે (હ૦ ઇમામ હસન સાથે કરેલ સુલેહ વખતે) જે જે શરતો કરી છે, તે આજે રદ કરવામાં આવે છે અને જે જે વચનો મેં આપ્યાં છે, એનું પાલન મારા હાથમાં છે. મારી મરજી મુજબ અને મને યોગ્ય જણાશે તે મુજબ હું અમલ કરીશ જેથી તમારી ફરજ છે કે મારી તાબેદારીમાં રહો."

(તારીખે આસમે કુફી.)

મોઆવીયા સંબંધી જસ્ટીસ અમીરઅલી લખે છે કે, "મોઆવીયા હુશયાર કંજુસ પરંતુ જરૂરત વખતે બહુ ઉદાર, જાહેરમાં ધાર્મિક ફરમાનો મુજબ અમલ કરનાર, પણ પોતાના લાભ અર્થે ખુદાના હુકમોની દરકાર ન કરનાર હતો."

મોઆવીયાની બેદીની.

રાગેબે ઇસફહાની મોહાઝેરાતમાં લખે છે "મોઆવીયાનો મૂળ હેતુ પોતાની મતલબ સાધવામાંજ સમાયલો હતો. પછી ગમે તો હલાલ રસ્તે કે હરામથી હોય. તેને દીને ખુદાની જરાએ દરકાર ન હતી અને તે ખુદાના ગઝબથી લેશમાત્ર ડરતો ન હતો."

હ૦ રસુલે ખુદા સ૦ મેં ફરમાવ્યું "જ્યારે તમો મોઆવીયાને મારા મીંબર ઉપર જુવો તો તેને કત્લ કરી નાખજો."

(ફીરદોસે વયલમી–કુનુઝુલ હકાઇદ.)

મોઆવીયાની શરાબખોરી.

અબદલ્લા ઇબ્ને બુસદા બયાન કરે છે કે "એક દિવસ હું મારા પિતા બુસદા સાથે મોઆવીયાની કચેરીમાં ગયો. તેણે

અમોને માનથી બેસાડયા અને તે પછી જમણુ મંગાવી અમારી સારી ખાતરદારી કરી. ત્યાર પછી શરાબ મંગાવી તેમાંથી પોતે પીધું અને મારા પિતાને એક જામ આપી પીવાને કહ્યું. મારા પિતાએ તેને કહ્યું કે મેં તે દિવસથી શરાબ પીવાનું તજી દીધું છે જ્યારથી હ૦ રસુલે ખુદા સ૦મે તેની હુરમત જાહેર ફરમાવી." (મસનદે ઇમામ અહમદે હંબલ જીલ્દ પાંચમી.)

મોઆવીયાનું ગાવું બજાવવું.

અબુ હુરેરા નકલ કરે છે "એક દિવસે હું હ૦ રસુલે ખુદા સ૦ની ખીદમતમાં હાજર થયો એટલામાં આપે કોઇનો ગાવાનો અવાજ સાંભળતાં ફરમાવ્યું, "જુઓ, શું હકીકત છે?" હું ઘરના કોઠા ઉપર ચઢયો અને નજર કરવાથી જણાયું કે મોઆવીયા અને અમરઆસ ગાનતાનમાં મશગુલ છે. ત્યાંથી પાછો ફરી હઝરતને જણાવ્યું તેથી આપે ફરમાવ્યું "ખુદાયા આ બંને જણાને ઉંધે મોઢે ફીતનામાં ગરક કર અને તેઓને દોઝખમાં જગો આપ."

(મુસનદે અબુઅલી.)

મોઆવીયાની અદાવત.

જ્યારે મોઆવીયા મદીનામાં આવ્યો ત્યારે હ૦ ઉસમાને મદીનાના લોકોની અવળાઇની શીકાયત કરી. તેણે કહ્યું "મને તે લોકોની ગરદન ઉડાવી દેવાની રજા આપો." હ૦ ઉસમાને પુછયું "કેવા લોકોની ગરદન ઉડાવવાની રજા માંગે છે?" તેણે કહ્યું "તલહા-ઝુબેર અને હ૦ અલી અ૦ અને તેના ચાહકોની." હ૦ ઉસમાને કહ્યું, "સુબ્હાનલ્લા! શું તું એમ ચાહે છે કે પયગંબરના સહાબીઓને વગર કારણે કપાવી નાખું?" મોઆવીયાએ કહ્યું કે "જો તમો તેઓને કત્લ નહિ કરશો તો તેઓ તમોને કાપી નાખશે."

(અલ ઇમામતુ-વસ્સીયાસહ ઇબ્ને કતીબા.)

જયારે હ૦ ઉસમાને જોયું કે મદીના અને મીસરના લોકો તેની સામે બંડ ઉઠાવવાની હીલચાલ કરી રહ્યા છે સો

શામના ગવર્નર મોઆવીઆને કાગળ લખી રવાના કર્યો તેમાં તેણે લખેલું હતું કે "મદીનાના લોકો કાફર થઇ ગયા અને તેઓએ મારી તાબેદારી મુકી આપી અને મારી તબીયત તોડી નાંખી છે. માટે તમો મારી મદદ માટે શામની જંગી ફોજ સાથે જલદી આવી પહોંચો." હ૦ ઉસમાનનો કાગળ મોઆવીયાને મળ્યો, પણ તે હ૦ ઉસમાનના મરણની રાહ જોતો શામમાંજ રહ્યો અને પયગંબરના સહાબીઓની વિરૂધ્ધતા તેને ગમી નહિ.

(તારીખે તબરી–તારીખે આસમેકુફી.)

નોટ:–હ૦ ઉસમાન પોતાના ગવર્નરને મદદ માટે બોલાવે છે પણ મોઆવીયા તેને હલાક થવા આપે છે અને તેના મરણની રાહ જુવે છે, પણ હ૦ ઉસમાન મદીનાના લોકોના હાથે માર્યા ગયા તે પછી તેના ખૂનનો બદલો લેવા માટે મદીના ઉપર ચઢાઇ લઇ જાય છે જેથી ખાત્રી થાય છે કે તે માત્ર સ્વતંત્રપણાથી રાજ્ય ભોગવવા માટે હ૦ ઉસમાનના મરણની રાહ જોતો હતો અને એજ મુદ્દાથી હ૦ અલી અ૦ના વિરૂધ્ધમાં શામના જંગલી મુસલમાનોને હ૦ ઉસમાનના ખૂનનો બદલો લેવાના બહાનાથી ઉશકેરી હ૦ અલી અ૦ની સત્તા નબળી પાડી પોતાની સત્તા જમાવવાનો ઇરાદો કર્યો હતો.

અબુલ ફીદા ઇતિહાસકાર લખે છે "હ૦ ઉસમાનના મરણ બાદ નેઅમાન બીન બશીર તેનું લોહીથી ખરડાયલું પહેરણ લઇ શામ તરફ મોઆવીયા આગળ ગયો અને મોઆવીયાએ તે લોહીથી રંગાયલું પહેરાણ મીંબર ઉપર ટાંગી દીધું જેથી શામના લોકો હ૦ અલીની સામે થઇ લડવા માટે તૈયાર થાય.

મુસ્લીમ ઇબ્ને કતીબા લખે છે કે "એક વખતે ઉમરઆસે–મોઆવીયાને કહ્યું કે, આપણને સઝાવાર નથી કે ઉસમાનની ચર્ચા કરીએ. મોઆવીયાએ તેનું કારણ પુછતાં ઉમરઆસે કહ્યું કે ઉસમાને તમારી મદદ માંગી હતી અને તમારા કને શામની ફોજ હોવા છતાં તમોએ તેની મદદ ન કરી અને ઉપરે તમોએ એટલી ઢીલ કરી કે તેઓ માર્યા ગયા અને હું

તો તેને પ્રીતના અને ફસાદમાં ઘેરાયલો જોઇ ફીલસતીન તરફ ચાલતો થયો." મોઆવીયાએ તેને કહ્યું કે, "હવે આવી વાતો કરવામાં લાભ નથી. મારી તાબેદારી સ્વિકાર-અને બયઅત કર." તેણે કહ્યું કે, "ખુદાની કસમ હું પુરી કીંમત મેળવ્યા વગર મારા દીન અને ઇમાનને મફત ખોઇશ નહિ." મોઆવીયાએ કહ્યું કે, તારૂં કહેવું અક્ષરે અક્ષર ખરૂં છે માટે જે તારી ઇચ્છા હોય તે કહી દે. તેણે મીસરની હુકુમતની માંગણી કરી જે મુઆવીયાએ ફરાખ દીલથી કબુલ કર્યું."

એક વખતે હ૦ ઇમામ મુહોમ્મદ બાકર અ૦મે ફરમાવ્યું "અમો એહલેબયતને સદા સતાવવામાં આવ્યા, અમારા ઉપર અનેક પ્રકારના સીતમ ગુજારવામાં આવ્યા, અમોને તજી દેવામાં આવ્યા, અમોને મહરૂમ રાખ્યા અને અમોને કત્લ કરવામાં આવ્યા. અમો બીક અને ધાસ્તી વચ્ચે જીંદગી ગુજારી. અમને અને અમારા દોસ્તોની ખૂનરેઝીથી કોઇ કાળે અમાન ન મળી. તક જોઇ મુનાફીકોએ અમારા નામથી બનાવટી હદીસો ઘડી કાઢી અને તે થકી એ લોકોએ પોતાના સરદારોનો રાજીપો મેળવ્યો. અમારી અદાવતને તે લોકોએ પોતાના સીનામાં મજબૂત કરી રાખી. મોઆવીયાના ઝમાનામાં હ૦ ઇમામ હસનની વફાત બાદ અમારી મુસીબતોમાં ઘણો વધારો થયો. અને અમારી હાલત વધુ ખરાબ થઇ, દરેક મુલકોમાં અમારા શીઆ અને દોસ્તોની કત્લ ચાલુ થઇ (તેઓના દીલોમાં અમારી મોહબ્બત હોવાની શંકા ઉપરથી) તેઓના હાથ પગ અને શરીરના અવયવો કાપી નાખવામાં આવતા. તેઓને બંદીવાન બનાવવામાં આવતા. તેઓની માલ મીલકત લુંટી લેવામાં આવતી અને તેઓનાં રહેવાનાં મકાનો તોડી પાડવામાં આવતાં હતાં.

(શરહે નહ્જુલ બલાગા ઇબ્ને અબીલ હદીદ કૃત.)

અબ્દુલ ફરીદયનમાં લખે છે કે "મોઆવીયા મુસલમાનો પાસેથી હ૦ અલી અ૦ની દુશમની કરવાની શરતે બયઅત લેતો હતો."

અબુલ ઉસમાન જાહેઝ પોતાની કીતાબ 'અર્રદ્દુ અલલ ઇમામીય્યહ' માં લખે છે કે મોઆવીયા પોતાના ખુત્બામાં કહેતો

હતો (નકલે કુફર કુફર નબાશદ) "ખુદાબંદા અબુતુરાબ (હ૦ અલી અ૦) તારા ધર્મથી ફરી ગયો છે અને લોકોને ઉંધે રસ્તે ભટકાવ્યા તેથી તેના ઉપર...............કર અને તેને સખ્ત અઝાબમાં નાખ (ખુદા લાઅનત કરે એના ઉપર કે જે સઘળા–મુઅમીનોના સરદાર, પયગંબરના જમાઇ ખલીફા અને જાનશીનના હક્કમાં આવાં વેણ કાઢે.)"

એજ કીતાબમાં લખે છે કે "લોકો મોઆવીયાને કેહતા હતા કે તારી મુરાદ બર આવી અને તને સ્વતંત્ર રાજ્ય મળ્યું માટે હ૦ અલી અ૦ને બુરૂં બોલવાનું છોડી દે. તેણે જવાબમાં કહ્યું "ખુદાના કસમ કદી પણ નહિ! (હું એજ મુજબ તેમને બુરૂં બોલતો રહીશ) જ્યાં સૂધી કે એજ શિક્ષણ ઉપર બાળકો મોટાં થાય અને જવાનો ઘરડા થાય અને કોઇ પણ માણસ તેમની ફઝીલત બયાન કરનાર બાકી ન રહે."

સર જોસફ આરનોલ્ડ મશહુર આગાખાન કેસમાં કહે છે કે, the solemn cursing of Ali however was continued long after the accession to power of the Sunni line of the Abbaside Caliphs. The successors of Ommeiads (see Gibbon's Decline & Fall C. 52) અલી ઉપરે લાનત કરવાનું કામ સુન્ની વંશના બની ઉમય્યા પછી ખીલાફત પર આવનાર બની અબ્બાસીઓ સૂધી ઘણા લાંબા વખત સૂધી ચાલુ રહ્યું હતું.

મોઆવિયા મુસલમાન ન હતો.

મુતરિફ બીન મુગેરા બીન શોઅબા નકલ કરે છે કે, મોઆવીયાની બાદશાહીના ઝમાનામાં હું મારા પિતા મુગેરા સાથે શામ તરફ ગયો. મ્હારો પિતા મુગેરા અવારનવાર મોઆવીયાની કચેરીમાં જતો હતો, જ્યારે તે કચેરીમાંથી પાછો ફરતો તો મોઆવીયાની ચાલાકી અને સખાવતનાં ગીત ગાતો અને તેનાં બેહદ વખાણ કરતો. એક દિવસ મેં જોયું કે મારા પિતા મોઆવીયાની કચેરીથી ઘણા ઉદાસ થઇને આવ્યા અને હંમેશના નિયમ મુજબ તેના બારામાં કાંઇ પણ કહ્યા વગર ચુપચાપ ગમગીન બેસી રહ્યા અને રાત્રે કાંઇ ન ખાધું અને

એમજ સુઇ જવાની તૈયારી કરી તેથી મેં પુછ્યું કે, આજે શા માટે આટલા ઉદાસ છો? મારા પિતાએ મને કહ્યું બેટા હું તે શયતાન બેદીન મોઆવીયા કને ગયો હતો અને તે બેઇમાન કનેથી એવી વાતો સાંભળી કે જેથી મને બીલકુલ ચયન નથી. હું તો તેને ચાલાક અને ખેરખાહ સમજતો હતો તેથી તક જોઇ મેં તેને કહ્યું, "ઓ મોઆવીયા તને ખીલાફત સાથે બાદશાહત મળી અને તારી દરેક મુરાદે પહોંચ્યો. હવે તું ઘરડો થયો માટે તારા છેલ્લા દિવસોમાં બની હાશમ તરફ દયા અને રહમની નજર કરી તેઓ સાથે સીલે રહમ કર. તેઓના કને એવી કોઇ પણ સત્તા અગર દોલત નથી કે જે વડે તારી સામે થઇ શકે, માટે તેઓની તંગદસ્તી દૂર કરી તેઓને મદદ કર. બની હાશમ તારા કુટુંબી છે અને તેઓને મદદ કરવાથી તારી નેકનામી રહી જશે અને ખુદા અને રસુલ રાજી થશે."

આ સાંભળી મોઆવીયાએ કહ્યું, ઓ મુગેરા, કોનું નામ દુન્યામાં રહ્યું છે કે મારૂં નામ બાકી રહી જશે? તું જો કે પહેલા અને બીજા ખલીફા પોતાની મરજી મુજબ વર્તી રાજ્ય ભોગવી ચાલતા થયા. આજે તેઓને કોણ યાદ કરે છે? હા, અગર તને જાણવું હોય કે કોનું નામ બાકી રહ્યું છે તો સાંભળ કે બની હાસમના પયગંબરે પોતાનું નામ એવી રીતે દુન્યામાં મશહૂર કર્યું છે કે ખુદાના નામ સાથે પોતાનું નામ મેળવી નાંખ્યું. તવહીદમાં લાઇલાહ ઇલ્લલ્લાહ પછી પોતાનું નામ "મોહમ્મદુન રસુલુલ્લાહ" જોડી દીધું. અઝાનમાં પણ દિવસમાં પાંચ વખત દુન્યાની દરેક મસ્જીદોમાં "અશહદો અન્ન મુહમ્મદુન રસુલલ્લાહ" પુકારવામાં આવે છે અને તે કયામતના દહાડા સૂધી જોડાયલું રહેશે તો એમના નામ શિવાય બીજા કોઇનું નામ શા આધારે રહી શકે?

ઓ મુગેરા આપણે એક દિવસે કબરમાં દફન થઇ જશું તે સાથે આપણું નામ પણ સદા માટે દટાઇ જશે. માટે બનિ હાશમોની જે આ હાલત છે એજ ઠીક છે."

(કીતાબે મવફફિયાત;)

અખબારૂલ મુલુકમાં લખે છે કે, "અહુમદ બીન તાહુર બયાન કરે છે કે મોઆવીયાએ એક દિવસે અઝાનમાં હ૦ રસુલે ખુદાનું નામ સાંભળ્યું તો બોલ્યો, "એ અબદલ્લાના ફરઝંદ તારી હિમ્મત હદ ઉપરાંત હતી કે તેં તારૂં પોતાનું નામ ખુદાના નામ સાથે જોડયું." આથી મોઆવીયા પયગંબર ઉપર જરા પણ ઇમાન રાખતો ન હતો એ સ્પષ્ટ જણાય છે."

મોઆવીઆનું ખોટી હદીસો કહેનારને ઇનામ આપવું.

નસાએહે કાફીયામાં લખે છે કે, "મોઆવીયા સ્વતંત્ર ખલીફા થયો તે પછી તેણે પોતાના ગવર્નરો જોગ એક ફરમાન મોકલ્યું કે જો કોઇ માણુસ અબુતુરાબ (હ૦ અલી અ૦) અથવા તેમના ખાનદાનની કોઇ ફઝીલત બયાન કરે તો તેનું ખૂન હલાલ છે અને તેના માટે સલામતી નથી. તેથી દરેક જગોએ ખતીબો ખુલ્લી રીતે પોતાના ખુત્બામાં હ૦ અલી અ૦ને બુરૂં બોલતા હતા.

તે પછી મોઆવીયાએ પોતાના ગવર્નરોને એ હુકમ આપ્યો કે કોઇ પણ અલીના શીઆની સાંખ કબૂલ ન રાખવી અને જે કોઇ ત્રીજા ખલીફા ઉસમાનની ફઝીલત બયાન કરે તેને ઇનામ આપી રાજી રાખવો અને દરેક પ્રકારે તેની ચઢતી કરવી અને એવા લોકોના નામનું એક રજીસ્ટર રાખી તે રજીસ્ટર ખીલાફત નગર (શામ) મોકલી આપવું.

આ પ્રમાણે હુકમ મળતાં ચોમેરથી લોકો ત્રીજા ખલીફાની હદીસો ઘડી કાઢી મોઆવીયા કને લઇ જતા હતા અને મોઆવીયા તેઓને દરેક હદીસના બદલામાં એકેક સોના મ્હોર આપતો. તે ઉપરાંત તેઓને ઇનામ તથા જાગીરો આપતો. ઢગલાબંધ હદીસોથી અને ઇનામ આપવાથી મોઆવીયાએ કંટાળીને ત્રીજું ફરમાન કાઢયું કે, "ત્રીજા ખલીફાની ફઝીલતની હદીસો બેહદ થઇ પડી માટે હવે બીજા બે ખલીફા અને સહાબીઓની ફઝીલતની હદીસો ઘડી કાઢો અને અમારી

કચેરીમાં હાજર કરો. કેમકે, તમાંજ મારી ખુશહાલી સમાયલી છે અને હ૦ અલીના બારામાં જેટલી હદીસો કહેવામાં આવી છે એનેજ લગતી હદીસો બે ખલીફાઓ અને અસહાબોના બારામાં કહો."

તે પછી એક બીજો હુકમ બાહેર પાડવામાં આવ્યો કે, "જે કોઇ હ૦ અલીની ફઝીલત બયાન કરશે તેને રાજ્ય તરફથી કાંઇ પણ આપવું નહિ, એટલુંજ નહિ પણ તેને સખતમાં સખત સજા કરો, તેના ઘરને સળગાવી મૂકો."

મી૦ ઓસ્બોર્ન લખે છે કે, "મક્કાર-દગાબાજ-બેરહમ મોઆવીયા બની ઉમય્યાનો પહેલો બાદશાહ રાજ્ય મેળવવાના ઉમંગમાં દરેક પ્રકારના જુલમો કરવામાં તેણે જરાએ કમી કરી ન હતી. પોતાના વિરોધીઓને તોડી પાડવા અને તેઓનો નાશ કરવા માટે કત્લે આમ ચલાવવાની તેને ટેવ પડી ગઇ હતી. પયગંબરના નવાસા હ૦.ઇમામે હસનને તેણે ઝેર પાઇ શહીદ કરાવ્યા અને હ૦ અલી અ૦ની ફોજના સરદાર માલેકે ઉશતરને પણ (ઝેર પાઇ) એવાજ હાલે મરાવ્યા. માત્ર પોતાના દીકરા યઝીદને બાદશાહત અપાવવા માટે તેણે ઇમામ હુસન અ૦ સાથે કરેલ કરારનામું બાતલ કરી વચન ભંગ કર્યો."

તારીખે રવઝતુલ મુનાઝેરમાં લખે છે કે, "ઇમામે શાફઇ કેહતા હતા કે મોઆવીયા-ઉમરઆસ અને મુગેરા એવા લોકો છે કે જેઓની ગવાહી (સાંખ) કબૂલ કરવા લાયક નથી."

ઇમામ હસન સાથે બદઅહદી.

તારીખે ઇબ્ને વાઝેહમાં લખે છે કે, "હ૦ અલી અ૦ની વફાત બાદ કુફાના લોકોએ હ૦ ઇમામ હસનની બયઅત કરી અને જે પછી ઇમામ હસન અ૦ મદાઇનમાં જઇને રહ્યા. મોઆવીયાએ એવી ચાલબાજી ગોઠવી કે પોતાના એક જાસુસને મદાઇન મોકલી તેના થકી એવી અફવા ઉડાવી કે ઇમામ હસનની ફોજના સરદાર કયસ ઇબ્ને સઅદ મુઆવીયા સાથે સુલેહ કરી અને બીજાને ઇમામ હસન અ૦ના લશકર તરફ રવાના કરી, એવી અફવા છાવણીમાં ઉડાવી કે ઇમામ હસન

અ૦મે મોઆવીયા સાથે સુલેહ કરેલ છે. પરિણામે જ્યારે બન્ને ઠેકાણે એવી અફવા ફેલાઇ ગઇ ત્યારે ઇમામે હસનની ફોજમાં બેદીલી ઉત્પન્ન થવાથી સિપાહીઓ વીખરાઇ જવા લાગ્યા."

રવઝતુલ અહબાબમાં લખે છે કે, "ઇમામ હસન સાથે સુલેહ કર્યા બાદ મોઆવીયાને પોતાના દીકરાને ગાદીવારસ બનાવવાની ચીંતા થઇ, પણ ઇમામ હસનની હયાતીમાં તે કામ અશકય જણાયાથી ઇમામને દૂર કરવાની વેતરણમાં રહેતો હતો."

મુર્શીદે જુર્રોહબે મસઉદીમાં લખે છે કે, "મોઆવીયાએ જોઅદા બીન તે અશઅસ (ઇમામ હસનની સ્ત્રી) ને ખાનગીમાં કહેવરાવ્યું કે જો તું ઇમામ હસનને કત્લ કરવામાં સફળતા મેળવે, તો તને એક લાખ દીરહમ ઇનામ આપીશ અને તારા નિકાહ મારા દીકરા યઝીદ સાથે કરી આપીશ."

તારીખે અબુલ ફીદામાં લખે છે કે, "જ્યારે મોઆવીયાને ઇમામ હસનની વફાતની ખબર પડી ત્યારે શુક્રના સીજદામાં ઝુકયો અને સીજદામાંથી ઉઠી ખુશીના આવેશમાં મ્હોટા અવાજે (અલ્લાહો અકબર) તકબીર કહી તેથી તેના મેહેલમાં જે લોકો હતા તેઓએ મોઆવીયાની તકબીરનો અવાજ સાંભળી (વગર સમજે) તકબીર પઢવા માંડયા. તેઓની ગર્જનાથી શામના દરેક ઘરોમાં તકબીરનો અવાઝ બુલંદ થયો.

તકબીરની ગર્જના સાંભળી ફાખતા બીન્તે કરઝા મોઆવીયા પાસે આવીને કહેવા લાગ્યા, "ઓ મોઆવીયા, તમોએ કેવા પ્રકારની ખબર સાંભળી છે કે જેના લીધે તમોએ તકબીર કહી?" મોઆવીયાએ કહ્યું કે, "હસન ઇબ્ને અલીની વફાતના સમાચાર મળવાથી મેં તે તકબીર કહી." ફાખતાએ કહ્યું, "ઇન્નાલીલ્લાહ વઇન્ના ઇલયહિ રાજેઉન" અને રડીને કહ્યું, "અફસોસ! મુસલમાનોના સરદાર પયગંબરના નવાસા વફાત પામ્યા."

ઇબ્ને અબ્બાસ તે વખતે શામમાં હતા. તેઓ તકબીરનો અવાજ સાંભળી મોઆવીયાના મેહેલમાં દાખલ થયા અને તેને તકબીર કહેવાનું કારણ પૂછતાં મોઆવીયાએ કહ્યું, "હ૦ ઇમામ હસન વફાત પામ્યા." ઇબ્ને અબ્બાસે કહ્યું, "શું

ઇમામ હુસનની વફાતની ખબરથી ખુશ થઇને તેં તકબીર કહી ?" મોઆવીયાએ કહ્યું, "હા એમજ છે." ઇબ્ને અબ્બાસે કહ્યું, "એ મોઆવીયા, ખુદાની કસમ તેમની મોતથી તમારી મોત અટકવાની નથી ન કે તેમની કબર તમારી કબરની જગો રોકશે."

તારીખે કામીલમાં લખે છે કે, "સને ૫૦ હીજરીમાં મોઆવીયાએ મદીનાથી મીંબરે રસુલ ઉપાડી શામમાં લાવવાનો હુકમ આપ્યો. તેના માણુસોએ મસ્જીદમાંથી મીંબર ખસેડવા ચાહ્યું. તે વખતે સૂર્યને ગ્રહણ લાગવાથી અંધકાર ફેલાણો અને તારા દેખાવા લાગ્યા. આ ગંભીર દેખાવ જોઇ લોકો ડરી ગયા અને મીંબરને તેની જગોએ રહેવા દીધું.

યઝીદની વલીઅહદી.

ઇમામ અબદુલ બરમકી પોતાની કિતાબ ઇસ્તીઆબમાં લખે છે કે, "મોઆવીયાએ જ્યારે પોતાના દીકરા યઝીદને વલીઅહદ (ગાદીવારસ) બનાવવાનો ઇરાદો કર્યો ત્યારે શામમાં મીંબર ઉપર જઇને કહ્યું, "અય શામના મુસલમાનો, હવે હું ઝઇફ થયો છું. મોત નજીક આવી પહોંચી છે માટે હું ચાહું છું કે, મારા મરણુ બાદ તમારી સંભાળ રાખવા માટે કોઇને મારો વલીઅહદ બનાવું અને હું પણુ તમારામાંનો એક છું માટે તમો જેની ચુંટણી કરશો, તે પ્રત્યે મારી બહાલી આપીશ. તે વખતે જે માણુસો હાજર હતા, તેઓએ–એકી અવાજે કહ્યું કે, અમો આ કામ માટે અબદુર્રહેમાન બીન ખાલીદ બીન વલીદને પસંદ કરીએ છીયે." આ સાંભળી મોઆવીયા મનમાંજ અજબ થયો અને વધુ કાંઇ પણુ ન બોલતાં મીંબર પરથી ઉતરી પોતાના મહેલમાં ચાલ્યો ગયો."

થોડા દિવસ કેડે અબદુર્રહેમાન બીમાર પડયો તે તક જોઇને મોઆવીયાએ એક યહુદી હકીમ (વૈદ્ય) ને બોલાવીને કહ્યું કે, અબદુર્રહેમાન બીમાર છે તેને જઇ એવી દવા પીવરાવ કે જેથી પાછો ઉઠવા ન પામે. તેથી તેણુ અબદર્રહેમાનને એવી દવા પાઇ કે તેનું પેટ ચીરાઇ ગયું અને તે મરણુ પામ્યો.

યઝીદની ખીલાફતના આડે આવનારાઓની એક પછી એક તે કર્પિણુ કાસળ કાઢતો રહ્યો તેમાંથી એક અબ્દુર રેંહમાનની હકીકત આપણે વાંચી ગયા. હવે બીજા દાવેદાર સઇદ ઇબ્ને ઉસમાન (ત્રીજા ખલીફાનો દીકરો) જાગ્યો તેની હકીકત હવે તપાસીએ.

તારીખે આસમે કુફીમાં લખે છે કે, "એક દિવસે સઇદ ઇબ્ને ઉસમાન મોઆવીયા પાસે ગયો. મોઆવીયાએ તેને માનથી આવકાર આપી પોતાની બાજુમાં બેસાડી કહ્યું, "મારા વ્હાલા બેટા, તમારા બારામાં આ હું શું સાંભળી રહ્યો છું?" તેણે કહ્યું કે, "તમોએ શું સાંભળ્યું છે?" મોઆવીયાએ કહ્યું, "હું સાંભળું છું કે તમો બધાને એમ કહેતા ફરો છો કે મોઆવીયા બાદ ખીલાફતના માટે તેના દીકરા યઝીદ કરતાં મારો હક્ક વધુ થાય છે." સઇદે કહ્યું કે, "મેં તેમાં શું ખોટું કહ્યું? ખુદાની કસમ યઝીદના બાપ કરતાં મારો બાપ શ્રેષ્ટ હતો અને તેની મા કરતાં મારી મા અફ્ઝલ હતી અને હું પણ તેના કરતાં દરેક પ્રકારથી ચઢીયાતો છું. તે છતાં મેં તમોને વચન આપ્યું છે કે તમો જે કાંઇ કરશો તેની હું આડે આવીશ નહિ." આ સાંભળી મોઆવીયા હસ્યો અને કહ્યું, "તેં ખરૂં કહ્યું બેટા, તારો બાપ મારાથી અને તારી મા મારા દીકરા યઝીદની માથી અફ્ઝલ છે. પણ ખુદાની કસમ તું યઝીદથી ચઢયાતો છે એ હું કોઇ કાળે માનીશ નહિ. શામથી ઇરાક અને ઇરાકથી હિજાઝ એક ખુણાથી બીજા ખુણા સૂધી યઝીદથી અફ્ઝલ અને ચઢયાતો ગોત્યો કોઇ મળે તેમ નથી. છતાં તું મારી નજરમાં ઘણો માનવંતો છે અને તારા હકો હું ભૂલી જવા માંગતો નથી. જા ખુશી થા, મેં તને ખુરાસાનના ગવર્નરની પદ્વિ આપી ત્યાંનો તને હાકેમ બનાવ્યો છે." તે પછી મોઆવીયાએ-ઝીયાદ ઇબ્ને અબીહ અને અબુ ઉબેદાને કાગળ લખી સઇદને આપ્યો. તેઓએ સઇદને ચાલીશ લાખ દીરહમ આપ્યા અને ફોજની એક ટુકડી સાથે ખુરાસાન તરફ પોતાની પદ્વિ સંભાળી લેવાને રવાના કર્યો.

ઉપર મુજબ કોઇને તલવારના બળથી તો કોઇને નાણુંની અને હુકુમતની લાલચથી વશ કરી યઝીદ માટે મયદાન સાફ કરી મોઆવીયાએ હિજાઝ (મક્કા મદીના) તરફ નજર દોડાવી.

પ્રથમ તેણે આ બારામાં મદીનાના ગવર્નર મરવાનને એક કાગળ લખ્યો. તેમાં તેણે લખ્યું, "એ મરવાન, હવે તું કોશિષ કર કે મદીનાના લોકો યઝીદની વલીઅહદી ઉપર રાજી થઇ તેની બયઅત કરે" અને તે કાગળ સાથે એક લાખ દીરહમ (બીજા ખલીફાના દીકરા) અબદલ્લા ઇબ્ને ઉમર માટે ભેટ તરીકે મોકલ્યા. મોઆવીયાનો કાસીદ મરવાનને કાગળ આપી લાખ દીરહમ અબદલ્લા ઇબ્ને ઉમરને આપવા ગયો. અબદલ્લાએ મોઆવીયાની ભેટ ખુશીથી સ્વીકારી, તે પછી જ્યારે કાસીદે તેને યઝીદની વલીઅહદી માટે બયઅત કરવા માટેનો મોઆવીયાનો સંદેશો પહોંચાડયો, ત્યારે અબદલ્લાએ તે નાણું કાસીદને પાછું આપીને કહ્યું કે, "મોઆવીયાને કહો કે, હવે હું ઘરડો થયો. મારૂં દીન ઇમાન લાખ દીરહમની નજીવી કીંમતે વેંચીશ નહિ."

મરવાને તે કાસીદને એક કાગળ મોઆવીયા ઉપર લખી આપી રવાના કર્યો. તેમાં તેણે લખ્યું હતું કે, "એ મોઆવીયા, મદીનાના લોકો સર્વે અબદલ્લા ઇબ્ને ઉમરના તાબે છે. તેઓનું એમજ કહેવું છે કે અબદલ્લા ઇબ્ને ઉમર બયઅત કરશે તોજ અમો બયઅત કરશું તેમજ બીબી આઇશા પણ વિરૂધ્ધતા દેખાડી કહે છે કે, મોઆવીયા પોતાના દીકરા માટે બયઅત લઇ બીદઅતનું કામ કરી રહ્યો છે, કેમકે પહેલા બીજા અને ત્રીજા ખલીફામાંથી કોઇએ પણ પોતાના દીકરા માટે બયઅત લીધી ન હતી."

મરવાનનો કાગળ વાંચી મોઆવીયાએ પોતાના દીકરા યઝીદને મક્કા અને મદીના જઇ ત્યાંના લોકોને ભેટ સોગાદોથી નવાજી રાજી રાખવા માટે કહ્યું. યઝીદ હીજાઝ તરફ ગયો પણ મોઆવીયાનું આ ડેપ્યુટેશન ફત્તેહમંદ નિવડયું નહિ અને તેનું જાણવાજોગ પરિણામ નીપજ્યું નહિ.

તે પછી મોઆવીયાએ અબદુલ્લા ઇબ્ને ઉમરને બે લાખ દીરહમ મોકલી સદા માટે તેનું મ્હોડું સીવી લીધું.

યઝીદનું ડેપ્યુટેશન ઉપર જણાવ્યા મુજબ લાભકારક નીવડયું નહિ અને યઝીદની બયઅતની ચર્ચા મદીનામાં જોશભેર ચાલવા લાગી તેથી મરવાને મોઆવીયાને એક કાગળ લખી તેમાં મદીનાની ચર્ચા અને હ૦ ઇમામે હુસયન અ૦ કને લોકોની થતી આવજાવ વિશે ઘણું મ્હોટું રૂપ આપીને લખ્યું.

મરવાનનો કાગળ વાંચી મોઆવીયાએ ઇમામ હુસયનને કાગળ લખ્યો જેમાં તેણે ઇમામે હુસયનને લખ્યું કે તમો યઝીદના બારામાં મારાથી વિરૂધ્ધતા ન દેખાડો. તેનો જવાબ ઇમામે હુસયન અ૦મે નીડરતાથી લખી વાળ્યો કે, "તું તારા દીકરા યઝીદની બયઅત લેવરાવે છે કે જે સાવ બેદીન દારૂડયો અને કુત્રાઓનો શોખીન છે! તેં તારા ઇસ્લામ અને ઇમાનને બરબાદ કરેલ છે અને તારી પ્રજાને ઉંધે મારગે દોરવી રહ્યો છે." તે પછી હ૦ ઇમામે હુસયન અ૦ અને મોઆવીયા વચ્ચે ઘણા પત્રવહેવારો ચાલ્યા જે અમો લંબાણ થવાની બીકે અત્રે લખતા નથી. ઇન્શાઅલ્લાહ આ કીતાબના બીજા ભાગમાં ઇમામે હુસયન અ૦ના જીવનચરિત્રની સાથે ખુલાસાવાર લખવામાં આવશે.

મોઆવીયાએ જોયું કે મદીનાના લોકો ઇમામે હુસયન અ૦ની હાજરીના સબબથી કદી પણ યઝીદ પ્રત્યે ધ્યાન આપશે નહિ તેથી તેઓને વશ કરવાના હેતુથી એક હજારની ફોજ લઇ પોતે હિજાઝ તરફ રવાના થયો અને પ્રથમ મદીના તરફનો રસ્તો લીધો. બનવાકાળ મદીનાથી થોડે દૂર પહોંચ્યો કે સર્વથી પેહલે સામેથી હ૦ ઇમામે હુસયનની મુલાકાત થઇ. તેમને જોઇ મોઆવીયાએ કહ્યું, "લા મરહબન વલા અહલન" તમારા માટે કોઇ ભલાઇ અંને આવકાર નથી. તમો (મઆઝલ્લાહ) તે એક દુમ્બાની મિસાલ છો કે જેનું લોહી દડદી રહ્યું છે. ખુદાની કસમ હું જોઇ રહ્યો છું કે તમારૂં લોહી વહેરાવવામાં આવેલ છે. હ૦ ઇમામે હુસયન અ૦મે ફરમાવ્યું "ઓ મોઆવીયા, મારા જેવા (ફરઝંદેરસુલ) માટે

આવા શબ્દો હોઇ ન શકે." મોઆવીયાએ બેપરવાઇથી કહ્યું, "એથી પણ વધુ કહી શકાય એમ છે."

મોઆવીયા મદીનામાં દાખલ થયો. તેણે જોઇ લીધું કે તેની ધારણા પાર પાડવામાં વિરૂધ્ધતા દર્શાવનારા ઇમામે હુસયન અ૦ અબદુલ્લા ઇબ્ને ઝુબયર અને અબદુર રેંહમાન બીન અબુબકર હતા. પ્રથમ મોઆવીયાએ હ૦ ઇમામે હુસયન અ૦ને તેડાવી ખાનગીમાં મુલાકાત લીધી અને કહ્યું, "ઇરાક અને હીજાઝના લોકો યઝીદની બયઅત કરવા રાજી થયા પણ દીલગીરીની વાત છે કે ખુદ તેના કુટું મ્બીઓ (બની હાશમ વી.) તે પ્રત્યે વિરૂધ્ધતા દર્શાવી રહ્યા છે. જો હું યઝીદ કરતાં કોઇ બીજાને ખીલાફત માટે વધુ લાયક સમજતે તો હું તેને મારો વલીઅહદ (ગાદી વારસ) બનાવતે.

આ સાંભળી હ૦ ઇમામે હુસયન અ૦ને ફરમાવ્યું "બસ કર ઓ મોઆવીયા, એવા ઘણા માણસો છે જેઓ તેમના માતપિતાની બુઝુર્ગીના લીધે તારા યઝીદ કરતાં ચઢયાતા છે અને ખીલાફત માટે વધુ લાયક છે."

મોઆવીયાએ કહ્યું, "શું તમો તમારા પંડ તરફ ઇશારો કરો છો? ઇમામે ફરમાવ્યું જો હું મ્હારા માટે કહેતો હોઉં (કે યઝીદથી ચઢયાતો છું) તો તેમાં કશુંએ ખોટું નથી. મોઆવીયાએ કહ્યું, "યા હુસયન ખુદાના કસમ તમારા કરતાં રાજ્ય કારોબાર ચલાવવા માટે અને ખીલાફતની પદવી માટે યઝીદ ઘણે દરજ્જે................................ઇમામે ફરમાવ્યું "અજાયબી ભરેલી બીના છે કે તારો દીકરો યઝીદ જે તદન નાલાયક, દારૂડયો, અને બદકાર છે તેને મારા કરતાં શ્રેષ્ટ ગણે છે" તેથી મોઆવીયાને ચીઢ ચડી અને ઇમામે હુસયનને વિદાય કરતાં કહ્યું, "શામના લોકો (મારા સિપાહીઓ) થી ચેતતા રેહજો" હ૦ ઇમામ હુસયન, અબદુર રેંહમાન અને અબદલ્લા ઝુબેર. એ ત્રણે જણાઓ મક્કા તરફ રવાના થયા. જ્યાં સૂધી એ ત્રણે જણા મદીનામાં હતા ત્યાં સૂધી મોઆવીયાને યઝીદની બયઅતની ચર્ચા છુટથી

કરવાની કોઇ તક મળી નહિ* તેઓના રવાના થયા બાદ મદીનાની મસજીદે રસુલમાં જઇ મીંબર ઉપર ચઢીને લોકોને સંબોધીને કહ્યું:-

"ઓ મુસલમાનો, આજે દુન્યાની સપાટી ઉપર મારા દીકરા યઝીદ કરતાં લાયક, ચાલાક, ભલો અને દરેક ખુબીઓથી ભરપુર હું બીજા કોઇને જોતો નથી જે ખીલાફતના માટે તેનાં કરતાં વધુ લાયક હોય. કેટલાક મુરખાઓ તેના બારામાં વધુ ઘટુ બોલી રહ્યા છે અને તેની ખીલાફત પ્રત્યે અણગમો દેખાડતા રહ્યા છે પણ જ્યાં સૂધી તેઓના ઉપર મારી અઝાબની સોટી નહિ પડે ત્યાં સૂધી તેઓ સીધા ચાલવાના નથી" તે પછી તેણે કહ્યું "જો ઇમામ હુસયન અબદુલ્લા ઇબ્ને ઉમર અબદુલ્લા ઇબ્ને ઝુબયર-અને અબદુર્રહમાન મારી મરજી મુજબ વર્તી મારા કામમાં વિરૂધ્ધતા નહિ દેખાડશે તો તેઓ માટે સારી વાત છે નહિ તો હું તેઓના બારામાં પણ ઘટતું કરીશ."

મોઆવીયાએ હવે પોતાની સત્તા અને બળજબરીથી કામ લેવાને શરૂ કર્યું. મદીનાના એકેક સરદારને રાતના સમયે પોતાના મહેલમાં બોલાવી કોઇને નાણાંની લાલચ તો કોઇને તલવારની બીક અપાવીને તે વશ કરતો હતો અને એ મુજબ મદીનામાં પોતાનું કામ પુરૂં કરી મક્કા તરફ રવાના થયો. મક્કામાં મોઆવીયાને મદીના કરતાં વિશેષ જેહમત ઉઠાવવી

---

* પયગંબરની હદીસ અમો લખી ગયા છીએ કે તેઓએ ફરમાવ્યું, "જ્યારે તમો મોઆવીયાને મારા મીંબર ઉપર જુઓ તો કત્લ કરી નાંખશો" પણ તે વખતે મુસલમાનો પોતાના પયગંબરના ફરમાન મુજબ વર્ત્યા નહિ. પરિણામે મોઆવીયા, યઝીદ અને બની ઉમય્યાના હાથે મદીનાવાળાઓને તેમજ મુસલમાનોને જે ખમવું પડ્યું તે વીસ્તારીને આ કીતાબમાં અમોએ લખેલ છે; પણ જો તે મુસલમાનો મોઆવીયાને મીંબર ઉપર જોઇને પયગંબરના ફરમાનુસાર કત્લ કરી નાખતે તો એમાંનું કશુંએ બનતે નહિ અને મુસલમાનોને બની ઉમય્યાના હાથે ન ખમવું પડતે.

પડી જે અહીં ખુલાસાવાર લખવાની જરૂરત નથી. માત્ર મોઆવીયાની મક્કેર બાજીનો એકજ દાખલો આપીયે છીયે.

તારીખે આસમે કુફીમાં લખે છે કે, "મોઆવીયા મક્કામાં દાખલ થયો. મદીના માફક મક્કામાં એકેક સરદારને બોલાવી ધમકી અને નાણાંની લાલચથી વશ કરવા લાગ્યો પણ મદીનાથી આવેલા ચાર જણાઓએ તેની મુદલ પરવા કરી નહિ તેથી મોઆવીયાને ખાત્રી થઇ કે આ ચારે જણા કોઇ કાળે યઝીદની બયઅત કરશે નહિ અને એ લોકોની વિરૂધ્ધતાને લીધે તેની ધારણા કદી પણ પાર પડવાની નથી તેથી તેણે દગલબાજી અને અય્યારીથી કામ લેવાનો મક્કમ ઇરાદો કર્યો. તેણે સાથે લાવેલા શામના સિપાહીઓને ચેતવી રાખ્યું કે મસજીદમાં હું મીંબર ઉપર જઇને બોલીશ તે વેળા એકેક વિરોધીઓની બાજુમાં તલવાર લઇને બેસી જવું. તેઓમાંથી કોઇ પણ મારા વિરૂધ્ધમાં બોલે કે ત્યાંને ત્યાંજ તેનું ડોકું ધડથી જુદું કરવું."

ઉપર મુજબની સઘળી તૈયારી કરી મક્કાના સઘળા મુસલમાનોને મસજીદમાં ભેગા થવાને કેહરાવ્યું અને ઇમામે હુસયન અ૦ તેમજ તેમની સાથે મદીનાથી આવેલા ત્રણે જણાઓને પણ મસજીદમાં બોલાવ્યા. જ્યારે સઘળા મુસલમાને હાજર થયા ત્યારે મોઆવીયાએ મીંબર ઉપર જઇને કહ્યું, "મને કેહવામાં આવ્યું છે કે ઇમામે હુસયન અ૦ અબદુલ્લા ઇબ્ને ઝુબયર અને અબદુર્રેહમાન બીન અબાબકર યઝીદની બયઅતથી વિરૂધ્ધતા દર્શાવી રહ્યા છે તેથી મને ઘણી અજાયબી ઉપજી અને હું ત માનતો ન હતો છતાં ખાત્રી કરવા માટે મેં તેઓને બોલાવીને પુછયું તો તેઓએ જરા પણ વિરૂધ્ધતા દેખાડી નહિ અને યઝીદની બયઅત માટે કબૂલાત આપી છે માટે તમોને ખાત્રી કરવી હોય તો એ ત્રણે સાહેબો અત્રે પધારેલા છે તેઓને પુછીને ખાત્રી કરો."

મોઆવીયાના શબ્દો પુરા થતાંજ વેર શામના સિપાહીઓએ પોતાની તલવારો મીયાનમાંથી બાહેર કાઢીને કહ્યું, "ઓ મોઆવીયા, અમોને એ ત્રણે સાહેબોની વિરૂધ્ધતાની લેશમાત્ર

દરકાર નથી કે તેઓને અમો પુછીને ખાત્રી કરીએ. તેઓ જો ખુલ્લી રીતે બયઅત કરશે તો ઠીક, નહિ તો જો તમારો હુકમ હોય તો હમણાજ તેઓને અમારી તલવારનો સ્વાદ ચખાડી પહોંચતા કરીએ.

મોઆવીયાએ તેઓને શાંત પાડતાં કહ્યું, "તમો શાંત થાઓ અને તમારી તલવારોને મીયાન કરો. દંગો ફસાદ ઇચ્છવા જોગ નથી. તમો ખુદાથી ડરો અને કોઇનું લોહી રેડો નહિ. કેમકે, તેથી દીનને નુકસાની પહોંચશે." (વાહરે ઇમાનદારી.)

આ વિચિત્ર મામલો જોઇ હ૦ ઇમામે હુસયન વિચારમાં પડી ગયા કે મોઆવીયાએ દગાબાજીથી અમોને ખાલી હાથે મસજીદમાં બોલાવી પોતાના સિપાહીઓ વચ્ચે ઘેરાયલા રાખ્યા અને પોતાની મરજી મુજબનું અમારા ઉપર તોહમત મૂકી ગમે તેમ બોલી રહ્યો છે, પણ હવે જો હું હમણાંજ કહું છું કે મોઆવીયા જુઠો છે, અમોએ તેની મુલાકાત લીધી નથી અને યઝીદની બયઅત માટે અમારી મંજુરી આપેલ નથી તો આ શામના બેઇમાન સિપાહીઓ પોતાની તલવાર વડે અમારાં માથાં ઉડાવી દેશે. તેથી હ૦ ઇમામે હુસયન અ૦મે ચુપકીદી ઇખ્તીયાર કીધી. કાંઇ પણ બોલ્યા નહિ અને મોઆવીયા મીમ્બર ઉપરથી ઉતરી ગયો અને લોકો વીખરાઇ ગયા.

કીતાબે અવાસેલમાં ઇમામ જલાલુદીન સીયુતી લખે છે કે, "મોઆવીયા મદીનામાં મીમ્બરે રસુલ પર બેસી પોતાના દીકરા યઝીદની બયઅત લેવરાવતો હતો એટલામાં બીબી આઇશાએ પોતાના હુજરામાંથી માથું બાહેર કાઢીને કહ્યું, "મુંગો રહે ઓ મોઆવીયા, શું શયખયન (પહેલા અને બીજા ખલીફાએ) પોતાના દીકરા માટે બયઅત લેવરાવી હતી?" મોઆવીયાએ કાંઇ કહ્યું નહિ. આઇશાએ કહ્યું, "ત્યારે તું કોની તાબેદારી કરે છે?" (શા માટે તારા દીકરાની બયઅત લેવરાવે છે?) મોઆવીયા આ સાંભળી શરમીંદા થયો અને મીમ્બરથી ઉતરી પોતાને ઘેર રવાના થયો."

મોઆવીયાને ખાત્રી થઇ કે બીબી આયશા કદી પણ આ કામ પાર ઉતરવા દેશે નહિ તેથી ઘરની અંદર એક ઉંડો

ખાડો ખોદી તે ઉપર ઘાંસ બિછાવીને અબનુસની ખુરસી તે ઉપર ગોઠવી બીબી આયશાને પોતાને ઘેર મેહમાનીનું આમંત્રણ કર્યું. જ્યારે બીબી આયશા ઘરમાં દાખલ થયાં તો મોઆવીયાએ આગળ વધી ઘણા માન ઇકરામથી ઘરમાં લાવીને ખુરસી ઉપર બેસાડયાં. ખુરસી ઉપર બેસતાંની સાથે (પયગંબરની બીબી પેહલા ખલીફાની પુત્રી) આયશા તે ઉંડા ખાડામાં પડયાં. તેના ઉપર મોઆવીયાના માણુસોએ પત્થર અને માટી નાંખી તે ખાડો પુરી તેમને જીવતાં દાટવામાં આવ્યાં.

મોઆવીયાની પ્રજા.

મુશયેજુલ મુહઝ્ઝબમાં ઇમામે મસઉદી લખે છે કે, "સીફ્ફીનની લડાઇ બંધ પડયા કેડે (હ૦ અલી અ૦ની) ફોજમાંથી એક કુફી પોતાના ઉંટ ઉપર સવાર થઇ દમીશક ગયો. ત્યાં (મોઆવીયાની પ્રજામાંથી) એક શામીએ ઉંટ આગળ ઉભા રહીને કહ્યું કે, આ મારી ઉંટણી છે. સીફ્ફીનના મયદાનમાં ગુમ થઇ જવાથી તું ધણી થઇ બેઠો છે. તે મુકદમો મોઆવીયાની કચેરીમાં ગયો. મોઆવીયાએ શામીને પુછયું કે, તારો કોઇ સાક્ષી હોય તો હાજર કર. તે શામી પચાસ શામીઓને કચેરીમાં લઇ આવ્યો અને તેઓએ મોઆવીયા આગળ સોગંદ ઉપર ગવાહી આપી કે ઉંટણીનો માલીક આ શામી છે. મોઆવીયાએ ચુકાદો તેની તરફેણમાં આપ્યો અને કુફીને કહ્યું કે, ઉંટણી ઉપરથી હાથ ઉઠાવ અને રવાના થઇ જા. કુફીએ કહ્યું, ઓ મોઆવીયા, ખુદા તારૂં ભલું કરે. આ ઉંટ છે ઉંટણી નથી. જરા પુંછડી ઉંચકીને જુવો તો ખાત્રી થશે. મોઆવીયાએ કહ્યું કે, એક વખત ડીક્રી થઇ ગઇ તે પાછી ફરે નહિ તેથી તે શામી ઉંટનો (ભર કચેરીમાં ઉંટણી બનાવી) માલીક બની લઇ ચાલતો થયો. તેના ગયા કેડે મોઆવીયાએ તે કુફીને બોલાવીને કહ્યું કે, તારા ઉંટની શું કીંમત છે? તેણે જે કીંમત કહી તેથી બમણી રકમ તેને આપીને કહ્યું કે, કુફા પહોંચો તો અલીને કહો કે એવા એક લાખ (બુબખ) શામી સિપાહીઓને લઇ તમારો મુકાબલો કરી·

શકું છું કે જેઓ ઉંટ અને ઉંટણી વચ્ચેનો ફેર પણ સમજતા નથી."

એજ તવારીખમાં આગળ ચાલતાં લખે છે કે, "સીફ્ફીન તરફ જતાં મોઆવીયાએ પોતાના લશકરના સિપાહીઓને જુમ્માની નમાઝ બુધવારના દિવસે પડાવી હતી અને તે જંગલી ગમારો તેની પછવાડે બુધવારના દિવસે જુમાની નમાઝ પડયા. (છતાં તેઓને કાંઇ સુજયું નહિ).

તે પછી લખે છે કે, "શામમાં એક માણુસે એક શામીને જે હુશિયાર અને કાબેલ ગણાતો હતો તેને પુછયું કે, "અબુતુરાબ (હ૦ અલી અ૦ નું લકબ) કોણ છે કે જેને મોઆવીયા રોજ મીમ્બર ઉપર બુરૂં બોલે છે?" શામીએ જવાબમાં કહ્યું કે, મને તો એટલી ખબર છે કે તે (અબુતુરાબ હ૦ અલી અ૦) ચોરોનો સરદાર છે. (મઆઝલ્લાહ.)

તે પછી લખે છે કે, સમામા બીન અશરસ કહે છે કે, "હું બગદાદની બજારમાં ફરતો હતો ત્યાં મેં જોયું કે એક માણુસને લોકો ઘેરી વળેલ છે અને તેના હાથમાં આંખના સુરમાની શીશી છે અને તે લોકોને કહી રહ્યો છે કે આ સુરમો ઘણો ઘણો અકસીર છે અને તેથી આંખોની દરેક પ્રકારની બીમારીઓ ટુંક મુદ્દતમાં જતી રહે છે અને આંખો સારી અને તેજસ્વી બને છે. મેં તેની તરફ નજર કરીને જોયું તો તેની એક આંખમાં મોતીઓ, અને બીજી આંખમાં ફુલ્લો હતો. મેં તેને પુછયું, કેમ વૈદરાજ તમારા કને આવી દવા હોવા છતાં તમારી પોતાની આંખો આવી કેમ રહેવા પામી? તેણે ઝટ જવાબમાં કહ્યું કે, વાહ! શું મારી આંખો અહીં ખરાબ થઇ છે? એ તો મીસરમાં મારી આંખ્યો બગડી ગઇ હતી."

તારીખે અબુલફિદામાં લખે છે કે, "સને ૪૦ હીજરીમાં સીફ્ફીનની લડાઇ બાદ મોઆવીયાએ બુસર ઇબ્ને ઉરતાનને ફોજની એક ટુકડી આપી મદીના ઉપર હુમલો લઇ જવા રવાના કર્યો. (મદીના ઉપર આ પહેલી ચઢાઇ હતી) તે કર્પિણ પ્રથમ મદીનામાં દાખલ થયો. ત્યાં હ૦ અલી૦ અ૦ના તરફથી અબુ અય્યુબ હાકેમ હતો, પણ બુસરના હુમલાની ખબર પડતાં

કુફા તરફ રવાના થયો જેથી બુસર કોઇની રોક ટોક વગર મદીનામાં દાખલ થયો અને ખુનરેજી ચાલુ કરી. મદીનાવાસીઓ પાસેથી બળજબરીથી મોઆવીયાની બયઅત લીધી. તે પછી ત્યાંથી રવાના થઇ યમન ઉપર હુમલો લઇ ગયો અને ત્યાં પણ હજારો મુસલમાનોને કાપી નાંખ્યા. યમનમાં ઉબેદુલ્લા ઇબ્ને અબ્બાસ હ૦ અલી અ૦ તરફથી હાકેમ હતા, પણ બુસરના હુમલાની જાણ થતાં કુફા તરફ રવાના થઇ ગયા. બુસર મલઉને ઉબેદુલ્લા ઇબ્ને અબ્બાસના બે નાની વયના બાળકોને બેરહમીથી ઝબેહ કરી નાંખ્યા."

મોઆવીયાના હાથો વડે હઝારો મુસલમાનો માર્યા ગયા. તેણે શરીઅતના અહકામોનું ખુલ્લી રીતે ઉલઘંન કર્યું. તેની બીદઅતો અને બેઇમાનીનાં વર્ણનથી જબરદસ્ત પોથો ભરાય તેથી અત્રે લંબાણ કરવાનો ઇરાદો ન હોવાથી લખતા નથી.

મોઆવીયાનો અંતકાળ.

અલ્લામાં રાગેબ ઇસ્ફાની પોતાની કીતાબ મોહાઝેરાતમાં લખે છે કે, "જ્યારે મોઆવીયા બીમાર પડયો, ત્યારે એક હકીમ તેને જોવા આવ્યો, તેની હાલત તપાસીને કહ્યું કે ધાસ્તી જેવું કંઇ નથી અને તે પછી તે સાજો થયો."

ત્યાર બાદ ફરીથી તે બીમાર પડયો તો એક નસરાની તેને જોવા આવ્યો અને કહ્યું, મારા કને એક તાવીઝ છે. જો તમો તે પહેરશો તો બીમારી જતી રહેશે. મોઆવીયાએ તેની કનેથી તે તાવીઝ લઇ પોતાની ડોકમાં પહેર્યું. થોડી વાર પછી આગલો હકીમ દાખલ થયો અને મોઆવીયાના ગળામાં તે તાવીઝ જોઇને તેના નોકરોને કહ્યું કે, હવે તે જરૂર મરણ પામશે અને થયું પણ એમજ. એજ રાતના મોઆવીયા મરણ પામ્યો. લોકોએ તે હકીમને પુછયું કે તને કેમ ખાત્રી થઇ કે મોઆવીયા જરૂર મરણ પામશે? તેણે કહ્યું કે, મેં અમીરૂલ મુઅમેનીન હ૦ અલી અ૦ને ફરમાવતાં સાંભળ્યું કે મોઆવીયા જ્યાં સુધી નસારા લોકોની સલીબ (ક્રોસ) ગળામાં લટકાવશે નહિ ત્યાં સુધી

મરણ પામશે નહિ. હું અંદર દાખલ થયો તો મેં જોયું કે મોઆવીયાના ગળામાં તે નસરાનીએ આપેલ તાવીઝ જેમાં સલીબ હતું તે લટકાવેલું છે. તેથી મને હ૦ અલી અ૦ના ફરમાનુસાર ખાત્રી થઇ કે તે મોઆવીયાનો છેલ્લો દિવસ હતો."

તારીખે આસમે કુફીમાં લખે છે કે, "મોઆવીયાના અંતકાળ વખતે મરવાન તેને જોવા આવ્યો, તે વખતે તેઓ બન્ને જણા એકલા હતા. મરવાને જોયું કે મોઆવીયા ઘણો ઉદાસ દેખાતો હતો અને રડતો હતો. તેણે રડવાનું કારણ પુછયું તો મોઆવીયાએ જણાવ્યું, "એ મરવાન, હું અગરજો ચાહતે તો ઘણાં નેક કામો કરી શકતે પણ તે થઇ શકયાં નહિ તેથી મારૂં મન બેચયન છે. મારી તે ગંભીર ભૂલો માટે મને પસ્તાવો થાય છે કે મેં શા માટે હ૦ અલી અ૦નો હક્ક ગસબ કર્યો અને તેમના સામે થઇને લડયો; તેમજ હજર ઇબ્ને અદી અને પયગંબરના બીજા અનેક સહાબીઓને મરાવી નાખ્યા. હવે હું એ મારા કરેલા પાપોની સજા ભોગવું છું. અફસોસ! મારી એ બધી ગેરવર્તણુકો માત્ર યઝીદની મોહબ્બતના લીધે થએલ છે. જો તેની મોહબ્બત મારા દીલમાં ન હતે તો મારી ભલાઇ કેવા અમલમાં હતી તે હું બરાબર સમજી શકતો હતો."

તે પછી લખે છે કે, "મોઆવીયા પોતાની બીમારીની હાલતમાં વારંવાર ઝબકી ઉઠતો અને બુમો પાડતો હતો કે, "મને હજર શા માટે સતાવે છે. મને તેનાથી શું નીસબત છે. એ ઉમર ઇબ્ને હુમક ખઝાઇ, મેં શા માટે તને સતાવ્યો. એ અલી, મેં શા માટે તમારી વિરૂધ્ધતા કરી અને તમારો હક્ક ગસબ કર્યો."

મોઆવીયા સને ૬૦ હીજરીમાં વીસ વર્ષની બાદશાહત ભોગવી પોતાના કર્પિણુ કર્તુકોનો હિસાબ આપવા પોતાના માલીકના દરબારમાં પહોંચી ગયો.

બની ઉમય્યાનો બીજો બાદશાહ યઝીદે પલીદ.

મોઆવીયાના મરણ પછી યઝીદ ખીલાફત-બાદશાહતની ગાદીએ આવ્યો. ખીલાફત પર તેનો કેટલો હક્ક હતો, અથવા

બની ઉમય્યાઓને ખીલાફતે રસુલ અને મુસલમાનોની સરદારી સાથે શું નીસ્બત હતી, એ અમે અન્ય સ્થળે વિસ્તારથી લખી ગયા છીયે; માત્ર સીલસીલા ખાતર ટુંકમાં અહીં લખીએ છીએ.

હિજરી સન ૬૦ મોઆવીયાના મરણ પછી યઝીદ મલઉન મુસ્લિમ રાજ્યનો ધણી થયો. મશહુર ઇમામે બસરી કહે છે કે, "મુસલમાનોને પડતીમાં લાવનાર બે માણુસો હતા. એક ઉમર આસ જેણે મોઆવીયાને સીફ્ફીનની લડાઇમાં ભાલા ઉપર કુરઆને શરીફ ચઢાવી ઇમામ અલી અ૦ની નજીક આવી રહેલી જીતને દગાબાજીથી ફેરવી નાખવાને અને એ હઝરતના સિપાહીઓનું મન મોળું કરવાની સલાહ આપી હતી. બીજો મુગેરા જેણે મોઆવીયાને યઝીદની બયઅત લેવરાવવાની સલાહ આપી હતી."

"યઝીદ ઝાલીમ અને દગાબાજ હતો. દયાભાવ કે ન્યાયમાં તે જરાએ સમજતો ન હતો. તેનાં મોજશોખનાં સાધનો તેના મિત્રો અને સલાહકારોની જેમ હલકાં હતાં. ઇસ્લામના આલિમોનું તે અપમાન કરતો હતો અને જ્યાં જતો ત્યાં પોતાની સાથે એક શણગારેલ ખચ્ચર ઉપર એક વાંદરાને અબા-પાઘડી ઇત્યાદી આલિમનાં વસ્રો પેહરાવી બેસાડતો. તેના દરબારીઓ શરાબી અને લંપટી હતા અને તેની પ્રજામાં તેનું અનુકરણ થવા માંડયું."

(જસ્ટીસ અમીરઅલી કૃત એ શોર્ટ હિસ્ટરી ઓફ સારા સિન્સ.)

ઇમામ હુસેન અ૦ને શહીદ કરાવી, મક્કા અને મદીના ઉપર ચઢાઇ મોકલી હજારો મુસલમાનોનું ખૂન કરાવનાર આ ઘાતકી બાદશાહ અંતે આખેરત તરફ રવાના થઇ જહન્નમ વાસેલ થયો, અને હમેશની ફીટકાર અને લાનતનો તોક પોતાના માટે સાથે લઇ ગયો. ખુદા તેના અઝાબમાં વધારો કરે.

મરવાન બીન હકમ.

બની ઉમય્યાનો આ ત્રીજો બાદશાહ માત્ર ચારથી નવ મહિના બાદશાહત ભોગવી સ્વધામે પહોંચ્યો. તેની બાદશાહતની

શરૂઆત કેવી રીતે થઇ અને તે કર્પિણુને ઇસ્લામની હુકુમત કોણે અપાવી તેના બારામાં લખે છે કે:—

"યઝીદના મરણ પછી મરવાને મક્કએ મોઅક્ઝુમા જઇ અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરની બયઅત કરવાનો મક્કમ ઇરાદો કર્યો અને શામથી મક્કા તરફ જવાની તૈયારીમાં હતો, એટલામાં ઉબેદુલ્લા ઇબ્ને ઝીયાદ (ઇમામે હુસયન અ૦ના કાતીલ) ને યઝીદના મરણુની ખબર મળતાં અબ્દુલ્લા ઇબ્ને ઝુબયરના ડરના લીધે બસરાથી શામ ચાલ્યો આવ્યો. શામમાં પ્રથમ તેણે મરવાનની મુલાકાત લીધી અને તેને કહ્યું કે "તું કુરેશીઓનો વડો અને સરદાર છો" શું અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરની બયઅત કરવા મક્કા જશો? શા માટે અમો અહીં તમારી બયઅત ન કરીએ? ઇબ્ને ઝીયાદના આ શબ્દોથી મરવાનના દીલમાં અનેક પ્રકારના તરંગો ઉત્પન્ન થવા લાગ્યા. તેને સ્વપ્નામાં પણ એ વિચાર સુઝ્યો ન હતો અને ખીલાફતે રસુલને તે એવી સસ્તી નમાલી ચીજ ધારતો ન હતો કે તેના જેવા કમીના પણ ઉમેદવાર બની શકે. પ્રથમ તો મરવાને ધાર્યું કે ઇબ્ને ઝીયાદ તેને બનાવતો હતો તેથી તેણે કહ્યું કે, હજી સુધી તો કાંઇ બગડયું નથી. જો ખરેખર આ કામ મને સોંપવા માગશો તો હું તે માટે તૈયાર છું."

"તારીખે ઇબ્ને અસીર."

મરવાનનું આખું કુટુંબ (બની ઉમય્યા) કુરઆનની આયત મુજબ શજરે મલઉના હતું અને પયગંબરે તેને અને તેના બાપ હકમને દેશનિકાલ કરી મદીનાથી હાંકી કાઢયા હતા.

મરવાન જન્મ પામ્યો ત્યારે તેનો બાપ હકમ તેને લઇ હ૦ રસુલની ખીદમતમાં ગયો અને તેના માટે દુઆ કરવાની વિનંતી કરી. મરવાનને જોઇ હઝરતે ફરમાવ્યું, "આ બાળક વલપાસા (ઢેડગરોલી) અને વલપાસાનો દીકરો છે ખુદા તેઓના પર લઅનત કરે."

(સવાએકે મોહરેકા ઇબ્ને હજર કુત.)

શામના લોકોએ પ્રથમ યઝીદના સગીર વયના દીકરા ખાલીદને ખીલાફતની પદ્વિ આપવાનો ઇરાદો કર્યો હતો, પણ

મરવાનનો પક્ષ બળવાન હોવાથી તેઓનું ચાલ્યું નહિ અને છેવટે એવું ઠરાવવામાં આવ્યું કે મરવાન પછી ખાલીદ બીન યઝીદે પલીદ મુસલમાનોનો ખલીફા થાય અને તેની મા ફાખતા બીનતી અબદુલહાશમ (યઝીદની સ્ત્રી) સાથે પુનર્લગ્ન કરે. મરવાને તે મંજુર કર્યું અને ફાખતા સાથે પુનર્લગ્ન કર્યાં.

જ્યારે તેણે વિરોધીઓથી મેદાન સાફ જોયું ત્યારે વચન ભંગ કરી પોતાના દીકરા અબદુલમલીકને ગાદીવારસ બનાવવાની ચળવળ શરૂ કરી અને છેવટે ખાલીદ ઇબ્ને યઝીદને ખસ્તો કરી પોતાના દીકરા અબદુલમલીકને પોતાનો ગાદીવારસ બનાવ્યો.

મરવાનની દગાબાજીની ખાલીદની મા ફાખતાને જાણ થતાં તેના પ્રત્યે તિરસ્કારની લાગણી ઉત્પન્ન થઇ તેથી તેણીએ પોતાની કનીઝો મારફતે મરવાન ઉંઘાયલો હતો ત્યારે બે ચાર ગાદલાં તેના ઉપર નાખી તેને ગુંગળાવી મારી નંખાવ્યો.

મરવાન પછી તેનો દીકરો અબદુલમલીક અને તે પછી તેના ચાર દીકરા વલીદ, સુલેમાન, અને ઉમર ઇબ્ને અબદુલ-અઝીઝ તથા યઝીદ અને હશામ બીન અબદુલમલીક, વલીદ બીન યઝીદ બીન અબદુલમલીક એક પછી એક અનુક્રમે બની ઉમય્યામાંથી બાદશાહ થયા. એ સઘળા બાદશાહોનું વર્ણન લખી અમે લંબાણ કરવા માંગતા નથી. આ પ્રકરણમાં બની ઉમય્યાના બાદશાહોનું વર્ણન ઇસ્લામી ઇતિહાસનો એક સિહા સફો ટુંકમાં ઇમામે હુસયન અ૦ની શહાદતનાં મૂળ કારણો સમજાવવા જે લખેલું છે એટલુંજ બસ થશે.

બની ઉમય્યાનો વિનાશ.

બની ઉમય્યાનો નાશ કરબલાના વાકેઆથીજ શરૂ થાય છે એમ કહેવામાં કંઇએ ખોટું નથી. ઇમામે હુસયન અ૦ની શહાદતથી બની ઉમય્યાનો એવો નાશ થયો કે માત્ર ટુંક અરસામાં તેઓની હસ્તી દુન્યાની સપાટી પરથી નાબુદ થઇ ગઇ. કરબલામાં હુસયને મઝલુમના કુલ્લે સાથીઓ અને તેમની અવલાદ શહાદતને દરજ્જે પહોંચ્યા. આલેરસુલમાંથી ફક્ત

એકજ બુઝર્ગવાર આદમે આલે અબા હ૦ ઇમામ ઝયનુલ આબેદીન બાકી રહ્યા હતા પણ આજે જ્યાં આંખ ખોલીને નજર કરીયે છીયે ત્યાં સાદાત આલેરસુલ નજરે પડશે અને એજ પ્રમાણે હુસયને મઝલુમની બાદશાહત કયામત સૂધી પુર જાહોજલાલી સાથે આબાદ અને કાયમ રેહશે. હવે તેમના કટ્ટા વેરી બની ઉમય્યાની હાલત તપાસીએ. જાહેરમાં કરબલાના મયદાનમાં તેઓની ફત્તેહ થયલી ગણાય છે. યઝીદે પલીદ તખ્ત અને તાજનો સ્વતંત્ર માલેક થયો. બની ઉમય્યાના શયતાનો શામથી ઇરાક અને હિજાઝ સૂધી ફેલાણા. તેઓ કને રાજ્ય અને દોલત બન્ને ચડતી પર લાવનાર વસ્તુઓ હતી પણ ઝુલમના ઘર સદા ખાલી હોય છે, અને ખુદાના ગેબી ફટકાનો અવાજ હોતો નથી તેથી બની ઉમય્યા ટુંક અરસામાં ફના થઇ નાશ પામ્યા. આજે એક પણ બની ઉમય્યા શોધતાં જડે તેમ નથી.

ઉપર જણાવ્યા મુજબ તેઓની પડતી કરબલાના મયદાનથી શરૂ થઇ. તે પછી તેઓનો સદંતર નાશ કયારે અને કેવી રીતે થયો એનો ટુંક ચિતાર આ પ્રકરણમાં આપીશું.

વંશપરંપરા રાજ્ય ભોગવવાની મોઆવીયાની સઘળી કોશીશો નિષ્ફળ નીવડી. તેણે હ૦ અલી અ૦ અને ઇમામ હસન અ૦નો હક્ક ગસબ કરી પોતાના દીકરા યઝીદને ખીલાફત સોંપી અને યઝીદે મલઉને સ્વતંત્ર બાદશાહત ભોગવવાના લોભમાં ઇમામ હુસયન અ૦ને બેરહમીથી શહીદ કરાવ્યા પણ એ સઘળી કોશીશોનું પરિણામ એ આવ્યું કે યઝીદે પલીદ ઇમામે હુસયન અ૦ની શહાદત પછી માત્ર બે વર્ષ જીવતો રહ્યો અને તેના અંતની સાથે મોઆવીયાના વંશમાંથી બાદશાહત સદાની ગઇ.

યઝીદનો સપુત મોઆવીયા બીન યઝીદે કલંકીત બાદશાહત ન સ્વિકારતાં ગોશાનશીની ઇખ્તેયાર કરી તેથી બની ઉમય્યામાંથી મરવાનીઓને બાદશાહત મળી જેઓ ખુદા વ રસુલના ફરમાનુસાર મલઉન હતા અને પયગંબરના તગડેલા

અને દેશપાર થયલા મુનાફેકો હતા જેથી સિધ્ધ થાય છે કે ઝુલમના લીધે યઝીદ પછી તેના વંશમાં બાદશાહત ન રહી.

બની ઉમય્યાની બાદશાહત માત્ર એક હજાર મહિના સુધી રહી. મોઆવીયાથી શરૂ થતાં બની ઉમય્યાનો છેલ્લો બાદશાહ મરવાન હેમાર સને ૧૩૨ હીજરીમાં માર્યો ગયો. એ ૮૩ વર્ષ ૪ મહિનાના ટુંક અરસામાં તેઓ દુન્યાની સપાટી પર હતા ન હતા થઇ ગયા. માત્ર તેઓના કર્પિણુ કર્તુકોની યાદગીરી ઇસ્લામી ઇતિહાસમાં એક સિહા સફા તરીકે બાકી રહેવા પામી છે.

ઇબ્ને અબ્બાસ નકલ કરે છે કે, "હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું ખુદાવંદે જબ્બારે મને ખબર આપી "એ હબીબ મારા! યહયા પયગંબરના ખૂનના બદલામાં બની ઇસરાઇલમાંથી સીંતેર હજાર કત્લ થયા અને તમારા ફરઝંદ હુસયનના ખૂને નાહકના બદલામાં સીંતેર હજાર વખત સીંતેર હજાર માણુસોને કત્લ કરવામાં આવશે. આ હદીસની સચ્ચાઇ ઇસ્લામી તવારીખ ઉપર નજર કરતાં સ્પષ્ટ જણાશે જેનો ટુંક ચિતાર વાંચક આ પ્રકરણમાં જોશે.

હ૦ ઇમામ હુસયનની શહાદત પછી બીજે વર્ષે યઝીદની ફોજે મક્કા અને મદીના ઉપર ચઢાઇ કરી. હજારો મુસલમાનોને રેંહસી નાખ્યા. તે પછી મુખતાર નામદારની ફોજે બની ઉમય્યાના એક લાખથી વધુ સિપાહિઓને કત્લ કર્યા. એ શિવાય ઇબ્ને ઝીયાદ, ઉમર સઅદ, શીમ્રે મલઉન, વીગેરે કરબલામાં યઝીદની ફોજના એકેક સરદારોને ચુંટી ચુંટીને મુખતાર નામદારે તેઓને જહન્નમ વાસિલ કર્યા એનું વર્ણન ખુલાસાવાર મુખતારનામા—અને સાબીતનામા આદિ પુસ્તકોમાં સવિસ્તાર લખાએલું છે એટલે અહીં લખવાની અગત્ય નથી.

તે પછી અબ્દુલમલીક બીન મરવાનના ઝમાનામાં તેના તરફથી તેનો ગવર્નર જનરલ અને કમાંડર હજ્જાજ મલઉને હિજાઝ અને ઇરાકમાં લાખોની સંખ્યામાં મુસલમાનોને બેરહમીથી રેંહસી નાંખ્યા. જેનું ટુંક વર્ણન આ કીતાબમાં

અન્ય સ્થળે આપવામાં આવેલ છે. એ સઘળા માર્યા ગયલાની ગણત્રી તરફ નજર કરતાં લાખોની સંખ્યા થયલી જણાશે.

બની ઉમય્યા ઉપર કરબલાના વાકેઆ પછી ખુદાના ગઝબના લીધે તેઓ અનેક પ્રકારના અઝાબમાં ગીરફતાર થઇ પોતાની સજાએ પહોંચ્યા એ અત્રે કોઇ બીજા પ્રકરણમાં ખુલાસાવાર લખેલ છે. એ શિવાય ઉપર જણાવ્યા મુજબ મુખતાર નામદારના હાથોવડે એક લાખથી પણ વિશેષ બની ઉમય્યા કત્લ થયા અને બની ઉમય્યાના છેલ્લા બાદશાહ મરવાન હેમાર (હેમારનો અર્થ ગધેડો થાય છે) પછી બની ઉમય્યાનો પુરો વિનાશ ટુંક અરસામાં થયો. પ્રથમ બની અબ્બાસીના પેહલા બાદશાહ સફ્ફાહના જમાનામાં એક લાખથી પણ વિશેષ બની ઉમય્યા માર્યા ગયા તેનું રસિક બયાન અહીં લખીયે છીયે.

કિતાબ રવઝતુસ્સફામાં મુહમ્મદ બઇને કતાદાથી અને તે ઝયદ ઇબ્ને અલીથી નકલ કરે છે કે, "મદીનામાં સદીફ નામના બની હાશમના ગુલામને ખબર મળ્યા કે બની ઉમય્યાના હાથમાંથી રાજ્ય જતું રહ્યું અને તેઓનો છેલ્લો બાદશાહ મરવાન હેમાર માર્યો ગયો અને બની અબ્બાસીના હાથમાં રાજ્ય આવતાં તેનો પહેલો બાદશાહ અહમદ અબિલ અબાસ સફ્ફાહ થયો છે. વળી સદીફને એ પણ ખબર મળ્યા કે બની અબ્બાસીના પેહલા બાદશાહ સફ્ફાહે તેના ડરથી વીખરાઇ ગયલા બની ઉમય્યાને પાછા બોલાવી કોઇ પણ પ્રકારની સજા ન કરતાં તેઓને પોતાની કચેરીમાં માનવંત દરજ્જા અને ઇનામો આપી તેઓની ચઢતી કરી રહ્યો છે, જેથી કુલ્લ સીતેર હજાર બની ઉમય્યા તેની કચેરીમાં સદા હાજર રહે છે જેઓનો સરદાર યઝીદ બીન અબદુલમલીક બીન મરવાન છે.

સફ્ફાહે તેઓના માટે પોતાની કચેરીમાં ઘણી ઉંચી બેઠક રાખેલી હતી અને તેઓને બીજા દરબારીયો કરતાં વિશેષ માન આપતો હતો. તેઓના માટે સોના અને ચાંદીથી મઢેલી ખુરશીઓ, ઉમદા ગાલીચા અને રંગબેરંગી પડદાઓ રાખવામાં આવ્યા હતા. અવારનવાર બાદશાહી ઇનામ, જાગીરો અને દીરહમ દીનારની થેલીઓ આપી સફ્ફાહ તેઓના મનને શાંત કરતો

હતો તેથી બની ઉમય્યા બીલકુલ નિશ્ચિંત થઇ તેની કચેરીમાં ભારે ઠાઠમાઠ સહિત હાજર થતા હતા. સદીકને મદીનામાં આ પ્રમાણે બની ઉમય્યાની ચડતીની જાણ થતાં ત્યાંથી સફ્ફાહની મુલાકાત માટે રવાના થયો.

એક દિવસે સફ્ફાહની કચેરીમાં ઉપર જણાવ્યા મુજબ બીજા દરબારીયો સહિત બની ઉમય્યા પણ મોટી સંખ્યામાં ભારે ઠાઠમાઠ સાથે હાજર હતા, એટલામાં એક નોકરે આવીને સફ્ફાને નમી અરજ કરી!! "કચેરીના દરવાજા ઉપર એક વિચિત્ર કદરૂપો અને હબશી ગુલામ જેવો એક કાળો ઘરડો આરબ હાજર થઇ કચેરીમાં દાખલ થવાની રજા માંગે છે. તેની એવી કઢંગી સ્થિતી છતાં તેનામાં બોલવાની છટા ઘણી વખાણવા લાયક છે અને તે કુશળ જણાય છે, અને તે પોતાની અસ્વારીના ઉંટને કહી રહ્યો છે કે, "ઓ મારી અસ્વારીના ઉંટ, હું તને ખુશખબરી આપું છું કે આપણે એવા સરદારના દરવાજા આગળ આવ્યા છીયે કે જ્યાંથી આપણને કદી પણ નિરાશ થવું પડશે નહિ. તું ખુશ થા કે હવે પછી આપણને ફરીવાર મુસાફરીની ઝેહમત ઉઠાવવી પડશે નહિ. કેમકે, આપણે જેના દરવાજા આગળ પહોંચ્યા છીયે તે ઘણા ઉદાર દીલના સખી જવાન છે" અને તે આપની તરફ ઇશારો કરી કેહતો હતો, "ઓ મારા સય્યદ અને સરદાર સફ્ફાહ તમારી શાનો શવક્તથી તમામ આલમના બાદશાહો પોતાના સર નમાવી રહ્યા છે. જુઓ! આએ મારી અસ્વારીનો ઉંટ તમારી આગળ મુસાફરીની ઝેહમતથી કંટાળીને શિકાયત કરે છે. હવે તો તમે તેને સોના અને ચાંદીથી માલામાલ કરી આપો કે ફરી તે કદી પણ મોહતાજ ન થાય."

મેં તેને વધુ બોલતાં રોકીને પુછયું, શા માટે અહીં ઉભો રહ્યો છે? તેણે કહ્યું કે હું લાંબી મુસાફરીની ઝેહમત ઉઠાવી ખલીફા સફ્ફાહની મુલાકાત માટે આવ્યો છું. મારી છાતીમાં એક એવી ચેહ સળગે છે કે જેની ગરમીથી મારૂં જીગર કબાબ થાય છે માટે જલદી મને ખલીફાની ખીદમતમાં લઇ ચાલો કે મારી હાજત બયાન કરૂં. મેં તેને કહ્યું કે આવાં

મેલાં અને ધૂળથી ખરડાયલાં કપડાં સાથે ખલીફાની કચેરીમાં હાજર થવું પસંદ કરવાજોગ નથી માટે પ્રથમ મુસાફરીનાં કપડાં બદલી થાક ઉતાર્યા પછી હાજર થાઓ તો હું ખલીફાની ખીદમતમાં તને હાજર કરીશ. આ સાંભળી તેણે ગુસ્સે થઇ કહ્યું, "હું ખલીફાને મળ્યા વગર કદી પણ અહીંથી ખસવાનો નથી. મેં સોગંદ લીધા છે કે ખલીફાની ખીદમતમાં હાજર થઇ મારી હાજત બયાન કર્યા વગર કદી પણ આરામ લઇશ નહિ." હવે તેના બારામાં જે હુકમ હોય તે મુજબ અમલ કરૂં.

તે નોકર કનેથી હકીકત સાંભળી સફ્ફાહે તે મુસાફરને ઓળખી લીધો અને તે નોકરને કહ્યું, "ખુદાની કસમ તે મારો જુનો દોસ્ત સદીફ છે તેને જલદી હાજર કરો." સદીફનું નામ સાંભળી કચેરીમાં હાજર રહેલા સઘળા બની ઉમય્યાના હોશ ખાટા થયા–અને તેઓના ચેહરાનો રંગ ઉડી ગયો અને થરથર ધ્રુજવા લાગ્યા. તેઓ જાણતા હતા કે સદીફ બની હાશમનો ગુલામ અને એહલેબયતે રસુલનો મુહિબ હતો તેમજ તેઓએ ખલીફા સફ્ફાહને કેહતાં સાંભળ્યું કે, "સદીફ, મારો જુનો દોસ્ત છે તેને હાજર કરો." જેથી તેઓના મનમાં બીક પેઠી કે સદીફ બાદશાહને ઉશ્કેરશે તો અમારા બુરા હાલ થશે.

સદીફે કચેરીમાં દાખલ થઇ પ્રથમ ખલીફાને નમીને સલામ કર્યા. તે પછી ચારે તરફ નજર ફેરવતાં તેણે બની ઉમય્યાને ભારે ઠાઠમાઠ સાથે સોના અને ચાંદીથી ચઢેલી ખુરશીઓ ઉપર ઘણી ઉંચી બેઠકોમાં જોયા તેથી તે મલઉનોના ઝાલીમ કર્તવ્યો યાદ કરી તેની આંખોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. તેને રડતો જોઇ સફ્ફાહે દિલાસો આપતાં કહ્યું, "મારા જુના રફીક સદીફ! તું શા માટે રડે છે? તું ખુશ થા કે તારી સઘળી હાજતો પુરી થશે. તે વખતે સદીફે કેટલાંક કાવ્યો રચી સફ્ફાહ ખલીફાને સંભળાવ્યાં જેનો સાર એ છે કે, "અફસોસ! બની ઉમય્યાની આ ચડતી તારા હાથે થતી જોઇ કોનું જીગર કબાબ ન થાય અને આંખોમાંથી આંસુ બાહેર પાડી ન રોવે. આહ! શું આ કમિંણ મલઉનોનાં ઘાતકી કૃત્યો તમે ભૂલી ગયા છો કે આ મલઉનોએ ઇમામે હુસયનને ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા

કેવી બેરહમીથી શહીદ કર્યા. તેમની એહલેબયતની ઓરતો અને નાના બાળકોને બંદીવાન બનાવી કરબલાથી કુફા અને કુફેથી શામ લઇ ગયા. ઓ સફ્ફાહ! હવે ઢીલ ન કરતાં આ બેદીનોને તેઓની ઝરરીન ખુરશીઓ પરથી ઉતારી મૂકો અને તેઓને કત્લ કરો."

સદીફનાં કાવ્યો સાંભળી સફ્ફાહે તેને કહ્યું, "મારા મિત્ર સદીફ તું શાંત થા. આ તારાં કાવ્યોથી એમ સિધ્ધ થાય છે કે, તું આ મારા દરબારીયો બની ઉમય્યાનો દુશમન છે; પણ હવે તે વેરભાવ દીલમાંથી દૂર કર અને તેઓની થયલી ભૂલો માટે માફી આપ. કેમકે, માફી આપવી નેક લોકોનું કામ છે. ખરો શૂરવીર એ છે કે, દુશમન પર કાબુ મેળવ્યા છતાં તેને માફી બખશી જતો કરે અને તેના કનેથી વેર ન લે. તે પછી પોતાના નોકરોને હુકમ કર્યો કે, સદીફને સોનાના સિક્કાની એક થેલી આપો કે જે વડે તે પોતાના માટે જોઇતી વસ્તુ મેળવી શકે અને સદીફને કહ્યું, "તું હમણા જા અને થાક ઉતારી કપડાં બદલીને આવતી કાલે કચેરીમાં હાજર થા. તે વખતે તારી જે હાજત હશે તે પુરી કરવામાં આવશે." સદીફ ખુશ થતો કચેરીથી બાહેર ગયો.

આટલી વાર બની ઉમય્યા આકુળવ્યાકુળ બની રહ્યા હતા અને સદીફ અને સફ્ફાહ વચ્ચેની ગુફતગુ સાંભળી પળેપળ તેઓના ગભરાટમાં વધારો થતો હતો. સદીફને રજા આપી સફ્ફાહે બની ઉમય્યાને સંબોધીને કહ્યું, "ભાઇઓ, તમોને આ બેવકુફ અને દિવાના ગુલામની ગુફ્તગુથી ગભરાવવાનું કંઇ કારણ નથી. તેને રાજી રાખવા અને ગમ્મત મેળવવા ખાતર હું તેની સાથે આ પ્રમાણે વર્ત્યો પણ તેથી તમારે કોઇ પ્રકારની ચિંતા કરવી નહિ. તમે મારા માનવંતા દરબારીયો છો અને એક ગુલામના કેહવાથી હું કદી પણ તમારી સાથે બદ સલુકી કરીશ નહિ. તે મુર્ખો થોડીવાર પોતાના સરદારો (આલે-રસુલ) નાં વખાણ કરી તમોને અણઘટતું બોલ્યો તેથી શું થયું? તે મારો જુનો દોસ્ત હતો અને હવે તે ઘરડો બુબખ અને કમઅક્કલ થયો છે અને તે નિર્ધન અને કંગાળ હોવાથી

મારા કને માંગવા આવ્યો તેથી મેં તેને જુની દોસ્તી હોવાના લીધે થોડા સિક્કા આપ્યા તેથી તમારે કદી પણ એમ ન સમજવું કે તે તમારા કરતાં માનવંતો છે." થોડીવાર પછી કચેરી બરખાસ્ત થઇ અને સઘળા દરબારીયો વિસર્જન થયા.

હવે બની ઉમય્યા કચેરીમાં બનેલા બનાવ ઉપર વિચાર ચલાવવાને એક ખાનગી સભા બોલાવી અને હવે પછી કેવા પગલાં લેવાં તે ઉપર મત લેવા લાગ્યા. તેઓ દુન્યાના ગુલામો અને આંધળા હતા તેથી તેઓએ વધુ મતે એજ ઠરાવ પસાર કર્યો કે, ખલીફા સફ્ફાહ ઉપર અવિશ્વાસ લાવવા જેવું અને ધાસ્તી રાખવા જેવું કંઇએ નથી. કેમકે તેની કચેરીમાં બની ઉમય્યા મ્હોટો દરજ્જો ધરાવે છે અને તેઓની સંખ્યા ઘણી મ્હોટી હોવાથી એક હલકટ ગુલામના કહેવાથી ખલીફા કાંઇ કરી શકશે નહિ. જો કે, તે સભામાં હાજર રહેલાઓમાંથી અમુક ઘરડા અનુભવી માણસોએ પોતાનો વિરૂદ્ધ મત દર્શાવી વધુ સાવચેતીનાં પગલાં લેવાને ભાર દઇને સૂચવ્યું, પણ વિનાશકાળે વિપરીત બુધ્ધિની કહેવત પ્રમાણે તેઓને કાંઇ સુજ્યું નહિ.

બીજે દિવસે બની ઉમય્યા આગલા દિવસ કરતાં વધુ ઠાઠમાઠથી અને મ્હોટી સંખ્યામાં કચેરીમાં હાજર થયા. સફ્ફાહ તેઓને હમેશ કરતાં વધારે આવકાર આપી તેઓની હાજતો પુછતો અને તેઓના સાથે ઘણી મોહબ્બત ભરેલી ગુફતગુ કરતો રહ્યો. એટલામાં સદીફ કચેરીમાં દાખલ થયો અને બીજા કોઇ તરફ નજર ન કરતાં ખલીફા આગળ આવી તેને નમીને સલામ કર્યા અને કેટલાંક કાવ્યો રચી તેની સામે પડયો જેનો સાર એ છે કે, "ઓ ખલીફા, ખુદાએ તને ઇસ્લામની ખીલાફત અને બાદશાહત આપી તારો મરતબો બુલંદ કર્યો. ખુદા તને આ બાદશાહત સદા મુબારક ફરમાવે પણ અફસોસ તારી બાદશાહતના ઝમાનામાં આ કર્પિણ ઝાલેમો આવા ઠાઠમાઠથી કચેરીમાં હાજર થાય અને તમારી મેહેરબાની અને દોલતનો લાભ ઉઠાવતા રહે એ તમારા માટે યોગ્યિતું નજ ગણાય. શું તમે યઝીદે મલઉનના ઝુલમોને યાદ કરતા નથી! તેણે અને આ બની ઉમય્યાઓએ પયગંબરના લાડલા નવાસાને

કેવી રીતે સતાવ્યા. અફસોસ મારા આકા અને સરદારોના કાતેલોને હું આજે આ પ્રમાણે જોઇ રહ્યો છું અને કાંઇ પણ કરી શકતો નથી.

આ કાવ્યો સાંભળી સફફાહ ગુસ્સાથી ધ્રુજવા લાગ્યો પણ સમયસૂચકતા વાપરી ઘણીવાર સૂધી માથું નીચું નમાવી ચુપ બેઠો રહ્યો. ગુસ્સો સમી રહ્યો કે માથું ઉંચકીને સદીફને કહ્યું, "ઓ સદીફ હવે તારો અર્થ વગરનો બકવાટ બંધ કર અને ફરીવાર કદી પણ તે બનાવોને યાદ ન કર. એ સઘળી બાબતોને ભૂલી જા. બનવાકાળ બની ગયું તેને વારંવાર યાદ કરવામાં લાભ નથી. પણ ઓ સદીફ! તું ખુશ થા કે હું તને ઘણું સારૂં ઇનામ આપીશ અને તને એટલું નાણું આપીશ કે જીંદગીભર સુખી થઇને રહીશ." તે પછી સદીફને જવાની રજા આપી તેથી તે ઉદાસ થઇ ત્યાંથી ચાલ્યો ગયો.

અહીં બની ઉમય્યાના મ્હોડાં ઉતરી ગયાં હતાં તેઓને સંબોધી સફફાહે કહ્યું, "હું ખુબ જાણું છું કે, આ બે બદામના ગુલામની ગુફતગુથી તમોને કચવાટ ઉપજે છે, પણ હું તમોને ખુદાના સોગંદ આપી કહું છું કે તમારે તેની બકવાસ ઉપર લેશમાત્ર ધ્યાન આપવું નાહ. તમારા માટે દરેક વસ્તુઓ હાજર છે અને જે તમારી હાજત હશે તે જરૂર પુરી કરવામાં આવશે." છતાં બની ઉમય્યા ઘણા ઉદાસ જણાતા હતા તે પછી કચેરી બરખાસ્ત થઇ અને લોકો વીખરાઇ ગયા.

હવે બની ઉમય્યાઓ ફરીવાર ભેગા મળી સદીફના બારામાં મશવેરત કરવા લાગ્યા. છેવટે તેઓએ નક્કી કર્યું કે, સફફાહ ખલીફા પાસેથી સદીફને કત્લ કરવાની માંગણી કરવી. જો સફફાહ તે ગુલામને કત્લ કરશે તો તે પછી બીક રાખવા જેવું કંઇએ નથી પણ જો સદીફ માટે અમારી ઇચ્છા મુજબ સફફાહ નહિ વર્તશે તો અમોને ખાત્રી થશે કે, ખલીફાના દીલમાં દગો છે.

બની ઉમય્યા ઉપર જણાવ્યા પ્રમાણે સદીફને કત્લ કરવાની મશવેરત ચલાવતા હતા, જ્યારે સફફાહ બીજી ગોઠવણ કરવામાં ગુંથાયલો હતો. મધરાત પછી સફફાહે

ખલીફાએ પોતાના મિત્ર સદીફને પોતાંના મેહેલમાં બોલાવ્યો, જ્યારે તે હાજર થયો ત્યારે સફફાહે તેને કહ્યું, “ઓ સદીફ! તું શા માટે ઉતાવળ કરી રહ્યો છે! તારા સરદારો હંમેશા સબર કરતાં રહ્યા તેઓનું અનુકરણ કરી શા માટે તું પણ સબર કરતો નથી? સદીફે અરજ કરી, હવે હું સબર કરતો ઘરડો થયો અને મારી ધીરજ ખુટી ગઇ. હવે વધુવાર સહન કરી શકતો નથી. આ દુષ્ટોને તારી કચેરીમાં જોઇ મારૂં જીગર ચીરાઇ જાય છે. ઓ સફફાહ, જરા તે બનાવને યાદ કરો કે આ ચંડાળોએ તમારા પૂર્વજો (બની અબ્બાસી) સાથે કેવી બુરી વર્તણુંક ચલાવી તેઓના બુરા હાલ કરી ઘાતકીપણે તેઓને મરાવી નંખાવ્યા. આ કમિંણોએ આલેરસુલ સાથે જે ઘાતકી વર્તણુંક ચલાવી તે કોઇ કાળે ભૂલી શકાય નહિ. આ શયતાનોને પળવાર જીવતા મૂકવા ન જોઇએ.” તે પછી સદીફ એહલેબયતની મુસીબતમાં કેટલાંક કાવ્યો કહી એટલું રડયો કે બેશુધ્ધ થઇ પડી ગયો અને ખલીફા સફફાહ પણ ઘણું રડયો.

સદીફ હોશમાં આવ્યો ત્યારે સફફાહે કહ્યું, “ઓ સદીફ! તું હવે ખુશ થા. કેમકે, તારી મુરાદ પુરી થઇ અને તારા દુશમનોના દિવસો ભરાઇ જવા આવ્યા. તું ખુબ પેટ ભરીને તારી તલવાર ચલાવજે અને તેઓના કનેથી વેર વસુલ કરી લે. હવે તું ખુશ થયો? તેણે અરજ કરી, ઓ સફફાહ! હું સંતોશ પામ્યો અને મારો પરવરદીગાર અને તેના પયગંબર પણ ખુશનુદ થશે. તે પછી સદીફને ત્યાંથી રૂખસદ કરી સફફાહ ગોઠવણ કરવા લાગ્યો.

સફફાહ ખલીફાએ આખા શેહેરમાં મુનાદી કરાવી કે નવરોઝના દિવસે બાદશાહ તરફથી દરબાર ભરવામાં આવશે અને તે ઇદના શુભ પ્રસંગે પોતાની પ્રજાને સારૂં ઇનામ આપશે માટે સર્વ કોઇ પોતપોતાના દરજ્જાને શોભાવતો લિબાસ પેહરી વખતસર દરબારમાં હાજરી આપે.

હવે તે શુભ પ્રસંગની દરબાર માટે દરેક પ્રકારની તૈયારીઓ થવા લાગી અને ખજાનામાંથી ઝર્રીન અને રેશમી

પડદાઓ બાહેર કાઢવામાં આવ્યા અને ઉમદા ગાલીચા પાથરી તે ઉપર સોનું અને ચાંદીથી મઢેલી હીરાજડીત ખુરશીઓ ગોઠવવામાં આવી. બની ઉમય્યા માટે એક ઉંચી બેઠક અલાહેદી ગોઠવવામાં આવી અને તે બેઠકને ઘણી ખુબીથી શણગારવામાં આવી. ખલીફા માટે ઉંચી બેઠક ઉપર હીરાજડીત સોનેરી તખ્ત ગોઠવવામાં આવ્યું. ટુંકમાં તે ભવ્ય શાહી દરબારની ગોઠવણ માટે સફ્ફાહ ખલીફાના દરબારીઓએ ખુબ મેહનત લઇ યાદગાર બનાવી.

સફ્ફાહ ખલીફાએ પોતાના ખાસ ચુનંદા અને વફાદાર સિપાહીઓને બોલાવીને કહ્યું, "મારા વફાદાર શૂરવીર સિપાહીઓ, હું તમોને એક ભારે કામ સોંપવા માગું છું અને એવાજ પ્રસંગ માટે મેં તમારી કનેથી વફાદારીની આશા રાખી હતી. જુઓ, આવતી કાલે ઇદે નવરોઝની ખુશહાલીમાં એક ભવ્ય દરબાર ભરવામાં આવશે અને તે પ્રસંગે બની ઉમય્યા પુરા દમામ અને ઠાઠમાઠ સાથે હાજર થશે. મારો મક્કમ ઇરાદો છે કે, કાલના શુભ દિવસે તે કર્પિણોને ઘટતી સજા કરૂં અને તેઓની કત્લ ચલાવું કે તેઓમાંથી એક પણ બાકી ન રહે. જો તમો મારા વફાદાર સિપાહીઓ આ કામમાં મને મદદ કરશો તો તમોને ઘણું ઇનામ આપીશ માટે તમારો શો ઇરાદો છે તે જણાવો. તે સઘળા સિપાહીઓએ અરજ કરી, "અમારી હઝાર જાનો તમારી કદમો પર ફિદા કરવા તૈયાર છીયે અને તમારો હુકમ હશે તે પ્રમાણે અમલ કરવા સદા તૈયાર છીયે." સફ્ફાહ આ સાંભળી ઘણો ખુશી થયો અને કહ્યું, "મારા વફાદાર સિપાહીઓ, દરબારમાં ઉમદા રેશમી ઝરરીન પડદા ટાંગવામાં આવશે તે પાછળ ખુલ્લી તલવાર લઇ પેહલેથી તમો ગોઠવાઇ જાઓ અને જ્યારે તમો જુવો કે મેં મારી પાઘડી જમીન પર ફેંકી દીધી છે તો ઝટ પડદા પાછળથી બાહેર નીકળી જે ઉંચી બેઠક-બની ઉમય્યા માટે ખાસ ગોઠવવામાં આવેલ છે તે તરફ હુમલો કરી બની ઉમય્યામાંથી જે કોઇ સામે આવે તેને તલવારથી બે કટકા કરી નાંખો" અને કેટલાક સિપાહીઓને કહ્યું કે, ખબરદાર! જ્યારે તમો દરબારમાં કત્લ

ચાલુ થયલી જુવો. કે તરત મેહેલનાં દરવાજા બાહેરથી બંધ કરી આપો કે જેથી કોઇ પણ માણસ બાહેર નીકળી શકે નહિ." એ પ્રમાણે પુરતી ભલામણ કરી તેઓને રવાના કર્યા.

તે ઇદે નવરોઝના યાદગાર દિવસની સવાર થઇ. આખા શહેરમાં ચોમેર ખુશહાલી વ્યાપી રહી હતી અને ઘરેઘર કચેરીમાં હાજર થવાની તૈયારી થવા લાગી. બની ઉમય્યાના સરદારો કીંમતી પોશાકથી સજ્જ થઇ કચેરીમાં જવાની ઉતાવળમાં પડયા હતા ને કચેરીના ટાઇમ ઉપર સઘળા નાના-મોટા તે ભવ્ય દરબારમાં હાજર થયા અને પોતપોતાની જગો ઉપર ગોઠવાઇ ગયા. બની ઉમય્યા માટે એક અલાહેદી બેઠક રાખવામાં આવી હતી અને તે બીજી બેઠકો કરતાં ઘણી ઉંચી અને દબદબાભરેલી હતી તેથી બીજા દરબારીયો તેઓ ઉપર ઇર્ષા કરવા લાગ્યા અને તેઓની સાથે ભળી જવા આતુર જણાતા હતા.

સફ્ફાહ ખલીફાનો શાએર બની ઉમય્યાના મરતબાથી અંજાઇ ગયો હતો, ને તેઓની સાથે બેસવાનો તેણે ઇરાદો કર્યો પણ સિપાહીઓએ તેને રોકીને કહ્યું કે, આ બેઠક ખાસ બની ઉમય્યા માટે હોવાથી બીજા કોઇને બેસવાની રજા નથી. છેવટે ઘણી રકઝક પછી તેણે ખલીફા સફ્ફાહ તરફથી બની ઉમય્યાના બારામાં જે હુકમ થાય અને જે કાંઇ તેઓને આપવામાં આવે તે પોતાના માટે પણ તેને મંજુર છે, એવી શરતે તેઓની સાથે ભળી જવા કબૂલ કર્યું.

આખી કચેરી લોકોથી ભરાઇ ગઇ ને સર્વ લોકો ખલીફા સાહેબની પધરામણી માટે આતુરતાથી રાહ જોવા લાગ્યા. થોડીવાર પછી ગંભીર ચુપકીદી ફેલાઇ ગઇ અને ખલીફા સફ્ફાહ બાદશાહી પોશાક પહેરી માથા ઉપર હીરાજડીત તાજ અને હાથમાં સોનેરી તલવાર લઇ દાખલ થયા. સઘળા દરબારીયો ઉભા થઇ તેને નમન કરીને સલામી આપી તેઓને હંસીને જવાબ આપતા પોતાના સફેદ તખ્ત ઉપર બેઠા.

તેણે જમણી બાજુએ પોતાના મિત્ર સદીફ અને ડાબી બાજુએ પોતાના ગુલામ સબીહને ઉભા રાખ્યા. પ્રથમ પોતે

ઉભા રહી ખુત્બો પઢયો. ખુદાનાં વખાણ અને પયગંબર અને તેમની આલ ઉપર દુરૂદ મોકલ્યા બાદ કહ્યું, "અય્યુ હન્નાસ આજના મુબારક અવસરે મેં તમોને એટલા માટે બોલાવ્યા કે તમોને ભારે ઇનામ આપી ખુશ કરૂં. માટે પ્રથમ કયા કબીલાથી શરૂ કરૂં તે હું તમારા કનેથી જાણવા આતુર છું."

તે વખતે બની ઉમય્યાના એક સરદારે ઉભા થઇને પ્રથમ બાદશાહને નમન કરીને કહ્યું, "એ અમારા માનવંતા ખલીફા, ખુદા તમોને સદા સલામત રાખે. આપની મેહેરબાનીથી અમોને હંમેશા ઘણું મળતું રહ્યું છે, પણ આવા શુભ પ્રસંગ માટે પ્રથમ બની હાશમને યાદ કરવા જોઇએ. કેમકે, તેઓ અરબના સઘળા કબીલા કરતાં શ્રેષ્ટ અને તેઓના સરદાર છે."

તેથી સફફાહ ખલીફાએ પોતાની ડાબી બાજુએ ઉભેલા ગુલામ સબીહને ફરમાવ્યું કે પ્રથમ બની હાશમના સરદારોને એક પછી એક પુકારો તે પછી બની અબ્બાસ અને ત્યાર બાદ બની ઉમય્યાને પુકારો કે તેઓ સર્વ હાજર થઇ ઇનામ લઇ જાય. સબીહના હાથમાં એક લાંબું લિસ્ટ હતું જેમાં બની હાશમ બની અબ્બાસ અને બની ઉમય્યાનાં નામ લખેલાં હતાં. પ્રથમ તેણે બની હાશમમાંથી અબુઅબદિલ્લાહિલ હારિસનું નામ પુકાર્યું અને કહ્યું કયાં છે અબુઅબદિલ્લાહિલ હારિસ બીન હાશમ આવો અને ઇનઆમ લઇ જાઓ. કોઇના તરફથી જવાબ ન મળતાં સદીફે જમણી બાજુથી અરજ કરી, એ બાદશાહ કેમ કોઇ જવાબ આપતો નથી! ખલીફાએ કહ્યું એ સદીફ તુંજ બયાન કર કે અબુઅબદિલ્લાહિલ હારિસ કયાં છે? શા માટે આવતા નથી! સદીફે અરજ કરી એ બાદશાહ, અબુઅબદિલ્લાહિલ હારિસ કત્લ થઇ માર્યા ગયા, જુઓ તેમનો કાતીલ શયબા બીન રબીઅહ તમારી સામે બની ઉમય્યાની બેઠકમાં ભારે ઠાઠમાઠથી બેઠો છે. સફફાહ ખલીફાએ આ સાંભળીને સબીહ ગુલામને કહ્યું "એ સબીહ, તેમનું નામ છેકી નાખો બીજાને પુકારો." સબીહે ફરીથી પુકાર્યું કયાં છે શેરે ખુદા હ૦ હમઝા બીન અબદુલમુત્તલિબ આવો અને ઇનઆમ મેળવો. કોઇ તરફથી જવાબ ન મળતાં

ખલીફાએ સદીફને કહ્યું કયાં છે હ૦ હમઝા? તેઓ શા માટે હાજર ન થયા? સદીફે અરજ કરી ઓ બાદશાહ હ૦ હમઝા શહીદ થયા અને આએજ બની ઉમય્યામાંથી એક ઓરતે તેમનું કલેજું કાપીને મ્હોઢામાં રાખ્યું પણ તે પથ્થર થઇ જવાથી ગળી ન શકી. સફ્ફાહે કહ્યું, મને તેની ખબર નથી. તેનું નામ છેકી નાખો અને બીજાને બોલાવો.

તે પછી સબીહ એકેક બની હાશમનું નામ પુકારતો હતો અને સદીફ તેઓની શહાદત અને દુઃખદાયક હાલતનું વર્ણન કરી બાદશાહને સંભળાવતો હતો અને સફ્ફાહ તેનું નામ છેકી બીજાને પુકારવાને કેહતો.

ત્યાર બાદ સબીહે પુકાર્યું, કયાં છે પયગંબરના નવાસા અલીના લાડલા હ૦ ફાતેમાના પ્યારા ફરઝંદ હુસયન! આવો અને ઇનઆમ લ્યો. ઇમામે મઝલુમનું નામ સાંભળી સદીફ ઘણું રડયો અને કહ્યું, "ઓ બાદશાહ, કયાં છે શહીદે કરબલા કે તમોને જવાબ આપે. તેમને તો આ તમારી સામે બારે ઠાઠમાઠથી બેઠેલા બની ઉમય્યાઓ અત્યંત બેરહમીથી ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા શહીદ કર્યા. તેમના અઝીઝ અને અનસારને તેમજ નાના બાળકોને રેહંસી નાખ્યાં. તેમની એહલેબયત ઓરતો અને બાળકોને કેદી બનાવી શામ તરફ લઇ ગયા. શહીદોના માથાં કાપી નેઝા ઉપર ચઢાવ્યાં. તેમની લાશોને ઘોડાના ટાપુથી કચડી નાંખી અને તેમની લાશોને બળતાં રણ ઉપર દફન કર્યા વગર મૂકી રવાના થયા. ઓ મારા સરદાર, આ એજ બની ઉમય્યાના બાદશાહ યઝીદે મલઉનના હુકમથી આ કરૂણાજનક બનાવ બનવા પામ્યો અને તમારી કચેરીમાં એવા ઘણા બની ઉમય્યા બેઠેલા છે જેઓ કરબલાના રણમાં હાજર હતા અને ઇમામે મઝલુમને શહીદ કરવામાં તેઓએ ભાગ લીધો હતો.

આ દુઃખદાયક હકીકત સાંભળી બાદશાહની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં પણ સમયસૂચકતા વાપરીને કહ્યું, બનવા-કાળ બની ગયું માટે હવે બીજાને પુકારો. તે પછી હ૦ ઇમામ અલી ઇબ્નલ હુસયન ઝયનુલ આબેદીન અને તેમના દીકરા

ઝયદ ઇબ્ને અલીને પુકાર્યા. કોઇના હાજર ન થવાથી સદીફે અરજ કરી એ બાદશાહ, આ બની ઉમય્યાઓએ હ૦ અલી ઇબ્નલ હુસયનને ઝેર આપી શહીદ કર્યા અને તેમના દીકરા ઝયદને તેઓએ ઘણીજ કમકમાટ ઉપજાવે એવી રીતથી શહીદ કર્યા અને તેમની લાશને બાળી નાંખી. તેમની રાખને હવામાં ઉરાડી. સફાએ કહ્યું કે, મને એ સઘળી હકીકતની ખબર ન હતી માટે હવે બીજાને પુકારો. સદીફે અરજ કરી એ બાદશાહ, બની હાશમના સરદારો હવે બાકી રહ્યા નથી. સઘળા આ બની ઉમય્યાના હાથોવડે અનેક પ્રકારનાં દુઃખો ઉઠાવી શહીદ થયા. માટે હવે બની અબ્બાસીઓને પુકારવાના હુકમ આપો. તેણે પોતાના ગુલામ સબીહને બની અબ્બાસીઓને પુકારવાનો હુકમ આપ્યો.

તેથી સબીહે પુકાર્યું, કયાં છે ઇબ્રાહીમ બીન મુહમ્મદ બીન અબદુલ્લાહિલ અબ્બાસ. આવો, અને ઇનઆમ લઇ જાઓ. કોઇએ જવાબ ન આપ્યો તેમજ સદીફ પણ આ વખતે શાંત રહી કાંઇ પણ બોલ્યો નહિ. બાદશાહને સદીફની ચુપકીદીથી ઘણો ગુસ્સો ઉપજ્યો અને કહ્યું, "એ સદીફ જ્યારે તારા સરદારો બની હાશમના નામ પુકારવામાં આવતાં હતાં ત્યારે ઝટ તેઓની હકીકત બયાન કરતો હતો પણ હવે મારા કુટુંબ બની અબ્બાસમાંથી મારા ભાઇનું નામ સાંભળી તું ચુપ રહી તેમની હકીકત કહી સંભળાવતો નથી." સદીફે અરજ કરી, "એ બાદશાહ મારી જીભ ચાલી શકતી નથી અને તમારા ભાઇ સાથે બની ઉમય્યાએ જે શરમભરેલી વર્તણુંક ચલાવી તેનું વર્ણન કરવાની હિંમત થતી નથી." બાદશાહે કહ્યું એ સદીફ, તને ખુદાની કસમ આપું છું કે જલદી તેની હકીકતથી મને વાકેફ કર. તેણે અરજ કરી એ બાદશાહ, "બની ઉમય્યાનો એક બાદશાહ મરવાન બીન હકમના હુકમથી તમારા ભાઇ ઇબ્રાહીમને જીવતા એક ગાયનાં ચામડાંની થેલીમાં સીવવામાં આવ્યા અને તપાવેલા ખીલાથી તેમને ડામ આપતા હતા અને ત્રણ દિવસ સુધી દરરોજ દસ હજાર કોરડા મારવામાં આવતા હતા. એ પ્રમાણે રીબાવી રીબાવી તેમને

મારી નાખ્યા અને નસારા લોકોના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા."

આ સાંભળી બાદશાહે ચીસ પાડીને કહ્યું, "એ સદીફ, બસ કર. આથી વધુ હું સાંભળી શકતો નથી અને ક્રોધના આવેશમાં તે નેતરની માફક ધ્રુજતો હતો. તેના ચેહરાનો રંગ ગુસ્સાને લીધે લાલચોળ થઇ રહ્યો હતો. આ જોઇ બની ઉમય્યાને ખાત્રી થઇ ગઇ કે, મામલો બદલી ગયો છે, તેથી તેઓમાંથી ઝયદ ઇબ્ને માલીક ઇબ્ને અબ્દુલમલિક બીન મરવાન ઉભો થયો અને સદીફને કહેવા લાગ્યો. "એ બદબખ્ત કાળા ગુલામ, તું કયાં સુધી અમારા બાદશાહને અમારા બારામાં ઉશ્કેરતો રહીશ? તારો શો ઇરાદો છે?" સદીફે કહ્યું, "હું મારા મિત્ર અને બાદશાહ કનેથી એજ ચાહું છું કે તમો કુત્રાઓની હસતી આ દુન્યાની સપાટીથી સદા માટે નાબુદ કરે અને તમારામાંના અકેકને કત્લ કરે." યઝદે કહ્યું, "એ નાલાયક બે બદામના ગુલામ, અમારી પણ એજ ઇચ્છા છે કે ખલીફા અમોને રજા આપે તો તારા કટકે કટકા કરી નાખીયે કે ફરીથી અમારા બારામાં આ પ્રમાણે બોલવા માટે જીવતોજ ન રહે અને અમોને ખાત્રી છે કે અમારા મેહેરબાન બાદશાહ તારા જેવા નાલાયક ગધ્ધા ખાતર અમને કદી પણ નારાજ કરશે નહિ."

તેઓની આ ગુફતગુ સાંભળી બાદશાહના ક્રોધમાં ઘણો વધારો થયો અને ઝયદને કહ્યું, "એ બદબખ્ત, મુંગો મર અને બેસી જા." તે પછી કેટલાંક કાવ્યો રચીને દરબારીયોને સંભળાવ્યાં, જેનો સાર એ છે કે, "બની ઉમય્યાઓ તો એમજ ધારી બેઠા છે કે તેઓનાં કર્પિણ કર્તુકો ભુલાઇ ગયાં છે અને તેઓને મારી કચેરીમાં માનભરેલી પદ્વિ મળવાથી બની હાશમ અને બની અબ્બાસીઓનો રોષ સમી ગયો છે. કસમ રસુલે પાકના કે તેઓની એ માન્યતામાં તેઓ ઠગાણા છે. હવે તેઓ જોશે કે તેઓનાં કર્પિણ કર્તુકો અને ઘાતકી વર્તુણુંકનો તેઓને કેવો સખત બદલો મળે છે." ઉપલા અશઆર ખતમ કર્યા પછી બાદશાહે એક ભારે ગર્જના કરી

માથા પરથી તાજ જમીન ઉપર પટકી નાખ્યું. તે સાથેજ પરદા પાછળ છુપાઇ રહેલા સિપાહીઓ ખુલ્લી તલવાર સાથે બાહેર નીકળી બની ઉમય્યાનાની બેઠક તરફ વધ્યા અને તેઓ પર તુટી પડયા. બની ઉમય્યાની કત્લેઆમ ચાલુ થઇ. તેઓ જાન બચાવવા ખાતર દરવાજા તરફ દોડયા, પણ અગાઉથી દરવાજા બંધ રાખવામાં આવતાં તેઓના માટે ભાગવાનો રસ્તો ન રહ્યો. ટુંક સમયમાં તે ભવ્ય કચેરી લોહીની નદીથી તરબોળ થઇ ગઇ અને લડાઇનું ખાસું મેદાન થઇ ગયું.

આ બનાવ જોઇ બાદશાહનો માનવંતો શાએર જે બની ઉમય્યાની ઉંચી બેઠકથી લોભાઇ તેઓની સાથે જઇ બેઠો હતો. તે પોતાની જાન બચાવવા ખાતર ફાંફાં મારવા લાગ્યો અને પુકારીને કેહતો હતો કે હું બાદશાહનો માનવંતો શાએર છું માટે મારો બચાવ કરો. આ સાંભળી બાદશાહ પોતે આગળ વધીને તેને કહ્યું, “ ઓ નાલાયક જો તું બની ઉમય્યામાંથી ન હતો તો શા માટે તેઓની સાથે ભળી ગયો ? ” એટલું કહી પોતાના હાથથી તલવારનો એક ઘા કરી તેનું માથું જુદું કરી નાખ્યું.

કચેરીમાં હાજર રહેલા સીંતેર હજાર બની ઉમય્યા સર્વ કત્લ થયા અને તેઓની લોહીની નદી જારી થઇ કચેરીથી બાહેર રસ્તામાં વહેવા લાગી. કચેરીની બાહેર તેઓના ગુલામો તેઓની સ્વારીના ઘોડા લઇ ઉભા હતા તેઓએ ધાર્યું કે બાદશાહે કચેરીમાં અમારા સરદારો માટે ભારે મોટી કુરબાની કરી હશે તેથી આ લોહી રસ્તા ઉપર વહે છે. થોડીવાર પછી કચેરીના દરવાજા ખુલ્યા અને સિપાહીઓએ તે ગુલામોને ઘેરી લીધા જેઓ સામે થતા હતા તેઓને કત્લ કરતા હતા અને ઘોડા તથા સામાનને લુંટી લેતા હતા.

બાદશાહ સફ્ફાહે હુકમ કર્યો કે, બની ઉમય્યાની લાશને એક જગો ગોઠવી તે ઉપર ગાલીચા બીછાવવામાં આવે અને ઉમદા પકવાનના થાલા તે ઉપર રાખવામાં આવે. તે પ્રમાણે અમલ થતાં સદીફને લઇ બાદશાહ સફ્ફાહ બની ઉમય્યાની લાશોના ઢગલા ઉપર બીછાવેલા ગાલીચા ઉપર બેસી નાસ્તો

કરવા લાગ્યા અને તેઓની નીચે બની ઉમય્યાની લાશો તરફડતી હતી. તેણે સદીફને પુછયું, "મારા જાની મિત્ર! હવે તું રાજી થયો અને તારી ઉમેદ બર આવી? કેમકે, તારા સરદારો બની હાશમના દુશમનો પોતાની સજાએ પહોંચ્યા." સદીફે અરજ કરી, "ઓ બાદશાહ, ખુદા તમોને જઝાએ ખૈર આપે. આજના જેવો મુબારક દિવસ અને ઉમદા ભોજન મારા માટે સદાય યાદગાર રહેશે પણ હું કેવી રીતે સંતોશ પામું? કેમકે, દુન્યાની સપાટી ઉપર હજી ઘણા બની ઉમય્યા જીવતા બાકી રહેવા પામ્યા છે. જ્યાં સૂધી તેઓ સર્વ કત્લ ન થાય ત્યાં સૂધી મને કદી પણ ચેન પડશે નહિ. ઓ બાદશાહ! જ્યારે પણ હું મારા મઝલુમ ઇમામ હ૦ હુસયન અ૦ની શહાદતનું દુઃખદાયક વર્ણન કરૂં છું ત્યારે મારાં કલેજાં ચીરાઇ જાય છે અને મારા દીલમાં ચેહ સળગી ઉઠે છે. અફસોસ! તે કર્પિણ મલઉનોએ મારા મવલાને કેવી રીતે બેરહમીથી શહીદ કર્યો અને તેમની એહલેબયતને બંદીવાન બનાવી ઉઘાડી પીઠના ઉંટો પર સવાર કરી ગામોગામ ફેરવ્યા. અગરજો દુન્યાની સપાટી ઉપરના સઘળા બની ઉમય્યાને કત્લ કરવામાં આવે તો પણ મારા મઝલુમ ઇમામના ખૂનનાં એક ટીપાંનો બદલો નહિ થઇ શકે."

સફ્ફાહે તેને દિલાસો આપ્યો કે ઓ સદીફ, તું ખુશ થા અને આ શુભ પ્રસંગ ઉપર મળેલી નેઅમત માટે ખુદાનો શુકર કર. તું આ ઉમદા ભોજન ખા અને તારા બળતા જીગરને ઠંડુ કર. જો આપણી બેઠક નીચે બની ઉમય્યાની લાશો હજી સૂધી તડપે છે અને કેવી સખતીથી મોતને શરણે થાય છે. ઓ સદીફ તું ધીરજ રાખ. તારા એકેક દુશ્મનને (બની ઉમય્યાને) દુન્યાના દરેક ખુણામાંથી શોધીને બાહેર કાઢીશ અને કત્લ કરીશ એટલે સૂધી કે તેઓમાંથી એક પણ બાકી રહેવા પામશે નહિ.

બની ઉમય્યાની વિપરીત બુદ્ધિ.

સફ્ફાહ બાદશાહે-સદીફને વચન આપ્યું હતું કે દુન્યાની સપાટી ઉપર બની ઉમય્યામાંથી એકને પણ તે બાકી રહેવા

દેશે નહિ તેથી ઇદે નવરોઝની ચાલેલી કત્લ પછી ડરના લીધે વીખરાઇ ગયલા બની ઉમય્યાને પાછા બોલાવી લેવા માટે અનેક પ્રકારની યુક્તિ ઘડતો.

બની અબ્બાસીની રાજધાનીની અતરાફ દેશાવરોમાં બની ઉમય્યાને નવરોઝના દિવસે ચાલેલી કત્લની ખબર પહોંચવાથી તેઓ દૂર દેશાવરો તરફ જાન બચાવવા ભાગતા ફરતા હતા. તેઓને સફફાહ બાદશાહે કાગળો લખ્યા અને તે સાથે ભેટ-સોગાદ તથા રોકડ નાણું મોકલી પાછા ફરવાને લલચાવ્યા. તેમાં પોતાની થયલી ગંભીર ભૂલ માટે દીલગીરી જણાવી અને ફરીવાર રાજધાનીમાં હાજર થઇ તે ભૂલનો બદલો વાળી આપવાની તક આપવા માટે તેઓને વિનવતો હતો. તે હંમેશા એવી કોઇ તકની રાહ જોતો હતો કે બની ઉમય્યામાંથી કોઇની મુલાકાત થાય તો તેની સાથે નેકી કરી થઇ ગયલા ગુનાહો માટે ખુદા પાસે માફી મેળવવાનો દેખાવ કરે.

તે દુન્યાના કુત્રાઓને ફરીવાર ફસાવવા માટે સોનું અને ચાંદી કરતાં બીજો કોઇ ઉત્તમ ઇલાજ ન હતો અને તે ઇલાજ અજમાવવાથી છેવટે બાદશાહની મુરાદ બર આવી. તેઓને બાદશાહ તરફથી ઉઝરખાહીભરેલા કાગળો અને કીંમતી ભેટસોગાદો મળવાથી ફરીવાર તેઓ લલચાયા અને એક એક બબે કરી રાજ્યધાનીમાં દાખલ થવા લાગ્યા. જ્યારે બની ઉમય્યામાંથી કોઇની મુલાકાત થતી તો બાદશાહ તેના પ્રત્યે ઘણી મોહબ્બત દેખાડતો અને અનેક પ્રકારની બખ્શીશથી નવાજી તેને ખુશ કરતો હતો ને તેથી તે દુન્યાના ગુલામો ખુશ થતા હતા અને તેઓને ખાત્રી થઇ જતી કે હવે બાદશાહ ખરો પસ્તાવો જાહેર કરી અમારા પ્રત્યે પ્રેમભાવથી વર્તે છે.

ટુંક અરસામાં બની ઉમય્યાની મ્હોટી સંખ્યા રાજધાનીમાં ભેગી થઇ અને તેઓની સાથે સફફાહ ઘણા વિવેકથી વર્તતો હતો અને અવારનવાર વિવિધ પ્રકારની ભેટ–ઇનઆમથી તેઓને નવાજતો હતો. તેણે દુરદેશાવરથી ઘણા કડીયા, સુથારો અને કારીગરોને એકઠા કર્યા અને રાજધાનીમાં એક ઉમદા બેમિસાલ કારીગરીવાળો બાદશાહી મહેલ બાંધવાને તેઓને

હુકમ આપ્યો. તેણે તે કારીગરોને કહ્યું કે પુરતી કારીગરી વાપરી એવો મેહેલ ટુંક મુદતમાં તૈયાર કરી આપો કે જેનો બીજો નમુનો દુન્યાની સપાટી પર ન હોય અને તે કામ માટે બાદશાહી ઇનામ આપવાને તેઓને વચન આપ્યું.

તે ભવ્ય મેહેલ બાંધવા માટે પંદરસો કારીગરો રોકવામાં આવ્યા અને બાદશાહી ખઝાનો ખોલવામાં આવ્યો જેથી તેમાંથી જેટલું નાણું લેવાની જરૂરત પડે તે લેવાય. પ્રથમ તે કારીગરોને તે મેહેલ બાંધવાના મૂળ હેતુથી વાકેફ કરી તેઓને કહ્યું કે જો મારો હેતુ પાર પડશે તો તમારામાંથી દરેકને એટલું નાણું આપીશ કે આખી જીંદગી સૂધી તેઓને તવંગર બનાવી આપશે. તે કારીગરોએ બાદશાહને વચન આપ્યું અને અગાઉથી થયલી ગોઠવણ પ્રમાણે તે મેહેલના માટે પાયો ખોદવામાં આવ્યો અને તેમાં ચણતર કામ કરવાને બદલે નીમકની ભરતી કરવામાં આવી અને ચારે દિવાલના આખા પાયામાં નીમક ભરી તે ઉપર ઇમારતની ચણતર ચાલુ કરવામાં આવી.

તે બાદશાહી મેહેલની ઉમદા કારીગરી જોઇ લોકો અજાયબી પામતા હતા અને પ્રકાર પ્રકારની કલ્પના કરતા હતા. કોઇ એમ કેહતો હતો કે આ મેહેલ બાદશાહ ખાસ પોતાના રેહવા માટે બનાવે છે તો બીજો બાદશાહના ભાઇ માટે જણાવતો હતો પણ બાદશાહે બની ઉમય્યાને કહી આપ્યું હતું કે તે મેહેલ ખાસ બની ઉમય્યા માટે બાંધવામાં આવે છે કે તેમાં જઇને તેઓ રહે જેથી આખી જગતમાં તેઓની હુરમત અને આબરૂ જાહેર થાય અને તેઓને ખાત્રી થાય કે બાદશાહ આગળ તેઓનો કેટલો મરતબો છે. વળી તે કેહતો હતો કે આ મેહેલ એટલાજ માટે બની ઉમય્યા સારૂ તૈયાર કરવામાં આવેલ છે કે તેથી બની ઉમય્યાના બારામાં તેણે કરેલી ગંભીર ભૂલનો બદલો આપી પોતાના ગુનાહો માટે પશ્ચાતાપ ઝાહેર કરે.

તે દિલના આંધળાઓ ખુશ થતા હતા અને ફખર કરી તે મેહેલ તરફ ઇશારો કરી લોકોને કેહેતા હતા કે, "જુઓ

આ સુંદર આલીશાન મેહેલ અમારા માટે તૈયાર થાય છે અને હવે અમારી ચઢતી જોઇ અમારા દુશ્મનો બળી મરશે." ટુંક અરસામાં તે આલીશાન મેહેલ તૈયાર થયો. તેની દિવાલોમાં સોનું, ચાંદી અને જવાહેરાતથી નકશીકામ કરવામાં આવ્યું અને તેમાં રંગબેરંગી ગાલીચા પાથરવામાં આવ્યા. તે મહેલની ચારે તરફ ઉમદા બગીચા અને ફળ ફુલનાં ઝાડો ગોઠવવામાં આવ્યાં. એ સઘળી તૈયારીઓ થયા પછી શહેરમાં ઢંઢેરો પીટાવવામાં આવ્યો કે જેને બની ઉમય્યાની બુઝુર્ગી અને તેઓના મરતબાથી વાકેફ થવું હોય તો તે મેહેલની સયર કરે અને તેની ઉમદા કારીગીરી જોઇ ખાત્રી કરે. દૂરદેશાવરથી લોકો તે મેહેલને જોવા આવતા હતા અને બની ઉમય્યાની ચઢતી જોઇ અજાયબી પામતા હતા. તે મેહેલની ચર્ચા દૂર દેશાવરો સૂધી ફેલાઇ ગઇ તેથી જે બની ઉમય્યા ડરના લીધે રહી ગયા હતા તેઓ પણ હાજર થયા અને તેથી બની ઉમય્યાની સંખ્યામાં ઘણો વધારો થયો અને બાદશાહ તેઓને તે મેહેલમાં જગો આપતો હતો જેથી ટુંક મુદતમાં બની ઉમય્યાથી તે મેહેલ ચીકાર ભરાઇ ગયો.

તે વખતનું બની ઉમય્યાની ખુશહાલીનું વર્ણન થઇ શકે તેમ નથી તેઓ તે મેહેલમાં આનંદથી રહેવા લાગ્યા છતાં કોઇ વખતે તેઓને ચિંતા થતી હતી કે બાદશાહની આ બેહદ મેહેરબાનીમાં કાંઇ ભેદ હોવો જોઇએ! તેથી તેઓ વચ્ચે ચર્ચા ચાલુ રેહતી હતી અને કોઇ વખતે તે મેહેલ છોડી વીખરાઇ જવાનો ઇરાદો વટીક કરતા હતા.

તેઓની ચિંતા અને બીકથી વાકેફ થઇ સફ્ફાહ તેઓને મળવા આવ્યો અને તેઓને દિલાસો આપીને કહ્યું, "ઓ બની ઉમય્યાના સરદારો, મારી એક વખતની ભૂલના લીધે તમારો ભરોસો મારા ઉપરથી ઉઠી ગયલો જણાય છે. મારી તે ગંભીર ભૂલ અને તમારા ભાઇઓ પ્રત્યે ચલાવેલ ઘાતકી વર્તણુંક માટે જીંદગીભર પસતાવો કરતો રહીશ અને તે માટે મેં તમારા કનેથી અનેકવાર ઉઝરખાહી કરી દીલગીરી જાહેર કરેલ છે. મેં તમોને એટલાજ માટે અત્રે બોલાવ્યા કે,

તમારા દુઃખી દીલોને દિલાસો આપી તમારી સાથે સારી વર્તણુંક ચલાવી તમોને રાજી કરૂં. તમોને પહોંચાડેલ નુકસાનનો બદલો આપું. ખુદાની કસમ. મેં તમારા માટે આ બાદશાહી મેહેલ એટલાજ સારૂં બનાવેલ છે કે તમોને મારા ખરા પસ્તાવાની ખાત્રી થાય. અગરજો મારા દીલમાં તમારા પ્રત્યે વેરભાવ હોય અને તમોને સતાવવાનો ઇરાદો હોય તો તમોને અત્રે ભેગા કરવાની જરાએ જરૂરત ન હતી. હું મારા ગવર્નરો અને નોકરોને હુકમ આપતે તો મારા આખા રાજ્યમાં જ્યાં પણ તમો હતે ત્યાંથી તમોને પકડી બંદીવાન બનાવીને મારા કને હાજર કરતે અને હું તમોને સજા કરતે. માટે તમો નચિંત રહી આ મેહેલમાં રહો. તમારી દરેકે દરેક હાજત સદા પુરી પાડવામાં આવશે અને કોઇ પણ પ્રકારની તમોને તકલીફ પડશે નહિ.” આ પ્રમાણે બાદશાહનાં મધુર વચનો સાંભળી તેઓની ચિંતા દૂર થઇ છતાં તેઓમાંના કેટલાક અનુભવી ડાહ્યાઓ કહેતા હતા કે, બાદશાહની મોહુબ્બત માત્ર ઝાહેરી દેખાવ માટે જણાય છે. બનવાજોગ છે કે આપણુને એકઠા કરી દગાબાજીથી ઓચિંતા કત્લ કરાવે પણ તે આંધળાઓ અને દુન્યાના ગુલામોને એવી નસીહતો સાંભળવા માટે કાન ન હતા. તેઓ કેહતા હતા કે જો બાદશાહ દગો કરી અમારાં ઉપર હુમલો લાવે તો પણ આપણુને ચિંતા કરવા જેવું કંઇએ નથી. કેમકે, આપણો આ મેહેલ એક મજબૂત કીલ્લા સમાન છે. તેના દરવાજા બંધ કરી રહીશું તો બાહેરથી સિપાહીઓ કાંઇ પણ કરી શકવાના નથી. આપણી સંખ્યા એટલી બધી મોટી છે કે આપણે તલવાર ઉપાડી આખી રાજધાનીની વસ્તી ઉપર હુમલો કર્યે તો થોડા કલાકોમાં સઘળા લોકોને કાપી નાખીએ. આવા બેવકુફીભરેલા ખ્યાલો અને હવાઇ કિલ્લા બાંધી રાજી થતા અને બની ઉમય્યામાંથી જેઓ ડરના લીધે હજી રાજધાનીમાં હાજર થયા ન હતા તેઓને કાગળ લખી લખીને તેડાવતા રહ્યા જેથી બીજા મુલકોમાં ઘણા થોડા બાકી રહેવા પામ્યા અને તે જંગી મહેલ બની ઉમય્યાથી ખીચોખીચ ભરાઇ ગયો.

એક દિવસે સફફાહ બાદશાહ તે મેહેલમાં બની ઉમય્યાની મુલાકાતે ગયો અને તેઓને કહ્યું, "આવતી કાલે તમારી આલીશાન મેજબાની કરવાનો ઇરાદો રાખું છું અને તમોને પ્રકાર પ્રકારની ઉમદા ભેટ સોગાતો અને રોકડ નાણું આપી તમારા મન રાજી કરવા ચાહું છું માટે આવતી કાલે કોઇ પણ મેહેલમાંથી બાહેર ન નીકળે અને આખો દિવસ જશનમાં રહી ખુશહાલીમાં પસાર કરો. હું મારા નોકરોને આવતી કાલની મેહમાની માટે દરેક પ્રકારનો સામાન આજથીજ હાજર કરવાને હુકમ આપી ચુકયો છું. ઉંટ, બકરાં અને ઢોરોની કુરબાની કરીશ અને શરાબનાં પીપનાં પીપ તમોને મોકલી આપીશ તેમજ હું પોતે હાજર થઇશ અને મારા હાથો વડે તમારી મેજબાની કરીશ અને ભેટ સોગાદોની બખશીશ કરીશ."

આ વધામણીથી બની ઉમય્યાની ખુશહાલી અને હર્ષનો પાર ન રહ્યો. તેઓ ફુલાઇ જતા હતા અને એકબીજાને મુબારકી આપવા અને બાદશાહનાં વખાણ કરવા લાગ્યા. બાદશાહના રવાના થયા પછી થોડીવારમાં તેઓએ જોયું કે શાહી નોકરો હાજર થયા અને મેહમાનીની તૈયારી કરવાની ધામધુમમાં પડી ગયા. અનેક પ્રકારની ગોઠવણો થવા લાગી અને શરાબનાં પીપ હાજર થયાં.

બીજો દિવસ થયો અને તે બની ઉમય્યાના વિનાશનો દિવસ હતો. બાદશાહની મેહમાની ચાલુ થઇ. જાનવરોની કુરબાની થવા લાગી. દેગમાં આગ ઉપર ચઢાવવામાં આવ્યા અને શરાબનાં પીપ ખુલવા લાગ્યાં. બની ઉમય્યા વચ્ચે શરાબ કબાબનો દોર ચાલુ થયો. થોડીવાર પછી સફફાહ હાજર થયો. દરેકને હેતભાવથી બોલાવતો અને કોઇ પણ ચીજની કમી રહી હોય તેની પુછા કરતો અને જે કાંઇ તેઓ માંગતા હતા તે લાવી આપવા નોકરોને હુકમ આપતો હતો. સોના મોહોરની થેલીઓ હાજર થઇ અને તેઓ વચ્ચે છુટથી વહેંચાણી. તેઓને માનઅકરામથી નવાજી ખુશ કરી પરવાર્યા કેડે તેણે કહ્યું કે, "હવે હું જાઉં છું. કેમકે, મારી હાજરીથી તમારા રંગમાં

ભંગ આવશે. માટે તમો આજનો આખો દિવસ હસીખુશી, રંગરાગ અને મોજશોખમાં પસાર કરો. આવતી કાલે પાછા કચેરીમાં હાજર થશો." આટલું કહી સફ્ફાહ મેહેલેથી બાહેર નીકળ્યો અને પોતાના નોકરોને કહ્યું કે, "મેહેલના દરવાજા બાહેરથી બંધ કરો અને ભીસ્તીને હાજર કરો કે આ મેહેલની ચારે તરફ ખુબ પાણી રેડે. ભીસ્તીઓ હાજર થયા અને પાણી લાવી તે મેહેલની દીવાલો આગળ રેડવા લાગ્યા.

તે બદબખ્તો શરાબના નશામાં નાચકુદમાં મંડી પડયા હતા અને બાહેર પાણી પડવાથી પાયામાં ભરેલું નીમક પીગળવા માંડયું. થોડીવારમાં તે ભવ્ય મેહેલની દિવાલો ભર દર્યામાં વહાણુ ડોલે તે પ્રમાણે હાલવા લાગી તેથી તેઓનો નશો ઉતરી ગયો અને તેઓ આમતેમ હલતી દીવાલો તરફ જોવા લાગ્યા. પ્રથમ તેઓ એમજ સમજવા લાગ્યા કે નશાના લીધે તેઓનું મગજ અસ્થિર થવાથી તેઓને આ પ્રમાણે જણાતું હતું પણ પળેપળ તે મેહેલની સ્થિતિ અસ્થિર જણાવા લાગી તેથી વધુ તપાસ કરી ખાત્રી કરવા માટે દરવાજા ભણી દોડયા તો જોયું કે સઘળા દરવાજા બાહેરથી બંધ કરવામાં આવ્યા હતા! તે વખતે તેઓને દગાની ખાત્રી થઇ અને પોતાની કફોડી સ્થિતિનું ભાન આવ્યું. હવે બાદશાહના ફરેબમાં આવી નચિંત રેહવા માટે તેઓ પસ્તાવો કરવા લાગ્યા પણ બચવા માટે કોઇ પણ ઇલાજ ન હતો. થોડીવારમાં તે આલીશાન ગંજાવર મેહેલની દીવાલો તેઓના પર તુટી પડી અને તે સઘળાઓ તેની નીચે દટાઇ મરણ પામ્યા અને એક પણ તેઓમાંથી બચવા પામ્યો ન હતો.

સિપાહીઓ બાદશાહને આ ખુશખબરીની વધામણી આપવા દોડી ગયા. તે પોતાના મિત્ર સદીફ અને દરબારના અમીરોની સાથે સવાર થઇને તે મેહેલ આગળ આવ્યો તો જોયું સઘળા બની ઉમય્યા તે મેહેલની નીચે દટાઇ હલાક થઇ ગયા હતા તેથી ઘોડા ઉપથી ઉતરી શુકરનો સીજદો કર્યો અને સદીફને કહ્યું "કેમ હવે તારી આંખો ઠંડી થઇ અને

તું ખુશ થયો?" તેણે અરજ કરી "હા મારા માનવંત સરદાર, હું ઘણોજ સંતોશ પામ્યો અને ખુશ થયો પણ અફસોસ આ સઘળા મલઉનોની કત્લથી મારા આકા અને ઇમામ હુસયને મઝલુમના એક વાળનો પણ બદલો વળી શકે તેમ નથી—

વસયઅલમુલ્લઝીના ઝલમુ અય્યમુન કુલબિન યનકુલિબુન.

—≡—

પ્રકરણ ચોથું.

યઝીદની બયઅત.

ઇમામ હુસયન અ૰ માટે નાસબીઓ અને અઝાદારીના વિરોધીઓ એમ કહેતા આવ્યા છે કે ઇમામ હુસયન અ૰માં લાંબી સમજ કે પોલીસી ન હોવાથી યઝીદની બયઅત કબૂલ નહિ કરતાં પોતાની અને પોતાના અઝીઝો તથા અસહાબોની અમૂલ્ય જાનો હલાકતમાં નાખવાને પસંદ ફરમાવ્યું. વળી એમ પણ કહે છે કે નાની ફોજની સાથે એક મ્હોટા બાદશાહ સામે લડવા જવામાં હઝરતે દાનીશમંદી વાપરી ગણાય નહિ. એ બધા એઅતેરાઝોનો સાર નીચે મુજબના ત્રણ ભાગમાં વેહેંચી શકાય છે.

૧ બયઅત એટલે શું ?

૨ ઇમામ હુસયન અ૰ પાસેથી બયઅત માટે માંગણી થઇ તે ઇમામ હુસયન અ૰ કોણ હતા ?

૩ યઝીદે મલઉન બયઅતની માંગણી કરનાર કોણ હતો ?

એ ત્રણે બાબતો સમજવા માટે તવારીખના સફા ઉપર ઉંડી નજર પહોંચાડવાની જરૂર છે, અને એ ત્રણે બાબતોનો ખુલાસો અમે આ ફસલમાં આપવા માંગીયે છીયે; જેથી ખબર પડશે કે ઇમામ હુસયન અ૰મે યઝીદે મલઉનની બયઅત નહિ કરવામાં દૂરઅંદેશીથી કામ લીધું છે.

બયઅત એટલે શું ?

કરબલાના વાકેઆમાં મુખ્ય સવાલ બયઅતનો હતો અને ઝાહેરમાં ઇમામ હુસયન અ૰ પાસેથી યઝીદે પલીદ અને તેના સાથીઓ બયઅતની માંગણી કરતા હતા જે માટે ઇન્કાર કરી ઇમામે મઝલુમે શહાદત ઇખતીયાર ફરમાવી. વળી શહાદતનું

રહસ્ય નહિ સમજનારા અગર એહલેબયતે રસુલના દુશમનો તરફથી ઇમામે મઝલુમ ઉપર આ એકજ આક્ષેપ મૂકવામાં આવે છે કે, તેઓએ શા માટે બયઅત ન કરી અને પોતાની તેમજ પોતાના સગાઓ અને અસહાબોની જાન આપી. તેથી બયઅતનો ખરો અર્થ જાણવાની ખાસ જરૂર છે અને તે અમો આ ફસલમાં ખુલાસાવાર લખવા ચાહીએ છીયે.

મૂળ મુદ્દા ઉપર આવ્યા અગાઉ બયઅત શબ્દનો ખાસ અર્થ શું થાય છે તે જોઇએ.

બયઅતનો ખરો અર્થ.

બયઅતનો શબ્દ લુગાત (ડીક્ષનેરીમાં) બયઅ એટલે વેચાણુ, ઉપરથી ઉત્પન્ન થએલો જણાવવામાં આવે છે. જેથી બયઅતનો ટુંક અથ તાબેદારી થાય છે અને તેની તફસીલ એ છે કે ઇન્સાન પોતાની રાજીખુશીથી કોઇને તાબેદારી કરવા લાયક સમજી દરેક દિની અને દુન્યવી બાબતમાં તેની ખરી તાબેદારી કરવા માટે તેને વચન આપે અને તે સાથે તેને દરેક પ્રકારે પોતાની જાન માલ મીલ્કતનો માલીક બનાવે. તો એવી છેલ્લા દરજાની તાબેદારી દરેકથી થઇ શકતી નથી અને મા'સુમ સિવાય બીજા કોઇનો હક્ક નથી કે એવા પ્રકારની બયઅત ખુદાના બંદાઓ કનેથી લે. ખુદાએ પણ તે બાબતની હકીકત કુરઆનમાં જણાવી છે, જેમાં માત્ર હ૦ પયગંબર સ૦ને મુસલમાનોના જાન માલ ઉપર ઇખતીયાર આપેલ છે. "**અન્નબીયુ અવલા બીલ મોઅમેનાન અનફુસહુમ**" આ વાત તો અકલી અને નકલી દલીલથી સાબીત થઇ ચુકી છે કે, ખુદાની મખલુકાત ઉપર દરેક પ્રકારની હુકુમત ચલાવવા માટે એવા લોકોનો હક્ક છે કે જેઓની નેમણુંક ખુદાએ ફરમાવેલી હોય, જેઓને ઝમીન ઉપર ખુદાના મોકલેલા ખલીફા ખુદાના નાયબ કહેવામાં આવે છે. જેવી રીતે ખુદા કુરઆનમાં હ૦ આદમના બારામાં મલાએકાઓને ફરમાવે છે, "**ઇન્ની જાઇલુન ફીલ અરઝી ખલીફહ,**" હું ઝમીન ઉપર મારો એક ખલીફો મુકર્રર કરવા ચાહું છું. હ૦ દાવુદને ફરમાવે છે, "**ઇન્ના**

જઆએલનાક ખલીફતન ફીલઅર્ઝે." અમોએ તમોને ઝમીન ઉપર અમારા ખલીફા બનાવ્યા છે; તેથી સાબીત થાય છે કે, પયગંબરો અને ઇમામો જેઓ મઅસુમ છે અને જેઓની નેમણુંક ખુદાના તરફથી થયલી હોય છે, તેઓની દરેક પ્રકારે દિની અને દુન્યવી બાબતોમાં તાબેદારી કરવી વાજીબ છે. તે શિવાય આ અર્થથી બીજા કોઇની તેવા પ્રકારની ચુકતે તાબેદારી થઇ શકતી નથી અને બીજા કોઇનો હક્ક નથી કે એ મુજબ પોતા માટે બયઅત માગે અને તાબેદારી કરાવે જેનો વધુ ખુલાસો આ ફસલમાં બીજી જગોએ આવશે.

બયઅતના મજાઝી (દ્રષ્ટાંતરૂપ) અર્થ.

ફક્ત દુન્યાની બાબતમાં રાજીખુશીથી અગર જબરાઇથી કોઇની તાબેદારી કરવી, જેમ કે દુન્યાના બાદશાહોની તાબેદારી અને તેઓનાં ધારાધોરણો મુજબ વર્તવામાં આવે છે, પણ એવા બાદશાહોની તાબેદારી દીન સંબંધી બાબતોમાં કોઇ કાળે થઇ શકતી નથી. કારણ કે ખુદાએ ઉલીલ અમ્રની તાબેદારીને જે પ્રકારની વાજીબ કરેલ છે તેની ઓળખ આપતાં કુરઆનમાં તેણે પોતાના પયગંબરની તાબેદારી સાથે એકમેક દેખાડેલ છે અને તેથી જેવી રીતે પયગંબર મા'સુમ હોય છે તેવી રીતે ઉલીલ અમ્ર મા'સુમ હોવા જોઇએ, જે ચૌદા મા'સુમીન અ૦ સીવાય આખી જગતમાં કોઇ થઇ શક્યું નથી અને થઇ શકશે પણ નહિ. જેથી ખરી ઇતાઅત અને બયઅત બીજા ગમે તેવાની થઇ શકતી નથી. શિવાય કે જાન જવાનો અથવા મ્હોટી નુકસાનીનો ડર હોય તો તે વખતે 'તકય્યાં' થી અમલ થઇ શકે છે. જેમકે સુન્નીઓના રાજ્યમાં હાથ બાંધીને નમાઝ પડવી (ડરના લીધે) જે તકીયા માટેનો પણ ખુલાસો કુરઆનમાં ખુદાએ તે ઘણી આયતોમાં કરેલ છે.

પયગંબરો ઇમામો વી. મા'સુમોની ફરજ.

પરવરદીગારે આલમે પોતાની મખલુકની હીદાયત અર્થે પયગંબરો અને ઇમામોની નેમણુંક કરેલ છે અને તેઓને

મા'સુમ (દરેક ગુનાહો અને બુરાઇથી પાક) બનાવી સંપૂર્ણ ઇલ્મ આપે છે, તેથી તેઓ તબલીગના (દીનના અહકામ પોંહુચાડવાના) દરેક કામમાં ખુદાની મસલેહત અને તેના ફરમાન મુજબ વર્તે છે જેની સાબેતી તેમના મોઅજેઝાની શક્તિથી ઝાહેર થાય છે.

તેઓ દરેક પ્રકારની શક્તિ અને સત્તા ધરાવે છે છતાં જેવી રીતે એક રાજ્યનો વડો પ્રધાન દરેક સત્તા ધરાવતો હોવા છતાં રાજાની વગર રજાએ કોઇ સાથે લડાઇ અગર સુલેહ કરી શકતો નથી, એજ મુજબ પયગંબર અગર ઇમામ બીલા તશબીહ ખુદાની રજા વગર તેની મખલુકાત (બંદાઓ) સાથે (દિન તથા દુન્યા સંબંધી કોઇ કામમાં) લડાઇ (જહાદ) અગર સુલેહ કરી શકતા નથી.

જેવી રીતે અને જ્યારે ખુદાની મસલેહત કોઇ સાથે લડાઇ કરવા માટે થાય છે તો તેના ફરમાનુસાર પયગંબરો અગર ઇમામો લડાઇ કરે છે અને સુલેહ કરવાની મસલેહતથી સુલેહ કરવાનો હુકમ મળતાં સુલેહ કરે છે અને છુપાઇ રહેવાનો હુકમ થતાં છુપા રહે છે. લોકોની સતાવણી અગર ઝુલમ ઉપર સબર કરવાનો હુકમ હોય છે તો તે વેળા સબર ફરમાવે છે અને મસલેહત પ્રમાણે ખુદાના હુકમથી નબુવ્વતના જોરથી મોઅજીઝા દેખાડી ઝાલેમોને અને નાફરમાનોને સજા ફરમાવી તેમને ફના કરી નાખે છે. જ્યારે કોઇ વખતે સાધારણ ઇનસાનની હયસીય્યતથી લડાઇ ફરમાવે છે તેમાં શહીદ પણ થાય છે. અગર હિદાયતનું કામ પ્રસંગ અનુસાર જાન આપી અને શહીદ થઇને થતું હોય તો શહીદ થવાનું કબૂલ કરી પોતાની સર્વોપરી શક્તિ અથવા મોઅજીઝો દેખાડતા નથી અને ખુદા કનેથી દુશમનને ફના કરવા માટે દુઆ માંગતા નથી. ખુદાની મસલેહત મુજબ વરતી સબ્ર કરીને શહીદ થઇ જાય છે.

ઉપલા ટુંક ખુલાસાથી સાબીત થાય છે કે પયગંબરો અને ઇમામો ખુદાના હુકમ પ્રમાણે દરેક બાબતમાં અમલ કરે છે અને સબર કરવાનો વખત આવે ત્યારે સબ્ર ફરમાવે છે.

આગલા ઝમાનાના પયગંબરોએ પોતાની ઉમ્મતના હાથથી કેવી કેવી મુસીબતો ઉઠાવી સબ્રથી કામ લીધું તેના ટુંકમાં થોડા દાખલા અત્રે ટાંકવા પ્રસંગોપાત ગણાશે.

હ૦ નુહ પયગંબર ૯૦૦ વર્ષ સૂધી પોતાની ઉમ્મતના હાથથી દુઃખો સહન કરતા રહ્યા. તે લોકો પત્થરના એટલા ઘા કરતા હતા કે, હ૦ નુહ પયગંબર તેમાં દટાઇ જતા હતા. આટલી લાંબી મુદત સબ્ર કર્યા પછી તેઓને પોતાની ઉમ્મતને સજા માટે દુઆ કરવાની રજા મળી અને તેમની દુઆથી તે લોકો પાણીમાં ગરક થયા.

હ૦ ઇબ્રાહીમ પયગંબરને નમરૂદ મલઉને આગમાં ફેંકયા તેમાં પણ આપે સબર કરી.

હ૦ જરનુસ પયગંબરને તેમની ઉમ્મતે પ્રકાર પ્રકારની અઝીય્યતો પહોંચાડી, ઉકળતા તેલની કડાઇમાં તેમને નાખી તેના ઉપર ઢાંકણુ મુકી નીચે આગ સળગાવી શરીર ઉપર ખીલા ઠોકીને મારી નાખવા છતાં આપે સબર કરી.

હ૦ રસુલ સ૦ને તેમની ઉમ્મતના હાથથી એટલી બધી મુસીબતો વેઠવી પડી કે તેઓ પોતે ફરમાવતા હતા કે મારા ઉપર જેટલી મુસીબતો પડી તેટલી કોઇ પયગંબર ઉપર પડી નથી અને છેલ્લી ઘડી સૂધી આપ સબ્રથી કામ લેતા રહ્યા.

એ તમામ ખુદાના પાકબંદાઓના સબ્ર કરવાથી સાબીત થાય છે કે હિદાયતનું કામ જેમ ખુદાની મસલેહત અનુસાર હતું તે મુજબ તેઓ અમલ કરતા રહ્યા. તો તેઓની દુઆ સદા કબૂલ થતી હતી અને ઝમીન આસમાન અને તે વચ્ચેની સઘળી વસ્તુઓ તેઓને તાબે હતી, છતાં પોતાની સત્તાનો ઉપયોગ ન કરતાં ખુદાની મરજી મુજબ તે પવિત્ર પયગંબરો અમલ કરતા રહ્યા અને સબ્ર કરવાથી ખુદાની દરગાહમાં મ્હોટો દરજ્જો મેળવતા ગયા. ટુંકમાં એ કે તેઓ દરેક ઉપર ખુદાની તાબેદારી વાજીબ હતી અને ખુદાની મસલેહત મુજબ વર્તવામાં ફ્ર્ઝ સમજતા હતા.

ખુદાના પાક માં'સુમ બંદાઓ, પયગંબરો અને ઇમામો.

બયઅતના અર્થ અને જેમની બયઅત લેવામાં આવે છે જે નબી અથવા મા'અસુમ ઇમામ હોય છે તેની ફરજ બાબત લખી ચુકયા બાદ હુવે તે પયગંબરો અને ઇમામોની ઓળખ આપવાનું અમો હાથ ધરીએ છીએ.

જેઓની તાબેદારી દરેક ઇનસાન ઉપર વાજીબ છે તેવા મા'સુમ પયગંબરો અને ઇમામોની ઓળખાણ અને તેઓની તાબેદારી કરવાનો હુકમ કુરઆને શરીફની અનેક આયતોમાં આપવામાં આવ્યો છે. અહીં ટુંકમાં થોડી આયતો આપી સમજણ પાડવાની જરૂરત છે.

પયગંબર અને ઇમામોની નેમણુંક ખુદા તરફથી થાય છે. બીજા કોઇને નિમણુંક કરવાની.અગર નુબુવ્વત તથા ઇમામતનો દાવો કરવાનો હક્ક નથી. જેમકે હ૦ આદમ ખલીફાએ ખુદાની નેમણુંક ખુદાએ ફરમાવેલ છે. હ૦ ઇબ્રાહીમ પયગંબરને ખુદા ફરમાવે છે:–

"વ ઇઝીબતલા ઇબ્રાહીમ રબ્બુહુ બે કલીમાતીન ફઅતમ્મ હુન્ન, કાલા ઇન્ની જાઇલોકા લીન્નાસે ઇમામન, કાલા વ મીન ઝુર્રીયતી, કાલા લાયનાલુ અહદીઝ્ઝાલીમીન."

તરજુમો:–અને (યાદ કર) જ્યારે ઇબ્રાહીમની તેના પરવરદીગારે શબ્દો વડે આઝમાઇશ કરી અને તેણે શબ્દો પુરા પાળ્યા ત્યારે ખુદાએ કહ્યું, "ખરેખર, હું તને માણુસો માટે ઇમામ (સરદાર–ધર્મગુરૂ) બનાવનાર છું, ઇબ્રાહીમે અરજ કરી, અને મારા વંશજોમાંથી પણ (બનાવ); ખુદાએ કહ્યું કે મારૂં વચન (હુકમ) ઝુલમગારોને મળશે નહિ."

વળી બીજી આયતમાં ખુદા પોતાના બંદાઓને તાબેદારી કરવા માટે ફરમાવે છે, "યા અય્યુ હલ્લઝીના આમનુ અતી ઉલ્લાહ વઅતી ઉર્રસુલ વઉલીલ અમ્રી મીનકુમ,"

તરજુમો:-"એ મુઅમીનો, તાબેદારી કરો અલ્લાહની અને તાબેદાદી કરો રસુલની અને તમારામાંથી હુકુમતવાળા સાહેબોની" વી. વી.

આ આયતમાં ખુદા અને તેના રસુલની તાબેદારી પછી ઉલીલ અમ્ર-હુકુમતવાળાની તાબેદારીનો હુકમ આપવામાં આવ્યો છે, તો તે હુકુમતવાળાઓની નેમણુંક ખુદા તરફથીજ થઇ શકે એ ઉપર આપેલી પહેલી આયતથી સાબીત કરી ચુકયા; હુવે તેઓ હુકુમતવાળા કોણ છે તેની ઓળખ પયગંબરની અનેક હદીસોમાં આપવામાં આવી છે તે ઉપરાંત યઝીદે મલઉન આ આયત મુજબ તે હુકુમતવાળામાં કદી હોઇ શકતો નથી જેની તાબેદારીનો ખુદા હુકુમ આપતો હોય. ખુદાવંદે કરીમ પોતાના તે બંદાઓને જેઓની હિદાયત માટે અનેક આસમાની કીતાબો અને એક લાખ ચોવીસ હજાર પયગંબરો મોકલેલ હોય તેઓને યઝીદ જેવા કાફરની તાબેદારી કરવાનું કદી પણ ફરમાન આપે નહિ અને ઉપર અમો કહી ગયા તેમ આ આયતમાં ઉલીલ અમ્ર મઅસુમ જોઇએ, જેમના શિવાય બીજા કોઇની તાબેદારીનો હુકમ આ આયત વડે થઇ શકતો નથી શિવાય કે વિરોધીઓ મરડીમચડીને તેવો અર્થ પોતાનો હેતુ સાંધવા માટે કરે છે પણ એ બીલકુલ ખોટું છે. બીજા સામાન્ય મોઅમીન બાદશાહોની તાબેદારી પણ આ ઉલીલ અમ્રની આયત હેઠળ આવી શકતી નથી તો યઝીદ જે બેદીન, કાફર અને જહુન્નમી હતો, જે વાતને તમામ મુસલમાનોએ માન્ય રાખેલી બાબત છે અને તેમાં બેમત છેજ નહિ તો તેની તાબેદારી કેવી રીતે હક્ક થઇ શકે? ખુદા કુરઆનમાં ફરમાવે છે, "યવમ નદઉ કુલ્લુ ઉનાસીનબી-ઇમામીહીમ."

તરજુમો:-તે (કિયામતના) દિવસે અમો દરેક ટોળાને તેના ઇમામોની સાથે બોલાવશું, તેથી યઝીદને જે કોઇ ઇમામ સમજતો હશે તેને કીયામતના દિવસે યઝીદ સાથે ખડો કરવામાં આવશે અને જે ચુકાદો યઝીદ માટે આપવામાં આવશે તે તેના

માટે પણ ગણાય એમાં જરાએ નવાઇ જેવું નથી. શાએરે ખરૂં કહ્યું છે કે:–

હશરે ગુલામાને અલી બા અલી,
હશરે ગુલામાને યઝીદ બા યઝીદ.

હવે અમો ઇમામ હુસયનની ઇમામત, ઇસમત, ફ઼ઝીલત વિ૦ ટુંકમાં આપીએ તે પહેલાં એક અગત્યનો ખુલાસો કરવા માંગીયે છીએ. હ૦ ઇમામ હુસયન અ૦ ખુદાના તરફ઼થી નેમાયલા ઇમામ અને મા'સુમ હોવા છતાં જો યઝીદે મલઉન જેવાની બયઅત કરતે અગર ચુપ બેસી રહેતે તો યઝીદના દરેકે દરેક બુરાં કર્તવ્યો સારાં ગણાતે અને "અન્નાસુ અલા દીની મુલુકીહીમ," લોકો ઝમાનાના બાદશાહના આચારવિચાર મુજબ અમલ કરતા રહે છે. અગર દેશ તેવો વેશના સિધ્ધાંતની રૂએ યઝીદની આખી પ્રજા યઝીદ પ્રમાણે બેદીન થઇ જતે. ટુંકમાં એ કે દુન્યાની સપાટી ઉપર ઇસ્લામની હસ્તી બાકી રહેતે નહિ; તેથી એવા વખતમાં જ્યારે માત્ર દુન્યાની બાદશાહત ઉપર સંતોષ ન પકડતાં યઝીદે પલીદ દીને ખુદાને મટાડવા અને તેના ફ઼રમાનોનું ખુલ્લી રીતે ઉલંઘન કરવા લાગ્યો ત્યારે ઇમામે હુસયન અ૦ને તેની સામે થવું પડયું અને દીને ખુદાની સચ્ચાઇ અને યઝીદે મલઉનની શકાવત ઝાહેર કરવાની તેમના ઉપર ફ઼રજ પડી.

અહીં ફ઼રી એક સવાલ ઉભો થાય છે કે પહેલા ઇમામ હ૦ અલી અ૦ અને બીજા ઇમામ હ૦ હસન અ૦મે શા માટે ચુપકીદી ઇખ્તેયાર કરી અને ઇમામ હુસયન અ૦ પછીના ઇમામોએ શા માટે ઇમામ હુસયન અ૦નું અનુકરણ કરી બની ઉમય્યા અને બની અબ્બાસીના ખલીફ઼ાઓની સામે થઇ દીને હકને ઝાહેર કરી તેઓએ ઝાલીમ બાદશાહોના ઝુલમને શા માટે ઝાહેર કર્યાં નહિ? એ શંકાનો જવાબ ઘણા પ્રકારથી આપી શકાય છે. અને તે શાંત મને વાંચી સમજવા મેહેરબાન વાંચકને અરજ કરી ખુદા કનેથી મદદ ચાહી જવાબ રજુ કરીએ છીએ.

(૧) જવાબ પહેલો–તમો બયઅતના અર્થ સંબંધી ખુલાસામાં આ ફસલની શરૂઆતમાં વાંચી ગયા કે પયગંબરો અને ઇમામો (જેઓ માસુમ હોય છે,) જેઓની બયઅત અગર તાબેદારી કરવાનો હુકમ છે તેઓ હિદાયત અર્થે માત્ર ખુદાની મસલેહત અને હુકમ પ્રમાણેજ અમલ કરે છે, જે રીતે બાદશાહનો વઝીર બાદશાહના હુકમથીજ કોઇ સાથે લડાઇ કરી શકે છે અને તેનાજ હુકમથી સુલેહ કરી શકે છે. એજ મુજબ પયગંબરો અને ઇમામો ખુદાના હુકમથી કોઇ વખતે ઝાહેર થાય છે, કોઇ વખતે છુપા રહે છે અને કોઇ વખતે લડાઇ કરે છે, તો કોઇ વખતે સુલેહ કરે છે, કોઇ વખતે સબ્ર ફરમાવે છે અને કોઇ વખતે મોઅજીઝાથી દુશ્મનને સજા કરી હલાક કરે છે. જેથી દરેક પયગંબરો અને ઇમામો જે દુન્યામાં ઝાહેર થઇ લડયા હોય કે છુપા રહી સબ્ર ફરમાવી હોય એ બધું ખુદાના હુકમથી અને તેની મસલેહતથી થયું છે, જેથી પહેલા અને બીજા ઇમામની ચુપકીદી, ઇમામ હુસયન અ૦નું સામે થઇ લડવું, બીજા નવ ઇમામોની ચુપકીદી એ તમામ મશીય્યતે ઇલાહી મુજબ થયું છે, તેમાં કોઇ ઇનસાનને ખુદાની મસલેહત અગર તેના હુકમની સામે થઇ ચુનોચરા કરવાનો જરાએ અધિકાર નથી.

(૨) જવાબ બીજો–આ ફસલની શરૂઆતમાં તમે વાંચ્યું કે પયગંબરો અને ઇમામોની ફરજ દીને ખુદાની સંભાળ રાખવાની છે, તેમાં મુખ્ય મુદ્દો તવહીદનો છે. શિર્ક–બુતપરસ્તીને નાબુદ કરી એક ખુદા વહદહુ લાશરીકને ઓળખાવી ઇનસાનો ઉપર ખુદાની હુજ્જત તમામ કરવાનું તેઓનું કામ છે. જ્યારે તવહીદે ખુદા સદંતર ભૂલાઇ જવાનો પ્રસંગ આવે તેને ઓળખીને તે પ્રસંગ અનુસાર કર્તવ્ય કરવાની પોતાની ફરજ બજાવી લાવવામાં પછાત પડતા નથી.

તવહીદનું પાક શિક્ષણ પયગંબર સ૦ સંપૂર્ણ આપી ચુકયા અને દુન્યાની તમામ બુતપરસ્તી શિર્ક વી.ને બાતલ દેખાડી ચુકયા જે માટે ખુદા તરફથી "વરઝીતુ લકુમુલ ઈસ્લામા દીના," તરજુમોઃ-(તમારા માટે દીને ઇસ્લામ મેં પસંદ કર્યો છે,) ની આયત ઉતારવામાં આવી તો એ તવહીદનું શિક્ષણ કાયમ રાખવા માટે ઇમામોની ફરજ હતી અને તે મુજબ તેઓ અમલ કર્તા રહ્યા.

પહેલા ઇમામ હ૦ અલી અ૦ના ઝમાનામાં ત્રણ ખલીફા સાહેબોના રાજ્ય વહીવટમાં તવહીદના શિક્ષણને સદંતર અલવલ આવવા જેવું કશું થતું ન હતું. ઝાહેરમાં ઇસ્લામના ફરમાન મુજબ અમલ થતો હતો કેમકે તેઓનો મુખ્ય ઇરાદો રાજ્યપાટ ભોગવવાનો, લશ્કર, દોલત વધારવાનો અને મુલકો ફત્તેહ કરવાનો હતો, જે માટે તેઓ માત્ર ઇમામતના સવાલમાં દખલગીરી કરી ઇમામ અલી અ૦ની ઇમામત (જેઓની ઇમામત અને તાબેદારી કરવા માટે ખુદા અને રસુલનો હુકમ હતો) તેમાં ચુનોચરા કરી ઇલાહી મતને બાજુએ પડતો મેલી મનુષ્ય મતાંતર ધોરણ દાખલ કીધું, તેથી, અને ઇસ્લામનો શરૂઆતનો ઝમાનો હોવાથી, તવહિદનું શિક્ષણ માત્ર થોડા વિસ્તારમાં ફેલાયલું હોવાથી ઇમામતના સવાલ માટે લડવા જતાં તેનો નાશ પામી જવાનો ખોફ હોવાથી લડવાની રજા થઇ નહોતી અને ખુદા અને તેના રસુલના હુકમ અને મસલેહત મુજબ ઇમામ અ૦મે સબરથી કામ લીધું. જો કે, ઇમામ અલી અ૦મે પહેલા ખલીફાના વખતમાં તેમજ બીજા બે ખલીફાના વખતમાં દરેક મોકા ઉપર પોતાનો હક્ક અને ખુદાનો હુકમ સંભળાવી હુજત તમામ ફરમાવતા રહ્યા હતા. એ ઉપરાંત જો તે ઝમાનાની પોલીટીકસ અને અરબ લોકોની સ્થિતિ ઉપર ધ્યાન દોડાવવામાં આવે તો હ૦ અલી અ૦એ લડાઇ ન કરતાં હ૦ પયગંબરે ખુદા સ૦ની વસીય્યત મુજબ પોતાનો હક્ક માર્યો જતો હોવા છતાં સબર કરી, જેવી વસીય્યત કરવા માટે હ૦ પયગંબરે ખુદા સ૦ જેવા અપાર દીર્ઘદ્રષ્ટિવાળા મહાન્ પયગંબરને ફરજ પડી તેનું કારણ

સમજવા માટે ઇસ્લામનું મૂળ તપાસેથી સહેલાઇથી સમજ પડી શકે.

ઇસ્લામનું જંગલી અરબો વચ્ચે ઉત્પન્ન થવું, ઝાહેર ઇસ્લામને સમજી શકયાનો તે વેળાના મુસલમાનોનો ડોળ-પણ તે લોકોની અંદરખાને ઇસ્લામને કાપી નાંખવાની શત્રુવટ, અંદરખાને શિર્કપરસ્તી .પણ ઇસ્લામની ફત્તેહ થતી જોઇ તેમાં ભળી જવું, જેના બારામાં કુરઆનમાં ઠેકઠેકાણે તેવા દુષ્ટને ઇસ્લામ-મુનાફીકોની ખબર આપેલી છે તેવા મુનાફીકોની હ૦ પયગંબર સ૦ને જીંદગીભર સતાવણી અને ઇસ્લામને કાયમ કરવા જતાં હ૦ અલી અ૦ના હાથ વડે અરબોના ઘણા ખરા કબીલાઓના એકેક બબે અને તે ઉપરાંત બીજા ઘણાઓ ઇસ્લામી જહાદમાં માર્યા જવાથી તેમના દિલમાં હ૦ અલી અ૦ પ્રત્યે છૂપેલો કીનો, એ સઘળું હ૦ રસુલ સ૦ સારી રીતે સમજતા હોવાથી આપે અહલેબયતના બારામાં ખુદાના હુકુમથી કુરઆનની આયતો ઉપરાંત અનેક હદીસોમાં તેમની ફઝીલત, તેમની શ્રેષ્ટતા, તેમની તાબેદારી જાળવવા, તેમનો હુકમ માનવા, પોતાના અસ્હાબોને તાકીદ ઉપર તાકીદ કરતા રહ્યા. છતાં જે ડર હ૦ પયગંબરે ખુદાને હતો, તે ખરો પડયો. આપની આંખો બંધ થઇ કે જુજ અસ્હાબો શિવાય સઘળા હ૦ અલી અ૦થી ફરી ગયા. તો તેવા પ્રસંગમાં મદદગારોની હાજરી વિના જો અમીરૂલ મોઅમેનીન લડાઇ કરે છે અને પોતાની રબ્બાની કુવ્વત વાપરે છે તો તેવા મુનાફીકો જેમના વંશમાંથી આગળ જતાં ખરા ઇસ્લામીઓ પેદા થનાર હતા, તે માર્યા જઇને ઇસ્લામ નાબુદ થઇ જાત. અને જો પોતાની રબ્બાની કુવ્વત ન વાપરતાં ઇન્સાની કુવ્વતથી લડતે. જેવી રીતે હા૦ સચ્ચીદુશ્શોહદાએ કર્યું, તો પછી ખુદ હા૦ અમીરૂલ મોઅમેનીન અ૦ અને ઇમામ હસન અને ઇમામ હુસયન અ૦ તથા તેમના મદદગારો શહીદ થઇ જાત, તો પછી દીને ઇસ્લામ જેને હ૦ રસુલ તથા હ૦ અમીર અલયહીમુસ્સલામે અતિશય કષ્ટોથી ઉભો કરેલ, તેને ઉછેરીને દુન્યામાં સહીસલામત રાખવા માટે સબ્ર કરી ચુપકીદી ઇખ્તેયાર કરવા વિના બીજો હવે કોઇ

રસ્તો બાકી ન હતો. જેથી હ૦ અમીરૂલ મોઅમેનીને આ કડવો ઘુંટડો ઉતાર્યો જે માટે નહજુલ બલાગામાં એક ખાસ ખુત્બો હ૦ અમીર અલયહિસ્સલામે અતિ કડવાસ સાથે ફરમાવેલ છે અને તે સમયનું આબેહુબ ચિત્ર દોરેલ છે. રાજકીય નજરે જોતાં ઇરાન અને રૂમ હબશના બાદશાહોની દ્રષ્ટિ આ તાજા જન્મ પામેલા અને કુદકે અને ભુસ્કે આગળ વધતાં ઇસ્લામ ધર્મ ઉપર બરાબર પડતી જતી હતી અને જો ઇસ્લામની શરૂઆતમાં ખાનાજંગી અરસપરસ લડાઇ થાત તો મુસલમાનો કપાઇ જતાં પરદેશી હુમલાઓથી પોતાનો બચાવ નહિ કરી શકતે. પણ હઝરતે અમીર અ૦ના ઝાહેરી ખીલાફત વેળા આ સ્થિતિ બાકી ન હોતી. ઇસ્લામે પુષ્કળ દેશો ઉપર કબજો કર્યો હતો. હ૦ અલી અ૦ પાસે બેશુમાર મદદગારો હતા અને પરદેશી હુમલાનો ડર ન હોવાથી હ૦ અમીરૂલ મોઅમેનીન મોઆવીયા સાથે લડવા જતાં દીનને કશીએ અલવલ પહોંચવાનો ડર ન હોવાથી તે લડાઇ થઇ જે ઇતિહાસમાં મશહૂર છે.

ત્રણ ખલીફા સાહેબો પછી જ્યારે હ૦ અલી અ૦મે મુસલમાનોના આગ્રહથી ઝાહેરી ખીલાફત માટે બયઅત લીધી, તે વખતે શામનો ગવર્નર મોઆવીયા સામે થયો. ઇમામ અ૦ કને હવે રાજ્યસત્તા અને લશ્કર હોવાથી તેમજ ખુદા અને તેના રસુલની મસલેહત અને હુકમ હોવાથી મોઆવીયાની સામે લડયા. (જંગે સીફીનનું વર્ણન લંબાણથી હોવાથી અત્રે લખવાની જરૂર નથી.)

હ૦ અલી અ૦ની વફાત બાદ હ૦ ઇમામ હસન અ૦નો હક્ક હતો અને તેઓ ખુદા અને તેના રસુલના હુકમથી ઇમામ અને મા'સુમ હતા પણ મોઆવીયા તેઓની સામે થઇ લડવા આવ્યો, તેથી હ૦ ઇમામ હસન અ૦ લડવાને તૈયાર થયા પણ તે કુફી મુસલમાનો મોઆવીયાના ફરેબમાં દુન્યાની તમામાં ફસાઇને ઇમામને તજી મોઆવીયા સાથે ભળી ગયા, તો તે વખતે દીનની પુરી હીફાઝત ફરમાવી તેના માટે મોઆવીયા કનેથી લેખીત વચન લઇ દુન્યવી બાદશાહતની

લગામ લાચારીએ મોઆવીયાને સોંપી દેવી પડી તેનું વર્ણન ટુંકમાં હવે પછી કરવામાં આવશે.

ઇમામ હસન અ૦ની વફાત બાદ હ૦ ઇમામ હુસયન અ૦ હંમેશા ખુદાના દીનની હીફાઝત ફરમાવતા હતા અને લોકોને હીદાયત કરતા હતા. તેમજ મોઆવીયાને અનેક કાગળો લખી તેનાં બુરાં કર્તવ્યો માટે ઠપકો આપી ખુદાનો ખૌફ યાદ અપાવતા હતા, પણ તેઓને મોઆવીયાની સામે થઇ લડવા માટે ખુદાનો હુકમ મળ્યો ન હતો. કારણ કે મોઆવીયાએ ઝાહેરમાં તવહીદનું શિક્ષણ મટાડવાની કોશીશ કરી ન હતી. મોઆવીયાને માત્ર એહલેબયતની દુશમની અને દુન્યાની દોલત, રાજપાટ વી. ની જરૂર હતી. મોઆવીયાએ ઇમામ હુસયન અ૦ કનેથી કોઇ વખતે બયઅતની માંગણી કરી ન હતી તેથી મુસલમાનો માટે એ હુજ્જત બાકી રહેવા પામી કે હ૦ ઇમામ હુસયન અ૦, જેઓ ઇમામ હતા, મા'સુમ હતા અને પયગંબરના નવાસા અને પોતાના ઝમાનાના સૌથી શ્રેષ્ટ અને આલીમ હતા, તેઓ મોઆવીયાને હક્કદાર ખલીફા અગર ઇમામ સમજતા ન હતા અને પયગંબર સ૦એ પોતાની પાછળ જે ભારે વસ્તુ કુરાને શરીફ અને પોતાની એહલેબયત હિદાયત અર્થે મુકી ગયા હતા તેઓને મક્કમપણે વળગી રહેનારા મુસલમાનો માટે મોઆવીયાની ઇમામત વી. કોઇ પણ રીતે સાબીત થતી નથી અને હક્ક બાતીલ વચ્ચેનો ફેર સમજવા માટે ઘણી સારી કસોટી ઇમામ હુસયન અ૦નું મોઆવીયાની બયઅત ન કરવું તેઓના કને બાકી હતી.

હવે યઝીદે મલઉન ખલીફો બન્યો અને તેણે તૌહીદ વી. તમામ દિની શિક્ષણો નાબુદ કરવાને મક્કમ ઇરાદો કર્યો. જેથી તવહીદનો નાશ કરવામાં પ્રતિબંધરૂપ, ઇમામ કનેથી બયઅતની તેણે માગણી કરી. ઇસ્લામને અત્યાર સૂધી પોણી સદી જેટલો ઝમાનો મળી ચુકયો હતો અને તેનું શિક્ષણ યુરોપ અને આફ્રીકા સૂધી ફેલાઇ ગયું હતું, જેથી પ્રસંગોપાત ખુદાનો હુકમ થતાં હ૦ ઇમામ હુસયન અ૦એ બયઅત માટે ઇનકાર કરી લડીને શહીદ થવાનું પસંદ ફરમાવ્યું અને દિને ખુદાને

કીયામત સુધી રૌશન અને આબાદ અને સલામત રાખ્યો. જો ઇમામ હુસય અલયહિસ્સલામ લડીને શહીદ ન થાત તો તવહીદ જે ઇસ્લામનો પાયો છે તે બીલકુલ નાશ પામત, જેનું વર્ણન આગળ ચાલતાં ખુલાસાવાર આવશે.

હવે ઇમામ હુસયન અ૦ પછીના નવ ઇમામોએ શા માટે ચુપકીદી પકડી તે જોઇએ:–

૧ પ્રથમ તેઓ ઉપર બયઅત માટે દબાણ કરવામાં આવ્યું ન હતું. બારમા ઇમામ માટે................ મલઉને કોશીશ કરી ત્યારે ખુદાના હુકમથી તેઓ ગાયબ થયા.

૨ બાકીના આઠ ઇમામોમાંથી (ચોથા ઇમામથી અગ્યારમાં ઇમામ સૂધી) પાંચમા અને છઠ્ઠા ઇમામોને દિને ખુદાના શિક્ષણો, કુરઆનની તફસીરો, હદીસો વી. ફેલાવવાનો સારો મવકો મળ્યો અને તે હિદાયતનું કામ તેઓએ સારી રીતે બજાવ્યું. બાકીના ઇમામોને લાંબી લાંબી મુદત સૂધી કેદમાં રાખવામાં આવ્યા.

૩ હ૦ ઇમામ હુસયન અ૦ની શહાદતથી દુન્યા માટે હક્ક અને બાતીલ વચ્ચેનો તફાવત ઝાહેર થઇ ચુકયો હતો અને હુજ્જત તમામ થઇ ચુકી હતી અને જેઓ હિદાયત પામનાર હતા તેઓ હંમેશા ઇમામે બરહકની તાબેદારી કરતા રહ્યા અને જેઓ દુન્યાના ગુલામ હતા તેઓ બની ઉમય્યા અને બની અબ્બાસીના ઝાલેમ બાદશાહો આગળ કપાળ ઘસતા રહ્યા.

જેવી રીતે ખુદાવંદે કરીમે એક લાખ ચોવીસ હજાર પયગંબરો અને આસમાની સહીફા ઉતારી ઇનસાનો ઉપર હુજ્જત તમામ કરી પોતાની ઝાતે પાક વહદહુ લાશરીક સાબીત કરી આપી છતાં લોકો તે એક વહદહુ લાશરીક, જબ્બાર અને કહહારને મુકી પથ્થર, ઇંટો, સૂર્ય, તારા, આગ વી. ની પૂજા કરી રહ્યા છે અને તેઓની સંખ્યા પણ ઓછી નથી, તેથી કોઇ નહિ કહી શકે કે ખુદાએ હુજ્જત પુરી નથી ફરમાવી અને હંમેશ નવા નવા પયગંબરોને મોકલવાની તેની

ફરજ છે. એજ પ્રમાણે ઇમામ હુસયન અ○ની શહાદતથી હુજ્જત પુરી થતાં મુસલમાનોની ફરજ હતી કે ખરા ઇમામને ઓળખી તેની તાબેદારી કરે, નહિ કે ઝાલીમ દુન્યાદાર બાદશાહોની.

પયગંબરે ઇસ્લામ મુસલમાનો કનેથી બયઅત લેતા હતા જેનું વર્ણન કુરઆને શરીફમાં ઘણે ઠેકાણે કરવામાં આવેલ છે જેમ કે સુરએ ફત્હમાં...
..............તેણે પયગંબરના હાથને ખુદાનો હાથ દેખાડેલ છે પણ તે બયઅત ખુદાના હુકમથી માત્ર તેની તાબેદારી માટે લેવામાં આવતી હતી. પુરૂષો ઉપરાંત સ્ત્રીઓ કનેથી પણ બયઅત લેવા માટે ખુદાએ પોતાના પયગંબરને ફરમાવેલ છે. એથી બયઅતનો મામલો કેટલો ગંભીર છે એ વાંચક સમજી શકશે કે મરદો ઉપરાંત સ્ત્રીઓ પાસેથી બયઅત લેતા હતા. અમો અત્રે સ્ત્રીઓ કને બયઅત લેવાની આયત ટાંકીએ છીએ:–
"યા અય્યુહન્નબીય્યુ, ઇઝા જાઅકલ મુઅમીનાતુ યુબાયેઅનકા અલા અન લા યુશરીકન બિલ્લાહ શયઅન વલા યસરિકન વલા યઝનીન વલા યકતુલ્ન અવ્લાદહુન્ન, વલા યઅતીનબી બોહુતાનીન યફતરીનહુ બયના અયદીહીન્ન વઅર જુલીહીન્ન વલા યઅસીનક ફી મઅરૂફીન ફબાયે અહુન વસ્તગફીર લહુન્નલ્લાહ ઇન્નલ્લાહ ગફુરૂર રૅહીમ." અએ નબી જ્યારે મુઅમીન સ્ત્રીઓ તારી પાસે બયઅત કરવા આવે, એ બાબતો માટે કે અલ્લાહની સાથે કોઇ ચીઝને શરીક કરે નહિ, અને ચોરી કરે નહિ, તેમજ વ્યભિચાર કરે નહિ, અને પોતાની અવલાદને કત્લ કરે નહિ, (છોકરીઓને જીવતી દાટે નહિ) અને પોતાના હાથ પગ વચ્ચેની (પેટમાંની) ચીજ (હમલ) ના બારામાં જુઠું બોલે નહિ, અને સારા કામમાં તારી નાફરમાની કરે નહિ, તેઓના કનેથી બયઅત લે અને તેઓના માટે ખુદા કનેથી માફી ચાહ, કેમકે ખુદા બખશવાવાળો રહીમ છે."

આ આયતમાં ખુલ્લી રીતે બયઅતની શરતો જણાવવામાં આવેલ છે, અને તે શરતો માત્ર ખુદાની તાબેદારી અને બયઅત કરનારની દીન અને દુન્યાની ભલાઇ માટે હતી.

હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ ની બયઅત ૧૮ મી ઝીલહજના કરવા માટે ખુદાના હુકમથી પયગંબર સ૦ એ ગદીરે ખુમ આગળ પોતાની ઉમ્મતને હુકમ આપ્યો હતો અને એક લાખ કરતાં વધુ મુસલમાનો, મરદ અને ઓરતોએ બયઅત કરી હતી તે વેળાએ બીજા ખલીફા સાહેબે સૌ કરતાં પ્રથમ આગળ વધી–પેશકદમી કરી હ૦ અલી અ૦ની બયઅત કરીને અરજ કરી, "મુબારક થાય, મુબારક થાય તમોને યા અલી, આજે તમો અમારા અને તમામ મુઅમીનોના મવલા અને સરદાર થયા."

તે વખતે કેવા પ્રકારની બયઅત હતી? શું શરતો હતી? માત્ર ખુદા અને તેના રસુલની પુરેપુરી ચુનોચરા વગર ફરમાનબરદારી. કેમકે તે સમય ઉપર જે ખુત્બો (ભાષણ) હ૦ રસુલે ફરમાવેલું હતું, તેમાં આપે કહ્યું કે, "અય મુસલમાનો, ખુદાના સઘળા અહકામો મેં તમોને પહોંચાડેલ છે અને કીતાબે ખુદા કુરઆને શરીફ જે ખુદા તરફથી મારા ઉપર મોકલવામાં આવેલ તે મેં તમોને સંભળાવેલ છે. શું મેં મારી ફરજ નથી બજાવી? શું હું ખુદાના હુકમથી તમો બધાઓનો હાકીમ અને સરદાર નથી? શું મારી સત્તા તમારા ઉપર નથી?" અસહાબોએ અરજ કરી "યા રસુલલ્લાહ, તમોએ તમારી ફરજ સારી રીતે બજાવી, અમારા ઉપર એહસાન ફરમાવેલ છે. તમો અમારા માટે દયાળુ અને નેક પયગંબર તેમજ સરદાર છે. તમારી સત્તા દરેક રીતે અમારા ઉપર માન્ય રાખીએ છીયે." તે પછી હઝરતે ફરમાવ્યું, "અય લોકો, જેવી રીતે હું તમારાથી શ્રેષ્ટ, તમારો મવલા (સરદાર) છું, એજ મુજબ (એજ અર્થથી કે ખુદાના અહકામ પહોંચાડવા તમોને સીધે માર્ગે દોરવા માટે) હ૦ અલી અ૦ તમારા સરદાર (તમારા મવલા) છે."

હ૦ અલી અ૦ તેમજ બયઅત લેતા હતા, તેમાં ખુદાની તાબેદારી શિવાય બીજી શરત ન હતી. ત્રીજા ખલીફાના મરણ પછી મદીનાના બધા સહાબીઓ ભેગા થઇ ત્રણ દીવસ સુધી હ૦ અલી અ૦ ને બયઅત લેવા માટે સમજાવા લાગ્યા.

તેથી ફક્ત એકજ શરતે બયઅત લેવા માટે કબૂલ ફરમાવ્યું કે હું મક્કમપણે ખુદાના ફરમાન અને પયગંબરની સુન્નત મુજબ તમારા ઉપર હુકુમત ચલાવીશ. બીજાઓની રીતભાત અગર રિવાજ મુજબ ચાલવાને બંધાયલો નથી અને તેમ વર્તવા હું ઇચ્છતો પણ નથી એ શરતને માન્ય રાખી મુસલમાનોએ રાજીખુશીથી હ૦ અલી અ૦ની બયઅત કરી.

જે માણસ ખુદાની તાબેદારી કરવા ઇચ્છતો હોય, ને ખુદાના પયગંબર અને તેના વસીની બયઅતમાં ખુશીથી દાખલ થાય છે જેથી બયઅતનો અર્થ ખુદાની તાબેદારી શિવાય બીજો થતોજ નથી.

હવે યઝીદે મલઉનની બયઅતની હકીકત તપાસીએ કે તે કેવા પ્રકારની બયઅત લેતો હતો અને તેને કોની અને કઇ જાતની તાબેદારી જોઇતી હતી.

પ્રથમ તો ઉપર અમે સાબીત કરી ચુકયા કે યઝીદ મુસલમાન હતોજ નહિ જેથી મુસલમાન મોઅમીન કનેથી તાબેદારી માટે બયઅત લેવાને તે મુદલ લાયક હતોજ નહિ. વળી ઝાહેરી બાદશાહત અગર ખીલાફતનો ખરો હક્કદાર યઝીદ હતોજ નહિ. ખરા હક્કદાર તો હ૦ ઇમામ હુસયન અ૦ હતા. છતાં તે મરદુદની બયઅતની શરતો તરફ નજર કરીએ કે તેની અસલ મતલબ શું હતી.

તારીખે ઇબ્ને અસીર, તારીખે તબરી વી. મશહૂર ઇતિહાસીક પુસ્તકોમાં લખાયલું છે કે, યઝીદે મલઉન તરફથી મુસ્લીમ ઇબ્ને અકબા મદીનામાં મુસલમાનો કનેથી એવી શરતે બયઅત લેતો હતો કે તેઓ (બયઅત કરનારા મુસલમાનો) યઝીદના ખરીદેલા ગુલામ છે અને યઝીદને તેઓની જાન માલ અવલાદ અને ઓરતો ઉપર દરેક પ્રકારની સત્તા રહેશે. યઝીદ ચાહે તેવાં ફરમાનો તેઓના બારામાં આપી શકે છે. આ મુજબની શરતોની સામે જે મુસલમાન વિરૂધ્ધતા દેખાડતો તેનું માથું ધડથી જુદું કરવામાં આવતું અને તે બીચારો પોતાની હુરમત યઝીદના હાથથી બરબાદ થતી અટકાવા જતાં જાન ખોઇ બેસતો.

હ૦ ઇમામ હુસયન અ૦મે આશુરાના દિવસે કયશ ઇબ્ને અસઅશના જવાબમાં ફરમાવ્યું, "વલ્લાહુ લા અઅતીહીમ બીયદી ઇઅતા અઝઝલીલ વલા અકીર્ર ફ઼ ઇકરારલ અબીદ," વલ્લાહ કદી પણ ઝલીલોની માફક મારો હાથ (બયઅત માટે) તેઓને આપીશ નહિ અને કદી પણ તેઓની (યઝીદ અને તેના સાથીઓની) ગુલામી કબૂલ કરીશ નહિ.

યઝીદે મલઉનની બયઅતની આ શરતો ન હતે તો પણ યઝીદ જેવા દારૂડયા, જુગારી, બદમાસ અને મલઉનની તાબેદારી કરવાને કોઇ પણ સાધારણ મુસલમાન કબૂલ નજ કરી શકે. ઘરની ઓરતો ઉપર પણ યઝીદની સત્તા રહે ને જેમ તે ચાહે તેમ તેઓ ઉપર પોતાની સત્તા ચલાવે, અગર તેઓના બારામાં ફરમાન આપે તે પ્રમાણે કરે, એવી શરતો કોઇ પણ ગમાર અગર નીચમાં નીચ પુરૂષ ઘડીભર માટે કબૂલ કરે નહિ. શું એવી શરતે હઝરતે ઇમામ હુસયન પયગંબરના નવાસા, બેહીશતી જવાનોના સરદાર, અલીએ મુરતઝા, શેરે ખુદાના ફરઝંદ, દીન અને દુન્યાના શાહઝાદાથી, યઝીદની બયઅત થઇ શકે? ઇમામ હુસયન અ૦ અને યઝીદની બયઅત, **અલઅયાઝુ બીલ્લાહ.**

આ ટુંક ખુલાસાથી સાબીત થશે કે બયઅત કરવા કરતાં ઇમામ હુસયન અ૦મે શહાદત ઇખતીયાર ફરમાવી. એ દીને ખુદા અને પોતાના નાના, રસુલે ખુદાની હુરમત કીયામત સૂધી સલામત સાચવી શકયા અને તેમ કરવામાં તેઓએ ઘણી દુરઅંદેશી વાપરી છે.

હવે સવાલ માત્ર એજ રહે છે કે, બયઅત નહિ કરવાનો ઇરાદો છતાં બાળબચ્ચાં સહીત, એક નાનકડી ફોજ લઇ યઝીદે મલઉનની સામે શા માટે થયા અને મક્કા મદીના તજી કુફા તરફ શા માટે ગયા, તેનો ખુલાસો વીગતવાર ઇનશા અલ્લાહ બીજી ફસલોમાં કરવામાં આવશે.

યઝીદની બયઅત કેવા પ્રકારની હતી તે ઉપર વાંચી ચુકયા. હવે ઇમામ હસન અ૦ને મોઆવીયા સાથે લાચારીથી સુલેહ કરવી પડી, તો તે સુલેહનામું પણ લખીએ છીએ જેથી

પુરેપુરો ફર્ક યઝીદની બયઅત અને મોઆવીયાની સાથે સુલહમાં દેખાઇ આવશે કે ઇમામ હસન અ૦ને શહીદ થઇ જવાનો પ્રસંગ ન હોતો આવ્યો અને તેવી સુલેહ કરવામાં દીને ઇસ્લામ કાયમ રહેતું હતું, પણ ઇમામ હુસયન અ૦ માટે તેવી વાત બાકી ન હોતી રહી, જેથી આપને એવી રીતે શહાદત ઇખ્તીયાર કરવી પડી.

ઇમામ હસન અ૦નું સુલહનામું.

૨૫ મી રબ્બીયુલ અવ્વલ સને ૪૧ હીજરીના, આ સુલેહનામું હ૦ ઇમામ હસન અ૦એ લખીને મોઆવીયાને મોકલાવ્યું જેમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

"બિસમીલ્લાહીર્રરહમાનીર્રરહીમ, નીચે દરશાવેલી શરતોએ હસન ઇબ્ને અલી (અ૦) એ મોઆવીયા ઇબ્ને અબી સુફયાન સાથે મુસાલેહા કરેલ છે. મોઆવીયા મુસલમાનો સાથે ખુદાની કીતાબ—પયગંબરની સુન્નત અને નેક કીરદાર, ખલીફાની સીરત મુજબ અમલ કરે અને પોતાનો ગાદીવારસ નીમવાની કે કોઇને ખીલાફત સોંપી જવાની તેને સત્તા નથી, પણ આ કામ મોઆવીયા પછીની ખીલાફત માટે મુસલમાનો ઉપર મૂકવું કે તેઓને યોગ્ય જણાય તે મુજબ નીમણુંક કરે. વળી બધા મુસલમાનો દરેક પ્રકારથી અમાનમાં, ગમે ત્યાં ખુદાની જમીન ઉપર શામમાં ઇરાકમાં અગર હીજાઝમાં રહી શકે છે, તેમજ હ૦ અલી અ૦ના શીઆઓની જાનમાલ અને બાળબચ્ચાં અમાનમાં રહેશે. તેઓને કદી સતાવવામાં આવશે નહિ અને એ સઘળી શરતો માટે મોઆવીયા ખુદાને હાજર સમજી વચન આપે છે અને ખુદાની દરગાહમાં આ સઘળી બાબતો માટે મોઆવીયા જવાબદાર રહેશે જેના માટે ખુદા તેને કયામતના દહાડે પુછશે. વળી તે કદી પણ હસન ઇબ્ને અલી અ૦ તેમજ હુસયન ઇબ્ને અલી અ૦ પ્રત્યે જાહેરમાં અથવા આડકત્રી રીતે દગાબાજીથી વર્તી વચન ભંગ કરશે નહિ અને તેઓને તેમજ અહલેબયતે રસુલને કોઇ પણ વખતે કોઇ પણ જગોએ દુઃખ આપી સતાવશે નહિ તેમજ ડરાવશે નહિ.........................

એ સઘળી બાબતો ઉપર ખુદા શાહેદ અને ગવાહ રહેશે અને તે ગવાહી માટે કાફી છે."

એ પછી મોઆવીયાએ તે શરતો માન્ય રાખીને તેમાં સહી કરી આપી. એ સિવાય બીજી પણ કેટલીક શરતો હતી જેમાં મોઆવીયાએ વચન આપેલું હતું કે જંગે સીફીન અને જમલમાં શહીદ થયલા હુ૦ અલી અ૦ના દરેક અસહાબોના બાળબચ્ચાંઓને હજાર દીરહમ આપે અને દર વરસે હુ૦ ઇમામ હુસનને પચીસ હજાર દીરહમ, અને એક લાખ દીનાર સુલેહનામામાં સહી કરતી વેળા આપે; તેમજ બયતુલ માલ, મુસલમાનોના માલમાંથી મોઆવીયાને કોઇ પણ ચીજ લેવાની સત્તા ન હોતી. (એટલે ખુદા અને રસુલના હુકમ મુજબ તે માલ મુસલમાનોનો રહેશે અને તે મુજબ વપરાશે.)

હુ૦ ઇમામ હુસન અ૦ના લશકરમાંથી મ્હોટો ભાગ મોઆવીયાના લશકરમાં ભળી જવાથી દીનની હીફાઝતની દરેક શર્તો કર્યા કેડે લખતને અનુસરીને ખુદા અને રસુલના હુકમ મુજબ હુ૦ ઇમામ હુસન અ૦મે સુલ્હ કરી, કેમકે તેઓ ખુદાની હુજ્જત હતા અને દીનની હીફાઝત માટે ખુદાના હુકમ મુજબ જાનની પરવા કરતા ન હતા, પણ દીનની જાળવણી હવે સુલ્હે થયા વગર ન થઇ શકતી હોવાથી તે કાર્ય આપે કર્યું.

ઇમામ હુસન અ૦મે સુલેહ કર્યા પછી એક ખુતબો પડયા તેમાં ફરમાવ્યું, "અય લોકો, તમો પ્રથમ અમારા પિતાથી ફરી ગયા અને તેઓને જંગે સીફીનમાં પંચ નીમવા માટે તમોએ દબાણ કર્યું, તેથી તેઓ લાચાર થયા. તે પછી જ્યારે તમોએ જોયું કે મોઆવીયા અને ઉમરઆસે દગાબાજીથી કામ લઇ પોતાની મરજી મુજબ ખીલાફતના ધણી થઇ ગયા ત્યારે તમોને ફરીવાર મોઆવીયાની સામે થઇ લડવાને સમજાવવામાં આવ્યા, તો પણ તમે તે કબૂલ ન કર્યું અને એ મુજબ તમો મારા પિતાની છેલ્લી ઘડી સૂધી નાફરમાની કરતા રહ્યા. હવે તમોએ મારી બયઅત એવી શરતે કરી કે મારા દોસ્તોની મદદ કરી મારા દુશમનોથી લડવાને કબૂલ કર્યું, પણ હવે મને ખબર પડી કે તમારામાંના

ઘણા રઈસો અને સરદારો મોઆવીયા સાથે ભળી ગયા તેથી તમારી આ ગેરવર્તણુંક મારા માટે બસ છે. હવે વધુ વખત મને ફરેબ આપો નહિ."

હ૦ ઇમામ હસન અ૦ની શરતો મુજબ અમલ કરવાનો મોઆવીયાને પ્રથમથી ઇરાદો હતોજ નહિ અને પોતાની આદત મુજબ વર્તવા લાગ્યો. પણ હ૦ ઇમામ હસન અ૦ની હયાતીમાં તે ખુલ્લી રીતે દીને ખુદાને બદલાવી શક્યો નહિ તેથી હ૦ ઇમામ હસન અ૦ને ઝેહર પાઇ શહીદ કરાવી પોતાના સ્વછંદ રસ્તામાંથી નડતર દૂર કર્યા બાદ જે કાંઇ તેણે કર્યું તેનું વર્ણન ઇતિહાસમાં બની ઉમય્યાના આમાલ નામાના સીહા સફાઓથી ભરપૂર છે.

ઇમામ હુસયન અ૦ પાસેથી બયઅતની માંગણી થઇ તેઓ કોણ હતા?

બયઅતનો ખુલાસો સમજ્યા કેડે ઇમામ હુસયન અ૦ને યઝીદ જેવા કાફરની બયઅત કરવાનું કહેવામાં આવે છે, તો તે કોણ હતા અને એવી માંગણી તેમના કનેથી થઇ શકે કે કેમ એ સમજવા માટે તેમની થોડી ફઝીલતો નીચે આપીએ છીએ:—

ઇમામ હુસયન અ૦ પયગંબરના નવાસા અને પયગંબર સ૦ની બેટી જનાબે ફાતેમા ઝોહરાના અને અમીરૂલ મોઅમીનીન અ૦ના લાડલા ફરઝંદ હતા. હ૦ અમીરૂલ મોઅમેનીન પયગંબરના કાકાના દીકરા અને જમાઇ હોવા ઉપરાંત પયગંબરના વસી અને જાનશીન મુસલમાનોના ઇમામ ખલીફા અને બાદશાહ હતા.

દુન્યાના રિવાજ મુજબ હ૦ અલી અ૦ની બાદશાહતના વારેસ હ૦ ઇમામ હસન અ૦ હતા અને હ૦ ઇમામ હસન બાદ તેમની અવલાદ અગર તેમના ભાઇ હોઇ શકે, જ્યારે યઝીદે મલઉન જે ઇમામ કનેથી બયઅતની માંગણી કરે છે તેનો બાપ મોઆવીયા માત્ર શામનો ગવરનર હતો અને તે બાદશાહના નોકરોમાંનો એક ગણાય જેણે પોતાના બાદશાહ સામે બંડ ઉઠાવી આપખુદીથી અને બળથી નહિ પણ દગાબાજી

મકર અને ફરેબથી બાદશાહ થઇ બેઠો હતો તેથી બાદશાહત કહો અગર ખીલાફત સમજો એ બધાના ખરા હકદાર ઇમામ હુસયન અ૦મજ હતા. તેમાં યઝીદે મલઉનનો કશો પણ હક ન હતો.

વળી જ્યારે ઇમામે હુસન અ૦ અને મોઆવીયા વચ્ચે સુલેહનામું લખવામાં આવ્યું તેમાં ચોખ્ખે ચોખ્ખું જણાવવામાં આવ્યું હતું કે મોઆવીયા કોઇને પણ બાદશાહત અગર ખીલાફત આપી શકતો નથી અને તે કબૂલાત મુજબ નહિ વર્તતા મોઆવીયાએ દગાબાજીથી કામ લઇ ઇમામ હુસન અ૦ને ઝેહેર અપાવી શહીદ કરાવ્યા અને તે પછી પોતાના દીકરા યઝીદે મલઉનની બયઅત લેવરાવી તેને પોતાનો ગાદી વારસ બનાવ્યો. તો આ બાબતથી પણ સાબીત થાય છે કે યઝીદે મલઉન ખીલાફતનો હકદાર હતો નહિ અને ઇમામ હુસયન અ૦ કનેથી બયઅત કોઇ રીતે લઇ શકતો ન હતો.

ઇમામ હુસયન અ૦ કોણ હતા? તેમની ફઝીલત શું હતી? તેનું વર્ણન ઘણે ઠેકાણે આ કીતાબમાં પ્રસંગોપાત કરવામાં આવેલ છે, તેમજ ઇનશાઅલ્લાહ આ કીતાબના બીજા ભાગમાં તે બુઝરગવારની લાઇફ ખુલાસાવાર લખવામાં આવશે તેથી વાંચકોને વિશેષ માહિતી મળશે.

અત્રે એક બે હદિસો એહલે સુન્નતની મશહુર સહીહ કીતાબોમાંથી આપવામાં આવે છે જેથી સાબીત થશે કે, ઇમામ હુસયન પોતાના ઝમાનાના સૌથી અફઝલ-પયગંબરના વસી ઇમામ અને ખીલાફતના ખરા હકદાર હતા અને તેમની તાબેદારી તમામ મખલુકાત ઉપર વાજીબ હતી.

ઇમામે અહમદ હંબલ (એટલે સુન્નતના ઇમામ હંબલી) ઇમામે હાકીમ અને તબરાની પોતાની કીતાબમાં અબુ હુરેરાથી નકલ કરે છે કે, હ૦ રસુલે ખુદા સ૦એ જનાબે ફાતેમા હ૦ અલી અ૦ હ૦ હસન અને હ૦ હુસયન અ૦ તરફ ઇશારો કરી ફરમાવ્યું "હું લડવાવાળો છું તે શખ્સની સાથે જે આ લોકો (મજકુર ચારે બુઝરગવારો) સાથે લડે અને સુલેહ કરવાવાળો છું તેઓની સાથે જે આ લોકો સાથે સુલેહ કરે.

એટલે આ ચારે બુઝરગવારોને દોસ્ત રાખનાર સાથે દોસ્તી અને દુશમની રાખનાર સાથે દુશમની કરીશ."

ઇમામે બુખારી તરમઝી ઇબ્ને અસીર વી. એહલે સુન્નતના મશહુર ઉલમાઓ હ૦ રસુલ સ૦થી રીવાયત કરે છે કે હઝરતે ફરમાવ્યું "હસન અને હુસયન બેહશતના જવાનોના સરદાર છે."

શયખુલ ઇસ્લામ-કન્દુઝી અલ્લામા સયદ અલી હમદાની વી. પોતાની કીતાબોમાં મુતવકકીલે અબ્બાસીના છોકરાના મુઅલ્લીમ (શિક્ષક) થી બયાન કરે છે કે, સલીમ ઇબ્ને કયસ સલમાને ફારસીથી બયાન કરે છે કે, "હું એક દિવસ પયગંબર સ૦ની ખીદમતમાં હાજર થયો. મેં જોયું કે હઝરત પોતાના ફરઝંદ (નવાસા) ઇમામ હુસયન અ૦ને ગોદમાં લઇ પ્યાર ફરમાવે છે અને તેના હોઠને ચુસે છે અને ફરમાવ્યું, બેટા હુસયન તું સય્યદ છો, ફરઝંદ સય્યદના અને ભાઇ સય્યદના અને ઇમામ છો. ઇમામના ફરઝંદ અને ઇમામના ભાઇ છો અને તું ખુદાની હુજ્જત (નીશાની) હુજ્જતે ખુદાના ફરઝંદ અને નવ હુજ્જતે ખુદાના બાપ છો જેમાંના છેલ્લે હ૦ હુજ્જતે મેહદી અ૦ છે."

ઇમામ અબુ હાતીમ અલ્લામા ઇબ્ને ખેસામાં વી. અબુ હુરેરાથી બયાન કરે છે કે, અમો મસજીદમાં હ૦ રસુલ સ૦ની ખીદમતમાં હતા એટલામાં હ૦ ઇમામ હુસયન અ૦-જેઓ તે વખતે નાની વયના હતા. મસજીદમાં દાખલ થયા અને હઝરતના ખોળામાં બેઠા અને પોતાના નાજુક હાથની આંગળીઓને હઝરતની મુબારક દાઢીમાં નાખી રમવા લાગ્યા. હઝરતે પોતાના નવાસાના મ્હોઢાને ખોલી પોતાનું મ્હોઢું તેના ઉપર રાખી બોસો આપીને ફરમાવ્યું, "પરવરદીગારા, હું આ મારા ફરઝંદને ચાહું છું. તું પણ તેને દોસ્ત રાખ અને જે કોઇ મ્હારા આ ફરઝંદને ચાહે તેને પણ દોસ્ત રાખ."

એવી અનેક મશહૂર હદીસો અહલે સુન્નતની કીતાબોમાં દરજ થએલ છે જેથી ઇમામ હુસયન અ૦ની ફઝીલત ઇમામત અને પયગંબર સ૦ની બેહદ મોહબ્બત સાબીત થાય છે.

આવી રીતે ઇમામ હુસયન અ૦ ખરા ખલીફા ઇમામ અને હુ૦ પયગંબર સ૦ના જાનશીન હતા અને યઝીદ મલઉનને તેમની પાસેથી કોઇ પણ જાતનો બયઅત લેવાનો અધિકાર ન હતો એ સિધ્ધ થાય છે અને હવે પછીની ફસલમાં યઝીદની ઓળખ તેની ચાલચલણ અને વર્તણુંકની બાબતમાં તવારીખ અને હદીસની શહાદતોથી રોઝે રોશનની જેમ ખુલ્લું છે કે ઇમામ હુસયન અ૦ ખરા સરદાર હતા. તેમની બયઅત કરવી ખુદા અને રસુલના હુકમ મુજબ યઝીદ ઉપર વાજીબ હતી. નહિ કે ઇમામ હુસયન અ૦ યઝીદની બયઅત કરે.

યઝીદ બયઅત તલબ કરનાર કોણ હતો ?

હવે બીજો સવાલ યઝીદે મલઉન કોણ હતો તેની તપાસ લઇએ કે જેથી ખીલાફત અને મુસલમાનોનો સરદાર થવાની લાયકાત અને તેનો કેટલો હક્ક હતો તે જણાઇ આવશે. એટલુંજ નહિ પણ યઝીદ કાફર ફાસક ફાજીર બદમાસ અને મલઉન હતો અને તે ઘડીભર પણ મુસલમાન હતોજ નહિ એ ખુલ્લી રીતે સાબીત થશે. યઝીદે મલઉન મુસલમાન ન હતો તેથી મુસલમાનોનો સરદાર બાદશાહ અગર ખલીફા કોઇ કાળે થઇ શકતો ન હતો. એક સાધારણ મુસલમાન પણ એવા કાફરની તાબેદારી કરી શકે નહિ તો ઇમામ હુસયન અ૦ પયગંબરના નવાસા ઇમામ ખીલાફતના ખરા હકદાર હતા તે કોઇ કાળે તેની બયઅત કેમ કરે ?

યઝીદે મલઉનનું કુફ્ર.

યઝીદે મલઉનનું કુફ્ર ઘણા પ્રકારોથી કુરઆને શરીફની આયતોથી પયગંબરની હદીસોથી અને તેના બુરાં કર્ત૦યોથી સાબીત થઇ શકે છે. એટલુંજ નહિ પણ તેના બનાવેલા કા૦યોથી પણ તે એક મુરતદ મુનાફીક અને કાફીર હતો એ ખુલ્લે ખુલ્લું જણાઇ આવે છે જે અમે અનુક્રમે નંબરવાર આપીશું.

૧ પ્રથમ તે ઇમામ હુસયન અ૦નો કાતીલ હતો. ઇમામ હુસયન અ૦ મુઅમીન મુસલમાનોના સરદાર બલકે જન્નતના જવાનોના સરદાર હતા તેથી એક મુઅમીનને જાણી જોઇ કત્લ કરનાર માટે ખુદા કુરઆનમાં ફરમાવે છે, "વમન કત્લ મુઅમીનન મુત અમ્મીદન ફજઆઉહુ જહન્નમ ખાલેદીના ફીહા."

તરજુમો:–જે કોઇ જાણી જોઇને મુઅમીનને કત્લ કરશે તો તેની સજા જહન્નમ છે જેમાં તે સદા રહેશે, તો જન્નતના જવાનોના સરદાર અને મોઅમીનના સરદારને કત્લ કર્યાનાં કારણે યઝીદ જહન્નમી બલકે હંમેશા જહન્નમમાં રહેનારો ઠરે છે.

૨ ઇમામ હુસયન અ૦ની શહાદતથી ખુદા અને રસુલ નારાઝ થયા જે કોઇ ખુદા અને તેના રસુલને નારાઝ કરે છે તેના માટે ખુદા કુરઆનમાં ફરમાવે છે, "ઇન્નલ્લઝીના યુઅઝુનલ્લાહ વરસુલહુ લઅનહુ-મુલ્લાહ ફીદ્દુન્યા વલ આખેરહ."

તરજુમો:–ખરેખર જે કોઇ ખુદા અને તેના રસુલને અઝીય્યત પહોંચાડશે (નાફરમાની કરી નારાઝ કરશે) તેના ઉપર ખુદા દુન્યા અને આખેરતમાં લાઅનત કરેલ છે. આ આયતથી યઝીદે મલઉન દુન્યામાં લાઅનત અને આખેરતમાં પણ લાઅનતનો સઝાવાર થયો જે વિષેની હદીસો આગળ ચાલતાં આવે છે.

૩ યઝીદે મલઉનને જાહેરી બાદશાહત મળી તેથી તેણે એહલેબયતે રસુલના હકને ભુલાવી કતએ રહમ કરીને ઝુલમ કર્યા તે બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે, "ફહલ અસયતુમ ઇન તવલ્લયતુમ અન તુફસીદુ ફીલ અરઝ વતુકત્તીઉ અરહામકુમ ઉલાએકલ્લઝીના લઅનહુમુલ્લાહ ફઅસમ્મહુમ વ અઅમા અબ-સારહુમ."

તરજુમો:–તો નઝીક છે કે તમો હાકીમ થાઓ અને ઝમીન ઉપર ફસાદ મચાવો અને તમારા

સગપણના સંબંધને કાપી નાખો એવા લોકો ઉપર ખુદાએ લઅનત કરી છે. પછી તેઓને કાને બેહરા આંખે આંધળા કર્યા. ઇમામ હુસયનને શહીદ કરીને યઝીદે મલઉને દીને ખુદામાં જબરદસ્ત ફસાદ મચાવ્યો એથી વધુ ફસાદ કેવો હોવો જોઇએ તેથી યઝીદે મલઉન આ આયત મુજબ મલઉન અને દુન્યા તેમજ આખેરતમાં આંધળો અને બેહરો સાબીત થાય છે.

૪ હ૦ રસુલ સ૦ની હદીસ છે કે, "મન અખાફ અહલલ મદીનતી ઝુલમન અખાફુલ્લાહ વ અલયહી લઅનતુલ્લાહ વલમાલાઇકતીન્નાસે અજમઇન."

તરજુમો:-જે કોઇ ઝુલ્મ કરી મદીનાવાળાઓને ડરાવશે તો ખુદા તેને (કીયામતમાં) ડરાવશે અને તેના ઉપર ખુદાની તેના મલાએકાની અને સઘળા ઇન્સાનોની લઅનત છે. આ હદીસ તાઅખુરખુલફા:-સવાએકે મુહરેકા મીસર છાપવાળી કીતાબોમાં છે. વળી સવાએકે મુહરેકામાં ચોખ્ખે ચોખ્ખું લખવામાં આવ્યું છે કે આ હદીસ યઝીદે પલીદના બારામાં છે. યઝીદે મલઉન પ્રથમ હ૦ ઇમામ હુસયન અ૦ જેઓ મદીનામાં હતા તેમને બયઅત માટે કત્લની ધમકી આપી ડરાવ્યા-મદીનાથી હઝરતને મક્કા તરફ હીજરત ફરમાવવાની ફરજ પડી અને તેથી તેમની એહલેબયતને પણ ધાસ્તીમાં નાંખ્યા. એટલુંજ નહિ પણ કરબલાના વાકેઆને બીજે વરસે યઝીદે મલઉનની ફોજ મદીના ઉપર ચઢાઇ લાવી હઝારો માણસોને કત્લ કરેલ (જેનું બયાન યઝીદનાં બુરાં કર્તવ્યોના લીસ્ટમાં ખુલાસાવાર આપવામાં આવશે) જેથી મદીનાના લોકોને પણ તેણે ડરાવ્યા. એટલુંજ નહિ તેમની કત્લેઆમ ચલાવી તેઓનો નાશ કર્યો તેથી આએ હદીસ મુજબ યઝીદે મલઉન ઉપર ખુદા-તેના મલાયકા અને સઘળા ઇનસાનોની લાઅનત સાબીત થાય છે.

૫ એક બીજી હદીસ તારીખુલ ખુલફામાં છે કે હઝરત રસુલ સ૦એ ફરમાવ્યું, "અવ્વલુ મંય યુંમદ્દીલુ સુન્નતી રજુલુન મીન બની ઉમય્યા યુકાલુ લહુ યઝીદ."

તરજુમો:-સૌથી પહેલે જે મારી સુન્નતને બદલાવશે તે બની ઉમય્યામાંથી હશે અને તેનું નામ યઝીદ હશે.

૬ યઝીદે પલીદના મરણ પછી તેનો દીકરો મોઆવીયાને ખીલાફત મળી તેણે પહેલેજ દિવસે મીંબર ઉપર જઇ એક લંબાણ ખુત્બામાં પોતાના બાપ ઉપર નુકતેચીની કીધી જેનો ટુંક સાર નીચે મુજબ છે. એથી પણ સાબીત થશે કે તેનો દીકરો તે મલઉનને કેવો સમજતો હતો.

સાહેબે બરાહીને કાતેઆ-મોઆવીયા ઇબ્ને યઝીદે પલીદનો મજકુર ખુત્બાનો તરજુમો એવી રીતે લખે છે કે:—

જ્યારે મોઆવીયા ઇબ્ને યઝીદને ખીલાફત મળી ત્યારે તેણે મીંબર ઉપર ચડીને લોકોને કહ્યું કે, "ખીલાફત ખુદા અને તેના રસુલ તરફથી મળે છે અને તેના માટે કોઇ બીજાને સત્તા અગર હક નથી કે પોતાની મરજીથી ખલીફા બને. અલબત્તા તે શખ્સ ખલીફા થઇ શકે જેને ખુદા લાયક સમજી તેને તે માનવંતો દરજ્જો આપે. નહિ કે લોકોની ચુંટણીથી ખલીફા થઇ શકે છે કે જેને ચાહે તેને ઇમામ અગર ખલીફા બનાવે. જેમ કે હ૦ દાવુદની માનવંતી બીબીએ ચાહ્યું કે, હ૦ દાવુદ પછી તેમના ફરઝંદ પયગંબર થાય. ખુદાનો હુકમ થયો કે, અય દાવુદ નબુવ્વત અને ઇમામતની નેમણુંક કરવાનું કામ મારી મરજી ઉપર છે. તેમાં તમારી કે તમારી બીબીની દખલગીરી ચાલી શકશે નહિ. આવતી કાલે બે માણસો એક દાવો લઇ આવશે તેનો ખરો ચુકાદો તમારા ફરઝંદોમાંથી જે કરી શકે તે નબી છે. હ૦ સુલયમાને ખરો ચુકાદો આપ્યો અને ખુદાના હુકમથી તેમને નબુવ્વત મળી.

અય લોકો, મારા દાદા મોઆવીયાએ આ ખીલાફતના બારે મામલામાં દખલગીરી કરી અને હ૦ અલી અ૦ જેએ

ઇમામતના અને ખીલાફતના ખરા હકદાર હતા તેમની સામે થયા અને એવાં કામ કર્યાં કે જેથી તમો બધા વાકેફ છો અને છેવટે તે મરણ પામ્યો અને પોતાની અંધારી કબરમાં પોતાનાં બુરાં કર્તવ્યોના બોજ સહીત ચાલ્યો ગયો. તે પછી મારો બાપ યઝીદ પણ ખીલાફતના કામમાં પડયો અને તેનામાં એ ભારે દરજ્જાની જરા પણ લાયકાત હતી નહિ અને તેણે પયગંબરના નવાસાને શહીદ કરી બુરૂં કામ કર્યું તેથી તેણે પોતાની આવરદા ટુંકી કરી પોતાની દુન્યા બરબાદ કરી નાખી અને તે પણ પોતાના ગુનાહોના બોજ સહીત પોતાની કબરમાં સજા ભોગવવા ચાલ્યો ગયો.

તે પછી મોઆવીયા ઇબ્ને યઝીદ મીંબર ઉપર ઘણું રડયો અને કહ્યું કે, ખરેખર અમોને ખાત્રી છે કે યઝીદ માટે બુરી જગો છે અને તેની હાલત ઘણી ખરાબ થવાની છે. (તેના માટે ભારેમાં ભારે અઝાબ છે.) કેમકે તેણે પયગંબરની અહલે-બયતને સતાવેલ છે અને શરાબને હલાલ કરી ખાનએ કઅબાની બેહુરમતી કરી તોડી પાડેલ છે. જુઓ, મેં ખીલાફતની મઝા ચાખી નથી અને ચાખવાને આતુર પણ નથી અને તે ભારે બોજ ઉઠાવવાની મારામાં તાકાત નથી. આ મારી નરમ અને નાજુક ચામડીમાં જહુન્નમની આગ ખમવાની તાકત નથી. ખુદાની કસમ અગર દુન્યામાં કોઇ ભલાઇ હશે તો તેમાંથી અમોને પુરતું મળ્યું છે અને જો તેમાં શરને ખરાબી છે તો ખરેખર અબુ સુફ્યાનના ખાનદાન માટે તેનાં બુરાં કર્તવ્યોથી જે બદનામી મળી છે તે પુરતું છે તેથી વધુ બદનામી અને રૂસવાઇની ગુંજાયશ નથી.

અય લોકો અગર તમોને હકદાર ખલીફા અને ઇમામતની જરૂરત હોય તો તમો મદીના જાઓ અને હ૰ અલી ઇબ્નલ હુસયન ઝયનુલ આબેદીન અ૰ની બયઅત કરો.

એટલું કહીને મીંબર ઉપરથી નીચે ઉતરી પોતાના ઘરે ચાલ્યો ગયો. તેની મા યઝીદની બીબીએ તેને ઠપકો આપતાં કહ્યું કે, અય ફરઝંદ અગર તું જન્મ ન પામતે અને લોહીમાં માંસનો લોચો થઇ બાહેર આવતે તો સારૂં હતું. યઝીદના પુત્ર

મોઆવીયાએ જવાબમાં કહ્યું કે, "ખરેખર જો હું જન્મ ન પામતાં તમો કહો છો તેમ થતે તો વધુ બેહતર હતું. આ રૂસવાઇ ને બદબખ્તી કરતાં કે જે યઝીદના ઝુલમથી અમારા આખા ખાનદાન ઉપર આવી પડેલ છે.

૭ તારીખુલ ખુલફા–સવાએકે મોહરેકા વીગેરે મશહુર કીતાબોમાં છે કે ઇબ્ને હુનઝલા કહેતો હતો. કસમ બખુદા અમોએ યઝીદે પલીદની વિરૂધ્ધતા નહિ દર્શાવી, જ્યાં સૂધી કે અમોને ખાત્રી થઇ કે હવે આસમાનથી ગઝબ નાઝીલ થઇ અઝાબના પથરાનો વરસાદ અમારા ઉપર પડશે. ખુદાનો ગઝબ તે મલઉન યઝીદ ઉપર તે એવો નાપાક બદમાશ છે કે પોતાની મા દીકરીઓ અને ફૂઇ સાથે કાળું મ્હોઢું કરવા ચુકયો નથી. શરાબ પીએ છે ને નમાઝને તરક કરી બેઠો છે.

૮ મદીનાથી મુસલમાનોએ એક ડેપ્યુટેશન શામ તરફ યઝીદની હાલત નજરે જોઇ ખાત્રી કરવા મોકલેલું તે ડેપ્યુટેશનનો પ્રમુખ ઇબ્ને હુનઝલા હતો જ્યારે શામથી મદીના તે પાછો ફર્યો (યઝીદે મલઉને ઇબ્ને હુનઝલા અને મુનઝર ઇબ્ને ઝુબેર દરેકને એકેક લાખ દીરહમની બખશીશ એટલા માટેજ કરી હતી કે તેનાં વખાણુ મદીનામાં જઇને બયાન કરે) તે વખતે ઇબ્ને હુનઝલાએ મદીનાના મુસલમાનોને કહ્યું, "અમો એક એવા બેદીન નાપાક (યઝીદ) કનેથી આવ્યા છીએ કે જે સદા શરાબ પીએ છે, તંબુરો વગાડે છે, ગાનારી અને નાચનારી ઓરતો હંમેશા તેની આગળ હોય છે. કુત્રાઓ સાથે ગેલ કરે છે અને આખી રાત બદમાસોની સોબતમાં પસાર કરે છે. અમો તમોને ગવાહ રાખીયે છીયે કે અમોએ યઝીદને ખીલાફતથી બરતરફ કરેલ છે."

૯ મદીનાના ડેપ્યુટેશનમાં એક ઝરઇ ઇબ્ને ઝુબયર હતો. શામથી પાછા ફરતાં તે પેહલે કુફા ગયો ત્યાંથી

મદીના આવીને તેણે કહ્યું કે, "અગરચે યઝીદે મને લાખ દીરહમ આપી મારી ઘણી સારી ખાતરદારી કરી, પણ જે હક હશે તે હું બોલીશ. ખુદાની કસમ તે મરદુદ સદા દારૂ પીતો હતો અને સદા ચકચુર મસ્ત રહેતો હતો એટલે સૂધી કે તેની નમાઝ કઝા થતી હતી."

૧૦ યઝીદે મલઉન ઇમામ હુસયન અ૰ને શહીદ કરી ચુકયો તે પછી લોકોથી ડરી જઇ પશેમાની ઝાહેર કરતો હતો અને એહલેબયતે રસુલનો લુંટેલો માલ પાછો મંગાવી એહલેબયતને સોંપી આપ્યો. તે ઉપરથી જનાબે સકીના બીનતીલ હુસયન અ૰મે ફરમાવ્યું, ખરેખર મેં કોઇ પણ કાફરને યઝીદ કરતાં સારો નથી જોયો. આ વાતથી બીબી સકીના યઝીદે મલઉનનો શુમાર કાફરોમાં કરતાં હતાં એ દીઠામાં આવે છે.

૧૧ હવે અમે યઝીદના કુફ્રનું બયાન તેની પોતાની ઝબાનીથી કરીએ છીએ કે તે મરદુદ મુસલમાન હતોજ નહિ અને ખુદા અને તેના રસુલ ઉપર જરા પણ ઇમાન રાખતો ન હોતો.

ઇબ્ને જયઝી વી. મશહૂર તવારીખ લખનારાઓએ લખેલું છે કે જ્યારે હ૰ ઇમામ હુસયન અ૰ના મુબારક સરની સાથે એહલેબયતના કયદીયોને યઝીદની દરબારમાં લાવવામાં આવ્યા તે વખતે યઝીદે મલઉન શરાબખોરીમાં અને જશનમાં મસ્ત હતો. તેના નજીસ હાથમાં નેતરની છડી હતી તેથી ઇમામે મઝલુમના હોઠ ખોલતો હતો અને તે વખતે તે કેટલાંક કાવ્યો રચીને કહેતો હતો તેમાંની થોડીક લીટીઓ નીચે મુજબની હતીઃ—

"લસ્તુ મીન ખીનદીફ ઇનલમ અન તકીમ
મીન બની અહમદ માકાના ફૂઆલ

લઅબત હાશીમુ બીલ મુલકી ફલા
ખબરૂન જાઅ વલા વહયુન નઝલ."

તરજુમો:–હું ખીનદીફમાંનો મારા બાપનો બેટો નહિ ગણાઉં. જો હું આલે અહમદ (આલે રસુલ) કનેથી જે કાંઇ તેઓએ (બદર વી. લડાઇમાં બની ઉમય્યાને કત્લ કરેલ) કરેલ તેનો બદલો નહિ લઉં. ખરેખર હાશીમ (પયગંબર સ૦) મુલક (બાદશાહત) સાથે રમત કરી ચાલતા થયા, જ્યારે કે કોઇ ખબર (કુરઆન) અગર આસમાનથી વહય નાઝીલ થઇજ નથી. (નકલે કુફ્ર કુફ્ર નબાશદ.)

આ તે મરદુદના બયાનથી ખાત્રી થાય છે કે તે મલઉન કુરઆને શરીફ અગર પયગંબર સ૦ ઉપર ઇમાન રાખતો ન હતો. પણ તે પયગંબરને મઆઝલ્લાહ જુઠા અને માત્ર દુન્યાની હુકુમત મેળવનાર દુન્યાદાર સમજતો હતો. જેથી સાબીત થાય છે કે તે કાફર બીલકુલ મુસલમાન હતો નહિ અને તેનામાં ઇમાનનો છાંટો પણ હતો નહિ. પરંતુ ખીલાફત ભોગવવા માટે મુસલમાનીનો જુઠો ઝાહેરી ડોળ તેણે રાખ્યો હતો. અંદરખાને તે પાકો કાફર અને નાસ્તિક હતો.

૧૨ તે મરદુદ પહેલા નંબરનો શરાબી હતો અને શરાબ પીને મસ્ત થતો ત્યારે તે બોલતો હતો:—

ફઇન હુરીમત યવમન અલા દીન અહમદ
ફખુઝહા અલા દીનીલ મસીહ ઇબ્ને મરયમ.

તરજુમો:–અગર દીને ઇસ્લામની રૂએ શરાબ હરામ કરવામાં આવેલ હોય (તો તેની જરાએ પરવા કરતો નહિ) તું હ૦ ઇસા ઇબ્ને મરયમના ખ્રીસ્તી મહઝબ મુજબ પી જા.

(તારીખે ઇબ્ને મંગાઝલી, રીયાઝુલ જીનાન વી. ઉપરથી.)

૧૩ એક વખતે શરાબને હલાલ તરીકે ગણાવવાને તે મરદુદ અચકાણો નહિ. તેણે કહ્યું છે કે:–

માકાલા રબ્બુક વયલુલ્લઝીના શરાબુ
બલ કાલા રબ્બુકા વયલુ લીલ મુસલ્લીન.

તરજુમો:-તારા ખુદાએ કુરઆનમાં એમ નથી કહ્યું કે, વયલ (અઝાબ છે) (શરાબ) પીનારાઓ માટે પણ એમ કહ્યું છે કે, વયલ (અઝાબ છે) નમાઝ પડનારા માટે.

અહીંઆ તે મરદુદે કુરઆનની આયત અને નમાઝની મજાક ઉડાવી છે. ખુદાવંદે કરીમે ફરમાવ્યું કે, વયલ (અઝાબ) છે તે નમાઝ પડનારાઓ માટે જેઓ પોતાની નમાઝને ભૂલી જાય છે. (એટલે કોઇ વખત પડે છે ને કોઇ વખત કઝા કરી મેલી આપે છે વી.)

શરાબને હલાલ સમજનાર મુરતદ નજીસ છે તેથી યઝીદે પલીદ નજીસ અને મુરતદ બેદીન અને કાફીર સાબીત થાય છે.

૧૪ જ્યારે એહલેબયતને દમીશકમાં લઇ આવ્યા અને શોહદાના સરોને નેઝા ઉપર બુલંદ કરવામાં આવ્યા તે વેળા કાગડાઓએ ચારે તરફ ઉડીને શોરબકોર કરી મેલ્યો જેથી યઝીદે ખુશીના આવેશમાં કેટલાંક કાવ્યો રચ્યાં હતાં તેની છેલ્લી લીટીમાં તેણે કહ્યું, "કદ કઝયના દુયુની" હું મારો બદલો પામી ચુકયો એટલે મારૂં લેણું બની હાશમ કનેથી વસુલ કરી ચુકયો.

૧૫ કીતાબ મદારે જુન્નુબુવ્વહ જીલ્દ પહેલી સફા ૨૬૬ માં લખે છે કે, યઝીદે બેઇમાને પોતાના બાપ મોઆવીયાની હયાતીમાં વલીઅહદીના ઝમાનામાં, પયગંબરની બીબી આયશા ઉપર નીકાહનું માગું મોકલ્યું હતું જેના માટે ખુદાએ કુરઆનમાં ચોખ્ખે ચોખ્ખું ફરમાવ્યું છે કે, "વ અઝવાજુહુ ઉમ્મહાતુહુમ" પયગંબરની બીબીઓ, તમારી (ઉમ્મતીઓની)

માઓ છે જેથી આ મલઉન કેવો બેહુયા અને બે મુરવ્વત હતો તે સેજે સમજી શકાય છે.

૧૬ કામીલ ઇબ્ને અસીર મીસર છાપના પેજ ૫૦ મા લખે છે કે વલીઅહદીના ઝમાનામાં મક્કા તરફ હજ પઢવા જતા. મદીનામાં યઝીદે મલઉન શરાબ પીતો હતો. એક વખતે તેણે ઇમામ હુસેનને શરાબનો પીયાલો આપીને કહ્યું લ્યો અને તેની લીઝત ચાખો. તેના જવાબમાં હ૦ ઇમામ હુસયન અ૦મે ફરમાવ્યું અય યઝીદ આ શરાબ તનેજ મુબારક થાય. અમો કદી પણ તેને અડતા નથી–ખરેખર! ખલીફા તો આવાજ હોય!!

૧૭ સાલેહ ઇબ્ને ઇમામ અહમદે હંબલ (સુન્નીઓના હંબલી ઇમામના છોકરા) રીવાયત કરે છે કે મેં મારા બાપને પુછયું લોકો આપણને યઝીદના હિતેચ્છુ સમજે છે. તેણે કહ્યું બેટા એવો કોઇ મુસલમાન હશે નહિ કે ખુદા ઉપર ઇમાન લાવી યઝીદની મોહબ્બત રાખતો હોય અને તેના ઉપર લાઅનત નહિ મોકલતો હોય જેના ઉપર ખુદાએ પોતાની કીતાબ કુરઆને શરીફમાં લઅનત મોકલેલ છે. મેં પુછયું, યઝીદ ઉપર ખુદાએ કુરઆનમાં કઇ જગોએ લાઅનત મોકલેલ છે? તો મારા બાપે આ આયત કુરઆનની પઢીને સંભળાવ્યું, ફહલ અસય તુમ......" (આએ આયત તથા તરજુમો નં. ૩ માં ખુલાસાવાર આપવામાં આવેલ છે.)

૧૮ કીતાબ હકીકતુલ અફરાહમાં લખે છે કે યઝીદે પોતાના બાપ મોઆવીયાને લખી મોકલ્યું કે શરાબ પીવાથી મારો આખો વખત પસાર થાય છે તેથી હું રાજ્યવહીવટના કોઇ પણ કામમાં ભાગ લઇ શકતો નથી. તમો મને બે ત્રણ મહિના માટે મૂકી આપવાનું લખો છો પણ હું તો ઘડીભર મૂકી શકતો નથી. (મોઆવીયાએ હ૦ ઇમામ હસન અ૦ની વફાત પછી

યઝીદને ગાદીવારસ ઠેરાવી લોકો કનેથી તેની વલી-અહદી માટે બયઅત લેવાનો ઇરાદો થયો તેથી લોકોને દેખાડવા ખાતર પોતાના છોકરાને નસીહતનો કાગળ લખ્યો કે એક બે મહિના માટે આ બુરી ટેવ મુકી આપ, અને સુધરતો જા, તો તને ગાદીવારસ બનાવવાની મારી કોશીશમાં મને સહેલાઇ થઇ પડે. તેના જવાબમાં યઝીદે ઉપર મુજબ પોતાના બાપને લખેલું હતું) યઝીદનો આ પત્ર વાંચી મોઆવીયાએ કેટલાક અશઆર લખી પોતાના પુત્ર યઝીદને મોકલાવ્યા તેમાં તે જમાના ખાધેલ અનુભવી ઘરડાએ લખ્યું હતું કે:–

"દિવસના ભાગમાં રીતભાત, હુન્નર અને સારી બાબતો મેળવવાની કોશીશ કર અને રાત પડે ત્યાં સૂધી ખૂબસૂરત નાઝનીન ઓરતોની જુદાઇમાં સબર કર પણ રાત પડતાં જ્યારે તારી પાછળ પડનાર (દુશમનો) ની આંખો ઉંઘાએલી હોય તે વખતે તારી મનકામના તૃપ્ત કરવા મંડી પડ. કેમકે, દાના માણુસ આગળ એવાં કામ માટે રાતનો વખત દિવસની ગરજ સારે છે. ઘણા લંપટી જવાનો એવા છે કે દિવસના ભાગમાં આબીદ પરહેઝગારીનો દેખાવ આપી રહ્યા છે. જ્યારે કે રાતના અંધકારમાં તેઓના રંગઢંગ જુદા પ્રકારના હોય છે. અંધારી રાતની ચાદર તેઓના માટે પરદાની ગરજ સારે છે તેથી તેઓ આખી રાત નાચકુદ અને એશ-અશરતમાં પસાર કરે છે પણ બેવકુફો વખતની સંભાળ નહિ રાખતાં પોતાના એબોને ઉઘાડા કરી નાખી પોતાને ફજેત અને રૂસવા કરે છે. તેથી દોસ્ત દુશમનના ઠપકા અને મેણાં સાંભળે છે."

બાપ તરફની આ સુંદર શીખામણોથી બાપ બેટાની લાયકાત અને તેઓની હયસીય્યત સારી રીતે જણાઇ

આવે છે. અફસોસ એવા લોકો ઇસ્લામના ખલીફા અને સરદાર બની પાક ઇસ્લામ મઝહબને કાળો ડાઘ લગાવી ગયા અને ઇસ્લામની ઉજ્વળ તવારીખમાં કાળાં પાનાંઓનો ભરાવો કરી નાખ્યો.

મકકા અને મદીના ઉપર ચઢાઇ.

હરરૈંના વાકેઆનું કરૂણાજનક બયાન.

સને ૬૩ હીજરીમાં કરબલાના બનાવને ત્રણ વરસ વીત્યા કેડે હરરૈંનો દુઃખદાયક બનાવ યઝીદના ફરમાનથી મુસ્લીમ ઇબ્ને અકબાને હાથે બનવા પામ્યો તેનું વર્ણન ટુંકમાં નીચે દરજ કરવામાં આવે છે.

હ૦ ઇમામ હુસયન અ૦ની શહાદત અને અહલેબયતની અસીરીની ખબર પવનવેગે ચોમેર ફેલાઇ ગઇ અને જે મુસલમાનોએ પ્રથમ ઇમામ હુસયન અ૦ની મદદ નહિ કરી તેઓ હવે પસ્તાવો કરી લોહીનાં આંસું પાડવા લાગ્યા. હવે તેઓને બીક પેઠી અને ખાત્રી થઇ કે જ્યારે યઝીદે મલઉને પયગંબરની ઇતરતની હુરમત રાખી નહિ તો તેઓના શા હાલ થવાના તેથી બધા મુસલમાનોના દીલોમાં યઝીદ પ્રત્યે તિરસ્કાર પેદા થતાં ચોમેર બેદીલી ફેલાણી.

અબ્દુલા બીન ઝુબેર પ્રથમથી મક્કામાં આ તકની રાહ જોતો હતો* તે મીંબર ઉપર જઇ લંબાણથી ખુત્બો પઢયો અને યઝીદની બુરાઇ બયાન કરી ઇમામ હુસયન અ૦ની શહાદત પ્રત્યે દીલસોજી જાહેર કરી અને યઝીદની સામે થઇ તેને બરતરફ કરવા માટે લોકોને ઉશ્કેરવા લાગ્યો તેથી મદીનાના રહેવાસીઓએ પણ યઝીદની સામે થવા માટે હીલચાલ ચાલુ કરી.

---

* અબ્દુલ્લા બીન ઝુબેર પહેલા ખલીફાનો દોહત્રો ઇમામ હુસયન અ૦ મક્કામાં આવ્યા તેથી અગાઉ યઝીદની બીકથી મદીનાથી ભાગીને આવ્યો હતો અને યઝીદની વિરૂધ્ધતા દેખાડતો હતો અને પોતાની બયઅત લેવરાવાની કોશીશમાં રહેતો હતો તેનું વર્ણન લંબાણ આ કીતાબની જુદી ફસલમાં કરવામાં આવશે.

યઝીદને આ વિરૂધ્ધતા અને ઉશ્કેરણીની ખબર પડતાં મદીનાના હાકીમ ઉસમાન બીન મુહમદ બીન અબુ સુફયાનને મદીનાવાળાઓ કનેથી ફરીવાર બયઅત તાજી કરાવી ઘટતો બંદોબસ્ત કરવાને લખ્યું. ઉસમાને મદીનાના રઇસોનું એક ડેપ્યુટેશન શામ તરફ મોકલ્યું. તેઓ શામથી પાછા ફર્યા ત્યારે છડેચોક યઝીદની બદચલણ અને અય્યાશીનું વર્ણન કરવા લાગ્યા અને મસજીદમાં લોકોને ભેગા કરી મીંબર પર તેઓએ યઝીદની હાલતનું વર્ણન કરી ખીલાફતથી બરતરફ કર્યો. લખે છે કે તે વખતે અબદલા બીન અબીઉમર હફસે મીંબર પર જઇને કહ્યું કે, ખુદાની કસમ યઝીદે મને લાખ દીરહમ આપી ઘણી ખાતરદારી કરી, પણ હું હક વાત કહીશ કે તે મલઉન સદા પ્રીસકો પુજુરમાં ગુંથાયલો રહે છે અને તેણે માથા ઉપરથી પાઘડી ઉતારીને કહ્યું, જેવી રીતે આ પાઘડી મારા માથાથી દૂર કરી છે એજ મુજબ તેને ખીલાફતથી દૂર કરી બરતરફ કરૂં છું. તુરતજ બીજાએ તેનું અનુકરણ કરીને પગમાંથી જોડો કાઢીને કહ્યું કે, યઝીદને આ મુજબ હું ખીલાફતથી બાતલ કરૂં છું. પછી તો બધા લોકો કોઇ પાઘડી તો કોઇ જોડા કાઢીને પુકારીને કેહેતા હતા કે, અમો પણ યઝીદને ખીલાફતથી બરતરફ કરીએ છીએ. તે પછી યઝીદના ગવર્નરને મદીનાથી દેશપાર કરી, તેને ઠેકાણે અબદલા બીન હનઝલાને શહેરની હુકુમત આપી.

યઝીદે મદીનાવાળાઓને સજા કરવા માટે મુસ્લીમ ઇબ્ને અકબાને બાર હજારની ફોજ આપી રવાના કર્યો. મુસ્લીમ (કે જેને બેહદ ખુનરેઝી કરવાના સબબથી મુસરીફના નામથી ઓળખવામાં આવે છે) એક પાકટ વયનો બેદીન અને નિર્દય કમાન્ડર હતો. તે વખતે તે બીમાર હતો છતાં તેણે યઝીદને કહ્યું કે, મદીનાવાળાઓને સજા કરવાનું મારૂં કામ છે. બીજો કોઇ પણ એ કામને લાયક નથી જોઇ શકતો.

યઝીદે મુસરીફને તાકીદભરેલી ભલામણ કરી કે, પ્રથમ ત્રણ વખત મદીનાવાળાઓને તાબેદારી કરવા સમજાવવું. જો તેઓ શરણે ન થાય તો ત્રણ દીવસ સૂધી મદીનામાં કત્લે-

આમ ખુનરેઝી ચલાવી તેઓની માલમીલકત લુંટી લેવી. જે ચીજ જેના હાથમાં આવે તે તેની માલેકીમાં ગણાશે. શિવાય કે હ૦ અલી ઇબ્નલ હુસયન (ઇમામ ઝયનુલ આબેદીન) તેમને કોઇ પ્રકારની તકલીફ પહોંચાડવી નહિ. કેમકે મને ખાત્રીપૂર્વક જણાવવામાં આવ્યું છે કે તેઓએ આ બળવા ફીસાદમાં મુદ્દલ ભાગ લીધેલ નથી.

ટુંકમાં એ કે મુસરીફ પોતાની શયતાની ફોજ સહીત મદીના પોંહચી શહેરને ઘેરી લીધું. મદીનાવાળાઓ લડવાને તય્યાર થયા અને મદીનાથી બાહેર નીકળી યઝીદની ફોજ સામે થયા. લડાઇ જોશભેર ચાલુ થઇ. મદીનાવાળાઓએ ઘણી બહાદુરી દેખાડી પણ છેવટે તેઓની હાર થતાં યઝીદની ફોજ મદીનામાં દાખલ થઇ. ત્રણ દિવસ સુધી કત્લેઆમ ચલાવી સતરસો અનસાર-મુહાજરીન અને ઉલમાઓ કપાઇ ગયા. તે શિવાય મદીનાની સામાન્ય પ્રજામાંથી મરદ, ઓરતો, બાળકો કુલ મળી દસ હજાર મુસલમાનો માર્યા ગયા. તેમાં સાતસો ફક્ત હાફીઝે કુરઆન અને સતાણું કુરેશી હલાક થયા અને તે શયતાની ફોજે મદીનામાં એટલી બદફેલી ચલાવી કે, એક હજારથી વધુ ઓરતોને હરામથી હમલ રહ્યું. મસજીદે રસુલમાં ઘોડા બાંધી જાનવરોના પેશાબ પાણીથી કબરે શરીફ અને મીંબરની વચ્ચેની તે પાક જગ્યા ભરાઇ ગઇ જે મુબારક સ્થળ માટે હ૦ રસુલ સ૦મે ફરમાવ્યું હતું કે, બેહેશતની જમીનનો એક ટુકડો છે.

ચોથે દીવસે ખુનરેઝી બંધ થઇ, અને અકેક નાના મ્હોટા ગરીબ અને રઇસ કનેથી એવી શરતે બયઅત લેવામાં આવી કે તેઓ યઝીદના ખરીદેલા ગુલામ હતા. યઝીદની મરજી હોય તો તેઓને વેચી નાખે અગર આઝાદ કરે તેમજ તેઓની માલમીલકત બાળબચ્ચાં, ઓરતો ઉપર યઝીદને દરેક પ્રકારની સત્તા રહેશે કે તેઓના બારામાં જે કોઇ હુકમ યઝીદ તરફથી થાય તે મુજબ અમલ કરવામાં આવે. એવા પ્રકારની બયઅત કરવામાં જે કોઇ આનાકાની કરતો તેનાં ડોકાં ઉડાવી દેવામાં આવતાં હતાં.

ઉપર મુજબ ટુંકમાં વાકેઅએ હરરૅાનું વર્ણન વાંચ્યા કેડે વાંચનારને ખાત્રી થશે કે ઇમામ હુસયન અ૦ને યઝીદના હુકમથી શહીદ કરવામાં આવેલ છે અને જે કહેવામાં આવે છે કે, યઝીદ મલઉન ઇમામને શહીદ કરી પસ્તાવો કરતો હતો અગર ઉબૈદુલ્લા ઇબ્ને ઝીયાદે યઝીદની મરજી વિરૂધ્ધ આ કામ કરેલ હતું. એ બધું યઝીદની ઉમ્મતની બનાવટી વાતો છે.

વળી એ પણુ સાબીત થાય છે કે, અગરજો ઇમામ હુસયન અ૦ બયઅત નહિ કરીને મક્કામાં ખાનએ ખુદામાં રહેતે અથવા મદીનાથી બાહેર નીકળતે નહિ તો પણ યઝીદે પલીદ જરૂર ઇમામને શહીદ કરાવતે. કેમકે, મુસરીફે જેવી રીતે મદીનામાં ખુનરેઝી કરી હરમે રસુલની બેહુરમતી કરી તેવીજ રીતે મક્કા આવી ખાનએ ખુદાની બેહુરમતી કરી અને જ્યાં આગળ મચ્છરને મારવાની રજા નહિ હતી એજ સ્થળે હઝારો મુસલમાનોને રેહેંસી નાખતે.

લખે છે કે, જ્યારે મુસરીફે પલીદ મદીનાના ઝબેહ થઇ ગયલા મુસલમાનોની લાશ આગળથી પસાર થયો ત્યારે કેહતો હતો કે, અગરજો આ નેક અમલ મારા કને હોવા છતાં હું, તે મલઉન દોઝખમાં જાએ તો તેના જેવો કોઇ કમનસીબ નહિ ગણાય. એટલે કે આ ખુનેરેઝીને નેક અમલ અને બેહીશત મેળવવાનું સાધન સમજતો હતો. ખુદાની અપાર લાનતો તેના ઉપર અને તેના બાદશાહ યઝીદ ઉપર.

યઝીદ પલીદનો અંત તારીખે હબીબીસ્સીયર તારીખુલ ખુલફ વી..માં લખે છે કે, એક રાતના હંમેશના ધોરણુ મુજબ યઝીદે પલીદ હદ ઉપરાંત શરાબ પીધેલ હોવાથી મસ્તીમાં આવી ખુબ નાચવા લાગ્યો અને એજ મદહોશીની હાલતમાં ઘરના કોઠા ઉપર ગયો અને ત્યાંથી નીચે પડતાં તેની ખોપરી ભાંગી ગઇ. અઝાબે ખુદા નાઝીલ થતાં ત્યાંને ત્યાંજ જાન આપી વાસેલુન્નાર થયો.

યઝીદે પલીદ તા૦ ૧૫ મી રબીઉલઅવ્વલ સને ૬૪ હીજરીમાં જહન્નમ વાસલ થયો.

પ્રકરણુ પાંચમું.

ઇમામે હુસયન અ૦ સલાહકારોની મનાઇ છતાં શા માટે કુફા તરફ ગયા, અને તે સલાહકારોની ખરી હકીકત.

અમો અન્ય સ્થળે ખુલાસાવાર જણાવી ગયા છીએ કે, ઇમામ હુસયન અ૦ને યઝીદના ઝુલમ અને દબાણુથી મદીનાથી મક્કએ મુઅઝમાં ખાનએ ખુદાનો આશરો લેવો પડયો હતો. મકકેથી ખાનએ ખુદાનો આશરો તજી સલાહકારોની મનાઇ છતાં શા માટે કુફે ગયા, એ પ્રત્યે શંકા ઉત્પન્ન કરવામાં આવે છે. આવી શંકાઓ એહલેબયતે રસુલની બુઝરગીથી નાવાકેફ, અને ઇસ્લામી ઇતિહાસથી તદન અજાણુ માણુસોજ કરતા રહ્યા છે. તેઓને ખબર હશે કે, પયગંબર સ૦ પોતાની ઉમ્મતની હિદાયત માટે બે ભારે વસ્તુઓ મૂકી ગયા, અને તેઓને મક્કમપણે વળગી તાબેદારી કરવાનો હુકમ આપી ગયા. છતાં પવિત્ર ઇમામ અલયહીસ્સલામનાં કાર્યો ઉપર નુકતેચીની કરી, જેમ ફાવે તેમ બકતા ફરે છે. વળી એવા લોકો એમ પણુ કહે છે કે, હઝરતે જાણી જોઇને મુશકેલી અને દુઃખને પોતા ઉપર વહોરી લીધાં છે.

ઇમામ હુસયન અ૦મે સલાહકારોની વાત માન્ય નહિ રાખતાં શા માટે જાણી જોઇને પોતાને હલાકતમાં નાંખ્યા તેનો ખુલાસો લખ્યા પહેલાં અમારે જણાવવું જોઇએ કે, ઇમામને ખબર હતી કે યઝીદ જેવા સ્વતંત્ર બાદશાહની સામે થઇ બયઅતનો ઇન્કાર કરનારના કેવા હાલ થશે, અને તેઓ પોતાની સ્થિતિ અને દુશમનોની સત્તાથી બીલકુલ અજાણુ ન હતા. વળી ઇમામ હુસયન અ૦ એક સાધારણુ કાબેલીયતના માણુસ ન હતા, કે તેઓ શું કરી રહ્યા છે, તે સમજ્યા વગર મદીનાથી

નીકળી ખાનએ ખુદા તજી કુફા તરફ રવાના થઇ દુશમનોમાં ઘેરાઇ ગયા અને છેવટે શહીદ થયા. બલ્કે સર્વ પ્રકારે ઉંડો વિચાર કરી ખુદા વ રસુલના હુકમ અનુસાર કરબલાએ મોઅલ્લાની સફર અખ્ત્યાર કરી.

હઝરતે શરૂઆતથી ખુદાની ખુશી માટે તેના હુકમો ઉપર પુરેપુરો અમલ કર્યો છે, અને તે કામ એવી રીતે બજાવી લાવ્યા કે કોઇ પણ માણુસની તાકત નથી કે, એવી રીતે વરતી શકે. હવે ઇમામ હુસયનના સલાહકારો કોણ હતા અને કેવી સલાહ આપી હતી, અને તેઓને શું જવાબ આપવામાં આવ્યો, તેનું વર્ણન કરવા પહેલાં ટુંકમાં ઇતિહાસ ઉપર નજર કરીશું.

યઝીદ જ્યારે સને ૬૦ હીજરીમાં ખલીફો થયો ત્યારે તેણે મદીનાના હાકમને ફરમાન મોકલ્યું કે, હુસયન ઇબ્ને અલીથી મારી બયઅત લો, અને જો ઇનકાર કરે તો તેમનું માથું કાપીને મને મોકલી આપો. ઇતિહાસ વાંચનારાઓથી છાનું નથી કે હ૦ અલી અ૦ અને ઇમામ હસન અ૦ની વફાત પછી મોઆવીયા સઘળા ઇસ્લામી મુલકોનો સ્વતંત્ર બાદશાહ બની બેઠો હતો. તેના મરણ વખતે તેની સલતનતનો વિસ્તાર બુખારાથી કેરવાન સૂધી, યમનથી ઇસ્તંબુલ, હેજાઝ, શામ, મીસર, અલજીરીયા, એરાક, જઝીરા, આરમીનીઆ, આઝરબાઇજાન, રૂમ, ફારસ, ખુરાસાન સીસ્તાન, કાબુલ ઇલાકાની તલક, ગીઝની અને ગોર સૂધી લંબાયલો હતો. મોઆવીયા પછી આ સઘળાં દેશો ઉપર યઝીદની સ્વતંત્ર હુકુમત ચાલુ થઇ, તેના નામનો ખુત્બો અને તેના નામનો સિકકો આ સઘળા દેશોમાં જારી થયો હતો. આખું લશકર કુલ્લ ખજાનો તેના હાથમાં, અને કુલ્લે દેશોના હાકેમો, ગવર્નરો તેની સત્તામાં હતા. આવી સ્થિતિમાં યઝીદની બયઅતનો ઇનકાર કરનારના શા હાલ થાય અને એવા માણુસની જાન માલની સલામતી કેટલી હદ સૂધી હોઇ શકે એ સેહજે તેમ સાધારણ માણુસ પણ સમજી શકે.

આવા બાદશાહનું ફરમાન મદીનામાં આવતાં ઇમામને ખાત્રી થઇ ગઇ હતી કે, જો તેઓ બયઅતનો ઇનકાર કરી મદીનામાં વધુવાર રોકાશે, તો મદીનામાં તેમના માટે તેમજ મદીનાના લોકો માટે સલામતી નથી; અને તે પવિત્ર શહેર લડાઇના મેદાનમાં ફેરવાઇ જશે. એ પવિત્ર શહેર માટે પયગંબરનું ફરમાન હતું કે જે કોઇ મદીનાના લોકોને ડરાવશે તેને ખુદાવંદે કહેંહાર કયામતના દહાડે પોતાના અઝાબથી ડરાવશે. એવું ખુલ્લું ફરમાન હોવા છતાં ઇમામને ખાત્રી હતી કે યઝીદ અને તેના સેવકો પયગંબરની હદીસ અગર પયગંબરના પવિત્ર શહેરની હુરમતની પરવા કર્યા વગર જરૂર લડાઇ કરશે, તેથી તે પવિત્ર સ્થળની હુરમત સાચવવા ખાતર અને પોતાનો બચાવ કરવા માટે સલામતીભરેલી જગ્યા સમજી મક્કએ મોઅઝ્ઝમા તરફ હીજરત કરી.

મક્કા એવી પવિત્ર જગ્યા છે કે, શરીઅતના હુકમથી ત્યાં કીડી, જુ, કે ચાંચડ મારવાનો પણ હુકમ નથી અને તેથી આવા ધાર્મિક સ્થળમાં યઝીદના શરથી સલામત રહેશે એવું માનીને હઝરતે પોતાનાં બાળબચ્ચાંઓ સાથે મદીનાથી મક્કા તરફ નિર્ભયતા મેળવવા માટેજ હીજરત કરી. આથી ચોખ્ખી રીતે સાબીત થાય છે કે, હઝરતે માત્ર પોતાની અને પોતાના કુટુંબીઓની જાન બચાવવા ખાતર ધાસ્તીવાળી જગ્યાથી નીકળીને સલામતીભરેલાં ઠેકાણાંનો આશરો લીધો હતો અને તેમ કરતાં કોઇ પણ પ્રકારની લડાઇ કરવાનો તેમનો ઇરાદો ન હતો, એ ચોખ્ખું દીઠામાં આવે છે. જેથી ઇમામ ઉપરનો આક્ષેપ "કે હઝરતે પોતાના હાથે પોતાનો નાશ કર્યો, અને ધાસ્તીવાળી જગ્યા તરફ ગયા" એ બીનપાયાદાર સાબીત થાય છે. હઝરત ચાર માસ મક્કામાં રહ્યા અને હજનો વખત આવી પહોંચ્યો, જ્યારે હજારો મુસલમાનો દૂરદેશાવરોથી હજ પઢવા માટે મક્કામાં આવતા હતા ત્યારે હજના અમલ બજાવી લાવવાનું મૂકી તે સલામતીવાળી જગ્યા તજી હઝરત ઇમામ હુસેન અ૦ શા માટે કુફા તરફ ગયા તે વિચારવા જેવી બાબત છે.

હઝરતને હજના ટાંકાણા ઉપર ખબર મળી કે યઝીદના અમુક માણસો શામથી હાજીઓના વેશમાં મક્કા આવ્યા છે, અને તેઓનો ઇરાદો છે કે હઝરતને ખાનએ કઅબામાં પકડવા અથવા મારી નાખવા. આપે, તેથી વિચાર કર્યો કે, મક્કાએ મોઅઝ્ઝમા હવે આશરો લેવાનું સ્થળ રહ્યું નથી. જો આ પવિત્ર હરમમાં મારી બેહુરમતી અગર ખુનરેજી થઇ, તો ખાનએ કઅબાની (ખુદાના ઘરની) મ્હોટી બેઇઝ્ઝતી થશે; તેથી હજના અઅમાલ તજી તેમને મક્કાથી બાહેર જવાની ફરજ પડી.

હવે મક્કાથી કયાં જવું તેમના માટે સલામતીભરેલું હતું; અને શા માટે કુફામાં જવાનું પસંદ કર્યું, તે હવે પછીના ખુલાસાથી જણાશે. હઝરત ચાર માસ મક્કામાં રહ્યા, તે દરમ્યાન કુફાવાળાઓને ખબર પડવાથી તેઓએ ઇમામને સંખ્યાબંધ કાગળો લખી કુફા તરફ આવવાને આગ્રહપૂર્વક અરજ કરી હતી. તે કાગળોમાં કુફાવાળાઓએ શું લખ્યું હતું, અને ઇમામ પાસેથી હિદાયતની માંગણી કેવી ઢપગાં કરી હતી, તે સમજાવવા માટે એક કાગળની ઇબારતનો તરજુમો આપીએ છીએ.

કુફાવાળાઓનો કાગળ.

અલ્લામાં અબુ ઇસહાક અસફરાઇની કીતાબ નુરૂલઅયન ફીમશહદલ હુસયનમાં લખે છે કે, "એક દિવસે (મક્કામાં) ઇમામ હુસયન અ૦ પોતાના ઘરમાં બેઠા હતા કે કુફાથી એક કાશીદે આવી ઇમામને એક કાગળ આપ્યો" આપે તે કાગળ તેની પાસેથી લઇ વાંચ્યો, જેની વિગત નીચે મુજબ હતી:—

"યા ઇમામ હુસયન, અય પયગંબરના નવાસા, આપ સારી પેઠે જાણતા હશો કે, યઝીદ ઇબ્ને મોઆવીયાએ ઝુલ્મ, બગુનાહોને કત્લ, ને લોકોના માલને લુંટી લેવાનું શરૂ કર્યું છે. અને ચારે તરફ હરેક પ્રકારના અત્યાચારો થતા રહ્યા છે. ખુદા અને તેના રસુલના ફરમાનોનું ઉલંઘન કરી, શરીઅતથી ઉલટું પોતાની મરજી મુજબનું વર્તન તે મલઉન ચલાવી

રહ્યો છે. તે સારી બાબતોથી છેટે રહે છે. શરાબ પીને સદા મસ્ત રહે છે, ખુદાથી તે જરા પણ ડરતો નથી, અને ચોમેર અંધકાર ફેલાવી રહ્યો છે.

યા અબા અબદીલ્લાહ, આથી અગાઉ અમો એક હજારથી વધુ કાગળો આપને લખી ચુકયા છીએ. અમો આપને અત્રે પધારવા માટે અરજ કરીએ છીએ. તમે અત્રે પધારશો તો યઝીદના મુકાબલા માટે આપની મદદ કરવા અમે તય્યાર છીએ. આપને આપના બાપ અને નાનાથી મળેલ ખીલાફતનો હક પાછો મેળવો. કેમકે ખીલાફતનાં ખરા હકદાર આપના વાલીદ, અને આપ છો; નહિ કે યઝીદ અને તેનો બાપ. યા મવલા, અમો તમોને આપના નાના રસુલે ખુદાનો વાસ્તો આપીએ છીએ કે, આપ જલદી તશરીફ લાવો. અગર જો આપ નહિ આવો કે ઢીલ કરી અમારી અરજ નહિ સ્વિકારશો, તો કયામતના દહાડે અમો આપના જદ્દે બુઝરગવાર કને આપના બારામાં જરૂર ફરયાદ કરશું; અને ખુદાની દરગાહમાં અરજ કરીશું કે, અય પરવરદીગારા, ઇમામ હુસયન અ૦મે અમારા ઉપર ઝુલમ કરેલ છે; અને યઝીદના ઝુલમથી છોડાવવા માટે અમારી ખબર નહિ લીધી, તેમજ અમોએ દીનના રક્ષણ માટે તેડાવ્યા પણ તેઓ આવ્યા નહિ. અય મવલા, તે વખતે તમો ખુદાને શું જવાબ આપશો ? અને ખુદા તરફની ફરજથી કેવી રીતે મુક્ત થશો ?" હઝરતે કાગળ પુરો વાંચ્યો ત્યારે ખુદાના ખૌફથી તેમના શરીરમાં કંપારી છુટી.

આ કાગળ વાંચી સહેલાઇથી સમજી શકાશે કે, ઇમામ હુસયન અ૦ મક્કેએ મોઅઝ્ઝમાંથી નીકળી કઇ દીશા તેમના માટે ખુલ્લી હતી. તેથી આ કાગળથી હઝરતે નક્કી કર્યું કે કુફાનો રસ્તોજ તેમના માટે બેહતર હતો, જ્યાંના લોકોએ તેમને ઘણો આગ્રહ કરી હિદાયત માટે તેડાવ્યા હતા, અને તેમની ત્યાં હાજરી માટે તેઓ બહુજ આતુર થઇ રહ્યા હતા. પણ આપને કુફીઓ ઉપર પુરો ભરોસો ન હોવાથી, પ્રથમ પોતાના પિત્રાઇ ભાઇ હ૦ મુસલીમને એલચી તરીકે કાગળ

આપી કુફા તરફ રવાના કર્યાં, અને જ્યારે તેમના તરફથી બોલાવવાનો કાગળ મળ્યો કે કુફા માટે રવાના થયા.

ઉપલા સંજોગો જોતાં દરેક ઇન્સાફી માણસ એમજ કહેશે કે, હઝરતને મક્કએ મોઅઝ્ઝમામાં સલામતી ન જણાવાથી કુફાવાળોઓના હજારો કાગળો મળ્યા કેડે, તે દિશા તરફ રવાના થયા હતા. મદીના અને મક્કએ મોઅઝ્ઝમા ઇમામ માટે હવે સલામતીવાળાં સ્થળો નહોતાં. કુફા, કે-જ્યાં ચાલીસ હજાર મુસલમાનોએ તેમના એલચી હ૦ મુસલીમ અલયહીસ્સલામની બયઅત કરી ચુકયાના સમાચાર તેમને મળી ગયા હતા, જેથી આપે તે તરફ વળણુ કર્યું.

હઝરત કુફાની સફર કરતાં કરતાં, ઇરાકની સરહદમાં પહોંચ્યા ત્યાં તેમને હુરના લશ્કરની સાથે ભેટો થયો, જેને ઇબ્ને ઝીયાદ મલઉને રસ્તો રોકવા મોકલ્યો હતો. (હુરની સાથે થયલી ગુફતુગુનું વર્ણન લંબાણુ થવાની બીકે અત્રે લખતા નથી) કુફાવાળાઓએ હ૦ મુસ્લીમ સાથે બેવફાઇ કરી, તથા હ૦ મુસ્લીમ શહીદ થયા; તેથી કુફા જવાનું માંડી વાળી, હઝરતે કરબલાનો રસ્તો લીધો. અને હુરનું લશકર પણુ આપની સાથેજ હતું; છેવટે આપને કરબલા પાસે મુસાફરી ખતમ કરવી પડી. અફસોસ! કુલ વસ્તીથી બાહેર એક બળતા રણુમાં પણુ ઇમામને અમાન ન મળી. ત્યાં પણુ યઝીદનું લશકર પહોંચ્યું, અને ઇમામને ઘેરી લીધા, જ્યાંથી બીજી જગોએ જવાનો રસ્તો તેમના માટે બાકી રહ્યો નહિ.

મદીના કે મક્કએ મોઅઝ્ઝમામાં તો ઉપર વાંચી ગયા તેમ આપના માટે સલામતી ન્હોતી, અને કુફામાં પણુ ત્યાંના લોકોની બેવફાઇથી આપના માટે ધાસ્તી હતી. આવા સંજોગોમાં કરબલાના રણુ શિવાય પયગંબરના નવાસા માટે કઇ જગો સલામતીવાળી હોઇ શકે?

ઇમામ હુસયન અ૦ વારંવાર ફરમાવતા હતા કે, "મારા નાના રસુલે ખુદા સ૦એ મને સ્વપ્નામાં ફરમાવ્યું છે કે, કરબલા તરફ જાઓ, અને હું જોઇ રહ્યો છું કે, દુશ્મનોએ

તમને ત્યાં ઘેરી લીધા છે, અને તમોને તમારા લોહીમાં તરબોળ કરીને, તે બળતા રણમાં ભૂખ્યા અને તરસ્યા શહીદ કર્યા છે." તેથી જે કોઇ આપને કુફા તરફ નહિ જવાની સલાહ આપતો હતો, તેને ખુલ્લી રીતે ફરમાવતા હતા કે, જો હું કીડીના દરમાં પણ છુપો રહું તોપણ ત્યાંથી મને બાહેર લાવી મારા દુશ્મનો મને શહીદ કરશે.

જો હઝરત કુફા તરફ ન જતાં મદીનામાં રહીને યઝીદની બયઅત માટે ઇનકાર કરતે, તો જેવી રીતે મક્કામાં યઝીદે અમુક માણસોને (લગભગ ત્રીસ શામીઓને) હાજીઓના લીબાસમાં મોકલી ઇમામને પકડવા કે મારી નાખવાનો હુકમ આપ્યો હતો, એજ મુજબ મદીનામાં આપને પકડી લેવા, અગર મારી નાખવા માટે માણસ મોકલતે. અને મદીનાના હાકીમને તે માટે ફરમાન મળી ચુકયું હતું, તેથી પરિણામ એ આવતે કેઃ—

(૧) ઇમામ પોતાના ઘરમાં ગફલતીમાં શહીદ થતે, અને તેમની સાથે મદીનાના લોકો પણ આફતમાં પડતે. તેથી તેમની શાહદતે આજે દુન્યામાં જે મહત્વતાનું રૂપ લીધું છે, તેવું કંઇએ થતે નહિ અને યઝીદે મલઉન પોતાના ઇરાદામાં સંપૂર્ણ રીતે ફાવી જતે. તે સાથે દુન્યાદારો માટે યઝીદનું કુફ્ર જોઇએ તે મુજબ સાબીત ન થતાં, દુન્યાની સપાટી ઉપર મઝહબે ઇસ્લામનું નામ પણ બાકી રહેવા ન પામતે.

ઇમામે હુસયન અ૦મે યઝીદના ઝુલ્મોને જેવી રીતે છડેચોક ઝાહેર કરી આપી, દીને ઇસ્લામને કીયામત સૂધી રવશન રાખવા માટે દુરઅંદેશી વાપરી મદીનામાં રહેવું પસંદ ન કર્યું, એજ પ્રમાણે મસલેહતના સબબથી મક્કએ મોઅઝ્ઝમામાં રહી શકયા નહિ. અગર જો ઇમામ મદીના અથવા મક્કામાં શહીદ થતે, તો પ્રથમ ઉપર જણાવ્યા મુજબ યઝીદની નાલાયકી અને બદચલણ, તેમજ છેલ્લા દરજાનું કુફ્ર કોઇ કાળે ઝાહેર થતે નહિ. તે ઉપરાંત ઇમામ ઉપર મક્કા અને મદીનાની હુરમત નહિ જાળવવા માટે, અને એ

પવિત્ર સ્થળોમાં લડાઇ કરવાનો આક્ષેપ રહેતે. એટલુંજ નહિ પણ મઝલુમી, શુજાઅત, સબ્ર, વીગેરે અનેક ખુબીઓ, જે કરબલામાં આપે ઝાહેર કરી દેખાડી આપી, તેમાંની કોઇ બાબત ઝાહેર કરવાનો મૌકો મળત નહિ.

(૨) અગર એ પવિત્ર સ્થળોમાં આપ ગફલતીમાં એકાએક શહીદ થતે, તો તે ઝમાનાના મુસલમાનોને કહેવાને મૌકો મળતે, કે ઇમામમાં પોતાની ફરજ બજાવવાની લાયકાત ન હતી, તેમજ તેમનામાં તેમના પિતાનું શૌર્ય જેવું કાંઇ ન હતું. વળી એ પણ કહેવાનો તેઓને મૌકો મળતે કે, ઇમામની શહાદત અગાઉ અમોને કોઇ પ્રકારની ખબર ન હતી; નહિ તો અમે જરૂર ઇમામની વખતસર મદદ કરી, તેમનો બચાવ કરતે. હઝરત એ સઘળી બાબતોથી અજાણ ન હતા, તેથી તે વખતના ઇરાક અને હીજાઝના બધા મુસલમાનો ઉપર પોતાની હુજત તમામ કરવા, તેમજ યઝીદનો હક ખીલાફત ઉપર ન હોવાનું સાબીત કરવા માટે, મક્કામાં ચાર માસ રહ્યા, તેથી હજની મોસમ ઉપર આવેલા લાખો મુસલમાનોને જાણ થઇ ચુકી હતી કે, યઝીદના ઝુલમથી ઇમામને પોતાનું વતન તજવું પડયું, અને હવે તેઓ મક્કામાં પણ રહી શકતા નથી. વળી મક્કામાં હઝરતે મુસલમાનોને ભેગા કરી લંબાણથી ખુત્બો પઢી ખરી સ્થિતિનુ તેઓને ભાન કરાવ્યું હતું. અને ખુદા તેમજ રસુલના હુકમથી પોતાનો હક જાહેર કરી, ખુલ્લી રીતે તેઓને સમજાવ્યું હતું કે, યઝીદ જેવો બેદીન કોઇ કાળે મુસલમાનોનો બાદશાહ અગર ખલીફો થઇ શકે નહિ. અને તેઓને પોતાની મદદ માટે બોલાવ્યા, પણ તે મુસલમાનો પોતાના પયગંબરના નવાસા અને ઇમામના હુકમને તાબે થઇ, દીન પ્રત્યેની ફરજ અદા કરી શકયા નહિ.

(૩) ઇમામ હુસયન અ૦ની શહાદત ચુપકીદી વચ્ચે મક્કા અગર મદીનામાં થતે, તો તેમના જાનશીન અને

ઇમામતના વારસ (ચોથા ઇમામ) હ૦ ઝયનુલ-આબેદીન અ૦ પણ શહીદ થઇ જતે. અને તે પછીના દરેક ઇમામને એટલુંજ નહિ પણ દરેક મુસલમાનને મારી નાખવાનું કામ યઝીદ અને તેના વારસો માટે સહેલું થતે.

એ સિવાય બીજી અનેક મસલેહતો ઇમામના કુફા તરફ જવામાં હતી જે લંબાણ થવાના કારણે અત્રે લખવા મૂકી આપીએ છીએ, પરંતુ ઇમામને સલાહ આપનાર મુખ્ય ચાર પાંચ માણસોની હકીકત લખીયે છીએ, જેથી જણાશે કે તે સલાહકારો કેવા પ્રકારના હતા, અને તેઓની સલાહ મુજબ વર્તવાને ઇમામ માટે કેટલું અશક્ય હતું.

અબ્દલ્લા ઇબ્ને ઝુબયર (પહેલા ખલીફાના દોહિત્ર).

હઝરતના સલાહકારો, અને મુસાફરીએ જતા રોકનારાઓ-માંથી એક અબદલા ઝુબેર પણ હતો. જો કે તેથી અગાઉ બીજાઓએ પણ હઝરતને મદીનાથી બાહેર નહિ જવાની સલાહ આપી હતી પણ અબદલા ઝુબેરનું વર્ણન સૌથી પહેલે લખવાનો મૂળ હેતુ આ વિષયને લંબાણથી ખુલાસાવાર લખી મદીના અને મક્કામાં હઝરતની સ્થિતિ કેવા પ્રકારની હતી તે સમજાવવાનો છે.

મદીનામાં એકી વેળા હઝરત અને અબદલા ઝુબેર પાસેથી બયઅતની માગણી યઝીદ તરફથી થઇ હતી, અને તેઓએ બયઅત કરવાને ઇનકાર કરી મદીનાથી મક્કા મુઅઝ્ઝમાનો આશરો લેવા નીકળ્યા હતા. અહીં અમો ઇમામ અને ગયરે ઇમામ, તથા ખુદાના હુકમ મુજબ વર્તન કરી, દીને ખુદાના બચાવ અર્થે પોતાની પ્યારી જાન ખુદાના રસ્તામાં અર્પણ કરનાર ઇમામ, અને એક દુન્યાદાર મતલબી માણસ વચ્ચેનો તફાવત દેખાડવા માંગીએ છીયે. જેથી ઇમામ હુસયન અ૦ સલાહકારોની મનાઇ છતાં શા માટે મદીનાથી રવાના થયા એ વિષય પણ વધુ સ્પષ્ટ થશે.

બયઅત લેવા સંબંધી યઝીદનો કાગળ મદીનાના ગવર્નરને મળતાં તેણે એકજ વખતે ઇમામ હુસયન અ૦, અને અબદલા ઇબ્ને ઝુબેરને તેડાવ્યા હતા. તે વખતે તેઓ બન્ને મદીનાની મસજીદમાં હતા, અને તેઓએ કાસીદને સાંજના વખતે વલીદની મુલાકાત લેવા માટે કહેવરાવ્યું. કાસીદના ચાલ્યા જવા કેડે ઇબ્ને ઝુબયરે હઝરતને પુછયું કે, વલીદ આપણને શા માટે બોલાવતો હશે? હઝરતે ફરમાવ્યું કે, મોઆવીયા મર્ણ પામ્યો છે અને વલીદને આપણી બયઅત લેવા સંબંધી કાગળ યઝીદ તરફથી મળ્યો છે, અને બયઅત લેવા માટે બોલાવે છે. તેણે અરજ કરી કે, હવે આપનો શો ઇરાદો છે? આપે ફરમાવ્યું કે હું વલીદ આગળ જઇશ, અને જે ખુદાને મંજુર હશે તે થશે.

તે પછી હઝરત સૂર્ય અસ્ત પામ્યા કેડે વલીદને મળવા ગયા, અને વલીદે આપને માનથી બેસાડી યઝીદના કાગળની વિગત કહી સંભળાવી. આપે ફરમાવ્યું, "અય વલીદ! હાલ રાતનો સમય છે અને મારા જેવાની બયઅત આવા એકાંતમાં લેવાથી તને સંતોષ નહિ થાય, માટે આવતી કાલે જોઇ લેશું, અને જે થવાનું હશે તે થઇ રહેશે." વલીદે અરજ કરી કે, આપનું કહેવું સત્ય છે, માટે ભલે ખુશીની સાથે આપ તશરીફ લઇ જાઓ. તે વખતે મરવાન બેઠો હતો. તેણે વલીદને કહ્યું કે, ફરીવાર કદી પણ આ તક મહિ મળે માટે હઝરતને જવા નહિ આપતાં આજ વખતે બયઅત લઇ લ્યો, અને કબૂલ ન કરે તો યઝીદના ફરમાનુસાર માથું જુદું કરી નાખો. આ સાંભળી બની હાશમના સરદાર, હઝરતને જોશ ઉત્પન્ન થયો; અને મરવાનને કહ્યું, "ઓ નાલાયક! તારા જેવો કમીનો મારી રૂબરૂમાંજ આવા શબ્દો ઉચ્ચારવાની હિમત કરે? તારી શી મજાલ, કે મારા એક વાળને પણ વાંકો કરી શકે. તું જુઠો છે, હું કદી પણ યઝીદ જેવા ફાજીર, ફાસીકની બયઅત કરીશ નહિ;" એટલું ફરમાવી આપ બાહેર ચાલતા થયા.

ઉપર મુજબ હઝરતે આપેલ વચન પુરૂં કરી વલીદની મુલાકાત લીધી, અને બીજે દિવસે સવારે ખુલ્લી રીતે પોતાના

સગાસ્નેહિઓ અને બાળબચ્ચાં સહીત પુરદમામથી મદીનાથી રવાના થયા. જ્યારે અબદલા ઇબ્ને ઝુબૈર, વચન ભંગ કરી રાતોરાત એકલો મક્કા તરફ નાશી ગયો. તેથી સાબીત થાય છે કે, ખુદાની હુજ્જત ઇમામ કદી પણ ખોટું બોલી વચન ભંગ કરતા નથી.

તારીખે કામીલ ઇબ્ને અસીરમાં લખે છે કે, જ્યારે યઝીદને ઇમામ હુસયન અ૦ તથા અબદલા ઇબ્ને ઝુબૈરના બયઅત કર્યા વિના મક્કા તરફ ચાલ્યા જવાના સમાચાર મળ્યા, ત્યારે મદીનાના ગવર્નર વલીદને ખસેડી તેની જગોએ ઉમરૂ ઇબ્ને સઇદ અશદકની નેમણુંક કરી. ઉમરૂ ઇબ્ને સઇદ મદીનામાં આવી (અબદલા ઇબ્ને ઝુબૈરના ભાઇ) ઉમરૂ ઇબ્ને ઝુબૈરને મદીનાના કોટવાલની પદ્વિ આપી. કેમકે તે બન્ને ભાઇઓ વચ્ચે લાંબા સમયથી દુશમની ચાલુ હતી.

પ્રથમ કોટવાલે મદીનામાં પોતાના સગા ભાઇ મનઝર ઇબ્ને ઝુબૈર, અને તેના છોકરા મહુમદ ઇબ્ને મનઝર, અને અબદરરહુમાન બીન અસવદ વી. અમુક માણુસોને, તેઓ અબદલા ઝુબૈરના ચાહકો છે, એવા બહાનાથી પકડીને દરેકને સાઠ સાઠ કોરડા લગાવ્યા. આ બનાવથી સહજ સમજી શકાશે કે, યઝીદ તરફથી મદીનામાં ઉમરૂ ઇબ્ને સઇદ ગવર્નર થઇને આવ્યો તે પછી કેવા પ્રકારના સીતમો અને અત્યાચારોની હારમાળા શરૂ થઇ. જો ઇમામ હુસયન અ૦ તે વખતે મદીનામાં હતે, તો તેમના પણ મઆઝલ્લા એવાજ હાલ થતે અને તેમ નહિ થતાં, મદીનામાં જરૂર ખુનરેઝી ચાલુ થતે. તેથી ઇમામ હુસયન અ૦ અગાઉથી ચેતીને મદીનાની હુરમત સાચવવા ખાતર ત્યાંથી સલામતીવાળી જગ્યા મક્કા સમજી તે તરફ રવાના થયા હતા.

હવે મદીનાના ગવર્નરને મક્કામાં આશરો લીધેલા અબદલા ઇબ્ને ઝુબયરની ચિંતા થઇ, અને તેથી પ્રથમ તેણે પોતાના કોટવાલ (જે અબદલા ઇબ્ને ઝુબૈરનો ભાઇ અને કટ્ટો વેરી હતો) તેની સલાહ લીધી. તેણે તરતજ કહ્યું કે, "અય અમીર આ કામ માટે મારા શિવાય કોઇ પણ બીજાને મોકલશો નહિ,

હું જાતે મક્કા તરફ ફોજ લઇ ચઢાઇ કરીશ, અને (મારા ભાઇ) અબદલા ઝુબેરને સખતમાં સખત સજા કરીશ." અહીં અમારે જણાવવું જોઇએ કે, મદીનાનો ગવર્નર કોટવાલને મક્કા ઉપર ચઢાઇ લઇ જવાનું કહેતો નથી, માત્ર અબદલા ઇબ્ને ઝુબયરના માટે શું કરવું તેના બારામાં તેની સલાહ પુછતાં કોટવાલ પોતે મક્કા ઉપર ચઢાઇ લઇ જવાની સૂચના કરે છે, એજ મુજબ ઇબ્ને ઝીયાદ જે યઝીદનો ગવર્નર જનરલ (વાયસરોય) હતો તેના તરફથી પણ મક્કા ઉપર ચઢાઇ લઇ જવા માટે, અથવા તો અબદલા ઇબ્ને ઝુબયરને પકડીને સજા કરવા, કોઇ પણ પ્રકારના હુકમ મેળવેલ ન હોવા છતાં, મદીનાના ગવર્નરને તેની ચિંતા ઉત્પન્ન થાય છે. જેથી સાબીત થાય છે કે, તેઓ કુલ્લે કહેવાતા સહાબીઓને, મદીના અગર મક્કએ મોઅઝ્ઝમાની હુરમતનો જરાએ ખ્યાલ ન હતો. પરસ્પરનો કીનો કાઢવા માટે ઇસ્લામી ભાઇચારા (Brotherhood) ઇન્નમલ મોઅમીનુન ઇખવતુનનો કશોએ વિચાર કે લાગણી ન હોતી, સૌ દુન્યાપરસ્ત હતા.

મદીનાના ગવર્નરનો હુકમ મળતાં, કોટવાલ લશકર લઇ મદીનાથી રવાના થયો, અને મક્કએ મોઅઝ્ઝમાની હુરમતનો જરા પણ ખ્યાલ રાખ્યા વગર પોતાના સગા ભાઇની સામે લડવા તય્યાર થયો. આ ખબર સાંભળી મરવાન, જે તે વખતે મદીનામાં હતો, મદીનાના વાલી આગળ આવીને સમજાવવા લાગ્યો કે, ખુદાથી ડરો, અને મક્કા ઉપર ચઢાઇ લઇ જઇ તેની બેહુરમતી ન કરો; વળી અબદલા ઇબ્ને ઝુબેરને મેલી આપો, કેમકે તે હવે સાઠ વર્ષનો ઝઇફ છે, અને પયગંબરના માનવંતા સહાબી ઝુબેરનો દીકરો છે, પણ તેના જવાબમાં મદીનાના ગવર્નરે કહ્યું કે, "અમો જરૂર અબદલા ઝુબયરની સામે લડશું અને તે ખાનએ કઅબામાં છુપાયલો હશે તો પણ ત્યાંથી બાહેર લાવી કત્લ કરશું."

અફસોસ! મરવાન મલઉન ઇબ્ને ઝુબેર માટે સીફારીશ કરીને તેને પયગંબરના માનવંતા સહાબીનો દીકરો હોવાને લીધે છોડી મેલવાના માટે આગ્રહ કરે છે, પણ એજ મલઉન

થોડા વખત અગાઉ ઇમામ હુસયન અ૦ જેઓ પયગંબરના નવાસા હતા તેમના બારામાં મદીનાના પહેલા ગવર્નર વલીદને ભારપૂર્વક કહે છે કે, "આ તક હાથમાંથી જતાં ફરી કદી પણ હઝરત હાથમાં આવશે નહિ. માટે બયઅત ન કરે તો અહીંઆજ તેમનું માથું જુદું કર." તેથી સાફ જણાય છે કે તેઓને પયગંબરની એહલેબયતની લેશ માત્ર મોહબ્બત, કે પરવા ન હતી. જેથી એવા સંજોગોમાં હઝરત મદીનામાં કોઇ કાળે સલામત રહી ન શકતે.

કોટવાલ પોતાની ફોજ સહીત મક્કા તરફ રવાના થયો. પ્રથમ અનીસ બીન ઉમર અસલમને, બે હજારની ફોજ આપી આગળ રવાના કર્યો, અને તે ઝીતુવા (મક્કાની સરહદ) આગળ પહોંચ્યો. કોટવાલે તેનાથી દૂર અબતહ આગળ પડાવ નાખી પોતાના ભાઇ અબદલા ઝુબયર કને સંદેશો મોકલી કહેવરાવ્યું કે, યઝીદે સોગંદપૂર્વક હુકમ બાહેર પાડેલ છે કે, જ્યાં સૂધી તમોને કેદ નહિ કરે, ત્યાં સૂધી તમારી બયઅત કબૂલ નહિ કરશે. માટે તમો મારી પાસે ચાલ્યા આવો, અને યઝીદે મોકલેલી ચાંદીની બેડી અને સાંકળ પેહરી લ્યો; તે પછી યઝીદની બયઅત કરી ગમે ત્યાં ચાલ્યા જાઓ.

આ સંદેશાની અબદલા ઝુબેરને મુદલ અસર ન થઇ, અને મક્કાથી પોતાની ફોજ બાહેર લાવી, પ્રથમ અનીસની બે હજારની ટુકડી ઉપર તુટી પડયો, અને અનીસની ફોજને હરાવી કત્લેઆમ ચલાવી, જે થોડા બચવા પામ્યા હતા, તેઓ પીઠ ફેરવી ભાગતા થયા. તે પછી મુસઅબ બીન અબદુરરહમાન, મદીનાથી આવેલા ઉમર ઇબ્ને ઝુબેરને તેની છાવણીમાંથી પકડી, તેના ભાઇ અબદલા ઝુબેર કને લઇ આવ્યો. તેણે પોતાના ભાઇને એટલા કોરડા લગાવ્યા કે ત્યાંને ત્યાંજ પડી મર્ણ પામ્યો.

અબદલા બીન ઝુબેર એટલાજ માટે યઝીદની બયઅત કરવા ઇનકાર કરતો હતો કે, યઝીદ શરાથી વિરૂધ્ધ વર્તન ચલાવનાર ફાસીક અને ફાજીર હતો. જ્યારે તે પોતે મક્કામાં રહી મદીનાની ફોજ સામે લડયો, હઝારોની ખુનરેઝી ચલાવી અને પોતાના સગા ભાઇને ખુબ કોરડા લગાવી મારી નંખાવ્યો,

એ બધું શરાના હુકમો મુજબ હતું કે શરાથી ઉલટું, એ સમજાવવાની કશી જરૂરત નથી. આ બનાવથી સ્પષ્ટ જણાશે કે અબદલા બીન ઝુબેર, ખુદાની ખુશી માટે યઝીદની સામે થયો ન હતો, તેને ખુદાની રજામંદી, પયગંબરના ફરમાન, કે ખાનએ કઅબાની હુરમતની લેશમાત્ર પરવા ન હતી. તે યઝીદને પોતાનો હરીફ સમજતો હતો, અને યઝીદના મુકાબલામાં તે પોતાને ખીલાફતની પદ્વિ માટે વધુ લાયક ધારતો હતો, તેથીજ તેણે યઝીદની વિરૂધ્ધતા દેખાડી હતી, અને મક્કેએ મુઅઝ્ઝમાનો આશરો લઇ તક સાંધતો બેઠો હતો.

જ્યારે ઇમામ હુસયન અ૦મે મદીનાની હુરમત સાચવવા ખાતર અને યઝીદની બદકીરદારી ઝાહેર કરવાની સાથે ખુલ્લી રીતે બયઅતનો ઇનકાર કરી મદીનાથી રવાના થયા હતા, અને માત્ર ખુદાની ખુશી માટે, હક વાત ઝાહેર કરી, મુસલમાનો ઉપર હુજ્જત તમામ કરી મક્કેએ મોઅઝ્ઝમામાં યઝીદના વધુ શરથી બચવા ખાતર રોકાઇ ગયા હતા, પણ જે વખતે આપે જોયું કે અબદલા ઝુબયર અને યઝીદની ફોજ વચ્ચે મક્કામાં લડાઇ થઇ ચુકી, અને તે બેદીનોએ ખાનએ ખુદાની હુરમતનો ખ્યાલ નહિ કર્યો, ત્યારે તેમને ખાત્રી થઇ કે મક્કામાં હવે તેમના માટે વિશેષ સલામતી રહી નથી. એવા સંજોગો વચ્ચે અબદલા ઝુબેર જેવાની સલાહ, હઝરત માટે કોઇ કાળે માન્ય રાખવા લાયક ગણી શકાય નહિ; તેથી તેની સલાહ ઉપર ધ્યાન ન આપતાં કુફા તરફ રવાના થયા.

અબદલા બીન ઝુબયરની બેદીનીનું વર્ણન ઉપર આવી ગયું, તેથી તેને ઇમામના ખરા સલાહકાર ગણવામાં અક્કલથી ઉલટું ગણાશે. તે શિવાય મક્કામાં રોકાઇ જવા માટે બીજાઓએ હઝરતને સલાહ આપી હતી. તેઓ મા'સુમ નહિ હતા, અને તેઓને અંજામની ખબર ન હોવાથી, ઇમામને મક્કામાં રોકાઇ જવા માટે અને મુસલમાનો કનેથી બયઅત લેવા માટેની સલાહ આપતા હતા.

મદીનાની ફોજની સાથે અબદુલા ઝુબયરની લડાઇ થયા પછી હઝરતે મક્કાથી કુફા તરફ જવાનો ઇરાદો ફરમાવ્યો,

કેમકે મક્કામાં હવે તેમના માટે અમાન ન હોતી, અને તે ઉપરાંત હઝરતને મક્કામાં કોઇ પણ ઠેકાણે શહીદ કરવા, અગર કેદ કરવા માટે યઝીદ તરફથી લગભગ ત્રીસ શયતાનો, હાજીઓના લીબાસમાં આવી ચુકયા હતા, અને તેની જાણ આપને થઇ ચુકી હતી તેથી, તેમજ કુફાના લોકોએ હજારો કાગળ લખી આપને તેડાવેલા હોવાથી, હઝરતે મક્કાથી કુફા તરફ જવાનો મક્કમ ઇરાદો ફરમાવ્યો. આઠમી ઝીલહજના મક્કાથી રવાના થયા. તે વખતે, ઇમામને રોકાઇ જવાની સલાહ આપનારાઓમાંથી એક સલાહકાર અબદલા ઇબ્ને ઝુબેર હતો (જેની ડબલ પૉલીસીનું વર્ણન ખુલાસાવાર ઉપર આવી ગયું છે) તેઓ વચ્ચેની ગુફતગુ નીચે આપવામાં આવે છે:—

ઇબ્ને ઝુમયર–આપનો શું ઇરાદો છે?

હઝરત–કુફા તરફ જવા ધારૂં છું, તે બારામાં અમારા શીઆઓને લખી ચુકયો છું, અને ઇસ્તખારો પણ જોઇશ.

ઇબ્ને ઝુબયર–ખરેખર, અગર કુફામાં મારા દોસ્તો, આપના શીઆઓ જેટલા હતે, તો હું પણ કુફા તરફ જવાનો ઇરાદો કરતે. (પછી તેણે ધાર્યું કે કદાચ હઝરત મારા કહેવાનો એ અર્થ ઉઠાવે કે હું મક્કામાં તેમની હાજરીથી અણગમો રાખું છું, જેથી વાતને ફેરવી તેણે કહ્યું) પણ જો તમો મક્કામાં રહીને બયઅત લેવા ધારો, તો અમો કદી પણ આપની મુખાલીફત ન કરીએ, અને દરેક રીતે આપની મદદ કરશું, અને બયઅત પણ કરશું.

હઝરત–મેં મારા પિદરે બુઝરગવારથી આ હદીસ સાંભળી છે કે, મક્કા માટે એક મેંઢો છે, જેના થકી ખાનએ ખુદાની હુરમત બરબાદ થશે. તેથી હું નથી ચાહતો કે તે મેંઢો હુબનું, અને મારા થકી ખાનએ ખુદાની હુરમત બરબાદ થાય,

ઇબ્ને ઝુબયર–આપ અહીં રોકાઇ જાઓ, અને મને તમારા તરફથી બયઅત લેવાનું કામ આપો, હું તમારા વતી એ બધું કામ (ખીલાફત, સરદારીનું) બરાબર પતાવતો રહીશ, અને તમારી નાફરમાની કોઇ પણ કામમાં કરવામાં આવશે નહિ.

નોટ:–અહીંયા ખીલાફત પ્રત્યેની તેની લાલચ ઝાહેર થાય છે.

હઝરત–હું તેમ પણ કરવા નથી ચાહતો.

તે પછી તેઓ વચ્ચે છુપી ગુફતગુ થઇ જે બીજાઓએ સાંભળી નહિ, જે પછી હઝરતે હાજર, રહેલા લોકોને કહ્યું કે, "સાંભળો છો? આ શું કહેવા માંગે છે?" તેઓએ અરજ કરી "ના, અમે નથી જાણતા." હઝરતે ફરમાવ્યું કે, "આ કહે છે, તમો અહીં રહો, હું તમારા માટે માણસો (લડવા માટે) ભેગા કરીશ." તે પછી હઝરતે ફરમાવ્યું "અય લોકો, કસમ બખુદા જો હું મક્કામાં કત્લ થાઉં, તે કરતાં મક્કાની બાહેર એક વેંત પર પણ મને કત્લ કરવામાં આવે, એ મને વધારે પસંદ છે; ખુદાના સોગંદપૂર્વક કહું છું કે, જો હું કીડીના દરમાં પણ છુપાયલો રહીશ, તો પણ એ લોકો (યઝીદીઓ) મને ત્યાંથી પણ બાહેર લાવી પોતાની ધારણા પુરી પાડશે." (મને કત્લ કરી શહીદ કરશે) તે પછી ઇબ્ને ઝુબયર ઉભો થઇ ત્યાંથી ચાલતો થયો. હઝરતે ત્યાર બાદ ફરમાવ્યું કે, "અહીંથી હું ચાલ્યો જાઉં એથી બીજી કોઇ ચીજ એને વધારે રાજી કરી શકશે નહિ." આ શખ્સ એમજ ધારી બેઠો છે કે, જ્યાં સૂધી મક્કામાં મારી હાજરી છે, ત્યાં સૂધી તે કદી પણ પોતાની ધારણામાં ફાવી શકશે નહિ. કેમકે મારી હાજરીમાં લોકોનું વળણુ તેની તરફ થાય, અને મારા કરતાં તેને ખીલાફતનો સઝાવાર ગણે એ તેના

માટે બનવું અશકય છે, તેથી તેની એવી ઇચ્છા છે
કે, હું જેમ બને તેમ જલદી મક્કા છોડી દૂર જાઉં."

આ રહ્યા હઝરતના સલાહકાર, ઝબાનથી તે હઝરતને કુફા તરફ જવાની મનાઇ કરે છે, પણ તેનો ખરો ભેદ હઝરતે જણાવી આપ્યો. એવાજ પ્રકારના બાકીના બીજા સલાહકારો હતા, જેઓનું વર્ણન હવે પછી આવશે.

અબદલા ઝુબૈરના જવાબમાં હઝરતે મક્કાના એક મેંઢાની હદીસ પ્રત્યે ઇશારો કરેલ છે જે આખી હદીસ એહલે સુન્નતની મશહૂર કીતાબ કન્ઝુલ અમાલમાં નીચે મુજબ લખાએલી છે:—

"હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું કે, એક શખ્સ મક્કામાં બંડ ઉઠાવશે અને તેથી ખાનએ ખુદાની બેહુરમતી થશે અને તેનું નામ અબદલ્લાહ હશે. તેના ઉપર દુન્યાની અર્ધ વસ્તીનું અઝાબ થશે (એટલે જહન્નમનો અર્ધ અઝાબ તેના એકલા માટે હશે) અને તેના ગુનાહો બન્ને જહાનના લોકોના (જીન્નાત ઇન્સાન) ગુનાહોથી ભારે હશે—"

આ હદીસ ઘણી મશહૂર હોવાથી, હઝરત મક્કામાં રહી ત્યાં માર્યા જવાનું કોઇ કાળે પસંદ કરી શકે નહિ. જ્યાં સૂધી ખાનએ ખુદાની હુરમત સલામત હતી ત્યાં સૂધી ચાર માસ લગભગ યઝીદના ઝુલમથી બચવા ખાતર રહ્યા, પણ જ્યારે તે નામના મુસલમાનોએ માત્ર રાજ્યપાટના લોભમાં શરાના અહકામોને ઠોકર મારી, ખાનએ ખુદાની બેહુરમતી કરતા ન અચકાણા, ત્યારે ત્યાં વધુવાર રોકાઇ જવાની ગમે તેની સલાહ હઝરતના માટે માન્ય રાખવા લાયક ગણી શકાય નહિ.

યઝીદ તરફથી મદીનાના કોટવાલે અબદલા ઝુબયરને ચાંદીની બેડી, સાંકળ પહેરી જવા માટે સંદેશો મોકલેલ તે

વાંચનારને યાદ હશે. તેની વધુ ખુલાસાવાર હકીકત તારીખે કામીલમાં નીચે મુજબ લખે છે:—

"જ્યારે યઝીદને ઇબ્ને ઝુબયરની અવળાઇ અને મક્કામાં ફોજ એકઠી કરવાના ભરોસાપાત્ર સમાચાર મળ્યા, ત્યારે તેણે ખુદા સાથે અહદ કર્યો કે, ઇબ્ને ઝુબયરને પોતાનો બંદીવાન બનાવશે, તેથી એક ચાંદીની લાંબી સાંકળ તૈયાર કરાવી ઇબ્ને અતા અશઅસ અને સઅદની સાથે મદીનાના ગવર્નર (વાલી) ને મોકલી આપી, અને તે સાથે એક બુરનસ (બલાંકેટ જેવું કપડું અગર લાંબી પગતી ચાદર) આપીને કહેવરાવ્યું કે, ઇબ્ને ઝુબયરને બંદીવાન બનાવી, આ સાંકળમાં જકડી તેના ઉપર બુરનસ ઓઢાડવું, કે જેથી તે સાંકળ લોકોને જોવામાં આવે નહિ. (જેથી લોકોની નજરમાં તે ફજેત થાય નહિ. કેમકે, તે એક સહાબી હતો અને પેહલા ખલીફાનો દોહીત્ર હતો.)

અફસોસ! ઇબ્ને ઝુબયરે જે કાંઇ કર્યું, તેમાંનું એક પણ કામ ઇમામ હુસયન અ૦થી થયું ન હતું. ઇબ્ને ઝુબયરે, યઝીદની ખુલ્લી અવળાઇ કરી હતી. મક્કાના ગવર્નરોની સામે થઇ લોકો કનેથી બયઅત લેતો હતો, અને મદીનાથી આવેલી ફોજ સામે લડી હજારોને મારી ચુકયો હતો. મીંબર ઉપર ખુલ્લી રીતે યઝીદ ઉપર લઅનત કરતો હતો. એટલુંજ નહિ પણ તેના બારામાં યઝીદને તેના બાપ મોઆવીયાની સખત ભલામણ હતી. "અય યઝીદ! જે માણસ સિંહની મીસાલ હુમલો કરશે, અને લોકડીની માફક મક્કરબાજી કરશે, તે ઇબ્ને ઝુબયર છે. ખબરદાર! જો તે તારા હાથે ચઢયો, તો તેના ટુકડે ટુકડા કરી નાખ, અને તારા રાજ્ય અને કોમને (તેના શરથી) સંભાળ." આ ચોખ્ખી ભલામણ છતાં યઝીદે મલઉન તેને જકડી લેવા માટે ચાંદીની સાંકળ મોકલે છે અને સાથે બુરનસ આપી તેને લોકોમાં વધુ ફજેત થતો અટકાવે છે; પણ અફસોસ! હ૦ ઇમામ હુસયન અ૦મે તો ફક્ત મદીનાથી તેની બયઅતનો ઇન્કાર કરી મક્કામાં પનાહ લીધી તેના માટે યઝીદે ત્રીસ શયતાનોને

મોકલ્યા કે ગમે તેવી હાલતમાં હોય, હઝરતને પકડી કેદ કરે, અગર મારી નાંખે. અને છેવટે લાખોની ફોજ મોકલી, કરબલામાં ભૂખ્યા અને તરસ્યા શહીદ કરાવ્યા, અને તેમની એહલેબયતને બંદીવાન બનાવી શામમાં એવી રીતે દાખલ કર્યાં, જેનું વર્ણન યાદ કરી હઝરતના ફરઝંદ (ચોથા ઇમામ) હઝરત ઝયનુલ આબેદીન ચાલીસ વર્ષ સુધી "અશ્શામ, અશ્શામ" કહી રડતા હતા. અફસોસ! હઝરતની એહલેબયતના ન્હાના, મ્હોટા, મરદ, ઓરતોને લોઢાંની સાંકળમાં જકડી ભર કચેરીમાં હાજર કરાવ્યા, અને ઇમામ હુસયનના કપાયલાં માથાંને સોનાની થાળમાં પોતાના તખ્તની સામે રાખી બેઅદબી કરી તે યઝીદ પલીદ ખુશી થતો હતો.

આ એક વિચારવાજોગ બાબત છે કે, તેઓ વચ્ચે એટલો બધો તફાવત શા માટે રાખવામાં આવ્યો હતો? ઇબ્ને ઝુબયરની તકસીરો ઘણી હતી, છતાં તે પયગંબરને એક સહાબી અને માનવંતા સહાબીનો દીકરો, પહેલા ખલીફા સાહેબનો દોહીત્ર હતો એથી વધુ કેવી સીફારીશની જરૂરત હોય? જ્યારે ઇમામ હુસયન માટે એવી કોઇ પણ સીફારીશ દીઠામાં ન આવી (?) કેમકે તેઓ ફક્ત પયગંબરના દોહીત્ર, અને પયગંબરની એકની એક વ્હાલી બેટીના ફરઝંદ હતા; અને ફક્ત ચોથા ખલીફા, પયગંબરના પીત્રાઇ ભાઇ, અને જમાઇના પ્યારા ફરઝંદ હતા; તેથી (મઆઝલ્લાહ) તે નામના મુસલમાનોની નજરમાં ઇબ્ને ઝુબયરથી ચઢયાતા નહિ, પણ ઇબ્ને ઝુબયર જેવા પણ ન હતા.

ઇબ્ને ઝુબયર મક્કામાં બે વખત યઝીદની ફોજ સામે લડયો, અને એક વખત અબદુલમલીક બીન મરવાનના ગવર્નર હુજ્જાજની ફોજ સામે લડયો હતો. હઝારોની ખુનરેઝી થવા ઉપરાંત, એજ ઇબ્ને ઝુબયરની હઠને લીધે, ખાનએ કઅબામાં (ખુદાનું ઘર) સળગી ગયું. હજર અસવદ નામનો પવિત્ર પથ્થર, પડીને તુટયો હતો, અને છેવટે હુજ્જાજની ફોજના હાથથી તે માર્યો ગયો, અને કેટલાક દિવસ સૂધી તેની લાશ ઉંચી લટકાવવામાં આવી. છેવટે યહુદીઓના કબ્રસ્તાનમાં

ફરૂનાવવામાં આવી. એ લંબાણુ હકીકત હોવાથી અહીંયા વિશેષ ખુલાસો કરતા નથી.

ઇબ્ને ઝુબયરની લડાઇ અને કરબલાની જહાદ સાથે કાંઇ સંબંધ નથી. તેની આ દુન્યા મેળવવા માટેની લડાઇ હતી, જ્યારે કરબલાની લડાઇ દીનને, યઝીદના હાથે નાબુદ થતાં બચાવી લેવા માટેની હતી. તે વધુ સમજાવવા ખાતર ઇબ્ને ઝુબયરની છેલ્લી ઘડી અને તેની બુઝદીલી, તેમજ ઇમામ હુસયનની છેલ્લી ઘડી સૂધીની હિંમત અને મક્કમપણાનું ટુંક બ્યાન લખીએ છીયે, જેથી સાબીત થશે કે ખુદાની ખુશી માટે કોણે પોતાની જાન કુરબાન કરી આપી. જેની નજર આગળ ખુદા અને તેની રજામંદી હોય તે સદા મક્કમ રહી, જાનનો ભોગ આપતા અચકાતો નથી, અને દુન્યાની મોહજાળમાં કદી ફસાતો નથી. પણ તેથી ઉલટું જે ડોળઘાલુ હશે, તે કોઇ કાળે મક્કમ રહી શકતોજ નથી, અને દુન્યા હાથથી જતી જોઇ અફસોસ અને હાયવોય કરે છે.

તારીખે કામીલમાં લખે છે કે, "જ્યારે હુજ્જાજની સામે ઇબ્ને ઝુબયરનું લશકર ટકી ન શક્યું, અને જાનની બીકથી તેના સાથીઓ દુશમનની ફોજમાં ભળી ગયા, અને તે એકલો રહી ગયો; તે વખતે ઇબ્ને ઝુબયર, પોતાની મા અસમા (પહેલા ખલીફાની દીકરી) આગળ જઇને કહ્યું, અય અમ્મા-જાન! મારા સાથીઓ મને એકલો મૂકી ચાલ્યા ગયા, અને હવે કોઇ પણ મારી મદદમાં બાકી રહ્યો નથી. આ લોકો (હુજ્જાજ અને અબદુલમલીક વી. તેના દુશમનો) મને તે ચીજ આપવા ત્યાર છે કે જે દુન્યામાં હું મેળવવા ચાહતો હતો (આ ફકરો મનન કરવા લાયક છે તે વાંચનાર જરૂર ધ્યાનમાં રાખશે) તો હવે તમારી શું સલાહ છે? તેની મા અસમાએ કહ્યું, "બેટા, તારા મનની હાલતથી તું પોતે વધુ વાકેફ છે. જો તું સચ્ચાઇ ઉપર હોત, અને હક ઉપર લોકોને બોલાવતો હોત, તો જેવી રીતે તારા સાથીઓ લડીને જાન આપી શહીદ થયા, તે મુજબ તું પણ મક્કમ રહીને શહીદ થઇ પોતાની જાન અર્પણ કર. પણ તેથી ઉલટું જો તેં દુન્યા મેળવવા માટેજ

આ કામ કર્યું છે, તો તું કેવો દુષ્ટ માણુસ છો, કે પોતે હલાક થયો, (દુન્યા આખેરત બન્ને ખોઇ નાંખી) અને બીજાઓને પણ (ખોટે માર્ગે દોરી) હલાક કરી નાંખ્યા. કદાચને તારો એ ઉજર હોય કે અમો હક ઉપર છીયે, પણ અમારા સાથીઓ ફરી ગયા તેથી મદદગારના અભાવે એકલે હાથે લડી શકાય નહિ, તો મર્દ આદમી એ મુજબ નજ કરે. દુન્યામાં જાન બચાવી કેટલો વખત જીવવા પામીશ? એક દિવસે મરવાનું તો લખેલું છે. તેથી બેહતર એજ છે કે પોતાની શુજાઅત દેખાડી, મરદાનગીની સાથે લડીને પોતાની જાન આપવી. તેણે કહ્યું કે મને બીક છે કે, આ લોકો મને મારી નાખી મારી લાશને સુળીએ ચઢાવી, મારા હાથ પગો કાપી નાંખે. તેની માએ કહ્યું, બેટા! બકરીને તેની ખાલ ઉતારતી વેળા કાંઇ જણાતું નથી. (એટલે મર્યા પછી બકરીને ખાલ ઉતરી જવા ટાણે પીડા થતી નથી) એ મુજબ તારે તેની પરવા રાખવી નહિ, કે મરવા પછી તારા શબ સાથે કેવી રીતે વર્તવામાં આવશે. તું તારી સચ્ચાઇ ઉપર મક્કમ રહે અને ખુદા ઉપર ભરોસો રાખી મયદાનમાં ચાલ્યો જા."

ઇબ્ને ઝુબયર ચાલ્યા જવા તય્યાર થયો, અને કહ્યું કે, "મારા ધ્યાનમાં પણ એજ હતું. તે પછી પોતાની માના કપાળ ઉપર બોસો આપ્યો. તે વખતે તેની માએ પોતાના દીકરાને ગળે લગાડી, વિદાય કરતાં તેણીએ જોયું કે, તેના શરીર ઉપર પહેરણ નીચે બખતર પહેરેલું હતું. તેથી તેણીએ કહ્યું, બેટા! શહીદ થવા માટે જનારના આ ઢંગ ન હોય. ઇબ્ને ઝુબયર શરમીંદો થયો અને કહ્યું કે ફક્ત તમારા દિલને સધ્યારો આપવા માટે બખતર પહેરી રાખ્યું હતું. અસમાએ કહ્યું કે, બખતર પહેરવાથી મારા માટે કોઇ પણ જાતનો દિલાસો અગર લાભ જેવું નથી." તે પછી બખતર ઉતારીને મયદાનમાં ગયો અને થોડીવાર લડીને માર્યો ગયો.

અબદલા ઇબ્ને ઝુબયરની છેલ્લી ઘડીની બેચેની ઉપલી હકીકતથી સાફ જણાઇ આવે છે. એટલુંજ નહિ પણ એને આશા હતી કે જો તે હજ્જાજને શરણે પડી, અબદુલમલીકની

બયઅત કરશે, તો જરૂર કોઇને કોઇ દેશની હુકુમત મેળવવા પામશે; તેથી આવો સવાલ તેની મા આગળ લાવવાને તેને સુજ્યું, પણ તેની માએ કરેલ ટકોરના લીધે તે લાચાર થયો. અહીં ખુલ્લી રીતે જણાઇ આવે છે કે, ઇબ્ને ઝુબયરની આ સઘળી કોશીશ માત્ર રાજ્યપાટ મેળવવાના લોભ માટેજ હતી. યઝીદની બેઇમાની કે મુસલમાનોની તબાહીની સાથે દીનની બરબાદીનો તેને મુદલ ખ્યાલ ન હતો. તે પણ યઝીદના જેવો દુન્યાદાર ઝાલીમ યઝીદનો પીત્રાઇ ભાઇ હતો.

હવે આપણે હઝરત ઇમામ હુસયન અ૦ની છેલ્લી ઘડી સૂધીની હિંમત ઉપર નજર કરીએ, જેમના માટે યઝીદના ગુલામોનો એ આક્ષેપ છે કે તેઓ માત્ર ખીલાફત મેળવવા માટે યઝીદની સામે થયા, અને કરબલામાં ઘેરાઇ ગયા અને લાચાર થઇ શહીદ થયા.

કીતાબ બહારૂલ અનવારમાં લખે છે કે, "જ્યારે શીમ્રે મલઉન હઝરતના પવિત્ર સીના (છાતી) ઉપર સવાર થયો, અને ઝબેહ કરવા માટે મુબારક દાઢીને હાથમાં પકડી રાખી, તે વેળા તેની તરફ નજર કરી ઇમામે હુસયન અ૦ હસ્યા, અને ફરમાવ્યું, તું જાણે છે કે હું કોણ છું? અને તું કોને કત્લ કરી રહ્યો છે? તે મલઉન બોલ્યો, હું બરાબર જાણું છું કે, તમારા નાના રસુલે ખુદા, તમારા પિતા અલીય્યે મુરતઝા, અને તમારી મા ફાતેમાએ ઝોહરા છે. અને એ પણ હું માનું છું કે, કયામતના દહાડે ખુદા તમારા કાતીલને સજા કરશે, પણ મને તેની પરવા નથી. ખુદા લાનત કરે તે મલઉન ઉપર, અને તેના ઉપરીઓ ઉપર. હઝરતના અસહાબોએ જે જાનફીશાની અને મક્કમપણું દેખાડી પોતાની સચ્ચાઇ દેખાડી આપી, તેના મુકાબલામાં એક ટકો પણ ઇબ્ને ઝુબયર દેખાડી શકયો નહિં."

તારીખે કામીલમાં લખે છે કે, આશુરાના દહાડે ઇમામના અસહાબોમાં, આબીસ ઇબ્ને અબીશ્બીસ અને શવઝબ હઝરતની ખીદમતમાં હાજર થયા, અને સલામ કરી મયદાનમાં જવાની રજા લઇને આગળ વધ્યા. પ્રથમ શવઝબ શહીદ થયો, પણ આબીસના મુકાબલા માટે ઉમર સાદની ફોજથી કોઇ સામે

આ૦ચો નહિ. ત્યારે ઉમર સાદના હુકમથી તેની ફોજે આબીસ ઉપર તીરોનો વરસાદ વરસાવવો શરૂ કર્યો. તેથી આબીસે શરીર ઉપરનું બખતર ઉતારી, માથા ઉપરથી મગફર (લોખંડી ટોપી) ફેંકી દઇ, દુશ્મનની ફોજમાં ધુસ્યો; અને એવી બહાદુરી દેખાડી, કે તે બુઝદીલ લોકો પાછા હઠયા; પણ ઉમરેસાદની ધમકીથી પાછા ફરી ચારે તરફથી તેને ઘેરી શહીદ કર્યા.

હઝરત ઇમામ હુસેનની તે વખતની છેલ્લી લડાઇ, જેમાં છ મહીનાનું બાળક પણ શહીદ થયું હતું, તે કીયામત સૂધી યાદગાર રેહશે. જેના બારામાં એક ઇંગ્રેજ ઇતીહાસકારના શબ્દો પ્રસંગોપાત ગણાશે.

મી૦ જેમ્સ કાકરન પોતાની રચેલી 'તારીખે ચીન' નામના પુસ્તકમાં લખે છે, "પ્રથ્વી ઉપર શૂરવીરતામાં રૂસ્તમનું નામ મશહુર છે, તો પણ કેટલાક પુરૂષો એવા થઇ ગયા છે કે, તેઓની બહાદુરી આગળ રૂસ્તમનું નામ લેવું પણ યોગ્ય નથી. શૂરવીરતામાં પહેલો નંબર ઇમામ હુસયનનો છે. કેમકે કરબલાની ગરમ તપતી રેતી ઉપર ત્રણ દિવસની ભૂખ તરસ હોવા છતાં તેઓએ જે શુજાઅત દેખાડી છે, તેની સરખામણીમાં રૂસ્તમનું નામ તેજ માણસ લઇ શકે જે ઇતીહાસથી તદ્દન અજાણ હોય. ભૂખ અને તરસથી તેઓની જીભ ફાટી જતી હતી, છતાં આવા રણસંગ્રામમાં હજારો બેદીનોનો મુકાબલો કર્યો હતો. ખરી શૂરવીરતા એનુંજ નામ. રૂસ્તમની બહાદુરીની તો એની આગળ વિસાદજ નથી."

અબદલા ઇબ્ને ઝુબયર ઇમામને મક્કામાં રોકાઇ જવાની સલાહ આપતો હતો, અને તેમને પોતાની મદદ આપવાનું વચન પણ આપી ચુકયો હતો. જ્યારે તેને ખબર પડી કે હઝરત કુફામાં ઘેરાઇ ગયા તે વખતે તેણે મદદ કરવાનો ઇરાદો પણ ન કર્યો. જો તેનો ઇરાદો યઝીદે મલઉન, જે બેદીન હતો તેને ખીલાફતની ગાદી ઉપરથી ખસેડી દીને ઇસ્લામની કુમક કરવાનો હતે, તો ઇમામની મદદ કરી, દીન પ્રત્યેની પોતાની ખરી લાગણી જાહેર કરતે. વળી મક્કામાં તેની બયઅતમાં હઝારો મુસલમાનો હોવાથી તેઓને કરબલા

લઇ જતે અને ઇમામની સાથે રહી યઝીદની ફોજને હરાવતે, તો યઝીદનો અંત આવી જતે, અને ઇમામ શહીદ ન થતે. જેથી સાબીત થાય છે કે તેનામાં દીનની જરા પણ લાગણી ન હતી. તે પણ યઝીદનો પીત્રાઇ ભાઇ, ખીલાફતનો તલબગાર, પક્કો દુન્યાદારજ હતો.

ઇમામ હુસયનની શહાદતની ખબર મક્કામાં પહોંચી, કે તે બેહુદા મીંબર ઉપર ગયો, અને ઇમામની શહાદતનું બયાન કરી રડયો, અને લોકોને યઝીદની વિરૂધ્ધમાં ઉશ્કેરવા લાગ્યો. ખીલાફત મેળવવાના લોભમાં માત્ર યઝીદની વિરૂધ્ધતા અને દુશ્મની ફેલાવવા માટે ઇમામની શહાદતનો બનાવ તેના માટે સારૂં બહાનું થઇ પડયું હતું.

ઇબ્ને ઝુબયરની લાશ યહુદીઓના કબ્રસ્તાનમાં દાટવામાં આવી. આજે કોઇ પણ એવો મુસલમાન દુન્યાની સપાટી ઉપર નહિ હોય, જે તેની કબરની નીશાની પણ જાણતો હોય. જો કે સને ૬૦૦ હીજરીમાં બગદાદમાં, માત્ર ઇમામ હુસયનની અઝાદારી તોડી પાડવાના હેતુથી તા૦ ૨૮ મી મોહર્રમનો દિવસ, અબદલા ઝુબયરનો ભાઇ મુસઅબ બીન ઝુબયરના કત્લનો દિવસ કરાવી, તેની અઝાદારી કરવા લાગ્યા; પણ તે માત્ર બે ત્રણ વરસ સુધી ચાલ્યું. જ્યારે ઇમામ હુસયન અ૦ની કબરની જગ્યા, કરબલાએ મોઅલ્લાના નામથી મુસલમાનનાં ન્હાનાં ન્હાનાં બાળકો અને ઓરતો, માત્ર મુસલમાનો નહિ પણ હિંદુ, નસરા વી. પરધર્મીઓ પણ વાકેફ છે. એટલુંજ નહિ પણ દર વર્ષે લાખો ઝવારો ઝીયારત માટે ત્યાં જાય છે. ગમે તેવો કાં કોઇ ચક્રવતી બાદશાહ ન હોય તો પણ માત્ર તેની હયાતી સૂધી માણુસો તેની કચેરીમાં જાય છે, અને તેને કુર્નસ બજાવી નમે છે. પણ તેના મરણ પછી કોઇએ તેને યાદ કરતું નથી પણ ઇમામ હુસયનની શહાદતને ૧૩૦૦ વર્ષ થયા છતાં, તેમની દરબારના દરવાજા સદા ખુલ્લા છે, અને તેમની કચેરી આગળ લાખો માણુસો જઇ પોતાનું માથું નમાવે છે; એજ સત્યતાની ખરી નીશાની છે.

અબદલ્લા ઇબ્ને મુતીઅની સલાહ.

ઇમામ હુસયન અ૦ મદીનાથી રવાના થઇ ચુકયા તે પછી રસ્તામાં અબદલ્લા ઇબ્ને મુતીઅની મુલાકાત થઇ અને તેઓ વચ્ચે નીચે મુજબ ગુફ્તગુ થઇ.

અબદલ્લા—યા મવલા આપ કઇ દીશાએ જાઓ છો?

હઝરત—હાલ તો મક્કા તરફ જાઉં છું, તે પછી હું ઇસ્તખારો જોઇશ જે ખુદાને મંજુર હશે તે થશે.

અબદલ્લા—યા હઝરત! ખુદા તમારી મદદ ફરમાવે, અને હું તમ પરથી ફીદા થાઉં. જુઓ, કુફા તરફ જવાનો કદી પણ ઇરાદો ફરમાવશો નહિ. તે મનહુસ જગ્યા છે. ત્યાં તમારા પિતા શહીદ થયા, અને તમારા ભાઇને ઘણું ખમવું પડયું અને ઝખમી થયા.

યા મવલા, તમો ખાનએ ખુદા પાસે રહેશો, તમો સૌ કરતાં શ્રેષ્ટ હોવાથી લોકો તમારી તાબેદારી કરશે, માટે ત્યાંથી કદી પણ આઘે ખસતા નહિ, કેમકે જો તમો માર્યા જશો, તો અમોને ગુલામ બનાવવામાં આવશે.

અફસોસ! આ સલાહકાર ઇમામને એમ કહેવા માગે છે કે, ખાનએ ખુદાની હુરમતની પરવા કર્યા વગર ત્યાં આગળ રહીને લોકોની બયઅત લ્યો. કેમકે જે કાર્યથી ઇબ્ને ઝુબયરને ત્રણ વખત મક્કા આગળ લડવું પડયું, અને તેનાથી ખાનએ ખુદાની એવી બેહુરમતી થઇ, જે અસહાબે ફીલ જેવા મુશરીકોથી થઇ ન હતી. એજ મુજબ હઝરત મક્કામાં રહીને કરે. વળી તે બેહયા થઇને ઇમામ ઉપર પોતાને ફીદા કરે છે, પણ ઇમામનો સાથ આપી તેમની મદદ કરવા માટે જાન છુપાવે છે. એટલુંજ નહિ પણ પાછળથી ઇમામ હુસયનના ખૂનનો બદલો લેનાર મુખતારથી સામે થઇ ઇમામના કાતીલ ઉબેદુલ્લા ઇબ્ને ઝીયાદની ફોજનો કમાંડર (સરદાર) બને છે.

અબ્દલ્લા ઇબ્ને ઉમર (બીજા ખલીફાના દીકરા).

ઇમામને સલાહ આપનારાઓમાંથી અબદલ્લા ઇબ્ને ઉમર, એક માનવંતા સહાબી ગણાય છે, કેમકે બીજા ખલીફા હ૦ ઉમરના દીકરા, અને પોતે આબીદ અને પરહેઝગાર હોવાથી, મુસલમાનોમાં ઘણા માનવંત અને મશહુર ગણાતા હતા અને ઇમામના સલાહકારોમાંના એક હતા. "ફુતુહાતે અઅસમે કુફી"માં તેના કર્તા લખે છે કે "મદીનાથી મક્કએ મોઅઝ્ઝમા તરફની રવાનગી વખતે, હુઝરતની ખીદમતમાં અબદલ્લા ઇબ્ને ઉમર આવ્યો, અને હુઝરતને યઝીદની બયઅત કરી પોતાનો જીવ બચાવવા આગ્રહપૂર્વક સમજાવતો હતો, પણ ઇમામ અ૦મે તેના કહેવા ઉપર બીલકુલ ધ્યાન આપ્યું નહિ. તેણે અરજ કરી, "યા અબા અબદીલ્લાહ (અ૦) હજી પણ તમો મદીનાથી બાહેર જવાનો ઇરાદો મુલતવી રાખો અને જેવી રીતે બીજાઓ યઝીદની બયઅત કરી પોતાની જાન બચાવી શકયા છે તેમ તમો પણ બયઅત કરો અને વતનથી તેમજ તમારા જદના હરમથી દૂર ન થાઓ. આ લોકોના દીલમાં ખુદાનો ખોફ નથી અને કીયામતને દહાડે તેઓના માટે કોઇ પણ પ્રકારની ભલાઇ નથી; તેથી તેઓની સામે થઇ તેઓને બોલવાનું કારણ ન આપો; પણ જો તમોએ બયઅત ન કરવાનો મક્કમ ઇરાદો કર્યો હોય તો ખાત્રીથી માનશો કે યઝીદ તમોને મદીનામાં કદી પણ ચેનથી રહેવા દેશે નહિ. વળી બનવાજોગ છે કે યઝીદની આવરદા ટુંકી હોય અને તે ટુંક અરસામાં મર્ણ પામે, તો પછી તેની ચિંતાથી તમો વહેલાસર મુક્ત થશો."

તેના જવાબમાં હુઝરતે ફરમાવ્યું, "આવી વાતો ઉપર ધિક્કાર હો! શું તમો એમ સમજો છો કે હું ગલતી (ખોટા) ઉપર છું? જો તમોને મારી ભૂલ અગર હઠીલાઇ જણાતી હોય તો કહો." તેણે અરજ કરી, "અય રસુલના ફરઝંદ! તમો કદી પણ ગલતી ઉપર નથી, અને એ કોઇ કાળે બનવાજોગ નથી કે પયગંબરની વ્હાલી બેટીના ફરઝંદ ખોટે માર્ગે ચાલતા

હોય! પણ આપથી છાનું નહિ હોય કે જમાનાનો રંગ બદલાઇ ગયો છે, એવું ન થાય કે યઝીદ તમારા ઉપર પોતાની સત્તા વાપરે અને તે વખતે મુકાબલો કરવાની તમારામાં પુરી શક્તિ ન હોવાના લીધે કોઇ ન ઇચ્છવાજોગ બનાવ બને. માટે બેહતર છે કે અમારા સાથે રહી યઝીદની બયઅત કરો."

હઝરતે ફરમાવ્યું, "હું કદી પણ યઝીદની બયઅત કરીશ નહિ અને મારા નાના તેમજ પવિત્ર પિતાના ફરમાનુસાર અમલ કરીશ. જે માણસ મારી તાબેદારી કરશે તો તે સલામતી (નજાત) પામશે, અને જે કોઇ ઇનકાર કરી મારી નાફરમાની કરશે તેમના ઉપર હું સબર કરીશ. જ્યાં સૂધી ખુદા મારા અને તેઓ વચ્ચે પોતાનો ચુકાદો જાહેર કરે, અને તે સૌ કરતાં શ્રેષ્ટ હુકમ કરનાર છે."

હઝરત ઇમામ હુસયન અ૰ના મક્કાથી કુફા તરફ જવાના મક્કમ ઇરાદાની ખબર અબદલા બીન ઉમરને મળતાં હઝરતની ખીદમતમાં આવ્યો અને અરજ કરીઃ—

"આપ કુફાવાળાઓની બેવફાઇ અને આપના ખાનદાન સાથેની જુની દુશ્મનીથી સારી રીતે વાકેફ છો. તેઓથી ચેતતા રહેવામાં લાભ છે, અને તેઓનાં વચન ઉપર ભરોસો કરી કુફા તરફ જવામાં હું સાર જોતો નથી. વળી આપને ખબર છે કે સઘળા લોકો યઝીદની બયઅત કરી ચુકયા છે, અને કુફાવાળાઓ પણ યઝીદની દોલતની લાલચમાં તેના તરફ ઢળતા જાય છે તેથી ખચીત તેઓ તમારાથી ફરી જશે અથવા તો તમોને શહીદ કરશે, અને તેમ થતાં આપની એહલેબયત બરબાદ થશે. માટે મારી સલાહ એ છે કે તમો મક્કામાં, સલામતીભરેલી જગ્યામાં શાંતિથી બેસી રહો, અને એ સઘળી પંચાતીને મેલી આપો." તેના જવાબમાં હઝરતે ફરમાવ્યું, "અય ઇબ્ને ઉમર, અફસોસ! આ લોકો મને મક્કામાં પણ શાંતિથી રહેવા નહિ આપે, અને કોઇ પણ પ્રકારથી મારી સામે થઇ ફસાદ કરશે. તેમજ જો

હું બીજી કોઇ પણ દિશા તરફ ચાલ્યો જઇશ તો પણ તેઓ મારી પછવાડે લાગી મારા ઉપર યઝીદની બયઅત માટે દબાણ ચાલુ રાખશે, અને જો હું ઇન્કાર કરીશ તો મને કત્લ કરશે. અએ ઇબ્ને ઉમર; તમોએ સાંભળ્યું હશે કે બની ઇસરાઇલ, પ્હો ફાટવાના વખતથી તે સૂર્યોદય થવા સૂધી (માત્ર કલાક સવા કલાકમાં) સીતેર પયગંબરોને કત્લ કરતા હતા, અને તે પછી સુખેથી પોતાની દુકાનોમાં બેસી ધંધામાં લાગી જતા હતા. તે છતાં ખુદાવંદે કરીમે તેઓને સજા કરવામાં ઉતાવળ ન કરતાં તેઓને મોહલત આપી હતી, પણ છેવટે તેઓના ઉપર અઝાબ ઉતારીને તેઓને સજા કરી હલાક કરી નાંખ્યા. અલ્લાહ ઝાલેમોને સજા કરવા માટે સૌથી વધુ શક્તિવાન છે." (તારીખે અઅસમે કુફી.)

અબદલા બીન ઉમર (બીજા ખલીફાના દીકરા) ની સલાહ માત્ર ઝબાની હતી, અને તેના દીલમાં ઇમામ પ્રત્યે જરા પણ લાગણી ન હતી, એ હવે પછીના ખુલાસાથી સાબીત થશે. તે જોઇ ચુકયો હતો કે યઝીદની ફોજ મદીનાથી આવી અબદલા ઝુબેરની સામે લડવાથી મક્કાની બેહુરમતી થઇ ચુકી હતી, અને તે પછી મક્કએ મોઅઝ્ઝમામાં કોઇ પણ મુસલમાન માટે સલામતી ન હતી, છતાં ઇમામને મક્કામાં રહેવાની ભલામણ કરે છે.

વળી પયગંબરની તે હદીસો જેમાં ઇમામની શહાદત તથા મોઆવીયા અને યઝીદના ઝુલમોના બારામાં ખુલ્લી રીતે જણાવામાં આવ્યું હતું તેથી ઇબ્ને ઉમર અજાણ ન હતો, છતાં ઇમામ પ્રત્યે જરા પણ દીલસોઝી દેખાડી તેમની મદદ કરવાને તય્યાર થયો નહિ.

ઇબ્ને ઉમર એક માનવંત સહાબી બીજા ખલીફાના દીકરા, અને પરહેઝગાર ગણાતા હોવા છતાં તેને પયગંબરની એ હદીસ યાદ ન રહી કે, "**મન માત વલમ યઅરીફ ઇમામા ઝમાનીહી માત મયતતલ જાહેલીય્યહ**" જે કોઇ પોતાના વખતના ઇમામને ઓળખ્યા વગર મર્ણ પામે, તો તેનું મોત

જહાલત (કુફ્ર) માં થએલ ગણાશે. જો તે હદીસ તેને યાદ હતી તો તે વખતે ઇબ્ને ઉમરનો ઇમામ કોણ હતો? અગર હઝરતને પોતાના ઇમામ સમજતે તો જરૂર તેમની તાબેદારીમાં રહી તેમનીજ બયઅત કરતે અને કુફા તરફ સાથે જઇ દરેક હાલતમાં તેમની મદદ કરતે. તેની તાબેદારી અને બયઅત કરવાથી હઝારો મુસલમાનો ઇમામની બયઅતમાં દાખલ થઇ તાબેદારી કરતે, કેમકે બીજા ખલીફાના દીકરા, પરહેઝગાર, માનવંતા સહાબી હોવાથી મુસલમાનોને વધુ ખાત્રી થતે કે ઇમામ હુસયન ખીલાફતના સઝાવાર છે, તેથી ઇમામ અ૦ના બળમાં વધારો થતાં કરબલાનો ગંભીર બનાવ બનતે નહિ અને ઇમામ શહીદ થતે નહિ.

પણ તવારીખથી આપણને ખાત્રી થાય છે કે ઇબ્ને ઉમર હઝરતને ઇમામ સમજતો ન હતો, અને સહીહ બુખારીની રીવાયત મુજબ તે યઝીદની બયઅતમાં દાખલ થઇ ચુકયો હતો. હવે જે માણસ યઝીદ જેવાની બયઅત કરી ચુકયો હોય, તેને ઇમામના ખરા સલાહકારોમાં ગણી તેના કહેવા મુજબ નહિ અમલ કરવા માટે ઇમામને ઠપકાપાત્ર ગણનાર, ઇમામનો દુશમન અને યઝીદની ઉમ્મતમાં ગણાય કે નહિ, એ વાંચનારને ખાત્રી થઇ હશે.

કીતાબ સવાએકે મુહરેકા વી. મશહુર કીતાબોમાં અનસ ઇબ્ને હારીસથી નકલ કરે છે કે, મેં હઝરતે રસુલ સ૦ને ફરમાવતાં સાંભળેલ છે કે, "મારા ફરઝંદ હુસયનને ઝમીને કરબલા ઉપર શહીદ કરવામાં આવશે. જે કોઇ તે ઝમાનામાં હોય તેની ફરઝ છે કે મારા ફરઝંદની મદદ કરે." એ ઉપરાંત હઝરતે ઇમામ હુસેન અ૦મે મક્કામાં મુસલમાનો સમક્ષ લંબાણથી ભાષણ કર્યું હતું, તેમાં પણ આપે ખુલ્લી રીતે ફરમાવ્યું કે, યઝીદ જેવો બદકીરદાર મુસલમાનોનો ખલીફા થઇ શકેજ નહિ. તેથી તમો દીને ખુદાને બરબાદ થતા અટકાવવાના કામમાં મારી મદદ કરો, અને મારી તાબેદારી તમારા ઉપર ખુદા અને તેના રસુલના હુકમની રૂએ

વાજીબ છે.* છતાં પણ ઇબ્ને ઉમરે ઇમામ હુસયનની તાબેદારી કરતાં ન યઝીદની બયઅતમાં દાખલ થવાનું પસંદ કર્યું.

ઇબ્ને ઉમર, યઝીદની બયઅતમાં દાખલ થયો. એટલુંજ નહિ પણ યઝીદની બયઅત માટે લોકો ઉપર દબાણ કરતો હતો. સહીહ બુખારી હાશીયા ફતહુલ બારી જીલ્દ બીજી પેજ ૫૫૫ લખે છે કે, "જ્યારે મદીનાના લોકોએ યઝીદની બદકીરદારી જોઇ તેને ખીલાફતથી બાતલ કરી નાંખ્યો, તો ઇબ્ને ઉમર પોતાના સગાસ્નેહિઓ અને નોકરોને ભેગા કરી લંબાણથી ભાષણ કરી, તેઓને કહ્યું કે, મેં રસુલે ખુદાથી સાંભળ્યું છે કે, જે કોઇ બાદશાહની સામે થઇ બંડ ઉઠાવશે તો કયામતના દહાડે ખુદા તેને ફજેત કરશે. અને અમો ખુદા અને રસુલના હુકમથી યઝીદની બયઅત કરી ચુકયા છીયે. માટે હવે બયઅત કર્યા પછી તેની સામે થઇ લડવું એથી મોટો બળવો બીજો કયો ગણાય (જેના માટે ખુદાએ કીયામતના દહાડે ફજેત કરવાની ધમકી આપી છે) તેથી જે કોઇ માણસ યઝીદની સામે થઇ લડશે તેની સાથે મારો કોઇ સંબંધ રહેશે નહિ."

તેને યઝીદની ખેરખાહીમાં પયગંબરની ઉપલી હદીસ ઝટ યાદ આવી ગઇ, પણ જ્યારે સઘળા મુસલમાનોએ એકમત થઇ પયગંબરના પીત્રાઇ ભાઇ અને જમાઇ હ૦ અલી અ૦ના હાથ પર બયઅત કરી ત્યારે ઇબ્ને ઉમરને આ હદીસ યાદ ન આવી, તેથી તેણે છેવટ સૂધી હઝરત અલીની બયઅત ન કરી અને મોઆવીયા સાથે ભળ્યો. અફસોસ! ઇબ્ને ઉમર ઇમામ હુસયનને મક્કામાં રહેવા માટે સલાહ આપી રહ્યો છે, એવી સલાહ આપવાનું એકજ કારણ જણાય છે કે તેને બીક હતી કે જો ઇમામ હુસયન અ૦ કુફા તરફ જાય અને ત્યાંના લોકો હઝરતની મદદ કરે તો યઝીદના હાથથી બાદશાહત અગર ખીલાફત જતી રહેશે, અને તેની રોજી બંધ થશે. કેમકે, મોઆવીયા અને યઝીદ તરફથી તેને સારી રકમો મળતી હતી.

---

* ઇમામ હુસયનનો પુરો ખુત્બો આ ફસલને છેડે આપવામાં આવ્યો છે.

મોલવી શીબલી, એહલે હદીસ અઠવાડીક પેપરના સને ૧૩૨૮ના એક અંકમાં, પોતાના એક લેખમાં લખે છે, "શાફઇ બયાન કરે છે કે ઇબ્ને ઉમરને પાંચસોની કીંમતની ચાદર ઓઢતાં મેં નજરે જોયો છે."

એજ લેખમાં તેઓ લખે છે કે, "એક વખતે મોઆવીયાએ લાખ દીરહમ (અથવા દીનાર) ઇબ્ને ઉમરને ભેટ તરીકે મોકલી યઝીદની બયઅત માટે ઇશારો કર્યો. તેના જવાબમાં ઇબ્ને ઉમરે કહેવરાવ્યું કે એવી નજીવી કીંમતમાં હું મારૂં ઇમાન વેચતો નથી." પણ પછી તેથી મોટી રકમ મળતાં રાજી થઇ યઝીદની બયત કરી જે સહીહ બુખારીથી સાબીત થાય છે.

લખે છે કે, ઇમામ હુસયનથી વિદા થતી વખતે, ઇબ્ને ઉમર ઇમામને ગળે લગાડી ખુબ રડયો હતો. પણ અફસોસ, ઉપલી હકીકત વાંચ્યા કેડે ખાત્રી થશે કે તેનું રડવું માત્ર ઢોંગ હતો અને તે યઝીદના રોવાથી વધુ ગણી શકાય નહિ. જેવી રીતે કે એહલેબયતને શામના બંદીખાનામાં બાર મહિના રાખી છેવટે તેઓને છુટા કરી મદીના જવાની રજા આપી ત્યારે યઝીદે ઇમામ ઝયનુલ આબેદીનને કહ્યું કે, ખુદા લઅનત કરે, ઇબ્ને મરજાના ઉપર, જો હું હાજર હતે તો હઝરતને કદી પણ શહીદ થવા દેતે નહિ. અગરચે મારો છોકરો માર્યો ગયો હતે. વળી રાતના વખતે યઝીદ દીવાલ તરફ મ્હોડું કરી પોકેપોક રડતો હતો, તેથી તેનું રોવું અને ઇબ્ને ઉમરનું રોવું એ બન્ને સરખુંજ ગણાશે.

ઉમર ઇબ્ને અબદુરરહમાન.

ઇમામને સલાહ આપનારાઓમાંના એક ઉમર ઇબ્ને અબદુરરહમાન હતા, જેઓ માનવંતા સહાબીમાં ગણાતા હતા. કેમકે તેના બાપ અબદરહમાન બીન અવફને બીજા ખલીફાએ ત્રીજા ખલીફાની નેમણુંક માટે બનાવેલ કમીટીના પ્રમુખ બનાવ્યા હતા. તેણે ઇમામની ખીદમતમાં આવીને અરજ કરી, "યા હઝરત તમો એવી દીશાએ જાઓ છો જ્યાં ચારે તરફ યઝીદની હુકુમત છે અને તેના હાકેમો અને

સીપાહીઓનો પૂરો કબજો છે. વળી યઝીદ પાસે પુષ્કળ નાણું હોવાથી લોકોનું વલણ તેની તરફ રહેશે. કેમકે દુન્યાના લોકો દોલત ઉપર મરી ફીટે છે. મને બીક છે કે જેઓએ આપને હજારો કાગળ લખી તેડાવેલ છે, તેઓ તમારાથી ફરી જઇ તમોને શહીદ કરશે." હઝરતે તેના જવાબમાં ફરમાવ્યું, "ભાઇ! તારો ઉપકાર થયો, તેં ઘણી સારી નસીહત કરી, હું તે ઉપર અમલ ન કરૂં તો પણ મારી નજરમાં તું બીજા સલાહકારો કરતાં સારો અને વખાણવા લાયક છે."

અહીં ઉમર ઇબ્ને અબ્દરરેહમાનને બીજા કરતાં ઉત્તમ ગણવાનાં શા કારણો હતાં, તે જાણવાની જરૂરત છે. આ સલાહકારની નજરમાં જે ખરી બીના હતી એટલીજ કહી સંભળાવી, તેમાં તેણે બીજાઓની માફક ચાપલુસી વાપરી ન હતી, અને મક્કામાં રોકાઇ જવાની ખોટી સલાહ આપી નહિ; તેમજ માત્ર ઢોંગ કરી ઇમામ ઉપર ફીદા થઇ જવાની વાત પણ કરી નહિ; તેથી તેણે બીજાઓની માફક ઇમામના દીલ ઉપર સદમો પહોંચાડયો ન હતો.

અબ્દલ્લા ઇબ્ને જઅફર.

આ બુઝરગવાર હઝરતના પીત્રાઇ ભાઇ અને બનેવી હતા, અને ઇમામના ખરા સલાહકારોમાંના એક હતા. હઝરતની ખીદમતમાં આવીને તેમણે અરજ કરી, "યા મવલા તમો કુફા તરફ બાળબચ્ચાં સહીત ન જાઓ. કેમકે કુફાવાળાનો ભરોસો નથી." તેના જવાબમાં હઝરતે ફરમાવ્યું કે, "મને મારા નાના રસુલે ખુદા સ્વપ્નામાં આવી એક હુકમ કરી ગયા છે તે ઉપર હું જરૂર અમલ કરીશ." તેણે અરજ કરી તે હુકમ કેવા પ્રકારનો હતો? આપે ફરમાવ્યું કે, "તે હું બયાન કરી શકતો નથી."

પછી હઝરત મક્કાથી રવાના થયા તે પછી હ૦ અબ્દલ્લાની ચીંતામાં વધારો થયો તેથી એક કાગળ લખી, પોતાના બન્ને ફરઝંદ અવન અને મુહમદને આપી રવાના કર્યા. તેમાં લખેલું હતું "કે યા મવલા તમોને હું ખુદાના કસમ આપીને અરજ

કરૂં છું કે મારો આ કાગળ પહોંચે તેની સાથે કુફા તરફની મુસાફરી માંડી વાળશો, કેમકે તમારા બારામાં મને ઘણી ધાસ્તી છે કે તમો દુશ્મનોમાં ઘેરાઇ ન જાઓ અને તમો શહીદ થઇ જાઓ; માટે તમો થોભી જાઓ અને હું પણ વગર ઢીલે તમારા આગળ આવી પહોંચું છું."

આ કાગળ પોતાના બે ફરઝંદોને આપી રવાના કર્યા. તે પછી પોતે પણ રવાના થયા અને મક્કાથી એક મનઝીલ ઉપર હઝરતની ખીદમતમાં પહોંચી ઘણી આજીઝીની સાથે અરજ કરી કે, "યા મવલા મને તમારા માટે ઘણી ધાસ્તી ઉપજે છે માટે પાછા ફરો." હઝરતે ફરમાવ્યું, "હું તમોને કહી ચુકયો છું કે મારા નાના રસુલે ખુદાના ફરમાન મુજબ અમલ કર્યા વિના છુટકો નથી તેથી કુફા શિવાય બીજી કોઇ જગ્યાએ જઇ શકતો નથી." હઝરતે અબદલાને ખાત્રી થઇ કે હવે હ૦ ઇમામ હુસેન અ૦ જરૂર કુફા તરફ જશે તેથી પોતાના બંને ફરઝંદો અવન અને મુહમદને ખાસ ભલામણ કરી આપની સાથે રવાના કર્યા. જે બન્ને સાહેબઝાદાઓએ આશુરાના દિવસે હઝરત ઉપર પોતાની જાન કુરબાન કરી.

હ૦ મહમદ હનફીય્યા.

હ૦ મહમદ હનફીય્યા હ૦ અલી અ૦ના ફરઝંદ, અને ઇમામ હુસેન અ૦ના ભાઇ હતા અને તેઓ હઝરતના સલાહકારોમાંના એક હતા, પણ તેમની સલાહ જુદા પ્રકારની હતી, જે અમો મકતલે મહમદ ઇબ્ને અબીતાલીબમાંથી દરજ કરીએ છીએ.

હઝરત મદીનાથી નીકળવા તય્યાર થયા ત્યારે હ૦ મહમદ હનફીય્યા હાજર થયા. હઝરત કઇ દીશા તરફ જાય છે તેથી તેઓ નાવાકીફ હતા. હઝરતે પુછયું, "ભાઇ હું મદીનાથી કઇ દીશાએ મુસાફરી કરૂં ?" તેણે અરજ કરી, તમો મક્કએ મોઅઝ્ઝમા તરફ રવાના થાઓ અને ત્યાં રહો. જો તમોને ત્યાં કોઇ પ્રકારની તકલીફ ન થાય તો ઠીક છે નહિ તો ત્યાંથી નીકળી યમનના મુલક તરફ જાઓ. કેમકે યમનના લોકો

તમારા જદ રસુલે ખુદાના અનસાર અને નરમ દીલના ભલા માણુસો છે. ત્યાં પણ તમને આસરો ન મળે તો કોઇ પહાડી મયદાન, કે રેતાળ રણ તરફ ચાલ્યા જાઓ, અને એવીજ રીતે તમો દૂર દૂર રહો, એટલે સૂધી કે ખુદા આપના માટે કોઇ રસ્તો કરી આપે અને આ ઝાલીમો અને બદકારોના બારામાં તેનો હુકમ જારી થાય."

હઝરતે ફરમાવ્યું, "ભાઇ જો મને દુન્યાની સપાટી ઉપર કોઇ પણ જગ્યા સલામતીભરેલી નહિ મળે તો પણ હું કદી યઝીદની બયઅત કરીશ નહિ." આ સાંભળી હ૦ મહમદ હનફીય્યા બહુ રડયા અને હઝરત પણ ઘણું રડયા. તે પછી હઝરતે ફરમાવ્યું, "ભાઇ ખુદા તમોને નેક અજર આપે. તમોએ ઘણી નેક સલાહ આપી, મારો પણ એજ ઇરાદો છે કે મક્કા તરફ જાઉં અને તે તરફ જવા માટે હું પુરી તય્યારી કરી ચુકયો છું. હું મારી સાથે મારા ભાઇઓ, ભત્રીજા અને શીઆઓને લઇ જાઉં છું. તમારા માટે સલાહકારક એજ છે કે મદીનામાં રોકાઓ જેથી મારા તરફથી આ લોકોની દરેક હીલચાલની નજર રાખી અને તેની ખબર કરતા રહો."

તે પછી એક કાગળ ઉપર વસીય્યત લખી તેમને આપ્યો જેમાં નીચે મુજબ આપે લખ્યું હતું:—

"આ વસીય્યત હુસેન ઇબ્ને અલી તરફથી પોતાના ભાઇ મહમદ હનફીય્યા માટે છે. હું ગવાહી આપું છું કે, ખુદા એક વહદહુ લાશરીક છે, (તેનો કોઇ શરીક અગર ભાગીદાર નથી) અને હ૦ મોહમ્મદ સ૦ ખુદાના મોકલેલા પયગંબર છે, બેહીશત અને દોઝખ બરહક છે, તેમજ કીયામતનો દહાડો ખચ્ચીત આવનાર છે, તે વખતે સર્વ શક્તિમાન પરવરદીગાર મરી ગયલાને સજીવન કરશે. હું મદીનાથી દુન્યાની દોલત મેળવવા માટે, કે ફીસાદ બરપા કરવા માટે જતો નથી, પણ એટલાજ માટે જાઉં છું કે મારા જદની ઉમ્મતને, ગુમરાહીના અંધકારભરેલા રસ્તાથી સીધે માર્ગે દોરૂં અને તેઓની હિદાયત કરૂં. બનતાં સુધી મારા જદની સુન્નત (ફરમાન) મુજબ હું તેઓને અમ્રબીલ મઅરૂફ (દીન પ્રત્યે બોલાવું) અને નહય

અનીલ મુનકર (ન કરવાના કામથી રોકવું) તરફ બોલાવીશ. જો તેઓ મારી તાબેદારી કરશે તો તેઓ માટે લાભકારક છે પણ તેથી ઉલટું જો તેઓ મારી નાફરમાની કરશે તો તેઓની અવળાઇ ઉપર સબર કરીશ, જ્યાં સૂધી તેઓ અને અમારા વચ્ચે ખુદા પોતાનો હુકમ જારી કરે. આ મારી વસીય્યત મારા ભાઇ માટે છે, અને ખુદા તવફીક આપવાવાળો છે, અને હું તેનીજ પનાહ (આસરો) માંગું છું."

હઝરત મદીનાથી રવાના થયા અને મક્કા પહોંચી ચાર માસ ત્યાં રહ્યા. હજની મોસમ ટાંણે હઝરત મહમદ હનફીય્યા મક્કે આવ્યા તે વખતે હઝરત ઇરાકની મુસાફરી માટે તૈયારી કરતા હતા. તેઓએ હઝરતની ખીદમતમાં હાજર થઇ અરજ કરી "ભાઇ તમો કુફા તરફ જાઓ છો? તમોને ખબર નથી કે કુફાવાળાઓ આપણા પીદરે બુઝર્ગવાર અને ભાઇ હસન સાથે કેટલા બેવફા થઇ ફરી ગયા? તેથી મારી અરજ કબૂલ ફરમાવી આપ મક્કામાં રહો અને કુફા તરફ જવાનું માંડી વાળો."

હઝરતે ફરમાવ્યું, "મને બીક છે કે બની ઉમય્યા મને મક્કામાં શહીદ કરશે તેથી ખાનએ ખુદાની બહુ બેઇઝ્ઝતી થશે." તેઓએ અરજ કરી કે, "જો તમો મક્કામાં નથી રહી શકતા તો કુફા તરફ જવાના બદલે, યમન તરફ જાઓ. કેમકે ત્યાંના લોકો દુશમનોથી તમારો બચાવ કરશે." હઝરતે ફરમાવ્યું, "અય ભાઇ, અગર હું પથ્થરમાં સમાઉં તો પણ આ લોકો મને તેમાંથી બાહેર લાવી કત્લ કરશે." તે પછી ફરમાવ્યું કે, "તમે જે સલાહ આપી છે તે ઉપર હું વિચાર કરીશ."

બીજે દિવસે સવારના ઇરાક તરફ જવાનો હઝરતે મક્કમ ઇરાદો કર્યો ત્યારે હ૦ મહમદ હનફીય્યાએ આવીને ઉંટની મીહાર પકડી આપને રોકીને અરજ કરી, "ભાઇ હુસયન એટલી ઇતાવળ કરવાનું શું કારણ છે?" હઝરતે ફરમાવ્યું, ભાઇ ગઇ રાત્રે તમારા ગયા પછી હું સુતો હતો ત્યારે સ્વપ્નામાં જોયું કે મારા નાના રસુલે ખુદાએ આવીને મને પોતાની છાતી સાથે લગાડી મારા કપાળ ઉપર બોસો આપ્યો અને ફરમાવ્યું,

"અય હુસયન! મારી આંખોના નૂર!! ઇરાક તરફ જાવ. કેમકે તમારી શહાદતની તે જગો છે." આ સાંભળીને હ૦ મહમદ હનફીય્યા ઘણું રડયા, અને અરજ કરી, "ભાઇ હુસયન જ્યારે તમોને તમારી શહાદતની ખાત્રી છે, તો પછી શા માટે બચ્ચાં અને ઓરતોને સાથે લયો છો?" હઝરતે ફરમાવ્યું કે, "મારા નાના રસુલે ખુદાએ મને એ પણ ફરમાવ્યું કે, ઓરતો અને બચ્ચાંઓને સાથે લઇ જાઓ. તેઓને તમારી શહાદત બાદ અસીર કરવામાં આવશે." આ સાંભળીને તેઓ ફરી રડયા અને અરજ કરી ભાઇ હુસયન, "જાઓ હું તમોને વિદાય કરૂં છું અને ખુદાને હવાલે કરૂં છું."

એ શિવાય હ૦ ઇબ્ને અબ્બાસ બીબી ઉમ્મે સલમા તથા બીજાઓએ પણ હઝરતને સલાહ આપી હતી જે લંબાણ થવાની બીકે અત્રે લખતા નથી.

પ્રકરણ ૭મું.

ઇમામે હુસયન અ૦ના કાતિલો મુસલમાન હોવાનો ભેદ અને ઇમામની મદદ ન કરવાની તાત્કાળીક સજા.

ખુદાની આ બારામાં એક હીકમત હતી કે હઝરતે ઇમામે હુસયન અ૦ તે લોકોના હાથ વડે શહીદ થાય, જેઓ તેમની પદ્વિ, આબરૂ અને ફઝીલતથી પુરી રીતે વાકેફગાર હોય. તે નિર્દય મલઉનો ઇમામના પવિત્ર શરીર ઉપર તીર અને તલવારના ઘા કરતા હતા, પણ તે સાથે તેમના પાપી અંતઃકરણોમાં આ દર્દભરેલો અવાજ ઘુમી રહ્યો હતો કે, જે પવિત્ર અને નિર્દોષ મઝલુમને તેઓ મારી રહ્યા હતા તે તો તેમનાજ નબીના નવાસા (દોહીત્ર) અને અલીના લાડકા ફરઝંદ હતા.

ઇમામે હુસયન અ૦ પોતાનીજ કોમ અને જાહેરમાં એકજ મઝહબ પાળનારા મલઉનોના હાથે શહીદ થયા, તેમાં ભેદ એ દીઠામાં આવે છે કે, જો કોઇ પરકોમ અથવા પરધર્મિઓના હાથે શહીદ થાય તો તે ગંભીર બનાવ એટલી બધી લાગણી ખેંચનાર અને દુઃખદાયક ન નિવડે. કેમકે, તે વેળા એવો વિચાર આવતે કે તે લોકોએ જે કાંઇ કર્યું તે ઇમામની પદ્વિ અને ફઝીલતથી નાવાકેફ રહી માત્ર અજાણ-પણાના કારણે હતું. એટલુંજ નહિ પણ કરબલાનો ભયંકર બનાવ માંત્ર એક રાજદ્વારી ખટપટના રૂપમાં બદલાઇ જતે.

મ્હોટા ગઝબની વાત તો એ છે કે, તે મલઉન ટોળું પોતાને તેજ ઘરના વડાની તાબેદારી કરનારૂં કહેવરાવતું હતું અને પાંચ વખતની અઝાન (બાંગ) પુકારતી વેળા જે પયગંબરનું નામ લેતા હતા એજ પયગંબર સાહેબના વ્હાલા ફરઝંદ ઇમામ હુસયન હતા તે તેઓથી છાનું ન હતું.

તે નાપાક મલઉનો ખુબ જાણતા હતા કે (૧) આ હુસયન અ૦ એજ છે કે જેમને એક વેળાએ હ૦ રસુલે ખુદા સ૦ મીમ્બર ઉપર વાએઝ કરી રહ્યા હતા એટલામાં સામેથી મસજીદમાં દાખલ થતા જોઇ મીમ્બર ઉપરથી નીચે ઉતરી પોતાના ખોળામાં ઉંચકી લીધા અને હાજર રહેલા અસહાબોને ફરમાવ્યું; "જુઓ, આ મારા જીગરના ટુકડા, મારા દીલના મેવા, મારા ફરઝંદ હુસયન છે. જો કોઇ એના એક બાલને પણ વાંકો કરશે તેનાથી હું નારાજ થઇશ અને કયામતના દહાડે તે સજાને પાત્ર થશે. (૨) આ એજ હુસયન અ૦ છે કે જેમને હ૦ રસુલ પોતાના ખભા ઉપર બેસાડી ખુશી થતા ફેરવતા હતા (૩) આ એજ હુસયન અ૦ છે કે હ૦ રસુલ સ૦ તેમના હોઠ મીઠી ચીઝની જેમ ચુસતા હતા (૪) આ એજ હુસયન અ૦ છે કે જે પયગંબરની એકલી વ્હાલી બેટી ફાતેમા ઝેહરા અ૦ની આંખોના નૂર અને અલી અ૦ના જીગરબંદ હતા (૫) આ એજ હુસયન અ૦ છે કે જેમના માટે હ૦ રસુલે ખુદા સ૦ એ દુઆ કરી હતી કે "યા અલ્લાહ! હું આને ચાહું છું. તું પણ એને ચાહ અને જે કોઇ તેને ચાહે તેને હું પણ દોસ્ત રાખું છું અને તું પણ તેને દોસ્ત રાખ (૬) આ એજ હુસયન અ૦ છે જેના કુટુંબમાં આયએ તતહીર નાઝીલ કરી ખુદાએ તે કુટુંબને પોતાની સઘળી મખલુકાત કરતાં શ્રેષ્ટ અને પવિત્ર બનાવ્યા છે. (૭) આ હુસયન અ૦ એજ છે કે જ્યારે હ૦ પયગંબર સ૦ બીબી ફાતેમા ઝેહરા અ૦ના ઘરે તશરીફ લઇ જતા હતા ત્યારે પુછતા હતા કે, અય ફાતેમા! મારા રયહાના એટલે હસન અને હુસયન અ૦ કયાં છે? આ સઘળું જાણવા છતાં તે દીલના આંધળાઓએ એહલેબયતને સતાવવા અને દુઃખ આપવામાં જરાએ કોતાહી રાખી નહિ અને હુસયન અ૦ પ્રત્યેની નબીની અપાર મોહબતને સદંતર ભૂલી ગયા.

બનવાજોગ છે કે કરબલાના રણમાં યઝીદની ભારે મ્હોટી ફોજમાં એવા પણ મુસલમાનો હોય જેઓ ઇમામની ફઝીલતથી અજાણ હોય અને પયગંબર સાહેબની વાણી તેઓના કાન

પૂખી પહોંચી ન હોય તેથી તે નામના મુસલમાનો અને લોહીના તરસ્યા શત્રુઓ ઉપર તેમણે છેલ્લી હુજ્જત તમામ કરી હતી અને તેઓને વખતસરની ચેતવણી કરવા ખાતર હઝરતે તેઓના ઉપર છેલ્લી હદની મેહેરબાની દેખાડી નસીહત ફરમાવતા રહ્યા.

આશુરાના દહાડે હઝરતે બ ા ન કરેલ ખુત્બો.

"અય શામીઓ અને કુફીઓ, હું તમોને ખુદાના સોગંદ આપી પુછું છું કે શું તમો મને ઓળખો છો? તેઓ તરફથી જવાબ આવ્યો હા, અમો તમોને ખુબ જાણીએ છીએ. તમે રસુલે ખુદાના ફરઝંદ છો અને તેમના નવાસા (દોહીત્ર) છો. હઝરતે ફરમાવ્યું શું તમો જાણતા નથી કે મારી માદરે ગીરામી ફાતેમા ઝેહરા રસુલે ખુદા સ૦ની વ્હાલી બેટી, મારા પિતા અલીય્યે મુરતઝા અ૦ છે. તેઓએ જવાબ આપ્યો હા, તમારૂં કહેવું સત્ય છે. હઝરતે ફરમાવ્યું શું તમોને ખબર નથી કે મારી નાની ખદીજા બીન્તી ખુવયલીદ મારા પવિત્ર પિતાના કાકા હમઝા સય્યદુશશોહદા હતા, મારા કાકા જઅફરે તય્યાર હતા જેમને ખુદાએ બે પાંખો આપેલ છે જે વડે બેહીશતમાં ફીરીશતાઓ સાથે પરવાઝ કરે છે? અય લોકો, તમો જાણો છો કે આ તલવાર જે મારા હાથમાં છે તે હ૦ રસુલે ખુદા સ૦ની છે? મારા માથા ઉપરની પાઘડી પણ એજ હઝરતની છે? તેઓ જવાબ આપતા હતા હા યબ્ન રસુલુલ્લાહ એ સઘળું અમો જાણીએ છીયે. ફરી હઝરતે પુછયું, અય કોમ તમો નથી જાણતા કે મારા પિતા અલીય્યે મુરતઝા એ બુઝર્ગવાર છે કે જેઓ સૌથી પેહલે પયગંબર ઉપર ઇમાન લાવ્યા અને તેઓ સઘળા મુસલમાનો કરતાં ઇલ્મ હીલ્મ શુજાઅત અને સખાવતમાં શ્રેષ્ટ હતા? અને તેઓ તમામ મુસલમાનોના સરદાર હતા? જેઓની તાબેદારી હ૦ રસુલ સ૦મે સઘળા મુસલમાનો ઉપર વાજીબ કરી હતી? તેઓએ કહ્યું કે, હા, એ તમામ ખરૂં છે. તે વેળા હઝરતે તેઓને પુછયું કે એ સઘળું જાણવા છતાં શા માટે તમો

મારા લોહીના તરસ્યા થઇ રહ્યા છો? તમોને ખાત્રી છે કે મારા પિતા કયામતના દહાડે પોતાના દોસ્તો અને તાબેદારોને હવઝે કવસર ઉપર લઇ જઇને કવસરના પાણીથી સયરાબ કરશે અને તેમના દુશ્મનોને દૂર કરશે? તે બેહયાઓએ જવાબમાં કહ્યું, યા હુસયન એ સઘળું જાણવા છતાં અમો જરૂર તમોને શહીદ કરશું. તે સિવાય કદી પણ તમારા ઉપરથી હાથ ઉઠાવીશું નહિ."

હઝરતના આ ખુત્બાથી સિદ્ધ થાય છે કે ઇમામ હુસયન અ૦ પોતાના દુશ્મનો ઉપર અણહદ દયા રાખતા હતા અને દુન્યા અને આખેરતમાં તેઓનો નાશ થાય એવું ઇચ્છતા ન હતા.

ઇમામ હુસયન અ૦ને શરૂઆતથીજ પોતાના નાનાની ઉમ્મતની હિદાયતનો ખ્યાલ હતો. ઇમામ હસન અ૦ની વફાત પછી હંમેશા લોકોને બની ઉમય્યાના ઝુલમો અને તેના ભયંકર પરિણામોની આગમચેતી ફરમાવતા હતા. ઇમામ હસન અ૦ની વફાત પછી મોઆવીયાના નોકરો શરા વિરૂદ્ધ વર્તન ચલાવી ચારે તરફ ઝુલમ-પ્રીતનો-ફસાદ કરી રહ્યા હતા તે વખતે હ૦ ઇમામે હુસયન અ૦ હજ માટે મક્કા તશરીફ લઇ ગયા. તેમની સાથે અબ્દલ્લા ઇબને જઅફર અબ્દલ્લા ઇબ્ને અબ્બાસ તથા બીજા બની હાશમો હતા. મક્કામાં એ સઘળા બની હાશમો તથા અનસાર વીગેરે મુસલમાનોને કે જેઓની સંખ્યા એક હજાર કરતાં વધુ હતી તેઓને મીના આગળ એકઠા કરી આપે આ ખુત્બો પઢયો.

"ખુદાની તઅરીફ અને પયગંબર ઉપર દુરૂદ મોકલ્યા બાદ આપે ફરમાવ્યું, અય લોકો આ બદકાર (મોઆવીયા) અમારા અને અમારા શીઆના બારામાં જે વર્તણુંક ચલાવી રહ્યો છે તેથી તમો અજાણ નથી. હવે હું તમોને કેટલીક બાબતો સંભળાવું છું તેમાં હું ખરો હોઉં તો મારી તસદીક કરશો અને જો તેમાં મારી ભૂલ હોય તો મને કહેશો. મારી વાતને સાંભળો અને તેને તમારા સીનામાં (દુશ્મનોથી) છુપાવી રાખો અને તે પછી ઇસ્લામના મુલકોમાં ચારે તરફ પથરાઇ જાઓ અને તમારા મુલકોમાં તમારા કુટુંબકબીલાને

કહી સંભળાવો. કેમકે મને બીક છે કે એવું ન થાય કે દીને ખુદા બરબાદ થઇ ભૂલાઇ જાય. જો કે, ખુદા ફરમાવે છે ખુદા પોતાના દીન (પાક મઝહબ ઇસ્લામની) ચઢતી કરશે અગરચે કાફરો તેથી અણગમો રાખતા હોય.

તે પછી હઝરતે લંબાણથી કુરઆનની તે આયતો પઢીને તેઓને સંભળાવ્યું જેમાં ખુદાએ હ૦ અલી હ૦ હસન તથા હ૦ હુસયન (પંજતન) નો મરતબો અને ફઝીલત જાહેર કરેલ છે અને તેઓની તાબેદારી કરવાનો હુકમ આપેલ છે જે સાંભળીને હાજર રહેલા મુસલમાનોએ તેની ગવાહી આપતાં અરજ કરી યબ્ન રસુલીલ્લાહ આપનું ફરમાવવું ખરૂં છે. તે પછી હ૦ પયગંબરની અનેક હદીસો તેઓને સંભળાવ્યા કે જેમાં રસુલે ખુદા સ૦ મે પોતાની એહલેબયતની તાબેદારી ઉપર મક્કમ રહેવાને પોતાની ઉમ્મતને ફરમાવી ગયા હતા તે ઉપર પણ તે મુસલમાનોએ ગવાહી આપી અને હઝરતને વચન આપ્યું કે હજથી ફારેગ થઇ અમો અમારા વતનમાં આપનાં ફરમાનો અમારા કુટુંબકબીલાને પહોંચાડીશું.

આ બનાવથી સિધ્ધ થાય છે કે મોઆવીયાની હયાતીનાં ઝમાનાથી હઝરતે મુસલમાનોને મોઆવીયાની બદકીરદારી તથા દીને ખુદાની થતી બરબાદીની ખબર આપતા રહ્યા અને ખરા ઇમામની તાબેદારી કરવા માટે હિદાયત કરી હુજ્જત તમામ કરતા રહ્યા. યઝીદે મલઉન ખીલાફતની ગાદી ઉપર આવતાં શરીઅતથી વિરૂધ્ધ વર્તી ચોમેર અંધકાર ફેલાવવા લાગ્યો તે પ્રત્યે ઇમામ હુસયન અ૦ મે મુસલમાનોનું ધ્યાન ખેંચ્યું હતું અને તે મરદુદને પયગંબરની ખીલાફત માટે સદંતર નાલાયક સાબીત કર્યો હતો પણ તે ઉપર મુસલમાનોએ લક્ષ ન આપ્યું.

યઝીદે જોરાવરીથી બયઅત લેવાનું ચાલુ કર્યું અને બયઅત માટે ઇનકાર કરનારનાં ડોકાં ઉડાડી દેવાનાં ફરમાનો તેના તરફથી આવતાં રહ્યાં. તે વખતે ઇમામ હુસયન અ૦ને લાચારીથી પોતાનું વતન તજી દેવું પડયું હતું. તે વખતના મદીનાના મુસલમાનો ઇમામની દુઃખદાયક સ્થિતિથી અજાણ ન હતા. કેમકે, જે કોઇ હઝરતની મુલાકાતે આવતો હતો અને

ઇમામને મદીનાની બાહેર ન જવા સલાહ આપતો હતો, તો ખુલ્લી રીતે યઝીદે મલઉનની બદકીરદારી ઝાહેર કરી દીને ખુદાનું રક્ષણ કરવાને તેમજ પોતાની તાબેદારી કરવાની સૂચના તેઓને આપતા હતા.

મદીનાના મુસલમાનોએ ખુદા અને તેના રસુલના ફરમાનો અને ઇમામે ઝમાનની તાબેદારીનો મુદલ વિચાર ન કર્યો અને યઝીદ જેવા ફાસીક અને ફાજીરની બયઅતમાં જાન બચાવવા માટે દાખલ થયા અને પોતાના ઇમામ ને પયગંબરના નવાસાને યઝીદ સાથે એકલા મૂકી આપ્યા. તેઓ એમ સમજતા હતા કે, યઝીદ જેવા બળવાન બાદશાહની સામે થવામાં જાનનો સોદો હતો અને પોતાની જાનને ખુદા અને તેના રસુલની રજામંદી અને એહલેબયતની મુહબત કરતાં વધુ પ્રિય સમજ્યા. પોતાની ટુંક જીંદગી ખાતર આખેરતની કાયમી નેઅમતોને ઠોકર મારી ઇમામ હુસયન અ૦નો સાથ ન આપતાં પોતાની જાનને અઝીઝ કરી.

ઇમામ હુસયન અ૦ સાથે રહી જે કાર્ય કરવા માટે તેઓએ અણગમો દેખાડયો હતો તેજ કાર્ય વખત પસાર થઇ ગયા કેડે મોડેથી તેઓને પોતાને કરવું પડયું પણ ઇમામ હુસયન અ૦ જેવા બની હાશમના શૂરવીર અને દાનેશમંદ સરદાર વગર તેઓ કાંઇ પણ કરી શકયા નહિ અને તે માટે તેઓને સખત પસ્તાવો થયો પણ તે પાછળથી કરેલા પસ્તાવાથી તેઓને શો લાભ થવાનો હતો! જાન બચાવવા ખાતર દીને ખુદાથી મ્હોઢું ફેરવી ઇમામની નાફરમાની કરી તે માટે ટુંક મુદતમાંજ તેઓને ઘણી ભારે સજા ખમવી પડી.

તેઓ ઇમામ હુસયન અ૦ની તાબેદારી કરી વખતસરની મદદ કરતે તો ઇમામ હુસયન અ૦ની શહાદત પછી ફક્ત બે વરસના અરસામાં તેઓને હર્રાનો બનાવ જોવાનો સમય ન આવતે. યઝીદની ફોજે મદીનામાં કત્લેઆમ ચલાવી હજારો ઓરતોની લાજ લૂંટી પયગંબરના હરમે શરીફની બેઇજ્જતી કરી, એવો ઝુલમ કર્યો જેનું દુઃખદાયક વર્ણન સાંભળતાં દીલ ધ્રુજી ઉઠે છે.

હુર્રૉની કત્લમાં યઝીદની ફોજના સીપાહીઓએ પયગંબરના સાતસો માનવંતા અને પ્રખ્યાત અસહાબોને મારી નાંખ્યા હતા. જેમાં મોહાજીરીન અને અનસાર કુરઆનના હાફીઝ વી. હતા. તે ઉપરાંત દસ હજાર બીજા મુસલમાનો પણ એમાં કત્લ થયા હતા. એ કુલ દસ હજાર અને સાતસો મુસલમાનો ઇમામની નાફરમાની કરવાથી આવી બલામાં ફસાણા અને જાનથી માર્યા ગયા. અફસોસ ! તેઓએ પોતાના પયગંબરના નવાસાની મદદ નહિ કરતાં તેઓને યઝીદ સાથે એકલા તજી આપ્યા, તેથી કરબલાનો ભયકંર બનાવ બન્યો, જેને યાદ કરી કયામત સૂધી ખુદાની આખી ખલકત લોહીનાં આંસુઓથી રડતી રહેશે, તે છતાં તેઓ પોતાની જાન બચાવી ન શકયા. તેઓના બુરા હાલ થયા. તેઓનું જીવતર નાશ પામ્યું. હુરમત બરબાદ થઇ અને કયામતના દહાડે હુસયને મઝલુમના નાના રસુલે ખુદાની સામે શરમીંદા થવાનું અને ખુદાને જવાબ આપવાનું તેઓના માટે બાકી રહ્યું. ઇમામે હુસયન અ૦ પોતાની દુરઅંદેશીથી એ સઘળી આફતો અગાઉથી ચેતી ગયા હતા તેથી, પળવાર માટે મદીનામાં રોકાવું પસંદ કર્યું નહિ. સગાસ્નેહિઓ અને સલાહકારોની મનાઇ છતાં તે જગ્યા તેમને સલામતી ભરેલી ન જણાતાં મક્કએ મોઅઝ્ઝમાં તરફ રવાના થયા. આ હુર્રૉના બનાવથી સલાહકારોની મનાઇ છતાં મદીના તજી મુસાફરી કરવા માટેનો જે આક્ષેપ ઇમામ ઉપર મૂકવામાં આવે છે તે બીનપાયાદાર અને બાતલ ઠરે છે.

ઇમામ હુસયન અ૦નો ખુત્બો (ભાષણ).

મક્કએ મોઅઝ્ઝમામાં ઇમામે હુસયન અ૦ મુસલમાનો સમક્ષ લંબાણથી ખુત્બો પઢયા તેનો સાર તારીખે કામીલમાં આપ્યો છે, તેનો અમે નીચે ઉતારો આપીયે છીયે.

ખુદાની તારીફ અને રસુલ ઉપર દુરૂદ મોકલવા બાદ ફરમાવ્યું "અય લોકો, જે કોઇ માણસ ઝાલીમ બાદશાહને જુવે કે ખુદાએ જેની હુરમત રાખવાનું ફરમાવેલ હોય તેની

તે બેહુરમતી કરતો હોય, અને ખુદાના હુકમનો અનાદર કરતો હોય, રસુલે ખુદા સ૦ની સુન્નતથી વિરૂધ્ધ વર્તતો હોય અને ખુદાના બંદાઓ ઉપર કહેર વરસાવતો હોય અને તે જોનારા તેની અટકાયત માટે ઝબાનથી અથવા કાર્યથી કોશીશ નહિ કરે તો ખુદા ઉપર લાઝીમ છે કે તેને જહુનમમાં દાખલ કરે."

"અય લોકો, તમો વાકેફ થાઓ કે આ લોકોએ (યઝીદ અને તેના સાથીઓએ) ખુદાની તાબેદારી મૂકી શયતાનની તાબેદારીમાં પડયા છે. ફીતના અને ફસાદ બરપા કરી રહ્યા છે, અને ખુદાના ફરમાનોનું ઉલંઘન કરી રહ્યા છે. ખુદાએ કરેલી હલાલ વસ્તુને હરામ અને હરામને હલાલ બનાવી રહ્યા છે."

ઇમામે હુસયન અ૦ મે બસરાવાળાને એક કાગળ લખ્યો હતો તેનો ટુંક સાર એ છે કે, "અય મુસલમાનો, હું તમોને ખુદાની કીતાબ (કુરઆન) અને પયગંબરની સુન્નત ઉપર અમલ કરવાને કહું છું (મોઆવીયા અને યઝીદના બુરા કર્તવ્યોથી) સુન્નતે રસુલ બાકી રહી નથી, પણ તેથી ઉલટું બીદઅતો (શરાથી વિરૂધ્ધ બાબતો) જારી થઇ છે."

તે પછી મક્કાથી નીકળી ઇમામ હુસયન અ૦ ઇરાક તરફના મુસલમાનોને દીનની થતી બરબાદીની ખબર કરવા પંડે હુજ્જત તમામ કરવા ગયા (તે સાથે કુફા તરફ જવાનાં અનેક કારણો હતાં જે જુદી તફસીરમાં લખ્યાં છે) પણ અફસોસ! કુફાના મુસલમાનોએ પોતાના પયગંબરના નવાસાને હજારો કાગળ લખી તેડાવેલ મેહમાનની કદર કરતાં ઇમામની મદદ નહિ કરી. દીને ઇસ્લામનો નાશ યઝીદના હાથે થવા દીધો, અને ઇમામને શહીદ થતા જોયા, એ નાફરમાની અને બેવફાઇની તેઓને ટુંક મુદતમાં સજા એ મળી કે કુફામાં અને ઇરાકમાં બની ઉમય્યાના હાથે અનેકવાર કત્લેઆમ ચલાવવામાં આવી. એકજ વખતમાં હજ્જાજ મલઉને બસરાની મસજીદમાં સીંતેર હજાર મુસલમાનોને રેહેંસી નાંખ્યા.

મદીનામાં યઝીદની ફોજના હાથે હર્રાના વાકેઆમાં માર્યા ગયલા દસ હજાર સાતસો મુસલમાનો અને બસરાની મસજીદમાં એકી વખતે હજ્જાજ મલઉનના હાથે ઝબેહ થયલા

સીંતેર હજાર મુસલમાનો અને તે સિવાયના મક્કા મદીના કુફા વીગેરે મુલકોમાં યઝીદ અને અબદુલમલીક બીન મરવાનના હુકમથી કપાઇ ગયલા હજારો મુસલમાનો જો ઇમામ હુસયનની તાબેદારી કરી તેમની વખતસરની મદદ કરતે તો ખચિત યઝીદ અને સઘળા બની ઉમય્યા સદંતર નાશ પામતે, અને કરબલાનો ભયંકર બનાવ બનવા ન પામતે, તેમજ ઉપર મુજબ મદીના કુફા અને બસરાના મુસલમાનોની કત્લેઆમ કદી પણ ન થતે.

એ સઘળા બનાવો ઉપર ઉંડી નજર નાખ્યા કેડે કોઇ પણ ન કહી શકે કે ઇમામે હુસયન અ૦ પોતાના હાથે પોતાનો નાશ કર્યો છે અથવા તેમની શહાદતથી દીને ઇસ્લામને જરા પણ લાભ થયો નથી. ખરેખર, ઇમામ હુસયન અ૦ મે શહાદત ઇખ્તીયાર કરી દીને ઇસ્લામમાં એક નવી રૂહ ફુંકી છે. યઝીદ બની ઉમય્યા ઇત્યાદી ઝાલીમોનો નાશ કર્યો છે-

"વલ્લાહ અય હુસયન કારી કરદી."

કુફાની મસજીદમાં મુસલમાનોની ચાલેલી કત્લ.

અબદુલમલીક બીન મરવાન મક્કા અને મદીનામાં કત્લે આમ ચલાવી અબદુલ્લા ઇબ્ને ઝુબયરને હજ્જાજ મલઉનના હાથથી મરાવી હીજાઝની ખટપટથી ફારેગ થઇ હજ્જાજને ઇરાકનો વાયસરોય બનાવી રવાના કર્યો, અને તેને સખત ભલામણ કરી કે, બસરા અને કુફાના લોકોને મારી નાફરમાનીની પુરતી સજા આપવા માટે જરા પણ પછાત પડીશ નહિ. કેમકે, તેઓએ અબદલ્લા ઇબ્ને ઝુબયર અને મુખતારનો સાથ આપી મારી સખત નાફરમાની કરી છે.

હજ્જાજ મલઉન અમુક ચુનંદા સવારોને પોતાની સાથે લઇ રવાના થયો, અને ઓચીંતો કુફામાં દાખલ થઇ મસજીદે કુફામાં ગયો અને પોતાના ચેહરા ઉપર નીકાબ નાંખી મીંબર ઉપર બેસી ગયો, અને લોકોને મસજીદમાં ભેગા થવા માટે શેહરમાં ચેતવણી કરવા પોતાના માણસોને હુકમ આપ્યો.

થોડી વારમાં લોકો મસજીદમાં એકઠાં થયાં અને જ્યાં સૂધી આખી મસજીદ લોકોથી ખીચોખીચ ભરાઇ ગઇ ત્યાં સૂધી તે મીંબર ઉપર રાહ જોતો મુંગો બેસી રહ્યો.

તે પછી મ્હોઢાં ઉપરથી નીકાબ ખસેડી ભાશણ શરૂ કર્યું અને કુફાના લોકોને તેમની નાફરમાની માટે સખત વખોડી તેઓને બુરૂં બોલ્યો. અને કહ્યું કે, "અય કુફાના નાફરમાનો, અમીરૂલ મુઅમીનીન અબ્દુલમલીક બીન મરવાને પોતાની ઝોળી ખોલી જોઇ અને તેમાંના અકેક તીરને બહુજ સંભાળથી તપાસ્યું, અને તેમાંથી તેણે મારા તીરની લાકડીને (મને) સર્વથી વધુ મજબૂત અને કઠણ જોઇ તમારી તરફે એટલા માટે રવાના કર્યો કે તમારાં ગળાં કાપી નાખું.

ખરેખર તમો નાલાયક, નાફરમાન અને બળવાખોર છો. હું જોઇ રહ્યો છું કે, માથા ઉપરની પાઘડી અને દાઢી વચ્ચે લોહીની નદી વહે છે અને (માથાં ધડથી જુદાં કરવાની) મોસમ આવી જવાથી ખેતરમાંથી પાક વીણી લેવાનો વખત નજીક આવી લાગ્યો છે. "અય ઇરાકીઓ, તમો લાંબી મુદતથી બદમાશી કરતા રહ્યા છો અને બળવાખોરોની તાબેદારી કરી ઉંધે રસ્તે દોરવાઇ ગયા છો. અય કનીઝના પેટના ગુલામો, જુઓ હું હુજ્જાજ ઇબ્ને યુસુફ છું, જે કહીશ તે જરૂર કરીને દેખાડીશ. ખુદાની કસમ જ્યાં સૂધી તમારૂં માથું અમીરૂલ મુઅમીનીન અબ્દુલમલીકની તાબેદારીમાં નહિ ઝુકે ત્યાં સૂધી મારી નેક તલવાર તમારા ઉપર ખેંચાયલીજ રહેશે."

તે પછી પોતાના એક ગુલામને કહ્યું કે, હવે ખલીફાનો કાગળ કુફાવાળાઓને વાંચી સંભળાવ. તેણે અબ્દુલમલીક બીન મરવાનનો કાગળ હુજ્જાજ કનેથી લઇ વાંચવો શરૂ કર્યો.

"અમ્મા બઅદ (જત લખવાનું કે) તમારા ઉપર સલામ થાય—અને હું તમારા બારામાં ખુદાનો શુક્ર કરૂં છું." અહીં સૂધી ગુલામે વાંચી સંભળાવ્યું, કે હુજ્જાજે તેને થોભવા કહીને હાજર રહેલાઓને કહ્યું, "અય નાલાયકો, ખલીફા અમીરૂલ મોઅમીનીન તમોને પોતાના કાગળમાં સલામ લખે અને તમો મુંગા બેસી સલામનો જવાબ ન આપો! ખુદાની

કસમ હું તેની સજા જુદી રીતે કરીશ." તે પછી ગુલામને કહ્યું, "આગળ ચલાવ," તેણે ફરીથી શરૂઆત કરી, "જત તમારા ઉપર સલામ થાય અને હું તમારા બારામાં ખુદાનો શુક્ર કરૂં છું." મસજીદના ચારે ખુણાથી "વઅલા અમીરૂલ મુઅમીનીન-અસ્સલામ વરહમતુલ્લાહ વ બરકાતુહ" અમીરૂલ મુઅમીનીન ઉપર પણ સલામ હોય અને ખુદાની રહમત અને બરકત પહોંચે.

તે પછી હુજ્જાજના ગુલામે કાગળની પુરી વિગત તેઓને સંભળાવી જે તેઓ મુંગે મ્હોઢે સાંભળવા લાગ્યા. કાગળની વિગત પુરી વંચાઇ રહ્યા પછી હુજ્જાજ અકેક માણુસ પાસેથી બયઅત લેતો હતો અને જે કોઇ આનાકાની કરતો તેની ડોક બેધડક ઉડાડતો. એ મુજબ કુફામાં પોતાની સત્તા સંપૂર્ણ જમાવી હુજ્જાજ ત્યાંથી બસરા તરફ ત્યાંના લોકોની ખબર લેવા રવાના થયો.

બસરામાં હુજ્જાજનો ત્રાપ-અને સીંતેર હજાર મુસલમાનોની ચાલેલી ભયંકર કત્લ.

અબદલ્લા ઇબ્ને કતીબા (તવારીખનવેશ) પોતાની કીતાબ "અલ ઇમામત વસ્સીયા રાહમાં" લખે છે કે હુજ્જાજ બે હજારની ફોજ સાથે બરાબર જુમ્માના દહાડે બસરામાં દાખલ થયો. બસરા શહેરની નજીક પહોંચી તેણે પોતાની ફોજમાંથી અઢારસો માણુસોને હુકમ કર્યો કે તમો તમારી તલવારોને પહેરણુમાં છુપાવી શેહેરમાં દાખલ થઇ જાઓ અને બસરાની જુમા મસજીદના અઢાર દરવાજા છે તે દરેક ઉપર સો સો સીપાહીઓ ગોઠવાઇ જાઓ. જ્યારે તમોને અંદરથી કાંઇ અવાજ સંભળાય કે બેધડક મસજીદમાં દાખલ થઇ દરવાજા અંદરથી બંધ કરી જે કોઇ તમોને સામે મળે તેની ડોક ઉડાડી નાંખજો." તેના હુકમ મુજબ તે અઢારસો સીપાહીઓ પહેલે રવાના થઇ સો-સો સીપાહીઓએ એક એક દરવાજાનો કબજો લીધો.

થોડીવાર પછી બાકીના બસો સીપાહીઓમાંથી એકસોને આગળ અને બાકીના સીપાહીઓને પોતાની પાછળ ચાલવાનું

કહી હુજ્જાજ બસરા શહેરમાં દાખલ થયો. અને તેણે પોતાની સાથના બસો સીપાહીઓને કહી રાખેલ હતું કે, "મસજીદમાં હું મીમ્બર ઉપર જઇ ભાષણ કરીશ તો લોકો મારા ઉપર પથરા વી. ના ઘા કરશે, અને મને બુરૂં બોલશે. માટે જ્યારે તમો જુઓ કે મેં મારી પાઘડી માથા ઉપરથી ઉતારી મારા ગોઠણ ઉપર રાખી છે, તો બેધડક તમારી તલવારો બાહર કાઢી તે નાફરમાનો ઉપર તુટી પડજો, અને જે સામે આવે તેનું ડોકુ એક ઝટકામાં દૂર કરી નાંખજો."

તે પછી ત્યાંથી આગળ વધી મસજીદમાં દાખલ થઇ મીમ્બર ઉપર ચડી બેઠો. જુમ્માનો દિવસ હોવાથી આખી મસજીદ બસરાના લોકોથી ખીચોખીચ ભરાઇ ગઇ હતી. પ્રથમ ખુદાના વખાણ કરીને કહ્યું, "અય લોકો, અમીરૂલ મુઅમીનીન અબ્દુલમલીક મરવાનને ખુદાએ પોતાના બંદાઓ ઉપર બાદશાહત આપી ખલીફો બનાવેલ છે અને તેણે મને તમારા શહેરની હુકુમત આપી અત્રે રવાના કર્યો છે, જેથી હું તમારા વચ્ચે હુકુમત ચલાવી ઝાલીમો કનેથી મઝલુમોને હક અપાવું, નેક લોકોને નેકીનો બદલો આપું, અને ગુનેહગારોને સજા કરૂં. જુઓ, ખલીફાએ મને બે પ્રકારની તલવારો આપી છે. એક રહમતની અને એક અઝાબની–પણ રહેમતની તલવાર રસ્તામાં ગુમ થઇ ગઇ, જેથી હવે ફક્ત મારા હાથમાં એકજ અઝાબની તલવાર બાકી રહી છે."

આ સાંભળીને મસજીદમાં હાજર રહેલા લોકોમાં ગડબડાટ ચાલુ થઇ અને હુજ્જાજ તરફ ખાસડાં, પથરા અને માટી-ઢેંફાનો વરસાદ પડવો શરૂ થયો. થોડીવાર સૂધી તે કર્પિણ તમાશો જોતો મુંગો બેસી રહ્યો. તે પછી તેણે જેવી પોતાની પાઘડી માથા ઉપરથી ઉતારી ગોઠણ ઉપર રાખી કે મસજીદ માંહેલા બસો સીપાહીઓએ તલવાર ખેંચી જુમ્માની નમાઝ પઢવા આવેલા ગાફીલ મુસલમાનો ઉપર તુટી પડયા, અને ધડાધડ ડોકાં ઉડવા લાગ્યાં, અને તે મસજીદ થોડીવારમાં લડાઇનું મેદાન બની ગઇ. ચારે તરફ લોહીની નદી વહેવા લાગી અને લોકો જાન બચાવવા દરવાજા ભણી દોડવા લાગ્યા.

મસજીદના અઢાર દરવાજા હુતા, પણ અંદર ગડબડ ચાલુ થતાં અઢારે દરવાજામાં બાહેરના સીપાહીયો દાખલ થઇ ગયા અને દરવાજા બંધ કરી કત્લેઆમ ચાલુ કરી તે લાચાર હથિયાર વગરના-નમાઝ પઢવા આવેલા મુસલમાનો કોઇ પણ રીતે પોતાનો બચાવ કરી શકયા નહિ. અને ટપોટપ તે કર્પીણ ઝાલેમોની તરવારોના ભોગ થતા ધૂળ ચાટતા થયા. થોડી વારમાં કત્લ થઇ ગએલાઓની લોહીની નદી મસજીદમાં જારી થઇ અને દરવાજાથી વહીને બાહેર રસ્તામાં વહેવા લાગી. તે ભયંકર કત્લમાં સીંતેર હજાર મુસલમાનો (ફક્ત બસરામાં) કપાઇ મુવા. મજકુર કીતાબમાં માર્યા ગયલાની સંખ્યા આપતાં લખે છે કે "ફી કુતીલા મીનહુમ બીઝઅન વ સબઇના અલફન" તેઓમાંથી કુલે સીંતેર હજાર અને કેટલાક હજાર વધુ કત્લ થયા. અરબી મહાવરામાં "બીઝઅન" ત્રણથી નવની સંખ્યા માટે વપરાય છે તેથી કુલ્લે ૭૩ થી ૭૯ હજારની સંખ્યા સિધ્ધ થાય છે.

અલ્લાહો અકબર ! તે ઝાલીમ નાબકારના દીલમાં રતીભાર દયા ન હતી. ન તેના દીલમાં ખુદાનો ખોફ હતો કે ન મસજીદ ખાનએ ખુદાની હુરમત હતી. એવા ક્રૂર ઘાતકી મલઉનને હાકીમ બનાવી મુસલમાનોને બકરાની માફક (બલકે તેથી બદતર રીતે) રહેંસી નાખવા માટે હુકમ આપનાર અબ્દુલમલીક મરવાન મુસલમાનોનો ખલીફા હોવાનો દાવો કરે અને મુસલમાનો તે મરદુદને ખલીફા સમજે તે માટે શું ધારવું એ ઇન્સાફ પસંદ વાંચનારની સમજ ઉપર મેલીએ છીયે.

અફસોસ! બસરાના મુસલમાનોએ પ્રથમ પયગંબર સ૦ના પિત્રાઇ ભાઇ-અને જમાઇ ખુદા અને તેના રસુલના તરફથી (કુરઆન અને હદીસોની રૂએ) નીમાયલા ખલીફા અને ઇમામ હ૦ અલી અ૦ની નાફરમાની કરી તલહા અને ઝુબયરની સાથે રહી બીબી આઇશાની સરદારી હેઠળ જંગે જમલમાં પવિત્ર ઇમામની સામે લડયા. તે પછી ઇમામ હસન અ૦ જેઓ પેહલા ઇમામના હકદાર વારેસ, પયગંબરના નવાસા અને પયગંબર તેમજ હ૦ અલી અ૦ની નસ (સનદ) થી

ઇમામ અને ખલીફા હતા, તેમની સામે થઇ મોઆવીયા (બની ઉમય્યાના બીજા બાદશાહ) ની તાબેદારી કરી. તે પછી યઝીદ જેવા બેદીન કાફરની બયઅત કરી ઇમામે હુસયન અ૦ તેઓના શહેરની નજદીક (કુફા) આવી પહોંચ્યા છતાં તેમની મદદ ન કરતાં માત્ર દુન્યાની નાપાયદાર જીંદગી અને દોલત મેળવવાની લાલચમાં ખુદા અને તેના રસુલની સખત નાફરમાની કરવા ન અચકાણા અને ઇમામને મઝલુમને બેરહમીથી ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ થતા જોવા છતાં તેઓના દીલમાં જરાએ દયાભાવ અગર દીલસોજી પેદા ન થઇ. તેના બદલામાં તેઓને એવી સખત સજા ખમવી પડી કે, તેઓમાંના ફક્ત સીતેર હજાર માત્ર એકજ કલાકમાં કસાઇના હાથે પ્રાણીઓનો વધ થાય તે કરતાં પણ બુરી હાલતે કપાઇ મુવા.

આ બનાવોથી ઇસ્લામીઓને ધડો લેવાનો છે કે, જો તેઓ ખુદા અને રસુલના તરફથી નીમાયલા ઇમામોની તાબેદારી ન કરતાં દુન્યાની ટુંક જીંદગી અને ફના થઇ જવાવાળી દોલતની મુહબ્બતમાં મોજશોખમાં તલ્લીન રહેલા દુન્યાદાર ઇમામોની તાબેદારી કરશે, તો દુન્યામાં તેઓના માટે આફત છે અને આખેરતમાં તેઓના માટે સખત પસ્તાવાનું થશે. વળી દીને ખુદાને બરબાદ થતાં જોઇ ચુપ રહેવાથી અને દીનના દુશ્મનોની મદદ કરવાથી બસરાવાળાઓના જે હાલ થયા એજ હાલ થવાના છે અને દુશ્મનો તેઓની ઉપર ફાવી જઇ તેઓને હલાક કરશે.

કરબલાની લડાઇમાં ફતેહ કોને મળી?

ઇમામે હુસયન અ૦ની નાફરમાની કરી તેમની મદદ ન કરવાથી મક્કા મદીના બસરા અને કુફાના મુસલમાનોને જે સજા થઇ અને તેઓના ઉપર બની ઉમય્યાના હાથોથી જે આફતો આવી, તેનું વર્ણન છેલ્લા પાનામાં વાંચ્યું. તેથી વાંચકને ખાત્રી થઇ હશે કે જો તે લાખો કપાઇ ગયલા મુસલમાનો વેળાસર ચેતી ખુદા અને રસુલના ફરમાનુસાર

ઇમામે હુસયનની તાબેદારી કરી તેમની સાથે રહી સત્યાગ્રહ કરતે તો આવો ભુંડો દિવસ કદી પણ તેઓને જોવો ન પડતે. પરંતુ તેવું ન કરતાં ગંભીર ભૂલનો ભોગ આ મુસલમાનો થયા તેના પરિણામે તેઓ માર્યા ગયા અને ઇમામે હુસયન અ૦ બલકે બની હાશમના આખા કુટુંબને કેટલું ખમવું પડ્યું કે યઝીદ તેમને સતાવી શકયો અને આપની શહાદત થઇ અને તે પછી કયામતના દહાડા સૂધી મુસલમાનોને જે દુઃખ ખમવું પડયું છે, તેના કારણભૂત આજ મુસલમાનો હતા એ વિચારશીલ માણસ સહજ સમજી શકે છે.

પોતાની ભૂલનો ભોગ થઇ પડેલા તે મુસલમાનોએ માત્ર પોતાની જાન બચાવવા ખાતર દીનના માટે તેમજ પોતાની કોમના ભવિષ્યનો કાંઇ ખ્યાલ ન કર્યો, પણ ઇમામે હુસયન અ૦ને એ સઘળી બાબતોની ચિંતા હતી તેથી માત્ર દીને ઇસ્લામને કાયમ રાખવા અને ઇસ્લામી કોમના બચાવ અર્થે યઝીદની સામે (પોતાના થોડા સાથીઓ સહીત) સત્યાગ્રહ કર્યો. તે કરબલાના ભયંકર બનાવમાં ઇમામે હુસયન અ૦ તથા તેમના સાથીઓને બેરહમીથી શહીદ કરવામાં આવ્યા, તેમની એહલેબયત–બીબીઓ–અને બાળકોને બંદીવાન બનાવવામાં આવ્યાં તેથી જાહેરમાં તો ટુંક બુધ્ધિવાળાઓ એમજ કહે છે કે ઇમામે હુસયન અ૦મે પોતાના હાથે પોતાનો નાશ કર્યો અને યઝીદની જીત થઇ.

પણ કરબલાની લડાઇનું પરિણામ શું આવ્યું? જે ચીજ મેળવવા માટે ઇમામે હુસયને સત્યાગ્રહ કર્યો, તે મેળવી શકયા કે કેમ? તે તરફ અને ઇમામની સીયાસત (પોલીસી) તરફ જરા લક્ષ દોડાવતાં જણાશે કે, ઇમામે હુસયન અ૦ મે જે કામ કર્યું છે, તેનો દાખલો દુન્યાની સપાટી ઉપર ગોત્યો જડી શકે તેમ નથી. ઉંડી નજરથી જોઇ વિચાર કરશો તો જણાશે કે ઇમામે હુસયન નાશ પામ્યા નથી, ન તેમનું કુટુંબ નાશ પામ્યું છે. હા, યઝીદ નાશ પામ્યો અને તેનું આખું કુટુંબ નાશ પામ્યું છે. આજે દુન્યાની સપાટી ઉપર યઝીદનું નામ લેવું કોઇ પસંદ કરતું નથી. હુસયન અ૦ની સીયાસતથી

યઝીદ અને તેના આખાં કુટુંબનું નામ દુન્યા ઉપરથી ભુંસાઇ ગયું જ્યારે એજ સીયાસતથી ઇમામે હુસયન અ૦ મે લાખો નહિ બલકે કરોડો માણુસોનાં દીલોને જીતી લીધાં. આજે યઝીદ કયાં છે? તેને યાદ કરનારા કેટલા છે? તેનું લશકર કેટલું છે? યઝીદ નાશ પામ્યો તે સાથે તેની બાદશાહત–તેનું લશકર–તેનું જે કાંઇ હતું તે કુલ્લે નાશ પામ્યું; પણ જરા દુન્યાની સપાટી ઉપર નજર કરો! તો પૂર્વથી પશ્ચિમ–ઉત્તરથી દક્ષિણ સૂધી ઇમામે હુસયનની ફોજ કરોડોની સંખ્યામાં નજરે પડશે. જે બાદશાહત, જે સત્તા, કરબલાના મયદાનમાં સ્થાપવા ગયા હતા, તે બાદશાહત આજ દિવસ સૂધી કાયમ રહી છે અને કીયામતના દહાડા સૂધી બાકી રહેશે. ઇમામે હુસયન આજે પણ શહેનશાહ છે અને ચોમેરથી એજ સંભળાય છે કે,

શાહસ્ત હુસયન બાદશાહસ્ત હુસયન–
દીનસ્ત હુસયન દીપનાહસ્ત હુસયન
સરદાદ વનદાદ દસ્ત દર દસ્તે યઝીદ–
હક્કાકે બીનાએ લાઇલાહસ્ત હુસયન.

શું યઝીદની જીત ઇમામે હુસયનની ફતેહના મુકાબલામાં રહી શકે છે? શું યઝીદની પોલીટીકલ હીલચાલો ઇમામે હુસયનની સીયાસત બરાબર ગણી શકાય? ખરૂં છે કે, ઇમામે હુસયને પોતાની જાન જાહેરી રીતે હલાકતમાં નાંખી પણ તે હલાકત કહેનારની માત્ર સમજની ખામી છે. તે હલાકત ન હતી પણ હયાતે અબીદ હતી. ઇમામે હુસયને દીને ખુદા અને કૌમના લાભ અર્થે ખુદાના રસ્તામાં અમૂલ્ય વસ્તુઓ અર્પણ કરી પણ તેના બદલામાં જે કાંઇ મેળવ્યું તે તેનાથી વિશેષ છે, અને તેથી ખરી રીતે હુસેન અ૦ની જીત થઇ છે, અને યઝીદની હાર થઇ છે. હુસેન અ૦નું પવિત્ર નામ દુન્યાની સપાટી ઉપર દરેક મુસલમાન કૌમમાં કયામતના દહાડા સૂધી જળવાઇ રહેશે અને કયામતના દહાડે શફાઅતનું તાજ તેમના જદ્દે બુઝર્ગવારના માટે અને લીવાએ હમ્દ તેમના પવિત્ર પિતા માટે છે. ઇમામે હુસયન હલાક નથી થયા, બલ્કે ઇમામે

હુસયનનું પવિત્ર નામ અમર રહ્યું છે અને કયામતના દહાડા સૂધી રહેશે.

ઇમામે હુસયન કરબલાના રણમાં દુન્યાની દોલત અગર બાદશાહત મેળવવા ગયા ન હતા. તેઓ એ પવિત્ર ઇમામના ફરઝંદ હતા જેમણે આ ઘરડી ડાકણ (દુન્યા)ને ત્રણ તલાક આપી પ્રથમથી છુટાછેડા કરી નાંખ્યા હતા. જેઓ વારંવાર ફરમાવતા હતા અય દુન્યા તું મારા શિવાય બીજા કોઇને તારી મોહજાળમાં ફસાવ, હું તારી ફરેબની જાળમાં આવીશ નહિ. હું તને એવા પ્રકારની ત્રણ તલાક આપું છું કે જે પછી તારા તરફે વલણ થઇ શકેજ નહિ. તેથી ઇમામ અલી અ૦જે વસ્તુ મેળવવાની કોશીશ કરતા હતા તે જાહેરી ખિલાફત અગર બાદશાહત ન હતી. ઇમામ હુસન અ૦મે મઆવીયાની વિરૂધ્ધતા દેખાડી તે પણ દુન્યાના વૈભવ માટે ન હતી. ઇમામે હુસયનની લડાઇ પણ એજ મુજબ યઝીદ કનેથી રાજ્યની લગામ ખુંચવી લેવા માટે ન હતી. પરંતુ જે વસ્તુ મેળવવા માટે એ પવિત્ર ઇમામોની કોશીશ હતી એ તેઓ ખચિત મેળવી શકયા અને જે તેઓએ ચાહ્યું તે પ્રમાણે થયું. તેમની ઇચ્છા મુજબ ખુદાનો પાકદિન કાયમ રહ્યો અને તેઓનું પવિત્ર નામ દુન્યાની હસ્તી ઉપર ઝળહળી રહ્યું. આ એજ ખરી દીન અને દુન્યાની બાદશાહત હતી જે તેઓ ચાહતા હતા અને તેઓ મેળવી શકયા.

યઝીદ અને તેના સાથીઓએ ઘણું ચાહ્યું કે નૂરે ખુદાને બુજાવી દુન્યામાં અંધકાર ફેલાવે. પણ ખુદા ફરમાવે છે કે "વલ્લાહુ મુતિમ્મુ નુરીહી વલવ કરિહલ કાફેરૂન" ખુદા પોતાના નૂરને સદા પ્રકાશિત રાખશે અગરચે કાફરો તે પ્રત્યે અણગમો રાખતા હોય.

"રવશન જહાંમે તાલેએ હુસ્ને યકીં હુવા"
"નામે હુસયન ઝીનતે અર્શે બરીં હુવા"

અને મોરમેન (જરમન ફીલોસોફર) લખે છે તેમ "હુસયનની મઝલુમીયતે બની ઉમય્યાનાં બધાં કાળાં કર્તવ્યો

ઉઘાડાં પાડી દીધાં અને તેઓની મનોવૃત્તિને આંતરિક વેર પરથી પરદાઓ ઉઠાવી લીધા. એથીજ હુસયનની શહાદત અને તેમના એહલેબયતની કેદ પછી તરતજ બની ઉમય્યાની બધી ગુપ્ત ચળવળો ઉઘાડી પડી ગઇ અને તેઓની ઘાતકી વલણુ અને કાવાદાવાઓથી દુન્યા જાણીતી થઇ ગઇ. બની ઉમય્યાના રાજ્ય સામે બળવાઓ જાગ્યા. તેઓને ઇસ્લામના કટ્ટા વેરી જાણીને મુસલમાનો તેઓનું કામ તમામ કરતા ગયા ઇસ્લામની રૂહાની સલતનત (પ્રભુ સામ્રાજ્ય) પાછી જીવંત થઇ."

(હ૦ મોહમ્મદ સ૦ અસાર કૃત પેજ ૨૧૯.)

પ્રકરણ સાતમું.

ઇમામે હુસયનની શહાદત પયગંબરનીજ શહાદત છે.

ઇમામે હુસયનની સહાદતના બારામાં ઉંડી અને બારીક નજરથી જોતાં યઝીદીઓએ પયગંબરનેજ શહીદ કરેલ સિધ્ધ થાય છે. તેથી કરબલામાં પયગંબરનીજ શહાદત થયલી છે એમ કહેવામાં કંઇએ ખોટું નથી.

દીકરા પર જેટલાં દુઃખો પડે છે તેની અસર પિતા ઉપર વધુ પ્રમાણમાં પડે એ સ્વાભાવિક છે અને ઇમામે હુસયન અ૦ પયગંબરની વ્હાલી પુત્રિ હ૦ ફાતેમાના ફરઝંદ હોવાથી કરબલામાં જેટલાં દુઃખો હ૦ ઇમામે હુસયનપર વરસાવવામાં આવ્યાં તે આડકત્રી રીતે પયગંબરપર પાડવામાં આવેલાં ગણાય.

ઇમામે હુસયનની મોહબત પયગંબર કેટલે અંશે રાખતા હતા એ અમોએ પહેલા અને બીજા પ્રકરણમાં ખુલાસાવાર લખેલ છે; તે ઉપરાંત પયગંબર વારંવાર ફરમાવતા હતા "હુસયનુન મિન્ની વઅના મિનલ હુસયન" હુસયન મારાથી છે અને હું હુસયન થકી છું. એથી પણ સિધ્ધ થાય છે કે, ઇમામે હુસયન સાથે અસાધારણ મોહબ્બત અને સંબંધ રાખતા હોવાથી કરબલાની શહાદત ખુદ પયગંબરનીજ શહાદત થયલી ગણાશે.

પયગંબરની હદીસ "હુસયન મારાથી છે અને હું હુસયન થકી છું" એ વિષે ટુંકમાં અતરે સમજાવીશું.

ઇમામે હુસયન પયગંબરથી હતા એ જગજાહેર છે. કેમકે, તેઓ પયગંબરના નવાસા, તેમની વ્હાલી પુત્રિ હ૦ ફાતેમાના ફરઝંદ હતા. એટલુંજ નહિ પણ નીચેની હદીસ પ્રમાણે એથી પણ વિશેષ સંબંધ જણાય છે:—

"મનાકીબ ઇબ્ને શહરે આશુબ" ના કર્તા લખે છે કે, જ્યારે ઇમામે હુસયનની વીલાદતનો દિવસ નજદીક આવ્યો

ત્યારે પયગંબરે પોતાની પુત્રિ હ૦ ફાતેમાને ફરમાવ્યું "બેટી ફાતેમા! જ્યારે તમારા પુત્ર હુસયન જન્મ પામે ત્યારે તમો તેને દુધ ન પીવરાવજો અને હું આવું ત્યાં સૂધી રાહ જો જો."

હ૦ ઇમામે હુસયનનો જન્મ થયો, તે પછી પયગંબર તશરીફ લાવ્યા અને પોતાના લાડલા હુસયનને ખોળામાં લઇ પ્યાર કરવા લાગ્યા અને કપાળ ઉપર બોસો આપી પોતાનો અંગુઠો તેને ચુસવા માટે આપ્યો. ખુદાની કુદરત અને પયગંબરના મોઅજીઝાથી તેમના અંગુઠામાંથી દુધ જારી થયું અને ઇમામે હુસયન પોતાના નાનાનો અંગુઠો ચુસી તૃપ્ત થયા. એ પ્રમાણે ચાલીસ દિવસ સૂધી પયગંબર તશરીફ લાવતા રહ્યા અને પોતાના ફરઝંદ હુસયનને અંગુઠો ચુસાવી તૃપ્ત કરતા રહ્યા અને હ૦ ઇમામે હુસયનની ખોરાકી ચાલીસ દિવસ સૂધી માત્ર પયગંબરના અંગુઠાનું દૂધ હતું. તેથી તેમનું લોહી માંસ અને હાડકું પયગંબરના લોહી અને માંસમાંથી બન્યું એજ પ્રત્યે ઇશારો કરી પયગંબર ફરમાવતા હતા "**લહમુકા લહમી દમુકા દમી**" હે હુસયન! તારા શરીરનું માંસ મારૂં માંસ છે અને તારૂં લોહી મારૂં લોહી છે. એના બે પ્રકારના અર્થ લઇ શકાય છે. એક તો એ કે પયગંબરના દાદા હ૦ ઇસમાઇલ અને પિતા હ૦ અબદલાની કુરબાની થવાની હતી* પણ તે એટલા માટેજ અટકી કે તે મહાન્ દરજ્જો ઇમામે હુસયન માટે મુકરર થયો, ખુદા ફરમાવે છે, "ફદયનાહુ બિઝીબ્હીન અઝીમ" અર્થ:—અને અમે તેને બદલે એક મ્હોટી કુરબાની વડે ફીદયો આપ્યો."

(પવિત્ર કુરઆન સુરએ વસ્સાફાત.)

આ આયતમાં મ્હોટી કુરબાની વડે ફીદયો (બદલો) આપ્યો જણાવવામાં આવે છે જેથી હ૦ ઇસમાઇલની કુરબાની ન થતાં બેહિશ્તના ઘેટાની કુરબાની થઇ અને તેઓ બચવા પામ્યા તો બેહિશ્તના ઘેટાને જે વખતે હ૦ જીબ્રઇલ લાવ્યા

* એ બન્ને કુરબાનીઓની તફસીલવાર હકીકત "કુરબાની"ના પ્રકરણમાં લખેલ છે.

હતા અને તેની કુરબાની કરવામાં આવી હતી એ કોઇ કાળે હ૦ ઇસમાઇલ પયગંબરના મુકાબલામાં મ્હોટી ગણી શકાય નહિ. કેમકે હ૦ ઇસમાઇલ ઇન્સાન વળી માસુમ હતા અને પયગંબર હતા, તેથી તેમનો દરજ્જો દરેક મખલુકાત કરતાં શ્રેષ્ટ હોવાથી તેમના મુકાબલામાં તે ઘેટાને મ્હોટી કુરબાનીની ઉપમાં આપી શકાય નહિ પણ તે મ્હોટી કુરબાની (ઝીબ્હીન અઝીમ)ના બારામાં એહલેબયતની તફસીરમાં જણાવવામાં આવ્યું છે કે, ઇમામે હુસયનની શહાદત પ્રત્યે ઇશારો કરવામાં આવ્યો છે. ઇમામે હુસયન હ૦ ઇસમાઇલથી બલ્કે અગાઉ થઇ ગયલા સઘળા પયગંબરો કરતાં અફઝલ હતા. કેમકે, ઇસ્લામના મહાન પયગંબર અગાઉ થઇ ગએલા સઘળા પયગંબરો કરતાં અફઝલ હતા એ પવિત્ર કુરઆનથી સિદ્ધ થાય છે અને ઇમામે હુસયનનાજ બારામાં પયગંબરનું ફરમાન "હું હુસયન થકી છું" એ સ્પષ્ટ કરે છે કે ઇમામે હુસયન પણ એ સઘળા પયગંબરો કરતાં અફઝલ હતા જેથી હ૦ ઇસમાઇલથી મ્હોટી કુરબાની એક બેહિશ્તનું ઘેટું નહિ પણ ઇમામે હુસયન સાબીત થાય છે.

એજ પ્રમાણે પયગંબરના પિતાની કુરબાની થતી અટકી ગઇ અને તેમના બદલામાં એકસો ઉંટોની કુરબાની કરવામાં આવી કેમકે તે મહાન્ દરજ્જો હ૦ ઇમામે હુસયન માટેજ નિર્માણ થયો હતો. એ બન્ને કુરબાનીઓ (હ૦ ઇસમાઇલ અને હ૦ અબદુલ્લાહની) અથવા તેમાંથી એક પણ થતે અને હ૦ ઇસમાઇલ અથવા હ૦ અબદુલ્લાહમાંથી કોઇપણ ઝબેહ થતે તો તેમની અવલાદ ન થતાં ઇસ્લામના મહાન્ પયગંબરનો જન્મ થવા પામતે નહિ પણ એ કુરબાનીઓનો બચાવ માત્ર ઇમામે હુસયનની શહાદત થકી થયો અને એ કુરબાની ઇમામે હુસયન માટે રેહવાથી હ૦ ઇસમાઇલ અને હ૦ અબદુલ્લાહ જીવતા રહેવા પામ્યો. તેમની અવલાદ થઇ અને ઇસ્લામના મહાન્ પયગંબર જન્મ પામ્યા જેથી પયગંબરના પેદા થવાનું કારણ ઇમામે હુસયન અને તેમની શહાદત સિદ્ધ થતાં પયગંબર ઇમામે હુસયન થકી હતા એ ચોખ્ખું થાય છે.

બીજું કારણ જેના માટે પયગંબર સ૦ મે ફરમાવ્યું કે "હું હુસયન થકી છું" એ છે કે જેવી રીતે પયગંબરની પયદાશનો સબબ ઇમામે હુસયન હતા, એજ પ્રમાણે પયગંબરનું પવિત્ર નામ અને તેમના સ્થાપેલા પાક ઇસ્લામ મઝહબ, કિયામતના દહાડા સૂધી રોશન અને આબાદ રાખનાર ઇમામ હુસયન હતા. કેમકે જો ઇમામ હુસયન શહીદ થઇ ઇસ્લામની ડુબતી કીશતીનો બચાવ ન કરતે અને હક અને બાતલ વચ્ચે ફેર દેખાડી ન આપતે તો ખચ્ચિત દુન્યાની સપાટી ઉપર પયગંબરે ઇસ્લામનું પવિત્ર નામ લેનાર એક પણ મુસલમાન બાકી રેહવા ન પામતે. તેથીજ પયગંબરે ફરમાવ્યું "હું હુસયન થકી છું."

કરબલામાં પયગંબરનેજ શહીદ કરવામાં આવ્યા અને ઇમામે હુસયનની શહાદત હુબહુ પયગંબરનીજ શહાદત ગણી શકાય એ વિષય સ્પષ્ટ કરવા માટે પ્રથમ આપણે ઇસ્લામના મહાન્ સ્થાપક પયગંબર હ૦ મોહમ્મદ સ૦નો મરતબો અને સઘળા પયગંબરો કરતાં તેમનું શ્રેષ્ટ હોવાની હકીકત ટુંકમાં તપાસીએ જેથી કરબલાની શહાદત સાથે પયગંબરનો કેવો અને કેટલો નિકટ સંબંધ છે તે સ્હેલાઇથી સમજાય.

ઇસ્લામની એ માન્યતા છે જે પવિત્ર કુરઆનથી પણ સિદ્ધ થાય છે કે, એક લાખ ચોવીસ હજાર પયગંબરો (પ્રતિનિધિઓ) દુન્યાના જુદા જુદા ભાગોમાં અને જુદી જુદી પ્રજાઓમાં ખુદા તરફથી મોકલવામાં આવ્યા હતા. જેમાં સૌથી છેલ્લાં અને સૌથી શ્રેષ્ટ ઇસ્લામના મહાન્ પયગંબર હ૦ મોહમ્મદ સ૦ છે. જે જે મોઅજીઝા, અને જેટલી ફઝીલતો જુદા જુદા પયગંબરોને વિવિધ પ્રકારથી તેમના મરતબા અને દરજ્જાને અનુસરતી રીતે ખુદા તરફથી મળ્યા તે સર્વ એકસામટાં ઇસ્લામના મહાન્ પયગંબરને મળ્યાં છે. એટલુંજ નહિ પણ પયગંબરને એથાં પણ વિશેષ બીજી અનેક ફઝીલતો, અને મોઅજીઝા મળ્યા હતા. ખુદા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે, "વમા અરસલ્નાક રહમતન

લિલઆલમીન" હે મોહમ્મદ સ૦! અમે તમને બન્ને જહાનના માટે રહમત (દયાવંત) બનાવીનેજ મોકલ્યા છે." તેમજ પયગંબરને મેઅરાજ થઇ એટલે ટુંક વખતમાં સાતે આસમાન અર્ષ, બેહિશ્ત ઇત્યાદી સ્થળોએ તેમને લઇ જવામાં આવ્યા જે કોઇ પણ પયગંબરના માટે થયું નથી અને એ ઉત્તમમાં ઉત્તમ ફઝીલત ગણાય છે.

વળી એ પણ પવિત્ર કુરઆનથી અને પયગંબરની હદીસો વડે સિધ્ધ થાય છે કે, ફઝીલત અને દરજ્જાના પ્રમાણમાં અજમાઇશ અને મુસીબતો હોય છે. જેમ જેમ વધુ સંકટો સહન કરવાં પડે છે તેમ તેમ ખુદા તરફથી તેના પ્રમાણમાં બુઝર્ગી અને દરજ્જો મળે છે, અને જેનો મરતબો બુલંદ હોય છે તેની અજમાઇશ પણ કઠણ હોય છે. તો ઇસ્લામના મહાન્ પયગંબરની શ્રેષ્ટ પદ્ધિના મુકાબલામાં તેમના માટે પણ સઘળા પયગંબરો કરતાં વધુ અજમાઇશ અથવા મુસીબતો હોવી જોઇએ અને થયું પણ એમજ. કેમકે ખુદાની ખુશનુદી માટે અને પાક ઇસ્લામ મઝહબનો ફેલાવો કરવા અર્થે ઇસ્લામના પયગંબરે જે ભારે સંકટો સહન કર્યાં છે, તે કોઇ પણ બીજા પયગંબરથી બની શકયું નથી. પયગંબર સદા ફરમાવતા હતા કે–"જેટલી મુસીબતનો મુકાબલો મારે કરવો પડયો છે, તેટલી મુસીબતો બીજા કોઇ પયગંબર પર નથી પડી. હ૦ આદમ પયગંબરના માટે બેહિશ્તની જુદાઇ અને તેમના ફરઝંદ હ૦ હાબીલની શહાદતનો ગમ હતો. પયગંબરે ઇસ્લામ માટે પોતાની જન્મભૂમિ મક્કાથી હીજરત ફરમાવી મદીના તરફ જવું અને તેમના ફરઝંદ ઇબ્રાહીમનો ગમ અને હ૦ ઇમામ હસન તથા ઇમામે હુસયનની શહાદતનો ગમ હતો. હ૦ ઇબ્રાહીમ પયગંબર, હ૦ યઅકુબ, હ૦ અય્યુબ, હ૦ યહયા, હ૦ ઝકરિય્યા વગેરે પયગંબરો પર જે દુઃખો પાડવામાં આવ્યાં તે સર્વ પયગંબરે ઇસ્લામ પર પાડવામાં આવ્યાં. પણ ઇસ્લામના મહાન્ પયગંબર માટે શહીદ થઇ જવાનું દુઃખ ન હતું. કેમકે, પયગંબરને ઝાહેર રીતે તીર તલવાર ઇત્યાદી હથ્યારો વડે શહીદ કરવામાં આવ્યા નથી, અને કત્લ થઇ ખુદાના

રસ્તામાં શહીદ થવામાં ભારે ફઝીલત સમાયલી છે, જ્યારે અગાઉ થઇ ગએલા અનેક પયગંબરો જેમ કે હ૦ યહુયા, હ૦ જરજીસ, હ૦ ઝકરીય્યા વગેરે પયગંબરોને કત્લ કરવામાં આવ્યા છે.

ઇસ્લામના મહાન્ પયગંબર પોતે શહીદ ન થયા અને શહાદતનો દરજ્જો ઇમામે હુસયનને મળ્યો (જે પયગંબરનીજ શહાદત ગણાય છે એ અમે ઉપર સાબીત કરી ચુકયા છીએ) તેનાં ઘણાં કારણો હતાં જે અહીં ટુંકમાં લખીયે છીએ.

ઇસ્લામના મહાન્ પયગંબર ખુદાના છેલ્લા પ્રતિનિધિ હતા અને તેમનું મિશન વ્હોળું હતું, તેમજ પાક ઇસ્લામ મઝહબ કિયામતના દહાડા સૂધી દુન્યાની સઘળી મખલુકાત માટે એકજ ધર્મ હોવાથી તેનું પુરેપુરૂં શિક્ષણ આપી જવાની તેમની ફરજ હતી. જો તેઓ દુશમનના હાથે માર્યા જતે અને શહીદ થતે તો ખચિત ઇસ્લામ મઝહબનું શિક્ષણ સંપૂર્ણ ન થતાં તે કામ પૂર્ણપણે કરવા અર્થે બીજા પ્રતિનિધિની જરૂર પડતે. પણ તેઓ છેલ્લા પ્રતિનિધિ હોવાથી તેમના પછી બીજા કોઇ માટે નોબુવ્વત અગર પયગંબરી ન હોવાથી ઇસ્લામનું શિક્ષણ સંપૂર્ણ બનાવવા તેમની હયાતી અને હાજરીની જરૂર હતી.

ખુદા ફરમાવે છે કે "હુવલ્લઝી અરસલા રસુલહુ બિલહુદા વ દીનીલ હકકી લિયુઝહીરહુ અલદદીની કુલ્લિહી વલદ કરિહલ મુશરિકુન." અર્થ:-ખુદા તેજ છે કે જેણે પોતાના પયગંબરને રસ્તો દેખાડનાર (કોરઆન) અને સત્ય ધર્મ સહિત મોકલ્યો છે. એટલા માટે કે તે ધર્મને સર્વ ધર્મ ઉપર સર્વોપરી બનાવે. જો કે મુશરિક લોકો તેનાથી નારાઝ થાય.

(પવિત્ર કુરઆન.)

આ આયતથી સાબીત થાય છે કે, ઇસ્લામના મહાન્ પયગંબર કિયામતના દહાડા સૂધી ખુદાની સઘળી મખલુકાતના ઉપદેશક અને પયગંબર હતા, તેમજ પયગંબર અજ્ઞાન યુગમાં અને પહાડી મુલકમાં જંગલી અને ક્રૂર અરબોનાં શિક્ષણ અર્થે મબઉસ થયા હતા. એ તરફ નજર નાંખતાં જો તેમને શહીદ

કરવામાં આવતે તો તે જંગલી આરબો અને બની ઉમય્યાઓ એક પણ મુસલમાનને જીવતા છોડતે નહિ, અને તેઓની હિંમતમાં ઘણો વધારો થવા પામતે. એ શિવાય તે સમયના ઇસ્લામના વિરોધીઓ ખ્રિસ્તી અને યહુદી લોકો જેમના પર રોબની છાપ બેસી ગઇ હતી, તેઓ પણ પયગંબરને માર્યા ગયલા જોઇને ઇસ્લામને જડમૂળથી ઉખેડવા તનતોડ કોશીશ કરતે અને દુન્યાની સપાટી પર એક પણ મુસલમાનને બાકી રહેવા દેતે નહિ અને તેથી ફરીવાર દુન્યાની સપાટી પર મૂર્તિ-પૂજા અને અંધકાર ફેલાઇ જવા પામતે.

એ સઘળા કારણોને લીધે પયગંબર સ૦ની સલામતી તેમની શહાદત કરતાં વધુ લાભદાયક હતી. પણ તે સાથે શહાદતનો ભારે દરજ્જો પણ તેમના નવાસા હ૦ ઇમામે હુસયન અ૦ની શહાદત થકી તેઓ મેળવવા પામ્યા.

અમે ઉપર જણાવી ગયા છીયે કે ઇસ્લામના મહાન્ પયગંબર, ખુદાના છેલ્લા પ્રતિનિધિ હતા અને પાક મઝહબ ઇસ્લામ કિયામતના દહાડા સૂધી દરેક પ્રજા માટે એકજ ખરો મઝહબ સત્ય ધર્મ હોવાથી કિયામતના દહાડા સૂધી તે પાક મઝહબ કાયમ રહે, તેનું શિક્ષણ લોકોને મળતું રહે, અને ખુદાની હુજ્જત પુરી થતી રહે તેની અવશ્ય જરૂર હતી. કેમકે ખુદા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે "ઇન્નદદીના, ઇન્નદલ્લાહીલ ઇસ્લામ" અને ખચ્ચિત ઇસ્લામ ખુદા આગળ એકજ ખરો દીન છે. જેથી દીને ઇસ્લામની સચ્ચાઇ દેખાડવા માટે કિયામતના દહાડા સૂધી એવી હુજ્જત અને એવી મજબૂત દલીલ અથવા નીશાનીની જરૂરત છે જે વડે દુન્યાની આખી મખલુકાત પર ખુદાની હુજ્જત પુરી થતી રહે. એ મજબૂત દલીલ અથવા નીશાની ઇમામે હુસયનની શહાદત છે અને પયગંબરની એ ફરજ તેમના વતી તેમના પ્રતિનિધિ અને પ્યારા નવાસાએ પોતાની શહાદત વડે પુરી બજાવી છે.

ઇમામે હુસયનની શહાદત ઇસ્લામની સચ્ચાઇ માટે સચોટ દલીલ કેવી રીતે ગણી શકાય અને કિયામતના દહાડા સૂધી મખલુકાતે ખુદા પર કેમ કરતાં હુજ્જત પુરી થતી રહેશે, એના

જંવાબમાં અમે હુસયને મઝલુમની અઝાદારી પેશ કરશું. દર વર્ષે મોહરર્રમ મહિનામાં સઘળા મુસલમાનો દુન્યાના દરેક ખુણામાં જોરશોરથી ઇમામે હુસયનની અઝાદારી બરપા કરે છે. તેથી દુન્યાના દરેક જુદા જુદા પંથના લોકોનું ધ્યાન મઝલુમે કરબલા પર ખેંચાય છે. મુસલમાનોને આમ રોતાપીટતા અને ગમ કરતા જોઇ કુદરતી રીતે ઇન્સાનની સ્વાભાવિક જીજ્ઞાસાને લીધે દરેકને તેનું કારણ પુછવાનું મન થાય છે અને તેથી તેઓ ઇસ્લામની ખરી હકીકત ઇસ્લામના મહાન્ પયગંબર અને ખુદાની તવહીદથી વાકેફ થાય છે. ટુંકમાં એ કે ઇસ્લામના મહાન્ પયગંબરનું મિશન માત્ર ઇમામે હુસયનની અઝાદારી થકીજ ચાલુ છે અને કિયામતના દહાડા સૂધી ચાલુ રહેશે. ખ્રિસ્તીઓ કરોડો પાઉંડના ખરચે મિશનોનું કાર્ય કરી રહ્યા છે. આથી દસ ગણું કામ વિના ખર્ચે અને કોઇ પણ એવી સંસ્થા વગર ઇસ્લામીઓ માત્ર અઝાદારી થકીજ કરી શકે છે. જેથી સ્પષ્ટ થાય છે કે તબલીગનું કાર્ય જે પયગંબરની ફરજોમાંથી ગણાય છે તે આજપર્યંત ઇમામે હુસયનની શહાદતની અઝાદારી થકી ચાલુ રહ્યું છે. જેથી ઇમામે હુસયનની શહાદત એ પયગંબરનીજ શહાદત સિધ્ધ થાય છે. ઇમામે હુસયનની અઝાદારીના રિવાજથી તબલીગ (મિશન) નું કાર્ય કેવા બહોળા પ્રમાણમાં ચાલુ રહ્યું છે, અને એથી ઇસ્લામની કેવી ચઢતી થતી રહી છે, એ અમે એક પરધર્મિ જરમનીના મશહુર ઇતિહાસ-કર્તા ડા. મોરમેનના જગમશહુર લેખ "ઇસ્લામીક પોલીટીકસ" માંથી થોડી લીટીઓ અત્રે ટાંકી વધુ ખાત્રી કરાવી આપીશું.

તે લખે છે કે, "આપણે જ્યારે આપણા (ખ્રિસ્તી) મિશનોનો કાર્યક્રમ તપાસીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાઇ આવે છે કે, આટલી બધી સત્તા ને સાધનો હોવા છતાં આપણે આ કોમના પ્રગતિના દસમાં ભાગ જેટલી પ્રગતિ કરી શકતા નથી. જો કે આપણા ધાર્મિક ઉપદેશકો (ખ્રિસ્તી પાદરીઓ) પણ ઇસા અ૦નાં દુઃખો વર્ણવીને લોકો ઉપર અસર પેદા કરવાનો પ્રયાસ કરે છે; પરંતુ એની અસર હુસયનની અઝાદારીની અસરના મુકાબલામાં કંઇજ વિસાતમાં નથી.".....................

મારા મત પ્રમાણે મોહમ્મદી (ઇસ્લામી) કાયદાઓની રક્ષા મુસલમાનોની પ્રગતિ અને ઇસ્લામની ઉન્નતિ એ સૌ માત્ર હુસયનની શહાદતના પરિણામ છે............જ્યાં સૂધી તેઓ આ રિવાજને ચાલુ રાખશે ત્યાં સૂધી તેઓ કદી પણ અત્યાચારની સામે માથું નમાવી સત્યતાને હાથથી જવા દેશે નહિ તેમ અવનતિ તરફ દોરાશે નહિ..............." હુસયનની અઝાદારી માટે જે સભાઓ (મજલીસો) ભરવામાં આવે છે એ લક્ષપૂર્વક તપાસો કે એમાં કેવાં કેવાં રહસ્યો એકબીજાના કાને પહોંચાડવામાં આવે છે અને અંદરોઅંદર કેવું મહાન્ શિક્ષણ અપાય છે. હું પોતે ઘણી વખતે હુસયનની અઝાદારીની મજલીસોમાં તરજુમાન (દુભાષિયાને) સાથે લઇને ગયો છું. મેં સાંભળ્યું કે, તેઓ કહે છે કે હુસયન જેઓ આપણા ઇમામ અને પેશવા છે, તેમની તાબેદારી આપણા ઉપર વાજીબ છે. તેઓએ યઝીદના ઝુલમો સામે પોતાનું માથું નથી નમાવ્યું. ઇસ્લામના રક્ષણ કાજે અને લોકોને સીધા માર્ગ તરફ દોરવા માટે પોતાની મિલ્કત–અઝીઝ જાન અને અવલાદની કુરબાની આપી પોતાની એહલેબયતની અસીરી સ્વિકારી, પણ યઝીદની બયઅત કરી નહિ. પરિણામે દુન્યા ને આખેરતમાં નેકનામ થયા ને તેમના દુશમનોએ દીન દુન્યા બન્ને જગોએ નુકસાન ઉઠાવ્યું. આ ઉપરથી મને ખાત્રી થઇ કે, આ લોકો એકબીજાને એવું શિક્ષણ આપી રહ્યા છે કે જો તમો હુસયનની મોહબ્બત રાખો છો, તેમની તાબેદારી કરવા માંગો છો તો યઝીદીઓની જબરદસ્તી અને તાબેદારી કબૂલ રાખી તેઓના ઝુલમો સહન કરશો નહિ."

ઇમામે હુસયનની શહાદતથી ઇસ્લામને મળતા પાઠો અને અઝાદારીથી ઇસ્લામને પહોંચતા બેહદ અને બેમિશાલ લાભો તેમજ ઇસ્લામીઓની પ્રગતિ વિષે વિસ્તારીને અમોએ જુદા પ્રકરણમાં લખેલ છે.

અહીં અમે એ સાબીત કરવા માંગીયે છીયે કે, દુન્યાની સપાટી ઉપર ઇન્સાન પર જેટલા પ્રકારનાં દુઃખો પડે છે એ

બધાં દુઃખો એકી વખતે સામટાં ઇમામે હુસયન અ૦ પર પાડવામાં આવ્યાં છે.

આ જગતમાં ઇન્સાન ઉપર અનેક પ્રકારની મુસીબતો પડે છે. માંદગી, ધાસ્તી, ભૂખ, પ્યાસ, દેશવટો, અઝીઝોની જુદાઇ, સગાંવ્હાલાંઓનું મરણુ, બાળકો, યતીમ, અને ઓરતોનું વિધવા થવું, નાણાંની તંગી, દુશમનોની અવળાઇ અને તેઓની બીક ઇત્યાદી અનેક પ્રકારનાં દુઃખોમાં ઇન્સાન ગીરફ્તાર રહે છે. સઘળી બલા અને આફતોમાં શહીદે ઇસ્લામ, કરબલાના રણુમાં ગીરફ્તાર થયા જે ઇસ્લામી ઇતિહાસ પર નજર નાંખતાં સિદ્ધ થાય છે. હવે ઇમામે હુસયન પર પડેલાં દુઃખોનું ટુંકમાં અવલોકન કરાવવા માંગીયે છીયે, અને જગતમાં ઇન્સાન ઉપર જે આફતો અને મુસીબતો પડે છે, તે સાથે સરખામણી કરવાનું ન્યાયી વાંચક ઉપર મેલી આપીયે છીયે.

(૧) ઇમામે હુસયને પોતાનું વતન તજી ગરમીના દિવસોમાં બાળકો અને ઓરતોને સાથે લઇને દૂર દેશાવરના જંગલની મુસાફરીએ જવું પડયું.

(૨) તેમને મુસાફરી દરમિયાન હમેશાં દુશમનોના હુમલાની બીકમાં રહેવું પડયું.

(૩) ખાનએ કઅબા, મક્કએ મુઅઝ્ઝમા જેવા પવિત્ર સ્થળમાં અમાન અને ધાસ્તી વગર રહી ન શકયા.

(૪) તેમને કુફાવાસીઓએ હજારો કાગળો લખી બોલાવ્યા અને જ્યારે આપ તેઓના મેહમાન થઇને કુફા ગયા ત્યારે આપને ઘેરી લેવામાં આવ્યા અને છેવટે બેરહમીથી શહીદ કરવામાં આવ્યા.

(૫) તેમના પર અન્ન પાણી બંધ કરવામાં આવ્યું અને ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા શહીદ કરવામાં આવ્યા.

(૬) તેમનાં નાનાં બાળકો અને ઓરતોને સખત ગરમીમાં ત્રણ દિવસ સૂધી ભૂખ્યા અને પ્યાસા રાખવામાં આવ્યા.

(૭) ઇમામે હુસયનના ૭૨ સાથીઓ જેમાં તેમના દીકરા, ભાઇ, ભત્રીજા વીગેરે બની હાશમના ૧૮ જવાનો અને બાળકો હતાં, તેમને ઇમામની સામે થોડા કલાકોમાં શહીદ કરવામાં

આવ્યાં, તેથી બાળકો યતીમ થયાં અને ઓરતો બેવારિશ અને વિધવા થઇ ગઇ.

(૮) ઇમામે હુસયનના દુધ પીતા કોમળ બાળક માત્ર છ મહિનાના અલી અસગરને તીરથી વીંધીને તેમનાજ ખોળામાં શહીદ કરવામાં આવ્યા.

(૯) ઇમામ અને તેમના સાથીઓને શહીદ કર્યા પછી તેમના માથાને ધડથી જૂદાં કરવામાં આવ્યાં. તેમની લાશો ઘોડાના ટાપુથી કચરી નાંખવામાં આવી.

(૧૦) ઇમામના ખયમાને સળગાવવામાં આવ્યા અને તેમાંની વસ્તુઓ લુંટી લેવામાં આવી.

(૧૧) ઇમામના બીમાર ફરઝંદ તથા નાનાં બાળકો અને સ્ત્રીઓને બંદીવાન બનાવી કરબલાથી કુફા અને કુફાથી શામ સૂધી લઇ જવામાં આવ્યાં અને શામમાં લગભગ બાર મહિના સૂધી કેદ રાખવામાં આવ્યાં.

(૧૨) ઇમામ અને તેમના સાથીઓની લાશને ત્રણ દિવસ સૂધી બળતા રણમાં ગરમ રેતી ઉપર દફન કર્યા વગર મૂકી યઝીદીઓ ચાલતા થયા, અને ત્રણ દિવસ પછી કરબલાની આસપાસ રહેતા ખેડુતોએ તેમને દફન કર્યા.

(૧૩) ઇમામ અને તેમના સાથીઓને કબરની ઝીયારત પઢવા માટે બની ઉમય્યા અને બની અબ્બાસીના બાદશાહોએ સખત મનાઇ કરી હતી અને કબરની નીશાની સાવ નાબુદ કરવા માટે તેઓએ ઘણી કોશીશ કરી હતી, પણ છેવટે તેઓ ખુદાના નૂરને બુઝાવી ન શકયા.

(૧૪) ઇમામ અને તેમના સાથીઓની મઝલુમીય્યત ભરેલી શહાદતને યાદ કરી ગમના આંસુ પાડવા અને તેઓની અઝાદારી કરવાની મનાઇ થતી રહી અને તેઓને યાદ કરવાની વિરૂધ્ધમાં હરામ બીદઅતના ફતવા જારી થતા રહ્યા, પણ દુશમનો અને વિરોધીઓની દરેક કોશીશો નિષ્ફળ નીવડી અને દીન બદીન અઝાદારી વધુ ઝોરશોરથી થયા કરે છે અને કિયામતના દહાડા સૂધી ચાલુ રહેશે.

ઉપર મુજબ ટુંકમાં કરબલાના શહીદોની દુઃખોની હકીકત જણાવ્યા પછી ન્યાયી વાંચકને ખાત્રી થશે કે દુન્યામાં એવું કોઇ પણ દુઃખ નથી, જેનો મુકાબલો કરબલાના શહીદોને કરવો પડયો ન હોય. આ સઘળી મુસીબતો એકી સામટી ઇમામે હુસયન પર પાડવામાં આવી, જેથી ઇમામે હુસયનનો દરજ્જો અને મરતબો તમામ અંબીયા કરતાં વિશેષ અને ચઢયાતો સિધ્ધ થાય છે અને ઇમામે હુસયનની શહાદત પયગંબરનીજ શહાદત હોવાથી તેમનો મરતબો સર્વ પયગંબરો કરતાં ચઢયાતો અને શ્રેષ્ટ સાબિત થાય છે.

ઇમામે હુસયનની મુસીબતોમાં એટલી તાસીર સમાયલી છે કે પરધર્મિઓ, હિન્દુ, સિખ વીગેરે પણ તે મુસીબતોની અસર લઇ રહ્યા છે, અને એ ભારે કુરબાનીને દુન્યાની તમામ કુરબાનીઓ કરતાં પહેલા નંબરે અને અજોડ ગણે છે.

સરદાર ગોરમુખસિંગ—ઓનરરી મેજીસ્ટ્રેટ રાવલપીંડીનો અભિપ્રાય.

ઇ. સ. ૧૯૨૭ના અકટોબર તા. ૨૮–૨૯ અને ૩૦ ના સિયાલકોટ મધે અંજુમને શીઆ ઇસ્ના અશરીનો વાર્ષિક મેળાવડો ત્રણ દિવસ સુધી રહ્યો જેમાં શીઆ ઉપરાંત સુન્ની બીરાદરો, અને હિન્દુ વગેરે પરધર્મિઓની હાજરી પણ ઘણી સારી સંખ્યામાં હતી. તે મેળાવડાનો અહવાલ દુર્રેનજફ, અને ઇસ્લાહ પેપરોમાં વિગતવાર આપવામાં આવેલ છે. અહીં અમે 'ઇસ્લાહ' ઉર્દુ માસીકના પુ. ૩૧ અંક ૬ માંથી ત્રીજી બેઠકમાં સિખ કોમના સરદાર ગોરમુખસિંગ ઓ. મેજીસ્ટ્રેટનાં કરેલાં ભાષણનો ઉપયોગી ભાગનો તરજુમો નીચે આપીયે છીયે :—

"તે પછી સરદાર ગોરમુખસિંગ સાહેબ ઓ. મેજીસ્ટ્રેટ, પોતાના તરફની રકમ ફાળામાં દેવા માટે ઉભા થયા, અને તે રકમ આપી પ્રમુખ અને હાજર રહેલા સાહેબોની રજાથી તેમણે હૃદયભેદક વિવેચન ટુંકમા નીચે પ્રમાણે કર્યું.

સરદાર સાહેબે કહ્યું, "સાહેબો, મને કહેવામાં આવે છે કે, તમે શા માટે મુસલમાન થઇ જતા નથી? હું તેના જવાબમાં અરજ કરૂં છું કે શું હું એવો મુસલમાન બનું કે, જેઓએ પોતાના પયગંબરની એહલેબયત સાથે ન ઇચ્છવાજોગ વર્તણુંક ચલાવવાનું પસંદ કર્યું? સાહેબો, ખરેખર કેટલી જુલમની વાત છે કે, પયગંબરના ફરઝંદોને કુરબાનીના જાનવરોની માફક ઝબેહ કરવામાં આવે, અને તેમની ઓરતો, વહુ અને બહેનોને બંદીવાન બનાવી ગામોગામ દરબદર ફેરવવામાં આવે! મને બરાબર યાદ છે કે, જ્યારે સરદાર અય્યુબખાન અફગાનીસ્તાનથી અંગ્રેજોના કેદી બની રાવલપીંડી પહોંચ્યા ત્યારે રાજવંશી કેદીને કેવી રીતે રાખવામાં આવે છે તે જોવા માટે હું સ્ટેશન પર ગયો; પણ ત્યાં મેં શું જોયું? તે કેદીને ન સાંકળથી જકડવામાં આવ્યા હતા, ન તેને બેડીઓ પહેરાવવામાં આવી હતી, પણ ઇતિહાસ આપણને એમ જણાવે છે કે, ઇસ્લામના મહાન્ પયગંબર હ૦ મોહમદ સ૦ જેઓ બાદશાહોના બાદશાહ હતા, તેમની અવલાદને તો તે મુસલમાનો (બની ઉમય્યાઓએ) હેવાનીયત ભરેલી રીતથી, બેડી અને સાંકળમાં જકડી ઉઘાડે પગે અને ઉઘાડે માથે કયાં કયાં ફેરવતા રહ્યા?

હું રાવલપીંડી સ્ટેશન પર તે બાદશાહી કેદીને જોઇ રહ્યો હતો. એટલામાં બધાઓને હુકમ થયો કે સ્ટેશન પરથી ચાલ્યા જાઓ, અને કોઇ પણ પ્લેટફોર્મ ઉપર ઉભો ન રહે. શા માટે? "કારણ કે તે બાદશાહી કેદીની ઓરતો પરદામાં ગાડીમાંથી બાહેર આવે છે..............."

સરદાર સાહેબ અહિં સુધી રાવલપીન્ડી સ્ટેશનપર, તે બાદશાહી કેદી અને તેની હરમની હુરમતની હકીકત સાથે કરબલાના કેદીઓની સરખામણી કરતા પહોંચ્યા, કે હાજર રહેલાઓમાં, એથી વધુ સાંભળવાની તાકાત ન રહી. ચોમેરથી રડવાનો અવાજ આવવા લાગ્યો. કિયામતનો દેખાવ થઇ ગયો. થોડીવાર પછી શાંતિ ફેલાતાં, સરદાર સાહેબે હુન્દના કુરબાનીઓ સાથે કરબલાની કુરબાનીની સરખામણી કરતાં

આગળ ચલાવ્યું, "ભાઇઓ, હું ઇસ્માઇલની કુરબાનીની હકીકત જોતાં, કરબલાની કુરબાની પેહલે દરજ્જે અને શ્રેષ્ટ ગણી શકાય છે." આ સાંભળીને ત્યાં આગળ એક સુન્ની વકીલ હતા તેમણે ઉભા થઇને સરદાર સાહેબની એ સરખામણી પ્રત્યે પોતાનો વાંધો દર્શાવ્યો, જેના જવાબમાં સરદાર ગોરમુખસિંગ સાહેબે કહ્યું:-"કરબલાની કુરબાની દુન્યાની તમામ કુરબાનીઓ કરતાં પેહલે દરજ્જે સિધ્ધ કરવા માટે મારા ખર્ચે હાઇકોર્ટના કોઇપણ જડજને, આપણી હકીકત સાંભળી ઇન્સાફ કરવાનું કહીયે. આ બારામાં જે ચુકાદો આપવામાં આવે તે આપણે માન્ય રાખીયે." આ સચોટ જવાબ પામી, તે વકીલ સાહેબ મુંગા થઇ બેસી રહ્યા.

અફસોસ! એક પરધર્મિ હિન્દુ સિખ ગૃહસ્થ ઇસ્લામના મહાન્ પયગંબરના નવાસાની કુરબાની દુન્યાની તમામ કુરબાનીઓ કરતાં શ્રેષ્ટ ગણે છે, જ્યારે મુસલમાન થઇને વકીલ સાહેબ તેમાં સંમત થઇ શકતા નથી, અને વાંધો ઉઠાવે છે! વકીલ સાહેબની ઇમામે હુસયન અ૦ પ્રત્યેની આ વિરૂધ્ધતા જોઇ મેળાવડામાં હાજર રહેલા સઘળા મુસલમાનોને ઘણી અજાયબી ઉપજી હતી.

"ઇસ્લાહ" ખજવા જીલ્લા સારન.

પ્રકરણુ આઠમું.

કુરબાની.

પરવરદીગારે આલમ કુરઆને શરીફમાં ફરમાવે છે, "વલનબ્લુવન્ન કુમબિશયઇમ્મીનલ્ ખવફી વલજુઇ વનકસિમ્મેનલ અમવાલ વલ અનફુસિ વસ્સમારાતી."

તરજુમો:–અને ખચ્ચિત અમે કંઇક ભયથી અને ભૂખથી તેમજ માલ અને જાન અને મેવા (ફળ) ની નુકસાનીથી તમારી આઝમાઇશ કરશું (પરિક્ષા લેશું) અને તે ઉપર સબર કરવાવાળાને ખુશખબરી આપ કે જેઓ પોતા ઉપર કોઇ મુસીબત આવી પડે છે ત્યારે કહે છે કે અમો અલ્લાહના માટે છીયે અને ખચિત તેનીજ તરફ પાછા ફરનારા છીયે. આ તે લોકો છે કે જેઓની ઉપર ખુદાની તરફથી આશિર્વાદ અને રહેમત છે અને તેઓ હિદાયત પામનાર છે.

આ આયતમાં ખુદા ફરમાવે છે કે, અમોપરિક્ષા લેશું. ભૂખ, પ્યાસ, ખૌફ, માલની નુકસાની, જાનની નુકસાની અને મેવાની નુકસાનીથી અહીંયા મેવાથી મુરાદ અવલાદ છે, કેમકે અવલાદ દીલનો મેવો છે. એ બધી પ્રકારની પરિક્ષા હ૦ ઇમામ હુસયન અ૦ માટે એક્કી વખતે લેવામાં આવી. તેમાં મુખ્ય કરી અવલાદના બારામાં સખતમાં સખત પરિક્ષા ઇમામ હુસયન અ૦ના માટે હતી, અને તેમાં તેઓ બરાબર પહેલે નંબરે પાસ થયા. જ્યારે બીજાઓ માટે તેમાંથી કોઇ કોઇ બાબતો માટે જુદી જુદી અજમાયશ લેવામાં આવી છે.

એક્કી વખતે દુન્યાની દરેક પ્રકારની મુસીબતો માત્ર શહીદે કરબલા ઉપર આવી પડી હતી, જે હ૦ આદમ અ૦થી કીયામત સૂધી કોઇ ઇનસાન ઉપર થવાની નથી, તેમજ જે પ્રકારની કુરબાની ઇમામ હુસયન અ૦મે ખુદાની રાહમાં આપી છે, આવી કુરબાની કોઇ પણ આપી શકયો નથી. એટલુંજ નહિ પણ બારીકીથી જોતાં ઇમામ હુસયન અ૦ની આપેલી કુરબાનીની

જે શાન અને બુઝુરગી ખુદાવંદે કરીમ તરફથી આપવામાં આવી છે, તેવી રીતે કોઇ પણ પયગંબર યા અવલીયાની કુરબાનીની અઝમત અને બુઝુરગી થઇજ નથી.

દુન્યામાં એવા હઝારો મહાપુરૂષો થઇ ગયા છે કે, જેઓએ પોતાની કોમ કે મઝહબ માટે પોતાની જાન કુરબાન કરી છે. એવી કુરબાનીને લોકો માનની નજરથી જુવે છે અને તેવા મહા પુરૂષોની યાદગીરી જાળવવા અને તેનું અનુકરણ કરવા લોકો સદા તત્પર હોય છે, પણ તેવી પ્રસંશા અગર વખાણ માટે હદ હોય છે. દાખલા તરીકે હિંદુસ્તાનમાં પોતાની કોમ અને દેશની સેવા અર્થે કોઇ મહાત્મા પોતાની જાન કુરબાન કરે તો તેની યાદગીરી માત્ર હિંદુસ્તાનના લોકો જાળવશે. જ્યારે યુરોપવાસીઓ, આફ્રીકાના હબસીઓ, ચીનાઓ કે જાપાનીસો કદી પણ તેવા હિંદી મહાપુરૂષની યાદગીરી જાળવવા કાળજી રાખશે નહિ, તેમજ એવા ઘણા મહાત્માઓ અને વિરનરો દુન્યાની સપાટી ઉપર થઇ ગયા. પણ સમયના વહેવા સાથે ઇતિહાસના પાનાઓ ઉપર તેઓની ઝાંખી યાદ સિવાય કાંઇ બાકી રહેલું જણાતું નથી. મહા પુરૂષોનાં કાર્યો, વખત ધીમે ધીમે ભૂસાવી દે છે.

પરંતુ શું હુસયને મઝલુમની કુરબાનીની શાન છે કે, તેરસો વરસની લાંબી મુદત વીત્યા પછી પણ આજે દુન્યાની સપાટી ઉપર કોઇ પણ વસ્તી એવી નહિ હશે જ્યાં મુહર્રમના ચાંદ સાથે ખુદાના ઘરના સૂર્ય અને ચાંદની યાદગીરી તાજી થતી ન હોય? હુસયનના પ્યારા નામથી કોણ અજાણ છે! નસારા, યાહુદી, હિંદુ, આફ્રીકાના કાળા વતનીઓ પણ હુસયનની મઝલુમીથી અસર લઇ રહ્યા છે અને તેના ગમમાં આંસુ પાડી રહ્યા છે. હુસયન અ૦નું બયાન માત્ર પુસ્તકો અને ઇતિહાસમાં રહેલું નથી પણ તે બનાવ કરોડો બલકે અસંખ્ય પુરૂષો, ઓરતો અને નાનાં બાળકોનાં જીગરમાં કોતરાએલો છે.

હુસયન અ૦નું નામ અને તેમની કબરની નીશાની મટાડવા યઝીદની ઉમ્મત શરૂઆતથી કોશીશ કરતી રહી છે, પણ હુસયન અ૦ની કબ્ર એકજ કરબલામાં નથી કે તેને બેદાન-

મેદાન કરી નાંખે. હુસયન અ૦ની કબર તેમના કરોડો અઝાદારોના વિંધાયલા જીગરમાં સલામત છે, અને યઝીદીઓ કેટલાઓનો નાશ કરવાની શક્તિ ધરાવે છે?

હુસયને મઝલુમની મોહબ્બતમાં અમો અસલ મતલબથી જરા છેટે નીકળી ગયા. હવે અસલ વિષય કુરબાની ઉપર આવી ઇસ્લામી દુન્યાની મહાન્ અને મુખ્ય બે કુરબાનીઓનું ટુંક વર્ણન કરી હુસયને મઝલુમની કુરબાની સાથે સરખાવવાની કોશીશ કરશું. ઇસ્લામી દુન્યાની આ મહાન્ બે કુરબાનીઓ એવી થઇ છે કે, જેની મહત્વતા અને બુઝુરગી ઇસ્લામીઓમાં આજપર્યંત જળવાઇ રહી છે, છતાં હુસયને મઝલુમની કુરબાનીની સામે મેલી નજ શકાય.

પહેલી કુરબાની હ૦ ઇસ્માઇલ અ૦ની.

અવલાદ જેવી કોઇ ચીઝ દુન્યામાં વ્હાલી નથી અને અવલાદનો તે પણ જવાન બેટાનો દાગ સખત હોય છે. જીગરમાં તેનો ઘા ઘણો ઉંડો પેસે છે અને તે જલદી રૂઝાતો નથી. જાન કરતાં જવાન બેટાનો દાગ વિશેષ હોય એ સાહેબાને અવલાદને સમજાવવાની જરૂરત નથી.

હ૦ ઇબ્રાહીમ પયગંબર ખુદાના ખલીલ (દોસ્ત) હતા, તેમને ખુલ્લતનો ખીતાબ ખુદાએ અર્પણ કર્યો હતો. ખરા દોસ્તની પરિક્ષા મોહબ્બતની કસોટી ભારે હોય છે તેથી તે મહાન્ પરવરદીગારે પોતાના દોસ્તની પરિક્ષા લેવા ચાહ્યું ત્યારે ઉત્તમમાં ઉત્તમ અને વ્હાલામાં વ્હાલી વસ્તુથી કસોટી લીધી. તેમાં હ૦ ઇબ્રાહીમ પાસ થયા અને મુહસીન તેમજ ખલીલના ખીતાબની નવાઝેશ કરવામાં આવી.

હ૦ ઇબ્રાહીમ અ૦મે ખુદાની દરગાહમાં દુઆ કરી, "અય મ્હારા પરવરદીગાર, તું મને એક નેક ફરઝંદની બખશીશ કર, જે તારી ઇબાદતમાં મ્હારી મદદ કરે અને લોકોને હક તરફ બોલાવે અને દરેક મુસીબત વખતે મારો મદદગાર રહે." ખુદાએ તઆલાએ તેઓની દુઆ કબૂલ કરી જેનું વર્ણન

કુરાનમાં ખુદા કરે છે કે, "અમોએ ઇબ્રાહીમને સહનશીલ બેટાની ખુશખબરી આપી."

બીબી સારાની મરજીથી હ૦ ઇબ્રાહીમ અ૦મે હ૦ ઇસમાઇલ અને તેની મા બીબી હાજરાને મક્કા લઇ ગયા અને ત્યાં હ૦ ઇસમાઇલ પરવરીશ પામ્યા. જ્યારે તેમની ઉમ્ર તેર વર્ષની થઇ, ત્યારે હ૦ ઇબ્રાહીમ તેમને અને બીબી હાજરાને જોવા મક્કામાં આવ્યા ત્યારે ઝીલહજની આઠમી રાત્રે હ૦ ઇબ્રાહીમ સુઇ રહ્યા હતા ત્યારે સ્વપ્નામાં અવાજ આવ્યો કે, "અય ખલીલ, તું અમારી મોહબ્બતનો દાવો કરે છે અને તારા પુત્ર પ્રત્યે દીલમાં આટલી પ્રિતી રાખે છે, તો જો તું અમારો મેળાપ ચાહતો હોય તો પોતાના પ્યારા ફરઝંદને ઝબેહ કરી અમારી મોહબ્બતની સચ્ચાઇ ઝાહેર કર." આ સ્વપ્નું જોઇ હ૦ ઇબ્રાહીમ ઉઠયા અને આખો દિવસ ઉદાસ રહ્યા અને મનમાં કહેતા હતા કે, આ સ્વપ્નું ખરૂં છે કે માત્ર વસવસો છે. નવમી રાત્રે સુતા તે વખતે ફરીથી એજ સ્વપ્નું જોયું ત્યારે તેમને ખાત્રી થઇ કે તે વસવસો નથી પણ ખુદાનો હુકમ છે જેથી નવમી તારીખને 'અરફા' કહે છે, વળી દસમી રાત્રે (ઇદની રાત્રે) ફરીથી ત્રીજીવાર એજ મુજબ સ્વપ્નું જોયું તેથી હ૦ ઇબ્રાહીમને ખાત્રી થઇ કે આ સ્વપ્નું પરવરદીગાર તરફથી છે તેથી તે કામ બજાવી લાવવાનો નિશ્ચય કર્યો.

દસમી તારીખે માહે ઝીલહજમાં ઇદે કુરબાનીના દિવસે હ૦ ઇબ્રાહીમ અ૦મે પોતાની બીબી હાજરાને ફરમાવ્યું કે, પોતાના ફરઝંદ ઇસમાઇલને એક મિત્રને ત્યાં મેહમાનીમાં લઇ જવાનો હોવાથી નહવરાવી આંખમાં સુરમો લગાડી સારાં કપડાં પહેવરાવો. બીબી હાજરાએ હ૦ ઇસમાઇલને ઉમદા કપડાં પહેરાવી, આંખોમાં સુરમો આંજી, તેના કપાળ ઉપર બોસો આપી ફરમાવ્યું, "બેટા, તને કયા દોસ્તને ત્યાં લઇ જાએ છે તેની મને ખબર નથી પણ મને તારા શરીરમાંથી જુદાઇની વાસ આવે છે."

હ૦ ઇબ્રાહીમે બીબી હાજરાને કહ્યું કે, એક દોરડું અને તેજ છુરી લાવ કે તે મારે સાથે રાખવાં છે. બીબી હાજરાએ

અરજ કરી, "યા ખલીલુલ્લાહ મેહમાનીમાં છરી અને દોરડાનું શું કામ છે?" હઝરતે ફરમાવ્યું કે, વખતે કુરબાની કરવાની હોય તો છરી અને દોરડાંની જરૂરત પડે. તે પછી હ૦ ઇબ્રાહીમ અ૦ હ૦ ઇસમાઇલને લઇ મીના તરફ રવાના થયા.

તે પછી ખુદા ફરમાવે છે કે, જ્યારે ઇબ્રાહીમ ઇસમાઇલને લઇ 'સઇ' નામની જગોએ પહોંચ્યા તો મુહબ્બતથી ફરમાવ્યું, "અય ફરઝંદ, તું જાણે છે કે ખુદાની રહમત અને નજીકનો મરતબો સખતી અને મુસીબત ઉપર સબર કર્યા શિવાય મળી શકતો નથી. હું હંમેશાં સ્વપ્નામાં જોઉં-છું કે હું તને ઝબેહ કરૂં છું એટલે મને ઉપરાઉપર ખુદાનો હુકમ પહોંચે છે કે તારી જુદાઇનો દાગ ઉઠાવી તે ઉપર સબર કરૂં. માટે તે વિશે તું નજર કર કે તું શું જુવે છે?" આ સવાલ પુછવાનું કારણુ એ હતું કે, હ૦ ઇસમાઇલ ખુદાના હુકમ ઉપર સબર ફરમાવી સાબીત કદમ રહે છે કે રડીને આજીઝી કરીને બેસબરી કરે છે પણુ હ૦ ઇસમાઇલે ખુદાની મરજી ઉપર રાજી રહીને અરઝ કરી કે, "અય બાબા, જે કાંઇ ખુદાનો હુકમ હોય, તે ઉપર અમલ ફરમાવો. નજીક છે કે તમો મને સબ્ર કરવાવાળો પામશો."

(કુરઆને શરીફ.)

ઇબલીસે મલઉને જોયું કે, હ૦ ઇબ્રાહીમ એક જબરદસ્ત કસોટીમાંથી પસાર થાય છે અને મક્કમ રહી ખુદાની મહાન્ ફરમાનબરદારી કરવા ચાહે છે તેથી મક્કર અને ફરેબ કરી હ૦ ઇબ્રાહીમને તે કામ કરતાં અટકાવવાનો ઇરાદો કરી પ્રથમ એક વૃદ્ધ માણુસનું રૂપ ધારણુ કરી બીબી હાજરા પાસે આવી કહ્યું, "અય હાજરા, તમોને ખબર છે કે હ૦ ઇબ્રાહીમ અ૦ હ૦ ઇસમાઇલને કયાં લઇ જાય છે?" તેઓએ કહ્યું, "હા, હું જાણું છું. એક દોસ્તને ત્યાં મેહમાનીમાં લઇ જાએ છે." ઇબલીસે કહ્યું, "તેમ નથી, પણ ઇસમાઇલને ઝબેહ કરવા લઇ જાય છે." બીબી હાજરાએ કહ્યું, "ઓ ભુઢ્ઢા, ખરેખર તું ઇબલીસ જણુાય છે. ભલા હ૦ ઇબ્રાહીમ ખલીલ પોતાના વ્હાલા ફરઝંદને ઝબહ કરવાનો ઇરાદો ફરમાવે ખરા?"

ઇબલીસે કહ્યું, "પણ હ૦ ઇબ્રાહીમનું કહેવું છે કે સ્વપ્નામાં તેમને તે માટે ખુદાનો હુકમ થયો છે." બીબી હાજરાએ કહ્યું કે, "અગર ખુદાની એવીજ મરજી હોય તો મારા ઇસમાઇલ જેવા હઝાર બેટા બલકે મારી જાન પણ તે માલીકની રાહમાં કુરબાન છે."

"તે મલઉને ત્યાંથી નિરાશ થઇ હ૦ ઇબ્રાહીમની ખીદમતમાં આવીને કહ્યું, "અય ઇબ્રાહીમ તમો તમારા પ્યારા ફરઝંદને ઝબહ કરશો?" હ૦ ઇબ્રાહીમે ફરમાવ્યું, "અય મરદુદ ઇબલીસ તું દૂર થા. તારા ફરેબની અસર મારા ઉપર થશે નહિ. મારા પરવરદીગારની રાહમાં મારા હઝાર ફરઝંદો કુરબાન છે." ઇબલીસે હ૦ ઇસમાઇલ તરફ ફરીને કહ્યું, "તમોને ખબર છે કે તમારો બાપ કયાં લઇ જાએ છે?" તેઓએ કહ્યું, "હા, મને એક દોસ્તની મેહમાનીમાં લઇ જાય છે." ઇબલીસ બોલ્યો, "નહિ, બલકે તમોને ઝબેહ કરવા લઇ જાય છે. કેમકે, તમારા બાપનું ધારવું છે કે તેમ કરવા માટે ખુદાનો તેમને હુકમ થયો છે." હ૦ ઇસમાઇલે તે મરદુદને દૂર કરતાં ફરમાવ્યું, "દૂર થા, ઓ શકી તું ઇબલીસ છો. અગર મારા પરવરદીગારની રઝામંદી એમાંજ હોય તો મારી હઝાર જાનો તેની રાહમાં કુરબાન છે." લખે છે કે, હ૦ ઇબ્રાહીમને ત્રણવાર ઇબલીસે આવી ફરેબ આપવા ચાહ્યું, અને ત્રણે વખત કાંકરીઓ મારી હઝરતે તેને દૂર કર્યો જેની યાદગીરીમાં કાંકરી મારવી હાજીઓના માટે આજદીન સૂધી હજ્જની ક્રિયામાં દાખલ કરવામાં આવેલ છે.

હ૦ ઇબ્રાહીમ અ૦ મીનામાં ઠેહર્યા અને હ૦ ઇસમાઇલને પોતાની સામે બેસાડી છરી અને દોરડું કાઢીને ફરમાવ્યું, "અય ફરઝંદ, હવે ખુદાની રઝામંદી ઉપર રાજી રહી તૈયાર થાઓ અને કાંઇ વસીય્યત હોય તો બયાન કરો." હ૦ ઇસમાઇલે અરજ કરી, "મારી ત્રણ વસીય્યતો છે. પ્રથમ એ કે ઝબેહ કરતી વેળા મારા હાથ પગ બાંધી લેશો, એવું ન થાય કે હાથ પગ અફાળતાં સબર કરવામાં ફેર પડે અને જો તેથી તમોને ઇજા થાય તો તમારી બેઅદબી થાય, તેમજ મારા લોહીથી તમારા

કપડાં ખરડાય. બીજી વસીય્યત એ છે કે ઝબેહ કરતી વેળા મારૂં મ્હોઢું ઝમીન તરફ રાખશો. કેમકે, માટી ઉપર ચહેરો રહેવાથી અને આજીઝી કરવાથી પરવરદીગારે આલમની રઝામંદી મળે છે તેમજ મારા ચહેરા ઉપર તમારી નજર નહિ પડશે. કેમકે, જો તે વખતે મારા ચહેરા તરફ નજર કરશો તો મોહબ્બતની જોશમાં આવતાં તમારા મક્કમપણા અને સબરમાં ફરક આવશે. ત્રીજી વસીય્યત એ છે કે મારી માદરેગીરામી જ્યારે તમોને એકલા પાછા ફરતા જોશે તો બહુજ બેચેન થશે. તો તેમને દીલાસો આપતા રહેશો અને મારા સલામ પહોંચાડશો તેમજ મારા ઉપર રાજી રહી પોતાના હકોને બખશી આપવા માટે મારા તરફથી અરજ કરશો અને કહેશો કે સબર ફરમાવે. કેમકે, ખુદા સબર કરનારને દોસ્ત રાખે છે."

હ૦ ઇબ્રાહીમ અ૦એ પોતાના દીકરાના હાથ પગ બાંધી વસીય્યત મુજબ જમીન ઉપર સુવરાવ્યા અને તેનું કપાળ જમીન ઉપર રાખ્યું. આસમાન ઉપર ફીરીશતાઓમાં રડવાનો શોર મચી રહ્યો અને તેઓ હ૦ ઇબ્રાહીમ અ૦ના સબર કરવા ઉપર તેમજ હ૦ ઇસમાઇલની હિંમત ઉપર અજાયબી પામતા હતા. ખુદાનો હુકમ થયો, "અય ફીરીશતાઓ ઇબ્રાહીમ મારા ખલીલ (દોસ્ત) છે અને તેઓ કસોટીમાં પાસ થયા છે. હ૦ ઇબ્રાહીમ અ૦એ ગળા ઉપર છરી ફેરવી, તરતજ હ૦ જીબ્રઇલને હુકમ થયો જલદી ઝમીન ઉપર પહોંચી છરીને ફેરવી નાંખો. હ૦ જીબ્રઇલે છુરી ઉંધી ફેરવી નાખી. ઘણીવાર એમ થતાં હ૦ ઇબ્રાહીમને ગુસ્સો ઉપજ્યો અને છરીને ફેંકી દીધી. છરીમાંથી અવાઝ આવી કે હું શું કરૂં? ખલીલ મને હુકમ કરે છે જ્યારે રબ્બે જલીલ મનાઇ ફરમાવે છે." તે પછી હ૦ જીબ્રઇલ બેહીશતથી એક દુમ્બો લઇ આવ્યા અને અરજ કરી કે, "આ દુમ્બાની કુરબાની કરો." આસમાનથી આવાઝ આવ્યો, "અય ઇબ્રાહીમ તેં સ્વપ્નાને સાચું કર્યું. અમો એજ મુજબ નેકી કરવાવાળાઓને (ખુદાની તાબેદારી કરનારને) નેક બદલો આપીયે છીયે."

ખુદાવંદે કરીમ કુરઆનમાં ફરમાવે છે, "વફદયનાહુ બીઝીબ્હીન અઝીમ." અમોએ ઇસમાઇલને બદલે એક મોટો

ફીદયો આપ્યો. આ મ્હોટા ફીદયાનો ઇશારો હ૦ ઇમામ હુસયન અ૦ તરફ થાય છે. કેમકે તે કુરબાનીનો બુલંદ મરતબો હ૦ ઇમામ હુસયન અ૦ માટે રહ્યો. હ૦ ઇસમાઇલ અ૦ જો ઝબેહ થતે, તો હ૦ રસુલ સ૦ કેવી રીતે પયદા થતે. જેથી મજકુર બાબત પ્રત્યે ઇશારો કરી હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું છે કે, અના–મીન–હુસેન– હું હુસયનમાંથી છું, એનો મતલબ જેમ કે ઓલમા લખી ગયા છે કે જો ઇમામ હુસેન અ૦ હ૦ ઇસમાઇલના બદલામાં ફીદયએ અઝીમ તરીકે ન આવત તો હ૦ ઇસમાઇલ ઝબહ થાત અને હ૦ રસુલ સ૦નું વુજુદ દુન્યામાં નહિ થાત, જેથી તેમનું વુજુદ થવું હુસયન અ૦ને આભારી છે, અને જેને યાદ કરી હઝરત પયગંબરે ફરમાવ્યું છે કે, અના–મીન–હુસેન હ૦ ઇસમાઇલ અ૦ પયગંબરના દાદા થતા હોવાથી હ૦ ઇમામ હુસયન અ૦ માટે તે કુરબાની રહી અને હ૦ રસુલ સ૦ દુન્યામાં તશરીફ લઇ આવ્યા અને ઇમામ હુસયન અ૦ પયદા થયા. તેથી હ૦ રસુલ સ૦ ફરમાવતા હતા. "હુસયનુમ્મીન્ની વ અના મિનલ હુસયન." હુસયન મારાથી અને હું હુસયનથી છું, અને ફરમાવતા હતા કે, હું બે ઝબીહોનો ફરઝંદ છું. એક હ૦ ઇસમાઇલ અ૦ જેઓ હ૦ રસુલની ૩૧ મી પેઢીએ દાદા થાય છે અને બીજા તેમના પિતા હ૦ અબદલ્લાહ અ૦ જેઓની કુરબાનીનું બયાન ઇન્શાઅલ્લાહ બીજી કુરબાનીના વર્ણનમાં આવશે.

હ૦ ઇબ્રાહીમ અ૦મે જોયું કે ઇસમાઇલના માટે ફીદયો નાઝીલ થયો અને ઇસમાઇલની કુરબાની ન થઇ તેથી દીલગીર થયા તે સબર કરવાનો અને ઇસમાઇલના ગમમાં રડી ગમગીન રહેવાનો મ્હોટો દરજ્જો મને ન મળ્યો.

તેથી પરવરદીગારે આલમ તરફથી પૂછવામાં આવ્યું, "અય ઇબ્રાહીમ તારા ફરઝંદને વધારે ચાહે છે કે પયગંબરે આખેરૂઝઝમાનના ફરઝંદને? હ૦ ઇબ્રાહીમે અરજ કરી, બારે ઇલાહા! મારા ફરઝંદ કરતાં તારા હબીબ રસુલે ખુદા સ૦ના ફરઝંદ મને વધારે અઝીઝ છે. હુકમ થયો કે તે પયગંબરના નવાસા હુસયને મઝલુમને કરબલાના બળતા રણમાં ત્રણ દિવસના

ભૂખ્યા અને પ્યાસા શહીદ કરવામાં આવશે અને તે વખતની સઘળી મુસીબતોનો દેખાવ હ૦ ઇબ્રાહીમને દેખાડવામાં આવ્યો જે જોઇ હ૦ ઇબ્રાહીમ ઘણું રડયા અને તે ઝાલેમ કોમ અને તેના સરદાર યઝીદ ઉપર લઅનત કરી. પરવરદીગારે આલમ તરફથી હુકમ થયો કે, અય ઇબ્રાહીમ તારા ફરઝંદને ઝબેહ કરી તને સદમો પહોંચવાથી રડતે તેના કરતાં હુસયનના ગમમાં તારી ગીરય વઝારીનો મરતબો ઘણો બુલંદ છે અને તેનો સવાબ ભારે અઝીમ છે. હ૦ ઇસમાઇલની હિંમત અને સબર માટે હુકમ થયો કે તેના બદલામાં તે જે કાંઇ હાજત માંગશે તે તેને આપવામાં આવશે. હ૦ ઇસમાઇલ અ૦ મે દુઆ કરી બારે ઇલાહા! તારા હબીબ રસુલે ખુદા સ૦ની ઉમ્મતમાંથી જે કોઇ અંતકાળ વખતે તવહીદનો કલમો ઝબાન ઉપર લાવે (એટલે ઇમાન સાથે મરણ પામે) તેના સઘળા ગુનાહોને મારી ખાતરથી બખશી આપ. પરવરદીગારે આલમ તરફથી હુકમ થયો "અય ઇસમાઇલ તારી હાજત કબૂલ થઇ."

આ પહેલી કુરબાની જેમાં હ૦ ઇસમાઇલ બચવા પામ્યા અને તેમના બાપને દાગ ન લાગ્યો છતાં પણ જ્યારે ઇદના દીવસે ઇદની નમાઝ બાદ ખુતબો પડવામાં આવે છે, તેમાં હ૦ ઇસમાઇલની કુરબાનીનું બયાન થતાં મસજીદમાં હાજર રહેલા સઘળા મુસલમાનો પોક મૂકી રડે છે. પણ અફસોસ! એજ મુસલમાનોની સામે તેઓનાજ પયગંબરના નવાસાની શહાદતના મુહર્રમના ગમનાક દિવસો આવે છે ત્યારે તેઓમાં જે નામના કહેવાતા મુસલમાનો ખરા ઇસ્લામીઓ સાથે ભળી ગયા છે, તેઓ અઝાદારીને બુતપરસ્તી બીદઅત કહી અઝાદારી બંધ કરવા મથી રહે છે. હઝરતે ઇસમાઇલ ઉપર કોઇ પણ પ્રકારનું દુઃખ પડયું ન હતું, છતાં તેઓ તે વર્ણનથી રડે છે, પણ હ૦ ઇમામ હુસયન અ૦ અને તેમના નાના બાળકો, જવાન બેટા, ભાઇઓ, ભત્રીજા અને અનસારોને, ત્રણ દિવસની ભૂખ તરસની સાથે આટલી બેરહમીથી શહીદ કરવામાં આવ્યા છતાં એક આંસુ પાડવાને બદલે આશુરાના દિવસે નવા ઝરીન

કપડાં પહેરી આંખોમાં સુરમો હાથમાં મેંહદી લગાડી ખુશહાલી કરી રહ્યા છે!. વાહરે મુસલમાની!!

હ૦ ઇસમાઇલ અ૦ની કુરબાની અને કરબલાની કુરબાની વચ્ચે કેટલો તફાવત છે તે સેહલાઇથી સમજી શકાય તેમ છે. હુસયને મઝલુમની કુરબાનીની મહત્વતા અમો ત્રીજા નંબરની કુરબાનીમાં વિસ્તારીને લખશું તેથી અત્રે વધારે લંબાણ નહિ કરતાં બીજી કુરબાની હ૦ અબ્દલ્લા બીન અબદુલ મુત્તલીબની કુરબાનીનું બયાન લખીયે છીયે.

બીજી કુરબાની

હ૦ અબદુલ મુત્તલીબ મક્કાના બાદશાહ હતા પણ તેમને એકજ ફરઝંદ હોવાથી મક્કાના કુરેશીઓ આપને મેણાં મારતા હતા. તેમજ બની ઉમય્યાની દુશમની અને કુરેશીઓની અવળાઇને લીધે તેઓએ પરવરદીગારે આલમના જનાબમાં દુઆ ફરમાવી અને માનતા માની હતી કે, જો પરવરદીગારે આલમ દસ ફરઝંદ અતા ફરમાવે તો તેની ખુશી માટે તેની રાહમાં એકની કુરબાની કરીશ.

હઝરત અબદુલ મુત્તલીબે છ ઓરતો સાથે લગ્ન કર્યાં અને તેઓથી દસ ફરઝંદ પયદા થયાં. તેમાંથી બની મખઝુમની કોમમાંની જનાબે ફાતેમાના પેટથી હ૦ અબદુલ્લાહ (હ૦ રસુલે ખુદાના પિતા) અને હ૦ અબુ તાલેબ (હ૦ અલી અ૦ના વાલેદ) પયદા થયા. હ૦ અબદુલ મુત્તલીબની પેશાની ઉપર જે નૂર હતું તેના બે ભાગ થયા અને તેમના બન્ને ફરઝંદો હ૦ અબદુલ્લાહ અને હ૦ અબુતાલીબની પેશાની ઉપર ચમકવા લાગ્યું.

સાધારણ બચ્ચાં જેટલાં બે વર્ષમાં વધે છે, તેટલું હ૦ અબદુલ્લાહ એક દિવસમાં વધતા હતા. લોકો આપને જોવા માટે ટોળેટોળાં આવતાં હતાં અને આપના નૂરને જોઇને અજબ થતા હતા. યહુદીઓ અને હસદખોરોને તેમની અદેખાઇ ઉપજતી અને દુશમની કરતા, જ્યારે અબદુલ મુત્તલીબને અગીયાર ફરઝંદ થયાં ત્યારે પોતે કરેલી માનતાં યાદ આવવાથી

પોતાનાં સર્વે ફરઝંદોને એકઠા કરી ફરમાવ્યું "તમને ખબર છે કે, હું તમને બધાને ચાહું છું. તમારા કોઇના પણ પગમાં કાંટો વાગે તો હું તે જોઇ શકતો નથી. પણ મેં ખુદા સાથે વાયદો કર્યો છે અને માનતા માની છે કે જ્યારે મને દસ અથવા તેથી વધારે ફરઝંદ મળશે ત્યારે તેમાંથી એકની કુરબાની કરીશ. માટે હવે તે વિષે તમો શું કહો છો?"

આ સાંભળી તમામ ફરઝંદો ચુપ રહ્યા અને એક બીજાની સામે જોવા લાગ્યા. હઝરત અબદુલ્લાહ સૌથી નાના હતા અને લગભગ અગ્યાર વર્ષની આપની વય હતી. તેઓએ કહ્યું, "પિતાશ્રી! તમો અમારા હાકીમ છો અને અમો તમારા ફરઝંદ છીયે. જે હુકમ કરશો તે બજાવી લાવીશું. ખુદાનો હક અમારા હક કરતાં વધારે વાજીબ છે. અમો તમારા અને ખુદાના હુકમ ઉપર રાજી છીયે અને સબર કરવાવાળા ફરમાં-બરદાર છીયે અને આપની મરજી વિરૂધ્ધ વર્તવાથી ખુદાની પનાહ માંગીયે છીયે."

હઝરત મુત્તલીબ આવા નેક અને પ્યારા ફરઝંદના શબ્દો સાંભળીને ઘણું રડયા અને ખુદાનો શુક્ર કરીને પોતાના બીજા ફરઝંદોને ફરમાવ્યું કે તમો શું કહો છો? તે વખતે સર્વેએ કહ્યું, અમે તમારા ફરમાનુસાર વર્તવા રાજી છીયે. હઝરતે સર્વના હકમાં દુઆ કરી ફરમાવ્યું તમો સર્વે પોતપોતાની મા પાસે જાઓ અને મારા ઇરાદાથી તેમને વાકેફ કરો અને કહો કે તમારા મોહઢાં ધોવરાવે, આંખોમાં સુરમો નાખે અને ઉમદા પોશાક પેહરાવે. પિતાના ફરમાનને માન આપી તેઓ ત્યાંથી ઉઠયા અને ઘેર જઇ પોતપોતાની માને તેમના પિતાના ઇરાદાથી વાકેફ કર્યાં જેથી તેઓના ઘરોમાં રડવાનો શોર બુલંદ થયો અને આખી રાત કલ્પાંત ચાલુ રહ્યો.

બીજે દીવસે સવારના હ૦ અબદુલ મુત્તલીબ ખભા ઉપર હ૦ આદમની ચાદર ઓઢી હ૦ શીશ અ૦ના પગરખાં પેહરી હ૦ નુહની વીંટી પહેરીને બાહેર નીકળ્યા અને હાથમાં ખંજર લઇ પોતાના ફરઝંદોને ઘરથી બાહેર નીકળવા કહ્યું,

હ૦ અબ્દુલ મુત્તલીબના સઘળા ફરઝંદો ઉમદા લીબાસ પેહરી હાજર થયા, પણ હ૦ અબદલ્લાની વાલેદાએ પોતાના ફરઝંદને રોકી રાખ્યા તેથી હ૦ અબ્દુલ મુત્તલીબે ઘરમાં દાખલ થઇ હ૦ અબદલ્લાનો હાથ પકડી ઘરથી બાહેર લઇ જવા ચાહ્યું કે જનાબે ફાતેમાએ પોતાના ફરઝંદના દામનને પકડી રોકી રાખ્યા. હ૦ અબદલ્લાએ અર્ઝ કરી "અય અમ્માજાન, મારી મોહબ્બત ભૂલી જાઓ અને મારા પિતાની ફરમાન-બરદારી કરતાં મને ન રોકો" જનાબે ફાતેમાએ હ૦ અબદલ્લાના પિતા તરફ ફરી કરગરીને અર્ઝ કરી, "ઓ અબુલ્હારીસ, મ્હારા જીગરના ટુકડા અબદલ્લાને મૂકી આપો કેમકે તે તમારા બીજા ફરઝંદો કરતાં નાની વયના છે. જુઓ તેના કપાળ ઉપર નૂર ચમકે છે. તેને બરબાદ ન કરો. પણ હ૦ અબ્દુલ મુત્તલીબ પોતાના ફરઝંદને બાહેર લઇ જવા માટે મક્કમ રહ્યા. જનાબે ફાતેમા નિરાશ થઇ ફરીવાર પોતાના ફરઝંદને ગળે લગાડી રોવા લાગી અને ફરમાવ્યું, "બેટા, તારી જુદાઇ મારાથી ખમી શકાશે નહિ. આથી પહેલે હું મરી ગઇ હોત તો સારૂં. હવે મને આશા નથી કે તું પાછો ફરે."

આ વિલાપથી હ૦ અબ્દુલ મુત્તલીબ ઘણા બેચેન થયા અને રોવા લાગ્યા પણ દીલને મક્કમ રાખી પોતાના ફરઝંદને ખાનએ કઅબા તરફ લઇ ગયા. તે વખતે મક્કાના કુરેશીઓ મસજીદમાં ભેગા થયા અને આ કરૂણાજનક બનાવની હકીકત સાંભળી રડવા લાગ્યા. મસજીદમાં ચારે તરફથી રડવાનો શોર બુલંદ થયો.

હ૦ અબ્દુલ મુત્તલીબે હાથમાં ખંજર લઇ પ્રથમ ખુદાની દરગાહમાં ઘણીજ આજેઝી સાથે દુઆ કરી, "બારે ઇલાહા! તમામ હકીકતથી તું વાકેફ છે. હવે મારા વચનને પુરો કરવા અને તારી જનાબમાં કુરબાની પેશ કરવા માટે હું મારા સઘળા ફરઝંદોની સાથે હાજર થયો છું. માટે જેના બારામાં તારો હુકમ થશે તેની કુરબાની કરવા તૈયાર છું." એ પછી દરેક ફરઝંદનું નામ અકેક તીર ઉપર લખી અરબોના ધોરણ મુજબ કુરઓ નાખવો શરૂ કર્યો.

તે વખતે હ૦ અબદુલ મુત્તલીબની હાલત અવલાદની મુહબ્બતના લીધે દયાજનક હતી. તેઓના ચહેરાનો રંગ વારંવાર બદલાઇ જતો, પણ મક્કમ રહી કુરઓ કોના નામ ઉપર નીકળે છે તે જોવા ખાનએ કઅબા તરફ જોઇ રહ્યા હતા. એટલામાં હ૦ અબદુલ્લાહને તેના નામ ઉપર કુરઓ નીકળવાથી ગળામાં ચાદર નાંખીને કઅબાથી બાહેર લઇ આવ્યા. આ જોતાંજ હ૦ અબદુલ મુત્તલીબ બેહોશ થઇ ગયા. જ્યારે હોશમાં આવ્યા ત્યારે હ૦ અબદુલ્લાનો હાથ પકડી કુરબાનગાહ તરફ લઇ જવા બાહેર નીકળવા ચાહ્યું. હ૦ અબદુલ્લાના ભાઇઓ રડવા લાગ્યા અને તેઓમાંથી હ૦ અબુતાલેબે (હ૦ અલી અ૦ના પિતા) આગળ વધીને અરજ કરી, “બાબા મારા નાનાભાઇ અબદુલ્લાહને બદલે મને લઇ ચાલો અને મારી કુરબાની કરો. કેમકે, તેઓ અમારા કરતાં સગીર વયના છે; પણ હ૦ અબદુલ મુત્તલીબ તેની માગણીને સ્વિકારી શકયા નહિ અને કહ્યું કે, હું મારા પરવરદીગારની નાફરમાની કરી શકતો નથી. જેનાં નામ ઉપર કુરઓ નીકળ્યો તેનીજ કુરબાની કરીશું.”

હ૦ અબદુલ્લાહને કુરબાનગાહ તરફ લઇ જતા જોઇ કુરેશીઓ રડવા લાગ્યા અને હ૦ અબદુલ મુત્તલીબને સમજાવવા લાગ્યા અને ઘણીજ આજેઝીની સાથે તેઓએ ફરીવાર કુરઓ નાખવાની સૂચના કરી. ફરીવાર કુરઓ નાખતાં એજ હ૦ અબદુલ્લાહનું નામ નીકળ્યું. તેથી હ૦ અબદુલ્લાને કુરબાનગાહ આગળ લાવી જમીન ઉપર સુવરાવ્યા અને ખંજર હાથમાં લઇ તેના ગળા ઉપર ફેરવવા તૈયાર થયા. તે વખતે આસમાનના ફીરીશતાઓ રડવા લાગ્યા. જીબ્રાઇલ અને ઇસરાફીલે ખુદાની દરગાહમાં અરજ કરી, “બારે ઇલાહા, હ૦ અબદુલ્લાની પેશાની ઉપર જે નૂર છે તે હવે બરબાદ થાય છે.” હુકમ થયો, “અય મલાએકાઓ જે ચીજથી હું વાકેફ છું તેથી તમો અજાણ છો. હું મારા બંદાઓનું ઇમ્તેહાન લઉં છું, જેથી દુન્યાના લોકો ઉપર ધીરજ અને સબર થકી તેઓની ફઝીલત જાહેર કરૂં.”

એટલી વારમાં હ૦ અબદલ્લાની મા જનાબે ફાતેમાના કબીલાના દસ માણુસો ખુલ્લી તરવાર સાથે આવી પહોંચ્યા અને હ૦ અબદુલ મુત્તલીબનો હાથ રોકી અરજ કરવા લાગ્યા કે, પ્રથમ અમોને મારી નાંખો પછી અમારી બહેનના દિકરાને ઝબેહ કરો. હ૦ અબદુલ મુત્તલીબે પોતાનો હાથ રોકી આસમાન તરફ નજર કરીને કહ્યું, "ખુદાવંદા, તું જાણે છે કે આ લોકો મારો અહદ વફા કરવાથી અટકાવે છે માટે મારા અને આ લોકો વચ્ચે તું હુકમ કર. કેમકે, તું અહકમુલ હાકેમીન છો."

તે વખતે અકરમાં બીન આમેર જે કુરેશીઓનો એક સરદાર હતો, તે હ૦ અબદુલ મુત્તલીબની નજીક આવ્યો ને અર્ઝ કરી કે તમારા વચ્ચે ગેરસમજુતી દૂર કરવા માટે સૌથી ઉત્તમ રસ્તો એ છે કે અબદુલ્લાહ અને ઉંટ વચ્ચે કુરઓ નાખો. જો ઉંટના નામ પર કુરઓ આવે તો હ૦ અબદલ્લાને ઝબેહ કરવા દઇશું નહિ. હ૦ અબદુલ મુત્તલીબે એક ઉંટના નામ ઉપર કુરઓ નાખ્યો, છતાં હ૦ અબદલાના નામ ઉપર કુરઓ નીકળવાથી હ૦ અબદલાની કુરબાની માટે મક્કમ ઇરાદો કર્યો પણ ફરીથી લોકોએ ઉંટોની સંખ્યામાં વધારો કરવાને આજીઝીથી સમજાવતાં ઉંટોની સંખ્યામાં વધારો કરતા ગયા અને દરેક વખતે હ૦ અબદલ્લાના નામ ઉપર કુરઓ નીકળતો. છેવટે એકસો ઉંટ ઉપર કુરઓ નાખતાં ઉંટોના નામ ઉપર કુરઓ નીકળ્યો. સઘળા લોકો ખુશી થઇ હ૦ અબદલ્લાને ઉંચકી બાહેર લઇ જવા લાગ્યા. તેઓને રોકીને હ૦ અબદુલ મુત્તલીબે ફરમાવ્યું કે, વારંવાર હ૦ અબદલ્લા ઉપર કુરઓ નીકળવા છતાં ફક્ત એકજ વખત ઉંટો ઉપર નીકળતાં હું સંતોશ પામીશ નહિ. માટે ફરીથી કુરઓ નાંખીશ અને જોઇશ કે મારા પરવરદીગારની શું મરજી છે. તેથી ફરીથી એકવાર કુરઓ નાખતાં ઉંટો ઉપર કુરઓ નીકળ્યો જેથી તમામ લોકોએ ખુશહાલી અને તકબીરના પુકારો કર્યા અને હ૦ અબદલ્લાને ત્યાંથી ખસેડી તેની માને હવાલે કર્યા. હ૦ અબદુલ મુત્તલીબ અ૦મે સો ઉંટોની કુરબાની કરી, અને તે વખતથી એક

માણુસના ખૂનના બદલે સો ઉંટોનો ફીદયો આપવાનું મુકર્રર થયું.

ઉપરની બે મશહુર કુરબાનીયોનું વર્ણન કર્યા કેડે મેહેરબાન વાંચનારને એક ત્રીજી મશહુર કુરબાનીની હીકાયત જણાવી સરખામણી કરવાને અરજ કરીશું. ઉપર જણાવેલી હ૦ ઇસમાઇલ તથા હ૦ અબદલ્લાની કુરબાની માટે બેહીશતી દુંબો અને સો ઉંટોનો ફ્રીદીયો અપાતાં તેમનાં માબાપો માટે ખુશહાલીનું કારણ થયું અને અવલાદનો દાગ તેમને ખમવાનો મૌકો ન મળ્યો, છતાં એ બન્ને કુરબાનીનું વર્ણન સાંભળતાં દીનદાર મુસલમાનો દીલગીર થઇ આજપર્યંત આંસુ પાડી રહ્યા છે. એટલુંજ નહિ પણ ખુદાવંદે કરીમે એ બન્ને બુઝુરગવારોને કસોટીમાં પાસ ઉતરેલા જણાવી શરાફત અને બુઝરગી અતા ફરમાવી કયામતના દિવસ સૂધી તેમની યાદગીરી જાળવવા ખાતર હજના અરકાનોમાં તેમના પગલે ચાલી અમુક અઅમાલો જેવા કે સફા મરવાના પહાડો વચ્ચે દોડવું, સાત કાંકરીયો ફેંકવી, બેટાની કુરબાની કરવી, ખૂનનાં બદલામાં સો ઉંટોનો ફ્રીદયો આપવો વીગેરે ઠરાવ્યા છે અને તેજ મુજબ મુસલમાનો અમલ કર્તા રહ્યા છે. તેથી ખાત્રી થશે કે જ્યારે કરબલાના ઇસમાઇલની કુરબાની જેનું ટુંક વર્ણન હવે પછી આપવા ઇરાદો છે, તે માટે કોઇ ફ્રીદયો આપવામાં નહિ આવતાં તેમના માબાપોને બલકે ખુદ હ૦ રસુલ સ૦ને તે મુસીબતથી સદમો પહોંચ્યો છે તેથી જરૂર તે કુરબાનીની મહત્વતા અને બુઝુરગી ઇસ્લામીઓની નજરમાં વધુ હોવી જોઇએ. ત્યારે શું તે કુરબાનીની યાદગીરી જાળવી રાખી તે મઝલુમો ઉપર બે આંસુનાં ટીપાં પાડવાને બખીલાઇ કરવી? જેવી રીતે શરૂઆતની કુરબાનીઓની યાદગીરી કાયમ રાખવા માટે પરવરદીગારે આલમે અમુક અસબાબ રાખ્યા તેવીજ રીતે કરબલાની યાદગીરી કીયામત સૂધી બર્પા રાખવા માટે બલકે અગાઉની કુરબાનીઓ કરતાં તેની વધુ બુઝર્ગી જાહેર કરવા માટે ખુદાવંદે કરીમે અનેક અસબાબ રાખ્યા છે અને તે મુજબ

કીયામત સૂધી જારી રહેશે જે અમે આ કીતાબમાં ખુલાસા-વાર બીજી ફસલોમાં જણાવીશું.

કરબલાની યાદગાર કુરબાની.

કરબલાના બળતા રણમાં એક બુઠ્ઠા બાપની સામે અઢાર વર્ષના કડયલ જવાન બેટાની કુરબાનીનું ભયંકર અને જીગર ફાડનાર બનાવનું વર્ણન કરવાની તાકત અમારી કલમમાં નથી. આહ! આવા કરૂણાજનક બનાવને અન્ય દાખલો ઇતિહાસમાં મળવો મુશકેલ છે.

કરબલાના ઇબ્રાહીમ હ૦ ઇમામે હુસયન અ૦ આશુરાના દિવસે અઝીઝ અને અનસારના એક પછી એક દાગ ઉઠાવી ચુકયા હતા. ભાઇ અબ્બાસ કુ૦વતે બાઝુ લશકરના અમલદારની શહાદત આંખ સામે તાજી હતી અને કમર બેવડી વળી ગઇ હતી. હવે તે નાની ફોજમાં ફક્ત હ૦ ઇમામ અ૦ અને તેમના જવાન ફરઝંદ બાકી રહ્યા છે.

હ૦ અલી અકબર બાપની ખીદમતમાં આવી સલામ અરજ કરી મયદાનની રજા માંગે છે. બાપ પોતાના જવાન બેટાની શીકલ પયગંબરની નીશાની તરફ નઝર ફરમાવી આસમાન તરફ નઝર કરી ખુદાની જનાબમાં અરજ કરે છે, "બારે ઇલાહા! હવે તારા માટે તારી રાહમાં કુરબાની આપવાને ફક્ત મારો આ જવાન ફરઝંદ રહ્યો છે અને હવે તે મયદાનમાં લડવા જાય છે. પરવરદીગારા, જ્યારે પણ હું તારા પયગંબરના દીદારનો મુશતાક થતો હતો ત્યારે મારા આ જવાન ફરઝંદ શબીહે પયગંબરના ચહેરા તરફ નઝર કરતો હતો. હવે મારા માટે તારા પયગંબરની ઝીયારત માટે મારા ફરઝંદ ન રહેશે. બારે ઇલાહા! આ કુરબાનીને તું કબૂલ ફરમાવ" અને તે પછી "ઇન્ના લીલ્લાહ વઇન્ના ઇલયહી રાજેઉન" ફરમાવી પોતાના જવાન પુરઅરમાન ફરઝંદને હથિયાર પહેરાવી ઘોડા ઉપર સવાર કરી વીદાય ફરમાવે છે અને ઉમરે સઅદ તરફ પુકારી કહે છે, "અય પીસરે સઅદ, ખુદા તારી નસલને

કતલ કરે. જેવી રીતે તું પયગંબરની અવલાદને કત્લ કરી રહ્યો છે."

હ૦ અલી અકબર ખયમાથી કેવી રીતે પોતાની માદરે-ગીરામી ઉમ્મે લયલાથી વીદા થયા અને ઇમામ હુસયન અ૦ની તે વખતની હાલતનું વર્ણન અત્રે કરી શકતા નથી. સાહેબાને અવલાદ માટે તે વખતનો ચિતાર નજરમાં લાવી સમજવા માટે ઉપલી થોડી લીટીઓ બસ થશે.

હ૦ અલી અકબર મયદાનમાં જઇ બની હાશમની શુજાઅત દેખાડી છેવટે છાતી પર નેઝાનું ઝખમ ખાઇ ઘોડા ઉપરથી નીચે આવી પોતાના ઘરડા ઝઇફ બાપને પુકારે છે. "યા અબતાહુ અદરીકુની." આહ, તે વખતનું ઇમામે હુસયન અ૦–તે સાબીર બાપના દુઃખનું વર્ણન કરવાની કોની શક્તિ છે! તે ઘરડા બાપની નજરમાં દુન્યા અંધારી થઇ ગઇ. તેમની નૂરાની કાળી દાઢીના બાલ સફેદ થઇ ગયા. પ્રથમ જમીન ઉપર બેસી ગયા પછી ઉઠી "અયના–અયના યા અલી" કહેતાં પોતાના જવાન બેટાની લાશ ઉપર પહોંચ્યા. ખુદા કોઇ ઘરડા બાપને જવાન ફરઝંદનો તે હાલ ન દેખાડે.

"દુશમનકો ભી ખુદા ન દીખાએ પીસરકા દાગ
મરના જવાન બેટેકા હય ઉમ્ર ભરકા દાગ."

શું જોયું! હ૦ અલી અકબર પોતાના લોહીમાં તરબોળ જમીન ઉપર પડયા છે અને હોઠ હલાવે છે. "અય કાતીલ સબર કર, જરા સબર કર, મારા જઇફ બાપને આવવા દે." આહ, આ જીગર ફાડનાર કલામ સાંભળી ઇમામે ફરમાવ્યું, "બેટા, હું તારો બાપ હુસયન છું." "બુનય્યા અલદદુન્યા બઅદકલ અફા." બેટા, તારા જેવા જવાન ફરઝંદ પછી આ ઘરડા બાપને દુન્યાની જીંદગી સાથે શું કામ છે! હવે હું જીવીને શું કરીશ!! બેટા, હું જલદી તારી પાછળ આવું છું."

મેહેરબાન વાંચનાર! કરબલાના ઇસમાઇલીની કુરબાનીનું આ ગમનાક બયાન અગાઉની થયલી બન્ને કુરબાનીઓને ભૂલાવી આપે છે. એટલુંજ નહિ પણ તે વચ્ચે સરખામણી કરવા જેવું કશું નથી. અહીં કરબલાના ઇબ્રાહીમ હ૦ ઇમામ

હુસયન અ૦ના ઇસમાઇલ હુ૦ અલી અકબર માટે કોઇ ફીદયો નથી આપવામાં આવતો. આ કુરબાનીની બુઝુરગી દેખાડવા માટેજ આગળની કુરબાનીઓ માટે ખુદાએ ફીદીયો કરી આપ્યો હતો. ખરેખર પયગંબરે આખરૂ ઝમાનના નવાસાની કુરબાનીની બુઝુરગીને કોઇ પણ બનાવ પહોંચી શકે તેમ નથી. તેથીજ હુ૦ રસુલ સ૦મે ફરમાવ્યું છે, "હુસયનુન મીન્ની વઅના મીનલ હુસયન" "હુસયન મારાથી છે, અને હું હુસયનથી છું."

હુ૦ ઇબ્રાહીમ અ૦ અને હુ૦ અબદુલ મુત્તલીબની માત્ર અકેક કુરબાની હતી જેઓના માટે ફીદીયો થયો અને તેનું દુઃખ તેઓને ખમવું પડયું ન હતું. પણ અફસોસ! કરબલાના મયદાનમાં હુ૦ ઇમામ હુસયન અ૦મે માત્ર એક કુરબાની હુ૦ અલી અકબરની આપી ન હતી. ખુદાની રાહમાં અનેક બેમીસાલ કુરબાનીઓ ઇમામે મઝલુમે કરબલામાં આપી છે. દુન્યામાં એવો કોઇ દાખલો મળી શકશે નહિં કે કોઇએ ખુદાના રસ્તામાં દેશ કોમ અગર ધર્મ માટે છ માસના દુધ પીતા બાળકની કુરબાની આપી હોય. વળી એ પણ ઇતિહાસમાં શોધે જડી શકે તેમ નથી કે છ મહિનાના દુધ પીતા બાળકને કોઇએ દુશ્મનીમાં તરસ્યા વીંધી નાખેલ હોય. તે બેમીસાલ હુ૦ અલી અસગર દુધ પીતા બાળકની કુરબાની દુન્યાની તમામ કુરબાનીઓને ભૂલાવે છે. હુ૦ ઇમામ હુસયન અ૦મે જે કામ કરીને દુન્યાને દેખાડી આપ્યું તે કોઇથી થઇ શકે તેમ નથી.

પ્રકરણ નવમું.

અતશે બની હાશમ.

કરબલાની પ્યાસની શરૂઆત.

કરબલાના રણમાં ઇમામે મઝલુમ ઉપર મ્હોટામાં મ્હોટું દુઃખ પાણીની તંગી અને પ્યાસનું હતું. ઇરાકની રેતાળ જમીન અને જેઠની સખત ગરમીમાં ત્રણ દિવસની પ્યાસ અને બની હાશમ–આલેરસુલની ફરયાદ સખતમાં સખત દીલને પીગળાવવા માટે બસ હતી અને તેથીજ એ પ્યાસાઓની યાદમાં મોહર્રમના દિવસોમાં સબીલો રાખી છુટથી ઠંડુ પાણી અને શરબત દરેક પ્યાસાઓની તરસ બુજાવવા માટે રાખવામાં આવે છે જે અમે ખુલાસાવાર સબીલના રહસ્યના બયાનમાં સમજાવ્યું છે. અત્રે ફક્ત કરબલાની પ્યાસની શરૂઆત કયારથી થઇ અને બની હાશમો ઉપર હુમેશથી પાણી કેમ બંધ કરવામાં આવ્યું તે દેખાડવા માટે ઇતિહાસનો એક સફો અત્રે ટાંકીને સાબીત કરીશું કે પાણી જેવી ચીજ કે જે થકી જીંદગીનો આધાર હોય છે, તેમજ દુશમનો અગર જાનવરોને પણ પાણીથી રોકવામાં આવતાં નથી, છતાં પણ બની ઉમય્યાઓએ પોતાનું ઘાતકીપણું અને હયવાનીય્યત દેખાડી બની હાશમ પ્રત્યેનો કીનો ઝાહેર કરતાં નાના બાળકોને ત્રણ દિવસ સૂખી નદી કિનારે પ્યાસાં રાખ્યાં, એ બધું શરૂઆતથી તેમના તરફથી થતું રહ્યું હતું.

ખરેખર એક વિચારવાજોગ બાબત છે કે, માત્ર બોતેર જણાઓને જેમાં છ મહિનાના બાળકથી સીતેર અને એંસી વરસના બુઢ્ઢા હતા, તેઓની સામે લડવાને લાખ સવા લાખની ફોજ હોવા જતાં પાણી જેવી ચીઝને બંધ કરવાનું તે નિર્દય ઝાલેમોને શું કારણ મળ્યું હશે? તેનાં કારણો અતશે બની

હાશમનું આ બયાન વાંચવાથી જણાઇ આવશે કે બની ઉમય્યાના ખમીરમાં અસલથીજ ઘાતકીપણું સમાયલું હતું.

બની હાશમ અને બની ઉમય્યા એ બન્ને ખાનદાનોની દુશમનીની શરૂઆત તેમના ઇતિહાસની શરૂઆતથીજ થાય છે. અને સાથે સાથે બની હાશમની પ્યાસની પણ શરૂઆત એજ વખતથી થઇ છે, પણ તે સાથે કહેવું જોઇએ કે બની હાશમના દુશમનો માત્ર બની ઉમય્યાજ ન હતા, પણ બની ઉમય્યા સાથે મક્કાના સઘળા કુરેશી ખાનદાનો બની હાશમની દુશમનીમાં બની ઉમય્યાના સાથી હતા. એક તરફ બની હાશમના માત્ર ગણત્રીના થોડા બુઝુર્ગો હતા, જ્યારે તેમના હરીફો બની ઉમય્યા અને કુરેશના લગભગ સઘળા ખાનદાનો જેઓની સંખ્યા હજારોની હતી, તેઓ બની હાશમની દુશમનીમાં એકમત થઇ સામે થતા રહ્યા અને બની હાશમની પ્યાસના ઇતિહાસમાં એ સઘળાઓનો હાથ સમાયલો હતો.

મક્કાની બાદશાહતની શરૂઆત કરનાર કુસય નામના એક શૂરવીર અને બાહોશ અરબ સરદાર હતા. પોતાની શુજાઅત અને બાહોશીથી મક્કામાં વસતા બની ખુઝાઆના આખા કબીલાને તેમણે મક્કાથી હાંકી કાઢી, પહાડોમાં અને મેદાનમાં છુટાછવાયા ભટકતા કુરેશીઓને મક્કામાં એકઠા કર્યા. તે વખતેથી કુરેશનો કબીલો મશહુર થતો ગયો અને તેઓની ચઢતી શરૂ થઇ. કુસય મક્કાના સ્વતંત્ર બાદશાહ તરીકે રાજ્ય કરતા હતા. તેનાં ફરમાનોને કુરેશીઓ ધાર્મિક ફરમાનોનું રૂપ આપતા રહ્યા અને તે પ્રમાણે અમલ કરતા હતા.

કુસય પછી અબદેમનાફ અને અબદેમનાફ પછી હાશમ (બની હાશમ ખાનદાનના સરદાર) મક્કાની ગાદીએ આવ્યા અને મક્કાની બધી કૌમો હ૦ હાશમને પોતાના સરતાજ સરદાર અને બાદશાહ તરીકે માન આપી તાબેદારી કરતી હતી.

હ૦ હાશમે મદીનામાં શાદી કરી અને હ૦ અબદલ મુત્તલીબ પયદા થયા. (હ૦ અબદુલ મુત્તલીબનું અસલ નામ શયબતુલ હમ્દ હતું) હ૦ અબદુલ મુત્તલીબની પયદાશનો ઝમાનો નજદીક આવ્યો ત્યારે થયલી શરત મુજબ હ૦ હાશમ

પોતાની બીબી સલમાને મદીનામાં લઇ આવ્યા અને મદીનામાં હ૰ અબદુલ મુત્તલીબ પયદા થયા અને મદીનામાં પરવરીશ પામ્યા.

હ૰ હાશમ એજ સફરમાં મદીનાથી પાછા ફરતાં રસ્તામાં વફાત પામ્યા, જેથી ખાનદાની રીયાસત હ૰ અબદુલ મુત્તલીબ બાળ વયમાં હોવાથી તેમના કાકા હ૰ મુત્તલીબના હાથમાં આવી અને હ૰ મુત્તલીબ મક્કાના બાદશાહ થયા. અમુક મુદત કેડે તેઓ પોતાના ભત્રીજા (હ૰ હાશમના ફરઝંદ હ૰ અબદુલ મુત્તલીબને) મદીનાથી મક્કામાં લઇ આવી પોતાની સાથે રાખ્યા અને તેમના બાપની સઘળી રીયાસત માલ મીલકત તેમને સોંપી દીધી. તે પછી ટુંક અરસામાં હ૰ મુત્તલીબ વફાત પામ્યા જે વખતે હ૰ અબદુલ હજી બાળક હતા.

હ૰ અબદુલ મુત્તલીબને પોતાના બાપ હ૰ હાશમની હકુમત અને સત્તા મેળવવાને થોડી મુદત નહિ થઇ હતી કે તેમના ત્રીજા કાકા નવફીલ સામે થઇ દખલગીરી કરવા લાગ્યા અને હકુમતમાં ભંગાણ પાડવાની ચાલુ કોશીશ કરતા રહ્યા અને હ૰ હાશમની કેટલીક મીલકત પણ તેમણે દબાવી.

હ૰ અબદુલ મુત્તલીબ એકલા હોવાથી મક્કાના કુરેશીઓના સરદારો પાસે શિકાયત કરતાં તેઓ આંખ મીંચામણાં કરી ચોકખો જવાબ આપતા કે, તમો કાકા ભત્રીજાજ આ બાબત સમજી લયો. તમારા વચ્ચે અમારે પડવા જેવું કાંઇ નથી. હ૰ અબદુલ મુત્તલીબના સર ઉપર બાપ કે મેહેરબાન પાળક અને કાકા હ૰ મુત્તલીબનો સાયો ન હતો કે તેમની પાસે મદદ માંગે. તેમની મા સલમા કુરેશી ન હતાં કે કુરેશીઓને તેમના તરફ લાગણી રાખવાનું હોઇ શકે. વળી મદીનામાં ઉછરેલા હોવાથી મક્કામાં કોઇ સાથે દોસ્તી અગર સંબંધ ન હોવાથી હ૰ અબદુલ મુત્તલીબની સ્થિતિ મક્કામાં ઘણીજ દયાજનક થઇ પડી.

જ્યારે તેથી ઉલટું તેમના કાકા નવફીલ મક્કામાં રહેતા હોવાથી અને મક્કાના બાદશાહના ભાઇ હોઇ મક્કાના સઘળા કુરેશીઓ તેમના મતમાં ભળેલા હતા.

છેવટે લાચાર થઇ હ૰ અબદુલ મુત્તલીબે કેટલાંક કાવ્યો રચી પોતાની કરૂણ હાલતનું તેમાં વર્ણન કરી પોતાના મામા

અબુસઇદ જેઓ મદીનામાં બની નજ્જાર કબીલાના સરદાર હતા તેમની ખીદમતમાં મોકલ્યા. અબુસઇદને શબ્બર મળતાં તે પોતાના ભાણેજની સ્થિતિથી વાકેફ થયા અને તરતજ પોતાની સાથે મદીનાના આઠ શૂરવીર સીપાહીઓને લઇ મક્કા આવ્યા. મક્કામાં દાખલ થતાં પ્રથમ સીધા નવફલ પાસે આવ્યા. નવફલ તે વખતે ખાનએ કઅબામાં હજરે ઇબ્રાહીમ આગળ બેઠા હતા, તેને અબુસઇદે સોગંદ ખાઇને કહ્યું કે જો તમો હમણાજ મારા ભાણેજનો હક પાછો નહિ સોંપો તો તમારૂં ડોકું ધડથી જુદું કરીશ; જેથી નવફીલે ડરીને હ૦ અબદુલ મુત્તલીબને કુલ હક પાછો આપવાનું વચન આપ્યું અને હાજર રહેલા બધા કુરેશી સરદારોને તેના ગવાહ રાખ્યા.

તે સમયથી કુરેશી અને બની હાશમ વચ્ચે પુરી જુદાઇ થઇ અને ખુલ્લી રીતે એકબીજાના હરીફ થયા. નવફીલે જોયું કે, હ૦ અબદુલ મુત્તલીબની મદદમાં તેમના મામા અબુસઇદ અને બની નજ્જારનું આખું કુટુંબ છે તેથી પોતાનો પક્ષ મજબૂત બનાવવા માટે બની અબદુશ્શૅમસ (બની ઉમય્યા) સાથે અહદનામું તૈયાર કર્યું કે હંમેશાં બની હાશમને તોડી પાડવા એકબીજાના મદદગાર થઇ સાથે રહીને કામ કરવું. તે વખતે બની ઉમય્યાનું આખું ખાનદાન ઝલીલ અને બની હાશમના ગુલામો તરીકે નિરાધાર, નિર્ધન આમતેમ ભટકતું ફુટુંબવાયું રહેતું, પણ તેમની સંખ્યા મોટી હોવાથી નવફીલને તેઓની મદદ મેળવ્યા વિના છુટકો ન હતો.

હ૦ અબદુલ મુત્તલીબ મક્કાના સરદાર અને બાદશાહ હતા, પણ મક્કાના કુરેશીઓ તેમાં મુખ્ય કરી તેમના કાકા નવફીલ અને બની ઉમય્યા તેમના વિરોધી હતા અને તેમની મદદમાં કોઇ ખાનદાન કબીલો ન હોવાથી મક્કાના અસલી રહીશ બની ખુઝાઆ જેઓને મક્કાના પહેલા બાદશાહ કુસયએ મક્કાથી હાંકી કાઢયા હતા, તેઓને મક્કામાં ફરીથી બોલાવીને વસાવ્યા. પણ બની ખુઝાઆનો કબીલો ઘણો કમજોર હોવાથી હ૦ અબદુલ મુત્તલીબને તેઓથી કાંઇ લાભ થવાની આશા ન હોતી. તેથી ઉલટું બની ઉમય્યાના કબીલાને દીન બદીન જોર

મળતું રહ્યું અને તેઓની સત્તા વધતી જતી તેથી બની હાશમને તોડી પાડવાને ચાલુ પ્રયત્નો થતા રહેતા.

ખુદાની કુદરત અને તેની શાનને કોણ પામી શકે? જેની ચાહે છે તેની ચઢતી કરે છે અને ચાહે તેને ઝલીલ કરે છે. બની હાશમનું માનવંતુ બાદશાહી નામ ધરાવનાર મક્કામાં માત્ર એકલા હ૦ અબ્દુલ મુત્તલીબ હતા, જ્યારે તેમના દુશમનો અસંખ્ય હતા. છતાં ખુદાને મંજુર હતું કે બની હાશમનું નામ કયામત સૂધી આબાદ અને રોશન રહે તેથી બની હાશમને ખુદાની દરેક પ્રકારની મદદ દર વખતે મળતી રહી.

મક્કાની બાદશાહત હાજીઓને પાણી પીવરાવવાની ખીદમત ખાનએ કઅબાની નવલીયત હ૦ અબ્દુલ મુત્તલીબ પાસે હતી. તે સિવાય સ્વપ્નામાં તેમને ઝમઝમનો કુવો ખોદવાની બશારત થઇ, જે ઝમઝમનું પાણી પ્રથમ હ૦ ઇસમાઇલ માટે નીકળ્યું હતું અને કબીલએ જરહુમના લોકો મક્કા છોડતી વેળા બે સોનાનાં હરણ બાર તલવારો અને બખતર એજ કુવામાં દાટી ગયા હતા તે કાઢવાની પણ બશારત તેમને મળી હતી.

જ્યારે આ બીશારતો મળી તે વખતે હ૦ અબ્દુલ મુત્તલીબના માત્ર હારીસ નામના નાની વયના એકજ ફરઝંદ હતા. બંને બાપ દીકરાએ ઝમઝમનો કુવો ખોદવાનું કામ શરૂ કર્યું. જ્યારે પાણી દેખાવા લાગ્યું તે વખતે તેમણે તકબીર કહી. કુરેશીઓ તકબીરનો અવાજ સાંભળી દોડતા આવ્યા અને કહેવા લાગ્યા કે આ કુવો અમારા દાદા હ૦ ઇસમાઇલનો હોવાથી તેમાં અમારો પણ હક છે. હ૦ અબ્દુલ મુત્તલીબે તેઓને ઘણું સમજાવ્યું કે મારી જાતી મહેનત અને ખુદાની બખશીશથીજ આ નેઅમત મને મળી છે જેથી તેમાં કોઇનો પણ હક નથી. છતાં કુરેશીઓ હઠ પકડીને તેમાંથી હિસ્સો મેળવવા માટે ગડબડ કરતા રહ્યા. છેવટે હ૦ અબ્દુલ મુત્તલીબ લાચાર થઇને બની સઅદ કોહના કને શામ તરફ જઇ તેની પાસેથી ઇન્સાફ મેળવવા કબૂલ કર્યું તેથી શામ તરફની મુસાફરીની તૈયારીઓ થવા લાગી.

કુરેશીઓ તરફથી દરેક કબીલામાંથી એકેક સરદાર નીકળી એક મોટા ડેપ્યુટેશનના સ્વરૂપમાં ભારે ભપકાથી રવાના થયું અને બની હાશમ તરફથી માત્ર હ૦ અબદુલ મુત્તલીબ એકલા પોતાના બે ચાર નોકરો સહિત આ લાંબી મુસાફરી માટે રવાના થયા.

મુસાફરી સુકી રેતાળ જમીનની ઘણી લાંબી હતી. રસ્તામાં દિવસોના દિવસ સૂધી પાણી મળતું ન હોવાથી ઉંટો ઉપર કુરેશીઓ પુષ્કળ પાણી સાથે લઇ ચાલ્યા અને હ૦ અબદુલ મુત્તલીબ પણ તેઓની સાથે સાથે મુસાફરી ફરમાવતા હતા.

થોડી મંજલો કાપી હશે કે હ૦ અબદુલ મુત્તલીબે લીધેલું પાણી થઇ રહ્યું અને પ્યાસની શરૂઆત થઇ. તેઓ તથા તેમના નોકરો પ્યાસથી બેચેન થવા લાગ્યા. રસ્તામાં કુવો કે નદી કાંઇ ન હોવાથી પાણી મળવાની આશા ન રહી જેથી લાચાર થઇ કુરેશીઓ કને પાણી માગ્યું. તે બની ઉમય્યાની કોમ અને તેઓના સાથીઓ જંગલી અને ઘાતકી કઠણ દીલના હોવાથી પાણી આપવાને બીલકુલ ના પાડી.

હ૦ અબદુલ મુત્તલીબને હવે ખાત્રી થઇ કે કુરેશીઓ કદી પાણી આપશે નહિ અને પ્યાસને લીધે આગળ વધી શકાય તેમ ન હોવાથી અત્રેજ મરવાનો વખત આવ્યો છે. વળી એ પણ તેઓ જાણતા હતા કે આ કુરેશીઓ જેઓ અમારી જાતના દુશમન હોઇ પાણી આપવાને ના પાડી, તેઓ અમારા મરણ પછી અમારી લાશોને કદી દફનાવવાની મહેનત લેશે નહિ અને અમારી લાશો જમીન ઉપર પડી રહી જાનવરોની ખોરાકી થશે તેથી પોતાના સાથીઓને ફરમાવ્યું કે, "ભાઇઓ, મૌત નઝદીક છે કે આપણે બધા મરણ પામીયે અને આપણી લાશ રખડતી રહે. બેહતર છે કે હમણાથી આપણે કબરો ખોદી તય્યાર રાખીયે અને જે પ્રથમ મરણ પામે તેને દફન કરતા રહીયે, જેથી એકનીજ લાશ ફક્ત બાહેર રહેશે, જ્યારે ત્રણની લાશો કબરમાં સચવાશે."

તેઓએ કબર ખોદી તય્યાર કરી અને કુરેશીઓ આ સઘળો તમાશો શાંત મને જોતા રહ્યા.

બીજો દિવસ થયો અને પ્યાસની શીદત વધી ગઇ. હ૦ અબદુલ મુત્તલીબે તેથી પોતાના સાથીઓને ફરમાવ્યું કે, "આપણે હિચકારા બની મરણને શરણ થઇએ તે કરતાં છેલ્લી ઘડી સૂધી કોશીશ કરી પાણીની તલાશ કરીયે જેથી ખુદાવંદે કરીમ આપણી કોશીશમાં બરકત આપી પાણી સૂધી પહોંચાડે." એટલું ફરમાવી પ્રથમ પોતે ઉંટ ઉપર સવાર થયા. જેવો ઉંટ ઉભો થયો કે તેની ઠોકરથી રેતી હટી ગઇ અને તેના પગના નીચેથી મીઠા પાણીનો ચશમો જારી થયો. હઝરતે જોરથી તકબીરનો નઅરો કર્યો. તે ઉપરથી હઝરતના સાથીઓએ પણ તકબીર કહી. હઝરત ઉંટ ઉપરથી ઉતરી પોતે અને તેમના સાથીઓએ પેટભરી પાણી પીધું અને મશકો ભરી લીધી અને તે પછી કુરેશીઓ કે જેઓએ પાણી આપવાને મના કરી હતી તેઓને બોલાવીને ફરમાવ્યું કે, આવો અને પાણી પીઓ કે ખુદાએ અમારા ઉપર મેહેરબાની ફરમાવી આ રેતાળ રણમાં મીઠા પાણીનો ચશમો જારી કરી આપ્યો.

હઝરતના સાથીઓએ અરઝ કરી કે, આ લોકોએ તો આપણે પ્યાસા મારતા હતા, છતાં પાણી ન આપ્યું અને આપ તેઓને બોલાવો છો? હઝરતે ફરમાવ્યું કે અમો બની હાશમ છીયે. જો અમો પણ પાણીથી તેઓને રોકીયે તો અમારા અને તેઓ વચ્ચે શો ફેર રહે!

કુરેશીઓ ભેગા થયા અને પાણી જોઇને તેમને ઘણી અજાયબી લાગી. તેમાંથી તેઓએ પીધું અને મશકો ભરી લીધી અને કહ્યું કે, અય બની હાશમ, ખરેખર તમારા ખાનદાનને ખુદા તરફથી દરેક બખશીશો મળી છે. આ રેતાળ જમીન ઉપર તમારા માટે પાણીનો ચશમો જેણે જારી કર્યો તેજ પરવરદીગારે ઝમઝમનો કુવો તમારા માટે ઝાહેર કરેલ છે. હવે શામ તરફ જવાની જરૂર નથી. અમો અમારો દાવો ખેંચી લઇએ છીએ. ચાલો મક્કા તરફ પાછા ફરીયે,

આ ઠેકાણે બની ઉમય્યાની બેરહમી અને બની હાશમની મઝલુમી તેમજ સખાવત જે આપણે વાંચી ગયા છીયે તેમાંની એકે એક બાબત કરબલાના વાકેઆ સાથે મેળવતાં ખાત્રી થશે કે કરબલાનો વાકેઓ એ તમામ બાબતોનો એક પડઘોજ હતો.

તેઓ સઘળા મક્કા તરફ પાછા ફર્યા અને હ૦ અબદુલ મુત્તલીબે ઝમઝમનો કુવો ખોદવાનું કામ આગળ ચલાવ્યું. પાણી ઝાહેર થયા. પછી કુવાની એક બાજુથી નાનું દર દેખાણું તે તરફની માટી ખસેડતાં સોનાની બે હરણો, બાર તલવારો અને બખતર મળ્યાં, જે તેઓ ઉપાડી બાહેર લાવ્યા. કુરેશીઓને તેની ખબર પડતાં દોડતા આવ્યા અને ફરી એ વસ્તુઓમાંથી પોતાનો હક માગ્યો પણ તેનો ખુલાસો કુરઓ નાખતાં થઇ ગયો અને કુરઓ હ૦ અબદુલ મુત્તલીબના નામ ઉપર આવતાં તેઓ તે ચીજોના માલીક થયા.

કુરેશીઓની વારંવારની સતાવણીથી હ૦ અબદુલ મુત્તલીબે ખુદાની દરગાહમાં દુઆ ફરમાવી કે પરવરદીગારા, જો તું મને તારી કરમ અને બખશીશથી મને દસ દીકરા આપશે તો તારી ખુશી માટે તારી દરગાહમાં એકની કુરબાની ભેટ કરીશ. ખુદાવંદે કરીમે તેમને દસ અવલાદની નવાઝેશ ફરમાવી અને તેમના છેલ્લા અને દસમા ફરઝંદ હ૦ અબદલાની (પયગંબરના પીદરે બુઝરગવારની) વિલાદતથી તેમની દુઆ પુરી મુસતજાબ થઇ.*

હવે હઝરત અબદુલ મુત્તલીબની સત્તા વધતી ગઇ. મક્કા ઉપર પુરી હુકુમતથી બાદશાહત કરવા લાગ્યા. જે કુરેશીઓ તેમની સામે થઇ સતાવતા હતા તેઓ નરમ પડયા અને પુરતી રીતે તાબેદારી કરતા રહ્યા. તેમની વફાત સૂધી એજ હાલત રહી. તેમની વફાત પછી હ૦ અબુતાલીબના હાથમાં મક્કાની રીયાસત આવી.

---

* હ૦ અબદલ્લાની કુરબાનીનો એહવાલ કુરબાનીની ફસલમાં ખુલાસાવાર મળશે.

બની ઉમય્યાની આ પ્રથમની કારરવાઇમાં કેટલીક બાબતો ધ્યાનમાં રાખવાની જરૂરત છે; જે કરબલાના બનાવ સૂધી, એટલુંજ નહિ પણ કયામત સૂધી બની ઉમય્યા અને તેઓના દોસ્તો તરફથી બની હાશમ–આલેરસુલ અને તેમના દોસ્તોના સંબંધમાં ચાલુ રહેશે.

૧ બની હાશમની મઝલુમી.

૨ બની હાશમની સખાવત, દયાભાવ ને મુર્રવ્વત.

૩ બની ઉમય્યાનું પાણી બંધ કરવું. બની હાશમોને વતનથી દૂર કરવા, જંગલમાં તરસ્યા રખડતા મુકવા.

૪ બની ઉમય્યાની દુશમનાવટ કે મરણ પછી પણ બની હાશમની લાશોને દફન વગર રખડતી રાખવી.

ઉપર જણાવેલી ચારે બાબતો દરેક ઝમાનામાં બની હાશમ અને બની ઉમય્યા વચ્ચે ઝાહેર થતી રહી એ હવે પછીની બીનાથી સાબીત થશે.

હ૦ અબદુલ મુત્તલીબની વફાત પછી હ૦ અબુતાલીબ મક્કાના સરદાર અને બાદશાહ થયા. કુરેશીઓને હ૦ અબુતાલીબની સાથે નાફરમાની અગર અવળાઇ ઝાહેર કરવાનો મોકો મળ્યો. શિવાય કે જ્યારે હ૦ રસુલ સ૦ મબઉસ થયા અને મક્કાના કુરેશીઓએ હઝરત હ૦ રસુલ સ૦ને તકલીફ પહોંચાડી લાચાર કર્યા જેથી હઝરતને મક્કા છોડી લગભગ ત્રણ વર્ષ સૂધી મક્કાના પહાડોની ગુફામાં રહેવું પડયું તેમની સાથે તેમના મેહેરબાન ઝઇફ કાકા હ૦ અબુતાલીબ પણ હતા. મક્કાના કુરેશીઓએ અન્ન જળ તેઓને આપવાની બંધી કરી પણ માત્ર હ૦ અબુતાલીબ સ૦ અને હ૦ અલી અ૦ની કોશીશથી મક્કામાંથી અન્ન પાણી તેમને મળતું રહ્યું. કેમકે કુરેશીઓએ ફક્ત અન્ન પાણી તેમને વેચાતાં આપવાની અગર કોઇ પણ પ્રકારનો સંબંધ રાખવાની બંધી કરી હતી. મક્કાના પહાડની ગુફામાંથી ત્રણ વરસે તેઓનો છુટકારો થયો અને તે પછી એક વરસ રહી હ૦ અબુતાલીબ વફાત પામ્યા.

હ૰ અબુતાલીબની વફાત પછી હ૰ રસુલ સ૰ની સ્થિતિ મક્કામાં વધારે કફોડી થતી રહી. તેથી લાચાર થઇ પોતાની સ્વદેશ ભૂમીને તજી મદીના તરફ હીજરત ફરમાવી.

મદીનામાં હીજરત ફરમાવ્યા બાદ હંમેશા મક્કાના કુરેશીઓ સાથે લડાઇ થતી રહી, પણ પ્યાસની શિકાયત કોઇ વખતે ન થઇ. શિવાય કે બદરની લડાઇમાં બદરનો કુવો હ૰ રસુલના કબજામાં રહ્યો પણ બદર આગળ પોહોંચ્યા અગાઉ જે સહાબીઓ દુન્યાની તમા અને લુંટનો માલ મેળવવાના લોભમાં હઝરતની સાથે ભળી ગયા હતા, તેઓ બકબકાટ કરવા લાગ્યા કે આ રેતાળ રણમાં પાણીની ગેરહાજરીમાં અમો ફોકટના તરસ્યા મરણને શરણ થશું અને ઇબલીસ મલઉન તેઓને વધુ ફરેબ આપતો રહ્યો જેથી તેઓની બેસબરી દરેક પળે વધતી રહી એટલામાં ખુદાવંદે કરીમની રહેમતથી ઘનઘોર વાદળાં આકાશ ઉપર ઘેરાઇ આવ્યાં અને ધોધમાર વરસાદ પડવાથી તેઓને શાંતિ વળી અને પછી પાણીના કુવા ઉપર પણ પયગંબર સ૰નો કબજો રહ્યો.

બદરની લડાઇ હ૰ અમીરૂલ મોઅમેનીન અ૰ની શુજાઅત અને ઝુલફીકારના તેઝથી ફતેહ થઇ.

હ૰ રસુલ સ૰ ઉપર પડેલી મુસીબતો તરફ જોશું તો પ્રથમ જણાવેલી ચારે બાબતો બની ઉમય્યા અને કુરેશીઓ તરફથી તેમના ઉપર નાખવામાં આવી હતી.

૧ હ૰ રસુલ સદા મઝલુમ રહ્યા અને કુરેશીઓ પ્રકાર પ્રકારથી તેમને તકલીફ પહોંચાડતા રહ્યા.

૨ બની હાશમની સખાવત હ૰ રસુલ સ૰મે મક્કા ફતેહ ફરમાવી શહેરમાં ફતેહમંદ શુરવીર ફોજની સાથે દાખલ થયા ત્યારે મક્કાના રહીશોને અમાન આપવામાં આવી અને તેઓને કહેવામાં આવ્યું કે જો કોઇ પોતાના ઘરમાં બારણું બંધ કરીને રહેશે અથવા બાહેર આવીને બયઅત કરશે તેને અમાન આપવામાં આવશે. એટલુંજ નહિ પણ આપે મક્કાવાસીયો માટે ફરમાન આપ્યું કે જે કોઇ અબુ સુફયાન (યઝીદે

મલઉનના દાદા) ના ઘરમાં દાખલ થશે તેને પણ અમાન આપવામાં આવશે. પણ અફસોસ, આ એહસાનનો બદલો અબુ સુફયાનના પુત્ર મઆવીયાએ રસુલીલ્લાહના નવાસા હ૦ હસનને ઝહેર અપાવીને શહીદ કર્યા અને તેના પૌત્ર યઝીદે મલઉને રસુલના નાના નવાસા હ૦ ઇમામ હુસયન અ૦ને મક્કાના ખુદાના ઘરમાં અમાન ન આપતાં ત્રીસ મુનાફેકોને હાજીઓના લીબાસમાં મોકલી મક્કામાંજ ઇમામ હુસયનને શહીદ કરવાનો હુકમ આપ્યો.

૩ બની ઉમય્યાનું પાણી બંધ કરવું, બની હાશમને વતનથી દૂર કરવા તરફ જોશું તો હ૦ રસુલ સ૦ને ત્રણ વર્ષ સૂધી મક્કાના પહાડો ગુફાઓમાં રહેવું પડયું, જ્યાં મુશકેલીથી અન્ન પાણી મેળવી શકતા હતા અને તે પછી પોતાનું વતન છોડી મદીના તરફ હીજરત ફરમાવવાની ફરજ પડી.

૪ હવે એક બાબત બાકી રહી કે, બની ઉમય્યાઓ બની હાશમના મુરદાઓને દફન કરવા પણ ચાહતા ન હતા અને એ બનાવ હ૦ રસુલના બારામાં થવા પામ્યો અને બની ઉમય્યા તથા કુરેશીઓએ છેલ્લા દરજ્જાની હદજ દુશમની ઝાહેર કરી.

દુન્યાનો રિવાજ છે કે ગમે તેવો દુશમન કે ગુનેહગાર હશે તો પણ તેના મરણ કેડે તેની લાશને દફનાવવા માટે દરેક રીતે ધ્યાન આપવામાં આવે છે અને છેલ્લી મંઝીલે પહોંચાડે છે. ટુંકમાં એ કે મરણ પામેલાની દુશમનીનો અંત તેની જીંદગીના અંતે આવી અટકે છે. પણ અફસોસ, મુસલમાનોના મહાન્ પયગંબરની લાશને બે દફનો કફન મૂકી તે માનવંતા સહાબીઓ અને મુસલમાનો સકીફામાં ત્રણ દિવસ સૂધી ખીલાફતની કારરવાઇમાં ગુંથાઇ ગયા અને મદીનામાં હ૦ અમીરૂલ મુઅમીનીન અ૦ અને બની હાશમો અને બીજા થોડા ઇમાનદાર સહાબીઓ જેવા

કે, હ૦ સલમાન, હ૦ અબુઝર, વી. એ મળીને મુસલમાનોના મહાન્ પયગંબરની દફન ક્રીયામાં ભાગ લીધો.

હ૦ રસુલ સ૦ની વફાત પછી બની હાશમના એકલા સરદાર હ૦ અલી હતા. બની હાશમના છેલ્લા સરદાર અગર મક્કાના બાદશાહ હ૦ અબુતાલીબના તેઓ ફરઝંદ હોઇ મક્કાના શાહઝાદા હતા. તે સાથે મુસલમાનોના મહાન્ પયગંબરના કાકાના દીકરા ભાઇ કહો, જમાઇ કહો કે જાનશીન કહો એકલા હ૦ અલી અ૦ હતા. તેથી હંમેશના ધોરણ મુજબ બની ઉમય્યા અને કુરેશીઓની (જેઓ મુસલમાન ગણાતા હતા) દુશમનીના ભોગ થઇ પડયા હતા, અને જેટલી બાબતો તેમના વડવા ઉપર આવી પડેલી આપણે ઉપર વાંચી ગયા, એ તમામ આફતો (ચારે બાબતો) હ૦ અમીરના બારામાં બનેલી તવારીખના સફાઓ સાક્ષી પુરે છે.

હ૦ અલી અ૦ સદા મઝલુમ હતા. પયગંબરની વફાત બાદ તેમની કદર મુસલમાનોએ ન કરી. તેમના બારામાં પયગંબરની અનેક વસીયતો ભૂલ્યા. તેમના હકને છીનવી બયઅત માટે તેમના ઉપર જબરદસ્તી વાપરવામાં આવી. તેઓ લગભગ ત્રીસ વરસ સૂધી ઘરમાં ચુપકીદી ઇખતીયાર ફરમાવી બેસી રહ્યા. પરંતુ જ્યારે પણ મુસલમાનોને તેમની મદદની જરૂરત પડતી ત્યારે તેઓ દીને ઇસ્લામની મદદ માટે સદા તય્યાર રહેતા હતા.

હ૦ અલી અ૦ને જાહેરી ખીલાફત વખતે વતન છોડી કુફા તરફ હીજરત ફરમાવવાની ફરજ પડી અને જ્યારે કુફામાં આપ શહીદ થયા ત્યારે તેમની દફનક્રિયા ઘણીજ છુપી રીતે કરવામાં આવી. કેમકે, બની ઉમય્યાની અદાવતથી તેમની કબરની નીશાની બાકી ન રહેવાની બીક હતી તેથી તેમના ફરઝંદ હ૦ ઇમામ હસન અ૦મે ચાલીસ કબરોની નીશાની બનાવી રાખી જેથી કોઇને અસલ કબરની ખબર ન પડે.

હવે બાકી પ્યાસની મુસીબત રહી તે પણ હઝરત અલી અ૦ ઉપર બાકી રાખવામાં ન આવી અને બની ઉમય્યાના હાથથી તેમને અને તેમની આખી ફોજને તરસ્યા રહેવાનો વખત આવ્યો, પણ છેવટે બની ઉમય્યાની ઉમેદ પાર પડી નહિ અને તેઓને પાણી મળ્યું.

પ્યાસનો બીજો બનાવ.

સીફફીનની લડાઇમાં મોઆવીયા (બની ઉમય્યાનો સરદાર અને અબુ સુફયાનનો દીકરો) હ૦ અલી અ૦ સામે લડવા માટે લાખ સવારો લઇ સીફફીનના રણમાં પહોંચ્યો, અને હઝરત અલી અ૦નું લશકર આવી પહોંચે તે અગાઉ મોઆવીયાએ અબુલઅઅવર નામના સરદારને દસ હજારની ફોજ આપી ફુરાત ઉપર ચોકી ભરવા અને પાણી રોકવા માટે હુકમ આપ્યો.

હ૦ અલી અ૦નું લશકર સીફફીનના મેદાનમાં પહોંચી મોઆવીયાના લશકરની સામે છાવણી નાખી. ફોજના શૂરવીર સીપાહીઓએ હઝરતને ખબર કરી કે, પાણી ઉપર મોઆવીયાના સીપાહીઓનો પહેરો છે, અને પાણી ભરવા આપતા નથી. હઝરતે સઅસઆ બીન સોહાનને મોઆવીયાની છાવણી તરફ સંદેશો લઇ જવાને ફરમાવ્યું. મોઆવીયાએ હ૦ અલી અ૦ના કાસીદને ખુલ્લો જવાબ આપ્યો કે લોહી રેડાયા સિવાય કદી પણ પાણી મળી શકે તેમ નથી અને સાથે આમ પણ કહ્યું કે તમારા લશકરમાં કેટલાક એવા લોકો છે કે જેઓએ ઉસમાન ખલીફાને તરસ્યા મારી નાખેલ છે માટે તમોને પણ પાણી વિના રાખી તરસ્યા કત્લ કરીશું.

મોઆવીયાની ધારણા એ હતી કે પાણી નહિ મળવાથી હ૦ અલી અ૦ પોતાની ફોજને કોઇ બીજે ઠેકાણે લઇ જશે જ્યાં પાણી સહેલાઇથી મળી શકે. જેથી હું મારા શામના જંગલી સીપાહીઓને કહી શકીશ કે હ૦ અલી અ૦ આપણી જંગી ફોજથી ડરીને પાછા હઠયા છે અને તે પહેલી ફતેહ મળેલી ગણાશે.

મોઆવીયાના વઝીર ઉમરઆસે પાણીની બંધી માટે ચોકખો જવાબ સાંભળી મોઆવીયાને સલાહ આપી કે પાણીનો અટકાવ કરવામાં સખત ભૂલ થાય છે અને પાછળથી પસ્તાવાનો વખત આવશે તેમજ અઝદ કબીલામાંથી એક સરદારે મોઆવીયાને કહ્યું કે સામાવાળા જો તુરક દયલામના કાફરો હતે તો પણ પાણીની બંધી વાજબી ગણાતે નહિ જ્યારે હ૦

અલી અ૦ અને તેમના સાથીઓ મુસલમાન હોવાથી કોઇ કાળે પાણી રોકી શકાય નહિ; પણ મોઆવીયામાં બની ઉમય્યાનું ઘાતકીપણું તિવ્રપણે હયાત હતું તેથી તેણે ચોકખી ના પાડી અને કાસીદે પાછો ફરી હ૦ અલી અ૦ને મોઆવીયાનો જવાબ કહી સંભળાવ્યો.

હ૦ અલી અ૦ની ફોજના પ્યાસની શીદત ઘણી વધી. એક મશક પાણી ત્રણ દીરહમથી પણ મળતું ન હતું, તેથી લાચાર થઇ અશઅસ ઇબ્ને કયસ અને માલીકે અશતરના આગ્રહથી હઝરતે રજા આપી કે હવે જાઓ અને તમારી તલવારોના બળથી દુશમનોને ઘાટ ઉપરથી હટાવી પાણીનો કબજો મેળવો.

તે શૂરવીર સીપાહોને ફક્ત રજા મળવાનીજ વાર હતી. એકજ હુમલામાં મોઆવીયાનો તે સરદાર જે પાણી રોકી બેઠો હતો તેને અને તેના સાથીઓને ભગાડી મુકયા. આ લડાઇમાં શામના ઘણા સીપાહીઓ માર્યા ગયા. મોઆવીયાએ ઉમર આસને તાજી ફોજ આપી અબુલઅઅવરની કુમકમાં મોકલી આપ્યો, પણ તેઓની સામે શેરે ઇલાહીના સીપાહીઓની તેઝ તલવાર હતી. પળવારમાં ઉમરઆસ પણ પાછળ હઠયો અને ઘાટ સાફ થતાં તે શૂરવીર સીપાહીઓએ પાણીનો કબજો કરી લીધો.

હવે મોઆવીયાને ચીંતા થઇ અને ઉમરઆશને બોલવાનું કારણ મળ્યું. તેણે મોઆવીયાને ઠપકો દેતાં કહ્યું કે, "મેં ન હોતું કહ્યું કે, પાણી બંધ કરવાથી છેવટે પસ્તાવાનું કારણ થશે? જો હવે હ૦ અલી અ૦ને અને તેઓની ફોજને તરસ્યા મારવા જતાં આપણને તરસ્યા મરવાનો વખત આવ્યો."

મોઆવીયાએ ઉમરઆસને પુછ્યું કે, હવે તારૂં શું ધારવું છે કે આપણને પાણી મળશે કે પાણી વગર રહીશું? ઉમરઆસને બની હાશમની શુજાઅત સાથે સખાવતની પણ ખાત્રી હતી. તેણે ઝટ કહી આપ્યું કે, અય મોઆવીયા મને ખાત્રી છે કે અલી અ૦ કદી પણ પાણી રોકશે નહિ. જે કામ તારાથી થયું તે કદી હ૦ અલી કરશે નહિ. તારા સીપાહીઓને હુકમ આપ કે પાણી લઇ આવે.

મોઆવીયાએ પોતાની ફોજમાંથી બાર સરદારોને હ૦ અલી અ૦ કને પાણી લેવા માટે રવાના કર્યા. તેઓએ હઝરતની ખીદમતમાં આવી મોઆવીયાનો સંદેશો પહોંચાડયો. હઝરતે હસીને અને ખુલ્લા દીલથી ફરમાવ્યું કે, જાઓ પાણી ભરી લ્યો, તમોને કોઇ રોકનાર નથી. આ હુકમ સાંભળી શામની ફોજના ઘણા સીપાહીઓ મોઆવીયાનો સાથ મેલી ખરા દીલથી મુસલમાન થયા.

મોઆવીયાની રૂસવાઇ માટે આ ફટકો પુરતો હતો પણ તેની નસોમાં બની ઉમય્યાનું લોહી જોશ મારતું હતું, અને તેથી ફરીથી પોતાની જાત ઉપર જઇ હ૦ અલી અ૦ના લશકર માટે બાહેરથી અનાજ વી. લાવવામાં આવતું તે તરફના રસ્તાને બંધ કરવા અને લુંટ ચલાવવા માટે હજારની એક ટુકડી ઝુહાક ઇબ્ને કયસની સરદારી હેઠળ મોકલી. આ વખતે પણ ઉમરઆસે મોઆવીયાને ઘણું સમજાવ્યું પણ તે માન્યો નહિ.

ઝુહાક પોતાની ટુકડી સાથે ઇરાકનો રસ્તો રોકી બેઠો. એક કાફલામાં હ૦ અલી અ૦ના લશકર માટે ખજુર તથા તેલ લાવતા હતા તેને ઘેરીને લુંટી લીધા. હઝરત અલી અ૦ને ખબર પડવાથી પાંચસોની ફોજ સાથે હુબેરા બીન કયસને રવાના કર્યા. હુબેરાએ ઝુહાકની ટુકડીને નસાડી ખજુર અને તેલ લુંટી લીધું હતું, તે લઇ હઝરતની ખીદમતમાં હાજર થયો. તે પછીનું સીફ્ફીનની લડાઇનું વર્ણન ઘણું લાંબું હોવાથી અત્રે લખવાની જરૂરત નથી.

ઉપલા બનાવોથી બની ઉમય્યાની અવળાઇ સાથે બની હાશમની પ્યાસનો બીજો દૌરો સાબીત થાય છે અને જે જે બાબતો શરૂઆતથી બની હાશીમ અને બની ઉમય્યા વચ્ચે આપણે જોઇ ગયા, એ સઘળા બનાવો હ૦ અલી અ૦ના બારામાં ઉપર મુજબ થવા પામ્યા.

હ૦ અલી અ૦ પછી હ૦ ઇમામ હસન અ૦ની સાથે મોઆવીયા અને બની ઉમય્યાની વર્તણુંકના ત્રાસદાયક બનાવોથી ઇતિહાસનાં પાનાંઓ ભરપૂર છે. હ૦ ઇમામ હસન અ૦ મઝલુમ રહ્યા, મોઆવીયાના ઝુલમ બયાન થઇ શકે તેમ નથી

ઇમામ હુસન અ૦ને કુફા તજી મદીના જવું પડયું. તેમની લાશને તેમના નાના પયગંબરના ઘરમાં દફનાવવાની મના કરવામાં આવી અને તેમના જનાઝા ઉપર તીરોનો વરસાદ વરસાવવામાં આવ્યો. છેવટે મદીનાથી બાહેર બકીઅના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા. તેમની સખાવત મશહુર છે પણ પ્યાસનો બનાવ હ૦ ઇમામ હુસન અ૦ના બારામાં ઘણોજ દુઃખદાયક હતો. હ૦ ઇમામ હુસન અ૦ સવારના પહોરમાં ઉઠી પ્યાસની હાલતમાં કુંજો મ્હોઢાં ઉપર રાખી પાણી પીએ છે. આહ, તે પાણી ન હતું પણ મોઆવીયાએ મોકલેલ કાતીલ ઝેરનો પ્યાલો, મોતનો પેગામ હતો. ઝેરની અસરથી હ૦ અલી અ૦ના પ્યારા ફરઝંદ હ૦ ઇમામ હુસન અ૦ના કલેજાંના બોંતેર ટુકડા લગનમાં આવી પડે છે અને ભાઇ, બહેન તથા કુટુંબીઓને રડતાં અને વિલાપ કરતાં મુકી આ ફાની દુન્યાને તજી પોતાના પિતા અને નાનાની ખીદમતમાં દુશમનોની દર્દભરી શીકાયત કરવા કુચ ફરમાવે છે.

પ્યાસનો ત્રીજો સફો.

હવે બની હાશમની તે પ્યાસનું અતિશય કરૂણાજનક દિલ વીંધનાર બયાન શરૂ કરીએ છીયે. જે બનાવને યાદ કરી આખી મખલુકાત કયામત સૂધી લોહીના આંસુથી રોઇ રહી છે. તે પ્યાસ કરબલાના રણના ત્રણ દિવસના તરસ્યાઓની દુઃખદાયક કહાણી અને બની ઉમય્યાની ઘાતકી વર્તણુંકનું બયાન છે જેની શરૂઆત બની ઉમય્યાઓ હ૦ અબદુલ મુત્તલીબના ઝમાનાથી કરી ચુકયા હતા.

શરૂઆતમાં જણાવ્યા મુજબ ચાર મુખ્ય બાબતો બની હાશમના એક પછી એક સરદારો માટે થતી રહી. એજ મુજબ હઝરતે ઇમામ હુસયનને પણ બાકાત રાખવામાં આવ્યા નહિ.

હઝરત ઇમામ હુસયન અ૦ની મઝલુમીય્યતને તો જાનવરો દયાની માછલીઓ, આકાશ, પાતાળ, ઝાડપાન, પત્થર, જીન્નાત, ઇન્સાન, આસમાનના ફિરીશતા વી. દરેક રડી રહ્યા છે.

હ૦ ઇમામ હુસયન અ૦ને વતન તજી બીયાબાન જંગલનો રસ્તો લેવો પડયો હતો. બની હાશમની લાશોને બની ઉમય્યા દફન કરવા ચાહતા નહતા તે ઇમામ હુસયન અ૦ની શહાદત પછી તેમની લાશોને ત્રણ દીવસ સુધી બળતી રેતી ઉપર મેલી પોતાની નજીસ લાશોને દફન કરી યઝીદ (મઆવીયાના દીકરા)ની ફોજ કરબલાથી કુફા રવાના થઇ. હવે બાકી બે બાબતો રહી. એક તો બની હાશમની શુજાઅત અને સખાવત અને બની હાશમની પ્યાસ એ બન્ને બનાવો હ૦ ઇમામ હુસયન અ૦ના બારામાં એવી રીતેં બનવા પામ્યા કે જેની મીસાલ દુન્યામાં મળી શકે તેમ નથી. અમો તે બન્ને બાબતોનો ખુલાસો ટુંકમાં અત્રે આપીએ છીયે.

કરબલાના પ્યાસા હ૦ ઇમામ હુસયન અ૦ની પાણીની સખાવત.

જનાબે ઇમામ હુસયન અ૦ મદીનાથી રવાના થઇ કરબલા તરફ જતા હતા. કરબલાના રસ્તામાં મન્ઝીલે શરાફ ઉપર પહોંચ્યા કે થોડીવાર પછી હુરની સરદારી હેઠળ ઇબ્ને ઝીયાદની એક હજારની ફોજ આવી પહોંચી. તે બની હાશમના સરદાર મર્ફો અને ઝમઝમના વારીસ હ૦ ઇમામ હુસયન અ૦મે જોયું કે હુરનું લશકર તરસ્યું છે. તરસના લીધે ઘોડાની જીભો બાહેર નીકળી પડતી હતી. તરતજ પોતાના સાથીઓને ફરમાવ્યું કે હુરના લશકરને પાણીથી સયરાબ કરો. હુરની ફોજના સઘળા સીપાહીઓ તૃપ્ત થયા પછી તેઓના જાનવરોને બબે ત્રણ ત્રણ વાર માથું ઉચું કરી લેતા ત્યાં સૂધી બરાબર પાણી આપવામાં આવ્યું. હ૦ ઇમામ હુસયન અ૦ પણ પાણી પાવામાં ભાગ લેતા હતા. લખે છે કે સૌથી છેલ્લે એક સીપાહી જે મશકનું મ્હોઢું ખોલી પાણી લેવાથી પણ નાવાકફ હતો અને વધુ તરસ્યો હોવાને લીધે ગાભરો બની રહ્યો હતો તેને સંબોધી હઝરતે ફરમાવ્યું કે ભાઇ મશકનું મ્હોઢું એકદમ થોડું ખોલી આસતેથી પાણી પીલ્યો. પણ તે ગમારને કાંઇ સુજ્યું નહિ

તેથી હઝરતે મશક પોતાના હાથમાં લઇ દોરી સહેજ ઢીલી ફરમાવી તેના મ્હોઢામાં પાણી રેડવા લાગ્યા.

આ મુજબ કુફાની ફોજને હઝરતે પુરી તૃપ્ત કરી. તે પછી હુરની સાથે થએલી ગુફતગુ અને હઝરતને કુફા તરફ ચાલવાનું થયલું દબાણ અને કરબલા તરફ આપના રવાના થવાનું બયાન મૌકાસર કરવામાં આવશે. અહીં આપણે એ જોવાનું છે કે બની હાશમના સરદારો પોતાના દુશમનો સાથે કેવી રીતે વર્તતા આવ્યા, જ્યારે એજ લોકો જેઓ હઝરતના હાથથી સયરાબ થઇ ચુકયા હતા અને હઝરતના ઉપકાર તળે દબાઇ ચુકયા હતા છતાં તેઓએ એજ બુઝરગવારને અને તેમના નાના નાના બાળકોને ત્રણ દિવસ સૂધી પાણીથી દૂર રાખી ભૂખ્યા અને તરસ્યા શહીદ કર્યા.

હવે ઇમામ હુસયન અ૦ અને તેઓના સાથીઓની પ્યાસ તરફ નજર કરીએ. તેઓ બુઝરગવાર માહે મુહર્રમની બીજી તારીખના કરબલામાં પહોંચ્યા. ત્રીજી તારીખથી કુફાનું લશકર કરબલામાં ભેગું થવા માંડયું. સાતમી તારીખથી તેઓએ પાણી ઉપર પેહરો ચાલુ રાખ્યો અને ઇમામને પાણી લેતા અટકાવ્યા.

ઉમર સઅદ ત્રીજી તારીખ માહે મુહર્રમના કરબલામાં પહોંચ્યો. તે પછી ઇબ્ને ઝીયાદના કાગળો તેને ઉપરાઉપરી મળતા રહ્યા અને તેમાં સખત તાકીદની સાથે તેને હુકમ કરવામાં આવ્યો કે પ્રથમ ઇમામ હુસન અ૦ કનેથી યઝીદની બયઅત લેવી. જો તેઓ બુઝરગવાર બયઅત કરવા તય્યાર હોય તો તેમના બારામાં જોઇ લેશું કે શું કરવું અને જો બયઅત ન કરે તો જલદી લડાઇ ચાલુ કરી ઇમામને શહીદ કરવા. ઉમર સઅદને ખાત્રી થઇ કે ઇબ્ને ઝીયાદ સુલેહ કરવા ઉપર કદી પણ રાજી થશે નહિ તેથી તે ઘણી ચીંતામાં પડયો. અવારનવાર ઇમામ હુસયન અ૦ની મુલાકાત લેતો અને બયઅત લેવા જણાવતો પણ હઝરત બયઅત માટે હમેશા ખુલ્લી રીતે ફરમાવતા હતા કે એક બે દીન શરાબી અને નાલાયકની બયઅત તેઓ કદી પણ કરવાના નથી. આ મુજબ ઢીલ થતી જોઇ ખુલી મલઉને કરબલાથી એક કાગળ ઇબ્ને

ઝીયાદને લખી કુફા રવાના કર્યો. તેમાં ઉમરે સાઅદની ઇમામ સાથેની મુલાકાતો અને લડાઇનું કામ ઢીલમાં નાખવા વિશેની શીકાયત તેણે લખી હતી તે ઉપરથી ઇબ્ને ઝીયાદે એક કાગળ લખી ઉમરે સઅદને મોકલ્યો તેમાં નીચે મુજબ લખેલું હતું.

"અય ઉમર સઅદ, મને ખબર મળી છે કે તું હંમેશા આખો વખત રાતના લશકરથી બાહેર રહે છે અને ફુરાત નદીના કાંઠે ફરશ બીછાવી બેસે છે અને ઇમામ હુસયન અ૦ને પણ બોલાવી સાથે બેસાડે છે અને પાછલી રાત સૂધી તેમની સાથે ગુફતગુ કરતો રહે છે અને તેમની સાથે ઘણી નર્મીથી વર્તાવ કરે છે. માટે આ મારો કાગળ તને મળે કે તુરતજ હુકમ આપ કે મારી તાબેદારી કરે અને યઝીદની બયઅત કરે. જો તેઓ તાબેદારી મંજુર કરે તો ભલે નહિ તો વગર ઢીલે ફુરાતનું પાણી હુસયન (અ૦) ઉપર બંધ કર અને ફુરાતનો રસ્તો તેમના માટે રોકીને તેના ઉપર પુરતી ચોકી બેસાડ. જુઓ કે મેં ફુરાતનું પાણી હવેથી યહુદ અને નસારા ઉપર હલાલ કરેલ છે. (તેઓ ખુશીથી લઇ શકે છે) જ્યારે કે હુસયન અ૦ અને તેમની એહલેબયત ઉપર હરામ કરી આપેલ છે (તેઓ તેમાંથી કદી લઇ શકતા નથી) માટે ખબરદાર પુરતી સંભાળ રાખ કે તેઓ પાણી તરફ ન પહોંચે અને તેમાંથી એક પણ ટીપું ન લે. (ભલે તેઓ તરસ્યા શહીદ થઇ મરણ પામે) જેવી રીતે ઉસમાન ખલીફાની સાથે વર્તણુંક ચલાવવામાં આવી અને તેને તરસ્યો મારી નાખવામાં આવ્યો."

ઇબ્ને ઝીયાદનો ઉપલો કાગળ સાતમી તારીખે કરબલામાં પહોંચ્યો અને તેજ વખતે ઉમર સઅદે ઉમર ઇબ્ને હજ્જાજને પાંચસોની ટુકડી સાથે પાણીના ઘાટ ઉપર ચોકી પહેરા માટે હુકમ આપ્યો.

આહ તે કીયામતની પયાસ પયગંબરના નવાસા માટે શરૂ થઇ કે જેનો અંત આશુરાની સાંજના આવ્યો પણ પ્યાસના ભોગ કોણ કોણ થયા? ઓરતો, નાનાં બાળકો, જવાનો, સાઠથી એંસી વરસના ઘરડા સહાબીઓ પણ તેમાંના

એક છ મહિનાના દુધ પીતા બાળકની પ્યાસનું જીગર ફાડનાર ગમખાર બયાન જેનો નમુનો દુન્યામાં મળવો મુશકીલ છે. તે સાંભળી કોનું દિલ ન પીગળે અને તે મઝલુમોની મુસીબત ઉપર લોહીનાં આંસુ નહિ પાડે. તે બનાવનું વર્ણન પોતે ઇમામ હુસયન અ૦ પોતાના દોસ્તોને કહી સંભળાવે છે:—

"શીઅતી લયતુક્મ વલમા આશુરા તનઝુરૂની
કયફ અસતસકી લીતીફ્લી ફસબદ અય યુઝરયેફુની."

અય મારા દોસ્તો, કાશ તમે રોઝે આશુરા હાજર હતે તો મારી તે સ્થિતિને જોતે કે મારા દુધ પીતા કોમળ બાળકને મારા હાથો ઉપર ઉપાડી પાણી પીવરાવવા હું લઇ ગયો અને તેના માટે મેં તે લોકો પાસેથી પાણી માગ્યું, પણ તેઓ તે માઅ્સુમ બાળક ઉપર દયા લાવ્યા નહિ અને પાણીના બદલે તેની સુકી ગરદનને તીરથી વીંધી નાંખી. તે લાડલું બાળક બાપના હાથમાં તરફડીને ઠંડુ થયું.

અરે તે કુફાના કર્પીણુ કસાઇઓ કેટલા ઘાતકી દિલના હતા? ઇમામની મઝલુમીની હદ ન હતી. હ૦ અલી અસગર ઇમામ હુસેન અ૦ના છ માસના નાનકડા પુત્રની તરસની હાલત જોઇ દુશમનોમાંથી કોઇ પેટ પકડીને તો કોઇ જમીન ઉપર બેસીને તો કોઇ મ્હોઢું ફેરવીને તો કોઇ ડચકાં ખાઇને ડુસકે-ડુસકા અને પોક મુકીને રડતાં હતાં. ઉમર સઅદની ફોજમાં એક જબરદસ્ત કોહરામ મચી રહ્યો હતો. કારણકે હુસેન અ૦ના આ નાના બાળકનું અતિશય કરૂણામય પાણી વિના તરસ્યાનું દ્રશ્ય સામે આવતાં કુફીઓના દિલોમાં ખળભળાટ મચી ગયો. દયાના અંકુરો ફુટવા લાગ્યા અને તે જોઇ ઉમર સઅદ ડર્યો અને તરતજ હુરમલા મલઉનને આ તરસ્યા બાળકને વીંધી નાખવાનો હુકમ આપ્યો. હુરમલા વસ્તુસ્થિતિ સમજી ગયો, અને તે ત્રણ દિવસના તરસ્યા કોમળ બાળકને પાણી પહોંચાડવાની તય્યારી કરવા લાગ્યો. ફોજથી આગળ વધીને કહ્યું, અય હુસયન અમોને કેમ ખાતરી થાય કે તમારી ગોદમાં તમારૂં બાળક છે. અમોને જરા દેખાડો તો જોઇ ખાત્રી કરી લઇએ.

આહ! તે બુઢ્ઢા બાપની કેવી દયાજનક સ્થિતિ હતી. અફસોસ! પયગંબરના નવાસા કેવા સંકટમાં ફસાઇ ગયા હતા. તરતજ પોતાના લાડલા જીગરના ટુકડા અલી અસગર ઉપરથી કપડું હટાવી તેને પાણી પાવાની આશામાં તે ખરે બપોરે તપતા તડકામાં અને બળતા રણના તાપમાં પોતાના બન્ને હાથો ઉપર ઉંચા કર્યા. બસ થઇ રહ્યું. તે દુષ્ટ નિર્દય કાફરે કમાનમાં તીર જોડી તે ગરીબ બાળક અલી અસગર તરફ રવાના કર્યું અને બોલ્યો:-" અય, હુસયન જુઓ આ પાણી તમારા બાળક માટે મોકલું છું તેથી એવા તૃપ્ત થશે કે ફરી કદી તરસ્યા નહિ થાય." હવે તે બુઢ્ઢા બાપના દુઃખનું વર્ણન કરવાની શક્તિ અમારી કલમમાં નથી. અહીંથીજ આ કરૂણાજનક બયાનની સાથે તે કરબલાના તરસ્યાઓની પ્યાસનું વર્ણન ખતમ કરૂં છું. ખુદાવંદે કહહાર તે નિર્દય કાફરોને કદી ન બખશે અને જહન્નમના ઝકકુમ (ઉકળતા ગંદા પાણી) થી તેઓના આંતરડાંને ભસ્મ કરે.

વસયઅલમુઝ્ઝલમુ અય્યુમુન કલબીયન યનકલીબુન.

પ્રકરણ દસમું.

ઇમામે હુસયનની અઝાદારીથી મળતાં અમૂલ્ય શિક્ષણો.

ઇમામે હુસયન અ૦ની અઝાદારીની મજલીસો બારે માસ ચાલુ હોય છે, પણ મોહર્રમ અને સફરના, ગમ અને મુસીબતના મહિનાઓ હોવાથી અઝાદારી વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે, અને મઝલુમની અઝાદારી પાછળ દર વર્ષે મુસલમાનો અને પરધર્મિઓ લાખો રૂપીયા ખરચ કરી રહ્યા છે, તે જોઇ ન શકવાથી અઝાદારીના વિરોધીઓ અને એહલેબયતના દુશમનો (ખારજી અને નાસબી લોકો) અનેક પ્રકારના એઅતેરાઝો કરી, અઝાદારી બંધ કરવા તનતોડ કોશીશ કરી રહ્યા છે; અને અઝાદારી પાછળ ખરચાતા લાખો રૂપીયા વ્યર્થ થતાં જણાવી, એ ગંજાવર રકમનો સદુપ્યોગ કરવાની સૂચના કરી રહ્યા છે. આ સવાલનો ખુલાસાવાર જવાબ "નજર અને ન્યાઝ" ના પ્રકરણમાં અમે આપ્યો હોવાથી અહીં તે ઉપર વધુ વિવેચન ન કરતાં, અઝાદારીથી થતા લાભો અને મળતાં અમૂલ્ય શિક્ષણો ખુલાસાવાર લખવા માંગીયે છીયે, જેથી હુસયને મઝલુમના અઝાદારોને ખાત્રી થશે કે, અઝાદારી પાછળ જે કાંઇ ખરચ કરવામાં આવે છે તેથી વિશેષ તેઓને લાભ થાય છે.

અલ્લાહની તવહીદનું શિક્ષણ.

નેચરી લોકો આ જગત અને તે માંહેલી સઘળી વસ્તુઓને આપોઆપ બનેલી જણાવે છે. તેઓ જન્મ, મરણ, દિવસ, રાત, ઠંડી, ગરમી, ઇત્યાદિ જે બનાવો બની રહ્યા છે, એ સર્વ કોઇ પણ બહારની શક્તિની મદદ વગર ધોરણ મુજબ થતું જણાવે છે, અને એકજ સર્વ શક્તિમાન, પેદા કરનાર અલ્લાહની હસ્તીનો સાવ ઇન્કાર કરી રહ્યા છે.

પણ ઇમામે હુસયન અ૦મે પોતાની શહાદત વડે તેઓની માન્યતાનું પુરેપુરૂં ખંડન કરી, અલ્લાહની પાક ઝાતને ઓળખાવી સિદ્ધ કરી આપ્યું કે આ સઘળી મખલુકાતનો જરૂર કોઇ પેદા કરનાર હોવો જોઇએ, અને તે અલ્લાહ તઆલા છે. જેઓ ખુદાની હસ્તીનો ઇન્કાર કરી દુન્યાની હરેક બાબતને નેચરના પાબંદ (તાબે) સમજી રહ્યા છે તેઓનું ખંડન અનેક પ્રકારથી થએલ છે અને ખુદાની હસ્તી સાબીત કરી આપવામાં આવેલ છે. જેનો ટુંક સાર અહીં આપીયે છીયે.

(૧) નેચરી લોકોના સિધ્ધાંત પ્રમાણે મરણ પામ્યા કેડે શબનું ઉઠીને બેસવું અને કપાએલી રગોમાંથી અવાજ નીકળવો અશકય મનાય છે. કેમકે તેઓ ખુદાને માનતા નથી અને મર્ણ પામ્યા પછી ફરીવાર સજીવન થવાનો (કિયામતનો) ઇન્કાર કરી રહ્યા છે, પણ ઇસ્લામી ઇતિહાસથી સિધ્ધ થાય છે કે જ્યારે ઇમામના સઘળા સાથીઓ શહીદ થઇ ગયા અને ઇમામે હુસયન એકલા રહ્યા, તે વખતે આપે તેઓને આવાઝ આપ્યો, “કયાં છે મારા દોસ્તો અને મારા સાથીઓ! કયાં છે મુસ્લીમ ઇબ્ને અવસજા, કયાં છે મારા જુના વફાદાર દોસ્ત હબીબ ઇબ્ને મઝાહીર, કયાં છે મારા ભાઇ અને અલમદાર અબ્બાસ, કયાં છે મારા પ્યારા અલી અકબર? હું એકલો દુશમનોમાં ઘેરાઇ ગયો છું. આવો, મારી મદદ કરો, હું તમોને પુકારી રહ્યો છું, છતાં તમો શા માટે જવાબ આપતા નથી?” ઇમામનો ઇસ્તગાસો સાંભળી, શહીદોની લાશમાં હરકત પેદા થઇ અને તેઓની કપાયલી રગોમાંથી આવાઝ નીકળ્યો, “લબ્બયક! લબ્બયક!! અમે હાજર છીયે, અમને ફરી ઉભા થવાનું ફરમાન આપો, તો આપની સેવામાં હાજર થઇ ફરીવાર આપના પગો પર નીસાર થઇએ.”

(૨) ઇમામની શહાદત પછી બયતુલ મુકદ્દસની જમીન પરથી જે પત્થર ઉપાડવામાં આવતો તેની નીચેથી તાજું લોહી જોશ મારતું દેખાતું હતું. વળી ઇતિહાસ એ પણ જણાવે છે કે ઇમામની શહાદત પછી ત્રણ અઠવાડયાં સુધી સૂર્યને ગ્રહણ લાગ્યું, જે નેચરી લોકોના કાનુન (સાયન્સ) થી

સાવ ઉલટું હોવાથી ખુદાની અઝીમ કુદરત, અને તેની અપાર શક્તિ સિધ્ધ થાય છે.

(૩) નેચરી કાનુન મુજબ મૃત્યુ પામેલા માણસનું શબ થોડા કલાક વધુ રાખવામાં આવે તેમાં કપુર અગર બીજી દવા લગાડેલી ન હોય તો તે સડવા માંડે છે અને તેમાંથી દુર્ગંધ ઉત્પન્ન થાય છે. કદાચ ઠંડીના દિવસોમાં અમુક વખત સૂધી રહી શકે. પણ ગરમીના દિવસોમાં જલદી કોહવા માંડે છે, પણ એ કાનુનથી ઉલટું ઇમામે હુસયન અને તેમના સાથીઓની લાશોને કરબલાની સખત ગરમીના દિવસોમાં બળતા રણમાં ત્રણ દિવસ સૂધી એમને એમ બેદફન જમીન પર રહેવા દેવામાં આવ્યા છતાં તેમાં જરા પણ ફેરફાર થવા ન પામ્યો બલ્કે તેમાંથી સુગંધ ચારે તરફ પ્રસરતી હતી અને ચોથે દિવસે કરબલાની આસપાસના ખેડુતોએ આવીને તે લાશોને દફન કરી.

એ શિવાય બીજી ઘણી અજાયબીઓ અને કરામતો તે મઝલુમોની લાશો થકી ઝાહેર થઇ હતી જે લંબાણની બીકના લીધે લખતા નથી. એ સર્વ બાબતોથી ખુદાની હસ્તી, તેની અપાર શક્તિ અને તવહીદ સંપૂર્ણ સિધ્ધ થાય છે.

કિયામતના દહાડાની સાબેતી.

કિયામત અદલ ઇન્સાફ અને ન્યાયનો દિવસ છે, જેને ખ્રિસ્તી લોકો **Day of Judgment** ના નામથી ઓળખે છે. મરણ પછી બધા માણસોને ખુદા ન્યાયના દિવસે સજીવન કરશે અને તેઓનાં સારાં નરસાં કામોનો બદલો આપશે.

જેઓ ખુદાને માનતા નથી તેઓ કિયામતના દહાડામાં આસ્થા રાખે કયાંથી? અને દુન્યા પછી કંઇએ નથી, એવી માન્યતા રાખી બેઠા છે તેઓના ખંડનમાં ઇમામે હુસયન અ૦મે દેખાડી આપ્યું છે કે ન્યાયનો દિવસ હોવાથી યઝીદીઓના અત્યાચારો અને ઝુલમો સહન કરી પોતે શહીદ થયા અને પોતાના સાથીઓ અને સગાંવ્હાલાંઓને શહીદ થવા દીધા.

કિયામતના દહાડા પર તેમનો સંપૂર્ણ વિશ્વાસ હતો તેથી પોતાના જવાન ફરઝંદો અને કુટુંબીઓને મયદાનમાં રવાના કર્યાં અને પોતાના સાથીઓને ટુંક સમયના સંકટો ઉપર સબર કરી આખેરતની હંમેશ રહેવાવાળી અપાર નેઅમતો મેળવવા તત્પર બનાવ્યા. જો ન્યાયના દિવસ ઉપર (મઆઝલ્લા) આસ્થા ન હતે તો કોઇ પણ રીતથી પોતાની અને પોતાના સાથીઓની જાન બચાવવા પ્રયત્નો કરી અથવા બળવાન યઝીદના શરણે આવી બયઅત કરી લેવાનું પસંદ કરતે, પણ ઇમામ હુસયન માત્ર ખુદાના ન્યાય ઉપર ભરોસો રાખી દીને ઇસ્લામની રક્ષા અર્થે પોતે શહીદ થયા અને પોતાના જવાન ફરઝંદોને પણ શહીદ થવા દીધા.

પયગંબરની નોબુવ્વતની સચ્ચાઇ.

ઇમામે હુસયન અ૦મે શહાદત ઇખ્તીયાર કરી પોતાના જદ (નાના) ઇસ્લામના મહાન્ પયગંબરની સચ્ચાઇ અનેક પ્રકારથી સિધ્ધ કરી આપેલ છે.

ઇસ્લામના વિરોધીઓ પયગંબરના બારામાં કહેતા રહ્યા છે કે ઇસ્લામના મહાન્ સ્થાપક માત્ર દીનનાં ઓઠાં હેઠળ રાજ્ય સ્થાપી ગયા અને પોતાની ચાલાકીથી શહનશાહ થયા. જેમકે ઇમામે હુસયનની શહાદત કેડે જ્યારે તેમનું મુબારક સર યઝીદની કચેરીમાં લાવવામાં આવ્યું ત્યારે તે પવિત્ર સર તરફ ઇશારો કરીને તેણે કેટલાંક કાવ્યો રચ્યાં હતાં. તેમાં કહ્યું છે કે, "લાઇબત હાશિમુ બિલમુલ્કી ફલા ખબરુન જાઅ વલા વહયુન નઝલ."

અર્થ:—હાશિમ (હ૦ મોહમ્મદ સ૦) બાદશાહત (ની સ્થાપના કરી) ખેલ રમી ગયા. જ્યારે આસમાનથી વહય ઉતારવામાં આવી નથી કે કોઇ ખબર (કુરઆન) મોકલવામાં આવી નથી.

ઇમામે હુસયન અ૦મે, એ વિરોધીઓના આક્ષેપના જવાબમાં શહાદત ઇખ્તેયાર કરી પયગંબરની સચ્ચાઇ સિધ્ધ કરી આપી છે. વિરોધીઓ કહી રહ્યા છે તે પ્રમાણે જો પયગંબર

માત્ર દુન્યાની બાદશાહત સ્થાપી ગયા હોત તો ઇમામે હુસયન અ૦ કોઇ કાળે રાજ્ય મેળવવાના લોભમાં પોતાની અને પોતાના ફરઝંદો, ભાઇઓ અને અસ્હાબોની કત્લ થવા દેતે નહિ. કેમકે જ્યાં સૂધી દુશમન રાજ્યના જેટલું બળ ન હોય ત્યાં સૂધી લડાઇ કરવામાં આવતી નથી, અને પરાજીત થયેલો બાદશાહ સામે થઇ ફોકટ પોતાની જાન ગુમાવતો નથી અને પોતાના દીકરા અથવા સગાંવ્હાલાંઓને ખુલ્લી હાર જોવા છતાં લડવા મોકલતો નથી, તેમજ લડાઇના મેદાનમાં નાનાં બાળકો અને ઓરતોને લઇ જવામાં આવતાં નથી. જેથી સિધ્ધ થાય છે કે રાજ્ય મેળવવા માટે નહિ પણ પવિત્ર ઇસ્લામ મઝહબની રક્ષા અને પયગંબરની સચ્ચાઇ ઝાહેર કરવાના હેતુથી યઝીદની સામે થઇ લડયા અને શહીદ થયા.

એ શિવાય ઇસ્લામના મહાન્ પયગંબર પોતાની નોબુવ્વતની સચ્ચાઇ માટે પવિત્ર કુરઆન આસમાની કિતાબ લાવ્યા છે. એ તેમની દલીલને મજબૂત બનાવવા અને કુરઆનને આસમાની કીતાબ સિધ્ધ કરી આપવા માટે ઇમામે હુસયન અ૦મે શહાદત પછી સંગીન મોઅજીઝો દેખાડી પયગંબર અને પવિત્ર કુરઆનની સચ્ચાઇ શાબીત કરી આપી.

અબી મખનફ પોતાની કરબલાની તવારીખમાં સહલ સાએદી અને ઝયદ ઇબ્ને અરકમથી નકલ કરે છે કે જ્યારે ઇમામે હુસયનનું કપાયલું માથું નેઝા પર ચઢાવી કુફામાં લઇ આવ્યા અને બજારમાં ફેરાવવામાં આવ્યું ત્યારે અમોએ એકાએક તે કપાયલા સરમાંથી પ્રથમ ખંખારવાનો અવાજ અને તે પછી કુરઆનની આ આયત પઢતાં અમે સાંભળ્યું, "અમ **હસીબ્તા અન્ના અસ્હાબલ કહફ વર્રકીમ કાનુ મીન આયાતીના અજબા.**"

તરજુમો:—"શું તું એમ ધારે છે કે કહફ (ગુફા) અને રકીમના સાથીઓ (ની વાત) અમારી નીશાનીઓમાં કાંઇ અજબ છે? (પવિત્ર કુરઆન) સહલ કહે છે કે તે સરે મુબારકને આ આયતની તીલાવત કરતાં જોઇ, મારાં રૂંવેરૂંવાં ઉભાં થયાં, અને મને તે મઝલુમ પર રડવું આવ્યું, અને તે

વખતે મેં કહ્યું, "હે મઝલુમ હુસયન, ખચ્ચિત તમારી મુસીબત અને આ વેષધારી મુસલમાનોના ઝુલમો બધી વાતોથી વધારે અજાયબી પમાડનાર છે." તે પછી તે સરે મુબારકમાંથી બીજી આયત પઢવાનો અવાજ નીકળ્યો, "વસયઅલમુલ્લઝીના ઝલમુ અય્યમુન કલબીન યનકુલિબુન."

તરજુમો:—"અને જેઓએ ઝુલમ કર્યો છે તેઓ જલદી જાણશે કે તેઓ કઇ જગાએ પાછા ફરશે ?

(પવિત્ર કુરઆન.)

ઇમામનું કપાયલું માથું કુરઆનની આયતો પઢી સંભળાવવાથી અનેક બાબતોની સચ્ચાઇ ઝાહેર કરી આપેલ છે.

(૧) ખુદાની અપાર શક્તિ, મરણ પામ્યા પછી સજીવન થવાની આગાહી.
(૨) પયગંબરની સચ્ચાઇ જેમના પર કુરઆન ઉતારવામાં આવ્યું.
(૩) પવિત્ર કુરઆનની સચ્ચાઇ જે આસમાની કીતાબ છે.
(૪) પોતાની ઇમામતની સચ્ચાઇ અને મોઅજીઝો.
(૫) કિયામતના દહાડાની આગાહી જ્યારે ઝાલેમોને સજાએ (તેઓની જગાએ) પોહોંચાડવામાં આવશે.

ઉપર મુજબ ટુંક વર્ણનથી સ્પષ્ટ થશે કે ઉસુલે દીનની પાંચે બાબતો (તવહીદ, અદલ, નોબુવ્વત, ઇમામત અને કિયામત) ની સચ્ચાઇ ઇમામે હુસયને પોતાની શહાદત વડે સિધ્ધ કરી આપેલ છે.

સખાવત:—કરબલામાં ઇમામે હુસયન અ૦મે ખુદાના રસ્તામાં દીને ઇસ્લામની રક્ષા અને લોકોની હિદાયત અર્થે જાન—માલ—અને અવલાદની એવી બેમિસાલ સખાવત કરી દેખાડેલ છે કે દુન્યામાં તેવો બીજો દાખલો કોઇ કાળે મળી શકે એમ નથી. અઝાદારો જ્યારે મજલીસોમાં ઇમામની બેમિસાલ સખાવત સાંભળે છે ત્યારે દીન અને કોમના લાભ અર્થે સખાવત કરવાનું શિક્ષણ પામે છે.

શૂરવીરતા:—ઇમામે હુસયન અ૦મે કરબલામાં ત્રણ દિવસની ભૂખ અને પ્યાસ છતાં હજારોના મુકાબલામાં ઉભા રહી જે

બહાદુરી અને શૂરવીરતા દેખાડી તે સર્વમાન્ય છે. ઇસ્લામી-ઓને તેથી શૂરવીરતા અને બહાદુરીના અને સત્ય પર મક્કમ રહેવા અને અસત્યને કોઇ કાળે નમી ન દેવાના પાઠો મળે છે.

સહનશીલતા અને સબુરી:–ઇમામે હુસયને પોતાના નાનાના ધર્મની રક્ષા માટે જે જે દુઃખો સહન કર્યાં છે, એથી સબુરી અને સહનશીલતાનો પાઠ મળે છે. સંકટના સમય પર ખુદા ઉપર ભરોસો રાખી સબર કરવાથી કેવાં સારાં પરિણામ ઉપજે છે, એ ઇમામે હુસયન અ૦મે શીખવાડી આપ્યું છે.

અઝાદારીની મજલીસોથી થતા લાભો.

દુઃખી અને મઝલુમ પ્રત્યે સ્વાભાવિક લાગણી ખેંચાય છે અને તેનું વર્ણન સાંભળવાથી દિલ પીગળે છે જેથી લોકોની લાગણી ખેંચવા અને પોતાનો પ્રેમ લોકોના દિલોમાં દાખલ કરવા અને તે થકી સારાં શિક્ષણો પહોંચાડવા માટે ઇમામે હુસયન અ૦મે શહાદત ઇખ્તીયાર કરી છે. જો તે મઝલુમ શહાદત ઇખ્તેયાર ન કરતે તો મજલીસોની બેઠકો જો સાધારણ દિવસોમાં અઠવાડયામાં ઓછામાં ઓછી બે વખત અને મોહર્રમ સફરના બે મહિનાઓમાં દરરોજ કરવામાં આવે છે તે કદિ થતે નહિ.

હવે એવી અઝાદારીની મજલીસોમાં શું વર્ણન કરવામાં આવે છે તેની ટુંક તપાસ લઇએ. પ્રથમ મુલ્લાં અથવા ઝાકીર મીમ્બર પર બેસી ખુદાનું નામ લઇ તેનાં વખાણ કરે છે અને તે પછી પયગંબર પર દુરૂદ (સલામ) મોકલી કુરઆનની એકાદ આયતથી મજલીસ શરૂ કરે છે. તે આયતનો તરજુમો અને તે ઉપર ટુંકમાં વિવેચન કરી અલ્લાહના ફરમાન સંભળાવે છે. તે પછી મજલીસના રક્ષકો પયગંબરની પવિત્ર એહલે-બયતની ફઝીલત, તેઓની મોહબ્બત અને તાબેદારીના દીન દુન્યાના ફાયદાનું ટુંક વર્ણન કરે છે. તે પછી ઉસુલે દીન અથવા ફુરૂએદીનના એકાદ સવાલનો ઉલ્લેખ કરી, કરબલાના ગંભીર બનાવના ઇતિહાસમાંથી ટુંક વિવેચન કરી એ મઝલુમની

મુસીબતોના બયાન પર મજલીસને ખતમ કરે છે. એવી રીતે દરેક બેઠકમાં જુદા જુદા વિષય પર વિવેચન કરવામાં આવે છે જેથી સાંભળનારાઓમાં લગભગ નેવું ટકા અભણ અને પુસ્તકોથી અપરિચિત હોય છે, તેઓ ઇતિહાસીક બનાવો અલ્લાહ અને રસુલના ફરમાનોથી વાકેફ થતા રહે છે.

હિન્દુ અને ખ્રિસ્તી મિશનરીઓ રસ્તા ઉપર ઉભા રહી રાહદારીઓ વચ્ચે ભાષણ આપી રહ્યા છે. કેમકે એ શિવાય બીજી રીતે લોકોને એકઠાં કરવા માટે કોઇ પણ આકર્શક ઇલાજ તેઓ કને નથી પણ ઇસ્લામ કને તબલીગના કામ માટે અને લોકોને એક જગો પર રાજીખુશીથી કલાકના કલાકો સૂધી એકઠા કરવા માટે શહીદે ઇસ્લામની અઝાદારી રામબાણ ઇલાજ છે, જેનો ખર્ચ પરધર્મિઓના મિશનરી ખાતાંના ખર્ચથી ઘણો ઓછો તેમજ વધુ આકર્શક અને લાભદાયક હોય છે.

ઇમામે હુસયનની અઝાદારીથી કેવાં અમૂલ્ય શિક્ષણો મળે છે અને કેટલા લાભો થાય છે તે વિષે જરમનીના મશહુર પ્રોફેસર ડો. મોરમૈનના શબ્દો મનન કરવા લાયક છે.

મજકુર જરમન પ્રોફેસર 'ઇસ્લામિક પોલિટિકસ'ના પોતાના લેખમાં લખે છે કે, "હુસયનની અઝાદારી માટે જે સભાઓ (મજલીસો) કરવામાં આવે છે એ લક્ષપૂર્વક તપાસો કે એમાં કેવાં કેવાં રહસ્યો એકબીજાના કાને પહોંચાડવામાં આવે છે અને અંદરોઅંદર કેવાં મહાન્ શિક્ષણો અપાય છે. હું પોતે ઘણે વખતે હુસયનની અઝાદારીની મજલીસોમાં દુભાષિયાને સાથે લઇને ગયો છું. મેં સાંભળ્યું કે તેઓ કહે છે કે હુસયન, જેઓ આપણા ઇમામ, અને પેશવા છે તેમની તાબેદારી આપણા ઉપર વાજીબ છે. તેઓએ યઝીદના ઝુલમો સામે પોતાનું માથું નમાવ્યું નથી. ઇસ્લામના રક્ષણ કાજે અને લોકોના હિદાયત અર્થે તેમણે પોતાની મિલ્કત આપી પ્રાણ આપ્યો. પુત્ર અને સગાંવ્હાલાંઓની કુરબાની આપી પણ યઝીદની બયઅત કરી નહિ અને પરિણામે દુન્યાને આખેરતમાં નેકનામ રહ્યા અને તેમના દુશમનોએ દીન દુન્યા બન્ને જગાએ નુકસાન ઉઠાવ્યું. આ ઉપરથી મેં સારી રીતે

જાણી લીધું કે આ લોકો હકીકતમાં એકબીજાને એવું શિક્ષણ આપે છે કે, જો તમો હુસયનની મોહબ્બત રાખો છો અને તેમની તાબેદારી કરવા માગો છો તો યઝીદીઓની તાબેદારી કબૂલ રાખી તેઓના અત્યાચારો સહન કરજો નહિ. જે કોમને પારણાથી કબ્ર સૂધી એટલે બાળવયથી મરણ સૂધી આવી કેળવણી અપાતી હોય તે કોમ કેવા કેવા ઉત્તમ સદ્‌ગુણોની વારેસ બની શકે છે. આજ લોકો બધી કોમોમાં પ્રગતિ પર રહેશે........... મુસલમાનોના જુદા જુદા ફિરકાઓમાં સંપ અને એકતા સાધવા માટે આના કરતાં વધારે ઉપયોગી બીજી કોઇ હકીકત નથી."

ઉપલા લેખથી સ્પષ્ટ થાય છે કે અઝાદારીથી અનેક અમૂલ્ય શિક્ષણો મળે છે અને કોમની ચઢતીનો એકજ માર્ગ અઝાદારી છે અને તબલીગ અથવા મિશન પણ એજ અઝાદારીમાં સમાયલું છે. અઝાદારીના વિરોધીઓ ઇસ્લામની ચઢતીના આ એકજ માર્ગને રોકી રાખવા અને ઇસ્લામને પડતી પર લાવવા તનતોડ કોશિશ કરી રહ્યા છે, તેથી દરેક મુસલમાનની ફરજ છે કે અઝાદારી માટે પછાત ન રહેતાં તન, મન અને ધનથી એજ કોશિશમાં રહે કે દીન બદીન હુસયને મઝલુમની અઝાદારી વધુ જોરશોરથી થતી રહે.

પ્રકરણુ અગ્યારમું.

મોઅજીઝા.

મોઅજીઝતુન, અરબી શબ્દના બહુ વચનને મોઅજીઝા કહેવામાં આવે છે. અને તેનો અર્થ (સામાવાળાને) લાચાર બનાવવો થાય છે. આજકાલના કહેવાતા વિદ્વાનો મોઅજીઝાને જાદુના ખેલ સમાન સમજે છે, અથવા રિયાઝતથી મેળવેલ શક્તિના પરિણામે અમુક સાધુએ જે ચમત્કાર દેખાડી રહ્યા છે તેથી વિશેષ સમજતા નથી.

મોઅજીઝો શું ચીજ છે અને મોઅજીઝાનું ઝાહેર થવું વાસ્તવિક છે કે નહિ? તેમજ મોઅજીઝા અને સાધારણ ચમત્કાર અથવા કરામત વચ્ચે શો ફેર છે, એ ટુંકમાં સમજાવવા માંગીયે છીયે. કેમકે ઇમામ હુસયન અ૦, જેઓ પયગંબરના નવાસા, તેમના ખલીફા, વસી અને ત્રીજા ઇમામ હતા, તેઓ હયાતીમાં અનેક મોઅજીઝા દેખાડતા રહ્યા. તેમજ તેમની શહાદતનાં કરૂણાજનક બયાનમાં આપણે વાંચીએ છીએ કે આશુરાના દહાડે અનેક મોઅજીઝા દેખાડી, તેમના વિરોધીઓ અને ખૂનના પ્યાસાઓને પોતાની સચ્ચાઇ જાહેર કરી દેખાડી આપ્યું હતું કે, તે કર્પિણોપર તેમની તાબેદારી વાજીબ હતી, ન કે યઝીદે મલઉનની. એ શિવાય કરબલાના ભયંકર બનાવ પછી આજ પર્યંત કરબલામાં તે મઝલુમની કબર આગળ, તેમજ અરબસ્તાન, ઇરાન, હિંદુસ્તાન, આફ્રીકા ઇત્યાદી દેશોમાં મોહર્રમના ટાંકણા ઉપર અનેક મોઅજીઝા ઝાહેર થતા રહ્યા છે, જેમાંથી કેટલાક મોઅજીઝા આએ કિતાબમાં અન્ય સ્થળે લખવામાં આવેલ છે. જેથી એ મોઅજીઝાની સચ્ચાઇ, જરૂરત અને વાસ્તવિકપણું સાબીત કરવા માટે, અને મોઅજીઝાની વિરૂધ્ધતા દર્શાવનાર માન્યતાનું ખંડન કરવા અત્રે ટુંકમાં વિવેચન કરીશું.

પ્રથમ મોઅજીઝો શું છે? અને તે શા માટે અને કોણ જાહેર કરી શકે છે, એ સાબીત કર્યા પછી મોઅજીઝા વિષે ઉત્પન કરવામાં આવતી શંકાઓનો જવાબ આપીશું.

મોઅજીઝો શું છે?

આખી દુન્યાના પેદા કરનાર, સર્વ શક્તિમાન ખુદાએ, પોતાની મખલુકાતને હિદાયત કરવા માટે અને તેઓને શિર્ક અને કુફ્રના અંધકારમાંથી હિદાયતના પ્રકાશમાં લાવવા અર્થે, એક લાખ ચોવીસ હજાર પયગંબરો (પ્રતિનિધીઓ) ને મોકલેલા છે, કે તેઓ દુન્યામાં આવી ખુદાની મખલુકાતને એકજ, વહદહુ લાશરીક, સર્વ વ્યાપક, સર્વ શક્તિમાન, મારનાર, જીવાડનાર, રોજી આપનાર, દયાળુ, પરવરદીગાર, અલ્લાહુની ઓળખ આપી તેની મહા ભારે કુદરતનું ભાન કરાવે; અને તે કિર્તાર આગળ પોતાનું માથું જમીન ઉપર રાખી તેની ઇબાદત કરવા, અને તેની અપાર બખશીશો (બેહીશતની)ની આશા રાખવા અને તેની ભારે સજા (જહુન્નમ) ની બીક રાખવા માટે તેઓને શિક્ષણ આપતા રહે.

એક સાધારણ દુન્યાદાર બાદશાહ પોતાના કોઇ દેશ પર એલચીને મોકલે છે, તો તેની સચ્ચાઇ અને સત્તા જાહેર કરવા માટે અમુક નીશાનીઓ આપીને મોકલે છે; જેથી તેની પ્રજા તેના એલચીના હુકમને આધીન થઇ તેને માન આપે, અને તેના કહેવા પ્રમાણે અમલ કરે. જો સામાન્ય પ્રજા કરતાં તે એલચીમાં કશોએ તફાવત ન હોય, અથવા તેના કને કોઇ એવી મુખ્ય નિશાનીઓ ન હોય, તો તેની સચ્ચાઇ માટે જરૂર શંકા ઉત્પન્ન થાય, અને તેને વેશધારી ખોટો દાવો કરનાર સમજી શેહેરથી બાહેર હાંકી મેલવામાં આવે.

એજ પ્રમાણે હરકોઇ માણુસ ખુદાના પ્રતિનિધિ હોવાનો દાવો ન કરી શકે, અને લોકોને ખોટે માર્ગે ન દોરવે, તે માટે ખરા પ્રતિનિધિઓને, ખુદાએ પોતાની અનુપમ શક્તિનો અદના નમુનો મોઅજીઝો આપેલ છે, કે જેથી સેહલાઇથી લોકો તેમના દાવાને માન્ય રાખી તેમની તાબેદારી કરે.

અલ્લાહ! નિરંજન અને નિરાકાર છે, અને તેને શરીર કે રૂપ ન હોવાથી આપણે તેને જોઇ શકતા નથી. તેનામાં કેટલી શકિત છે? તે સર્વ શકિતમાન, મારનાર, જીવાડનાર, દયાળુ છે કે નહિ? તેની ખાત્રી કરાવી આપવા માટે, તે પોતે આપણી સમક્ષ જાહેર દેખાવ આપે, એ આપણા માટે અશકય હોવાથી (આપણી નજરમાં ખામી હોવાને લીધે) અને તેને શરીર કે આકાર ન હોવાથી, આપણે તેને જોઇ શકતા નથી. જેમકે હવા, રૂહ, ફિરીશતા, જીન્નાત ઇત્યાદી તેની પેદા કરેલી અને બનાવેલી વસ્તુઓ, તેમનું સૂક્ષ્મ અંગ હોવાથી, આપણી નજરની ખામીના અંગે તેમને જોઇ શકતા નથી. જ્યારે તેની ઝાત મુદલ જોઇ શકાય તેવી નથીજ; અને તે કોઇ કાળે દીઠામાં આવે તેવો નથી, તો તેથી પોતાની અપાર શકિતનો ભાસ કરાવવા માટે, પોતાના પયગંબરોને મોઅજીઝા રૂપી શકિત આપી છે, જે વડે તે પયગંબરો સમયાનુસાર મુરદાંને સજીવન, બીમારોને સાજા, આગને ગુલઝાર, ઇત્યાદીના મોઅજીઝા, કુદરતના કિરીશમાં દેખાડવાની શકિત આપીને મોકલ્યા છે.

જ્યારે માણસો મોઅજીઝા પયગંબરોથી ઝાહેર થયલા જુવે છે ત્યારે કુદરતી રીતે તેમના તરફ વલણ કરે છે, અને તેમની મોહબ્બત તથા તાબેદારી કરવા પ્રેરાય છે. જો ઘડીભર એવા પયગંબરો પોતાનેજ પેદા કરનાર ખુદા તરીકે (મઆઝલ્લાહ) ઓળખાવે તો એવા મોઅજીઝા કે જે જમાનાની આદત વિરૂધ્ધ ગમે તેવા Scientist Philosopher ફીલોસોફર કરી ન શકે એવી અદ્‌ભુત શકિત ઝાહેર કરનારને ખુદા તરીકે માની લેવા જરા પણ આનાકાની ન કરતાં, તેના પગો આગળ પોતાનું માથું નમાવી આપે. પણ જ્યારે તે પયગંબરો, તેઓને સદા ખુલ્લી રીતે જણાવતા હોય કે, અમે માત્ર તમારી માફક ખુદાના પેદા કરેલા બંદા, તેના તાબેદાર, પ્રતિનિધિ છીએ, અને તેના ફરમાનુસાર તમોને બોધ આપવા આવ્યા છીયે. અગર જો ખુદા ચાહે તો પળવારમાં અમારી શકિત છીનવી શકે છે, અને અમોને મોત આપી શકે છે. તો તે માણસો પયગંબરો કનેથી આ સાંભળીને જરૂર વિચાર કરશે કે જ્યારે

આવી અદ્‌ભુત શકિત ધરાવનાર પોતાને અલ્લાહુનો બંદો અને તાબેદાર જણાવે છે, તો ખુદ અલ્લાહમાં કેટલી શકિત હશે? અને જ્યારે આટલી શકિત અને મોઅજીઝા છતાં પયગંબરો સદા ખુદાની દરગાહમાં ગીરયા વઝારી કરી, આખી રાત જાગીને ઇબાદત કરે છે, અને તેની દયા માટે પ્રાર્થના કરે છે તો આપણને તે ખાલીકની ઇબાદત કરવી અને તેનાથી ડરીને રહેવું, હજાર દરજ્જે વધારે સઝાવાર છે.

ઉપલી હકીકતથી સિદ્ધ થશે કે પયગંબરોની સચ્ચાઇ માટે મોઅજીઝાની જરૂરત છે, અને તે સર્વ શક્તિમાન પરવરદીગાર માટે પોતાના પયગંબરોને મોઅજીઝા દેખાડવાની શક્તિ આપવી કોઇ કાળે અશકય ગણાશે નહિ. પવિત્ર કુરઆનમાં ઘણી જગોએ પયગંબરોના મોઅજીઝાનું વર્ણન કરવામાં આવ્યું છે, જે અહીં ટુંકમાં કુરઆનની આયતો વડે સ્પષ્ટ કરીશું. જેથી કોઇ પણ મુસલમાન, મોઅજીઝાનો ઇનકાર કરી શકશે નહિ. શિવાય કે જેઓ ખરા ઇમામો નથી, અને એવા બનાવટી ઇમામોને માનનારાઓ, પોતાનું પોકળ છુપાવવા માટે ઇમામતની શરતોમાં મોઅજીઝાની જરૂરત છે એનો ઇનકાર કરે છે; પણ ઇમામની તાબેદારી ઉલુલઅમ્રની આયતમાં, ખુદા અને તેના પયગંબરની તાબેદારી સાથે વાજીબ કરવામાં આવેલી છે, એ અમો આ પ્રકરણની શરૂઆતમાં સાબીત કરી આપેલ છે, તેથી તેવા ઉલુલઅમ્ર, અથવા ખરા ઇમામોની સચ્ચાઇ માટે મોઅજીઝાની જરૂરત છે, અને એવા ખરા ઇમામો પોતાની સચ્ચાઇ જાહેર કરવા માટે મોઅજીઝા દેખાડતા રહ્યા, અને આજપર્યંત ઇમામે હુસયન અ૦ના મોઅજીઝા જાહેર થતા રહે છે, તેથી મોઅજીઝાનો સવાલ વિવિધ પ્રકારથી સ્પષ્ટ કરવા માગીયે છીયે.

મોઅજીઝાનું વર્ણન પવિત્ર કુરઆનમાં.

(૧) કાલ યા અય્યુહલ મલઉ, અય્યુકુમ યઅતીની બીઅરશીહા કબ્લા અન્યઅતૂની મુસ્લીમીન.

(પવિત્ર કુરઆન સુરએ નમ્લ આયત ૩૮ મી.)

તરજુમો:-"પયગંબર સુલયમાને કહ્યું, હે ઉમરાવો! કોણ મ્હારી પાસે તેણીનું (બીલકીસ રાણીનું) તખ્ત તે અગાઉ લાવશે કે તેઓ આધીન થઇ મ્હારી પાસે આવે."

"જીન્નોમાંથી એક એફરીતે (રાક્ષસે) કહ્યું, હું ત્હારી પાસે તે (તખ્ત) ને અગાઉ લાવીશ કે તું ત્હારી જગ્યાએથી ઉભો થાય* અને ખરેખર હું તે ઉપાડવાને શકિતમાન (અને) વિશ્વાસુ છું."

(આયત ૩૯ મી.)

"જેની પાસે કિતાબમાંનું જ્ઞાન હતું (હ૦ સુલયમાનના વઝીર આસફ બીન બરખીયા, જેઓ ખુદાનું પવિત્ર નામ ઇસ્મેઅઅઝમ (મહાન્ નામ જાણતા હતા) તેણે કહ્યું, હું ત્હારી પાસે તે તખ્ત તે અગાઉ લાવીશ, કે તું ત્હારી નઝર ત્હારી તરફ ફેરવે (ક્ષણવારમાં) પછી જ્યારે સુલયમાને તે તખ્ત પોતાની પાસે સ્થિર મુકાયલું જોયું, ત્યારે તેણે કહ્યું, આ મ્હારા પરવરદીગારની બક્ષીસ છે, એટલા માટે કે તે મ્હારી આઝમાઇશ કરે કે હું આભાર માનું છું કે અનુપકાર કરૂં છું. અને જે કોઇ ઉપકાર માને છે, તે માત્ર પોતાના લાભ માટેજ ઉપકાર માને છે, અને જે કોઇ અનુપકાર કરે છે તો ખરેખર મ્હારો પરવરદીગાર તવંગર (અને) મહાન્ છે.

(પવિત્ર કુરઆન સુરએ નમ્લ આયત ૪૦ મી.)

ઉપલી ત્રણ આયતોમાં બીલકીસ રાણીનું તખ્ત ઇસ્મે આઝમ પઢવાથી (મોઅજીઝાથી) ક્ષણવારમાં હ૦ સુલયમાન આગળ હાજર થયું તેનું વર્ણન કરવામાં આવેલ છે. અહીં મોઅજીઝા અને સાધારણશકિત વડે થઇ શકતાં કાર્યો વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય છે, કેમકે એક રાક્ષસે પોતાના બળથી હજારો ગાઉ દૂરથી માત્ર થોડા કલાકોમાં તે તખ્ત લાવી આપવાનું કહ્યું હતું, જે મોઅજીઝામાં ગણી શકાય નહિ; પણ મોઅજીઝો એ કહેવાય કે જેથી દરેક માણસ લાચાર થાય.

---

* કારણ કે હઝરતે સુલયમાન દરરોજ સવારથી બપોર સુધી ન્યાય આપવા માટે બેસતા.

આ આયતમાં હ૦ સુલયમાન પયગંબરના વઝીર કને "ઇલ્મુન મેનલ કિતાબ" એટલે કિતાબના ઇલ્મમાંથી થોડું જ્ઞાન હતું, એમ જણાવવામાં આવ્યું છે. જો કિતાબનું સંપૂર્ણ ઇલ્મ હતે તો ફકત "ઇલ્મુલ કિતાબ" એટલે કિતાબનું ઇલ્મ લખાયલું હતે. એ બન્ને વાકયો વચ્ચેનો તફાવત એક બીજી આયતથી સ્પષ્ટ થાય છે અને તેમાં ખુલ્લે ખુલ્લું "ઇલ્મુલ કિતાબ" કિતાબનું સંપૂર્ણ ઇલ્મ એક બીજા બુઝર્ગવાર માટે જણાવવામાં આવ્યું છે. હવે જેના કને કિતાબના ઇલ્મમાંથી થોડું જ્ઞાન હતું, તે ઇલ્મ વડે હજારો ગાઉ દૂર આવેલા બીલકીસ રાણીનું તખ્ત ક્ષણવારમાં હાજર કરી શકયા, તો જે બુઝર્ગવાર કને કિતાબનું સંપૂર્ણ ઇલ્મ છે એમ કુરઆનમાં ચોખ્ખે ચોખ્ખું જણાવવામાં આવ્યું હોય, તો તે બુઝર્ગવાર એથી પણ વધુ ભારે મોઅજીઝા દેખાડી શકે છે. એ માન્ય રાખવાને કોઇ મુસલમાન અચકાશે નહિ.

"વયકુલુલ્લઝીના કફરૂ લસ્તા મુરસલન, કુલકફા બિલ્લાહી શહીદન બયના વબયનકુમ, વમન ઇન્દહુ ઇલ્મુલ કિતાબ."

તરજુમો:–"અને જેઓ કાફર થયા છે તેઓ કહે છે કે, તને (પયગંબર તરીકે) મોકલવામાં આવ્યો નથી. કહે, ખુદા સાક્ષી તરીકે મ્હારી અને તમારી વચ્ચે બસ છે, અને તેમજ જેની પાસે કિતાબનું જ્ઞાન છે તે પણ."

(પવિત્ર કુરઆન સુરએ રઅદ આયત ૪૩ મી.)

(પ્રોફેસર ઇસ્ફહાની કૃત તરજુમો.)

ઉપલી આયતના તરજુમામાં "જેની પાસે" આગળ + નિશાની મેલી પ્રોફેસર ઇસ્ફહાની હાશીયામાં લખે છે કે, "આ માણસ કાં તો જીબ્રઇલ અને કાં તો ઘણાખરાના માનવા પ્રમાણે હ૦ અલી છે."

હાફેજ અબુનઇમ, સોઅલબી, અને નઝીરી વીગેરે એહલે સુન્નતના ઉલમા હ૦ મોહમદ હનફીય્યાથી નકલ કરે છે કે, "આ આયતમાં જેની પાસે કિતાબનું જ્ઞાન છે તેથી મુરાદ હ૦ અલી અ૦ છે."

ઉપલી આયતમાં હ૰ અલી અ૰ની ફઝીલત બે પ્રકારથી સાબીત થાય છે. પ્રથમ હ૰ અલી અ૰ને જેવી રીતે ખુદા પોતાના પયગંબરની સચ્ચાઇ માટે પોતાને સાક્ષી જણાવે છે, એજ પ્રમાણે હ૰ અલી અ૰ને પણ પોતાના પયગંબરના સાક્ષી ઠરાવ્યા. બીજી ફઝીલતમાં હ૰ અલી અ૰ કને કિતાબનું સંપૂર્ણ ઇલ્મ હોવાનું સાબીત થાય છે.

હ૰ અલી અ૰ પાસે કિતાબનું સંપૂર્ણ ઇલ્મ હોવાથી તેમના કને હ૰ સુલયમાનના વઝીરના મોઅજીઝાથી વધુ ભારે મોઅજીઝા દેખાડવાની શકિત ખુદાએ આપેલ સિધ્ધ થાય છે. એજ પ્રમાણે હ૰ અલી અ૰ પછીના પવિત્ર ઇમામો, જેઓ હ૰ અલી અ૰ માફક પયગંબરના વસી છે, તેમના કને પણ 'ઇલ્મુલ કિતાબ' હોઇ તે મોઅજીઝા દેખાડવાની એટલીજ શકિત સિધ્ધ થાય છે.

(૨) "હે મુસા, આ ત્હારા જમણા હાથમાં શું છે?" તેણે કહ્યું કે, "આ મ્હારી લાકડી છે. તેના ઉપર હું ટેકો રાખું છું, અને તે વડે મ્હારાં બકરાં માટે પાંદડાં પાડું છું, અને તેમાં મ્હારે માટે બીજાં કેટલાંક કામો છે." ખુદાએ કહ્યું, "હે મુસા, તે ફેંકી દે." પછી તેણે તે ફેંકી દીધી. "પછી તે ત્યાં સર્પ થઇ (આમતેમ) દોડી." ખુદાએ કહ્યું, "તે પકડ અને ડર નહિ, અમે તેને જલદીથી તેના પ્રથમ રૂપમાં ફેરવીશું" "અને ત્હારા હાથને ત્હારા પડખા તરફ લઇ જા, ઇજા થયા શિવાય તે ચકચકિત ધોળો (નૂરાની) થઇ બાહેર આવશે. (ત્હારા માટે) આ એક બીજી નિશાની છે." "એટલા માટે કે, અમે તને અમારી મ્હોટી નિશાનીઓ બતાવીએ." "ફિરઔન તરફ જા! ખરેખર, તે હદબહાર ગયો છે."

(પવિત્ર કુરઆન સુરએ તા. હા. આયત ૧૭ થી ૨૪.)

ઉપલી સાત આયતોમાં હ૰ મુસાને લાકડી સર્પ થઇ જવાની અને હથેળી ચકચકિત નૂરાની થવાની નિશાનીઓ (મોઅજીઝા) આપી ફિરઔન તરફ જવાનો હુકમ થવા વિષે વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપલી બે પ્રકારની આયતો, કુરઆનમાંથી મોઅજીઝાની સાબેતી માટે બસ છે. એવી અનેક આયતો છે, જેમાં

પયગંબરોને અપાયલા અનેક પ્રકારના મોઅજીઝાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ શિવાય હ૦ ઇસા પયગંબરના મોઅજીઝાથી મર્ણ પામેલા જીવતા, અને માંદા સાજા થયલાનું વર્ણન કરવામાં આવેલ છે. તે ઉપરાંત હ૦ ઇબ્રાહીમ, હ૦ શોઅયબ, હ૦ નુહ, હ૦ યુનુસ ઇત્યાદી ઘણા પયગંબરોના મોઅજીઝા ખુલ્લી રીતે કુરઆનમાં નજરે પડે છે. હદીસમાં જણાવવામાં આવ્યું છે કે જેટલા મોઅજીઝા દરેક જુદા જુદા પયગંબરોને, જુદી જુદી રીતે દેવામાં આવ્યા, તે સર્વે હ૦ રસુલે ખુદા સ૦, અને ઇમામોને આપવામાં આવ્યા હતા; તે ઉપરાંત તેથી પણ બીજા વધુ મોઅજીઝા, અને બીજી ફઝીલતો ખુદા તરફથી તેઓને મળી છે.

મોઅજીઝા અને ચમત્કાર અથવા જાદુ વચ્ચેનો ફેર.

સાધારણ જાદુગરો અથવા ખેલાડીઓ, જાદુનો ખેલ અથવા ચમત્કાર વડે લોકોને પોતાની ચાલાકી અને હુન્નર દેખાડે છે, અને તેથી લોકો આશ્ચર્ય પામે છે. કેટલીકવાર તેઓ જાદુના બળથી, અમુક વસ્તુને અદ્રશ્ય બનાવે છે અથવા બીયામાં રસાયણ મેળવી જમીનમાં વાવતાં ટુંક મુદતમાં પાંદડાં ફુટી નીકળેલાં દેખાડે છે, તેમજ રિયાઝત થકી પળવારમાં સેંકડો ગાઉ છેટે પહોંચી જાય છે. એ સઘળા ખેલો અને ચમત્કારો અને પયગંબરોના મોઅજીઝા વચ્ચે શો ફેર છે, એ જાણવાની જરૂરત છે. કેમકે આ સુધરેલા ઝમાનામાં મોઅજીઝાને માત્ર સાધારણ ચમત્કારથી વિશેષ માન્ય રાખવાને પસંદ કરતા નથી. જ્યારે એવા સુધરેલા મુસલમાનોને મોઅજીઝાની હકીકત કહેવામાં આવે છે, ત્યારે તેઓ એવી માન્યતા ધરાવનારને આંધળી તકલીદ (અંધશ્રધ્ધા) રાખનાર બુબખ ગણે છે.

પ્રથમ અમે રિયાઝત વડે પળવારમાં સેંકડો ગાઉ છેટે પહોંચી જવાનો (તય્યુલ અર્ઝ), હિન્દુસ્તાનમાં બનેલો એક દાખલો, મરહુમ અલ્લામા કનતુરીની કિતાબ, 'ઇન્તીસારૂલ ઇસ્લામ' માંથી આપીયે છીયે.

પંડીત હરનાથ બી. એ., ગ્વાલીયરના મહારાજાના ચોથા વર્ગના પ્રધાન, પોતાની નજરે દીઠેલી હકીકત જણાવે છે કે, એક હિન્દુ સાધુ ગ્વાલીયરના લશકરી કેમ્પથી મહારાણીની ચીઠી લઇ સાત મીનીટમાં કલકત્તા પ્હોંચી, મહારાજાસાહેબને આપી આવ્યો.

'ઇન્તીસારૂલ ઇસ્લામ.'

હ૦ સુલયમાન પયગંબર, મોઅજીઝાથી હવા પર પોતાના તખ્ત અને અમીર ઉમરાવો સાથે ટુંક મુદતમાં હજારો ગાઉની મુસાફરી કરતા હતા. એ પ્રમાણે પયગંબરો અને ઇમામો પળવારમાં હજારો ગાઉનું છેટાપણું પસાર કરી, એક મુલકથી બીજા મુલકમાં પહોંચતા હતા. એ મોઅજીઝા અને ઉપર જણાવેલા હિન્દુ સાધુના બનાવ વચ્ચે શો ફેર છે. એ અમો ટુંકમાં સમજાવીશું.

ગ્વાલીયરથી કલકત્તાનું છેટાપણું પાંચસોથી સાતસો માઇલ હશે, અને સાત મીનીટમાં તે હિન્દુ સાધુ પહોંચી શકયો. તે ચમત્કાર દેખાડવા માટે તે સાધુએ, કેટલી મુદત સૂધી રિયાઝત તપશ્યા અથવા અમલ કરી, અનેક સંકટો વેઠીને પ્રાપ્ત કરેલ હશે, તે સહેલાઇથી કલ્પી શકાશે. રિયાઝત અને કષ્ટ વગર એવી શકિત મળી શકતી નથી એ નિર્વિવાદ છે.

એક બીજો દાખલો લઇએ. પયગંબર અથવા ઇમામ મોઅજીઝા વડે આંધળાને દેખતા કરે છે, અને હજારો ગાઉ દૂર આવેલા મુલકોની ખબરો પળવારમાં મેળવી શકે છે. હાલમાં અમેરીકામાં સાયન્સ વડે ઘણી શોધો થતી રહી છે, તેમાં એક આલત (યંત્ર) બનાવવામાં આવેલ છે, જે અપંગ લોકોની આંખો આગળ ધરતાં, તેમાંથી દેખી શકાય છે. તેમજ મારકોનીએ વાયરલેસ (તાર વગરના) યંત્રની શોધ કરી છે, જે વડે હવામાં વીજળીના બળથી, હજારો ગાઉ દૂર આવેલ મુલ્કોની ખબર મેળવી શકાય છે. તો હવે મોઅજીઝા, અને સાયન્સની શોધો, અને સાધુઓના ચમત્કારો વચ્ચે શો ફેર છે તેની તપાસ લઇએ.

(૧) પયગંબર અથવા ઇમામ, જે મોઅજીઝા દેખાડે છે તેના માટે કોઇ હથ્યાર, અથવા પ્રયોગો કરવાની જરૂરત

રહેતી નથી, અને અમુક મુદ્દત સુધી રિયાઝત, અથવા કષ્ટ ભોગવવાની પણ જરૂરત પડતી નથી. તેમજ વર્તમાનકાળની સાયન્સ ઇત્યાદી વિદ્યાઓ તે ઝમાનામાં ન હતી, જેથી સિધ્ધ થશે કે પયગંબરો અને ઇમામોના મોઅજીઝા, ખુદાના તરફથી સીધી મળેલ બખશીશ છે, અને તે નોબુવ્વત અથવા ઇમામતની સચ્ચાઇ જાહેર કરવા માટે હોય છે. ખુદાના પ્રતિનિધિઓ, પયબંબરો અને ઇમામોની હાજરીમાં, તેમના મુકાબલામાં ગમે તેવો કુશળ યોગી કે રિયાઝતવાળા ફાવી શકયા નથી, બલ્કે તેમને પોતાના કરતાં શ્રેષ્ટ કબૂલ રાખેલ છે; જેના દાખલા ઇસ્લામી ઇતિહાસ પૂરા પાડે છે. હ૦ મુસા અ૦ને, તેમનો મોઅજીઝો જોઇ પોતાનાં કરતાં શ્રેષ્ટ, જાદુગરોએ કબૂલ કરી ઇમાન લઇ આવ્યા. ઇમામોના ઝમાનામાં અનેક જાદુગરો, તથા યોગવિદ્યા જાણનારાઓ લાઇલાજ થયા, જે લંબાણ થવાના ભયે લખતા નથી.

(૨) વાયરલેસના માટે, સારી રૂતુ અને વીજળીનું પુરતું બળ હોવાની જરૂરત છે, તેમાંથી એક પણ વસ્તુની ખામી દેખાતાં વાયરલેસના સંદેશા બંધ પડી જાય છે. જ્યારે મોઅજીઝા માટે રૂતુ અથવ વીજળીના બળની જરૂરત હોતી નથી.

(૩) પયગંબરો અને ઇમામો, જે મોઅજીઝા દેખાડે છે, તે ખુદાના પ્રતિનિધિ તરીકેના દાવા સાથે હોય છે, જ્યારે તે શિવાયના લોકો ગમે તે પ્રકારથી (સાયન્સ ઇત્યાદી વિદ્યા અથવા રિયાઝત વડે) ચમત્કાર દેખાડતી વેળા, ખુદાના પ્રતિનિધિ હોવાનો દાવો કયારેય કરી શકતા નથી. જો તેઓ એવો ખોટો દાવો કરવા માંડે, તો એવા ખોટા દાવા સહિત કદી પણ કોઇ પણ જાતના ચમત્કાર ખુદાના નામથી દેખાડી શકેજ નહિ, અને તેમ થતાં તેઓનાં ભોપાળાં ખુદાવંદે કહહાર તુરતજ ઉઘાડાં પાડે છે.

મોઅજીઝાનું જાહેર થવું વાસ્તવિક છે કે નહિ?

મોઅજીઝાને ન માન્ય રાખનારો, તર્કશકિતની રૂએ મોઅજીઝાને ન બનવાજોગ કહે છે, તેથી મોઅજીઝા બનવા-જોગ છે કે નહિ તેની ટુંકમાં તપાસ લઇએ.

કોઇ પણ ન બનવાજોગ અથવા અશક્ય વસ્તુના બે પ્રકાર હોય છે.

(૧) જે ચીજ મહાલે અકલી (બુધ્ધિ વિરૂધ્ધ) હોય તે સદા અવાસ્તવિક ગણાશે, અને તે 'મહાલે અકલી'માં મોઅજીઝાની દખલગીરી હોતીજ નથી; અને એવી વસ્તુઓના બારામાં મોઅજીઝાનો દાવો કરવામાં આવ્યોજ નથી. જેમકે રાત દિવસ, અંધકાર, પ્રકાશ, જીવતો અને મરેલો, એ બન્ને એકબીજાથી વિરૂધ્ધ બાબતો એકી વખતે થઇ શકતીજ નથી. રાતનો અંધકાર ફેલાતાં દિવસ અથવા પ્રકાશ અદ્રશ્ય થાય છે. તેમજ મરેલો માણુસ, સજીવન થતાં તેને જીવતો, અને મરેલો બન્ને સાથે કહી શકતાજ નથી.

બે અને બેનો સરવાળો ચારથી વધુ અથવા ઓછું ત્રણ અથવા પાંચ વાસ્તવિકમાં ન ગણાતાં, મોઅજીઝા થકી બેને બે ત્રણ અથવા પાંચ થઇ શકેજ નહિ.

જેથી સિધ્ધ થાય છે કે મોઅજીઝા, મહાલે અકલી (બુધ્ધિ વિરૂધ્ધ) માં નથીજ; અને એવો દાવો પયગંબરો અથસા ઇમામોએ કરેલજ નથી.

(૨) જે ચીઝ 'મહાલે અકલી' (બુધ્ધિ વિરૂધ્ધ) ન હોય પણુ 'મહાલે આદત' (આદત વિરૂધ્ધ) જણાય, જે ટુંકી બુધ્ધિના ઇનસાનો ઓછી સમજશક્તિના લીધે તેને "મહાલે અકલી" સમજે છે અને તેનો સાવ ઇન્કાર કરે છે, એ 'મહાલે આદત' સ્પષ્ટ કરવા માટે નીચે થોડી દલીલો આપીશું.

(૧) જેમકે હજારો ગાઉ દૂરથી, પયગંબર અથવા ઇમામ મોઅજીઝા વડે મુસાફરોના કાફલાને જોઇ શકતા હતા, તેમજ લડાઇના મેદાનની હાલત દૂરથી જોઇ કહી દેતા હતા અથવા કોઇ દુરોદરાઝ મુલકમાં, કોઇ મર્ણ પામતો તેની ખબર આપતા હતા. એ સઘળી બાબતો ચાલુ નિયમ વિરૂધ્ધ હોવાથી, એટલે કે સામાન્ય વર્ગ એવું કરી ન શકવાથી—અવાસ્તવિક, અથવા અક્કલ વિરૂધ્ધ કહી ઇનકાર કરી જુઠ લાવતા હતા પણુ હવે વર્તમાનકાળમાં એવી બાબતો, વીજળી, વાયરલેસ અને ટેલીફોન વડે આપણુને એ સઘળી બાબતોનું વાસ્તવિક-

પણું જણાઇ ગયું છે. જો કે પ્રથમ અમે જણાવી ગયા તે પ્રમાણે વાયરલેસ ઇત્યાદી બાબતો માટે યંત્ર, વીજળીક બળ વીગેરેની જરૂરત હોય છે, જ્યારે કે મોઅજીઝા માટે તેવી વસ્તુઓ અગર બાહેરની શકિતની કશી જરૂરત રહેતી નથી.

(૨) બીજો દાખલો મહાલે આદત માટે એ આપી શકાય કે, પયગંબરો અને ઇમામોની હથેળીમાં કાંકરામાંથી અવાજ નીકળતો હતો, અને પયગંબરની સચ્ચાઇ માટે તેમનું નામ, અને નોબુવ્વતના ઇલકાબથી સલામ કરવાનો આવાજ, તેમજ ખુદાની તસબીહ અને તકદીસ કરવાનો આવાજ આવતો હતો. એ મોઅજીઝાને સામાન્ય વર્ગ (પોતે અશકત હોવાથી) 'મહાલે આદત' જણાવી ઇનકાર કરશે, પણ તેથી તે મોઅજીઝાને અવાસ્તવિક અથવા અક્કલ વિરૂધ્ધ કહી શકાય નહિ.

હાલમાં ફોનોગ્રાફની ચુડીઓ, અને પ્લેટોમાંથી જે અવાજ નીકળે છે તે પણ એક વખતે અવાસ્તવિક ગણી શકાતું હતું, પણ હવે તે થકી કાંકરામાંથી આવાજ નીકળવાના મોઅજીઝાનું વાસ્તવિકપણું સારી રીતે સાબીત થાય છે.

કોઇ વસ્તુ ન જાણવાથી અથવા તેનું મૂળ કારણ પામી ન શકવાથી તેની હસ્તીનો ઇનકાર કરવો એ કેવળ મુર્ખાઇ અથવા હઠીલાઇ ગણાશે. એક માણુસ દુન્યાના દરેક બનાવોનું કારણ કોઇ કાળે પણ જાણી શકતો નથી. પાંચ પંદર બનાવોનું કારણ પુરેપુરૂં જાણવાની કોશીશમાંજ આ ટુંકી જીંદગીના દિવસો પુરા થઇ જાય છે, તો પયગંબરોના અમુક મોઅજીઝા વાસ્તવિક અને અમુક અવાસ્તવિક છે એ કહેવુંજ ખોટું છે. વર્તમાનકાળમાં સાયન્સના જ્ઞાનની એટલી વૃધ્ધિ થવા પામી છે કે, જો કોઇને એમ કહેવામાં આવે કે અમેરીકામાં એવી શોધ થઇ છે કે મરી ગયલા માણુસને અમુક પ્રયોગો વડે સજીવન કરી અમુક મુદત સૂધી તેની જીંદગી ટકાવી શકાય છે, તો એ ખુલ્લી રીતે અવાસ્તવિકપણું જણાતું હોવા છતાં સહજ અચકાઇને પણ સાયન્સના ફીદાઇઓ જરૂર એટલું કહેશે કે, હશે, બનવાજોગ છે, આ સફેદ ચામડીવાળાઓ આ આખર ઝમાનામાં જેટલું કરી દેખાડે તેટલું થોડું છે.

જ્યારે સાયન્સના જ્ઞાન થકી લોકોની અક્કલ હેરાન રહે છે અને કઇ શોધને વાસ્તવિક અને કઇ વસ્તુને અવાસ્તવિક કહેવી તેના વમાસણમાં પડે છે, તો શું એવા લોકો, સર્વ જહાનના પેદા કરનાર ખુદાની શકિત, સાયન્સ જાણનાર કરતાં પણ ઓછી ગણે છે? અને શું તે લોકો પયગંબરોને તેઓથી પણ નબળા અથવા અભણ સમજી બેઠા છે? કે જેથી તેઓ મોઅજીઝાના બારામાં ગમે તેવા આક્ષેપો અને એઅતેરાઝો કરતા અચકાતા નથી.

મોઅજીઝાની સચ્ચાઇ સાબીત કરી આપવા માટે અસંખ્ય દલીલો આપી શકાય છે, પણ અહીં ટુંકમાંજ ઉપર લખેલો ખુલાસો અમારા હેતુ માટે બસ થશે. છેવટમાં અમારે જણાવવું જોઇએ કે મોઅજીઝો કોઇ રીતે અવાસ્તવિક નથી અને પયગંબરો અથવા ઇમામો, લોકોની હિદાયત અર્થે, સમયાનુસાર મોઅજીઝો દેખાડવાની જરૂરત જણાતાં, ખુદાના હુકમથી તેની આગળ દુઆ (અરજ) કરી, ઇસ્મે આઝમ પડી, મોઅજીઝો દેખાડતા હતા, અને તે સર્વ શકિતમાન બન્ને જહાનનો પેદા કરનાર ખુદા જે ચાહે તે કરી શકે છે, અને તેની મરજી અને હુકમ મુજબ પયગંબરો અથવા ઇમામો દરેક પ્રકારના મોઅજીઝા કોઇ પણ વખતે કોઇ પણ પ્રકારના યંત્ર અગર બીજી વસ્તુની મદદ વગર દેખાડી શકે છે. બલ્કે હાલના બાહોશ સાયન્ટીસ્ટો મોઅજીઝાનું હોવું બીલકુલ સત્ય માને છે. તેઓ કહે છે તેમ મોઅજીઝો Miracle લૉ ઑફ નેચરથી વિરૂધ્ધ નથી. કોઇ પણ વસ્તુ દુન્યામાં જે ઉત્પન્ન થાય છે, તે બધા લૉ-નિયમની અંદર રહીનેજ થાય છે, નિયમ વિરૂધ્ધ કોઇ કાર્ય થઇ શકતું નથી. આખું આ જગત નિયમીત ચાલી રહ્યું છે, અને જે અસાધારણ બાબતો દીઠામાં આવે છે, તો તે પણ નિયમોના હેઠળ થાય છે, પરંતુ તેનું જ્ઞાન સામાન્ય મનુષ્યો સૂધી પહોંચી શકયું નથી; તેથી વગર નિયમે તે કાર્ય બનવા પામ્યું, એ સાયન્ટીસ્ટો કબૂલ કરતા નથી. ઇસ્લામી ઇલ્મેકલામ પણ તેને કબૂલ રાખે છે, અને કુરઆનમાં પણ ખુદા કહે છે, "વલ્લઝીન ઉતૂલ ઇલ્મ દરજાત"

જેઓને ઇલ્મ આપવામાં આવ્યું છે તેઓ શ્રેષ્ટ છે; તો એવા બેશુમાર ઇલ્મો અને વિદ્યા, જેમીકલ ઉપરે આ આખી દુન્યા અને આખું બ્રહ્માંડ ચાલી રહ્યું છે, તે જાણનાર સૌ કરતાં શ્રેષ્ટ હોય તો તેમાં શી નવાઇ? અને તેઓ તે જ્ઞાન ધરાવનાર પયગંબરો અને ઇમામો છે, જેની સાબેતીમાં તેઓએ મહાન્ કાર્યો કરી બતાવ્યાં, મુરદાંઓને જીવતાં, આંધળાંઓને આંખો આપી, તાત્કાળીક ન સાજા થઇ શકે તેવા બીમારોને તંદુરસ્તી અપાવી, સૂર્યની સાથે વાતો કરી, ચંદ્રના બે કટકા કરી નાંખ્યા, એ સર્વ નિયમના અંદર હતું, પરંતુ તે લૉ-નિયમોનું જ્ઞાન સામાન્ય સાયન્ટીસ્ટોને હાથે આવ્યું નથી. પણ તેથી તેનો ઇનકાર તેઓ કરતા નથી કે બનવાજોગ નથી. આ બારામાં જેમને વધારે અભ્યાસ કરવો હોય, તેમણે Nash Magazine માં Day after tomorrow નામનો લેખ, "સર ફીલીપ ગીબ્સે" લખેલ છે, તેનો અભ્યાસ કરવો. જેમાં તેણે બતાવી આપ્યું છે કે Physically and Mentally power મનુષ્ય જાતીમાં છે, કે જો તે કેળવાય તો આખા આ જગતમાં જે તે ચાહે, પળવારમાં કરી શકે અને તે Possible-બનવાજોગ છે. જેથી જેઓ મોઅજીઝાને લૉ-ઑફ નેચરથી વિરૂધ્ધ કહે છે, તેઓ ખુદ સાયન્સથી અજ્ઞાન છે. મેસમેરીઝમ, હીપ્નોટીઝમની શોધ અગાઉ, વગર દવાએ કોઇને બેહોશ કરવું, અથવા દવા વિના કોઇને સાજું કરવું, એ અશકય મનાતું હતું. પણ હવે મ્હોટાં સાયન્ટીસ્ટો કબૂલ કરે છે કે, Spiritual power નફસાની-કુવ્વતથી જે કાંઇ ખપે તે થઇ શકે છે, તેમાં એવી મહા બળવાન કુદરત રખાયલી છે, જેના અંગે મહાન્-અદભૂત બનાવો બની શકે છે. ટુંકમાં ઇમામોની માનસીક શકિતઓ, જે ખાસ કુદરતના તરફથી ઘડાયલી હોવાથી તેમની સચ્ચાઇની દલીલમાં જે મોઅજીઝા બનવા પામ્યા છે તે મોઅજીઝાની હસ્તિને રોઝે રોશન માફક સાબીત કરી આપે છે.

પ્રથમ ખંડ સમાપ્ત.

ખંડ બીજો.

શહીદે ઇસ્લામ.

ઇસ્લામી વર્ષનો પહેલો દીવસ.

પ્રકરણ પહેલું.

ઇસ્લામી વર્ષનો પહેલો દહાડો.

બેસતા વર્ષનો પહેલો દિવસ દરેક સુધરેલી પ્રજા ઘણી ધામધુમ અને ખુશહાલીથી ઉજવે છે. જલસાઓ થાય છે, હર્ષભેર એકબીજાની મુલાકાત લેવાય છે, મુબારકબાદી અપાય છે અને તે આખો દહાડો કોઇ પણ પ્રકારની ચિંતા વગર ખુશી આનંદ સાથે પુરો કરવામાં આવે છે. જ્યારે મુસલમાનોના બેસતા સાલનો પહેલો દહાડો દીલગીરીથી શરૂ થાય છે. મોહર્રમનો ચાંદ દેખાતાં ઇસ્લામીઓમાં ઉદાસી છવાઇ જાય છે. ફરઝંદે રસુલ ઇમામે હુસયનની માતમદારી કરવા માટે સ્ત્રી પુરૂષો પોતાના ઉમદા લીબાસ અને દરેક પ્રકારનો શણગાર તજી કાળાં કપડાં પહેરે છે. જ્યાં જુઓ ત્યાં ગમગીની અને ઉદાસી નજરે પડે છે; નાનાં મોટાં સૌ કોઇ કરબલાના મહાન્ શહીદોના ગમમાં આંસુ પાડવા અને માતમ સીનાઝનીથી છાતી લાલ કરવા તય્યાર થતાં જોવામાં આવે છે.

મોહર્રમનો ચાંદ માત્ર વર્ષનો કે મહિનાનો પહેલો દહાડો જાહેર કરવા માટેનો નથી, પરંતુ તે કોઇ ખુદાને રસ્તે માર્યા ગયલા મહા પુરૂષની શહાદતની ખબર લાવનાર અને એકલા મુસલમાનોના નહિ પણ દુન્યાની આખી પ્રજાના દિલોને આકુળવ્યાકુળ બનાવનાર કાસીદ છે. મોહર્રમના ચાંદમાં વીજળીની એવી અસર છે જે દુન્યાના એક છેડાથી બીજા છેડા સુધી પળવારમાં કરોડો દિલોને ભેદી નાખે છે અને સઘળી ખુશહાલીઓને ગમગીનીમાં બદલી નાખે છે.

મુસલમાનો આ મુજબ વર્ષનો પહેલો દહાડો ખુશી અને ઉમંગથી ઉજવવાને બદલે, રોતી આંખે અને શોકાતુર દિલે

પાળે છે તે તરફ જોતાં તેઓનું બેસતું વર્ષ અપશુકનથી શરૂ થાય છે એમ દરેક માણસને ભાસે તેમાં નવાઇ નથી. આ સુધરેલા ઝમાનામાં સઘળા લોકો નહિ તો અમુક નવજવાનો એમજ ચાહતા હશે કે, અમારા બેસતા વર્ષનો પહેલો દહાડો બીજી કોમોની જેમ ખુશહાલીમાં ઉજવવામાં આવે તો શુભ શુકન થયાના કારણે આખું વર્ષ આનંદમાં પસાર થાય. ખરૂં જોતાં આ વિચારો ખરાબ નથી. કેમકે દરેક ઇન્સાન સ્વાભાવિક રીતે પોતાની આખી જીંદગી એશઆરામમાં પસાર કરવા આતુર હોય છે. તે એમજ ચાહે છે કે દરરોજ ઇદ અને દરેક રાત શબેબરાતની જેમ હસીખુશીમાં પસાર થાય. જો કે ઇન્સાનની એવી ખાહિશો કદી પૂરી થતી નથી અને થવાની પણ નથી. કેમકે દુન્યામાં સુખ સાથે દુઃખ જોડાયલુંજ હોય છે તેથી માણસની દરેક ઇચ્છા પૂરી થવા પામતી નથી; તો પણ મન તો એમજ ચાહે છે કે માત્ર વર્ષનો પહેલો દહાડો તો શું? તેની એકેક કલાક ખુશી અને આનંદમાંજ પસાર થાય. મુસલમાનોના વર્ષનો પહેલો દહાડો આમ કેમ થયો? તેના શું કારણો છે? કુદરતે પહેલેથીજ મુસલમાનો માટે વર્ષનો પહેલો દહાડો દીલગીરી માટે ઘડી કાઢયો છે? એ પ્રથમ તપાસીએ. શાએરે કહ્યું છે કેઃ—

કિસમત કીયા હર એકકો કસ્સામે અઝલને—
જો શખ્સ કે જીસ ચીઝકે કાબીલ નઝર આયા,
બુલબુલકો દીયા નાલા તો પરવાનેકો જલના
ગમ હમકો દીયા સબસે જો મુશકીલ નઝર આયા.

તો શું ઉપલી લીટીઓમાં જણાવ્યા મુજબ વર્ષનો પહેલો દહાડો રંજ અને ગમમાં પસાર કરવાને પ્રથમથીજ ઇસ્લામીઓના નસીબમાં આવ્યું? અથવા તો અઝાદારીના વિરોધીઓ કહે છે તેમ તે લોકોનો (અઝાદારીનો) વાંક છે જેઓ આ દહાડામાં માતમ કરી રોઇ રહ્યા છે? ફક્ત થોડીવાર મગજને શાંત રાખી વિચાર કરી ઇન્સાફની નજરથી જોઇશું તો આ બધા સવાલોનો જવાબ મળી આવશે, કે આમ કરવામાં તે લોકોનો મુદલ વાંક નથી, જેઓ વર્ષનો પહેલો દહાડો

રોવામાં અને ગમ કરવામાં પસાર કરે છે અને તેમની આંખ્યોનો કશોએ દોષ નથી જેઓ નૂતન વર્ષના શુભ દિવસોમાં આંસુ વરસાવી રહ્યા છે; તેમના દિલોનો કોઇ ગુનાહ નથી. તેમનામાં કોઇ એવી ઘેલછા નથી કે મોહર્રમનો ચાંદ જોતાં શોકાતુર બની જાય છે. ખરૂં જોતાં તો આ સર્વનો દોષ તે મલઉનો ઘાતકી રાક્ષસો ઉપર છે. જેઓએ આ દહાડાઓમાં ઇસ્લામના મહાન્ પયગંબરના નવાસા, અસહાબે કીસા પંજતન પાકમાંના પાંચમા બુઝર્ગવાર, અલીયે મુરતઝાના ફરઝંદ, ફાતેમા ઝેહરાના કલેજાંનાં ટુકડા શહીદે કરબલા ઇમામ હુસયન અ૦ અને તેમના કુટુંબીઓ અને સગાંવ્હાલાઓ, અસહાબોને પરદેશમાં કરબલાના બળતા રણમાં ત્રણ દિવસના ભૂખ્યા અને પ્યાસા અત્યંત ક્રૂરતાથી કત્લ કરી પયગંબર સ૦ના ખાનદાનનો નાશ કર્યો. તેમની એહલેબયત બીબીઓ અને બાળકોને બંદીવાન બનાવી ગામોગામ ફેરવી કીયામત મચાવી તમામ મુસલમાનોને રોવરાવવાનું કારણ આપ્યું. ખરા દોષિત તો એજ કપિંણ ઝાલેમો છે જેઓ મુસલમાન બનીને ઇસ્લામને જડમૂળથી ઉખેડી નાખવા પ્રયત્નો કરતા રહ્યા. તકસીરવાર તો એજ મલઉનો છે, જેઓ પયગંબરના અસહાબ હોવાનો દાવો કરી તેજ નબીની અવલાદને કત્લ કરી દુન્યામાંથી તેઓનું નામ-નિશાન નાબૂદ કરવા હુકમ આપતા રહ્યા જેથી તેઓ મુસલમાનના બેસતા સાલના પહેલા દહાડાને હંમેશ માટે ગમ અને રંજના દિવસમાં બદલી દરેક ઘરને 'માતમનું ઘર' અને દરેક છાતીને દુઃખ અને વિલાપથી ભરપૂર કરી!

મોહર્રમની પહેલી તારીખ-વરસનો પહેલો દહાડો, આ ભયકંર કત્લ અગાઉ શોકનો દહાડો ન હતો, એમાં જરાએ શક નથી. તા. ૧૦ મી મોહર્રમ હીજરી સને ૬૧ ઇસવી સને ૬૮૦ ની અકટોબરથી દુન્યામાં ઇસ્લામી વર્ષનો પહેલો દહાડો ગમીમાં બદલાઇ ગયો. જે દિવસે માણસરૂપી વિકાળ જાનવરો, ઇસ્લામના દુશમનો, કુફી અને શામીઓએ પોતાને ત્યાં મહેમાન બોલાવી આલેરસુલને તલવારોથી કાપી નાખ્યા ત્યારથી મુસલમાનોના ઘરોમાં ખુશીને બદલે ગમી પથરાણી.

જો સને ૬૧ હીજરીના મોહર્રમમાં યઝીદીઓના ઘાતકી હાથો વડે રસુલુલ્લાહ સ૦નું ખાનદાન કરબલામાં તારાજ ન થાત તો આજે મુસલમાનોના બેસતા વર્ષનો પહેલો દહાડો આ દુઃખદાયક લાગણીઓ સાથે ન આવત, અને હુસયને મઝલુમના અઝાદારોના ઘરો માતમગાહ ન બનત.

દુન્યામાં બનતા બનાવો વડે મળતો ટેકો.

જો ઇદના દહાડે એક દુષ્ટ ઘાતકી રાજા, કોઇ માનવંતા મહા પુરૂષ ઉપર ઝુલમ કરી તેને કાપી નાખી તેના ઘરબારને લુંટી તેનાં બાળબચ્ચાંને બંદીવાન કરી બરબાદ કરે, તો તે નાશ પામેલા કુટુંબનાં દુઃખોને યાદ કરી તેઓના હિતેચ્છુઓ શોકાતુર થઇ રોઇ તેઓની યાદગીરી જાળવે તો શું તેઓ ઠપકાપાત્ર ગણાશે? શું તે ઇદનો દિવસ તેમના માટે તે પછી ખુશહાલીનો દિવસ ઇદ તરીકે ઉજવાશે! બીલકુલ નહિ. દુન્યાની સપાટી ઉપર એવો કોઇ પણ દાખલો નહિ મળી શકે જેમાં કોઇને વગર વાંકે તદ્દન નિર્દોશ હોવા છતાં બેરહમીથી મારી નાખવામાં આવ્યો હોય, અને તેના દોસ્તો તે બનાવને યાદ કરી રોતા હોય, દિલસોજી દેખાડતા હોય અથવા તે બનાવની યાદગીરી જાળવતા હોય તે માટે તેઓને અટકાવવામાં આવ્યા હોય અગર તેઓની હાંસી કરવામાં આવતી હોય. અમે ખાત્રીપૂર્વક કહી શકીએ છીયે કે આવું કોઇ કાળે બન્યું નથી. નિર્દોષો અને મઝલુમો પ્રત્યે સામાન્ય માણસોને દયા અને સહાનુભૂતિ ઉપજે એ સ્વભાવિક છે અને તે લાગણી કોઇ કાળે રોકી શકાયજ નહિ.

શહીદે ઇસ્લામ ઇમામે હુસયન અ૦ની મઝલુમીય્યત અને સચ્ચાઇના લીધે તેમના ગમમાં ખુદાએ જે અસર મુકી છે તે બીજા શહીદોના ગમમાં નથી અને જે પદ્વિ તેમને ખુદા તરફથી આપવામાં આવી છે તે બીજા કોઇને મળી નથી. ઇસ્લામી ઇતિહાસમાં નવાજુના એવા ઘણા બનાવો બની ગયા છે, જે મુસલમાનો માટે દુઃખ અને શોક ઉપજાવનારા છે પણ એ દરેક બનાવોની યાદગીરી માટે એક મુદ્દત અને હદ હોય છે

પણ કરબલાના શહીદોની મુસીબતોની યાદગીરી માટે કોઇ મુદ્દત અથવા હદ નથી જ્યાં સૂધી દુન્યાની સપાટી ઉપર મનુષ્ય જાતની વસ્તી હશે ત્યાં સૂધી ઇમામ અ૦ની યાદગીરી કાયમ રહેશે.

સામાન્ય ગમ અને ઇમામે હુસયન અ૦ના ગમ વચ્ચે તફાવત.

અહીં અમો ટુંકમાં સુન્નત જમાતના મશહુર ખાનબહાદુર મીરઝા સુલતાન અહમદ જેવણુ ભાવલપુર સ્ટેટની કાઉન્સીલના મેમ્બર અને "યાદગારે હુસયન"ના કર્તા અને એક ચુનંદા બાહોશ લેખક છે, તેમના બોલો ટાંકીશું. મીરઝા સાહેબ ઇમામે હુસયન અ૦ની યાદગીરી સાયન્સ વડે સિધ્ધ કરી આપતાં લખે છે કે, "દરેક વસ્તુમાં એક અસર જરૂર સમાયલી છે, તેમજ દરેક ચીજની અસર તેની મહત્વતા ઉપર આધાર રાખે છે, અને દરેકની અસર વધુ કે થોડી મુદ્દત કોમ કે દેશમાં બાકી રહે છે અને તેની છાપ તેમના ઉપર પડી રહે છે પણ બીજી એવી બાબતો હોય છે કે જે અતિ મહત્વની હોવાથી તેમાં એટલી અસર સમાયલી હોય છે કે જમાના પછી જમાનામાં અંત વગર સર્વ ઉપર પોતાની છાપ કાયમ રાખે છે અને તે કોઇ કાળે ભુંસાતી નથી. જેથી કરબલાના ભયંકર બનાવમાં જે અસર રહેલ છે તેનો નમુનો દુન્યાની સપાટી ઉપર નથી અને તેની કમાલીય્યતના કારણે રૂહાની અસર તેમાં હોવાથી તે હંમેશ કાયમ રહેશે. એવો કોઇ દેશ કે પ્રજા નથી જે તેના સમાગમમાં આવી હોય અને તે રૂહાની અંશથી દૂર રહી શકી હોય. આ રૂહાની અસર પોતાનું કામ કર્યે જાય છે અને ખુદા ચાહશે ત્યાં સૂધી એમજ બાકી રહેશે. તે બનાવને ૧૨૭૦ વર્ષ ઉપરાંત વિત્યા છતાં તેની યાદ તાજા બનાવની અસર કરતાં વિશેષ અસર ધરાવે છે. એટલુંજ નહિ પણ જેમ જેમ ઝમાનો ગુજરતો જાય છે તેમ તેમ તેની અસર બહોળા પ્રમાણમાં ફેલાતી જાય છે. કોઇ એવી જગ્યા નથી જ્યાં હુસયન અ૦નું નામ લેવાતું ન હોય કે કોઇ એવી ભાષા નથી જેમાં ઇમામે હુસયન

અ૦ના મરસીયા કે વર્ણન આવેલ ન હોય. મોહર્રમનો ચાંદ દેખાતાં ઇસ્લામી દુન્યાની હાલત બદલાઇ જાય છે.

માતમે હુસયન કદી બંધ થનાર નથી.

મ્હોટા મ્હોટા રાજા અને હાકેમોએ હુસેની માતમ બંધ કરવા તનતોડ કોશીશ કરી છે. હુસયન અ૦ના અઝાદારોને અનેક રાજ્યો તરફથી સખત શિક્ષા કરવામાં આવી છે. તેમને જીવતાં આગમાં હોમાવી દેવામાં આવ્યા છે. તેઓને જીવતા ભીંતમાં ચણાવ્યા છે કે ફાંસીએ લટકાવવામાં આવ્યા છે. તેમની આંખો ફોડી નાખવામાં આવી છે. તેઓને બીદઅતી કાફ્રર ઇત્યાદીની ઉપમા આપી અનેક પ્રકારથી તેઓને સતાવવામાં આવ્યા છતાં ઇમામે હુસયનનું માતમ બંધ ન થયું પણ આપણે જોઇએ છીયે તેમ દહાડે દહાડે તેમાં વધારો થતો જાય છે. તે ઝાલીમોએ પોતાની શકિતમાં મગરૂર થઇ અઝાદારી બંધ કરાવવા સખત કોશીશ કરી પણ તે બળ ઉપર મગરૂર રહેનારાઓ આજે નાશ પામ્યા છે અને તેઓનું નામ કે નિશાન બાકી રહ્યું નથી જ્યારે ઇમામ હુસયનના અઝાદારોની સંખ્યામાં દિન બદિન અજાયબી પમાડનાર વધારો થતો જાય છે અને તે મઝલુમની યાદગાર સદા તાજી અને કાયમ જોતા રહીયે છીયે.

ખુદા કુરઆનમાં ફરમાવે છે, "ઇન્નલલઝીના આમનુ વ અમિલુસ્સાલિહાત સયજઅલુ લહુમુર્રહમાનુ વુદદા" જેઓ ઇમાન લાવી સારાં કામો કરે છે, કૃપાળુ-રહમાન ખુદા તેઓ માટે લોકોના દિલોમાં મોહબ્બત પેદા કરશે. "સૌ કોઇ જાણે છે કે ઇમામે હુસયન અ૦ મુઅમીને કામીલ બલકે તમામ મોઅમીનોના સરદાર, ખુદાના પ્યારા બંદા છે; અને તેમણે દરેક કાર્ય ખુદાની ખુશી માટે કર્યું છે અને ખુદાના બંદાઓની હિદાયત અર્થે ભારે સંકટો સહન કરી કરબલાના મયદાનમાં જે કામ કરી બતાવ્યું તે તેમના સિવાય બીજા કોઇથી થઇ શકયું નથી. તેથી ઉપલી આયત મુજબ ખુદાએ પોતાના મોઅમીન બંદાઓના અંતઃકરણોમાં ઇમામે હુસયન અ૦ની જે

મોહબ્બત પેદા કરી તે જગજાહેર છે; એવી મોહબ્બત આજ-દીન સુધી ન કોઇ રાજા કે શહેનશાહને મળી શકી છે.

ઇમામે હુસયન અ૦મે કરબલામાં પોતાની અને પોતાના સગાવ્હાલા તથા અનસારોની જાન આપી મખલુકાતે ખુદાની જાનો ખરીદી તેઓની દીલસોજી અને મોહબ્બતના હકદાર થયા, જેના બારામાં હઝરતે આશુરાના દિવસે પોતાના શેઅર (કાવ્ય) માં ફરમાવ્યું છે:—

સબકતુલ આલમીન ઇલલ મઆલી-
બીહુસની ખલીકતીન વઉલુ હિમ્મતિન
વલાહુ બીહીકમતી નુરૂલ હુદાફી-
લયાલીન ફીઝ્ઝલાલીન મુદલ હિમ્મતિન
યુરીદુલ જાહિદુન લિ યુતફેઉહુ-
વયઅબલ્લાહુ ઇલ્લા અરયુતીમ્મહુ.

અર્થ:-હું મારા વિવેક અને સદ્‌ગુણો તથા બહાદુરીથી મ્હોટો દરજ્જો મેળવી, બધાથી આગળ વધી ગયો છું, અને ગુમરાહીને કુફ્રની અંધારી રાતોમાં મારી હીકમત તથા ડહાપણ ભરી યુક્તિથી હિદાયતનું નૂર રોશન થયું છે. ઇસ્લામના દુશમનો અને નાસ્તિકો, આ નૂરને ઓળવી નાખવા ચાહે છે પણ ખુદાની તેવી મરજી નથી, તેથી જરૂર ખુદા આ નૂરને સંપૂર્ણ બજાવશે.

કાનપોરના શહીદોનો સોગ તથા આશુરાના દિવસે ઇદ.

કાનપુરમાં તા. ૩ જી ઓગષ્ટ ૧૯૧૩ ના મચેલા રમખાણના પરિણામે જે બનાવ બન્યો, અને તેમાં જે ખુનામરકી થઇ તેથી ઇસ્લામીઓના દિલોમાં બેચૈની ઉત્પન્ન થતાં એ વર્ષ (૧૩૩૨ હીજરી) ની ઇદુલ ફીતરની ખુશહાલી કાનપોરના મુસલમાનોએ ન કરી, અને તે શિવાય હિન્દુસ્તાનના બીજા સઘળા મુસલ-માનોને પણ શોક પાળવા માટે કહેવામાં આવ્યું હતું અને

તેઓને સમજાવવામાં આવ્યું હતું કે, "ભાઇઓ! આ વર્ષની ઇદ આપણે પાળવી ન જોઇએ, કારણ કે આપણા જીગરો આપણા મુસલમાનભાઇઓ ઉપર પડેલી આફતોના લીધે ઝખમી થયાં છે અને એક ભાઇ ઉપર આફત આવતાં બીજાને દુઃખ થાય એ કુદરતી છે. એક ભાઇ આફતમાં હોય તો તેનો બીજો ભાઇ હોવાનો દાવો કરીને ખુશીમાં પોતાનો વખત ગાળતો હોય એ યોગ્ય નજ ગણાય. જેનું દિલ દુખાયલું હોય તેના દિલમાં ખુશી કયાંથી આવી શકે? તેને તો કોઇ પણ મેળાવડા કે આનંદના જલસાઓમાં ભાગ લેવાનું કયાંથી ગમે? એવા દુઃખી થયલા આપણા ભાઇઓ ઉપર આંસુ પાડી શોક ઝાહેર કર્યા શિવાય બીજી કોઇ વસ્તુમાં અઝમત મળતી નથી." આવા પ્રકારના લખાણોથી ઉર્દુ માસિકોનાં કોલમો ભરપુર જોવામાં આવતાં. ઇન્સાફની નજરે જોતાં તેઓ પોતાના વિચારોમાં ખરા છે.

અફસોસ! ઢાલની બીજી બાજુનું ચિત્ર જોતાં આપણને અજાયબી ઉપજશે કે એજ મુસલમાનો જેઓ ઉપર જણાવ્યા મુજબ બીજા મુસલમાનોના દુઃખે દુઃખી થવા અને ઇદની ખુશહાલી મુલતવી રાખી તે દિવસે દુઃખી મુસલમાનોની યાદગીરીમાં ગમગીની જાહેર કરી શોક પાળવાનો બોધ આપી રહ્યા છે, તેઓ અસંખ્ય જાહેર ખબરો, હેન્ડબીલો અને રિસાલાઓ છપાવી પ્રગટ કરી મુફત વહેંચી, અને ઠેકાણે ઠેકાણે જાહેર લેકચરો આપી હુસયને મઝલુમની અઝાદારીમાં ભાગ ન લેવા માટે અને તેને અટકાવવાની કોશીશ કરી રહ્યા છે. તેઓ સઘળા મુસલમાનોને સમજાવી રહ્યા છે કે ઇમામે હુસયનની મજલીસ બરપા કરવી બીદઅત છે. તે મઝલુમના ગમમાં રોવું કે માતમ કરવું હરામ છે, અને તેમાં પૈસો ખરચ કરવો એ મ્હોટું પાપ વ્હોરી લેવા સમાન છે. કાળાં કપડાં પહેરવાં સુન્નતથી ખીલાફ છે, તઅઝીયા કે દુલદુલ તરફ નજર કરવાથી નીકાહ તુટી જતાં ઘરની ઓરત હરામ થઇ જાય છે; બલકે મુસલમાનોની ફરજ છે કે આશુરાનો દિવસ ખુશહાલી

કરીને ઉજવે. તે મ્હોટો ઇદનો દિવસ છે* તે દહાડે ઉમદા લીબાસ પહેરે, અત્તર ખુશબુઇ વિ. લગાડે, સારૂં સારૂં જમણુ મીઠાઇ વીગરેથી પોતાની હોજરીઓને ભરે અને મિત્રોને આમંત્રણ કરે; હાથમાં મેંદી અને આંખમાં સુરમો લગાડે. શું ટ્રીપોલી, બાલકન, કે કાનપોરમાં માર્યા ગયલા મુસલમાનો, હ૦ પયગંબરે ખુદા સ૦ના નવાસા કરતાં ચઢયાતાં હતા? કે જેઓનાં દુઃખોને યાદ કરી ખુદા અને તેના રસુલના હુકમ મુજબ માહે રમજાનની ઇદુલફીતરનો શરઇ ખુશહાલીનો દિવસ ગમગીનીમાં પસાર કરવાનું કહેવામાં આવે અને મોહર્રમની દસમી તારીખ આશુરાના દહાડે કોઇ પણ ઇદનો દિવસ ન હોવા છતાં તે દહાડાને ઇમામે હુસયન અ૦ ઉપર અસહ્ય આફતો પડેલી હોવા છતાં ખુશી કે ઇદનો દિવસ ગણવામાં આવે.

એકબારગી આશુરાનો દહાડો ઇદુલફીતર માફક કોઇ ખુશહાલીના તહેવારનો દિવસ હોય તો પણ જેવી રીતે કાનપોરમાં માર્યા ગયલા મુસલમાનોનો શોક પાળવા ખાતર ઇદુલફીતરની ખુશહાલીનો દહાડો ગમગીનીમાં બદલી નાખવા માટે કોશીશ કરવામાં આવી, તેજ આશુરાનો દહાડે ઇમામે હુસયન અ૦ની શહાદતના ગમનાક બનાવને કારણે શા માટે શોક પાળવાનું કહેવામાં ન આવે? શું ઇમામે હુસયન અને તેમના સાથીઓ (મઆઝલ્લાહ) કાનપુર વી. ના મુસલમાનોની જેમ મુસલમાન ન હતા?

ઇમામે હુસયન અ૦ માટે પયગંબર સ૦નું એ ફરમાન મવજુદ છે કે, "હુસયન બેહીશતી જવાનોના સરદાર છે અને મારા જીગરના ટુકડા છે." વળી પયગંબર સ૦મે બીજી વખત ફરમાવ્યું હતું કે, "મારી ખુશી ઉપર ખુશી થાઓ અને ગમગીનીથી ગમગીન થાઓ." શું આશુરાના દહાડે પયગંબર ખુશહાલી

---

* આશુરાનો દહાડો આલે મરવાન અને આલે યઝીદ અને બની ઉ.ય્યા માટે ઇદના દહાડા કરતાં વિશેષ હતો. તેનું અનુકરણ કરી તે દહાડાને ખુશહાલી કરી ઉજવનાર માત્ર આલે રસુલના તે દુશમનોનું અનુકરણ કરે છે,

ફરમાવતા હતા? સઘળા મુસલમાનોની મશહુર કિતાબોમાં બીબી ઉમ્મે સલમાં તથા ઇબ્ને અબ્બાસથી નકલ છે કે, "હં૦ રસુલ સ૦ને આશુરાના દિવસે સ્વપ્નામાં જોયા હતા કે દાઢી અને માથા ઉપર માટી પડેલી છે અને જોઇ રહ્યા છે." તેમને પુછતાં ફરમાવ્યું કે, "મારા લાડલા હુસયનને ઝાલેમોએ શહીદ કર્યા અને હું હમણા કરબલાથી આવું છું." આ હદીસ પ્રમાણે આશુરાના દિવસે પયગંબર સ૦ રડે, માટી માથા ઉપર નાખે અને ગમગીની કરે, એટલુંજ નહિ પણ ઇમામ હુસયનની શહાદત અગાઉ હ૦ રસુલ સ૦ કરબલાના ભયકંર બનાવને યાદ ફરમાવી રડતા હતા એ જાણવા છતાં આશુરાનો દહાડો ઇદનો દિવસ સમજી ખુશહાલી કરે તે પયગંબર સ૦ની મોહબ્બત રાખનાર અગર મુસલમાન કદિ પણ ગણી ન શકાય.

જેઓ હુસયન અ૦ પર પડેલી આફતોથી ખુશી કરે છે, તેઓ બેશક હ૦ પયગંબરના દુશમન છે અને પયગંબરનો દુશમન તે ખચ્ચિત ખુદાનો દુશમન છે. સહીહ હદીસમાં છે કે, "મયસમે તમ્માર (પયગંબર સ૦ના એક માનવંતા સહાબીએ) જબ્લાએ મકીય્યાને કહ્યું કે, અય જબ્લા! ખુદાની કસમ કે આ ઉમ્મત પોતાના નબીના પુત્રને દસમી તારીખ મુહર્રમના કત્લ કરશે અને ખુદાના દુશમનો તે દિવસને ઇદનો દિવસ ગણશે અને આ બનાવ નક્કી બનશે. કેમકે મારા મૌલા અને આકા હ૦ અલી ઇબ્ને અલી તાલીબ અ૦મે હ૦ રસુલે ખુદા સ૦થી સાંભળીને મને ખબર આપી છે કે હુસયન અ૦ ઉપર જંગલના જાનવરો, દરયાની માછલીઓ, હવામાં ઉડતાં પક્ષીઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, આસમાન, ઝમીન, મુઅમીન જીન્નાતો, મુઅમીનો અને જમીન ને આસમાન મલાએકાઓ બેહીશ્તનો ઉપરી "રીઝવાન" અને દોજખનો ઉપરી "માલેક" તથા અર્શ ઉપાડનારા ફીરીશતાઓ, હુસયન અ૦ઉ પર રડશે અને તે શહાદતના સબબથી આસમાનમાંથી લોહીનો વરસાદ વરસશે. વળી તે હઝરતે ફરમાવ્યું કે, જેમ યહુદ, નસારા અને મુશરીકો વિગેરે ઉપર લાઅનત કરવામાં આવે છે, તેવી રીતે હુસયનના કાતિલો ઉપર લઅનત કરવી સઝાવાર છે."

જીબ્લાએ આ સાંભળીને મયસમને પુછયું, "હુસયન અ૦ને કત્લ કરી લોકો કેવી રીતે તે દહાડાને ઇદનો અને બરકતનો દિવસ ગણુશે?" મયસમે કહ્યું કે તે મુનાફીકો એક જુઠી હદીસ ઘડી કાઢી લોકોને ભમાવશે કે, હ૦ આદમની તૌબા આશુરાના દહાડે કબૂલ થઇ (માટે તેની ખુશહાલી કરવી જોઇએ), પણુ તેઓ જુઠા છે. કેમકે હ૦ આદમની તૌબા ઝીલહજ મહિનામાં કબૂલ થઇ છે. હ૦ યુનુસ પણુ એજ ઝીલહજ મહિનામાં માછલીના પેટ (કેદ) માંથી બાહેર આવ્યા છે, નહિ કે આશુરાના દહાડે. એવીજ રીતે બની ઇસરાઇલીઓ નીલ નદીમાંથી રબીઉલ અવ્વલ મહિનામાં સલામત વટાઇ ગયા (અને ફીરઓનના જુલમથી તેઓને નજાત મળી) નહિ કે આશુરાના દહાડે. વળી તેઓ એમ ધારે છે કે હ૦ નુહની કીશતી આશુરાના દહાડે જુદી પર્વત ઉપર આવી ઉભી હતી (પણુ તે તદન ખોટું છે) કેમકે અઢારમી ઝીલહજનો તે દહાડો હતો. અય જબ્લા! જ્યારે તું સૂર્યના કીરણોને ઝાફરાની રંગ ઉપર થઇ જતાં જુવે ત્યારે જાણુજે કે હુસયન અ૦ શહીદ થઇ ગયા છે:–જબ્લા કહે છે કે તે પછી એક દિવસ હું બાહેર નીકળ્યો તો મેં સૂર્યનાં કિરણો ભીંતો ઉપર લાલ રંગનાં જોયાં, એજ વખતે મને ખાત્રી થઇ કે ઇમામે હુસયન અ૦ શહીદ થઇ ગયા અને તેથી હું રડયો."

કહેવાય છે કે આશુરાનો દિવસ હંમેશથી ઇદનો દહાડો ચાલતો આવ્યો છે, અને તે દિવસે ખુશી કરવી જોઇએ, રોઝો રાખવામાં મ્હોટો સવાબ મળે છે, એવી હદીસો જે સંભળાવવામાં આવે છે એ તદન બનાવટી અને એહલેબયતના દુશમનોની ઘડી કાઢેલી હદીસો છે. માત્ર ઇમામે હુસયન અ૦ને શહીદ કરી યઝીદે મલઉન અને બની ઉમય્યા તથા આલે મરવાન, આલે ઝીયાદે ખુશાલી કરી, તેથીજ ખુદાના દુશમનો તે વખતથી આશુરાના દહાડાને ઇદનો દિવસ ગણુતા આવ્યા છે.

કેટલાકો એવી તાવીલ કરે છે કે આશુરાના દહાડે ઇમામ હુસયન અ૦ શહીદ થયા તેથી તેમને શહાદતનો મહાન્ દરજ્જો મળ્યો, જેથી અમો તે દીવસે ખુશહાલી કર્યે છીએ. એ મુજબ

તેઓનું કહેવું માત્ર ઠગબાજી છે અને આવી તાવીલો કરી લોકોને અઝાદારીથી રોકવા કોશીશ કરી રહ્યા છે.

બેશક ઇમામે હુસયન અ૦ને શહાદતનો દરજ્જો મળ્યો છે, અને એવી પદ્વિ ખુદા પાસેથી તેમને મળી છે, જે કોઇ નબી અથવા વલીને મળી નથી. પણ મૂળ બાબત એ જોવાની છે કે દુન્યામાં બેશુમાર પયગંબરો અને અવલીયાઓ શહીદ થયા છે. ખુદ પયગંબરના ઝમાનામાં અને તેઓના વફાત પછી ઘણા અસહાબો શહીદ થયા છે, પણ એવું સાંભળવામાં આવ્યું નથી કે કોઇ શહીદની શહાદતના દહાડે તેના માટે ખુશહાલી ઉજવવામાં આવતી હોય અથવા તો તેને શહાદતનો ભારે દરજ્જો મળ્યો તેથી તે દહાડો ખુશહાલી કરવા ઉમદા લીબાસ પહેરી, હાથમાં મેંહદી, આંખોમાં સુરમો નાખવા માટે નક્કી કરવામાં આવ્યો હોય. મુસલમાનોને એક કોરે મૂકતાં દુન્યાની કોઇ પણ કોમમાં એવો રિવાજ નથી કે પોતાના પેશવાઓ કે ધર્મગુરૂઓના મરણના દિવસની યાદગીરીમાં તે દહાડાને ઇદ તરીકે ગણતા હોય. ખ્રિસ્તીઓ જેઓ હ૦ ઇસાને શહીદ થયલા માને છે અને તેમની શહાદતથી આખી ક્રિશ્ચીયન કોમના સઘળાં પાપો માફ થઇ ગયલાં માને છે, તેઓ શું પોતાના Lord (હ૦ ઇસા અ૦) ને ફાંસીએ ચઢવાના દિવસે (ગુડ-ફ્રાઇડેની) ખુશહાલી પાળે છે? તો પછી અમો સમજી શકતા નથી કે મુસલમાનો પોતાના પયગંબરના નવાસાની શહાદતના દિવસને ઇદનો અથવા ખુશહાલીનો દિવસ શા આધારે ગણતા હશે?

ટ્રીપોલી, મેસીડોન્યા તથા કાનપુરમાં માર્યા ગયલા મુસલમાનોને શહીદ ગણી, તેઓની કત્લથી અને તેઓની સ્ત્રીઓ વિધવા અને બાળકો યતીમ જઇ જવાથી દુન્યાના મુસલમાનોના ઘરોમાં માતમ અને વિલાપ પ્રગટી નીકળ્યાં હોય તે વખતે તે શહીદોને ભારે દરજ્જો મળ્યાના કારણે કોઇ પણ ખુશહાલી કરી અથવા તે દહાડાને ઇદનો દિવસ ગણાવતા જોવામાં આવ્યો ન હતો. ઉલટા વધારામાં આ સોગને ખાતર શરઇ રોજા ઇદની

ખુશહાલી તથા સુન્નતે નબીને એક કોરે મેલતાં મુસલમાનો અચકાણા નહિ. તેથી સિદ્ધ થાય છે કે જેઓ આશુરાના દહાડે ખુશીનો દિવસ મનાવે છે અથવા અઝાદારી બંધ કરી ખુશહાલી કરવાનો બોધ આપે છે, લેકચરો આપે છે, પેમ્ફલેટો વહેંચે છે, તેઓ ખરી રીતે યઝીદે પલીદની ફતેહ–જીતની ખુશહાલી મનાવે છે, ન કે હુસયને મઝલુમની શહાદત પાળે છે.

સઘળા મુસલમાનોને ઇમામે હુસયન અ૦ની અઝાદારી કાયમ કરવી લાઝીમ છે.

ઇમામે હુસયન અ૦મે કરબલામાં શહાદત ઇખ્તીયાર કરી દુન્યાની સપાટી ઉપર દીને ઇસ્લામને કાયમ રાખ્યો, અને તેથી સઘળા મુસલમાનો ઉપર તેમણે ઉપકાર કર્યો. એ ઉપકારનો બદલો એજ હોઇ શકે કે તે મઝલુમની મહાન્ શહાદતની યાદગીરી કાયમ રાખી તેમના ગમમાં આંસુ પાડવામાં આવે.

મ્હોટામાં મ્હોટો ફાયદો એ યાદગીરી કાયમ કરવામાં એ છે કે ખુદાના માનવંત પયગંબરના નવાસાની માતમદારી કરવાથી પોતાના પેદા કરનાર ખુદાને ખુશી કરવાનું છે, કેમકે તે પરવરદીગારને પોતાના દોસ્તોનો ઝિક્ર હમેશાં પસંદ છે.

બીજો લાભ એ છે કે, અઝાદારીની બેઠકોમાં ઇમામે હુસયન અ૦નું જીવનચરિત્ર બયાન થાય છે તેથી તેમના સદ્ગુણો સાંભળવાથી તેનું અનુકરણ કરવા જરૂર દિલ પ્રેરાય છે. તે ઉપરાંત અનેક પ્રકારના દીની શિક્ષણો અપાતાં ઇન્સાન સીધા માર્ગ ઉપર ચડી ખુદાની તાબેદારી કરતાં શીખે છે અને ઇમામે હુસયનની મોહબ્બત દિલમાં અસર કરવાથી તેમની તાબેદારી કરવા તરફ કુદરતી વલણ થાય.છે.

મુસલમાનો અને ખાસ શીઆઓને પોતાના મઝલુમ ઇમામની યાદગીરી દર વર્ષે મોહર્રમના દિવસોમાં જાળવી રાખી અઝાદારી કરવાની અત્યંત જરૂર છે, કેમકે તે યાદગીરી કાયમ રહેવાથી દીને ઇસ્લામ કાયમ રહેશે.

પ્રકરણ બીજું.

ઇમામે હુસયન અ૦ની અઝાદારીના વિરોધીઓ અને તેઓના એઅતેરાઝો.

ઇમામ હુસયન અ૦ની મઝલુમી માટે તમામ મખલુકાત એકમત છે. માત્ર થોડા જાહેલો નાસબીઓ જેઓ પોતાને ઇસ્લામમાં ગણવા છતાં માત્ર એહલેબયતે રસુલની દુશમની અને બની ઉમય્યાની મોહબ્બતના લીધે અઝાદારી પ્રત્યે વિરૂધ્ધતા દેખાડતા રહ્યા છે, તેઓને અમે યઝીદની ઉમ્મત ગણીએ તો ખોટું ગણાશે નહિ; કેમકે યઝીદે મલઉન અને તેનાં બુરાં કર્તવ્યો પ્રત્યે પરધર્મીઓ પણ તિરસ્કાર દેખાડતા રહ્યા છે. કુરઆને શરીફની આયતો અને પયગંબર સ૦ની અનેક હદીસોથી યઝીદનું કુફ્ર સાબીત થતું હોવા છતાં તેના બુરાં કર્તવ્યો અને ઝુલમ ઉપર ઢાંકપીછોડો કરનાર જરૂર યઝીદનીજ ઉમ્મતમાં ગણી શકાય.

યઝીદની ઉમ્મતનું શું કહેવું છે, અને તેઓના એઅતેરાઝો કેવા પ્રકારના છે, તે ટુંકમાં અત્રે સમજાવશું, અને એ દરેક એઅતેરાઝનો ખુલાસાવાર જવાબ ઇનશાઅલાહ આ કીતાબના જુદા જુદા પ્રકરણોમાંથી મળશે.

ઇમામે ગીઝાલી, અહલે સુન્નતના મશહૂર આલીમ બયાન કરે છે કે, "**વયુહરીમો અલલ વાએઝ, વગયર હુ રીવાયત મકતલલ હસન વલહુસયન, વહીકાયતહુ વમા જરા બયનસ્સહાબા મીનત્તશાજુર વત્તખાસુમ ફઇન્નહુ યુહય્યીજુ અલા બુગઝીસ્સહાબહ**" કીતાબે સવાએકે મુહરેકા મીસર છાપના પેજ ૧૯૭ માં લખે છે કે, ઇમામે ગીઝાલી વી. ઉલમા કહે છે કે, વાએઝ કરનાર ઉપર ઇમામ હસન અ૦ અને ઇમામ હુસયન અ૦ની શહાદતનું બયાન કરવું હરામ છે, તેમજ અસહાબો વચ્ચે ચાલેલી ભાંજગડો અને વિખવાદનું વર્ણન

કરવું (તે પણ હરામ છે.) કેમકે તે (બયાન કરવાથી) સહાબા પ્રત્યે બેદીલી અને દુશમની પેદા થાય છે.

આથી એમજ જણાય છે કે ઇમામ હુસયન અ૦ની અઝાદારીની વિરૂધ્ધતાનું મ્હોટું અને ખરૂં કારણ એજ જણાવવામાં આવે છે જે ખુલ્લા દીલથી ઇમામ ગીઝાલીએ બયાન કરેલ છે કે પયગંબરના સહાબીઓ પ્રત્યે બેદીલી અને દુશમની ઉત્પન્ન થાય છે. તો શું ઇમામ હુસયન અ૦ના કાતીલો યઝીદ, ઉમર સઅદ, ઉબેદુલ્લા ઝીયાદ કે શીમ્રે મલઉનને પયગંબરના સહાબી સમજી તેઓનાં બુરાં કર્તવ્યો અને ઝુલમોને છુપાવવા, અને તેનું વર્ણન નહિ કરવું? આથીજ અઝાદારીને બંધ કરવા અને અઝાદારોને બુતપરસ્ત બીદઅતી કહેવા મથી રહ્યા છે અને દર વર્ષે મોહર્રમના ટાંકણા ઉપર હઝારોના ખરચે હેન્ડબીલો પેમ્ફલેટો રિસાલાઓ છાપી છુટે હાથે વેચી રહ્યા છે; પણ શાએરે કહ્યું છે કે,

"વાહરે ઝીકરે ગમે શબ્બીર હરદમ તાઝા હય-
વરના ઉનકે ઝીક્રભી મુરદા હય જો ફાની હય."

ચાલુ સાલના લાહોરમાં પ્રગટ થતા "ઇનેકલાબ" નામના ઉરદુ પેપરમાં, મુહર્રમના શબીર નંબરના અંકમાં અઝાદારી ઉપર નીચ હુમલા કરી, અલ્લામાં ઇબ્ને તીમીયાની કીતાબ 'મીનહાજુસ્સુન્નત' માંથી ઉતારો કરેલ છે, તેનો ટુંક સાર અત્રે આપીશું, તેથી કેવા પ્રકારના એઅતરાઝો કરવામાં આવે છે તે સહેલાઇથી જણાશે. એજ મુજબ ઝમીનદાર વી. પેપરોમાં પણ દર વર્ષે મુહર્રમના ખાસ અંકો કહાડી પેટના ભડકા બાહેર કાઢે છે. શાએરે ખરૂં કહ્યું છે-

યક હુસયની નીસ્ત તાગરદ શહીદ,
વરના બીસ્યારંદ દર દુન્યા યઝીદ."

એક હુસયન હવે દુન્યાની સપાટી ઉપર બાકી નથી કે શહીદ થઇ જાએ; પણ તેને શહીદ કરનારા તેના દુશ્મનો યઝીદ જેવા ઘણા પડયા છે.

અફસોસ! હુસયને મઝલુમ શહીદ થઇ ગયા, શહીદ કરનાર વટાઇ ગયા, અને તે મઝલુમ ઉપર બીજાઓ રડે છે તેમાં યઝીદની ઉમ્મતને શા માટે બળાપો થતો હશે?

ઇબ્ને તીમયા જેના લેખનો ઉતારો ઉપર જણાવ્યા મુજબ લાહોરના 'ઇન્કેલાબ' પેપરે લીધેલ છે, તે કોણ અને કેવો હતો તેની ટુંક તપાસ લઇએ.

અલ્લામા આમદી લખે છે કે, ઇબ્ને તીમીયાનું ઇલમ સારૂં હતું પણ તેનામાં અક્કલ ટુંકી હતી. અલ્લામાં સફવી લખે છે કે, ઇબ્ને તીમીયાની અક્કલ અધુરી (નાકેસ) હતી જેથી હલાકત અને નુકસાનીમાં પડતો અને પરેશાની તેમજ દુઃખમાં ફસાતો હતો. અલ્લામાં ઇબ્ને હજર (એહલે સુન્નતના મશહુર આલીમ અને ઇતિહાસ લખનાર) કહે છે કે તેણે (ઇબ્ને નીમીઆએ) ખરી હદીસોને પડતી મૂકી બનાવટી હદીસો ઘડી છે, ઘણી ખરી અને ભરોસાપાત્ર [illegible]ોને તેણે ખોટી ઠરાવી છે. અલ્લામા ઇબ્ને બત્તુતા પો[illegible]ંબર [illegible]રનામામાં લખે છે કે, "ઇબ્ને તીમીયાની અક્કલમાં [illegible]વા છતાં પેદા થવા પામી હતી (પથરા પડયા હતા) એક જુમ્[illegible]રનાર [illegible]સે મીંબર ઉપર વાએઝમાં તે બોલ્યો કે, ખુદા અર્શપરથી પેહલ. આસમાન ઉપર (મઆઝલ્લા) એવી રીતે ઉતરે છે જેવી રીતે કે, તે તે પોતે મીંબરની પગથી ઉપરથી ઉતરે છે, એમ કહી જ્યાં તે બેઠો હતો ત્યાંથી નીચે એક પગથી ઉતરીને બોલ્યો કે, આવી રીતે ખુદા ઉતરે છે. મોલવી અબદુલ હલીમ લખે છે કે, ઇબ્ને તીમીયા અગર્ચે હંબલી હતો પણ તે ખુદાના માટે શરીર અને સ્થળ (મકાન) હોવાનું કહેતો હતો. તેની ખરાબ માન્યતા માટે તેને કેદમાં પુરવામાં આવ્યો હતો જ્યાં તે મર્ણ પામ્યો હતો. અફસોસ! આવા બેદીન માણસની કીતાબનો ઉતારો ચાલુ સુધરેલા ઝમાનાના પેપરમાં લઇ તેના આધારથી હુસયને મઝલુમની અઝાદારી ઉપર હુમલા કરવામાં આવે છે. હવે તે પેપરમાંના ઇબ્ને તીમયાની કીતાબનું લખાણ ટુંકમાં અત્રે આપીએ છીએ તે લખે છે કે (ઇનેકલાબ પેપર પેજ ૧૨ ના પહેલા કોલમમાં.)

"કોઇ પણ માણુસ યઝીદને અબુબકર ઉમર ઉસમાન અને અલી અ૦ના દરજ્જાના ખુલફાએ રાશીદીનમાં ગણુતો નથી. અલબત્તા કેટલાક નાદાનો યઝીદને પયગંબરના સહાબી ખુલફાએ રાશે દીનમાંથી એટલું નહિ પણુ પયગંબરોમાંથી ગણે છે." તે પછી પેજ ૧૩ ના પહેલા કોલમમાં લખે છે કે,

"ઇમામ હુસયન અ૦ને ઇરાક તરફ જતાં રોકનારાઓનો મત ખરો હતો, કેમકે આપના ઇરાક તરફ જવાથી (કરબલામાં શહીદ થવાથી) કોઇ પણુ પ્રકારનો ફાયદો દીની અગર દુન્યવી બાબતમાં જોવામાં આવતો નથી.

વળી ઇબ્ને તીમીયા પોતાની કીતાબમાં એ પણ લખે છે કે "હ૦ ઇમામ હુસયન અ૦ પોતાના જદ (નાના)ની તલવારથી માર્યા ગયા છે" એટલે કે પયગંબરના હુકમથી અથવા પયગંબર ઉપર ઇમાન લાવનાર મુસલમાનોના બાદશાહના હાથથી કે જે બાદશાહતના સ્થાપનાર પોતે પયગંબર હતા તેઓના હાથથી શહીદ થયા છે."

મીરઝા હયરત, હયરતમાં પડી બીજાઓને પણુ તાઅજુબીમાં નાખી એમ કહી ચાલતો થયો કે, "ઇમામ હુસયન અ૦ કરબલામાં શહીદ થયાજ નથી. કરબલાથી પોતાના એહલેબયતને મૂકીને ઇસતંબુલ તરફ નાશી ગયા અને ત્યાં મર્ણ પામ્યા." આવી બેકુફીભરેલી માન્યતાનો શો જવાબ હોઇ શકે? દુન્યાની કોઇ પણ એવી તવારીખ નહિ હોય જેમાં એમ લખેલું હોય કે ઇમામે હુસયન અ૦ કરબલામાં શહીદ થયા નથી અને ઇસતંબુલ તરફ નાશી ગયા અને ત્યાં મર્ણ પામ્યા.

તે ઉપરાંત બીજા અનેક પ્રકારના એઅતેરાઝો–આક્ષેપો ઇમામ અને તેની અઝાદારી ઉપર થતા રહ્યા છે, એ બધા એઅતરાઝોનો જવાબ ટુંકમાં પણુ ખુલાસાવાર આએ કીતાબમાં આપવા ઇરાદો છે તેથી આ પ્રકરણુમાં તે મુખ્ય એઅતેરાઝોનું એક લીસ્ટ બનાવી થોડીક બાબતોનો ટુંક ખુલાસો તેની સાથેજ આપેલ છે અને બીજા ખાસ એઅતેરાઝોના જવાબ ખુલાસાવાર આપવાની જરૂરત હોવાથી જુદી જુદી ફસલોમાં કરવામાં આવ્યો છે.

અઝાદારી સામે મુખ્ય એઅતેરાઝો ૧૪ નીચે પ્રમાણે કરવામાં આવે છે, જેમાં મુખ્ય એઅતેરાઝ ઉપરથી નીકળતી નાની શંકાઓનો પણ સમાવેશ થાય છે.

(૧) ઇમામ હુસયન અ૦ પોતાના જદ (નાના) ની તલવારથી શહીદ થયા.

(૨) ઇમામ હુસયનને શહીદ કરનારાઓએ ઇમામને શહાદતનો મહાન્ દરજ્જો (પદ્વિ) અપાવી તેમના ઉપર એહસાન કરેલ છે.

(૩) ઇમામ હુસયનને કત્લ કરનારા તેમનાજ શીઆ અને તેમના બાપ તથા ભાઇના દોસ્તો કુફાને બસરાના લોકો હતા.

(૪) ઇમામ હુસયનને શહીદ થએ ૧૩૦૦ વર્ષ થયાં છતાં દર વર્ષે તેની યાદગીરીમાં રડવું પીટવું શા માટે જોઇએ?

(૫) ભૂતકાળની એક બાબત ઉપર વારંવાર રડવું અને મર્ણ પામેલા ઉપર રોઇ બેસબરી કરવી એ શરાના હુકમથી ઉલટું છે.

(૬) ઇમામ હુસયનના ગમમાં રોવાથી રોનારના તમામ ગુનાહો માફ થાય છે, અને તેઓના ગુનાહો ધોવા માટેજ ઇમામ શહીદ થયા છે.

(૭) ઇમામ હુસયન અ૦ માત્ર ખીલાફત (રાજ્ય) મેળવવા માટે યઝીદની સામે લડાઇ કરી, જેમાં તેઓ માર્યા ગયા અને તેથી તેઓ પોતાની ભૂલનો ભોગ થયા.

(૮) ઇમામ હુસયનની અઝાદારીમાં ઝુલજનાહ (ઘોડો) તથા તાબુત કાઢવામાં આવે છે તે બુતપરસ્તી અને બીદઅત છે.

(૯) અઝાદારીમાં સબીલ રાખી ખાંડ, સાકર, બરફ, પાણી, પાછળ હઝારો રૂપીયા ખરચ કરી લોકોને શરબત પીવરાવવામાં આવે છે તે નકામું ખરચ કરેલું ગણાય.

(૧૦) અઝાદારો મુસીબતના વખતમાં અનેક પ્રકારનું જમણ (નીયાઝ) કરી બીરયાની વી. ઉડાવે છે, તેમાં અઝાદારી અથવા ગમગીની રહેતી નથી.

(૧૧) ઇમામ હુસયન અ૦મે પોતાના સગાસ્નેહિઓની સલાહ પર અમલ ન કરતાં હઠ પકડી કુફા તરફ જવામાં દાનીશમંદીભર્યું પગલું ભર્યું નથી.

(૧૨) ઇસ્લામમાં આ એકજ ગમનાક બનાવ રડવા માટે નથી. તે સિવાયના અનેક બનાવો જેમકે હ૦ પયગંબરની વફાત, હ૦ અલી અ૦ તથા હ૦ હુસન અ૦ની શહાદત અને ત્રીજા ખલીફા હ૦ ઉસમાનની શહાદત છે, તો તે સઘળી મુસીબતોને જે ઇમામ હુસયન અ૦ની શહાદત કરતાં વિશેષ ગણાય, તેને યાદ ન કરતાં માત્ર ઇમામ હુસયનની શહાદતને શા માટે યાદ કરી રહ્યા છો ?

(૧૩) શીઆ ઇસના અશરીઓ (હુસયનના અઝાદારો) એ શહાદતનો ઉંધો અર્થ કરી, રાજપાટ, શૌર્ય-બળ અને આયુષ્ય ગુમાવી કંગાળ બન્યા છે. માતમ કરવાથી તેઓની છાતી ખોખરી થાય છે અને રડવા પીટવાથી ગાંડા બને છે.

(૧૪) ઇમામ હુસયનની શહાદતના બયાનમાં જે કરૂણ મુસીબતો વંચાય છે તે બનાવટી છે. માત્ર છ કલાકની લડાઇમાં જે બયાનો પઢાય છે તે બનવા અસંભવિત છે, તેથી એ બધું કલ્પિત સમજવું.

(૧૫) કરબલાની મુસીબતો અને એહલેબયતની અસીરીનું વર્ણન કરવાથી, એહલેબયતની બેહુરમતી થાય છે.

૧. ઇમામ હુસયન અ૦ પોતાના જદની તલવારથી શહીદ થયા.

ઇમામ હુસયન અ૦ પોતાના નાના રસુલેખુદાના ખલીફા યઝીદની સામે થઇ(મઆઝલ્લાહ) લડયા તેથી શહીદ થયા તેમાં

તેઓનીજ ભૂલ ગણાય. યઝીદે તો પયગંબરના હુકમ મુજબ અમલ કરી ખીલાફત સામે થનારને માર્યા છે.

યઝીદની ઉમ્મત અથવા તેનાં ધીકકારવા લાયક કાર્યોના હિમાયતી સિવાય, અન્ય કોઇ મુસલમાનની આવી માન્યતા નજ હોઇ શકે, એવા પણ માણસો ઇસ્લામના લીબાસમાં પડયા છે, જેઓ મઆઝલ્લાહુ ઇમામ હુસયનને ઠપકાપાત્ર ગણે છે! જેનો ખુલાસો કંઇક આપીએ છીયે.

સયદ મુહમ્મદ અબુતુરાબ સોની પતીવાળાએ દાઢી રાખવાની ખુબીના વિશય ઉપર ઉરદુ ઝબાનમાં એક કાવ્ય રચી રિસાલાના આકારમાં પ્રગટ કરી મુફત વ્હેંચ્યું છે, તેમાં નીચેના ત્રણ બંદ હતા, જે વાંચીને એક યઝીદની ઉમ્મતના હોંશ ખાટા થયા અને તેના જીગરમાં આગ સળગી ઉઠી.

"માના કે યઝીદ સીતમ ઇજાદ હુય બેદીન-
મકકારો દગાબાઝ બદ અતવારો, બદ આઇન
"મરદુદ થા ઔર કાતીલે અવાલદે શહેદીન-
દાઢીકો હમેશાં રખા મુંછે ન મુંડાઇ
"હાંસીલ કરો ઇસસે સબકે વઝએ નુમાઇ-
ભુલેસેભી ઉસને કભી દાઢી ન મુંડાઇ"

સારઃ-ઝાલીમ યઝીદ જો કે બેદીન હતો, મકકરબાજ, દગાબાજ, કમીનો અને નાલાયક હતો, અને મરદુદ તેમજ પયગંબરની અવલાદનો કાતીલ હોવા છતાં તેણે કદી દાઢી અને મુછો મુંડાવી ન હતી, તેથી દાઢી રાખવા માટે તમો શિક્ષણ લ્યો કે ભૂલેચૂકે તેણે (મરદુદ હોવા છતાં) કદી પણ દાઢી મુંડાવી નથી.

ઉપલા ત્રણ બંદમાં યઝીદના માટે સીતમ ઇજાદનો બોલ યઝીદના એક ઉમ્મતી દીલ્હીના રહીશ અબુલઅતાને ઘણો ભારે પડયો કે તેના પયગંબર (યઝીદ)ને ઝાલીમ કેમ કહી શકાય. તેથી ઝટ એક પોસ્ટ કાર્ડ નીચે મુજબ લખી કાવ્ય રચનારને મોકલી આપ્યું. જેનો તરજુમો નીચે મુજબ છે.

"ગયરોંકે કુછ સીતમ નથે અપનીથી ગલતીયાં,
બદનામ નામ કર દીયા નાહક યઝીદકા,"

જનાબે મન, અસસલોમુ અલયકુમ, જત લખવાનું કે કેટલાક દીવસ ઉપર તમારો એક રિસાલો " દાઢીની બુઝરગી " મારા વાંચવામાં આવ્યો, તેમાં તમોએ એક કડીમાં યઝીદને સીતમ ઇજાદ (ઝાલીમ) ઠરાવેલ છે, તે ઉપરથી મને ઘણી અજાયબી ઉપજી કે (દાઢી રખાવવાની) એક હદીસની મહત્વતા ઉપર એટલો ભાર આપવામાં આવ્યો કે, રિસાલો છપાવી મફત વ્હેંચવામાં આવે છે, જ્યારે બીજી તરફ જોતાં એજ તમારા રિસાલામાં પયગંબરની એક બીજી હદીસની બીલકુલ દરકાર કરવામાં આવી નથી, જેમાં પયગંબર સાહેબ ફરમાવે છે કે " તમારા અમીર (બાદશાહ) ની તાબેદારી કરો, અગરચે તે હબસી ગુલામ શા માટે ન હોય." જનાબે હુસયન ઇબ્ને અલી માત્ર પયગંબરની હદીસથી વિરૂધ વર્ત્યા નથી, પણ હ૦ હસનની વસીય્યત તથા હ૦ અલીના ફરમાનથી ઉલટું વર્ત્યા છે જે અમોએ "મુરકકએ કરબલા" નામની બુકમાં ખુલાસા વાર લખેલ છે. જોવાનો ઇરાદો હોય તો એક નકલના અઢી આના મોકલી લાહોરથી મુસલીમ અખબારના અધિપતિ પાસેથી મંગાવી લેશો. ઇબ્ને ઝીયાદના કેહેવાથી જે કાંઇ ઉમરસઅદે કરેલ છે, તે માત્ર સુલેહશાંતિ જાળવવા માટેજ કરવામાં આવ્યું હતું. જનાબે હુસેનને કત્લ કરવાવાળાઓ કુફા અને બસરાના લોકો હતા, નહિ કે યઝીદના ઝુલમથી તેઓ શહીદ થયા.

કોઇ પણ બાદશાહ અગર ખલીફો એજ મુજબ અમલ કરશે કે જે પ્રમાણે યઝીદના નોકરો ઇમામે હુસેનના બારામાં વર્ત્યા, જેવી રીતે હઝરતઅલી જંગે જમલમાં અને સીફીનમાં હઝરાત તલહા અને ઝુબેર સાથે વર્ત્યા, તેજ પ્રમાણે ઇબ્ને ઝીયાદ કરબલામાં હુસયન ઇબ્ને અલી સાથે વર્ત્યા. આવી બાબતો તરફ નજર કરતાં યઝીદને ઝાલીમ કહી બુરૂં બોલવું અને હ૦ અલીની વર્તણુંક (જંગે જમલને સીફીનની લડાઇ) ભૂલી જવી. બેઇન્સાફી છે, મને મળવા ચાહતા હો તો નીચે લખેલા ઠેકાણે હું મળી શકીશ.

લા૦ અબુલઅતા,

ઠે૦–ઝીયાઉલ ઇસલામ એન્ડ સન્સ જનરલ મરચંટ,

ફતેહપુરી, દીલ્હી.

ઉપલા કાર્ડના જવાબમાં "ઉમ્મતે યઝીદ" નામનો લગભગ ૧૦૦ પેજનો રીસાલો ઉરદુમાં, જનાબે મૌલવી માસ્ટર શેખ ઝાકીરહુસેન સાહેબે લખીને મતબએ યુસુફી દીલ્હીમાં છપાવી બાહેર પાડયો છે ને પાંચ આનામાં મળે છે. આ કીતાબમાં ઉપલા કાર્ડના સઘળા એએતરાઝોનો જવાબ જુદી જુદી ફસલો-માંથી મવકાસર લખવામાં આવશે, અહીં ટુંકમાંજ તેનો જવાબ આપેલ છે.

અબુલઅતા પોતાના કાર્ડમાં પાંચ બાબતો જણાવે છે:–

૧ યઝીદ ઝાલેમ (સીતમ ઇજાદ) ન હતો.

૨ અમીર (બાદશાહની) તાબેદારી કરો, અગરચે તે કાળો હબસી .ગુલામ કેમ ન હોય (પયગંબરની હદીસ તરીકે જણાવે છે.)

૩ ઇમામ હુસયન અ० પયગંબર સ० હુ० અલી અને હુ० ઇમામ હુસન અ०ની વસીય્યત અને ફરમાનથી ઉલટા વર્ત્યા.

૪ યઝીદે ઇમામ હુસયન અ०ને કત્લ કરાવેલ નથી, પણ તેના નોકરોએ કત્લ કરેલ છે ને સુલેહ શાંતિ જાળવવા ખાતરજ.

૫ હુ० અલી અ०મે જમલ અને સીફીનની લડાઇમાં તલહા અને ઝુબેરને કત્લ કરાવેલ છે, (એટલે કે ઇમામ અલી અ० ખલીફા હતા તે વખતે એમની સામે થનાર તલહા ઝુબેરને કત્લ કરાવ્યા,) એજ મુજબ યઝીદ જે ખલીફો હતો તેના નોકરોએ ઇમામ હુસયનને બંડ ઉઠાવવાની સજામાં કત્લ કરેલ છે.

એ પાંચે બાબતોનો જવાબ અનુક્રમે ટુંકમાં નંબરવાર નીચે આપ્યો છે:–

૧. યઝીદ ઝાલીમ ન હતો તેનો જવાબ.

કોઇ છે કે આ યઝીદની ઉમ્મતને સમજાવે? તે યઝીદના ઝુલમની સાબેતી હુસયને મઝલુમના ગુલામો અને અઝાદારો કનેથી ચાહે છે, જ્યારે તવારીખના પોથા યઝીદના ઝુલ્મો અને

બુરાં કર્તવ્યોના બયાનથી ખુલ્લે ખુલ્લા ભરપૂર છે. મુસલમાનો ઉપરાંત અંગ્રેજ, ફ્રેન્ચ, અમેરીકન ઇત્યાદી તવારીખનવેશો પણ યઝીદને પાપી, કુછંદી, દુર્ગુણી અને બદમાશ ગણાવી ગયા છે, જે આગળ આવશે. આ ઉપરાંત કુરઆનની આયત મુજબ શજરે મલઉનના સરદાર યઝીદ ઝાલેમ, બેરહમ, દગાબાજ, નાચ-ગાયનોનો શોકીન, બડો અય્યાશ, પહેલા નંબરનો શરાબી, નીચ લોકોની સોહબતમાં રહેનારો, દીનના ઉલમાની બેઅદબી કરનાર, જ્યાં ફરવા જતો ત્યાં સાથે એક વાંદરાને આલીમનો લીબાસ પેહરાવી માથે પાઘડી બાંધી ઘોડા ઉપર બેસાડીને લઇ ચાલનાર યઝીદ ઝાલીમ ન હતો તો કોણ હતો? કરબલાના બનાવને એક બાજુ મૂકીને ફકત હર્રાના વાકેઆને લઇએ તો તે બદકારદાર ઝાલીમના હુકમથી મદીનએ રસુલમાં ત્રણ દીવસ સૂધી કત્લે આમ ચલાવીને મુસલમાનો ઉપર જે કહેર વર્તાવવામાં આવેલ છે તે એકજ બનાવ યઝીદને પહેલા નંબરનો ઝાલીમ, સીતમઇજાદ સાબીત કરવા બસ છે. યઝીદની બદકીરદારી અને હર્રાના વાકેઆનું વર્ણન 'બયઅતે યઝીદ'ની ફસલમાં ખુલાસાવાર આપેલ છે.

૨. અમીરની તાબેદારી કરો અગરચે હબશી ગુલામ હોય.

યઝીદે પલીદ અમીર (હાકેમ) હતો અને તે હબશી ગુલામ કરતાં બેહતર હતો તેથી પયગંબરની તે હદીસ "અમીરની તાબેદારી કરો અગરચે હબશી ગુલામ હોય" થી વિરૂધ્ધ વરતી ઇમામ હુસયન અ○મે શા માટે યઝીદની બયઅત કરી નહિ?" એના જવાબમાં કહીશું કે પ્રથમ આ હદીસ ઘડી કાઢેલી અને બનાવટી છે. મોઆવીયાના વખતમાં એવી હઝારો હદીસો ઘડી કાઢવામાં આવી હતી અને તેના માટે ઇનામ આપવામાં આવતું હતું; એ બનાવટી હદીસો પયગંબરના નામથી ઘડી કાઢવા માટે મોઆવીયાએ એક સંસ્થા ઉભી કરી હતી જેના કરતા હરતા ઉમરઆસ અને મુગેરા બીન શોઅબા હતા. એવી ઘડી કાઢેલી દરેક હદીસ માટે અકેક

સોના મોહોરની બખશીશ અપાતી હતી. (જેનો ખુલાસો બની ઉમય્યાના ઇતિહાસમાં વિગતવાર લખેલ છે.) વળી એક વખત તકરાર ખાતર માની લઇએ કે આ હદીસ ખરી હોય તો પણ એમ કદી પણ માની શકાય નહિ કે પયગંબર સ૦, એક ફાસીક બેદીન અને બેઇમાન ઝાલીમની ખુદાની નાફરમાની કરવામાં તાબેદારી કરવાનો હુકમ આપે. ઇમામે હુસયન અ૦ કરબલામાં પોતાના બોતેર સાથીઓ સહિત યઝીદની બાદશાહત મેળવવા ખાતર લડવા ગયા ન હતા. તેઓ સદા ફરમાવતા હતા કે મને મૂકી આપો. હું ગમે ત્યાં ચાલ્યો જાઇશ. પણ હું યઝીદ જેવાની બયઅત કદી પણ કરીશ નહિ, છતાં યઝીદનો ચોખ્ખો હુકમ હતો કે બયઅત ન કરે તો માથું કાપી તેની પાસે લઇ જવું.

યઝીદનો ઇરાદો દીનેખુદા બરબાદ કરવાનો અને આલે રસુલની હસ્તી મટાડવાનો હતો. તેણે પોતાના રચેલાં કાવ્યોમાં કહ્યું છે કે "હું અતબાની અવલાદનો નહિ ગણાઉં જો હું આલે રસુલ પાસેથી તેઓએ જે કર્યું છે (તેના બાપદાદાઓને બદર વી૦માં લડાઇ કરી મારી નાખેલ) તેનો બદલો ન લઉં. પયગંબર સાહેબ તો બાદશાહત મેળવવા માટે એક ખેલ ઉભો કરી ગયા જ્યારે આસમાનથી કોઇ ખબર આવી નથી કે જીબ્રઇલ નાઝીલ થયા નથી." આ તેના કાવ્યોથી સાબીત થાય છે કે તે કુરઆનને માનતો ન હતો તો એવા માણુસની તાબેદારી કરવાને પયગંબર ફરમાવે એ કદી માની શકાય નહિ.

૩. ઇમામ હુસયન અ૦મે યઝીદની બયઅત ન કરવામાં પયગંબર સ૦ હ૦ અલી અ૦ અને હઝરતે ઇમામ હસન અ૦ની નાફરમાની કરી છે.

તેનો જવાબ ટુંકાણુમાં એજ છે કે પોતે હ૦ ઇમામ હુસયન અ૦ ફરમાવતા હતા કે સ્વપ્નામાં મેં મારા નાના રસુલે ખુદા સ૦ને ફરમાવતા જોયા કે તમો કરબલા તરફ જાઓ તેથી મને ફરજ પડી કે પયગંબરની તાબેદારી કરૂં.

વળી ઇમામ હુસયન અ૦ની શહાદતની ખબર, ખુદાએ કુરઆનમાં, અને પયગંબર સ૦ તેમજ હ૦ ઇમામઅલી અને હ૦ ઇમામ હુસન અ૦ સદા આપતા રહ્યા, અને તે બનાવને યાદ કરી રડતા હતા જેનું ધ્યાન આ કિતાબની એક જુદી ફસલમાં ખુલાસાવાર કરેલ છે.

૪. યઝીદે ઇમામ હુસયનને કત્લ કરેલ નથી તેના નોકરોએ આ કામ કર્યું છે.

આ વાત તદ્દન બનાવટી માત્ર યઝીદ ઉપરનો કાળો દાગ મટાડવા માટે ઘડી કાઢવામાં આવેલ છે. ઇતિહાસ ગવાહી પુરે છે કે યઝીદ પહેલેથી છેલ્લે સૂધી રાજી હતો. તેણે પોતે મદીનાના ગવરનર વલીદને કાગળ લખ્યો હતો કે ઇમામ હુસયન પાસેથી બયઅત લે નહિ તો મારા કાગળની જવાબની સાથેજ તેઓનું માથું કાપીને મને મોકલી આપો.

કીતાબ શરહે અકાએદે નસફી (નવલકિશોર પ્રેસ) પાના ૧૧૭ યઝીદે પલીદે વલીદને લખેલ કાગળ નીચે મુજબ આપે છેઃ—

"અય વલીદ! તું હુસયન, અબદુલ્લા ઇબ્ને ઉમર અને ઝુબેર પાસેથી બયઅત લે અને તે માટે પુરતી સખ્તાઇ વાપર, અને જ્યાં સૂધી બયઅત નહિ કરે ત્યાં સૂધી તેઓને છુટા મૂકીશ નહિ. (કેદમાં રાખ) યા અબુમુહમદ, (વલીદની કુનીયત) મારો સંદેશો તેઓને પોંહુચાડ અને જે બયઅત ન કરે તેનું માથું ઉતારી મારા કાગળના જવાબ સાથે મારી તરફ રવાના કર."

આ કાગળથી ખુલ્લી રીતે સાબિત થાય છે કે યઝીદે ઇમામ હુસયનને કત્લ કરવાનો હુકમ પ્રથમથીજ આપેલો હતો. કુફાનો ગવર્નર ઇબ્ને ઝીયાદ કોઇ સ્વતંત્ર બાદશાહ ન હતો અને તેની સત્તા ન હતી કે લાખોની ફોજ ઇમામ હુસયનની સામે લડવા માટે યઝીદની રજા વગર કરબલા મોકલે; તે સિવાય નાસેખુત્તવારીખ અને બીજી મશહુર તવારીખોમાં ખુલ્લે ખુલ્લું લખેલ છે કે, યઝીદે પલીદ મદીનાના ગવર્નરને ઉપરા

ઉપરી કાગળો મોકલી બયઅત લેવા માટે અને નહિ તો કત્લ કરવા માટે તાકીદ કરતો હતો.

ઇમામ હુસયનની શંહાદત બાદ જ્યારે શામમાં કપાયલા સર સાથે એહલેબયતને દરબારમાં ઉભા કરવામાં આવ્યા, તે વખતે તે મલઉને ખુશહાલી જાહેર કરી અને તેણે જે કાવ્યો રચી પોતાનો સંતોશ જાહેર કર્યો, તે અમો ઉપરના જવાબમાં ઇશારો કર્યો છે તેથી પણ સાબીત થાય છે કે યઝીદના નોકરોએ પોતાની મરજી મુજબ કાંઇ કર્યું નથી અને જે કાંઇ કરવામાં આવ્યું તે યઝીદના હુકમથી કરવામાં આવ્યું હતું.

૫. જમલ અને સીફ્ફીનની લડાઇમાં ઇમામ અલી અ૦મે તલહા ઝુબેરને (સામે થનારને) મારી નાખ્યા તે મુજબ યઝીદના માણસોએ સુલેહ શાંતિ જાળવવા માટે ઇમામ હુસેનને સામે લડીને તેમને કત્લ કરેલ છે તેથી એ બન્ને એકસરખાં વાજબી ગણાશે.

જવાબ.

ઇમામ અલી અ૦ પયગંબરના વસી હતા અને ઇમામ હતા, એ વાતને તકરાર ખાતર પડતી મેલીએ તોપણ તમામ મુસલમાનોએ એકમત થઇ તેમની બયઅત કરી હતી, તેમને જાહેર ખલીફા અને બાદશાહ તરીકે માની લીધા હતા અને તે રાજીખુશીથી બયઅત કરનારાઓમાંથી તલહા અને ઝુબેર હતા; છતાં પાછળથી બયઅત તોડી બળવાખોર બની જંગે જમલમાં બીબી આઇશાને સાથે લઇ માન્ય રાખેલા પોતાના બાદશાહની સામે લડવાની પહેલ કરનાર તેઓજ હતા.

લડાઇ કર્યાથી અગાઉ ઇમામ અલી અ૦મે તલહા, ઝુબેર અને તેઓના સાથીઓને ઘણી નસીહત ફરમાવી પાછા ફરવાનું સમજાવ્યું. બીબી આઇશાને પણ ખુદાનો તે હુકમ જે કુરઆને શરીફમાં પયગંબરની બીબીઓ માટે ખાસ ઉતારવામાં

આવેલ હતો તેં કહી સંભળાવ્યો "હે પયગંબરની બીબીઓ, તમો તમારા ઘરમાં બેસી રહો અને જાહેલીયતના ઝમાનાની ઓરતોની જેમ જાહેર રસ્તા અને બજારોમાં હરો ફરો નહિ. (પવિત્ર કુરઆન.)

આટલી નસીહત છતાં તેઓ માન્યા નહિ. અને તેઓએ પ્રથમ લડાઇની શરૂઆત કરી. ઇમામ અલી અ૦ની ફોજ ઉપર હુમલો કર્યો. વળી તેમાં ખુબી તો એ હતી કે ઝુબેર લશકરમાંથી ભાગી જંગલ તરફ ચાલતો થયો, જ્યાં ઇબ્ને જરમુઝે તેને મારી નાંખ્યો અને તલહાને તેનાજ એક સાથીએ (મરવાન ખલીફાએ) એક તીર મારી પુરો કરી નાંખ્યો હતો, જે બીબી આઇશાના લશકરમાં તલહા અને ઝુબેરની સાથે ઇમામ અલી અ૦ સામે લડવા આવ્યો હતો, તેથી તલહા અને ઝુબેરને મારી નાખવામાં ઇમામ અલી અ૦નું નામ કોઇ રીતે આવતું નથી.

એક સમજવા લાયક સવાલ અત્રે ઉભો થાય છે. તેનો ખરો જવાબ આપી ઇનસાફ કરવાનું કામ વાંચનારાનેજ સોંપીશું.

જેવી રીતે ઇમામ અલી અ૦ની સામે થનાર તલહા અને ઝુબયરને કત્લની સજાને લાયક ગણવામાં આવે છે, એવીજ રીતે (મઆઝલ્લાહ) યઝીદની સામે થવા માટે ઇમામ હુસયનને પણ કત્લ કરવા લાયક (યઝીદનો ઉમ્મતી) સમજે છે, તો પછી ઇમામ અલી અ૦ની સામે બંડ ઉઠાવી સામે થનાર મોઆવીયા માટે શું કહેવાય ?

ઉપર મુજબ દીલ્હીવાળા યઝીદના ઉમ્મતીના કાગળ માંહેલી પાંચે બાબતોનો જવાબ ટુંકમાં આપવામાં આવેલ છે અને તે આ ફસલ માટે બસ છે. વધુ ખુલાસાવાર જવાબ મવકાસર બીજી ફસલોમાં મળશે.

ઇમામ હુસયન અ૦ ના બારામાં યઝીદના ખેરખાહો જુદી જુદી જાતના એઅતરાઝો કરતા રહ્યા છે, તેમાંથી એકનો ખુલાસો ઉપર આવી ગયેલ છે, હવે બીજી બાબતો તરફ નજર પોંહચાડીશું. તેઓ એમ પણ કહે છે કેઃ—

૨. ઇમામ હુસયનને શહીદ કરનારાઓએ ઇમામને શહાદતનો મહાન દરજ્જો અપાવી તેમના ઉપર એહસાન કરેલ છે.

આ એક વિચિત્ર વાણી ગણાય. અગર કોઇ ખૂની, બાદશાહને કે તેના શાહજાદાને મારી નાખે, તો ખૂનીને ત્રણ લાકડે ચડાવવાને બદલે ઇનામ આપવા લાયક સમજવો જોઇએ, કારણ કે શાહજાદાને તેણે શહાદતનો દરજ્જો અપાવેલ છે. આવો સવાલ એક નાદાન બાળક, કે જંગલી ગમાર પાસેથી પણ સાંભળવાની આશા કેમ રાખી શકાય ?

પ્રથમ આ સવાલનું મૂળ ઉત્પન્ન કરનાર સુન્નીઓના હઝરતે ગોસે અઅઝમ છે. જેમણે પોતાની કીતાબ "ગુન્યતુત્તાલેબીન" માં આશુરાના દહાડે ઇદ કરવા માટે ભાર આપીને લખ્યું છે અને તેની દલીલમાં તેઓ લખે છે કે, "ઇમામ હુસયન અ૦ તે દિવસે શહાદતની મોટી પદ્વિએ પહોંચી, મહાન્ દરજ્જો પામ્યા છે અને તેથી ખલીફાઓના દરજ્જા ઉપર આવી ગયા છે, માટે જે કોઇ આજના દિવસે ગમી કરી અને શોક પાળે છે, તેઓ ઇમામ હુસેનના દોસ્ત નહિ પણ દુશ્મન છે. અને તેઓ (અઝાદારો) તે હઝરતને પદ્વિ મળે તેથી નારાજ છે." એવી પુચ દલીલ લાવનારને એકજ સવાલ પુછીશું કે જ્યારે હ૦ રસુલે ખુદા સ૦ આશુરાના દહાડાની મુસીબતની ખબર આપતા હતા ત્યારે ખુશી થતા હતા કે રોતા હતા ? જેમ સુન્ની શીઆની કીતાબોમાં અનેક જગો પર ખુલાસાવાર વર્ણન કરવામાં આવ્યું છે, તેમ તેઓ રોતા હતા, તો મઆઝલ્લાહ હ૦ રસુલ સ૦ ઇમામ હુસેનના સૌથી મોટા દુશમન ઠરે છે. જો પયગંબર સાહેબ આશુરાનું વર્ણન કરી કદી પણ ખુશી થયા નથી તો શું તમામ મુસલમાનો ઉપર ફરજ નથી કે, પોતાના પયગંબરનાં પગલે ચાલી આશુરાના દહાડે અથવા ગમે ત્યારે આશુરાનું ગમનાક વર્ણન કરવામાં આવે ત્યારે ગમ કરે અને રોવે ! એમ તો કોઇ અક્કલનો દુશમન નજ કહી શકે કે હ૦ રસુલ સ૦ કરતાં હઝરતે ગોસે આઝમ સાહેબ ઇમામ હુસયનના વધુ ખેરખાહ અને દોસ્ત હતા.

ખરૂં જોતાં આવો સવાલ લાવનાર ઇમામના કાતેલોને અહેસાન કરનાર ગણી યઝીદનો આભાર માની રહ્યા છે........ ....યઝીદનું જહન્નમી હોવું એ સૂર્યની રોશની કરતાં વધુ ઝાહેર અને સાબીત છે અને તે સાબીત કરી આપવા માટે કોઇ પણ દલીલની જરૂરત નથી.

જો ઇમામ હુસયનને શહીદ કરી તેના કાતેલોએ તેમને શહાદતનો ભારે દરજ્જો અપાવ્યો તેથી વખાણને પાત્ર ગણાય, તો બદર અને હુનેન વી. અનેક લડાઇઓમાં જે મુશરીકો, કાફરો, પયગંબરની સામે લડયા અને પયગંબરના અનેક અસહાબોને શહીદ કરી તેમને શહાદતની પદ્વિ અપાવી છે તેઓ પણ યઝીદની જેમ તેમના ઉપર ઉપકાર કરનારા ઠર્યા, અને ખુદા તો જાણતો હતો કે આ કાફરો મજકુર શહીદોના કાતેલો, મારનારા થનાર છે તેથી તેઓ સઘળા બેગુનાહ ઠરે છે, અને તે શહીદોને શહાદતની મ્હોટી પદ્વિ આ દલીલ પ્રમાણે મેળવવાના સાધનરૂપ બન્યા એટલે સવાબના પણ હકદાર થાય છે. તેથી દુઃખ સહન કરી શહીદ થનારા અસહાબો કરતાં કાફરોને વધુ લાભ મળેલ ગણાશે. એજ મુજબ યઝીદે પલીદને પણ બમણો લાભ મળેલ ગણાશે. એક તો ઇમામ હુસયનને શહીદ કરાવી પોતાના બાપદાદાનું જુનું વેર વસુલ કરી તે સાથે તેની બાદશાહત બાકી રહી અને ઇમામ હુસેનને શહાદતની પદ્વિ મેળવી આપવાના સાધન બનવાનો સવાબ થયો તે નફામાં.

એવો મત ધરાવનાર શરીઅતના તમામ અહકામને પીઠ પાછળ રાખી કુરઆનને અર્થ વગર સમજનાર ગણાય. કેમકે જેટલા કીસાસ-બદલો લેવાનો હુકમ અને દૈન, દંડ, ખૂન બદલ ખૂન વી. વી. બાબતોના કાયદા જે પયગંબરો અલયહીમુસ્સલામની શરીઅતોમાં અને આપણા પયગંબર સ૦ની શરીઅતમાં, કુરઆનમાં અને બાદશાહોના કાયદા કાનુનમાં જે કાંઇ જણાવવામાં આવેલા છે તે આવો મત ધરાવનારની વાતને માન્ય રાખવામાં આવે તો તે સઘળા નક્કામાં રદી અને ઝુલમી અહકામ બની જાય છે. ગુનાહોની હારમાળામાં સર્વથી મ્હોટો ગુનાહ કત્લ-ખૂન ગણવામાં આવ્યો છે; તો પછી કોઇનું ખૂન

કરી કત્લ ચલાવવી તે આ વિચિત્ર પ્રકારની માન્યતાની રૂએ ગુનાહ બદલ ઉપકાર અને શિક્ષાને ઠેકાણે ઇનામને લાયક ગણાતા દુન્યામાં કત્લેઆમ અને ફસાદના દરવાજા ખુલ્લા થઇ સૌ કોઇ સવાબ અને ઇનામની લાલચમાં એકબીજાને કત્લ કરવા માંડશે. અને નિર્દોષોને મારી નાખનાર દુષ્ટો કરતાં બીજો કોઇ નેકનામદાર નેકીના કરનાર નહિ ગણાય. (કારણકે બાપડા નિર્દોષોને શહાદતની પદ્વિ અપાવનાર તેઓ ઠર્યા.)

આવી માન્યતા ધરાવનારને સવાબ મેળવવા માટે વધારે છેટે જવું પડે તેમ નથી. ઘરમાંનાં બાળબચ્ચાં કરતાં કોઇ વધારે પ્રિય નથી હોતાં. તેઓનેજ શહાદતની ભારે પદ્વિ અપાવવા ખાતર જરા વાર દિલ કઠણ કરી તેઓને રેંસી નાખે તો એક પંથ ને દો કાજ થઇ શકશે. પોતાના વ્હાલાઓને શહાદતની પદ્વિ અપાવવા સાથે પોતે પણ સવાબને પાત્ર થશે. તે પછી તેની માન્યતા ખરી હોવા ઉપરાંત યઝીદ પ્રત્યેની તેની ખરી લાગણીની જગતને ખાત્રી થતાં વધારે વાર લાગશે નહિ.

૩. ઇમામ હુસયનને કત્લ કરનારા તેમનાજ શીઆ અને તેમના બાપ તથા ભાઇના દોસ્તો કુફા અને બસરાના લોકો હતા.

જ્યારે યઝીદે પલીદનો બચાવ કોઇ પણ રીતે કરી શકતા નથી ત્યારે એમજ કહેવામાં આવે છે કે, ઇમામના કાતેલો તેમનાજ શીઆઓ હતા, વી. વી. એ વિષે ખુલાસાવાર જવાબ બની ઉમય્યાના ઇતિહાસના પ્રકરણમાં લખેલ છે. અહીં ફક્ત સાબીતી માટે એકજ દલીલ બસ થશે કે, ઇમામના કાતેલો હ૦ અલી અ૦ના શીઆ ન હતા પણ તેથી ઉલટું તેઓ આલે-રસુલના દુશમન–નાસબી ખારજી અને યઝીદના ઉમ્મતી હતા.

કુફામાં મોઆવીયાનો ગવર્નર ઝીયાદ ઇબ્ને ઉબીહ હતો, જે કુફાના નાના મ્હોટા બધાને સારી પેઠે ઓળખતો હતો. તેને મોઆવીયાનો હુકમ મળ્યો કે જે કોઇ હ૦ અલી અ૦ અને તેમની એહલેબયતની ફઝીલત બયાન કરે, તેના માટે

અમાન નથી. તેથી ઝીયાદે કુફાના એકેક શીઆને વીણી વીણી કોઇની આંખોમાં ગરમ તપાવેલા સળીયા ઠોકાવ્યા, કોઇના હાથ પગ કાપી નાખ્યા અને ઘણાઓને કત્લ કર્યા; એટલેથી સંતોષ ન માનતાં ફક્ત અલીનો શીઆ અને દોસ્ત હોવાની શંકા ઉપર પકડી વધુ ખાત્રી કર્યા વગર મારી નાખવામાં આવતા હતા, તેથી કુફામાં–બલકે ઇરાકમાં એક પણ શીઆ ગોત્યો મળી શકતો ન હતો. બચી ગયલા શીઆઓ ઇરાકથી વીખરાઇ ગયા અને છુપા રહી તકય્યાથી રહેવા લાગ્યા.

બસરાના પણ એજ હાલ હતા. ઝીયાદ તરફથી બસરાનો હાકીમ, સમરા બીન જનદબ હતો, તેણે બસરા અને તેની અતરાફમાંથી આઠ હજાર શીઆઓને ચુંટી ચુંટીને કત્લ કરાવ્યા હતા.

મુહમદ ઇકરીમુદ્દીન હનફી, પોતાની કીતાબ "સઆદતુલ કવનેન" માં લખે છે કે, "કાતેલાને હુસયનમાંથી અડતાળીસ હજાર પાંચસો ચોંસઠ ફક્ત યઝીદની કચેરીના સરદારો, અમીરો અને તેઓના હાથ નીચેના માણસો હતા. જેમાં મુખ્ય કરીને ઉમરસઅદ, તેનો છોકરો હફ્સ, શીમ્રે ઝીલજોશન, હુરબીન હુજાજ, કયસ ઇબ્ને અશઅશ (પહેલા ખલીફાના ભાણેજ) સીનાન ઇબ્ને અનસ, હુરમલા ઇબ્ને કાહેલી વી. વી. હતા, જે બધા યઝીદને માનવાવાળા તેના તાબેદારો હતા. તેથી જણાશે કે ઇમામ હુસેનના કાતેલો તેમના શીઆ કે દોસ્તો હતાજ નહિ. તેમના દોસ્તો અને શીઆઓ મોઆવીયાની હયાતીમાં કપાઇ ખપી ગયા હતા. બાકી જેઓ રહ્યા હતા તે જુજ માણસો છુપાઇને રહેતા હતા.

ખરા દોસ્તો અને શીઆઓ એજ ગણી શકાય જેઓ વખત ઉપર કામ આવે, પોતાની જાન પણ અર્પણ કરતાં વીલંબ લગાડે નહિ. કુફાના લોકોએ હઝારો કાગળ લખી હઝરતને બોલાવ્યા એ ખરી વાત છે, પણ તેઓ ખરા દોસ્ત કે શીઆઓ ન હતા, કેમકે તે કાગળો લખનારાઓમાં કયસ ઇબ્ને અશઅસ (પહેલા ખલીફાના ભાણેજ) વી૦ હતા. વળી હ૦ મુસલીમ, ઇમામ હુસયનના એલચી બની પ્રથમ કુફે ગયા ત્યારે લગભગ ચાલીસ હજાર કુફીઓએ બયઅત કરી હતી, તેથી

પણ સાબીત થાય છે કે બયઅત લીધા પહેલાં તેઓ ઇમામના દોસ્તો અગર શીઆઓમાં અને ઇમામની બયઅતમાં હતાજ નહિ.

શીઆના અર્થ તાબેદારના થાય છે. જેઓ તાબેદારીમાં ન રહેતાં લડવાને સામા થાયે તેઓને શીઆ કહી શકાયજ નહિ, વળી તે કુફીઓ પ્રથમ હ૦ અલી અ૦ની તાબેદારીમાં ન રહેતાં સામા થયા તે પછી હ૦ ઇમામ હસન અ૦થી ફરી ગયા અને ત્યાર બાદ હ૦ મુસલીમને દગો આપ્યો, છતાં તેઓને દોસ્ત અને શીઆ સમજવા એ કેવળ મુર્ખાઇ કે હઠીલાઇજ ગણાય.

એમ તો જ્યારે પહેલા ખલીફાની ખીલાફત ઝાહેર કરવામાં આવી હતી ત્યારે અબુ સુફયાને (યઝીદનો દાદો) હ૦ અલી અ૦ની ખીદમતમાં આવી કહ્યું હતું કે, યા અલી તમો શા માટે ચુપ બેઠા છો? પારકાઓ આમ તમારો હક ગસબ કરે અને તમે જોયા કરો? જો તમારો હુકમ હોય તો હમણા મદીના, હજાર શુરવીર હથ્યારથી સજ થયેલા સીપાહીઓથી ભરી નાખું અને તમોને તમારો હક અપાવું. હ૦ અલી અ૦મે ફરમાવ્યું, “અય અબુ સુફયાન, હું તને બરાબર ઓળખું છું. તારો ઇરાદો મારો હક અપાવવાનો નથી, પણ ફકત મદીનામાં ટંટો ફસાદ ઉભો કરવાનો છે. કેમકે તું હંમેશા પયગંબર સામે થઇ લડતો રહ્યો. જા, દૂર થા, મને તારી મદદ જોઇતી નથી. તો શું અબુ સુફયાનને હઝરતના દોસ્ત અને શીઆમાંથી સમજવા? તે સિવાય શીમ્રે મલઉન, ઉમરે સાઅદ, ઇબ્ને અશઅસ વી૦વી હમેશથી બની ઉમય્યાના ગુલામો અને આલેરસુલના દુશમનો હતા, ઇમામના કાતેલો કોણ કોણ અને કેવા હતા તે વિસ્તારીને અન્ય સ્થળે લખવામાં આવેલ છે.

૪. ઇમામ હુસેન અ૦ને શહીદ થએ ૧૩૦૦ વર્ષ થયાં છતાં દર વર્ષે તેની યાદગીરીમાં શા માટે રડવું પીટવું જોઇએ?

બાપડા અઝાદારો પોતાના મઝલુમ ઇમામની મુસીબતને યાદ કરી રોઇ રહ્યા છે, એ પણ યઝીદના ગુલામો જોઇ શકતા

નથી અને યાદગીરી શા માટે જોઇએ એમ બળાપો કરી રહ્યા છે, પણ તેઓ નથી જાણતા કે મઝલુમોની યાદગીરી કાયમ રાખવાનાં સાધનો ખુદાએ પોતે બનાવેલ છે. દર વર્ષે અનેક પ્રકારના મોઅજીઝા હિંદુસ્તાનમાં જાહેર થાય છે અને અઝાદારોને પજવનારા તથા અઝાદારીની બેહુરમતી કરનારાઓને તેની મસલેહત મુજંબ સજા મળતી રહે છે. જે પ્રમાણમાં અઝાદારીના વિરોધીઓ અઝાદારી બંધ કરવા મથી રહ્યા છે, તેટલાજ પ્રમાણમાં બલકે તેથી વિશેષ અઝાદારી વધુ અને વધુ જોશમાં થતી રહે છે. હુસયને મઝલુમની અઝાદારી માત્ર મુસલમાનો કરતા નથી. પણ હિંદુઓ અને બીજા પરધર્મિઓ દર વર્ષે લાખોના ખરચ કરી અઝાદારી કરતા રહ્યા છે. એકલા ગવાલીયરના મહારાજા સાહેબના રાજ્યમાં દર વર્ષે રાજ્યના તરફથી ત્રણ લાખના ભારે ખરચથી અઝાદારી કરવામાં આવે છે.

દરેક કોમમાં પોતાના વિર નરો અને મહાત્માઓની યાદગીરી જાળવવાનો રિવાજ છે. હ૦ ઇસા પયગંબર અ૦ને નસારા લોકોની માન્યતા મુજબ ગુડફ્રાઇડેના દિવસે યહુદી લોકોના ઝુલમથી સુળીએ ચઢાવવામાં આવ્યા, તેની યાદગીરી જાળવતાં કાળાં કપડાં પહેરી દેવલોમાં જઇ તે દિવસે શોક પાળે છે. એ સિવાય હાલની યુરોપની લડાઇમાં માર્યા ગએલા સિપાહીઓની યાદગીરી માટે દરેક મુલકોમાં સ્તંભો ઉભા કરવામાં આવે છે, અને આરમીસ્ટીસના દિવસે આખી બ્રીટીશ શહેનશાહતમાં અમુક કલાકે બે મીનીટ માટે શાંતિ જાળવી લડાઇમાં મર્ણ પામેલાઓનું સ્મરણ કરવામાં આવે છે, અને એ રીતે તેઓના માટે શોક પાળવામાં આવે છે. હાલમાંજ ઇરાકમાં માર્યા ગએલા અંગ્રેજી અને હિંદી સીપાહીઓની યાદગીરી જાળવવા ખાતર લગભગ ત્રીસ હજાર પૌંડના ખરચે, બસરામાં એક મેહરાબ બનાવવામાં આવ્યું છે. તો ત્રીસ હજાર પૌંડ જેવી ગંજાવર રકમ આપણી શાણી સરકારે શા માટે બસરાના બળતા રણમાં (ફોકટમાં) વેરી હશે? એ કોઇ અઝાદારીના વિરોધીઓ કહેશે? એવી યાદગીરીમાં જરૂર લાભો સમાયલા હોય છે. બસરામાં એવી યાદગીરી ઉપર ગંજાવર રકમ ખરચી

નાખવાનો હેતુ એજ હોઇ શકે કે ઇરાકની પ્રજાને અંગ્રેજ સરકારની સત્તા અને બળનું ભાન કરાવવા માટે તેમજ બાકી રહેલા સિપાહીયોની હિંમતમાં વધારો કરવાના હેતુથી કે તેઓ પણ એમજ ખાત્રી રાખે કે, જ્યારે તેઓ દેશ ખાતર પોતાની જાન લડાઇમાં અર્પણ કરશે ત્યારે સરકાર તેઓની કદર કરી તેઓની યાદગીરી જાળવવા માટે આ પ્રમાણે હજારોનો ખરચ કરતાં ચુકશે નહિ.

હુસયને મઝલુમની યાદગીરી જાળવવાથી તેમને લાભ નથી પણ તેનો પુરતો લાભ આખી જગતને મળે છે. હુસયને મઝલુમ જેવા શુરવીર અને દરેક નેક સીફાતોથી સજાયલા મહાત્માને યાદ કરવાથી હરકોઇને સારૂં શિક્ષણ મળે છે. ખુદા પ્રત્યેની ખરી મુહબત પેદા થતાં તેની તાબેદારી કરવાનું મન થાય છે; ધર્મ અને કોમ પ્રત્યે લાગણી પેદા થતાં પરોપકારી થવાનું સુજે છે; ટુંકમાં એ કે કરબલાના શહીદની યાદી થકી ઇનસાન દીનદાર, નેકખસલત, શુરવીર અને પરોપકારી બને છે. અગર એવા મહાત્માઓની યાદ દુન્યામાં બાકી રાખવામાં ન આવે તો તેની સાથે દરેક ભલાઇઓ વિસરાઇ જાય તેમાં અતીશયોક્તિ જેવું જરાએ નથી. એ યાદગીરી ઉજવતાં ભલેને કોઇ આપણા ઉપર ટીકા કરી જંગલી ગણે એથી આપણે જંગલી થઇ જવાના નથી. યુરોપ જેવા સુધરેલા દેશ તરફ નજર કરો તો જણાશે કે એ સુધરેલા દેશો કેવી જાહોજલાલીથી મહા પુરૂષોની યાદગીરી ઉજવે છે. જ્યારે આપણને આપણા શહીદોની યાદગીરી ઉજવવાનાં ઘણાં કારણો છે એ થકીજ દુન્યા અને આખેરીમાં નજાત પામી શકીયે છીયે.

૫. એક થઇ ગએલા બનાવ ઉપર વારંવાર રડવું અને મર્ણ પામેલા ઉપર રડી બેસપ્રી કરવી એ શરાના હુકમથી વિરૂધ્ધ છે.

આ જાતની શંકાઓ અનેક રીતે સામે લાવી અઝાદારો ઉપર પ્રહારો કરવામાં આવે છે. તેઓને બાયલા, નક્કામાં,

બીદઅતી વીગેરે કહેવામાં આવે છે, અને ખાસ કરી મુહર્રમના દિવસોથી અગાઉ હેન્ડબીલો, પેમ્ફલેટો અને રિસાલા બાહેર પાડી કુરઆનની આયતો અને પયગંબરોની હદીસોને મરડી મચડી મનગમતા અર્થ કરી રડવાની મનાઇ કરવામાં આવે છે.

ખુદા સાબીરોને દોસ્ત રાખે છે, મર્ણ પામેલા ઉપર રડવાની મનાઇ છે, વિગેરે વિગેરે દાખલાઓ આપી તનતોડ કોશીશ થાય છે કે અઝાદારી બંધ થાય, પણ ઇનસાનની લાગણી મંદ કરવાની કોઇમાં શક્તિ નથી. અહીં એકાદ બે દલીલો આપી સાબીત કરી આપીશું કે અઝાદારીમાં રોવું એ કુદરતી અલ્લાહ તરફથી ઇમામ હુસયન અ૦ને આપવામાં આવેલી બખશીશ છે. રડવાના બારામાં ખુલાસાવાર વિવેચન એક જુદાજ પ્રકરણમાં કરવામાં આવશે.

કોઇનો જવાન ફરઝંદ, બાપ, મા, ભાઇ કે બીજો નજદીકનો સગો મર્ણ પામે છે તેનો દાગ ઘણો સખત દિલમાં લાગે છે અને તે એમજ સમજે છે કે મુસીબતના પહાડ મારા ઉપર ટુટી પડયા છે અને આ મુસીબત કોઇ કાળે ભુલાશે નહિ, પણ વખતે પોતાનું કામ કરી ટુંક અરસામાં તે ગમ ભુલાવી આપે છે. એક વખતે જેનું નામ લઇ પોકે પોક રડતો અને અફસોસ કરતો હતો તેનું હવે નામ દશ વખત લેવામાં આવે તોપણ તને કાંઇ અસર થતી નથી અને એક આંસુનું ટીપું ખરતું નથી, એ આપણે સદા જોતા આવ્યા છીએ. પણ હાય અફસોસ ! હુસયને મઝલુમની મુસીબતમાં શું અસર છે ૧૩૦૦ વર્ષ થયા છતાં મુહર્રમનો ચાંદ નજરે પડતાં જીગરમાં કટારી ચાલે છે, ચેહરો ફીકો પડી જાય છે અને પોતાની આંખો કરબલાનું ચિત્ર નજર સામે ફરી વળે છે. જ્યારે પણ મજલીસમાં ગયા અને ગમનું બ્યાન સાંભળ્યું કે બે નદીઓ ગાલ ઉપરથી વહેવા માંડે છે. એક વખત નહિ પણ હમેશાં દરેક મજલીસોમાં એકલા મુસલમાનો નહિ પણ હિંદુ વિ૦ પરધર્મીયોનો પણ એજ હાલ હોય છે. કોઇ સમજાવશે કે મરણ પામેલા સગા બાપ–ભાઇ કે જવાન બેટાનું નામ લેતાં તો કોઇ પણ પ્રકારની અસર થતી નથી તો આ કોણ હુસયન છે

કે જેની યાદ દિલમાં સદા તાજી રહે છે અને તેનું નામ દિલમાં અસર કરી જીગરને તડપાવે છે અને આંખોને રોવરાવે છે. શાએરે ઘણી સરસ રીતે પોતાની બે લીટીમાં તેનો ચિતાર આપેલ છે કે,

"ઈન હુસેન કીસ્ત કે આલમ હમા દીવાનએ ઉસ્ત,
ઈન ચે શમ દસ્ત કે આલમ હમા પરવાનએ ઉસ્ત."

અર્થ:-તે કયા હુસેયન છે કે જેઓની મુહબ્બતમાં આખી જગત દીવાની થઇ રહી છે? એ કઇ રોશની છે કે જેની પાછળ આખી દુન્યા પરવાનો (ભમરો) થઇ રહી છે? દીવો જ્યારે પોતાને બાળીને ભસ્મ કરે છે ત્યારેજ પરવાના તેના ઉપર મરી ફીટે છે. હુસયને મઝલુમ જગતના તારણ માટે પોતાના કને જે કાંઇ હતું તે લુટાવી આપ્યું, પોતાની અને પોતાના સાથીઓની અઝીઝ જાન પણ અર્પણ કરી ચુકયા અને તેના બદલામાં આખી જગતનું દીલ કીયામત સૂધી જીતી લીધું! હા! દીલ જીતી લીધું!! તે યઝીદી અને અઝાદારીના વિરોધીઓને દીલ હતુંજ નહિ તેથી તેઓ કોરા રહી ગયા, જેનામાં દીલ (હૃદય) હોય છે તેનો માલીક હુસેને મઝલુમ છે. જગતકર્તા પાક પરવરદીગારની એ અનુપમ બક્ષીસ ઇમામે હુસેનને તેમની દીન પ્રત્યેની સેવા, વફાદારી અને જાંનીસારીના બદલામાં મળેલ છે.

બીજી દલીલ જોઇએ; દુન્યાની વસ્તીમાં મ્હોટો ભાગ બલકે અમુક ખુદાના અવલીયા, પયગંબરો, ઇમામો અને આબીદ લોકો સિવાય આખી મખલુકાત મોજશોખને વધુ પસંદ કરે છે અને તે મેળવવા પાછળ પોતાની આખી જીંદગી બરબાદ કરે છે. મોજ શોખ ગાનતાનની બેઠકમાં કલાકના કલાકો બેસી શકે છે અને આખો વખત સુખમાં અને હસી ખુશીમાં પસાર કરવા આતુર હોય છે. જરા પણ દુઃખ અગર કષ્ટ ભોગવવા ચાહતા નથી. જે કામમાં જરા પણ તકલીફ હોય છે તે પ્રત્યે અણગમો દેખાડે છે, અને લાચારીએ તેવું કામ કરવું પડે છે. તો ભારે કરાહત-અણગમાથી કરે છે; અને જેમ બને તેમ જલદી છુટવા ઇચ્છા કરે છે. એવા કામમાં એકવાર સપડાઇ

ગયો તો ફરીથી ચેતીને તે રસ્તે જતોજ નથી. વળી મ્હોટામાં મ્હોટી આફત પડે છે ત્યારેજ રડવું આવે છે અને જાણી જોઇને રડવું કોઇને પણ પસંદ હોતું નથી. એકને આપણે કોઇ હસી ખુશીના જલસામાં બોલાવીશું તો તે ઝટ તૈયાર થશે, પણ કદી કહેવામાં આવે કે આ ઘરમાં છાતી અને માથું કુટી રડીએ તો કોઇ ગમાર પણ આગળ વધવાની હીમત કરશે નહિ. ઇનસાનની આવી પ્રકૃતી હોવા છતાં લાખો અને કરોડો અઝાદારોને કોણ બળાત્કારથી મજલીસોમાં કલાકના કલાકો સુધી રોવા પીટવા માટે બોલાવે છે? રોવા પીટવા માટે નાણું આપવામાં આવતું નથી તેમજ ઝાહેરમાં દુન્યાની કોઇ લાલચ જણાતી નથી. સ્ત્રી વર્ગને સારાં કપડાં, ઝવેરાત, સોના ચાંદીના દાગીના અથવા પોતાનો શણગાર પલવાર માટે તજવાને કહેવામાં આવે તો તેણી કદી પણ રાજી ખુશીથી કબૂલ કરશે નહિ. છતાં એ તમામ શણગાર, ઉમદા રેશમી રંગીન કપડાં વી૦ બે મહીના સુધી એક બાજુ મુકી, કાળાં કપડાં પેહેરવા માટે કોણ દબાણ કરે છે? કોઇ ઘરનો સુખીઓ એમ કહેશે કે ધણીના હુકમથી લાચારીએ તેમ કરે છે, તો તેને એકવાર અજમાઇશ કરવાની સૂચના આપીશું કે મુહર્રમ શિવાયના બીજા દીવસોમાં એજ મુજબ કાળાં કપડાં પેહેરવા માટે હુકમ આપી ખાત્રી કરે, તો તેના જવાબમાં વધુ નહિ તો એટલું જરૂર સાંભળશે કે "તમારી હયાતીમાં તો નહિ, પણ ખુદા ન કરે ને એવો વખત આવશે ત્યારે વાર લગાડીશ નહિ." ટુંકમાં એ કે બે મહીના સુધી પોતાની સઘળી મોજ શોખ અને રાહતની ચીજો તજીને અઝાદારી અને રડવા પીટવા તરફ કઇ વસ્તુ કે બળથી પ્રેરાય છે? તે અદ્રશ્ય બળ ઇમામ હુસયન અ૦ની પાકઝાત છે, જેઓ પોતાના દોસ્તો અને અઝાદારોના સીનામાં વસે છે, એથી વધુ તેઓની કુદરતી સત્તાની તુલના કરવાની શક્તિ અમારી કલમમાં નથી.

એજ હુસયને મઝલુમ છે કે જેઓ દર વરસે અઝાદારોના દીલોને હલાવી નાખે છે અને તમામ ખુશહાલી ભૂલાવી આપે છે એવી બેમીસાલ સત્તાને તોડી પાડવા એક અશકત માણસ વ્યર્થ કોશીશ કરે તો તેની કેવળ મુર્ખાઇ ગણાય.

૬. ઇમામ હુસેનના ગમમાં રોવાથી સઘળા ગુનાહો માફ થાય છે, તેમના દોસ્તો ગમે તેટલા ગુનાહો કરે તેની પરવા નહિ તેઓના ગુનાહો ધોવા માટે શહીદ થયા છે.

આ મુજબનું વિરોધીઓનું કહેવું માત્ર શહાદતની બુઝુરગીને તોડી પાડવા અથવા તો અઝાદારોની મશકરી કરી દીલ દુઃખવવા માટે હોય છે.

એવી માન્યતા શીઆઓની અને અઝાદારોની હોઇ શકેજ નહિ. હા, એવી માન્યતા ખ્રીસ્તી લોકો ધરાવે છે કે હ૦ ઇસા પયગંબર સુળીએ ચઢયા પછી ત્રણ દિવસ સૂધી નર્કમાં રહી દુન્યાના સઘળા ખ્રીસ્તીઓના પાપોનું બળીદાન આપ્યું છે. હવે તેમના ત્રણ દીવસના નર્કની મુસાફરી કેડે કોઇ પણ ખ્રીસ્તીને નર્કની જાત્રા કરવી પડશે નહિ. અને તેથી ગમે તેવી સ્વતંત્ર અને અય્યાશી જીંદગી ભોગવવા છતાં તેઓ સ્વર્ગનાં સ્વપ્નાં જોઇ રહ્યા છે અને તે સ્વપ્નું ખરૂં કરી દેખાડવા આ જગતને સ્વર્ગનો નમુનો બનાવી રહ્યા છે.

ખ્રીસ્તીઓની એ માન્યતાનો વિશેષ ઉલ્લેખ કરવા ન માંગવાથી અત્રે તે વિશે વધુ લખતા નથી. અહિં તો ફક્ત હુસયને મઝલુમના અઝાદારો ઉપર મુકાતા આવા આક્ષેપનોજ જવાબ આપવા માંગીયે છીયે.

પ્રથમ અમારે જણાવવું જોઇએ કે રોવું એક મોટી ઇબાદતમાંથી છે અને તેનાં વખાણ ખુદાવંદે કરીમે કુરઆનમાં ઘણી જગોએ કરેલ છે. તેજ પ્રમાણે ખુદાના પાક બંદાઓ પયગંબરો અને ઇમામોની મુહબ્બત એ પણ ઉમદા ઇબાદત છે. ખુદા કુરઆનમાં ફરમાવે છે કે, "યવમા નદઉ કુલ્લુ ઉનાસાન બી ઇમામે હુમ," અમો કયામતના દહાડે દરેક ટોળાંને તેનાં ઇમામ સાથે ઉભો કરી હિસાબ માટે બોલાવીશું. તો ઇમામ હુસયન તેમજ આલે રસુલની મુહબ્બત દીલમાં રાખનાર અને તેઓને ઇમામ સમજનારને આ આયત મુજબ કીયામતના

દહાડે તેઓનીજ સાથે ખડા કરવામાં આવશે, અને જેને તેઓ સાથે ખડા કરવામાં આવે તે નજાત પામે તેમાં નવાઇ નથી. જેઓના દીલમાં એ બુઝરગવારોની મોહબ્બત હશે તેઓનાં હૃદય એ બુઝુર્ગવારોની મુસીબત સાંભળી પીગળશે, આંખમાંથી આંસુ નીકળશે તેથી ઇમામોની મુસીબત ઉપર રડનાર તેમના દોસ્તો કીયામતમાં તેઓની સાથે રહેતાં બખશીશ (શફાઅત)ના હકદાર થશે, એ કુરઆને શરીફથી સાબીત છે. આ વિષયનું ખાસ એક જુદા પ્રકરણમાં ખુલાસાવાર વિવેચન થયેલ છે અને તેમાં રડવાની ખુબી અને સવાબ તેમજ અકલી નકલી દલીલથી અઝાદારીમાં રડવાથી થતાં અનેક લાભો જણાવેલ છે.

જેઓના દીલમાં ઇમામ હુસયનની મોહબ્બત હશે અને તેમની મુસીબત ઉપર રોતા હશે, તેઓને હમેશાં સંભળાવવામાં આવે છે કે ઇમામ હુસયન અ૦ દિને ઇસ્લામને કાયમ કરવા, ખુદાના ફરમાનો અને નમાઝને દુન્યા ઉપર જારી રાખવા પોતાની અઝીઝ જાન આપી શહીદ થયા છે, એ સાંભળવા છતાં તેઓના મુહીબો અને અઝાદારો બેદીન બની દિને ખુદાની કમર તોડતા રહી, નમાઝ વીગેરે અઅમાલ બજાવી લાવવાનું તજી શકે ? હમેશાં ખુદાના અહકામો સાંભળતાં અને રોતાં રોતાં દીલ નરમ થાય છે અને ખુદાની તાબેદારી કરવા તરફ વલણ પેદા થાય છે, તેથી અઝાદારી કરનાર માટે દિન બદિન સુધરવાની આશા રહે છે અને તેનું ઇમાન પુખ્ત અને મજબૂત થાય છે.

એક સાઠ વર્ષનો મૂર્તિપૂજક–મુશરીક–ખરાં દીલથી મુસલમાન થઇ ખુદાને એક વહદહુ લાશરીક સમજે અને તેના પયગંબર અને ખુદાના અહકામો ઉપર ઇમાન લાવે, તે પછી તેજ દિવસે મરણ પામે તો તેના માટે અઝાદારીનો વિરોધી (અગર મુસલમાન હશે) તો શું ધારશે ? તે નવા મુસલીમને દોઝખી સમજશે કે બેહેશતનો હકદાર જાણશે ? જો તે મુસલમાન હશે તો તાઝા મુસલમાનને જરૂર બેહિશતી સમજશે, કેમકે તે ઇમાન લાવી મુસલમાન થઇને મરણ પામ્યો. તેને વધુ મોકો ન મળ્યો કે ઇસ્લામના ફરમાન પ્રમાણે અમલ કરી નમાઝ

રોઝા બજાવી લાવે, તો એક પળવારના ઇમાન લાવવાના બદલામાં સાઠ વર્ષના મુશરીકની બખશીશને તે માન્ય રાખે છે કે જેણે એક વખતની નમાઝ પડી ન હોય અને કોઇ સારા અમલ કર્યો નહિ હોય. ફકત પલવારના ઇમાન લાવવાથી તેનું સાઠ વર્ષનું કુફ્ર ધોવાઇ જાય છે, પણ જે સાઠ વર્ષ સૂધી ખુદા વ રસુલ અને તેના ફરમાન ઉપર ઇમાન લાવી, પયગંબર અને તેમની અહલે બયતની મોહબ્બત દીલમાં રાખી મુહર્રમમાં અઝાદારી કરતો હોય, તેની બખશીશ થવી મુશકેલ ગણવામાં આવે છે! આલે રસુલની મોહબ્બત અને અઝાદારીમાં શું સવાબ છે, તે તફસીલવાર અન્ય સ્થળે મળશે તેથી સાબીત થશે કે આલે રસુલની મોહબ્બત અને અઝાદારી તે ઇમાનનો મુખ્ય ભાગ છે, તે સિવાય ઇમાનદારોનું ઇમાન નાકેસ અને અધુરૂં ગણાશે.

ઇમામ હુસેન અ૦ માનવ જાત માટે મુક્તિ માર્ગ ખુલ્લો કરવા અને અલ્લાહની તાબેદારી અને તેમની મુસીબતોમાં રડવાની શરતે આપણને નજાત અપાવવાનું વચન આપતા ગયા, અને તે વચન કયામતને દિવસે તાજે શફાઅતથી તેમના નાના રસુલે ખુદા પુરો પાડશે એમાં જરાએ શક નથી, કેમકે તેમની શહાદત થકી દીને ઇસ્લામ કાયમ રહેલ છે. જો તેઓ શહીદ ન થતે તો યઝીદના કુફ્રની અસર તેની આખી પ્રજા (દુન્યાની સપાટી ઉપરના તે વખતના બધા મુસલમાનો) ઉપર પડતાં બધા મુસલમાનો બે ઇમાન થઇ જતે તેથી તેઓના ઇમાનને સલામત રાખવા, તેઓને કીયામત સૂધી ખરો રસ્તો મુક્તિ માર્ગનો દેખાડવા અને દીને ઇસ્લામનું શિક્ષણ જારી રાખવા માટે ઇમામ હુસયન શહીદ થયા છે, જેથી આજે ઇસ્લામ બાકી છે અને મુસલમાનો ઇસ્લામના સબબથી ખુદાની બખશીશ અને બેહેશતની આશા રાખે છે. તે આશા અપાવનાર, બખશીશના માટે સીફારીશ કરવાનું વચન અપાવનાર, ઇમામ હુસયન અ૦ કરે છે, એજ કારણથી તેઓના બારામાં કહેવામાં આવે છે કે પોતાના અઝાદારોની બખશીશનું સાધન તેઓએ કરી આપ્યું છે, જેઓ આજે ઇસ્લામ મઝહબ ઉપર બાકી

રહી ખુદા અને તેના રસુલને ઓળખી સારા અમલ બજાવી લાવે છે, તેઓ બેશક ઇમામ હુસયન અ૦ના ઉપકાર તળે દબાયલા છે, અને તે ઉપકારનો બદલો એ શિવાય શું હોઇ શકે કે તેમની મોહબ્બત દીલમાં રાખી તેમના પ્રત્યે માનની નજરથી જુવે, તેમના દુશમનો અને કાતેલો પ્રત્યે તિરસ્કારની લાગણી રાખે; અને તે મઝલુમની અસહ્ય મુસીબતોને યાદ કરી રોવે અને તેમની યાદગીરી પોતાના દીલમાં જાળવી રાખે.

વળી એ પણ જાણવું જોઇએ કે માસુમ સિવાયના બધા લોકો ઇન્સાન માત્ર ભૂલને પાત્ર હોઇ ઓછા વધતા પ્રમાણમાં તેઓથી ગુનાહો થયા કરે છે. કોઇ દોલતની તમામાં, કોઇ અવલાદની મોહબ્બતમાં, તો કોઇ શહવતના જોરથી તો કોઇ હસદ, ગુસ્સો, કીનો, બુગઝ વી૦ વી૦ બુરી ખસલતોને અંગે ગુનાહના કામ કરે છે; કોઇ પણ પાક માસુમ નથી અને તે બુરાં કર્તવ્યોથી છેટે રહેવાને ખુદાએ ફરમાન આપેલ છે અને તે મુજબ નહિ વર્તતા ગુનાહોના કામ કરનાર માટે સજા મુકર્રર કરવામાં આવેલ છે. તેથી જે મુઅમીનના દીલમાં ખુદા અને રસુલ પ્રત્યે ઇમાન હશે, આલે રસુલની મોહબ્બત હશે, અને સારા અમલ કરવામાં અને ગુનાહોથી બચવા માટે બનતી કોશીશ કરતો હશે, તેવા મુઅમીનથી ઉપર જણાવેલા કારણોને લીધે ગફલતથી થયલા ગુનાહો માટે હુસયને મઝલુમ ખુદા પાસે સીફારીશ ફરમાવી છોડાવે અને ખુદાવંદે રહેમાન પોતાના પ્યારા બંદા હુસયને મઝલુમ ખાતર, બખશી આપે, તો તે ખુદાની રહેમત અને ઇમામ હુસેનના દરજ્જાથી દૂર નહિ ગણાશે.

ખ્રીસ્તી લોકોની માન્યતા મુજબ બેદરકાર રહેવાનો હુકમ ઇસ્લામમાં નથી. હ૦ અલી અ૦ હ૦ ઇમામ હસન તથા હ૦ ઇમામ હુસયન અ૦ની અસંખ્ય હદીસો છે તેમાં તે બુઝર્ગવારોએ પોતાના શીઆ અને દોસ્તોને દુન્યાની નાપાયદારી, બેવફાઇ વિશે તેમજ ખુદાથી ડરીને ચાલવાને અને સારા અમલ બજાવી લાવવા માટે તેમજ ગુનાહોથી છેટે રહેવાને પુરતી રીતે શિક્ષણ આપેલ છે. (એ હદીસો તથા ફરમાનો ઇમામ હુસયન

અ૦નું જીવન ચરિત્ર "શહીદે ઇસ્લામ" આ પુસ્તકનો બીજો ભાગ લખવા ઇનશાઅલ્લાહ ઇરાદો છે તેમાં વધુ ખુલાસાવાર લખવામાં આવશે.) એ બુઝર્ગવારોની એક પણ એવી હદીસ નથી જેમાં એમ ફરમાવેલું હોય કે અમારા દોસ્તો અને અઝાદારો ગમે તેમ ખુદાની નાફરમાની કરે તોપણ અમો છોડાવી લઇશું, જેથી વાંચકને આ એઅતેરાઝમાં કેટલું વજુદ છે અને કેવા હેતુથી કરવામાં આવે છે તે સાફ જણાશે.

૭. ઇમામ હુસયન અ૦ માત્ર ખિલાફત (રાજ્ય) મેળવવા માટે યઝીદની સામે થઈ લડ્યા અને શહીદ થયા તેથી તેઓ પોતાની ભૂલના ભોગ થયા

શું ખરેખર ઇમામ રાજ્ય મેળવવાના લોભમાં યઝીદની સામે થઇ પોતાની ભૂલના ભોગ થયા ? આ સવાલ એવા લોકો તરફથી થઇ શકે જેઓ ઇમામ હુસયનથી બીલકુલ અજાણ હોય છે. તેના જવાબમાં એક જુદા પ્રકરણમાં ખુલાસાવાર વિવેચન કરવામાં આવેલ છે. અહીં ટુકમાંજ પતાવીશું.

ઇમામ હુસયન અ૦ને જો રાજ્ય મેળવવાનો લોભ હતે તો પોતાનાં બાળબચ્ચાંઓ, નાના નાના બાળકોને લઇને ગરમીની મોસમમાં મદીનાથી નીકળતે નહિ, પોતાના સાથીઓને હંમેશાં મોતની ખબર આપતે નહિ, તેમજ તેઓને વિખરાઇ જવા અને ગમે ત્યાં ચાલ્યા જવાનું ફરમાવતે નહિ. ઇમામ હુસયન અ૦મે ખુલ્લી રીતે જાહેર કરી આપ્યું હતું કે હું નઝદીકમાંજ અલ્લાહના માર્ગમાં કત્લ થઇશ અને હું કદી પણ યઝીદે મલઉનની બયઅત કરીશ નહિ. ખ્વાજા મુઇનુદ્દીન ચીશતીએ ખરૂં કહ્યું છે કે:—

શાહ હસ્ત હુસયન બાદશાહ હસ્ત હુસયન—
દીનસ્ત હુસયન દી પનાહસ્ત હુસયન
સર દાદ વ નાદાદ દસ્ત દર દસ્તે યઝીદ—
હક્કા કે બીનાએ લાઇલા હસ્ત હુસયન.

(અર્થ) શાહ છે હુસયન, બાદશાહ છે હુસયન, દિન છે હુસયન, દિનની પનાહ (આસરો) છે હુસયને પોતાનું માથું આપ્યું પણ યઝીદના હાથમાં હાથ આપી બયઅત ન કરી. સત્ય તો એ છે કે કલમો (દીને ઇસ્લામને) કાયમ રાખનાર (જાળવી રાખનાર) હુસયન છે.

ઇમામ હુસયન રાજ્ય મેળવવા કરબલા ગયા હતા કે પોતાના જદના (નાનાના) પાક મઝહબ દીને ઇસ્લામને કાયમ રાખવા ગયા હતા તેનો ખુલાસો ઇ૦ અ૦ જુદા પ્રકરણમાં વિગતવાર સમજાવશું.

૮. ઇમામ હુસેનની અઝાદારીમાં ઝુલજનાહ (ઘોડો) તથા તાબુત, અલમ, પંજા, શબીહ વી૦ કાઢવામાં આવે છે તે બુતપરસ્તી અને બીદઅત છે.

અફસોસ! અઝાદારીના વિરોધીઓ પોતાને મુસલમાન કહેરાવતાં હોવા છતાં બુતપરસ્તી અને બીદઅત કોને કહે છે તે સમજી શકયા નથી, અગર સમજી શકયા હોય તો જાણી જોઇને અઝાદારી બંધ કરવા માટે તેઓ ખોટો અર્થ કરી દિને ઇસ્લામની દુશમની ઝાહેર કરી રહ્યા છે.

ઇન્સાઅલ્લાહ તાબુત ઝુલજનાહ વી. બીદઅત અગર બુતપરસતી નથી એ અમો જુદા જુદા પ્રકરણમાં ખુલાસાવાર લખશું. અહીંયા એક અશઆરની થોડી લીટીઓ આપીએ છીયે જે બસ થશે.

"તાઝીયા ફીલ અસ્લ, નકલે રવઝએ શબ્બીર હય"
"યેહ ન બુત હય, ન કીસી ઝીરૂહકી તસ્વિર હય"
"બુત ઉસે કેહતે હય, જીસકી શિકલ હો ઇન્સાનકી"
"શેરકી, હાથીકી, તાએફકી, કીસી ઇન્સાનકી"
"તાઅઝીયા યેહ શિકલ હય, કીસકી કહો ઇમાન કી"
"શાલવી લોકર કે બાતે, કરતે હો હયવાન કી,"

૯ અઝાદારીમાં સબીલ રાખવી, ખાંડ, સાકર, બરફ, પાણી પાછળ હઝારો રૂપીયા ખર્ચી લોકોને શરબત પીવરાવવામાં આવે છે તે નકકામું ખર્ચ ગણાય.

કરબલાના ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા મઝલુમોના નામથી ઠંડુ પાણી અગર શરબત પીવરાવવામાં આવે તે પણ યઝીદની ઉમ્મત જોઇ શકતી નથી. કેમકે કરબલામાં ફુરાત નદીનું પાણી જેના માટે ઇબ્ને ઝીયાદનો ખાસ હુકમ હતો કે,

"હાકીમ કા હય યે હુકમ કે પાની બશર પીયે-
ઘોડે પીયે, સવાર પીયે, ઔર શુતર પીયે
"જો તીશના લબ જહાંમે હુંય વોહ સર બસર પીયે-
યાં તકકે સબ ચરીંદો પરીંદ આનકર પીયે
"કાફીર તલક પીયે તો ન તુમ મન્અ કીજીયો-
પર ફાતેમા કે લાલકો પાની ન દીજીયો.

એ હુકમને અનુસરી યઝીદના ગુલામો હજી પણ પાણી છુટથી અપાતું જોઇ શકતા નથી.

અબ્લામાં ઇબ્ને જવઝી તઝકરએ ખવાસમાં લખે છે કે ઉમર ઇબ્ને હજ્જાજે ઇમામને કહ્યું કે, "યા હુસયન, જુઓ આ ફુરાતનું પાણી કેવી રીતે વહે છે, કુતરાઓ અને દરેક પ્રકારનાં જાનવરો પીએ છે, નસારા યહુદીઓ પણ પોતાનું કાળજું ઠંડુ કરે છે, પણ વલ્લાહ તમોને તેમાંથી એક પણ ટીપું મળવાનું નથી, એટલે સૂધી કે તમો તરસ્યા માર્યા જાઓ."

ખયમામાં નાના નાના બાળકો અલઅતશ અલઅતશની ફર્યાદ કરી રહ્યા છે, પણ તે બેવફા નામના મુસલમાનો માસુમ બાળકો ઉપર પણ રહમ કરતા નથી. ઇમામ હુસયન અ૦ છેવટે પોતાના નાના દુધ પીતા કોમળ બાળકને મયદાનમાં લાવી તેના માટે પાણી તલબ ફરમાવે છે પણ તે નિર્દય કાફરો તે માસુમને પાણી આપવાને બદલે તીરથી વીંધી નાંખે છે.

પોતે ઇમામ હુસયન છેલ્લી ઘડીએ કાતીલને કહે છે, "શિમ્ર, એ શિમ્ર, તું થોડું પાણી પીવરાવ પછી માથું જુદું કર," પણ તે નિર્દય સંગદીલ મલઉન સાંભળતો નથી.

કરબલાના શહીદોની તરશ કયામતના દહાડા સૂધી ભૂલી શકાય તેમ નથી. તેની યાદગીરી જાળવવા માટે ઇમામ હુસયને પોતાના દોસ્તોને ફરમાવેલ છે. આ સંદેશો ઇમામે પોતાના બીમાર ફરઝંદ હ૦ ઇમામ ઝયનુલ આબેદીનને પોતાના દોસ્તોને પહોંચાડવા આપેલો હતો, "અય ફરઝંદ અલી, તમો શામના બંદીખાનાથી છુટી મદીના પહોંચો ત્યારે મારા દોસ્તોને સલામ સાથે મારો આએ સંદેશો પહોંચાડશો."

"શીઅતી મહમા શરીબતુમ અઝબા માઇન ફઝ કુરૂની"
"અવ સમી અતુમ બેગરી બીન અવ શહીદીન ફન્દી બુની."

અએ મારા શીઆઓ, જ્યારે તમે ઠંડુ પાણી પીઓ, ત્યારે મારી ત્રણ દિવસની પ્યાસને યાદ કરજો. અને જ્યારે તમો કોઇ દુ:ખી મુસાફર કે શહીદને જુઓ તો મારી ગરીબી અને મઝલુમી સંભારશો.

ઇમામ પોતાની બહેન ઝયનબને ફરમાવેલી વસીય્યતને નવહામાં ગોઠવવામાં આવેલ છે તેમાં છે કે,

"ઝયનબ મેરી બેહના–દુખ્યા મેરી બેહના"
"તુમ ફાતેહા શરબત પે દીલાના મેરી બેહના."

અફસોસ! તે ત્રણ દિવસના તરસ્યા હુસયન અને તેમના માસુમ બાળકોની પ્યાસનું સ્મરણ કરાવવા અને તેમના કાતેલો ઉપર લાનત અને ફીટકાર જાહેર કરવા માટે, તેમજ પોતાના ઇમામે મઝલુમની વસીય્યત પાળવા ખાતર અઝાદારો મુહર્રમના દિવસોમાં સબીલ રાખી તરસ્યાઓને ઠંડુ પાણી અને શરબત પીવરાવી રહ્યા છે તે યઝીદના ગુલામો કેમ સાંખી શકે?

પાણી પીવરાવવાના ફાયદા અને સવાબ તેમજ સબીલ ઉપરના એઅતેરાઝનો ખુલાસાવાર જવાબ એક જુદા પ્રકરણમાં લંબાણથી આપવામાં આવશે.

૧૦. અઝાદારો મુસીબતના વખતમાં અનેક જાતનું જમણુ (નીયાઝ) કરી બીરયાની વિ. ઉડાવે છે તો તેમાં અઝાદારી અથવા ગમગીની કયાં જણાય છે?

નઝર અને ન્યાઝ ઉપર લાખો કરોડો રૂપ્યા દર વર્ષે ઇમામે મઝલુમના નામથી ખરચવામાં આવે છે તેથી ઇમામની યાદગીરી કાયમ રહેતી જોઇ યઝીદના ગુલામો જાતજાતના એઅતેરાઝ કરી ભોળાઓને ભમાવવાનો ઇજારો લઇ બેઠા છે. તેઓની મુખ્ય દલીલ એ છે કે કરોડો રૂપ્યા જમણમાં ખરચવા કરતાં તે પૈસાથી મદરેસા, યતીમખાના, બોર્ડીંગ વીગેરે અનેક લાભકારક સંસ્થાઓ ખોલવાથી કોમની અમૂલ્ય સેવા થઇ શકે છે. અઝાદારીના વિરોધીઓની આ નરમ ઘી જેવી વાતથી કેટલાક ભોળા ભાઇઓ દોરવાઇ ગયલા જણાય છે. મ્હોટી દીલગીરીની વાત તો એ છે કે મુલ્લાં અને ઇસ્નાઅશરી માસિકના એડીટર કહેવાતા એક નીચ મુલ્લાં પણ નાદાન દોસ્ત બની નઝર ન્યાઝ બંધ કરી હુસયની ફંડ ખોલી તે પૈસા મદરેસામાં આપવાની વ્યર્થ કોશીશ કરી રહ્યા છે, પણ જ્યારે તે ફંડનો હિસાબ વાંચીએ છીએ તો તેમાં પચીસ ત્રીસનાં સરવાળાની રકમથી વધુ જોતા નથી, અને હવે તો તે ફંડની હયાતી માટે પણ અમોને શકભરેલું જણાય છે.

મુસલમાન શીઆ અઝાદાર માટે આ એઅતેરાઝ કરવામાં આવે છે અને તેઓને ન્યાઝમાં ખરચ કરવા કરતાં બીજી ઉપયોગી સંસ્થાઓ ખોલી તેમાં ખરચ કરવાનું કહેવામાં આવે છે, પણ કોમના એવા ખેરખાહો ગવાલીયરના નામદાર મહારાજાની આંખ શા માટે ખોલતા નથી, જેઓ નામદાર મુસલમાનોના ઇમામ પાછળ દર વર્ષે ત્રણ લાખની ગંજાવર રકમ ખરચ કરી રહ્યા છે, અને તેઓ નામદારને એવી સૂચના શા માટે કરતા નથી કે, તે રકમ પોતાના રાજ્યમાંની ગરીબ પ્રજાના લાભાર્થે

દવાખાનું, સ્કુલ જેવી કોઇ ઉપયોગી સંસ્થામાં તે રકમનો ઉપયોગ કરતા રહે ?

એ સિવાય હિંદુ ભાઇઓ, ઇમામે મઝલુમના નામપર નઝર ન્યાઝ તાઝીયા વી૦માં દર વર્ષે લાખોનો ખરચ કરી રહ્યા છે. આપણી ખોજા કોમના ડાહ્યા અગ્રેસરો, સરનાઇટ અને બેરોનેટ વિગેરે જેઓ કેળવણીના હિમાયતી અને સદા પોતાની કોમની સેવા કરવા માટે આતુર હોય છે, તેઓ પણ મુહર્રમમાં નઝર ન્યાઝ પાછળ લાખો આપી રહ્યા છે. એ બધા માટે નઝર ન્યાઝ બંધ કરવા પાછળ લોહી પાણી કરનાર કોમના ખેરખાહો કેવો અભિપ્રાય જાહેર કરે છે તે જાણવાને અમો આતુર છીએ.

નઝર ન્યાઝો સંબંધી દરેક એઅતેરાઝોનો ઉલ્લેખ એક જુદા પ્રકરણમાં કરી સાબીત કરી આપશું કે ન્યાઝ પાછળ ખરચાતા કરોડો રૂપ્યા વ્યર્થ જતા નથી. તેમાં દીન દુન્યાના લાભો સમાયલા છે અને તેમાં જરાએ ઇસરાફ (નકામું) નથી અને તે ગમે તેટલી કોશીશ છતાં કોઇ કાળે બંધ થઇ શકે તેમ નથી.

૧૧. ઇમામ હુસયન અ૦ પોતાના સગાસ્નેહીઓની સલાહ ઉપર અમલ નહીં કરતાં હઠ પકડી કુફા તરફ જવામાં દાનેશમંદીથી પગલું ભર્યું નથી.

એની એજ બાબતોને જુદા જુદા રૂપમાં સામે લાવી એઅતેરાઝો કરે છે અને ઇમામ હુસયન અ૦ની ભૂલો દેખાડી યઝીદે પલીદનો બચાવ કરી રહ્યા છે.

ઇમાન હુસયનની પોલીસી અગર હીલચાલ પ્રત્યે આખી જગત માન ભરેલી નજરથી જુએ છે. તેઓએ જે કામ કર્યું છે તેની મિસાલ દુન્યામાં મળવી મુશકેલ છે. પરધર્મીઓ પોતાના ઇતિહાસ કે પુસ્તકોમાં એકી અવાજે ઇમામ હુસયન અ૦નાં વખાણ કરે છે, છતાં એમ કહેવું કે ઇમામે દાનેશમંદીથી પગલું ભર્યું નથી એ કેવળ ઇમામ પ્રત્યેની દુશ્મની ઝાહેર કરવા સિવાય શું હોઇ શકે ?

ઇમામ હુસયન અ૦ને સલાહ આપનાર અને મુસાફરીથી રોકનાર કોણ કોણ અને કેવા હતા, અને તેઓને ઇમામે જવાબમાં શું ફરમાવ્યું એ ખુલાસાવાર ખાસ જુદા પ્રકરણમાં લખાયલું છે. અહીં ફકત ઇમામ અ૦ની દુરઅંદેશી અને દીને ઇસ્લામને બચાવવા માટે કરેલ મહાભારત કામ માટે વર્તમાન કાળના નામાંકિત પુરૂષોના અભિપ્રાયો ટાંકીએ છીએ.

સય્યદ અબદુલ કાદર શાહ સાહેબ એમ. એ., પ્રોફેસર ઇસ્લામીયા કૉલેજ લાહોરવાળા લખે છે કે "હસનેન (ઇમામ હસન અને ઇમામ હુસયન)નું જાહેર જીવન નક્કામું જણાવવામાં આવે છે, અને એ પણ સિધ્ધ છે કે લોકો નક્કામાં માણસોના નામથી પોતાના બાળકોનું નામ રાખવા પસંદ કરતા નથી પણ રસુલુલ્લાહનો મોઅજીઝો ધારો, અગર હુસયન અ૦ના દુ:ખદાયક બનાવોની બરકત સમજો, કે આજે હજારો નહિ પણ કરોડો માણસો પોતાના બાળકોનું નામ તેઓના નામથી લાભકારક અને બરકતવાળું સમજી, હસન અને હુસયન રાખે છે; અને તેથી પોતાના બાળકો તેને સઆદત અને નેકનામી સમજે.છે. જ્યારે તેમના દુશમનો (મોઆવીયા યઝીદને,) જેઓના માટે ઝાહેરમાં કામયાબી અને ફતેહમંદી થયલી જણાવવામાં આવે છે તેઓના નામથી કોઇ પણ માણસ પોતાના બાળકનું નામ યઝીદ અગર શીમ્ર વગેરે રાખતો નથી.

ડાકટર સર ઇકબાલ, બૅરીસ્ટર ઍટ લૉના, રચેલાં કાવ્યોમાંથી માત્ર બે કડી આપીએ છીએ. તેઓ લખે છે કે,

"મુસા વ ફીરઓન વ શબ્બીર વ યઝીદ."
"ઇંનદો કુવ્વત અઝ હયાત આમદ પદીદ."

(અર્થ) હ૦ મુસાની સામે ફીરઓન અને હ૦ શબ્બીર (હુસયન અ૦)ની સામે યઝીદ એ બન્ને એક બીજાથી વિરૂધ તાકત દુન્યાની શરૂઆતથી ચાલુ થઇ છે.

"ઝીન્દા હક્ક અઝ કુવ્વતે શબ્બીરી અસત."
"બાતીલ આખર દાગે હસરત મીરી અસત."

અર્થ:—હક એટલે સત્ય ધર્મ સરપીર (હુસયન)ની કુવ્વત (શક્તિ અગર કોશીશ) થી બાકી રહેલ છે જ્યારે બાતીલ એટલે કુમાર્ગ (યઝીદની કુવ્વત) માટે છેવટે પસ્તાવો કે દુઃખ શિવાય કંઇ નથી.

ખાનબહાદુર મીરઝા સુલતાન અહમદ, પંજાબના એકસ્ટ્રા એસીસ્ટંટ કમીશનર સાહેબ લખે છે કે, "મઝહબી રંગમાં આ (કરબલાનો) બનાવ જોઇએ તો અમારા માટે ફખરનું કારણ છે અને કોમી રંગમાં આ બનાવ ઇસ્લામના માટે માનનિય છે. ઇમામ હુસયન અ૰ની શહાદત ઇસ્લામની સચ્ચાઇ માટે એક બેમિસાલ સાબેતી આપે છે. હુસયન અ૰ની શહાદત દરેક વર્ગના લોકો માટે ઉમદા શિક્ષણની ગરજ સારે છે."

૧૨. ઇસ્લામમાં આ એકજ શહાદતનો ગમનાક બનાવ રડવા માટે નથી, તે શિવાયના અનેક બનાવો જેમકે હ૰ પયગંબરની વફાત, હ૰ અલી અ૰ તથા હ૰ હસનની શહાદત, ત્રીજા ખલીફા હ૰ ઉસમાનની શહાદત વી૰ છે; તો તે સઘળી મુસીબતોને જે ઇમામ હુસયનની શહાદત કરતાં ભારે મુસીબત ગણાય, તેને યાદ ન કરતાં માત્ર ઇમામ હુસયનની શહાદતનેજ શા માટે યાદ કરી રહ્યા છે?

આ સવાલમાં મુખ્ય બે બાબતો છે.

૧ બીજી શહાદતોથી ઇમામ હુસયનની શહાદતની સરખામણી કરી બીજી શહાદતોને કરબલાના વાકેઆથી વધારે ગમનાક અને મહા ભારે મુસીબત ગણેલ છે.

૨ ઇમામ હુસેનના અઝાદારો બીજી શહાદતોને શા માટે પાળતા નથી અને ગમ કરતા નથી?

પ્રથમ અમારે જણાવવું જોઇએ કે દુન્યામાં કોઇ પણ એવો ભયંકર બનાવ બનવા પામ્યો નથી કે જેની મહત્વતા

ઇમામ હુસયનની શહાદત કરતાં વિશેષ હોય, અથવા વધુ દુઃખદાયક હોય, તેથી કોઇ પણ પ્રકારે બીજા બનાવની સરખામણી કરબલાના ભયંકર બનાવની સાથે થઇ શકે નહિ. આ એ મુસીબત છે કે જેના ઉપર આસમાનના ફીરિશતા રડયા છે અને કીયામત સૂધી રડતા રહેશે. આ તે કરૂણાજનક બનાવ છે જેનું વર્ણન સાંભળતાં હ૦ આદમથી લઇ આપણા પયગંબર સૂધી જેટલા પયગંબરો થયા તે સઘળાએ ગમ કર્યો છે. આ તે જીગર ફાડનાર બનાવ છે, જેને હ૦ રસુલ સ૦ વારંવાર યાદ ફરમાવતા હતા અને આંસુ પાડતા હતા. આ તે બનાવ છે કે જે કોઇ કાળે ભૂલાઇ શકાય નહિ. મોહર્રમનો ચાંદ દેખાતાં તે ગમ તાજો થાય છે, અને દુન્યાની આખી સપાટી ઉપર માતમની સફો બીછાવવામાં આવે છે, તેથી તેની સરખામણી દુન્યાના કોઇ પણ ગંભીરમાં ગંભીર બનાવ સાથે થઇ શકેજ નહિ.

હવે ઇમામ હુસયન અ૦ના ગમ સિવાય અઝાદારો પયગંબર સ૦ તથા ઇમામોની મુસીબતનું વર્ણન કરી ગમ કરે છે કે નહિ તેની હકીકત ઉપર નજર કરીએ. પયગંબરની વફાતનો દિવસ તારીખ ૨૮ મી સફરના યાદગાર ગમનાક દિવસે, હુસેનના અઝાદારો પયગંબરના અઝાદાર બની પોતાનાં કામકાજ બંધ કરી મજલીસો કરે છે અને માતમ કરે છે અને પયગંબરનો તાબુત પણ કાઢવામાં આવે છે. હ૦ અલી અ૦ની વફાતનો દીવસ માહે મુબારક રમઝાનની એકવીસમી તારીખે, મૌલાઅલીના ગુલામો અને શીઆઓ પોતાના કામકાજ અને સુખચયેન તજી અઝાદારી કરી રડે છે, માતમ કરે છે, અને તાબુત પણ કાઢે છે, અને એ બુઝર્ગવારના કાતીલ અને દુશમનો પ્રત્યે તિરસ્કાર ઝાહેર કરે છે. એજ પ્રમાણે બાકીના ઇમામોની વફાતના દિવસોમાં બરાબર શોક પાળવામાં આવે છે, અને મજલીસો બરપા કરી તેઓના ઉપર તેમના દુશમનો બની ઉમય્યા, બની અબ્બાસી તરફથી વરસાવવામાં આવેલ ઝુલમોને યાદ કરી રડે છે અને માતમ કરે છે.

અહીં સવાલ કરનાર હ૦ ઉસમાન ખલીફાની શહાદત તરફ ઇશારો કરેલ છે અને તેની સરખામણી કરતાં તે બનાવને

કરબલાના વાકેઆથી વધુ ગમનાક દેખાડે છે. તેનો જવાબ અહીં નહિ આપતાં બની ઉમય્યાના ઇતિહાસમાં જરૂરી ખુલાસા સાથે અન્ય સ્થળે આપ્યો છે. પણ એટલું તો તેઓને જરૂર પુછીશું કે જો ત્રીજા ખલીફા સાહેબની શહાદત ઇમામ હુસયન અ૦ની શહાદત કરતાં વધારે મહત્વતા ભરેલી ગણાતી હોય તો શા માટે હુસયનની અઝાદારી માફક નહિ પણ તેથી એક ટકો પણ તેમની અઝાદારી કરવામાં આવતી નથી? કરોડો મુસલમાનોમાં એવા ઘણા થોડા મુસલમાનો હશે કે જેઓ હ૦ ઉસમાન ખલીફાની સહાદતનો મહીનો વાર અને તારીખથી વાકેફ હશે? જ્યારે તેથી ઉલટું ઇમામ હુસયન અ૦ની શહાદતનો દિવસ મહીનો વાર અને તારીખથી આખી જગત બલકે પાંચ સાત વર્ષનાં નાનાં અભણ બાળકો અને પરદેનશીન ઓરતો પણ વાકેફ છે. હુસયને મઝલુમની શહાદતના દિવસથી કયો અભાગ્યો અજાણ હશે?

૧૩. શીઆ ઇસ્ના અશરીઓ, (હુસેને મઝલુમના અઝાદારો) એ શહાદતનો ઉંધો અર્થ કરી રાજપાટ, શૌર્ય, બળ અને આયુષ્ય ગુમાવ્યું છે અને કંગાળ થઇ ગયા છે. માતમ કરવાથી તેઓની છાતી ખોખરી થાય છે અને રડવા પીટવાથી ગાંડા બની જાય છે વી૦.

અફસોસ! અઝાદારીના વિરોધીઓ અઝાદારીના રહસ્યને સમજી શકયા નથી અને એ નેઅમતથી તેઓ મહરૂમ જણાય છે. એવા ખારજી અને તાસબીઓ શું જાણે કે ઇમામ હુસયન અ૦ની મુસીબતને યાદ કરનારા શીઆ ઇસનાઅશરી ઉપરાંત ઇસ્લામીઓ અને ગૈર ઇસ્લામી કોમો પણ તે બારામાં દયા અને દીલસોજીના ઉદ્દગારો કાઢી શા માટે અઝાદારી કરે છે? હુસયન અ૦ના અઝાદારો જેઓ આંસુ પાડે છે તે ખરી મોહબ્બતનાં આંસુ છે. કંઇ તે નબળાઇનાં આંસુઓ નથી. તેઓ જ્યારે સાંભળે છે કે પવિત્ર ઇમામને વગર વાંકે નિર્દયતાની સાથે નિરાધાર

સ્થિતિમાં ઘેરી લઇ તેમને અને તેમના સાથીઓ, ભાઇઓ, ભત્રીજાઓ, જવાન ફરઝંદો અને કોમળ વયના નાના નાના બાળકોને તથા નાજુક દીલની બીબીઓ એહલે હુરમ સમેત ત્રણ ત્રણ દીવસ સૂધી કરબલાના બળતા રણમાં ભૂખ્યા તરસ્યા રાખ્યા અને ઇમામ અને તેમના બોતેર સાથીઓ ઉપર લાખો યઝીદીઓ બેરહમીથી તુટી પડી તેમને ખંજર, ભાલા, તીરો અને તલવારોથી ઝખમી કરી તેમનાં માથાં કાપી નાખ્યાં, અને નેઝા ઉપર ચઢાવ્યા, તેમની લાશોને લોહીમાં તરબોળ મૂકી તેમની એહલે બયતને અસીર કરી અને ગામો ગામ ફેરવી શામ તરફ લઇ ગયા; આવી કરૂણાજનક વાતો સાંભળીને ઇમામના દોસ્તો દીલોમાંથી આંખોના રસ્તે પોતાના જીગરોનું લોહી બાહેર પાડે છે અને વિલાપ કકલાટ અને માતમ કરે છે એવી ખુલ્લી વાત અઝાદારીના વિરોધિઓ સમજી શકતા નથી એ કેટલી અજાયબીની બીના છે?

કરબલાના શહીદોનું દુ:ખદાયક વર્ણન સાંભળી જે માણસનું દીલ ન પીગળે તેને સંગદીલ કઠણ હૈયાનો નહિ તો બીજું શું કહી શકાય?

અઝાદારીથી શીઆ કોમે શૌર્ય, બળ અને આયુષ્ય ગુમાવ્યું નથી, તેથી ઉલટું શીઆ કોમ અને મઝહબની તરક્કી અઝાદારી થકીજ થઇ છે અને થતી રહેશે. બની ઉમય્યા અને બની અબ્બાસીના બાદશાહોએ શીઆઓની હસ્તી નાબૂદ કરવા માટે લાખો શીઆઓને કત્લ કર્યા અને શીઆઓની હસ્તી મટાડવા કોઇ ઇલાજ બાકી ન રાખ્યો. તેઓને જીવતા ભીંતમાં ચણાવ્યા, અનેક જાતના આકરા કરો તેમના ઉપર નાંખી તંગદસ્ત અને મોહતાજ બનાવ્યા; ઇમામઅલી અ૦નું નામ લેવાના તેઓના કુદરતી હકોપર ત્રાપ મારી; તે ઝમાનામાં ઇમામ હુસયનની અઝાદારી કરવી અગર ઝીયારત માટે કરબલા જવું એ શીઆઓ માટે જાન આપવાનો સોદો હતો.

આજથી બસોહ વર્ષ પૂર્વે હિન્દુસ્તાનમાં શીઆ લોકો ખુલ્લી રીતે પોતાને શીઆ તરીકે ઓળખાવી અઝાદારી કરી શકતા ન હતા. શીઆ અને અઝાદારો માટે કુફ્રનો અને

વાજીબુલ કત્લનો ફતવો છુટથી અપાતો હતો એ સઘળી આફતો અને મુસીબતો છતાં દુન્યાની સપાટી ઉપર દસ કરોડ શીઆઓની હસ્તી જણાય છે તે માત્ર હુસયને મઝલુમની અઝાદારીની બરકતથીજ છે.

ખોજા શીઆ ઇશ્ના અશરી કોમના ઇતિહાસ ઉપર નજર પહોંચાડતા જણાશે કે ચાલીસ વર્ષ પહેલાં તેઓ બહુ થોડી સંખ્યામાં હતા અને આજે અઝાદારીને અંગે તેઓની સંખ્યા કેટલી વધી ગઇ છે ? મસજીદો, ઇમામવાડાઓ, મેહફીલો અને ઘરેઘર હુસયન અ૦ની યાદ થતાં દીને ઇસ્લામનું શિક્ષણ અઝાદારીની બરકતથી જારી રહ્યું છે.

આ એજ અઝાદારીના લીધે દુન્યાની સપાટી ઉપર ઇશ્ના-અશરી મઝહબ વીજળીના વેગે ફેલાતો જાય છે અને દીનબદીન હઝારોની સંખ્યામાં લોકો હિદાયત પામી દીને ઇસ્લામમાં દાખલ થતા જાય છે.

અઝાદારોનાં આંસુએ જે કામ કર્યું છે, તે જબરદસ્ત શેહનશાહના બળથી પણ કોઇ કાળે ન થઇ શકતે. ઇમામ હુસયન અ૦ના ગમમાં પાડેલાં આંસુઓ વડે બની ઉમય્યા અને બની અબ્બાસીઓની જબરદસ્ત શહેનશાહતો ફના થઇ માટીમાં મળી ગઇ છે. હુસયન અ૦ની મઝલુમીય્યતના ગમનાક બનાવથી ઇસ્લામીઓના મુર્દા દીલમાં નવો જુસ્સો ઉત્પન્ન થયો અને એજ જુસ્સાના પરીણામે એવો રેવોલ્યુશન ચાલુ થયો કે ટુંક સમયમાં તે ઝાલીમોની હસ્તીને જડમૂળથી ઉખેડી નાખી, જેથી આજે તેઓનું નામ નિશાન પણ બાકી રહેવા પામ્યું નથી.

આ એજ અઝાદારીના પ્રતાપ છે કે આજે આખું ઇરાન ઇસ્નાશરી મઝહબ પાળે છે. હિન્દુસ્તાનમાં પહેલા શીઆઓની સંખ્યા આંગળીએ ગણાય તેટલી હતી પણ અઝાદારીના અંગે આજ અલહમ્દો લિલ્લાહ શીયાઓની વસ્તી બે કરોડથી વીશેષ છે. દખ્ખણ હિંદુસ્તાનમાં આ એજ અઝાદારીની બરકતથી શીઆ રાજ્યો સ્થપાયાં. બીજાપોર, ગોલકોંડા, અહમદનગરની શીઆ બાદશાહત પોતાના સમયમાં પુર જાહોજલાલી સાથે

ઝળકતી હતી. બંગાળ અને ઔંધમાં શીઆ ઇસ્નાશરી નવાબો રાજ્ય કરતા હતા. હજી સૂધી રામપુર અને મહમુદાબાદમાં શીઆ નવાબોની હુકુમત ચાલુ છે.

જે કૌમમાં ઈમામ હુસયનની અઝાદારી દાખલ થાય છે તેમાં તેણે શુજાઅત, બહાદુરી, સખાવત, પરમાર્થ દયા વી૦ અનેક સદ્‌ગુણોની રૂહ ફુંકી છે. ટુંક સમયમાં શીઆ કોમે અઝાદારીના અંગે જે ચઢતી દેખાડી છે તેનો દાખલો બીજી કોમમાં મળવો મુશકીલ છે. જેમ જેમ શહાદતનાં રહસ્યથી વધુ વાકેફ થતા રહશે તેમ તેમ તેઓના માટે ઉન્નતી અને તરક્કીનો માર્ગ વધુ સહેલો થઇ પડશે. આથી જણાશે કે હુસયને મઝલુમના અઝાદારોએ શૌર્ય ગુમાવ્યું નથી. તેઓ પૈસે ટકે પણ સુખી છે, અને વેપાર વણજમાં આગળ પડતો ભાગ ધરાવે છે. સરકાર દરબારમાં તેઓની ઇઝત છે, અને લાંબું આયુષ્ય ભોગવનાર પ્રજા છે.

હુસયનના અઝાદારોપર એવા આક્ષેપ લાવનાર શુરાતન વિરતા વી૦ ગુણોથી નાવાકેફ છે. જે કૌમ અઝાદારી નથી કરતી પછી તે મુસલમાન હોય કે ગૈર મુસલમાન તેના કરતાં શીઆ કૌમ શુરાતન કે વિરતામાં કયાં પછાત છે ? ઇરાનના સીપાહો દુનિયાની કોઇ પણ કૌમ સાથે બહાદુરી શુરાતન કે અન્ય ગુણોમાં કઇ રીતે પછાત છે ? હિન્દુ કે અન્ય કૌમ અઝાદારી નથી પાળતી એટલે તે વિરતામાં અઝાદારી પાળનારા શીયા કૌમથી ચઢતી હોય એવો દાખલો આક્ષેપ કરનાર કે બીજાઓએ હજુ સુધી દેખાડયો નથી. અઝાદારી થકી કોઇએ પોતાનું શૌર્ય ગુમાવ્યું હોય એવું આ એઅતેરાઝ કરનાર દાખલા સાથે સાબીત કરે.

અઝાદારીજ શીઆ કૌમને હિંમત, શુજાઅત, વિરતા અને બીજા સદ્‌ગુણોનો બોધ આપનાર છે. જ્યાં અઝાદારીનું બ્યાન થતું હોય ત્યાં આ સદ્‌ગુણો ઉપર કેટલો ભાર મૂકવામાં આવે છે તે સાંભળનારાઓ સારી રીતે જાણતા હશે. જેમ શીઆ પોતાના ઇમામના અન્ય ફરમાનોના તાબેદાર છે, તેજ પ્રમાણે તેઓ પોતાના ઇમામની હીંમત અને શુજાઅતના કાર્યોનો

ઘડો લઇ તે ઉપર અમલ કરનારા છે. તેની સાબેતીમાં ડા૦ જોસફ નામના ફ્રેન્ચ વિદ્વાનનાં લખાણમાંથી થોડીક લીટીઓ બસ થશે. તે લખે છે કેઃ—

"ફ્રાન્સના નજરપોંચ મુસાફરોની ગણત્રી મુજબ હિન્દુસ્તાનમાં છ મુસલમાનોમાં એક શીઆ જરૂર હોય છે (લગભગ પંદર ટકા) એ શીઆ ફીરકાએ ટુંક મુદતમાં કોઇની રોકટોક વગર તરક્કી કરી દેખાડી છે, તે તરફ જોતાં એક બે સૈકાની અંદર તેઓની સંખ્યા મુસલમાનોના બીજા કોઇ પણ ફીરકાથી વધી જાય એવું જણાય છે."

એ ઉન્નતિ અઝાદારીના અંગે તેઓ પ્રાપ્ત કરી શકયા છે અને એજ અઝાદારી છે જે થકી (શીઆ) ફીરકાના અકેક જણને પોતાના મીશનરી (ઉપદેશક) બનાવી રાખેલ છે. દુન્યાની સપાટી પર એવી કોઇ જગ્યા હશે નહિ, જ્યાં બે શીઆ હોય અને હુસયન અ૦ની અઝાદારી થતી ન હોય વી૦ વી૦.

ઇમામના ગમમાં રોવાથી તેઓમાં ઘેલછા આવી નથી તેમજ તેરસો વર્ષથી તેઓએ છાતી કુટી છે પણ તેમની છાતી કોઇ કાલે ખોખરી થઇ નથી. આ એક જીવતો જાગતો ઇમામનો મુઅજીઝો છે. શીઆ કોમની તરક્કી અઝાદારી થકી થતી, અઝાદારીના વિરોધીઓ જોઇ શકતા નથી, તેથી આ મુજબના ખોટા આક્ષેપો મૂકી બીજી કોમો સામે ઝલીલ કરવા નિષ્ફળ કોશીશ કરી રહ્યા છે. સૂર્ય તરફ ધુળ ફેંકવાથી સૂર્યને નુકસાન થતું નથી પણ ફેંકનારનીજ આંખ ઉપર પડે છે.

૧૪. ઇમામ હુસયનની શહાદતના બયાનમાં જે કરૂણ અને દયામણું વંચાય છે તે બનાવટી છે. માત્ર છ કલાકની લડાઇનું વર્ણન કરવા માટે પોથાના પોથા ભરાય તેટલી વાતો થાય છે એ બધું કલ્પીત સમજવું.

ઇમામ હુસયન અ૦ ઉપર પડેલ દુઃખોની શરૂઆત કયારથી થાય છે અને તે મહાન્ મુસીબત કેવા પ્રકારની છે, તેથી સવાલ

કરનાર અજાણુ જણાય છે અને ઇસ્લામના ઇતિહાસ પ્રત્યેની તેની પુરી અજ્ઞાનતા સાબીત થાય છે. કરબલાના વાકેઆની શરૂઆત ઇસ્લામના ઇતિહાસની શરૂઆતથી થાય છે અને તેનું વર્ણન ઇતિહાસિક પુસ્તકો અરબી, ફારસી, ઉર્દુ, અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં પુષ્કળ છે.

ઇસ્લામીઓ ઉપરાંત મશહુર અંગ્રેજ, અમેરીકન, જર્મન, ફ્રેન્ચ ઇત્યાદી વિદેશી વિદ્વાનોએ ઇસ્લામનો ઇતિહાસ લખ્યો છે તેમાંથી માત્ર થોડા ફકરાઓ ટાંકી સાબીત કરી આપશું કે કરબલાના ભયંકર બનાવને પરધર્મિઓ કેટલો મહાન્ સમજી રહ્યા છે.

મુંબઇની હાઇકોર્ટના ચીફ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડ, મશહુર આગાખાન કેસમાં જણાવે છે કે, "હુસયન ખુદાના પયગંબરના વંશમાંથી સીધા ઉતરી આવેલા તે ફાતેમા અને અલીના નાના દીકરા, એક વીરનર, શુજાઅત વી. ઉમદા ગુણોથી ભરેલા હતા. તેમનામાં તેમના પિતાની બહાદુરી ભરેલી હતી. પોતાના મોટાભાઇનું ખૂન થયા પછી અગ્યારમાં વરસે, આપણા ઇસ્વી સન ૬૮૦ માં ઇરાકે અરબ મેસોપોટેમીયાના લોકોના આગ્રહથી એક નબળી સંખ્યા, જેમાં તેમની બીબી, બ્હેન, બચ્ચાંઓ અને થોડાક સવારો હતા, તે સાથે ગયા. કરબલા પોહોંચતાં ત્યાં પોતાના દોસ્તોની મુલાકાતને બદલે દુશ્મનોનો ભેટો થયો. ત્યાર પછી જે કરૂણાજનક બનાવો બનવા પામ્યા તે સઘળા ઇતિહાસોમાં સૌ કરતાં એકદમ કરૂણાજનક અને દિલ પીગળાવનાર છે. અલી ફાતેમાના ફરઝંદ તથા ખુદાના પયગંબરના માનીતા દોહીત્ર, અરબ લોકોના અસલી જમાનાની વિરતાને બાજુએ બેસાડે તેવી બહાદુરીથી લડાઇ લડયા. તેમના હિચકારા અને નામર્દ દુશ્મનો તેમની પાસે ડરને મારે આવવાની હિમત કરી શકતા ન હતા, એટલે દૂરથીજ તીરો અને ભાલાથી તેમના ઉપર હુમલો કરતા હતા. આ ભારે અફસોસ ઉપજાવનાર બનાવો ઇસ્લામીઓના જીગરને ઠેઠ અંદર સુધી હલાવી નાંખે છે."

પંજાબના એસીસ્ટંટ એકસ્ટ્રા કમીશનર, ખાનબહાદુર મીરઝા સુલતાન અહમદ પોતાની કીતાબ "યાદગારે હુસયન" માં લખે છે કે, "હુસયન અ૦નું દાસ્તાન આખું દર્દભરેલું અને દુઃખદાયક છે, જે માણુસો તો શું પણ જીવ વિનાના ખોળીયાં તે ઉપર રોવે અને અફસોસ કરે તો તેમાં નવાઇ નથી. કોનું નિર્દય પત્થર જેવું દિલ હોય કે હુસેનનું નામ સાંભળે અને તેની આંખોમાંથી આંસુ ન ટપકાવતો હોય. તે કઇ બદબખ્ત આંખો છે કે જે હુસયન અ૦ના માતમમાં ન રડે?

જે આંખ હુસયન અ૦નું દર્દનાક બયાન સાંભળીને આંસુ-ઓથી ભરાતી ન હોય તે કાઢી ફેંકી દેવા લાયક છે. જે દિલ હુસેન અ૦ના દુઃખો સાંભળી બેચૈન ન થાય તે દિલ નહિ પણ માંસનો એક લોચો છે; જે કાન હુસયન અ૦ની કહાણી સાંભળીને સાચા દિલથી આંખોના રસ્તે આંસુઓના કીંમતી મોતી બાહેર કાઢતું ન હોય તે કાન નહિ પણ લાગણી વિનાનું ગોશ્ત છે.

૧૫. કરબલાની મુસીબતો, અને અસીરીનું વર્ણન કરવાથી અહેલેબૈતની બેહુરમતી થાય છે.

અઝાદારીના વિરોધીઓ એમ પણ કહે છે કે, "મોહર્ર-મના દિવસોમાં ઇમામે હુસયનના અઝાદારો, એહલેબયત ઉપર પડેલી મુસીબતો, કુફા અને શામના બંદીખાનાનો એહવાલ બયાન કરી, એહલેબયતે રસુલની ઓરતોની બેહુરમતી કરી રહ્યા છે." કોઇ મઝલુમ પર પડેલી આફત અને દુઃખોનું વર્ણન કરવાથી તેની બેહુરમતી થતી નથી. તેમજ ઓરતો પર પડેલાં દુઃખોનું બયાન કરવાથી તેઓની બેઇઝ્ઝતી થતી નથી. પવિત્ર કુરઆન અને ઇસ્લામી તવારીખમાં હ૦ ઇસાની માતુશ્રી બીબી મરયમ, અને ફીરઓનની સ્ત્રી બીબી આસીયાનું વર્ણન કરવામાં આવ્યું છે.

જો કોઇ બેરહમ અને બેદીન માણુસ, કોઇ મઝલુમને કત્લ કરે, અને તેની સ્ત્રી, મા, બ્હેન દીકરીઓને લુંટી લઇ

કેદ કરે, તો તે મઝલુમ અને દુઃખી ઓરતોનું વર્ણન કરી, ઝાલેમો પ્રત્યે તિરસ્કાર ઝાહેર કરવાની દરેક ઇન્સાનની ફરજ હોય છે, અને તેમ થતાં તે મઝલુમ ઓરતોની બેહુરમતી થયલી ગણી શકાય નહિ.

હદીસોથી સાબીત થાય છે કે, હ૦ પયગંબર, પોતાના પ્યારા નવાસા હુસયન અ૦ની મુસીબતનું બયાન કરતા હતા, અને આલે રસુલની સ્ત્રીઓની અસીરી અને દુઃખોનું વર્ણન કરી સંભળાવતા હતા. એજ પ્રમાણે હ૦ ઇમામ અલી અ૦ અને હ૦ ઇમામ હુસયન અ૦ પણ એ ગમનાક બયાનથી લોકોને વાકેફ કરતા હતા.

પ્રથમ કરબલાના દુઃખદાયક બનાવથી હ૦ ઇમામ હુસયન અ૦ અથવા તેમની એહલેબયતની બેહુરમતી થઇજ નથી જેનું વર્ણન કરવાથી તેઓની બેઇજ્જતીમાં ગણી શકાય. દુઃખી અને મઝલુમ પર (જો તે સચ્ચાઇ પર હોય તો) ગમે તે પ્રકારની આફતો પાડવામાં આવે, તેમાં તેઓની બેઇજ્જતી થયલી ગણાશે નહિ. બલકે તે ઝુલમોનું વર્ણન થતાં ઝાલીમોની ઝીલ્લત અને બેઇઝ્ઝતી થાય છે, એજ કારણથી ઇમામે ગીઝાલીએ કહ્યું છે કે, "હ૦ ઇમામ હસન અને ઇમામ હુસયનની મુસીબતોનું વર્ણન કરવું હરામ છે, કેમકે તેથી સહાબીયો પ્રત્યે તિરસ્કારની લાગણી ઉશ્કેરાય છે.

યહુદી ઝાલેમોએ, બીબી મરયમ ઉપર તોહમત મૂકી તેમનું દિલ દુઃખાવ્યું હતું, તેનું વર્ણન ખુદાવંદે કરીમે પવિત્ર કુરઆનમાં ફરમાવ્યું છે, "યા ઉખ્તા હારૂન; માકાન અબુકિમ્રઅ સવઇન; વ માકાનત ઉમ્મુકિ બગિય્યા" હે હારૂનની બ્હેન, તારો બાપ ખરાબ માણસ ન હોતો, તેમજ તારી મા દુરાચરણ ન હતી. (તું આ બચ્ચું કયાંથી લઇ આવી.)

(સુરએ મરયમ આયત ૨૮ મી.)

એજ પ્રમાણે પવિત્ર કુરઆનમાં અનેક ઓરતોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેથી સિધ્ધ થાય છે કે કરબલાના દુઃખદાયક બનાવોનાં વર્ણનથી એહલેબયતની બેહુરમતી થતી નથી.

ઉપર પ્રમાણે વિરોધીઓ તરફથી કરવામાં આવતા પંદર એઅતેરાઝો (શંકાઓ) અનુક્રમે આપી તે સાથે ટુંક ટુંક જવાબ આપવામાં આવ્યા છે, અને એ બધા એઅતેરાઝોનો ખુલાસાવાર જવાબ આપી શહાદતની મહત્વતા કહો અથવા ફીલોસોફી સમજો તે આ કીતાબમાં જુદી જુદી ફસલોમાં સમજાવવાની કોશીશ કરશું, જેથી વાંચક જાણશે કે જે એઅતેરાઝો ફખરથી કરવામાં આવે છે તેમાં કેટલું સત્ય છે અને કયા હેતુથી કરવામાં આવે છે!

ઇમામ હુસયનની અઝાદારીમાં મુઠ્ઠીભર નાસબીઓ, ખારજીઓ અને યઝીદની ઉમ્મત શિવાય, મુસલમાનોના તમામ ફીરકા શીઆ, સુન્ની, ઇસ્માઇલી, (વોહરા ભાઇઓ,) અને આગાખાની ભાઇઓનો મ્હોટો ભાગ ઝોરશોરથી ભાગ લઇ રહ્યો છે અને તે શિવાય હિંદુઓ અને બીજા પરધર્મિઓ પણ ઘણી મ્હોટી સંખ્યામાં અઝાદારીમાં શામેલ થઇ તાબુત બનાવી ઇમામ પ્રત્યેની ચાહના દેખાડી રહ્યા છે.

મુંબઇ નગરીમાં અમારા આગાખાની ભાઇઓ, જેઓ ઉત્સાહભરી લાગણીથી અને હિમતથી મ્હોટા ખરચે ઇમામ હુસયનની અઝાદારી કરી રહ્યા છે, તેઓના માટે અમો ખુદાની જનાબમાં દુઆ કરીયે છીએ કે તેમની તવફીકાતમાં વધારો ફરમાવે અને દર વર્ષે વધુ પ્રમાણમાં વિરોધીઓના ટીકા કે મ્હેણુંની પરવા કર્યા વગર, ઇમામ હુસયન પ્રત્યેની તેઓની મોહબ્બત અને વફાદારી ખુલ્લા દિલથી જાહેર કરતા રહે.

આમીન.

પ્રકરણ ત્રીજું.

મુસીબતમાં રોવાની સ્વાભાવિકતા અને તે સંબંધી ખુદા વ રસુલના હુકમ.

રોવું એ માણુસના સ્વભાવનો એક ભાગ છે. જ્યારે માણુસના દીલને કોઇ સદમો પહોંચે છે તો દીલ ઉપર અસર થતાં તેની ગરમી આંખ વાટે આંસુ થઇ બાહેર નીકળે છે. તેથી રડવું એ સ્વભાવિક હોવાથી તે બેસબ્રી જેવું કંઇ નથી. દુ:ખ અને રંજમાં રડવું જ્યારે ઇનસાનના સ્વભાવમાં જોડાયલું છે તો તેમ કરવાને મનાઇ થઇ શકેજ નહિ. વળી રોવું સભ્યતા અને વિવેકથી ઉલટું ન હોવાથી સાધારણુ અક્કલથી તેમાં કંઇ પણુ વાંધા જેવું નથી.

ઇન્સાન જન્મતાંજ રોવું શરૂ કરે છે. દુન્યાની પહેલી મુલાકાત ટાણે રોવે છે અને છેલ્લી મુલાકાત વીદાયગીરી વખતે પણુ રોવે છે, અને મોટો સમજણો થાય છે ત્યાં સુધી નજીવી બાબતો ઉપર તે રડે છે અને તો પછી દુન્યાની અનેક પ્રકારની આફતોમાંથી તે પસાર થાય છે. તે દરેક મવકા ઉપર તે રોવે છે. તે ઉપરાંત મુઅમીનો પોતાના ગુનાહોને યાદ કરીને અથવા પોતાના પેદા કરનારની મોહબ્બતમાં હંમેશા રોવે છે અને તેવાઓની સીફત ખુદાવંદે કરીમે કુરઆનમાં ફરમાવી છે. એટલુંજ નહિ પણુ જેઓ રડવાથી બાયલો અને નાહીંમત થવાનું કહે છે અને દુન્યામાં સદા મોજશોખમાં અને હસી ખુશીમાં જીંદગી પસાર કરવા માટે આતુર છે, તેઓને પથ્થર કરતાં કઠણુ દીલના જણુાવી તેવાઓની મઝીમત કરી છે.

રોવું ઇમાનની નીશાનીમાંથી છે.

ખુદા પોતાની મહાન્ કીતાબ કુરઆનમાં જણુાવે છે, "ઇઝાતુતલા અલયહીમ આયાતુર્રહમાન ખર્રૂ સુજ્જદન વ બુકિય્યા." જ્યારે ખુદાની આયતો (ફરમાનો) તેઓની પાસે

વાંચવામાં આવે છે, તો તે (મુઅમીનો) સીજદામાં ઝુકી જાય છે અને રોવે છે (સુરએ મરયમ.)

"અફમીન હાઝલ હદીસી તઅજબુન વતઝહકુન વલી તબકુન વઅન્તુમ સામીદુન" તો શું તમો એ વાતથી અજાયબી પામો છો અને હસો છો? અને રડતા નથી અને તમો (રમત ગમત) ગફલતમાં છો (સુરએ નજમ.)

ઉપલી આયતોમાં ખુદાના ખોફના સબબથી અથવા તેની ઇબાદતમાં રોવાવાળાઓની સીફત બ્યાન કરવામાં આવેલ છે. હવે પોતા ઉપર આવી પડેલી મુસીબતમાં અથવા પોતાના સગા વ્હાલાંના મરણની ખબર સાંભળી તે ઉપર અફસોસ કરી રોવાના બારામાં ખુદા શું ફરમાવે છે તે જોઇએ. કેમકે મુસીબત ઉપર રોવું અગર મય્યત પાછળ રોવું બેસબ્રી છે અને ખુદાના હુકમ અને શરીઅતથી વિરૂધ્ધ છે એમ કહેવામાં આવે છે જે માત્ર ખુદા અને તેના રસુલ ઉપર બોહતાન છે.

હ૦ યઅકુબ પયગંબર પોતાના ફરઝંદ યુસુફની જુદાઇની મુસીબતમાં એટલું રોયા કે તેમની આંખ્યો સફેદ થઇ ગઇ. પયગંબર માસુમ હોય છે. તેઓ મુસીબત ઉપર એટલું રોવે કે આંખો નકામી થઇ જાય જેના બારામાં ખુદા કુરઆનમાં ખબર આપી તેમના સબ્રના વખાણ કરે પણ ઇમામ હુસયન અ૦ની શહાદતની મહાન્ મુસીબતો યાદ કરી જો તેમના શીઆ-અઝાદારો રોવે તો શરીઅતથી ખીલાફ અને બેસબ્રી કહેનારાઓ શું ખુદા અને તેના રસુલના હુકમથી ઉલટું બ્યાન કરતા નથી?

હ૦ યઅકુબની હીદાયત ઇસ્લામની તવારીખોમાં મશહુર છે અને કુરઆનમાં પણ તેનું વર્ણન કરવામાં આવ્યું છે કે તેઓ કેટલી હદ સૂધી રોતા હતા. હવે એ મુજબનું બેહદ રોવું બેસબ્રી નથી તે વિષે ખુદા કુરઆનમાં ફરમાવે છે.

"કાલ બલ સવ્વલત લકુમ અનફુસુકુમ અમરન ફસબ્રુન જમીલ"

(અર્થ) બલકે તમારા મનમાં તમારૂં આ કામ તમોને નેક જણાય છે, પણ મારા માટે સબર કરવું બેહતર છે.

"હ૦ યઅકુબ એટલે સૂધી રોયા કે તેમની આંખો સફેદ થઇ

ગઇ અને બહુજ નબળી હાલતમાં પહોંચ્યા તો તેમના પુત્રોએ તેમના ઉપર ટીકા કરી. (જે પ્રમાણે અમારા ઇસ્લામી ભાઇઓ ઇમામ હુસેનના ગમમાં રડવા માટે ટીકા કરે છે)" ખુદાના કસમ તમો યુસુફને યાદ કરીને (એટલું રોવો છો કે) તમો બીમાર પડશો અથવા મરણ પામશો." હ૦ યઅકુબે ફરમાવ્યું. "**ઇન્ની અશકી બસ્સી વ હુઝની ઇલલ્લાહ વઅઅલમુ મીનલ્લાહ માલા તઅલમુન**" હું મારા ગમો રંજની શીકાયત અલ્લાહ પાસે કરૂં છું અને ખુદા તરફથી મને જે ફરમાન છે તે તમને નથી" ઉપર મુજબની આયતોમાં અથવા કુરઆનમાં બીજી જગોએ હઝરતે યઅકુબને (પોતાના જીવતાં પણ) વીખુટા પડેલા ફરઝંદની જુદાઇમાં રડવા માટે ઠપકાપાત્ર ગણવામાં આવ્યા નથી.

હવે અમો, અગાઉ થઇ ગયલા પયગંબરોનું મુસીબતમાં અથવા સગાં વ્હાલા-અવલાદના મરણ ઉપર રોવું ઇતિહાસ અને હદીસોથી દેખાડવા માંગીએ છીયે. જેથી રોવું ઉત્તમ અમલ અને પયગંબરોની સુન્નત સ્પષ્ટ થશે.

હ૦ આદમ પયગંબર અબુલબશર ખુદાની નેઅમત-બેહીશ્તની જુદાઇમાં ત્રણસો વર્ષ સૂધી રોયા છે અને તેમનાં ફરઝંદ હાબીલ જેમને તેમના ભાઇ કાબીલે મારી નાખેલ તેની મુસીબતમાં બસો વર્ષ સૂધી રોયા છે અને તે મુસીબતના બારામાં કેટલાંક કાવ્યો (નવહા) રચી પોતાની અવલાદને વસીય્યત ફરમાવી ગયા કે તેઓ અને તેઓની અવલાદ હંમેશા હાબીલની મુસીબત યાદ કરીને રોવે અને તે મરસીયો પડતા રહે.

હ૦ નુહ પયગંબરનું અસલ નામ અબ્દુલજબ્બાર હતું પણ ખુદાના ખોફથી અને તેની મોહબ્બતમાં નવસો વર્ષ સૂધી રોતા રહ્યા તેથી (નવહા ઉપરથી) તેમનું નામ નુહ પાડવામાં આવ્યું, અને કુરઆનમાં તેમને નુહ તરીકે સંબોધવામાં આવેલ છે.

હ૦ શુઅયબ પયગંબર ખુદાની મોહબ્બતમાં એટલું રડયા કે તેમની બેઉ આંખો ખરાબ થઇ ગઇ, ખુદાએ ફરીથી આંખોનું નૂર બખશયું. ફરી તેઓ રોતા રહ્યા એટલે સૂધી કે તેમની

આંખોનું નૂર જતું રહ્યું. એ મુજબ ત્રણ વખત તેમની આંખો ખરાબ થઇ ગઇ તેથી ખુદા તરફથી હુકમ થયો, અય શોઅયબ! તમો જો જહન્નમની બીકથી રડતા હશો તો તમોને જહન્નમથી મેં નજાત આપી છે, અને જો જન્નતના શવકના લીધે રડો છો તો તમોને હું જન્નતમાં દાખલ કરીશ. હ૦ શુઅયબ અ૦મે અરજ કરી, બારે ઇલાહા! જહન્નમની બીક અગર જન્નતની તમાના લીધે હું રોતો નથી પણ ફક્ત તારી મોહબ્બત અને ફીતાઅતના લીધે રડું છું.

હ૦ રસુલે ખુદા સ૦, આખી રાત જાગી ઇબાદત કરતા હતા અને રોતા હતા, તેથી ખુદાવંદે કરીમે આ આયત નાઝીલ ફરમાવી, "તા, હા, મા અનઝલના અલયકુલ કુરઆનાલ લીતશકા" અયા તા. હા. અમોએ કુરઆનને તમારા ઉપર એટલા માટે નથી મોકલ્યું કે તમો તમારા પંડને (આટલી) મેહનતમાં નાખો.

હ૦ અલી અ૦ હમેશાં રાતના હજાર રકાત નમાઝ પડતા હતા અને ખુદાના ખૌફથી અને મોહબ્બતમાં એટલું રોતા હતા કે બેહોશ થઇ જતા હતા.

જનાબ અમીર હમઝા સય્યદુશ્શોહદાની શહાદત ઉપર હ૦ રસુલ સ૦નું રડવું, માતમની સફ બીછાવી તેમનો સોગ પાળવાની હકીકત ઇસ્લામી ઇતિહાસમાં મશહુર છે.

"ઇબ્ને મસઉદ બયાન કરે છે કે, હ૦ રસુલ સ૦ જનાબે હમઝાની લાશ ઉપર એટલું રોયા કે બેહોશ થઇ ગયા, જ્યારે હોંશમાં આવ્યા ત્યારે રોતા હતા, અને (નવહો) ફરમાવતા હતા, "યા હમઝા, યા અમ્મ રસુલીલ્લાહ, યા હમઝા, યા અસદુલ્લાહ, વઅસદ રસુલીહી; યા હમઝા, યા ફાએલુલ ખયરાત, યા હમઝા, યા કાશેફુલ કરૂબાત" અય હમઝા અય રસુલે ખુદાના કાકા, અય હમઝા અય ખુદાના શેર અને તેના રસુલના શેર, અય હમઝા અય નેકકીરદાર, અય હમઝા અય મારા દુ:ખોમાં ભાગ લેનાર.

જ્યારે હ૦ હમઝાને દફન કરી મદીનામાં દાખલ થયા તો આપે જોયું કે અનસારની ઓરતો પોતપોતાના માર્યા ગયલા

અઝીઝો ઉપર રડી રહી છે, તેથી ફરમાવ્યું, હાય અફસોસ! મારા કાકા હમઝા ઉપર રોનાર કોઇ પણ નથી-આ સાંભળી અનસાર પોતાની ઓરતોને હ૦ હમઝાના ઘરે તેમના ઉપર રોવા માટે મોકલ્યા. હઝરતને ખબર પડતાં ફરમાવ્યું, ખુદા તે ઓરતો ઉપર રહમ ફરમાવે કે જેઓ મારા શહીદ કાકાની મુસીબતમાં રોઇ રહી છે.

(મીશકાત-મદારે જુન્નુબુ૦વહ.)

હ૦ રસુલ સ૦ પોતાના ફરઝંદ ઇબ્રાહીમની વફાત થવાથી ઘણું રડયા તેથી અસહાબોએ અરજ કરી, યા રસુલલ્લાહ! તમારૂં આ રોવું બેસબરીમાં નહિ ગણાય? આપે ફરમાવ્યું કે, આ રોવું રહમદીલીનું છે. આંખો આંસુ પાડે છે અને દિલથી સબ્ર કરી ખુદાના શુકર કરૂં છું.

હ૦ ફાતેમા ઝેહરા અ૦ પોતાના પિતા રસુલે ખુદા સ૦ની વફાત બાદ પંચોતેર દિવસ દુન્યામાં રહ્યા. એ મુદત દરમ્યાન હંમેશાં રોતા હતા. તેમનું રોવું એટલી હદ સૂધીનું હતું કે, મદીનાવાળાઓએ હ૦ અલીની ખીદમતમાં આવીને અરજ કરી, યા મવલા, તમો બીબીને અમારા તરફથી અરજ કરો કે દિવસના ભાગમાં રોવે તો રાતના શાંત રહે અને રાતના રોવે તો દિવસના ભાગમાં ચુપ રહે, કેમકે તેમના ચાલુ રડવાથી અમને રાતદિવસ ચયન નથી પડતું. છેવટે એ મઝલુમા બીબી દરરોજ સવારના પોતાના બન્ને ફરઝંદો હ૦ હસન અને હ૦ હુસયનને લઇ બકીઅના કબ્રસ્તાનમાં જઇ આખો દિવસ રડતા હતા, અને પોતાના પિતાની જુદાઇ અને બેવફા ઉમ્મતની અવળાઇની મુસીબતને યાદ કરી ફરમાવતા હતા,

"સુબ્બત અલય્યા મસાઇબુન લવ અન્નહા;
સુબ્બત અલલ અય્યામી સીર ના લયાલીયા."

મારા ઉપર એવી એવી મુસીબતો તુટી પડી છે કે, જો તે મુસીબતો દિવસની રોશની ઉપર પડતે તો અંધારી રાતમાં બદલાઇ જતે.

પયગંબર સ૦ની વફાત બાદ બીલાલ શામ તરફ ચાલ્યા ગયા, કેટલીક મુદત કેડે મદીનામાં પાછા આવ્યા. તે વખતે

જનાબે ફાતેમા ઝોહરા અ૦ની ફરમાયશથી બીલાલે ગુલ દસ્તા ઉપર જઇ અઝાન પુકારી. જ્યારે "અશહદો અન્ન મુહમ્મદન રસુલુલ્લાહ" ના કલેમા ઉપર પહોંચ્યા ત્યારે હ૦ રસુલનો ઝમાનો યાદ કરી તેમની મોહબ્બત જોશ કરવાના શબબથી બેહોશ થઇ પડી ગયા. જનાબે ફાતેમા અ૦ બીલાલનો અવાજ સાંભળી તેમને પોતાના પવિત્ર પિતાનો ઝમાનો યાદ આવવાથી તેમની મુબારક સુરત નજર સામે તરી આવી તેથી ઘણું રડયા અને બેહોશ થઇ ગયા. મદીનાના ઘરોમાં રોવા પીટવાનો અવાજ આવવા લાગ્યો અને તેથી મદીના ગાજી રહ્યું.

ઉપલી વિગતોથી સાબીત થાય છે કે રોવાથી સબ્ર ટળી જતી નથી. પોતાના દુઃખો સંભારીને અથવા ખુદાના પવિત્ર બંદાઓ, પયગંબરો ઇમામોની મુસીબતોને યાદ કરીને રોવું તે ઉત્તમમાં ઉત્તમ અમલ અને પયગંબરોની વર્તણુકમાંથી છે, અને તે ઇનસાનની ખાસીયત અગર સ્વભાવમાં શામીલ છે. રોવાની ખુદાએ કુરઆનમાં તારીફ કરી છે અને પયગંબરો હંમેશા રોતા રહ્યા, તેથી દરેક મુસલમાનની ફરજ છે કે તે ઉમદા અમલ બજાવી લાવી તેમની પૈરવી કરે. જેથી સિદ્ધ થાય છે કે હુસયને મઝલુમના અઝાદારો તેમના ગમમાં રડે છે તે ખાસ ખુદાની તાબેદારી અને પયગંબરોની પૈરવી કરે છે અને જે કોઇ ખુદા, તેના રસુલ, અને ખુદાની કીતાબ ઉપર ઇમાન રાખતો હશે તે કોઇ કાળે રોવા ઉપર ટીક્કા નજ કરી શકે.

કોઇ પણ મઝલુમ અથવા મરી ગયલા મુસલમાન પ્રત્યે દીલસોજી ઝાહેર કરવાથી ખુદાની રઝામંદી હાસલ થાય છે. ખુદાએ ઇન્સાનને એક બીજા પ્રત્યે મોહબ્બત વધારવા અને દીલસોજી જાહેર કરી એક બીજાની મદદ કરવા માટે પયદા કર્યા છે, કેમકે મુઅમીનો એક બીજાના ભાઇ છે; જેમકે ખુદા કુરઆનમાં ફરમાવે છે. "ઇન્નમલ મુઅમીનુના ઇખવતુન" મોઅમીન એકબીજાના ભાઇ છે, ખુદાની ખુશનુદી મેળવવા માટે તેના દોસ્તો સાથે દોસ્તી કરવી અને તેના દુશમનો પ્રત્યે દુશમની ઝાહેર કરવા કરતાં કોઇ પણ બેહતર અઅમાલ નથી

જેનો ખુલ્લાસો એહલેબયતની મોહબ્બતના પ્રકરણમાં વિગતવાર કરવામાં આવેલ છે.

જ્યારે એક મુઅમીન પ્રત્યે દીલસોજી ઝાહેર કરવાથી ખુદા ખુશનુદ થાય છે તો મુઅમીનોના સરદાર, પયગંબરના પ્યારા ફરઝંદ, હ૦ અલી અ૦ અને હ૦ ફાતેમા અ૦ના લાડલા જીગરબંદ, દીને ખુદાના બચાવ માટે અને પોતાની કૌમના તારણ અર્થે શહીદ થઇ, પોતાની અઝીઝ જાનની કુરબાની આપનાર, હુસયને મઝલુમની અપાર મુસીબતોને યાદ કરી તે પ્રત્યે દીલસોજી ઝાહેર કરી રોવા પીટવાથી તે મઅબુદની કેટલી રઝામંદી અને ખુશનુદી હાંસલ થાય છે, તેની તુલના કરવાનું કામ વાંચનારનેજ સોંપીયે છીયે.

હ૦ મુસા પયગંબરના ઝમાનામાં કારૂન અખૂટ દોલતનો માલીક હતો, તેણે હ૦ મુસા પયગંબરની નાફરમાની કરી તેથી પોતાની દોલતની સાથે જમીનમાં ગરક થયો. ખુદાના હુકમથી અઝાબના ફીરીશતા તેને તે વખતથી ઝમીનની અંદર ખેંચતા લઇ જતા હતા અને કીયામત સૂધી તેને જમીનના ઉંડા તબક્કામાં ખેંચી લઇ જવાનો હુકમ હતો. અમુક મુદત પછી હઝરત યુનુસ પયગંબર, માછલીના પેટમાં દર્યાની સયર કરતા હતા અને ખુદાના ખોફથી તસબીહ અને તકદીસમાં રહેતા હતા. જ્યારે તે માછલી કારૂન આગળ પહોંચી તો કારૂનના કાનમાં બની આદમ (ઇનસાન) ની તસબીહની આવાજ પહોંચી. તેથી અઝાબના ફીરીશતાને પુછયું કે, હું ઇનસાનનો આવાઝ સાંભળું છું. ફીરીશતાઓએ કહ્યું કે હ૦ યુનુસ પયગંબર ખુદાના હુકમથી માછલીના પેટમાં દાખલ થયા છે, જે માછલી તેમને દર્યાની સયર કરાવે છે. તેણે અરજ કરી કે તમો અઝાબથી થોડીવાર હાથ રોકો કે હું હ૦ યુનુસ સાથે ગુફતગુ કરૂં. ખુદાના હુકમથી ફીરીશતા થોભ્યા, અને તેણે હ૦ યુનુસ સાથે નીચે મુજબ ગુફતગુ કરી:—

કારૂન—અય યુનુસ તે શખસ જે પોતાની ઉમ્મત ઉપર બહુજ ગુસ્સે થતા હતા તે હ૦ મુસા પયગંબર હાલ કયાં છે?

હ૦ યુનુસ—અફસોસ! ઘણી મુદત થઇ વફાત પામ્યા.

કારૂન—અને તેમના ભાઇ, જેઓ ઘણા નરમ દિલ અને દયાળુ હતા તે હારૂન પયગંબર હાલ કયાં છે?

હ૦ યુનુસ—અફસોસ! ઝમાનાએ તેમને પણ રહેવા દીધા નહિ, તેઓ પણ વફાત પામ્યા.

કારૂન—કુલસુમ બીન્તે ઇમરાન હ૦ મુસાની બહેન જેમની સાથે મારો સંબંધ થયો હતો, તેઓ હાલ કયાં છે!

હ૦ યુનુસ—અફસોસ! તેઓ પણ મરણ પામ્યા છે.

કારૂન—અફસોસ! તેઓમાંથી કોઇ પણ બાકી રહ્યા નથી એટલું કહી તેઓ માટે ઘણી દીલગીરી જાહેર કરી ગમગીન થયો.

તેજ વખતે અઝાબના ફીરીશતાઓને હુકમ થયો કે, કારૂન ઉપર અઝાબ ઉપાડી લ્યો અને તેને વધુ જમીનમાં ઉંડાણમાં ન લઇ જાઓ, જ્યાં પહોંચ્યા છો ત્યાંજ થોભી જાઓ, કેમકે મારા પ્યારા બંદાઓ (હ૦ મુસા અને હારૂન) પ્રત્યે તેણે દીલસોજી દેખાડી છે.

સાધારણ કલ્પિત વાર્તા વાંચતાં કરૂણાજનક પાત્રોથી વાંચનારની આંખોમાં દડ દડ આંસુ ટપકતાં જોઇએ છીયે, કેમકે તે ઇન્સાનના સ્વભાવમાં જોડાયલું છે, તેથી સ્વભાવિક રડવું આવે છે. તો ઇમામે હુસયન અ૦ની શહાદતના જીગર ફાડનાર બનાવ, જે ઉપર ખુદાની કુલ્લે મખલુકાત રોઇ રહી છે તેનું વર્ણન સાંભળીને ઇન્સાનનું દિલ ન પીગળે અને આંસુ ન આવે એ બનવાજોગ નથી.

હા, જેના સ્વભાવમાં એશ ઇશરત, નાચવું, કુદવું અને હંસવા સિવાય બીજી કોઇ પણ નેક ખસલત ન હોય અને તેનું દિલ કઠણ પત્થર જેવું હોય તેના માટે એ આશા રાખી શકાય નહિ. તેથીજ એવાઓ રોવાવાળાઓને બાયલાની ઉપમા આપી રહ્યા છે, અને રોવાની મનાઇ કરી રહ્યા છે. બનવાજોગ છે કે એવા જડબુધ્ધિના માટીનાં પુતળાંઓ, પોતાના માબાપ અગર જવાન બેટાના મર્ણથી પણ શોકાતુર નહિ થતા હોય, અને આંસુ પાડતા ન હોય.

દુઃખના આવેશમાં ઇન્સાન પોતાની છાતી માથું કુટે છે અને તે વખતની કરૂણાજનક સ્થિતિ એવી નાજુક હોય છે કે બીજાની દખલગીરી નક્કામી નીવડે છે. ગમગીની અને દુઃખના પ્રમાણમાં રોવા પીટવાનો જોશ હોય છે. એવી મુસીબત વખતે સમતોલપણું જાળવવા અને મોઢાંથી ના શુકરીના બોલ ન કાઢવા માટે તેમજ સબર કરવાના બારામાં હદીસોમાં હુકમ આપવામાં આવેલ છે, તે હદીસોનું રૂપ બદલી મનગમતા અર્થ કરી, સ્વભાવિક રોવું અને આંસુ પાડવાથી રોકવું એ કેવળ મુર્ખાઇ અને અઝાદારી પ્રત્યેની ખુલ્લી અવળાઇ સિવાય બીજું કાંઇ પણ નથી. દુન્યાની સઘળી દુઃખદર્દથી ભરેલી વાતોને એકઠી કરી, કરબલામાં બનેલા બનાવોની સામે મુકાબલા માટે રાખો અને પછી જુઓ કે રૂહ—આત્મા ઉપર કયો બનાવ ઉંડી અસર કરે છે? માબાપ અથવા જવાન બેટાની જુદાઇનો દાગ અમુક મુદત કેડે ભૂલાઇ જાય છે, પણ તેરસો વર્ષના લાંબા ગાળા પછી પણ હુસયને મઝલુમનું પ્યારૂં નામ આવતાં દિલ હલી જાય છે અને આંખો આંસુઓથી ભરાઇ જાય છે. એવી રૂહાની અસરમાં રહી તે ભારે મુસીબતના બનાવોને યાદ કરી ઇનસાન છાતી કુટે કે માથું પીટે, જે માત્ર સ્વભાવિક ગણાતાં કોઇ કાળે તે ઠપકાપાત્ર ગણી શકાય નહિ. એહલેબયતના દુશમનોએ એ રૂહાની અસરથી ઉત્પન્ન થતી લાગણી રોકવા અને અઝાદારી સદંતર બંધ કરવાની કોશીશ કરવામાં ખામી રાખી નથી, પણ આપણે જોઇએ છીયે તેમ દીન બદીન તે લાગણી મંદ પડવાને બદલે વધુ તેજ થતી જાય છે અને તેમાં વધુ જોશ આવતો જાય છે.

હઝરત યઅકુબ પયગંબરે પોતાના જીવતા ફરઝંદની જુદાઇનાં ગમમાં રોઇ રોઇને આંખો ખોઇ, હ૦ રસુલ સ૦ પોતાના કાકાની શહાદતની મુસીબતમાં બેહોશ થયા, હ૦ ફાતેમા અ૦ પોતાના પિતાની વફાત બાદ માત્ર પંચોતેર દિવસ દુન્યામાં રહી રાત દિવસ રૂદનમાં પોતાની જીંદગી પુરી કરી વફાત પામ્યા; હ૦ ઇમામ ઝયનુલ આબેદીન પોતાના મઝલુમ પિતાની મુસીબત ઉપર ચાલીસ વર્ષ રોતા રહ્યા, એ હદની

અને એ પ્રમાણે ગીરયા વઝારી કરનાર આ ઝમાનામાં કોઇ પણ અઝાદારે હુસેન જોવામાં આવતો નથી. હુસયને મઝલુમના અઝાદારો ગમે તેટલું રોવે પીટે અગર કુટે તોપણ ઉપર દર્શાવેલા બુઝુર્ગવારોની અઝાદારીને પહોંચી શકવાના નથી, તે છતાં એહલેબયતના દુશમનો થોડી ઘણી અઝાદારી પણ જોઇ શકતા નથી.

માતમ સીનાઝની.

માતમ કરવાથી છાતી ખોખરી થતી નથી પણ શારિરીક તાકતની સાથે રૂહાની કુવ્વત હાસીલ થાય છે. હુસયનના અઝાદારો અને શીઆઓએજ શૌર્ય અને જવાંમરદી અઝાદારીની બરકતથી પ્રાપ્ત કરી છે તે કોઇ પણ બીજી કૌમને નસીબ થયું નથી. જે કૌમના મઝલુમ માણસો ઉપર દુશમનોના ચારે તરફના હુમલા થતા હોય તેઓને જીવતા દાટી દેવામાં, દિવાલમાં જીવતા ચણવામાં, અને બકરાની જેમ રહેંસી નાખવામાં આવ્યા હોય, છતાં દુન્યાની સપાટી ઉપર પુર જાહોજલાલીથી આગળ વધતા અને તરક્કી કરતા દેખાય અને હિંમતથી મઝહબે હકની ઇશાઅત કરતા હોય, તેઓને બાયલા અગર હિંમત વિનાના જાહેર કરનારા અક્કલના દુશમન તથા ઇસ્લામી ઇતિહાસથી અજાણ ગણાવા જોઇએ. હવે અમો મશહુર કીતાબોમાંથી રોવાની ફઝીલતના બારામાં આવેલી હદીસો આપીયે છીયે. જેથી સિધ્ધ થશે કે રોવું ખુદા અને તેના રસુલના ફરમાનુસાર ઉત્તમમાં ઉત્તમ અમલ છે અને રોવાવાલી માટે આખેરતમાં ખુદાની બખશીશ અને હમેશાં રહેવાવાલા અપાર નેઅમતો છે, વળી એ પણ સાબીત થશે કે મુસીબતને વખતે રોવા માટે કોઇ પણ પયગંબર અથવા ઇમામે મનાઇ કરી નથી અને રોવાથી બેસબરી થતી નથી. અબુહુરેરાથી નકલ કરે છે કે હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું, હું તે ખુદાની કસમ ખાઇને કહું છું જેના કબજામાં મારી જાન છે કે, જે બાબતોથી હું વાકેફ છું તે તમો જાણીતા થાઓ તો ખચિત

તમો વધુ રડતે, અને થોડું હસતે, કેમકે રોવું એ ગુનાહોની બખશીશનું કારણ છે.

(અશઅતુલ્લુમઆત ૪ થી જીલ્દ ફસલ ૧૧ પેજ ૨૭૪.)

બીબી આયશા બયાન કરે છે કે, એક દિવસ હઝરત મસજીદમાં તશરીફ લઇ ગયા તો આપે જોયું કે અસહાબો હંસી રહ્યા છે, તેથી ગુસ્સાથી આપનો ચેહરો લાલ થઇ ગયો અને પોતાની ચાદર ઢસેડતા ગુસ્સાની હાલતમાં તેઓ આગળ આવી ફરમાવ્યું, તમો હંસી રહ્યા છો? જ્યારે કે તમોને ખુદા તરફથી કોઇ પણ પ્રકારની સનદ મળી નથી કે જેથી તમોને ખાત્રી થઇ ગઇ હોય કે તેણે તમોને બખશી આપેલ છે.

આ સાંભળી અસહાબો ગંભીર થયા અને અરજ કરી. હવે આ ભૂલનો બદલો કેવી રીતે આપી શકાય? આપે ફરમાવ્યું કે તમો જેટલું હસ્યા છો એટલુંજ રડો, તો તેનો કફારો (બદલો) થશે.

(તફસીરે દુર્રે મનસુર, સુયુતી છઠી જીલ્દ પેજ ૧૭૫.)

ઓહદની લડાઇમાં માર્યા ગયલા સહાબી ઉપર મદીનાની ઓરતો માતમની સફ બીછાવી રોવા લાગી. આ જોઇ જાબીરે કહ્યું કે આ મુજબ રડવાની નવી રૂઢી ચાલુ થઇ; પણ તે ઓરતોને રડતી જોઇને હ૦ રસુલ સ૦ રોવા લાગ્યા અને તે ઓરતોને તેમ કરતાં ન અટકાવ્યા.

(કીતાબે મગાઝી ઇમામે વાકેદી પુતુહે શાલ પેજ ૧૦૮.)

જ્યારે હ૦ ઉમરને ખબર પડી કે જનાબે રસુલે ખુદા સ૦ હફસાને તલાક આપવા ચાહે છે તો માથા ઉપર માટી નાંખી ખુબ રોવા લાગ્યા.

(મઆરીજુન્નો બુ૦વહ પેજ ૯૪.)

ઓહદની લડાઇમાં પયગંબર શહીદ થઇ જવાની ખોટી અફવા મદીનામાં ફેલાણી, તે વખતે જનાબે ફાતેમા ઝોહરા અ૦ પોતાના સરે મુબારક પર હાથ મારી રડવા અને પીટવા લાગ્યા.

(મઆરીજુન્નો બુ૦વહ પેજ ૧૦૪.)

હ૦ યુશુઅ પયગંબરે હ૦ મુસાની વફાત પર બની ઇસરાઇલ સાથે ત્રીસ દીવસ સૂધી મેદાનમાં માતમની સફ બીછાવી રડતા રહ્યા.

(તવરાત સુપુર પાંચમું.)

હ૦ હારૂનની વફાત પર હ૦ મુસા પયગંબરે ત્રીસ દિવસ સૂધી બની ઇસરાઇલ સાથે માતમની સફ બીછાવી રડતા રહ્યા.

(તવરાત સુપુર ચોથું.)

ઉપરની દલીલોથી રડવું સ્વભાવિક-મનુષ્ય પ્રકૃતિમાં છે, અને તે મુજબ રડેથી કોઇ ઠપકાપાત્ર ગણાતો નથી, જેથી હુસેન અલીહિસ્સલામના અઝાદારો પોતાના મઝલુમ ઇમામ પ્રત્યે, પ્રેમ અને દિલસોઝી દેખાડી રડે છે, એ કાર્ય બેલાશક સ્તુતિપાત્ર છે, અને વિરોધીઓ માત્ર પોતાની અવળાઇ દેખાડી રહ્યા છે. ખુદા તેમને હીદાયત કરે!

પ્રકરણ ચોથું.

ઇમામે હુસયનની અઝાદારી તથા તે ગમમાં ઝમીન, આસમાન, ફીરીશતા વી. તમામ મખલુકાતનું ગમ કરવું અને રોવું.

ઇમામે હુસયન અ૦ની મુસીબત ઉપર રોવા પીટવાની મનાઇ કરનારા કહે છે કે, "દરેક મુસલમાન ઉપર લાઝીમ છે કે ઇમામે હુસયનની મુસીબત ઉપર સબર કરી જે કામ ખુદા અને તેના રસુલને પસંદ હોય એજ કરે. મુસીબત ટાણે રડવું, પીટવું અગર ગીરેબાન ફાડવું હરામ છે, અને ખુદાને તે પસંદ નથી વી."

બેશક, દરેક મુસલમાનની ફરજ છે કે, ખુદા અને તેમના રસુલને જે કામ પસંદ હોય તેજ કરે, કેમકે ખુદા કુરઆનમાં ફરમાવે છે "વલકદ કાનાલકુમ ફી રસુલીલ્લાહ ઉસવતુન હુસનતુન." અર્થ:-હ૦ રસુલુલ્લાહની કારકિર્દી તમારા માટે પૈરવી કરવાનો સારો નમુનો છે, એટલે કે તે મુજબ વર્તી તેનું અનુકરણ કરવામાં તમારા માટે ભલાઇ છે. હવે આપણને જોવું જોઇએ કે, ઇમામે હુસયન અ૦ની અઝાદારીમાં રડવું પીટવું, સીનાઝની-માતમ કરવું, ખુદા અને તેના રસુલને પસંદ છે કે નાપસંદ છે, અને તેમ કરવાથી રસુલે ખુદા સ૦ની પૈરવી થાય છે કે તેથી ઉલટું થાય છે તેની તપાસ કરીયે.

આ પ્રકરણમાં અમો એ દેખાડવા માંગીયે છીયે કે, ઇમામે હુસયનની અઝાદારી કયારથી શરૂ થઇ, અને તેમના અઝાદારો કોણ કોણ અને કયા પ્રકારના હતા જેથી ઇમામે હુસયનની અઝાદારી ખુદા અને તેના રસુલને પસંદ છે અને તેમના ફરમાનુસાર છે એ સ્પષ્ટ થશે.

હ૦ રસુલ સ૦ની અઝાદારી.

સલમા બયાન કરે છે કે, મારી માને રોતાં જોઇને મેં તેનું કારણ પુછ્યું! તો કહ્યું કે, હમણા સ્વપ્નામાં જનાબે રસુલે ખુદા સ૦ને, સર મુબારક અને દાઢી ઉપર માટી લાગેલી હાલતમાં મેં જોયા, અને તેઓ રોઇ રહ્યા હતા. મેં તેમ કરવાનું કારણ પુછ્યું, હઝરતે ફરમાવ્યું કે "અય ઉમ્મે સલમા, મારી ઉમ્મતે જફાકારે મારા લાડલા ફરઝંદ હુસયનને ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા શહીદ કર્યા, અને હમણા હું કરબલાથી આવું છું."

(સહીહ તરમઝી શરીફ પેજ ૨૩૯.)

એવી બીજી ઘણી હદીસો ઇબ્ને અબ્બાસ વી. થી નકલ કરવામાં આવેલ છે તેથી સાબીત થાય છે કે, ઇમામે હુસયનના ગમમાં પયગંબર સ૦ માથા ઉપર ખાક નાખીને રોતા હતા; તેથી જે કોઇ તેમની પૈરવી કરવાનો દાવો કરતો હોય તેના ઉપર લાઝીમ છે કે, કરબલાના શહીદોના ગમમાં રોવે અને માથા ઉપર ખાક નાખે, અને તે મુજબ વર્તવાને હ૦ રસુલ સ૦મે ખાસ તાકીદ ભરેલો હુકમ આપેલ છે.

એક વખતે હ૦ જીબ્રઇલે અમીન હ૦ રસુલ સ૦ની ખીદમતમાં હાજર થઇ ઇમામે હુસયનની શહાદતની ખબર આપી, આ ગમનાક ખબર સાંભળી આપે ફરમાવ્યું "અય જીબ્રઇલ તે વખતે હું હોઇશ" જીબ્રઇલે અરજ કરી નહિ, હઝરતે ફરમાવ્યું કે અલી તે વખતે હશે? જીબ્રઇલે અરજ કરી નહિ, પુછ્યું ફાતેમા હશે? અરજ કરી નહિ. તમારામાંથી તે વખતે કોઇ પણ ન હશે. આ સાંભળી હ૦ રસુલ રોવા લાગ્યા. તે પછી ફરમાવ્યું અય જીબ્રઇલ મારા પ્યારા ફરઝંદ હુસેનની શહાદત વખતે અમારામાંથી કોઇ નહિ હોય તો તે મઝલુમોની અઝાદારી કોણ કરશે, અને તેઓ ઉપર કોણ રોશે? જીબ્રઇલે અર્ઝ કરી યા રસુલલ્લાહ! હુસયને મઝલુમની શહાદત એવી અસર પયદા કરશે કે કયામત સુધી લોકો તેમની મુસીબતોને યાદ કરી રોશે, અને અઝાદારી બરપા રાખશે. યા રસુલલ્લાહ

આશુરાના દીવસે ઇમામે હુસયનના ગમમાં જંગલની હરણીઓ, પોતાના બચાને દૂધ પણ પીવરાવવાનું તરક કરશે.

(રાહતુલ કુલુબ.)

આસમાનના ફીરીશતાઓની અઝાદારી.

" રોઝે આશુરા ઇમામે હુસયન પર રોવા માટે સીતેર હઝાર ફીરીશતા આસમાનથી કરબલાની ઝમીન ઉપર નાઝીલ થયા, અને તે ફીરીશતાઓ કીયામત સૂધી એમજ રોતા રહેશે."
(શેખ અબદુલકાદર જેલાની કૃત ગ્રુન્થ ગુન્તાલેબીન પેજ ૬૮૪.)

ઉપલી હદીસ એહલે સુન્નતના પીરાનપીર, દસ્તગીર, શેખ અબદુલકાદરની મશહુર કિતાબની છે, તેથી સિધ્ધ થાય છે કે આસમાનના ફીરીશતાઓ આસમાનથી ઉતરી કરબલાની ઝમીન ઉપર કયામત સૂધી ઇમામે મઝલુમની કબર આગળ રહી રોતા રહેશે.

ફીરીશતા માસુમ છે, અને તેઓ આસમાન ઉપર ખુદાની ઇબાદતમાં દીનરાત ગુંથાયલા હોય છે, તો તેઓને ઇબાદત મૂકી ઝમીને કરબલા ઉપર ઇમામની કબર આગળ રોવાનો હુકમ થાય છે, તેથી ઇમામે હુસયનના ગમમાં રોવું એ બીજી ઇબાદતથી અફ્ઝલ કરે છે. કેમકે બેહતર અને અફ્ઝલ ઇબાદત છોડાવી હલકી ઇબાદત કરવાનો ખુદા તરફથી તે મલાએકાઓને કદી પણ હુકમ ન થાય. અહીં પયગંબરની તે હદીસ ખુદાના હુકમ મુજબ સાબીત થાય છે કે જેમાં હ૦ રસુલ સ૦ મે ફરમાવ્યું "મનબકા અલલ હુસયન અવ અબકા અવ તબાકા વજબ લહુલ જન્નહ" જે કોઇ હુસયન અ૦ ઉપર રોશે, રોવરાવશે અગર રોવાની સુરત બનાવશે તેના ઉપર જીન્નત વાજીબ થશે.

જીન્નાતની અઝાદારી.

" ઉમ્મુલ મુઅમીનીન જનાબે ઉમ્મે [illegible]મા બયાન કરે છે કે, ઇમામે હુસયન અ૦ના ગમમાં મેં જીન્નાતને રોતા સાંભળ્યા છે."

(તારીખુલ ખુલફા પેજ ૧૪૧ સવાએકે મુહર્રેકા પેજ [illegible]૬૭.)

અબી હુબાબ કલંબીથી રીવાયત છે કે, "એક વખતે હું કરબલા ગયો હતો અને ત્યાંના એક માનવંતા શખ્સને મેં પુછ્યું કે, મને એમ જણાવવામાં આવ્યું છે કે, તમોએ ઇમામે હુસયનના ગમમાં જીન્નાતને રડતા અને નવહા પડતા સાંભળ્યા છે. તેણે કહ્યું મારી એકલાની વાત નથી. કરબલામાં જેને તમો પુછશો તો તે તમોને તેની ખાત્રી આપશે."

(તારીખુલ ખુલફા પેજ ૧૪૧.)

બીબી ઉમ્મે સલમા બયાન કરે છે, "જે દીવસે ઇમામે હુસયન શહીદ થયા (રોઝે આશુરા) જેની ખબર પયગંબર સ૦મે સ્વપ્નામાં આપેલી હતી, અને કરબલાની માટી રાતી થઇ જવાથી પણ ખાત્રી થઇ, તેજ દીવસની રાત્રે મેં અદ્રશ્ય અવાજ સાંભળ્યો, અને તે કહેનાર કહેતો હતો અય જાહેલીય્યતના ઝમાનાથી કીનો રાખનાર, હુસયને મઝલુમના કાતેલો, તમારા માટે ઝીલ્લત રૂસવાઇ અને જહન્નમના સખતમાં સખત અઝાબની ખબર આપું છું. તમારા ઉપર હ૦ સુલયમાન પયગંબર અને હ૦ ઇસા પયગંબર લઅનત અને ફીટકાર મોકલી રહ્યા છે."

(સવાએકે મોહરેકા પેજ ૧૧૫.)

ઝમીન અને આસમાન તથા સૂર્યની અઝાદારી.

જ્યારે કોઇને હદથી વધુ રડતો જોઇએ છીયે ત્યારે તેના બારામાં કહીયે છીયે કે, તે લોહીના આંસુઓથી રડતો હતો, જો કે લોહી આંખોમાંથી ટપકતું નથી, પણ હુસયને મઝલુમની મહાન્ મુસીબતમાં કેવી બેમીસાલ અસર સમાયલી છે કે ખરેખરા લોહીનાં આંસુ ટપકાયલાં જોવામાં આવે છે.

શાહ અબદુલ અઝીઝ દેહલવી એહલે સુન્નતની હિંદુસ્તાનના મશહુર અલ્લામાએ ઇમામે હસન અને ઇમામે હુસયનની શહાદતોનું વર્ણન "સીર્રૂશ્શહાદતયન" માં લખેલ છે તે રિસાલાના પેજ ૨૪ માં ઝમીન આસમાનની અઝાદારીનું હયરત ઉપજાવનાર બયાન લખેલ છે તેમાંથી ટુંક ઉતારો નીચે આપીયે છીયે.

"નઝરતુલ અઝહીઆ, બયાન કરે છે કે, ઇમામે હુસયન શહીદ થયા તે વખતે આસમાનથી લોહીનાં ટીપાં પડવા લાગ્યાં જેથી અમારાં કપડાં અને ઠામ લોહીથી ભરાઇ જતાં હતાં. ખુદાના ગઝબથી એટલો અંધકાર છવાઇ ગયો કે દિવસના તારા જોવામાં આવતા હતા, જે પથ્થર ઉંચકતાં તેની નીચેથી જોશ મારતું લોહી દેખાતું હતું.

(સવાએકે મુહરેકા પેજ ૧૧૬.)

અબુ સઇદ બયાન કરે છે કે, ઇમામે હુસયન શહીદ થયા તે વખતે કોઇ પણ જગોથી પથ્થર ઉપાડતાં તેની નીચેથી લોહી જોશ મારતું હતું અને આસમાનથી એટલું લોહી વરસ્યું કે અમારાં કપડાં રંગાઇ જતાં હતાં અને તે લોહીથી ખરડાયલાં કપડાં ધોતાં ફાટી જતાં પણ લોહીનો ડાઘ જતો ન હતો અને જ્યારે કુફામાં ઇબ્ને ઝીયાદ આગળ તે મઝલુમનું મુબારક સર લાવવામાં આવ્યું તો કુફાની દિવાલોમાંથી લોહી ટપકતું હતું.

(સવાએકે મુહરેકા પેજ ૧૧૬.)

"જ્યારે હ૦ અલી અ૦ સીફીનની લડાઇથી પાછા ફરતાં કરબલાની ઝમીન ઉપરે પહોંચ્યા તે વખતે પોતાના અસહાબોને કરબલાના શુહદાનું વર્ણન કરી સંભળાવતા હતા અને રોઇ રહ્યા હતા. તે પછી ફરમાવ્યું "તેઓ ઉપર ઝમીન અને આસમાન રોશે."

(સવાએકે મુહરેકા પેજ ૧૧૫.)

"ઇમામે હુસયન અ૦ની શહાદતના દીવસે આસમાનનો રંગ બદલાઇ ગયો અને ચારે તરફ રતાશ પથરાઇ ગઇ, સૂર્યને ગ્રહણ લાગ્યું, બપોરે તારા દેખાવા લાગ્યા અને લોકોએ ધાર્યું કે કીયામતનો દહાડો આવી પહોંચ્યો."

(સવાએકે મુહરેકા પેજ ૧૧૬.)

ઝમીન અને આસમાન ઇનસાનની મુસીબત ઉપર રોવે છે જે સંબંધી ખુદાવંદે કરીમ કુરઆનમાં ફરમાવે છે "ફમા બકત અલયહીમુસ્સમાઉ વલ અર્ઝ" અને તેઓ (ફીરઓન અને તેના સાથીઓ) ઉપર આસમાન અને ઝમીન નથી રડયા. તે કાફરો ખુદાના દુશમનો હતા, તેથી તેઓના મરણથી

આસમાન કે ઝમીનને અસર ન થઇ તેથી સાબીત થાય છે કે મુઅમીનો પર તેઓ જરૂર રડે છે. નહિ તો અશકય બાબતનો દાખલો ખુદા આપે નહિ. વળી પયગંબરની હદીસમાં છે કે મુઅમીનની વફાત ઉપર આસમાન ઝમીન ચાલીસ દીવસ સૂધી રોવે છે.

આખી દુન્યાની અઝાદારી

ઇમામે હુસયનની શહાદતના સબબથી આસમાનનો રંગ લાલ લોહી જેવો થઇ ગયો, સૂર્યને ગ્રહણ લાગ્યું, તેથી દીવસના ભાગમાં તારા નજરે પડવા લાગ્યા, સાત દીવસ સૂધી આખી દુન્યાની હાલત ખોફનાક રહી, સીતારા આપસમાં ટકરાવવા લાગ્યા, સૂર્યના રંગમાં ફેરફાર થઇ જવાથી દીવાલો ઉપર તેનાં કિરણો ઝાફરાની રંગ જેવાં જણાતાં હતાં. આસમાનના કીનારા ઉપર સુરખી (રતાશ) જણાતી હતી જે તેથી અગાઉ કદી પણ જોવામાં આવી ન હતી. યઝીદની ફોજમાં જાનવરો માટે જે ઘાસચારો હતો તે રાખ થઇ ગયો. તે દીવસે ઇમામના કાતેલોએ એક ઉંટ ઝબેહ કરી તેનું ગોશત પકાવવા ચાહ્યું તો તેમાંથી આગના ભડકા નીકળવા લાગ્યા. પકાવીને ખાવાનો ઇરાદો કર્યો તો તે કડવું થઇ ગયું જેથી ખાઇ ન શકયા."

(તારીખુલ ખુલફા પેજ ૧૧૪.)

દર્યાની માછલીઓની અઝાદારી.

હ૦ અમીરૂલ મુઅમેનીન અલી ઇબ્ને અબી તાલેબ અ૦ ફરમાવે છે, "મારા હુસયનની મુસીબતમાં દુન્યાની સઘળી ચીઝો ગમ કરશે અને રોશે એટલે સૂધી કે જંગલમાં રહેનારા જાનવરો, પશુ, પંખીઓ અને દર્યાની માછલીઓ, એ પણ મુસીબત ઉપર રોશે.

(નાસીખુત્તવારીખ પેજ ૪૦૦.)

તા. ૧૬ મી એપ્રીલ ૧૯૧૧ ના મુંબઇમાં પ્રગટ થતાં "અખબારે ઇસ્લામ" પેપરમાં "સુરમએ રોઝગાર"ના આધારે

કેપટન જનરલ ડાકટર સલીમની જાણવાજોગ હકીકત પ્રગટ કરવામાં આવી હતી જેનો ટુંક ખુલાસો નીચે મુજબ છે:—

તુર્કી ફોજના કેપટન ડાકટર સલીમ (સુન્ની મઝહબના) જણાવે છે કે, પ્રથમ મારા એવા ખ્યાલો હતા કે ઇમામે હુસયનનું શહીદ થવું ખુદાની મશીય્યત (ઇચ્છા)માં લખાયલું હોવાથી, તેને યાદ કરીને રોવું અને કલ્પાંત કરવું ફોકટ છે, પણ મારી નજરે દીઠેલા એક બનાવથી મારા તે વિચારો સાવ બદલાઇ ગયા, અને ઇમામે હુસયનની અઝાદારીની જરૂરીયાત સમજવા લાગ્યો. તે બનાવ એમ બન્યો કે એક વખત રૂમની ફોજ સહીત અમે એક સ્ટિમરમાં મુસાફરી કરતા હતા અને તે મુહર્રમનો મહીનો હતો. અરબનો એ રિવાજ હતો કે આશુરાના દીવસે ઇમામે હુસયનના ગમનો શોક જાહેર કરવા અર્થે, વહાણને ત્રણ કલાક દર્યામાં થોભાવતા હતા તેથી અમારી સ્ટિમરને પણ આશુરાના દીવસે ધોરણ મુજબ ત્રણ કલાક થોભાવવામાં આવી હતી. અમો તે વખતે મેડીટરેનીયન સી (ભૂમધ્ય સમુદ્ર) માંથી પસાર થતા હતા. અમારી સ્ટિમરને ઉપર મુજબ થોભાવ્યા કેડે અમે જોયું કે દર્યામાં એક દિશા તરફ જમીનનો થોડો ભાગ ઉપસી આવ્યો હતો અને તે એક નાના ટાપુ જેવું જણાતું હતું. તે ટાપુ ઉપર અમુક દર્યાઇ માણસો શોકજનક હાલતમાં રડતા પીટતા અને માથા ઉપર માટી નાખતા જોવામાં આવ્યા. તેઓનો દેખાવ ઉંચાઇ તથા શરીરના અવયવો ઇન્સાન જેવા હતા. માત્ર ફેર એટલોજ હતો કે, તેઓ નવસ્ત્ર હતા, પણ કમરથી ગોઠણ સૂધી લાંબા વાળો ઉગેલા હોવાથી ઢંકાઇ રહેલા હતા. તેઓમાં નર, નારી, ન્હાના, મ્હોટા સર્વે રડાપીટમાં ગુંથાયલા હતા અને શોકાતુર અવાજથી કાંઇ બોલતા હતા. તેઓનો બોલવાનો ભાવાર્થ હું સમજી શકતો ન હતો, પણ અમારી સાથે જે સરંગ હતો તે તેઓની ઝબાન સમજતો હોવાથી તેને અમોએ તે લોકોની હકીકત તપાસવા માટે એક હોડીમાં બેસીને તે તરફે જવા કહ્યું.

જેવો તે હોડીમાં બેસીને તેઓ તરફ આગળ વધ્યો કે તે કલ્પાંત કરતાં દર્યાઇ માણસો, દર્યામાં પડવા લાગ્યાં, તેથી

સરંગે તેઓને બૂમ પાડી સમજાવ્યું કે અમે તમને પકડવા કે સતાવવા નથી આવતા. પણ તમો શા માટે કલ્પાંત કરી રોઇ રહ્યા છો એ જાણવા ખાતરજ આવ્યા છીયે. તેઓએ જવાબમાં કહ્યું કે, "શું તમોને ખબર નથી કે આજે મુહર્રમની દસમી તારીખ આશુરાનો દીવસ છે? અમો હુસયને મઝલુમના ગમમાં માતમ કરી આંસુ પાડીયે છીયે."

મજકુર ડાકટર સલીમ કહે છે કે, આ સાંભળવાથી મારા દીલમાં ઉંડી અસર થઇ અને હું વિચારવા લાગ્યો કે આ દર્યાઇ જાનવરો ઇમામે હુસયનની મુસીબતમાં રોવે અને હું ઇન્સાન—અને મુસલમાન છતાં આ ગમ અને મુસીબતને ભૂલી જાઉં! તેથી હું ઘણું રડયો.

ડા. સલીમે ઘણે ઠેકાણે મસજીદોમાં મીંબર ઉપર હજારો મુસલમાનોની સન્મુખ ઉપલી હકીકતનું વર્ણન કરેલ છે, તેમજ જનાબે મોલવી સયદ અહમદ તથા નવાબઅલી રઝાસાહેબ બહાદુર અને સયદઅલી અસગરની હાજરીમાં પણ આ વાકેઆનું વર્ણન કરેલ છે.

ઇ. સન ૧૯૧૬ માં જ્યારે અમે (આ કીતાબના લેખક) દેવલાલી હવા ફેર કરવા માટે ગયા હતા, ત્યારે અમોને ભાવનગરથી હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ (અધિપતિ રાહેનજાત) નો એક કાગળ મળ્યો જેમાં ડાકટર સલીમની મુલાકાત લઇ મજકુર હકીકત તેમને ફરીવાર પુછી અને તેમના કનેથી લખાવી લેવા માટે અમોને સૂચના કરી હતી, અને તેમનું ઠેકાણું દેવલાલીની મુસલમાનોની મસજીદ જણાવેલું હતું. અમે ડાકટર સલીમને તે મસજીદમાં મળ્યા અને દર્યામા તેમણે દીઠેલી અઝાદારીનું વર્ણન કરવાને અને તે હકીકત તફસીલવાર લખી આપવા માટે અરજ કરી. અમારી અરજથી તેમણે ઉપર જણાવ્યા મુજબ ખુલાસાવાર હકીકત કહી સંભળાવી અને તેમને પુરસદ ન હોવાથી લખી આપવા માટે બીજા દીવસનો વાયદો કર્યો. વળતે દીને અમો તે લખાણ લેવા ગયા પણ તેમની તબીયતની નાદુરૂસ્તીના લીધે લખી શકયા નહિ અને

તે પછી ટુંક અરસામાં અમોને મુંબઇ પાછા ફરવાનું થયું જેથી તે લખાણ મેળવી ન શકયા.

તવરાત-ઇનજીલ (બાઇબલ) માં આશુરાની અઝાદારીની વિગત.

"અય બની ઇસરાઇલ, તમો સર્વ લોકો સાતમા મહીનાની દસમી તારીખે એક મુકદ્દસ મજલીસ (પવિત્ર બેઠક) કરો અને આત્માને શોકાતુર બનાવો."

(ગીનતી બાબ નવમો આયત સાતમી.)

"અને એ તમારા માટે હંમેશા ધોરણ રૂપે રહેશે કે, સાતમા મહીનાની દસમી તારીખે પોતાને ગમગીન-ઉદાસ રાખો અને તમો દેશમાં અથવા પરદેશમાં જ્યાં હો, ત્યાં તે દીવસે દરેક પ્રકારના (દુન્યવી) કામકાજ બંધ રાખો.

(અહબાર બાબ ૧૬ મો આયત ૨૯ મી.)

જે આત્મા તે દીવસે ગમી સીવાય બીજું કરશે તેને કોમમાંથી (દૂર કરી) તેનો નાશ કરીશ.

(અહબાર બાબ ૨૯ મો આયત ૩૦ મી.)

(ખુદાએ હ૦ મુસાને ફરમાન કર્યું) યહુદીઓના સાતમા મહીનાના નવ દીવસો પુરા થતાં તે સાંજથી દસમી તારીખની સાંજ સૂધી સખત ગમ કરી શોક પાળો, કેમકે તે દિવસ ગમ અને મુસીબતનો છે (મોહબ્બતની) અગ્નિ તૈયાર કરી ખુદાની હજુરમાં (આંસુની) કુરબાની પેશ કરો.

(અહબાર બાબ ૨૩ મો આયત ૨૭ મી.)

તે દીવસે કોઇ કામ કરો નહિ, કેમકે તે દીવસ ગુફરાન (બખશીશ આપવાનો, ક્ષમાનો) દીવસ છે.

(અહબાર બાબ ૨૩ આયત ૨૮ મી.)

ઉપલા ફરમાનો તવરેત અને ઇનજીલમાં ભવિષ્યવાણી રૂપે આપવામાં આવેલ છે, તો તે સાતમા મહીનાની દસમી તારીખે કેવો ગંભીર બનાવ બનવા પામ્યો, જેના માટે શોકાતુર રહી દરેક કામધંધાને તજી, પવિત્ર બેઠકોમાં ભેગા મળવાને

અને શોક પાળવાને કહેવામાં આવ્યું છે. બેશક તે ગમીનો દીવસ ઇમામે હુસયનની શહાદતના દીવસ માટેની ભવિષ્ય વાણી છે, જે શહાદતની મહત્વતા દેખાડવા ખાતર અગાઉથી ખુદાએ પોતાના પયગંબરોને હુકમ આપેલ, કે તેઓ પોતપોતાની ઉમ્મતને ખબર કરે અને ઇમામે હુસયનની અઝાદારી કરવાનો હુકમ આપે. સને ૬૧ હીજરી મોહર્રમની દસમી તારીખ આશુરાના દીવસે, યહુદીઓની કઇ તારીખ હતી અને તે તારીખને આશુરા સાથે કેટલો ઘાડો સંબંધ છે એ સમજાવવા અર્થે તેનો કોઠો નીચે આપીયે છીયે. જેથી ખાતરી થશે કે તવરાત અને ઇનજીલમાં સાતમા મહીનાની દસમી તારીખે જે ગમ કરવાના માટે હુકમ થએલ છે તે ગમે હુસયને મઝલુમ છે.

વાર.	ઇ. સન ૬૮૦ સપટેમ્બર મહીનો.	મુહર્રમનો મહીનો સને ૬૧ હીજરી.	યહુદીયોનો સાતમો મહીનો જેને તહુસરી અથવા અહાનીમ કહે છે સને ૪૪૨૮.
સઉને	તારીખ ૨૯ મી	તારીખ ૧ લી	તારીખ ૧ લી
રવેઉ	,, ૩૦ ,,	,, ૨ જી	,, ૨ જી
સોમ	અકટોબર તા. ૧ લી	,, ૩ જી	,, ૩ જી
ભોમ	,, ,, ૨ જી	,, ૪ થી	,, ૪ થી
બુધ	,, ,, ૩ જી	,, ૫ મી	,, ૫ મી
ગરેઉ	,, ,, ૪ થી	,, ૬ ઠી	,, ૬ ઠી
શુક્ર	,, ,, ૫ મી	,, ૭ મી	,, ૭ મી
સનેઉ	,, ,, ૬ ઠી	,, ૮ મી	,, ૮ મી
રવેઉ	,, ,, ૭ મી	,, ૯ મી	,, ૯ મી
સોમ	,, ,, ૮ મી	,, આશુરા	,, ૧૦ મી

પંચાંગના હીસાબથી, કરન વીગેરેની ગણુતરી મુજબ તારીખો સિધ્ધ કરી આપવામાં આવેલ છે, જે અઘરો હીસાબ હોવાથી અને વાંચનારના મ્હોટા ભાગની સમજથી બાહેર હોવાથી અમે લખતા નથી. અમારે એ પણ જણાવવું જોઇએ

કે ઇસ્લામી મહીનાની શરૂવાત ચાંદ દેખાવાથી થાય છે, એજ પ્રમાણે યહુદીઓનો મહીનો પણ ચાંદ દેખાતાં શરૂ થાય છે.

યહુદીઓમાં એવા ઘણા પવિત્ર દીવસો છે, જે દીવસોમાં જુદા જુદા પ્રકારના આમાલ (ક્રીયાઓ) થાય છે, પણ જેવી રીતે સાતમા મહીનાની દસમી તારીખે શોક પાળી કામકાજ બંધ કરી ગમગીન રહેવાનો હુકમ થયલો છે, તે મુજબ બીજા કોઇ પણ અવસર માટે નથી. વળી તે સાતમા મહીનાની દસમી તારીખે (ઇમામે હુસયનની અઝીમ શહાદત શિવાય) બીજો કોઇ મહત્વતા ભરેલો બનાવ બન્યો હોય અને તેના માટે શોક પાળવાનો હુકમ થયેલ હોય એ યહુદી અથવા નસારા જણાવી શકયા નથી, તેથી અને ઉપર આપેલા કોઠા તરફ નજર કરતાં સિધ્ધ થાય છે કે તે ગંભીર બનાવ જેની ખબર તવરેત અને ઇનજીલમાં આપવામાં આવી છે તે આશુરાના ભયંકર બનાવ શિવાય કોઇ પણ બીજો બનાવ હોઇ શકેજ નહિ.

કેટલાંકો (માત્ર ગમે હુસયનને તોડી પાડવા અર્થે) એમ કહે છે તે યહુદીઓના સાતમા મહીનાની દસમી તારીખે બની ઇસરાઇલોને ફીરઓનના ઝુલમથી છુટકારો મળ્યો તેથી તે દીવસની મહત્વતા જણાવવામાં આવેલ છે. પણ તે વાત તદ્દન બનાવટી અને બીનપાયાદાર છે, કેમકે બની ઇસરાઇલોને ફીરઓનથી નજાત, યહુદીઓના પેહલા મહીનાની સાતમી તારીખે મળી છે, જે તેઓના ધાર્મિક પુસ્તકોથી સિધ્ધ થાય છે. વળી જે દીવસે મહાન્ સંકટથી છુટકારો મળે અને દુશમન (ફીરઓન) દર્યામાં ડુબી હલાક થઇ જાએ, તે દીવસ ખુશહાલીનો અવસર ગણાય, ન કે શોકનો? અને એવો અવસર દુન્યાના કામ ધંધા મુલતવી રાખવાનો કેમ ગણી શકાય? વળી એ પણ યહુદીઓના ધાર્મિક પુસ્તકોથી જણાય છે કે તેઓને ફીરઓનથી નજાત મળી તે દીવસે ખુશહાલી અને ઇદ કરવાનો હુકમ થયો છે.

આશુરાનો દીવસ ઇસ્લામ અને ઇસ્લામીઓ માટે અત્યંત મુસીબતનો દીવસ છે. તેના બારામાં બીજા ખલીફા હ૰ ઉમરના દીકરા અબદલ્લા ઇબ્ને ઉમરે, યઝીદે મલઉન ઉપર લખેલા

કાગળથી સિધ્ધ થાય છે. તેણે યઝીદને લખ્યું, "અમ્મા બઅદ ફકદ અઝુ મતિરૅ ઝીય્યહુ, વજલ્લતિલ મુસીબહુ, હદસ ફીલ ઇસ્લામ હદસુન અઝીમુન વલાયવમુન કયવ્ર મીલ હુસયન." ઓ યઝીદ, આફતે મ્હોટું રૂપ લીધું અને મુસીબત ઘણી ભારે થઇ ગઇ, ઇસ્લામમાં આથી (હુસયને મઝલુમની શહાદતથી) બીજો કોઇ પણ બનાવ મ્હોટો અને દુઃખદાયક ન હશે અને હુસયનના (આશુરાના) દીવસ જેવો કોઇ (અત્યંત દુઃખદાયક) દીવસ ન હશે.

(તારીખે બલાદરી પેજ ૪૬૨.)

ઇબ્ને અબ્બાસ નકલ કરે છે કે, હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું "ખુદાના તરફથી મારા ઉપર વહય ઉતરી, તેમાં મને કહેવામાં આવ્યું કે યહયા ઇબ્ને ઝકરીય્યા પયગંબરને, ઝાલીમ બાદશાહે શહીદ કરાવેલ તેના બદલામાં સીંતેર હઝાર કત્લ થયા, અને તમારા હુસયનની શહાદતના બદલામાં સીંતેર હજાર અને સીંતેર હજાર લોકો કત્લ થશે.

(મુસતદરીક ઇમામે હાકીમ (એહલે સુન્નત) કૃત.)

આગલા ઝમાનના થઇ ગયલા પયગંબરોની (ગમે હુસયનમાં) અઝાદારી.

હ૦ આદમ જ્યારે જમીન ઉપર આવ્યા ત્યારે બીબી હવાની શોધમાં ચારે તરફ ફરવા લાગ્યા. ઝમીને કરબલા ઉપર પહોંચ્યા તો તેમના દીલમાં એકાએક ઉદાસી છવાઇ ગઇ, પગમાં ઠોકર લાગવાથી પડી ગયા અને પગમાંથી લોહી વહેવા લાગ્યું; તે વખતે ઘણું રડયા અને આસમાન તરફ ઉંચે જોઇ અરજ કરી, બારે ઇલાહા! શું મારાથી કોઇ ગુનાહ થવાથી મને આ જમીન ઉપર આવું દુઃખ ખમવું પડયું? હુકમ થયો અય આદમ! તમે કાંઇ તકસીર નથી કરી પણ આ ઝમીને કરબલા છે અને તે ઉપર મારા હબીબ, પયગંબરે આખેરૂઝઝમાનના નવાસા હુસયન ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ થશે અને તેનું લોહી આ જમીન ઉપર રેડાશે, તેથી તમોને આ

ઝમીન ઉપર તકલીફ પહોંચી અને તમારૂં દીલ ગમગીન થયું. હ૦ આદમે અરજ કરી બારે ઇલાહો! તેમને કોણ શહીદ કરશે? હુકમ થયો કે, યઝીદે પલીદ, જે આસમાન અને ઝમીન ઉપર મલઉન તરીકે મશહુર છે. હ૦ આદમે તે મલઉન ઉપર ચાર વખત લઅનત કરી, અને ઇમામે હુસયનની મુસીબત ઉપર ઘણું રડયા.

(નાસીખુત્તવારીખ પેજ ૧૨૨.)

હ૦ નુહની અઝાદારી.

હ૦ નુહ કીશતી ઉપર સવાર થયા અને કીશતી ચારે દિશા તરફ ફરતી, જ્યારે ઝમીને કરબલા પર પહોંચી, તો દર્યામાં તુફાન થવાથી કીશતી ડોલવા લાગી અને હ૦ નુહ તેમજ તેમના સાથીઓને ડુબી જવાની ધાસ્તી ઉત્પન્ન થઇ, તેથી ખુદાની દરગાહમાં અરજ ગુજારી, "ખુદાવંદા! આ ઠેકાણે જે તકલીફ અમોને પહોંચી, એટલી કોઇ જગોએ નથી પહોંચી, તે વખતે હ૦ જીબ્રઇલે આવીને ખબર આપી કે આ જગો (ઝમીને કરબલા) ઉપર પયગંબરે, આખેરૂઝઝમાનના નવાસા હુસયને મઝલુમ શહીદ થશે. હ૦ નુહ અ૦મે પુછયું કે તેમનો કાતીલ કોણ હશે? હ૦ જીબ્રઇલે અરજ કરી યઝીદે મલઉન, જેના ઉપર સાતે ઝમીન અને આસમાનના લોકો લઅનત કરે છે, તે તેમનો કાતિલ થશે. હ૦ નુહ અ૦મે, યઝીદ ઉપર ચાર વખત લઅનત કરી અને હુસયને મઝલુમની મુસીબત ઉપર ઘણું રડયા.

(નાસેખુત્તવારીખ પેજ ૧૨૨.)

હ૦ ઇબ્રાહીમની અઝાદારી.

હ૦ ઇબ્રાહીમ પયગંબર ઘોડા ઉપર સવાર થઇ મુસાફરી કરતા હતા, ઝમીને કરબલા આગળ પહોંચતાં તેમના ઘોડાએ તોફાન શરૂ કર્યું, અને તેમને જમીન ઉપર ફેંકી દીધા, તેથી હ૦ ઇબ્રાહીમને ઇજા થઇ અને માથામાં લાગવાથી લોહી જારી થયું. તેથી ઇસતીગફાર (તૌબાના કલામ) ઝબાન ઉપર લાવીને ખુદાની દરગાહમાં અરજ કરી, "બારે ઇલાહા મારાથી કોઇ

તકશીર થએલ છે, કે જેથી મારા ઉપર આ મુસીબત આવી પડી? તે વખતે હ૦ જીબ્રઇલે આવીને અરજ કરી યા નબીયલ્લાહ! તમારાથી કોઇ ગુનાહ થએલ નથી. આ ઝમીન ઉપર ખાતેમુલ અંબીયાના નવાસા, ભારે દુઃખો ઉઠાવી ત્રણ દીવસના ભૂખ્યા શહીદ થશે. હ૦ ઇબ્રાહીમે પુછયું, તેમને કોણ કોણ શહીદ કરશે? હ૦ જીબ્રઇલે અરજ કરી યઝીદે પલીદ જેના ઉપર આખી ખુદાની ખલકત લાઅનત કરશે. આ સાંભળીને હ૦ ઇબ્રાહીમ, ઇમામે હુસયનની મુસીબતો યાદ કરી ઘણું રડયા અને યઝીદે પલીદ ઉપર લાઅનત કરી, તે વખતે ઘોડો ટટાર થયો. આપે તે જાનવરને પુછયું કે શા માટે તેં મને જમીન ઉપર પટકયો, અને મારી બદદુઆથી ન ડર્યો? તે ઘોડાને વાચા આવી અને અરજ કરી, યા નબીય્યલ્લાહ તમારા માટે હું સદા મગરૂર છું, અને તમારી સેવામાં ફખર માનું છું, અને મારાથી જે બેઅદબી થઇ તેના માટે ઘણો શરમીંદો છું, પણ યઝીદે મલઉનના, હુસયન અ૦ ઉપર ઝુલ્મથી મારી એવી (બેખુદીની) હાલત થઇ; ખુદા એ યઝીદે પલીદ ઉપર લાઅનત કરે.

હ૦ ઇસમાઇલની અઝાદારી.

એક વખત ફુરાત નદીને કાંઠે હ૦ ઇસમાઇલના ઘેટાં ચરતાં હતાં. એકાએક રબારીએ આવી ખબર આપી કે ઘેટાં પાણી પીતાં નથી અને પાણીથી મ્હોઢું ફેરવી લ્યે છે. હ૦ ઇસમાઇલને તેથી ઘણી અજાયબી ઉપજી અને દરગાહે બારી તઆલાથી તેનું કારણ જાણવા ચાહ્યું. હ૦ જીબ્રઇલે આવીને અરજ કરી કે પાણી ન પીવાનું કારણ એજ જાનવરોને પુછીને વાકેફ થાઓ, અને તે જાનવરોને પુછયું તો ખુદાના હુકમથી તેઓને વાચા આવી અને અરજ કરી, યા નબીય્યલ્લાહ! અમારા જાણવામાં આવ્યું છે કે, આ નદીના કીનારે હુસયને મઝલુમ પયગંબરના નવાસા ત્રણ દિવસના ભૂખ્યા અને પ્યાસા શહીદ થશે તેથી અમોએ મઝલુમની મુસીબતને લીધે પાણી પી શકતા નથી. હ૦ ઇસમાઇલે પુછયું કે તે મઝલુમને કોણ કત્લ કરશે

તે જાનવરોએ અરજ કરી કે આસમાન અને ઝમીનમાં મલઉન થયલો યઝીદે પલીદ આ સાંભળી હ૦ ઇસમાઇલ ઘણું રડયા અને યઝીદે પલીદ ઉપર લાઅનત કરી.

એ શિવાય હ૦ સુલયમાન, હ૦ મુસા, હ૦ ઇસા વીગેરે પયગંબરો, એ ગંભીર દુઃખદાયક બનાવને યાદ કરી રડતા હતા, અને યઝીદ ઉપર લાઅનત કરતા હતા, જે વધુ લંબાણ થવાની બીકથી લખતા નથી. હવે અમે ઇમામે હુસયનની મુસીબતમાં રડવા અને માતમ કરવાના બારામાં આવેલી મશહુર હદીસો, જે પયગંબર અને ઇમામોથી વારીદ થયેલ છે તેમાંથી થોડી અત્રે લખીયે છીયે, જેથી જેઓ રડવાને બેસબ્રી અને તે વિશે ઇમામોએ મનાઇ ફરમાવેલી (મનઘડત) હદીસો આપી અઝાદારી બંધ કરવા તનતોડ કોશીશ કરી રહ્યા છે તેઓનું પોકળ સાબીત થાય.

હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું કે મારી ઉમ્મત મારા હુસયનની અઝાદારી દર વર્ષે કરશે, અને જે મુઅમીન મારા હુસયનની મુસીબત ઉપર રોશે તે કયામતના દહાડે ખુશહાલ અને હસતો દેખાશે.

(નાસીખુત્તવારીખ પેજ ૪૧૫.)

હ૦ અમીરૂલ મોઅમીનીન અલી અ૦, કરબલાની જમીન ઉપર પહોંચ્યા ત્યારે ઘણું રડયા, અને તેમના સાથીઓ પણ રોવા લાગ્યા.

(મુસનદે અહમદે હંબલ ભાગ પહેલો પેજ ૮૫.)

ઇમામ હસને મુજતબા અ૦એ ફરમાવ્યું કે, "જે કોઇ શખ્સની આંખોમાંથી અમારી મુસીબત યાદ કરીને આંસુનું એક ટીપું પડશે તો ખુદાવંદે કરીમ તેને બેહીશતમાં જગો આપશે."

(શરહે મીશકાત, મુલ્લાં અલીકારી જીલ્દ પાંચમો પેજ ૬૦૪.)

એક દિવસે ઇમામ ઝયનુલ આબેદીન અ૦એ પોતાના મઝલુમ પિતાની મુસીબતને યાદ કરી પાઘડી માથા ઉપરથી ફેંકી દીધી, અને ઘણા બેચેન થઇ ગીરેબાન ફાડયા.

(મવાદેબે રવઝા.)

જે કોઇ શખસ ઇમામે હુસયનની મુસીબતમાં રોવે અને તેની આંખોમાંથી આંસુનું ટીપું જારી થાય તો ખુદાવંદે કરીમ તેને બેહીશતમાં જગો આપશે.

(મુસનદે ઇમામ અહમદ ઇબ્ને હંબલ.)

એહલે સુન્નતના શાફઇ મઝહબના ઇમામ (ઇમામ શાફઇ) મઝલુમે કરબલાની મુસીબતોનો મરસીયો કહેલ છે જેની થોડી લીટીઓનો તરજુમો આપીયે છીયે.

"ઝમાનાની ગરદીશના લીધે (દુન્યાના ચક્રથી) મારી ઉંઘ, મેં ખોઇ નાખી છે, અને મારા વાળ સફેદ થઇ ગયા છે.– ફરીવાર મારી મુસીબતોએ હુમલો કર્યો, મારૂં દીલ પીગળી ગયું અને મારી આંખો ઉંઘના અભાવે જાગૃત રહી ગઇ,–આલે મુહમ્મદ સ૦ (ની મુસીબતોને લીધે) આખી દુન્યામાં એવો ઝલઝલો (ધર્તીકંપ) થયો ને નજદીક હતું કે મ્હોટા મ્હોટા પહાડો પોતાની જગોથી હલી જાય. કોણ છે કે જે મારો આ સંદેશો ઇમામે હુસયન અ૦ પાસે પહોંચાડે. જો કે લોકો તેથી અણગમો રાખે (તોય શું થયું) આહ હુસયન અ૦ વગર વાંકે શહીદ થયા. અને તેમના લોહીથી તેમનું પહેરણ અરગવાના રંગથી રંગાઇ ગયું–અફસોસ! પયગંબર ઉપર દુરૂદ અને સલવાત મોકલવામાં આવે, અને તેમનાજ નવાસા ઉપર તલવાર ચલાવવામાં આવે. જો આલે રસુલની મોહબ્બત (રાખવામાં) ગુનાહ હોય, તો હું એ ગુનાહ માટે કદી પણ તવબા (પસતાવો) કરવાવાળો નથી. તેઓજ તો કીયામતના દહાડે મ્હારી શીફાઅત ફરમાવશે, અને (એ છતાં) તેઓની મોહબ્બત શાફઇ (મારા) માટે ગુનાહ સમજાય છે.

ઉપલી હદીસો, અને શાફઇના કા૦યોથી સ્પષ્ટ થાય છે કે, ઇમામે હુસયનની અઝાદારીથી ખુદા અને તેના રસુલ, તેમજ ઇમામો રાજી અને ખુશી થાય છે. અને કીયામતના દહાડે છુટકારો પામવા માટે, ઉમદામાં ઉમદા અમલ છે.

પ્રકરણ પાંચમું.

ઇમામે હુસયન અ૦ની અઝાદારી પ્રત્યે આગાખાની મિશનરીઓની વિરૂદ્ધતા.

ઇમામે હુસયન અ૦ની અઝાદારીમાં અઝાદારો રડે છે અને માતમ સીનાઝની કરે છે તે પ્રત્યે એહલેબયતે રસુલના દુશમનો–ખારજીઓ–અનેક પ્રકારના બીનપાયાદાર એઅતેરાઝો કરી અઝાદારી બંધ કરવાના સતત્ પ્રયત્નો આદરી રહ્યા છે. ઉરદુમાં કેટલીક મુદતથી દરેક મોહર્રમના ટાંકણે હિન્દુસ્તાનમાં એવા ખારજીઓએ, હેન્ડબીલો, પેમ્ફલેટો અને રિસાલા બાહેર પાડી અઝાદારી અટકાવવાની કોશીશ મક્કમપણે ચાલુ રાખી છે, પણ હાલમાં અમુક આગાખાની બીરાદરો અઝાદારીની વિરૂધ્ધતા દેખાડી પેમ્ફલેટો અને રિસાલા બાહેર પાડી, રડવું પીટવું હરામ છે, શરા વિરૂધ્ધ છે અને ઇમામોએ મના કરી છે વીગેરે ખોટી હદીસો અગર તેના ઉંધા અર્થ કરી અઝાદારી અટકાવવા ફોકટની કોશીશ કરી રહ્યા છે, તેનું ખરૂં કારણ દેખાડી આપવા તેમજ તેઓ તરફથી મૂકવામાં આવતા આક્ષેપોનો ખુલાસાવાર જવાબ આપવા માંગીયે છીયે.

આગાખાની લેખકો અને મીશનરીઓ તરફથી અઝાદારીની વિરૂધ્ધમાં જે કાંઇ કહેવામાં આવે છે તેનો સાર એ છે કે:—

"અને તેવી સમજની ગેરહાજરીમાં ઇસના અશરીઓ આમ ઇસ્લામથી વિરૂધ્ધ રીતે અલી ને હુસેન માટે માતમ કરે છે, કુટે છે, પીટે છે."

(વરતેજીનું વીલ પેજ ૧૭૨.)

"શું ઇમામ હુસૈયન કે અલીએ કે પયગંબરે અને જેનુલઆબેદીને અથવા મોહમદ બાકર કે સાદીકે કે કોઇ ઇમામે ઇમામ હુસયન પાછળ છાતી કુટવી પીટવી એમ ફરમાવેલું

છે? જો નથી ફરમાવ્યું તો પેહલે શા માટે એ રિવાજને બંધ કરવામાં કોશીશ કરતા નથી?*

(વરતેજીનું વીલ પેજ ૨૧૦.)

"ઉસુલ કુલેની જીલ્દ બીજામાં લખે છે કે રસુલ સલલ-લ્લાહે અ૦ સ૦ ફરમાવ્યું છે કે, દરેક મુસલમાનને કોઇ પણ મુસીબત વખતે પોતાની જાંગ ઉપર હાથ મારવો વાજીબ નથી એમ કરવાથી તેઓના નેક અઅમાલ બરબાદ થઇ જવાનો સંભવ રહે છે."

(ખોજા ઇસ્ના અશરીઓને અર્પણ આવૃત્તિ બીજી પેજ ૨૧.)

નોટઃ-ઉરદુમાં કોઇ ખારજીની બુકમાંથી ઉતારો લઇને પોતાની બુકમાં દાખલ કરતી વેળા લખનારને તપાસ કરવાની પુરસત મળેલી જણાતી નથી. મૂળમાં કીતાબનું નામ ખરૂં ન હોય તો પેજના નંબર અગર ખરી ઇબારત તો કયાંથી મેળવી શકે, જે ખરૂં ખોટું આવ્યું તે લખી છપાવીને લેખક બની અઝાદારીની વિરૂધ્ધતા દેખાડવાથીજ તેમની મતલબ રહી. વળી 'વાઝીબ નથી'ના શબ્દો મનન કરવા લાયક છે. કેમકે વાજીબ ન હોય તો જરૂર મુસતહબ ગણી શકાય. ઉપરાંત મજકુર હદીસ જો ખરી હોય તો કેવા પ્રસંગે તેના ઉપરે અમલ થઇ શકે છે અને અપવાદ તરીકે બીજી હદીસો સાથે મેળવીને તેનો સાર શા માટે આવા અઝાદારીના વિરોધીઓ દેખાડતા નથી? એજ પ્રમાણે મજકુર અર્પણમાં સાત હદીસો તથા ઉતારા આપીને કાળાં કપડાં દોઝખીઓનો પેહરવાસ છે, મેંહદી કરવી-સબીલ બનાવવી ઇસ્લામના કાયદા પ્રમાણે (ફરીથી એજ નમુનેદાર શબ્દ) "વાઝીબ નથી" વી. ઢંગધડા વગર તેમજ

---

* અઝાદારીની વિરૂદ્ધતા દેખાડવાના આવેશમાં વરતેજી હ૦ રિસાલત મઆબ સ૦ અને ઇમામો અ૦ના પવિત્ર નામો જે તોછડાઇથી લખેલ છે એજ મુજબ નામદાર આગાખાનનું નામ લખવાને કોઇ પણ આગા-ખાની બીરાદર હિંમત કરી શકે નહિ તેથી સિધ્ધ થશે કે, આ વરતેજી જેવાઓ માત્ર અઝાદારીના વિરોધી નથી પણ તેઓ જે ૭ ઇમામોને માને છે તેઓના પણ દુશ્મન છે.

અસલ ઇબારત અગર પેજ આપ્યા વિના જેમ ફાવ્યું તેમ લખી નાખવામાંજ લેખકે મોટાઇ માની છે.

અહીં અમો મજકુર અર્પણમાંથી એક બીજી હદીસ લખીએ છીએ જેથી વાંચનારને ખાત્રી થશે કે, અઝાદારીની વિરૂદ્ધતા દેખાડવાના આવેશમાં તેઓ શું લખે છે તેનું એ તેઓને ભાન રેહતું નથી.

"(૨) કિતાબ કુલેની અલહુજ્જતમાં ઇમામ ઝયનુલ આબેદીનથી રીવાયત છે કે બાઇઓ આંખોમાંથી આંસુ નીકળે તેટલું રડવું નહિ જોઇએ અને ફરયાદ જેવા શબ્દો મોઢામાંથી નીકળવા ન જોઇએ."

(અર્પણ આવૃત્તિ બીજી પેજ ૨૧.)

આંખમાંથી આંસુ નીકળે તેટલું રડવું નહિ એ કોઇ અભણ જંગલી, ગમાર પણ ન લખી શકે, પણ તે ઇમામના નામથી ટાંકી બતાવતાં લખનારને કશો વિચાર આવ્યો નહિ તે માટે ખેદ ઉત્પન્ન થાય છે. આંસુ પાડયા વગર રડવાનું કહેવું એ રડવાનો અર્થ હસવાના ઠર્યા જેવું ગણાશે, અને સ્ત્રી વર્ગને આંસુ પાડયા વગર રડવાને કહેવું એ ઇન્સાનની લાગણી (મનુષ્યવૃત્તિ) થી નાવાકેફ હોય એજ કહી શકે. એવી નક્કામી અને ખોટી દલીલોથી ઇમામે હુસયનની અઝાદારી તોડી પાડવાની વ્યર્થ કોશીશ કરી બડાઇ હાંકનાર અને અઝાદારો કનેથી ખમકોકી જવાબ માંગનારની તુલના કરી ઇનસાફ કરવા વાંચનારનેજ સોંપીશું.

પયગંબર સ૦ અને ઇમામોની હદીસોથી અઝાદારીમાં રડવું પીટવું, કાળાં કપડાં પહેરવાં વીગેરે સાબીત કર્યા અગાઉ અમારા આગાખાની ભાઇઓમાં જે મુઠ્ઠીભર લેખકો અને મીશનરી સાહેબો અઝાદારીને તોડી પાડવા કમરકસી વ્યર્થ કોશીશ કરી રહ્યા છે અને તેઓનાજ આગાખાની દીનબંધુઓ ઇમામ હુસયનની અઝાદારી કરી ઇમામો પ્રત્યેની ખરી મોહબ્બત અને વફાદારી દેખાડતા રહ્યા છે, તે પ્રત્યે બળાપો ઝાહેર કરી તેઓને રોકી રહ્યા છે. તેઓને તેઓના એઅતેરાઝો અને આક્ષેપોના જવાબો તેઓના પોતાનાજ પુસ્તકો અને તેઓનીજ

રીતરીવાજોના દાખલા આપી સંતોષકારક જવાબ આપવા માંગીએ છીએ. તેથી જો તેઓ તઅસ્સુબનાં ચશમા દૂર કરી ઇન્સાફની નજરથી નીહાળશે તો તેઓને ખરી હકીકત જણાતાં વીલંબ લાગશે નહિ. પણ અમોને તેઓના બારામાં ઘણી થોડી આશા છે, કેમકે તેઓ જાણીજોઇને અઝાદારી ઉપર ખોટા આક્ષેપો મૂકી, માત્ર દીને ઇસ્લામનું ખરૂં શિક્ષણ આગાખાની ભાઇઓમાં ફેલાતાં અટકાવવાનોજ ઇજારો લઇ બેઠા છે. છતાં અમારા તે આગાખાની બીરાદરોને, જેઓ હુસયન અ૦ના અઝાદાર છે, તેઓને અમારી આંએ કીતાબમાંથી ઘણો લાભ થશે અને અઝાદારી પ્રત્યેની તેઓની ફીદાગીરીમાં અને ઉત્સાહમાં ઘણો વધારો થશે એવી અમારી આશા છે.

આગાખાની લેખકો અને મીશનરી સાહેબો ઇસ્ના અશરી ભાઇઓની સામાન્ય માન્યતાની અનેક બાબતો પડતી મેલી માત્ર અઝાદારી પાછળ મંડી પડયા છે, તથા પોતાની અનેક શીર્કભરેલી માન્યતાઓ ઉપર મૂકવામાં આવતા આક્ષેપોનો જવાબ આપવાના અખાડા કરી, અઝાદારી બંધ કરવા અને અટકાવવા ખારજીઓની મદદ મેળવતા રહ્યા છે, તેનું ખરૂં કારણ શું છે તે પ્રથમ તપાસીએ.

કોઇ પણ આગાખાની બીરાદર, હિન્દુ—નસારા, યહુદી, પારસી, અથવા ઢેડ ચમારના ઘરે જાય, તેના હાથનું ભોજન જમે અગર તેઓના ધાર્મિક સ્થળોમાં જાય, તો તેના બારામાં સદરહુ લેખકો અગર મીશનરી સાહેબોને કશું બોલવાનું નથી—એટલુંજ નહિ પણ કોઇ પણ પરધર્મિ પુરૂષ—જમાતખાનામાં દાખલ થાય અને તે ચાલુ ક્રિયા ટાણે (માત્ર તમાશો જોવા સારૂ) આવે તો તેને અટકાવનાર કોઇ પણ નથી—જ્યારે તેમનાજ ઇસ્ના અશરી ખોજા ભાઇઓ જેઓ એકજ દેશ, કૌમ અને કુટુંબકબીલાના—બલકે નજીકના સગા હોવા છતાં તેઓની સાથે બેસી જમણ લેવાને (પછી કોઇ ઇરાનીની હોટલમાં કેમ ન હોય) અગર તેઓને ઘેર જઇ (પોતાના માબાપ, ભાઇ, બહેન વી. ની) શાદી ગમીમાં ભાગ લેવા માટે અથવા તેઓના ધાર્મિક સ્થળોમાં દાખલ થવાની સખત મનાઇ કરવામાં આવે છે.

એટલુંજ નહિ પણ તે માટે સખતમાં સખત સજા કરવાના કાયદાઓ અને ધોરણો પસાર કરવામાં આવ્યાં છે. એટલી બધી સખતી રાખવાનું (તે પણ માત્ર તેમના ઇસ્ના અશરી ભાઇ સાથે સંબંધ રાખવા સંબંધી) કોઇ જરૂર સંગીન કારણ હોવું જોઇએ, નહિ તો બાપ–દીકરા–ભાઇ–બહેન–વર–વહુ વચ્ચે જુદાઇ કરી, દયાહિણ અને જુલમી હુકમો બાહેર પાડી વગર કારણે વેર વધારવાનું પસંદ કરે એટલી હદ સૂધી અમારા આગાખાની ભાઇઓની જમાતના અગ્રેસરો જંગલી અને ક્રૂર હોઇ શકેજ નહિ.

ઉપલી પોલીસી તેઓ વહાબી, ખારજી, અને એહલેબયતના દુશમનો કનેથીજ શીખ્યા છે, કેમકે તેઓ પણ પોતાના ખારજી ભાઇઓને એમજ સૂચવે છે કે, રાફઝી સાથે ઉઠવું બેસવું નહિ, તેઓની કીતાબો વાંચવી નહિ, અને તેઓની મજલીસોમાં જવું નહિ. કેમકે તેઓની સાથે હેત વધારવાથી આપણા દીલમાં સહાબીઓ પ્રત્યે અભાવ અને કીનો ઉત્પન્ન થાય છે. જેમકે ઇમામ ગઝાલીએ કહ્યું છે કે, "વાએઝોના માટે ઇમામ હસન અને ઇમામ હુસયનની મુસીબતનું બયાન કરવું હરામ છે, કેમકે તેથી સહાબીઓ પ્રત્યે દુશમની ઉત્પન્ન થાય છે."

જેવી રીતે સાધારણ મુસલમાન, ઇમામ હુસયન અ૦ની અઝાદારીમાં શામીલ થવાથી (ઇમામ હુસયન અ૦ની શહાદતનું ખરૂં કારણ સમજી) નામના સહાબીઓથી ફરી જઇ દીને બરહક મઝહબે એહલેબયત ઇખ્તેયાર કરે છે, એજ મુજબ આગાખાની લેખકો અને મીશનરી સાહેબોને બીક છે (અને તે ખરી બીક છે) કે જો અમારા દીનબંધુઓ ઇસ્ના અશરી ભાઇઓ ભેગા ભળી જઇ, ઇમામ હુસયનની અઝાદારીમાં શામીલ થશે તો ખુદા અને તેના રસુલના ખરા અહકામો તેઓના સાંભળવામાં આવશે, અને પીરોના નમાઝ, રોઝા વીગેરે વિષેનાં ફરમાનો (ના. હાલના આગાખાન સાહેબ કૃત, ખોજા કોમનાં મૂળ તત્વો) થી વાકેફ થતાં, શિર્ક અને અવતાર વીગેરેની માન્યતા, જે તેઓને સમજાવવાની કોશીશ થઇ રહી

છે, તે ઇસ્લામના મઝહબથી ખીલાફ સાબીત થતાં તેઓ ખરા મુસલમાન અને એહલેબયતે રસુલના મુહીબ થઇ ઇસ્ના અશરી ટોળામાં ભળી જશે. એટલાજ માટે તેઓ અઝાદારીની વિરૂધ્ધમાં તનતોડ કોશીશ કરી રહ્યા છે. નૂરબાગમાં થતી મજલીસો અને આસરા કંપનીવાળાઓના ભવ્ય મંડપમાં થતી અઝાદારી તેઓથી જોઇ શકાતી નથી—ત્યારે જાળી, ઝુમર અને કોરમાં કબાબ તથા બીર્યાની વીગેરેના દાખલાઓ બળતરાના આવેશમાં આપી ભોળા ભાઇઓને અઝાદારીમાં ભાગ લેતા અટકાવવાની વ્યર્થ કોશીશ કરી રહ્યા છે. પણ જેમ જેમ તેઓની કોશીશનું પ્રમાણ વધે છે, તેમ તેમ અમારા દાનેશમંદ અને હુસેયનના ખરા આશીક આગાખાની ભાઇઓમાં અઝાદારીનો જોશ વધતો રહેશે. કેમકે ઇમામે હુસયનનો ગેબી હાથ તેમના ઉપર છે જેમની સત્તા આગળ આખી દુન્યા માથું નીચું નમાવી રહી છે.

હવે અમો અમારા આગાખાની બંધુઓને જણાવીશું કે ઇસ્ના અશરીઓ અઝાદારી કરવામાં કાંઇ પણ ઇસ્લામ વિરૂધ્ધ કરતાજ નથી. એટલુંજ નહિ બલકે આગાખાની તરીકામાં પણ અઝાદારીને અગ્રસ્થાન આપવામાં આવેલ છે. ફાતીમી ખલીફાઓના નામથી જે વંશે તરક્કી પકડેલ તે પણ અઝાદારીનાજ પ્રતાપથી! એ બારામાં ખ્વાજા હસન નીઝામી શું લખે છે, તે ધ્યાનપૂર્વક વાંચવાને અરજ કરીએ છીયે.

(૧) "ઇસમાઇલી શીઆને ઇરાનમેં ઇસકીસમકી તરકીબોસે બહોત ફાયદા ઉઠાયા થા. મીo બ્રાઉનકી કીતાબ હિસ્ટ્રી ઓફ પરશીયાકા વોહ હિસ્સા ખારેજ કરદીયા જાય જીસ્મે ઇસમાઇલોં પર લઅનતઅન કીયા ગયા હય તો વાકેઆતકા ખુલાસા સબ બતા દેગા કે ઇસમાઇલીઓંકી પોલીટીકલ તેહરીકોને ઇશાઅતે ઇસ્લામકા બહોત બડા કામ કીયા ઓર વોહ કામ જીયાદેતર ગમે હુસયનકે ઝરીએસે પુરા હુવા. હઝરતે ઇમામ હુસયનકા ગમ સાલકે સાલ હર મોહર્રમ કે મહીનેમેં તાઝા હોતા થા ઓર ઉનકી મુસીબતોકી દાસતાને મઝહબી મજલીસકી સુરતોમે ઇસ દર્દો સોઝમે બયાન કી જાતીથી કે સબ

મુસલીમ વ ગૈર મુસ્લીમ કલેજા થામ કર સુનતે થે ઓર ઝારો કતાર રોતે થે."

(ફાતમી દાઅવતે ઇસ્લામ પેજ ૧૧૮.)

ઉપલા લેખથી સ્પષ્ટ થાય છે કે ઇસમાઇલીઓની તરક્કી, હ૦ ઇમામ હુસયન અ૦ની અઝાદારીનેજ આભારી છે અને હવે તેઓની પડતી પણ એજ અઝાદારીને બંધ કરવાની કોશીશનેજ આભારી થશે.

(૨) નામદાર આગા હુસનઅલી શાહે 'ઇબ્રત અફઝા' પોતાના હાથે લખેલ છે, જેમાં ખુદ તેઓ નામદાર અઝાદારી કરતા હતા એવી સાબેતીઓ મૌજુદ છે, જેમ કે:—

"ત્યાર બાદ હું અંજાર તરફ રવાના થયો અને તે તરફના પ્રગણાની જમાતના કામકાજ પાર પાડયા પછી હાલાર તથા કાઠીયાવાડ તરફ રવાના થયો, ને માહે મોહર્રમ સને ૧૨૬૧ હીજરીમાં જનાબ અબા અબદીલ્લા (ઇમામે હુસયનનું લકબ)ની તાઝીયાદારીની રસમ જામનગર મધે બજાવી લા૦યો."

('ઇબ્રતે અફ્જા' ગુજરાતી તરજુમો પેજ ૭૦–૭૧.)

(૩) નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ, જે મી. નવરોજજી માણેકજી દુમસ્યાએ પ્રગટ કરેલ છે, અને જેમાંની વિગતો મોટે ભાગે કાસમભાઇ મુસા તરફથી મળવા પામેલ એમ કર્તાએ જણાવેલ છે, તે પુસ્તકમાં અઝાદારી વિષે નીચે મુજબ લખે છે:—

"મોહર્રમની દસમી તારીખ, જે દિવસે હ૦ હુસયને આવી મરદાનગીથી દીન ઉપર જાન ફીદા કરી તે દિવસને ભારે ગંભીર ક્રિયાઓથી પાળવામાં આવે છે, જ્યારે ચુસ્ત શીઆઓ ખરેખરાં દુઃખની લાગણીથી આંસુઓ વરસાવતા અને લોહી નીકળે ત્યાં સૂધી છાતી કુટતા વરસો વરસ હુસેયનની પવિત્ર યાદમાં માતમ જારી રાખે છે."

(પેજ ૪૮–૪૯.)

(૪) ઇ. સ. ૧૯૦૮ માં હાજીબીબીએ ના. આગાખાન વગેરે ઉપર વારસા હિસ્સાનો મુકદમો મુંબઇની હાઇકોર્ટમાં

માંડેલ તેમાં જે જુબાનીઓ આપવામાં આવી હતી તેમાં નીચે મુજબની હકીકત નજરે પડે છે:—

૧. ના. આગા હસનઅલી શાહ મોહર્રમના દિવસોમાં જમાતખાનામાં ફારસીમાં રોઝાખાની કરાવતા તેમાં પોતે જાતે શરીક થતા હતા.

૨. ના. આગા અલી શાહના વખતમાં ફારસી રોઝાખાની હસનાબાદમાં થતી હતી અને ખાનામાં સીંધી ભાષામાં કીસ્સો પઢાતો હતો અને તે બેઉ ઠેકાણે તેઓ નામદાર હાજરી આપતા હતા.

૩. હાલના નામદાર આગાખાન સાહેબે પણ રોઝાખાની અને સીંધી કિસ્સો પઢાતી વખતે હાજરી આપેલ છે.

૪. રોઝાખાની અથવા કિસ્સો પઢવામાં કાંઇ હરકત નથી એમ નામદાર આગાખાન સાહેબે જુબાનીમાં કહેલ છે.

૫. "નમાઝમાં પણ અગર ઇમામ હુસેન અ૦ના ગમમાં તેઓની મુસીબત યાદ આવી જવાના કારણે રોવાનું આવી જાય તો પણ કાંઇ અડચણ નથી.

(નામદાર આગાખાનના હુકમથી પ્રગટ થયેલ 'ખોજા કોમના મઝહબના કેટલાંક મુળ તત્વો' બીજી આવૃત્તિ પેજ ૧૦.)

નોટ:—નામદાર હાલના આગાખાનના સદરહુ પુસ્તકથી ઇમામે હુસયન અ૦ના ગમમાં રડવામાં અડચણ નથી એ સાબીત થાય છે. તે સાથે નમાઝનો હુકમ પણ સાબીત થાય છે જે બન્ને ફરમાનો ઉપર હાલમાં મુદલ અમલ થતો નથી.

૬. પીરશમસના જ્ઞાનોના "વાએકના વેલ" માં અઝાદારોની ફઝીલત વર્ણવામાં આવેલ છે કે,

કાયમ મેહદી જ્યારે જાગશે તંઇએ
પંજતનનો હુકમ એવું થશે

યા અલ્લા હુમારે હુસેનકે ગમ
કરને વાલે પેલાં ભેશતમાં જાશોજી.

(અનવારૂશ્શોહુદ પેજ ૮૦.)

૭. ના. આગા અલીશાહની લાશને કરબલા દફનાવવા સારૂ મોકલવામાં આવેલ તેની હકીકતનું વર્ણન વારસ કાસમભાઇ મુસાફૂત અને આગાખાનીના ચુસ્ત મુરીદ, અલાદીન ગુલામહુસેને છાપેલ પેમ્ફલેટમાં આપવામાં આવેલ છે. તેમાંથી રડવા પીટવા તથા કાળાં કપડાં પહેરવાના રસમો ઉપરે આગાખાની લેખકો તથા મીશનરી સાહેબો ટીકા કરી રહ્યા છે. એ સઘળા રસમો તે સમયના ખોજા આગાખાની ભાઇઓ તથા બેહનો બજાવી લાવેલ તેનું વર્ણન કરવામાં આવ્યું છે જેમાંથી ટુંક નીચે મુજબઃ—

૧. મરહુમના સ્વર્ગવાસ થયાની ખબર આપણા શહેરમાં ફેલાતાં ખોજાઓમાં અતી દીલગીરી ફેલાઇ હતી અને તેઓએ ત્રણ દિવસ સૂધી પોતાનું કામકાજ બંધ કર્યું હતું (પેજ ૬.)

૨. સેંકડો ખોજાઓ આગલી સાંજે પુને નીકળી આવ્યા હતા અને તેઓ સવારેથી મરહુમના બંગલામાં ભેગા થવા માંડયા હતા. લાશને સંદુકમાં બંધ કરવા પછી બંદગી કરવામાં આવી હતી. એ પછી તેને એક પાલખીમાં મેલી સરઘસના આકારમાં સ્ટેશન ઉપર લઇ જવામાં આવી હતી, જે વેળાએ માર્ગમાં ખોજાઓ વિલાપનું ગાયન (નવહા) કરતા ચાલતા હતા. (પેજ ૭.)

૩. લાશને કાળાં કપડાં* થી લપેટવામાં આવી હતી અને તે ઉપર પુલના બેશુમાર હાર મેલવામાં આવ્યા હતા. જે ગાડીમાં .લાશને મેલી હતી તેનેબી કાળાં કપડાંથી લપેટી

* હાલના આગાખાની ભાઈઓના શબ્દોમાં દોજખીઓનાં કપડાં જો કે શીઆ લોકો મુસીબતના વખતમાં કાળાં કપડાં પહેરવામાં જરાએ હરકત સમજતા નથી.

હતી તથા વળી એનજીનની આગલી બાજુએ બે કાળા વાવટા મેલવામાં આવ્યા હતા. (પેજ ૭.)

નોટ:-કાળાં કપડાં તથા કાળા વાવટા એ શોકની નીશા-નીઓ નામાદાર આગા અલીશાહની લાશ ઉપર રાખવું વાજબી ગણાય તો તેથી હજાર વખત હુસયને મઝલુમની શબીહ તાબુત ઉપર અગર અઝાખાનામાં અલમ, પંજા વી. રાખવાની ક્રિયાઓ વાજબી ગણાશે.

૪. સ્ટેશન ઉપર ભેગા થયલા મરદોના કલાંપીત વચ્ચે આ લાશ એક દબદબાવાળા સરઘસના આકારમાં સ્ટેશન ઉપરથી બાહેર લઇ જવામાં આવી હતી. સરઘસની શરૂઆતમાં બે કાળા વાવટાઓ બે માણસો ધરીને ચાલતા હતા. (પેજ ૯.)

નોટ:-આ કલાંપીત આંસુ વગરનું રડવું હશે! કેમકે "ખોજા ઇસ્નાઅશરીને અર્પણ"ના લેખક નવા મીશનરી સાહેબ આંખમાં આંસુ નીકળે તેટલું રડવું નહિનો બોધ આપી રહ્યા છે, તે જરૂર જૂનાં જમાનાની વાત હશે નવી કપોળ કલ્પીત હોયજ નહિ!!!

૫. તેઓની પાછળ મરહુમ આગા અલીશાહના આંઠ સવારીના ઘોડાઓ ચાલતા હતા, જેઓ ઉપર શોકનું કાળું કપડું ઓઢાડેલું હતું. તેમની પાછળ બે મુલ્લાંઓ ઘોડા ઉપર બેસી વાએઝ કરતા ચાલતા હતા. (પેજ ૯.)

નોટ:-અફસોસ! નામદાર આગાખાનની લાશ સાથે તેમની યાદગીરીમાં તેમના આઠ સવારીના ઘોડા કાળાં કપડાંથી સજ થયલા ચાલે, તે પ્રત્યે આગાખાની ભાઇઓનું ધ્યાન ન ખેંચાય પરંતુ હુસયને મઝલુમની યાદગીરીમાં તેમના વફાદાર ઝુલજનાહ ઘોડાની શબીહ, બુસ્તપરસ્તી ગણાય, એ કયાંનો ઇન્સાફ! શું તેથી ઇમામે હુસયન અ૦ પ્રત્યેની અદાવત સાબીત થતી નથી?

૬. તેમની પાછળ નામદાર અલીશાહનો ખાસ સવારીનો ઘોડો તર્દન સોનેરી સાઝ સાથે ચાલતો હતો! અને એક બીજા ઘોડા ઉપર ઢાલ તલવાર વીગેરે લડાઇનાં હથીઆરો ટાંગેલાં હતાં. એની પાછળ ના. આગા અલીશાહની લાશ હતી. અને

એ લાશની પાછળ હજારો મરદો કલાંપીત અને માતમપોશી કરતા હતા. (પેજ ૯.)

નોટઃ–સોનેરી સાઝનો ઘોડો લાશની સાથે! એ શું કહેવાય? શાદીનો અવસર કે ગમીનું ટાણું? કેમકે જાલી ઝુમર–ગાલીચા વીગેરે નૂરબાગમાં જોઇ, મુહર્રમના બદલે છતી આંખે નજરે જોનાર આંધળો બની શાદીનો અવસર કહે છે. જ્યારે હિન્દુ ખ્રીસ્તી વી. પરધર્મિઓ પણ મોહર્રમના મહિનાથી વાકેફ હોય છે, પણ આ ઇસ્ના અશરીઓને અર્પણનો કર્તા, વળી નજરે જોનાર અજીબ પ્રકારનો મુસલમાન દેખાય છે, કે મુહર્રમના મહિનાથી નાવાકેફ પોતાને જણાવે છે અને મજલીસે અઝાને શાદીનું ટાંકણું ગણે છે.

જેવી રીતે નામદાર આગાખાનની જાહોજલાલી દેખાડવા તેમના મોભા અને દરજ્જાને છાજતી રીતે તેમના ઘોડાને સોનેરી સાઝથી સજીને લઇ જવામાં, કોઇ આંધળો શાદીનો અવસર કહી શકે નહિ, એજ મુજબ હુસયને મઝલુમની દરબારના કીમતી સામાનથી કોઇ અક્કલનો ઓથમીર ખુશહાલીની બેઠક કહે તેથી શું થયું?

ઇમામ હુસયનના ગમમાં રડવું પીટવું અગર તાબુત ઝુલજનાહના બારામાં "શું એ હ૦ પયગંબર અથવા ઇમામોના હુકમથી થાય છે?" એવો સવાલ કરનારા આગાખાની લેખકો અને મિશનરી સાહેબો અને નામદાર મિશનરી વરતેજી સાહેબ, ના. આગા અલીશાહની લાશ, સ્ટેશન ઉપર જતી વેળા કરવામાં આવેલી ક્રિયાઓના બારામાં ફરીથી એજ સવાલ મૂકશે કે કેમ?

૭. પુશ્કળ લોક આગબોટ ઉપર જમાવ થયું હતું. તે આવનાર લોકમાંથી કેટલાકો પોતાની શક્તિ ને ભાવ મુજબ સંદુક ઉપર નજર મૂકતા હતા અને દીલોજાનથી પોતાને થતી એ બનાવ માટે દીલગીરીનું રૂદન કરતા હતા. (પેજ ૧૪.)

નોટ:–આ નજરાણું લાશ અગર કબર આગળ રાખવાથી કબરપરસ્તી થતી નથી–પણ ઇમામ હુસયન અ૦ની કબરની ઝીયારત કબરપરસ્તી શા આધારે કેહવામાં આવે છે તે સમજી

શકાતું નથી. તે નામદારના મુરીદો તેમની લાશ આગળ રૂદન કરી મોહબ્બતનાં આંસુ પાડી રહ્યા છે, તો ઇમામે હુસયને મઝલુમની મુસીબતને યાદ કરી તેમના અઝાદારો રૂદન કરી મોહબ્બતનાં આંસુ વરસાવે તેઓના માટે "આંસુ નીકળે તેટલું રડવું નહિ." તે આમ ઇસ્લામથી વિરૂધ્ધ રીતે અલી ને હુસેન માટે માતમ કરે છે, કુટે છે, પીટે છે વીગેરે લખનાર નામદાર આગા અલી શાહ ઉપર રૂદન કરનારને મુસલમાન કે તે શિવાય બીજું કાંઇ ગણે છે.

ઉપલી સાત દલીલો આગાખાનીઓના પુસ્તકોમાંથી આપી લંબાણ થવાની બીકના લીધે ટુંકમાંજ પતાવ્યું છે. એટલાથીજ અમારા આગાખાની ભાઇઓને ખાત્રી થશે કે ઇસ્લામીઓમાં ખુદાના અવલીયા, ઇમામોની મુસીબતને યાદ કરીને રડવાની મનાઇ કરવામાં આવીજ નથી અને રડવું એ ઇનસાનની ફીતરતમાં અને સ્વભાવિક છે (અગર ઇનસાન હોય-જેઓ રડવાની મનાઇ કરે છે અથવા "આંસુ નીકળે તેટલું રડવું નહિ, એમ લખે છે તેઓ ઇનસાનની લાગણી અગર હયસીયત ધરાવતા ન હોવા જોઇએ) તેથી જેઓ રડવાની મનાઇ કરે છે તેઓ માત્ર ઇમામ હુસયનની અઝાદારી બંધ કરવાનોજ ઇજારો લઇ બેઠા છે. એ શિવાય બીજું કંઇ પણ નથી એ સાબીત થાય છે." શાહ અસ્નદઅલીએ "તબીહુલ ખવારીજ"માં અઝાદારીના વિરોધીઓ માટે લખેલ અશઆરની થોડી લીટીઓ ઉપર તેઓ સાહેબોનું માનપૂર્વક ધ્યાન ખેંચવાની રજા લઇએ છીયે.

"યારો મેં જાનતા હું કે અન્જાન તુમ નહિં
લીખ્ખે પડે હો ઐસેભી નાદાન તુમ નહિં
યેહ બાતભી ગલત હય કે ઇનસાન તુમ નહિં
કયા અબ મંય યેહ કહુ કે મુસલમાન તુમ નહિં
બેહરે હુસયન કુડતે હુંય ગબરો યહુદ ભી
ઇસ ગમસે હોતે હુંય મુતઅસ્સેર હુનુદ ભી."

હવે અઝાદારીમાં રડવાની મનાઇ કરનાર ઇમામોના નામ આપવામાં આવે છે તે કેટલે દરજ્જે ખરૂં છે તેની ટુંક તપાસ

લઇએ. અહીં ટુંકમાં પયગંબર સ૦ અને ઇમામો અ૦ની થોડી હદીસો આપી સાબીત કરી આપીશું કે, એ બુઝુર્ગવારો ઇમામે હુસયન અ૦ના ગમમાં પોતે રડયા છે અને પોતાના શીઆ અને દોસ્તોને રોવાનું ફરમાવી ગયા છે.

(૧) ઉમ્મુલ ફઝલ બયાન કરે છે કે, એક દિવસ મેં પયગંબર સ૦ની ખીદમતમાં હાજર થઇ જોયું કે હ૦ ઇમામ હુસયનને ગોદમાં લઇ હઝરત ઝારકતાર રડી રહ્યા છે. મેં પુછયું, યા રસુલલ્લાહ આપ શા માટે રડો છો? આપે ફરમાવ્યું જીબ્રઇલે અમીન હમણા આવીને મને ખબર આપી ગયા કે, મારા આ ફરઝંદ હુસેયનને મારી ઉમ્મતના અશકીયા કત્લ કરશે અને તેમની શહાદતના સ્થળ કરબલાની માટી મને લાવી આપી.

(મીશકાતે શરીફ વીગેરે.)

(૨) એજ બુઝર્ગવારથી નકલ છે કે ફરમાવ્યું, "મન-બકા અલલ હુસયન અવ તબાકા વજબતલહુલ જન્નત." જે કોઇ હુસેન ઉપર (તેમની મુસીબતને યાદ કરીને) રોશે અથવા રડવા જેવી સુરત બનાવશે (દીલગીર થશે) તેના ઉપર બેહીશત વાજીબ થશે.

(રોજતુશ્શોહદા.)

(૩) પાંચમા ઇમામ હ૦ મહમદ બાકર અ૦ પોતાના પીદરે બુઝર્ગવાર હ૦ ઇમામ ઝયનુલ આબેદીનથી રીવાયત ફરમાવે છે કે, "જે મુઅમીનની આંખોમાંથી હુસયને મઝલુમની શહાદતનું વર્ણન સાંભળી આંસુ નીકળી તેના ગાલો ઉપર જારી થશે તો ખુદાવંદે કરીમ તે મુઅમીનને હંમેશા બેહીશતના ઉમદા મેહેલમાં રાખશે અને તેને દરેક દુઃખ અને મુસીબતથી દૂર રાખશે."

(યનાબીઉલ મવદ્દહ શેખ સુલેમાન હનફી કૃત.)

નોટ:-શું આએ હદીસ વાંચ્યા કેડે એ બુઝર્ગવારે "આંખમાં આંસુ નીકળે એટલું ન રોવું" ફરમાવેલું હોય એ ખોટું ઠરતું નથી?

(૪) હ૦ ઇમામે જાઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું છે કે, "રહેમલ્લાહુ શીઅતના લકદ શારકૂના ફિલ મુસીબતે બિતુલીલ હુઝન વલ હસરતિ અલા મુસાબીલ હુસયન."

અર્થ–ખુદા રહમ કરે અમારા શીઆઓ ઉપર કે તેઓ હુસયન અલયહીસ્સલામની મુસીબત ઉપર ઘણાજ ગમ અને અફસોસથી રૂદન અને માતમ કરીને મુસીબતમાં અમારો સાથ પુરે છે.

(૫) જ્યારે હ૦ અલી અ૦ સીફ્રીન તરફ જતાં કરબલાની ઝમીન ઉપર પહોંચ્યા તે વખતે (ઇમામ હુસયનની મુસીબત યાદ ફરમાવીને) એટલું રડયા કે તેમના આંસુઓથી જમીન તર (ભીની) થઇ ગઇ.

(સવાએકે મોહરેકા.)

(૬) હ૦ ઇમામ હુસયન અ૦મે પોતે ફરમાવ્યું છે કે, "અના કતીલુલ અબરહ માઝુકીરતો ઇન્દા મુઅમીન ઇલ્લસ્તઅબર." હું કુશતએ ગીરયા છું (મને રોવરાવી રોવરાવીને શહીદ કરવામાં આવેલ છે) જ્યારે કોઇ મુઅમીન આગળ મારૂં નામ લેવામાં આવે છે તો તે સાથે તેની આંખોમાંથી આંસુ જારી થાય છે.

એવી અનેક મશહુર હદીસો સુન્ની અને શીઆની કીતાબોમાં ઇમામે હુસયનના ગમમાં આંસુ પાડવાના બારામાં મોજુદ છે. અહીં છ હદીસો ટુંકમાં આપેલ છે જેથી સાબીત થશે કે અઝાદારી કરી રડવું વીગેરે પયગંબર અને ઇમામોના ફરમાનુસાર અને તેઓની સુન્નત મુજબ થાય છે.

ઉપલા ટુંક ખુલાસાથી અમોને આશા છે કે અમારા આગાખાની ભાઇઓને સંતોશ ઉપજશે અને અઝાદારી પ્રત્યેના તેઓના ઉત્સાહમાં વધારો થશે. આ પછીના પ્રકરણમાં રડવામાં જે રહસ્યો સમાયલાં છે, તેનું વર્ણન ખુલાસાવાર કરવામાં આવશે તેમજ ઇમામે હુસયન અ૦ની અઝાદારી કયારથી શરૂ થઇ અને તે મઝલુમની અઝાદારી કેવા પ્રકારના માણસોએ કરી છે તથા ખુદાની કુલ્લે મખલુકાત ઇમામે હુસયનની અઝાદારીમાં ભાગ લીએ છે, તે પણ અન્ય સ્થળે લખવામાં આવશે.

છેવટમાં 'તંબીહુલ ખવારીજ' માંથી અઝાદારીના વિરોધીઓને નસીહતના કલામ સંભળાવી આ પ્રકરણને ખતમ કરશું.

"રોના હુસેન પર નહીં આતા તુમ્હે યેહ કયા"
"આંખે તો હંય, નઝર નહીં આતા, તુમ્હે યેહ કયા"
"રહેમ એક ગરીબ પર નહીં આતા તુમ્હે યેહ કયા"
"ઇન્સાફ કુછભી, કર, નહીં આતા, તુમ્હે યેહ કયા"
"મીલતે હો ઝાહેરન બઅઝરૂરત હુસેનસે"
"દીલમેં ભરી હુઈ હય કુદુરત હુસેનસે."

અઝાદારીનાં કાળાં કપડાં.

અઝાદારીને તોડી પાડવાના હેતુથી, અઝાદારીની દરેક ક્રિયા પર હુમલા કરવામાં આવે છે. રડવું ખરાબ, તાઝીયા તાબુત બીદઅત, નઝરન્યાઝ હરામ, કાળાં કપડાં જહન્નમીનો લિબાસ, વગેરેના આક્ષેપો તો સાધારણ રૂપે કરવામાં આવે છે; હવે બીજી કોઇ અઝાદારી સંબંધી ક્રિયા નથી જેમાં સાચી ખોટી રીતે આક્ષેપ મૂકવામાં ન આવતો હોય. તેથી સિધ્ધ થાય છે કે વિરોધીઓ, ઇમામે હુસયનની મુસીબતનું વર્ણન થતું કોઇ પણ પ્રકારથી જોઇ શકતા નથી.

હ૦ પયગંબર અને ઇમામોએ અઝાદારી કરી, પોતાના શીઆ અને દોસ્તોને અઝાદારી કરવાનું ફરમાન આપી ગયા, અને અઝાદારીના સવાબના બારામાં ઘણી હદીસો એ બુઝર્ગવારોથી નકલ થએલ છે, જે આ કિતાબમાં અન્ય સ્થળે ખુલાસાવાર લખવામાં આવી છે.

અમારા આગાખાની ભાઇઓમાંથી, અમુક લેખકો અને મીશનરી સાહેબો, હાલમાં અઝાદારીની વિરૂધ્ધતા કરવા ખંતથી મંડયા છે, જેની હકીકત અને ખંડન ઉપર લખી ચુકયા. હવે કાળાં કપડાંના બારામાં, તેઓના બીનપાયાદાર આક્ષેપોનો ટુંક ખુલાસો આપી, સ્પષ્ટ કરવા માંગીએ છીયે કે, કાળાં કપડાં અઝાદારીના વખતે, હરામ, મકરૂહ અથવા બીદઅત નથી,

તેમ તેની મનાઇ કરવામાં આવીજ નથી. બલકે અઝાદારીમાં પેહરવું એહલેબયતે રસુલની પયરવી કરવાથી સવાબ છે.

અમારા આગાખાની ભાઇઓ, કાળાં કપડાંના બારામાં, અમુક હદીસોના મનગમતા અર્થ ઉઠાવી, કાળાં કપડાં જહન્નમી લોકોનો લિબાસ છે, એમ હિંદુસ્તાની ખારજી, વહાબી કનેથી શીખી, અઝાદારો પર આક્ષેપ મૂકી રહ્યા છે, તેનો સાર નીચે મુજબ છે:—

"મહોર્રમના બારામાં તાબુત, કાળાં વસ્ત્રો, ઝુલજનાહ, અને એવી બીજી વસ્તુઓ ઇસ્લામી વિદ્વાનોએ, પણ ધર્મ નજરે વરજીત ઠરાવી છે, અને તે માટે પ્રતિ વર્ષે મોહર્રમ માસ બેસતાં ઉલમાઓના ફતવા પ્રગટ થાય છે. એટલુંજ નહિ પણ મોહર્રમના ઘુસી ગયલા આ અઇસ્લામી રિવાજો માટે સુધરેલા વિચારના ઇસ્ના અશરી આલેમો પણ વિરૂધ્ધ વિચારો ધરાવે છે.

(માળીયાવાળા કૃત 'અલબુરહાન' પેજ ૯.)

નોટ:—માળીયાવાળા ભાઇ તથા તેમના ગોઠયાઓ, અઝાદારીના રિવાજોને ઘુસી ગયલા અને અઇસ્લામી રિવાજો કહી રહ્યા છે, તેઓને થોડાક સવાલો પુછવા અસ્થાને નહિ ગણાય.

૧. ધન ધનસારીનો સરઘસ, અને ડાંડીયા રાસનો ખેલ, ઇસ્લામી રિવાજ મુજબ હશે (અઇસ્લામી રિવાજ કહી શકો તેમ નથી, તેમજ ઇસ્લામી રિવાજ સાબીત કરવાને લાંબો વખત જોઇશે.) અને તે હાલમાં ઘુસી ગયલો રિવાજ નહિ, પણ જુના જમાનાના, પીર સદરદીન, કે પીર ગુલમાલીના વખતથી તો જરૂર હશે, તે સ્પષ્ટ કરી આપવા પહેલાં થોડી મુદ્દત માટે અઝાદારીનો પીછો છોડી શકશે?

૨. જે ઇસ્લામી વિદ્વાનોએ અઝાદારીના રિવાજોને, ધર્મ નજરે વરજીત ઠરાવેલ છે, તે વિદ્વાનો ઇસ્માઇલી, આગાખાની ધર્મ પાળે છે, કે વહાબી ખારજી ધર્મ પાળે છે, તે સ્પષ્ટ કરી આપવા મેહરબાની ફરમાવશે? હિંદુસ્તાનના અમુક ખારજી મોલવીઓએ,

અઝાદારીની વિરૂધ્ધતા દર્શાવવા, અને યઝીદે પલીદ પ્રત્યેની મોહબ્બતના આવેશમાં, ઇસ્લામી શરીઅતથી વિરૂધ્ધ જે લખે, તે શીઆ ઇસ્ના અશરી કોમ, માન્ય રાખવા બંધાયલી નથી. બલકે અમારા સુન્ની હનફી ભાઇઓ પણ, વહાબી મોલવીઓના ફતવા માન્ય રાખતા નથી, કેમકે તેઓ પણ મ્હોટા પ્રમાણમાં અઝાદારીમાં ભાગ લેતા રહ્યા છે, અને એહલેબયતે રસુલ પ્રત્યેની મોહબ્બત જાહેર કરતા રહ્યા છે. વળી એ પણ માળીયાવાળા ભાઇ અને તેમના ગોઠયાઓને પુછીશું કે, તે તમારા માન્ય રાખેલા વિદ્વાન મુસલમાનોના ફરમાનને માન્ય રાખવા તમો તૈયાર છો? જો તેમ હોય તો જરા તેમને પુછાવી જુવો કે, દસ અવતારની માન્યતા, અને નમાઝના બદલે ગટપાટ, ઘોઆની ક્રિયા તેઓ ધર્મ નજરે અઇસ્લામી રિવાજ કહે છે કે બીજું કંઇ?

૩. જે સુધરેલા વિચારના ઇસ્ના અશરી આલેમો, અઝાદારી વિરૂધ્ધ વિચારો ધરાવે છે, તેઓમાંથી એકનું પણ નામ આપીને તેમનાં વચનો ટાંકતે, તો 'અલ બુરહાન'નું નામ આપના નમુનેદાર પેમ્ફ્લેટ માટે શોભીતું (!) થતે. પણ જો માત્ર હવાઇ અને ખ્યાલી વાતો લખવા પ્રેરાયા હોય તો ઇલાજ નથી.

૪. જો અઝાદારીના રિવાજો અઇસ્લામી હોય, તો નામદાર આગાખાન સાહેબ, તેમના પૂર્વજો, અને માતા સલામત, અઝાદારીમાં ભાગ લેતા હતા, જે અમે આ પ્રકરણમાં સિધ્ધ કરી ગયા છીએ, તે વિષે આપ કેવી તાવીલ કરશો? જો એ સઘળી બાબતો નામુકર જાઓ, અને નામદાર આગાખાન અઝાદારીમાં ભાગ લેતાજ ન હતા, એમ કેહવા ઇરાદો હોય, તો એજ નામદારના હુકમથી હીજરી સન ૧૩૧૨ માં લખાયલો રિસાલો 'ખોજા કોમનાં મૂળ તત્વો' જે ગુજરાતી લીપીમાંથી 'ગુલામ હુસેન'

છાપખાનામાં છપાવી પ્રગટ કરવામાં આવેલ છે તેના દસમા પેજ પર નીચે મુજબનો ફકરો ફરીવાર જોઇ જવા અરજ કર્યે છીયે. "ચોથી (નમાઝ રદબાતલ થાય છે તે બાબત) નમાઝ પઢતી વખતે દુનીયાદારીના કામોને વાસ્તે રડવું, જેમકે કાંઇ દુનીયારીમાં નુકસાન થયું હોય તેને વાસ્તે, અથવા કોઇના મોતને વાસ્તે રડવું; પણ ખુદાની ધાસ્તીથી, જહુન્નમની આતશથી, અથવા બહેસ્તની આશાથી રડવું આવે અને સૈયદ મઝલુમ હુસેન ઇબ્ને અલીને વાસ્તે રડવું આવે તો તેમાં કાંઇ અડચણ નથી."

વળી રડવું, પીટવું, ઝુલ્લજનાહ અને કાળાં વસ્ત્રોના રિવાજો વરજીત હોય તો, નામદાર મરહુમ આગા અલીશાહની પાયદસ્તની ક્રિયા ટાણે, રડતાં પીટતાં, કકળાટ કરતાં ભાઇ બહેનો, અને કાળા વાવટા તથા આઠ શણગારેલા ખાલી ઘોડાના દેખાવ માટે શું કહેશો? જો તે દેખાવ (તમારાજ શબ્દોમાં) વરજીત અને અઇસ્લામી ન હોય, તો ઇમામે હુસયનની અઝાદારી શા માટે અઇસ્લામી કહી શકાય?

તે પછી માળીયાવાળા ભાઇ, 'અલબુરહાન'ના પેજ ૧૦ માં, કાળાં કપડાં વિષે ત્રણ હદીસો એકજ પેરેગ્રાફમાં નીચે મુજબ લખે છે (અને એના પડઘા પાડતાં મી. બચલ, પોતાના અર્પણમાં પણ ખારજીઓ કનેથી શીખી, એની એજ વાત લખે છે). ફારસીમાં કહેવત છે કે 'નકલ રા ચે અકલ' નકલ કરનારને અક્કલ કયાંથી, એજ મુજબ ભાઇ માળીયાવાળાએ અસલ ઇબારતમાં કાપકુપ ફેરફાર કરીને 'અલબુરહાન'માં નીચે મુજબ લખેલ છે:—

"મન લા યહુજરલ ફકીહમાં લખેલ છે કે, (૧) ઇમામ જાફર સાદક અ૦ને એકે સવાલ કર્યો કે, બાઇઓ કાળાં કપડાં પહેરી ઇબાદત કરી શકે છે કે નહિ? જવાબમાં ઇમામ જાફર સાદક અ૦ સ૦એ ફરમાવ્યું કે, કાળાં કપડાંનો પહેરવાસ દોજખીઓનો છે. (૨-૩) અને એજ પ્રમાણે અમીરૂલ મુઅમીનીન અ૦ સ૦ તથા હુજરત મહમદ મુસતફા રસુલ સ૦ અ૦ સ૦

એ પોતાના અસહાબીઓ (મીજલસમાં બેસનારા)ને ફરમાવ્યું કે કાળાં કપડાં નહિ પહેરો, કારણ કે કાળાં કપડાંનો પોશાક ફીરઓનનો છે."

(માળીયાવાળા કૃત 'અલબુરહાન પેજ ૧૦-૧૧.)

ઉપલી ત્રણે હદીસો, માળીયાવાળા ભાઇને કોઇ ખારજી પાસેથી મળી હશે, અને 'નકલ રા ચે અકલ'ની કહેવત મુજબ તપાસ કર્યા વગર, અને સમજ્યા વગર (અથવા જાણીજોઇને "બાઇઓ કાળાં કપડાં પહેરી ઇબાદત કરી શકે છે કે નહિ" ના શબ્દો પોતા તરફથી ઉમેરી) લખી નાંખ્યું. અહીં અમે એજ કીતાબ 'મન લા યહઝરૂહુલ ફકીહ' માંથી એજ ત્રણ હદીસોની અસલ ઇબારત, તેના ખરા તરજુમા સહિત આપી, 'અલબુરહાન'ના કર્તાએ, કેટલી કાપકુપ-ગોલમાલ કરી, એકનું બીજું લખ્યું છે, તે તપાસી ખાત્રી કરવા ન્યાયી વાંચનારને અરજ કરીશું. માળીયાવાળા ભાઇએ એકજ પેરેગ્રાફમાં ત્રણે હદીસો સાથે લખેલી હોવાથી તેમની ઇબારતમાં કાઉંસમાં અમોએ તેના નંબર લખ્યા છે.

હદીસ પેહલી-"વસુઇલસ્સાદેકુ અલયહિસ્સલામ, અનિસ્સલાત ફીલ કલન્સવતીસ્સવદાઅ, ફકાલ લાતુસલ્લીફીહા, ફઇન્નયુલિબાસુ અહલિન્નાર." તરજુમો-અને હઝરત સાદીક અલયહિસ્સલામને કાળી ટોપી પહેરીને નમાઝ પઢવા વિષે પૂછવામાં આવતાં, આપે ફરમાવ્યું કે, (કાળી ટોપી પહેરીને) તેમાં નમાઝ ન પડો, કેમકે તે જહન્નમી લોકોનો લિબાસ છે.

નોટ:-આ કીતાબમાં હઝરત સાદીકથી કાળાં કપડાં જહન્નમીઓનો લિબાસ જણાવતી આ એકજ હદીસ છે, તેમાં માળીયાવાળા ભાઇ લખે છે તેમ 'બાઇઓ કાળાં કપડાં પહેરી ઇબાદત કરી શકે છે' વગેરે કંઇ નથી. આ હદીસમાં માત્ર કાળી ટોપી નમાઝમાં પહેરવાનો સવાલ છે. જેથી ખારજીઓની ભેળસેળ અને માળીયાવાળા ભાઇની, 'નકલ રા ચે અકલ' સ્પષ્ટ થાય છે.

બીજી હદીસ-"કાલ અમીરૂલ મુઅમીનીન અ૦ ફીમા અલિમા અસ્હાબીહી, લા તલબસુસ્સવદાઅ, ફઇન્નહુલીબાસુ

ફી અત્ન." તરજુમો—હઝરત અમીરૂલ મુઅમીનીન અલયહિસ્સલામે પોતાના અસહાબોને જે બાબતોની ખબર આપી હતી, તેમાં એ પણ ફરમાવ્યું કે, કાળાં કપડાં ન પેહરો, કેમકે તે ફીરઓનનો લિબાસ છે.

ત્રીજી હદીસ—"વકાન રસુલુલ્લાહ સ૦ યકરહુસ્સવાદ, ઇલ્લા ફી સલાસા, અલઅમામતુ, વલખફ, વલકિસાઅ."

તરજુમો—અને હઝરત પયગંબર સ૦, પાઘડી, જુબ્બો, અને મોજાં શિવાય (બીજાં કપડાં માટે) કાળા રંગથી અણગમો રાખતા હતા.

(ઉપલી ત્રણે હદીસો, કીતાબ 'મન લા યહઝરૂહુલ ફકીહ' પેજ ૮૧ માં છે.)

નોટ:—ઉપલી હદીસોમાંથી, બીજી અને ત્રીજી હદીસની અસલ ઇબારત, અને માળીયાવાળા ભાઇની 'અલબુરહાન'ની ઇબારત સાથે મેળવતાં જણાશે કે, પ્રથમ તે ભાઇએ બન્ને હદીસોની જુદી જુદી ઇબારત છતાં સાથે ભેળવી એકજ અર્થ કરેલ છે.

બીજી હદીસમાં હ૦ અમીરૂલ મોઅમીનીન, કાળો લીબાસ ફીરઓનનો જણાવે છે, જ્યારે ત્રીજી હદીસમાં હ૦ રસુલ સ૦, પાઘડી, જુબ્બો અને મોજાં શિવાયનાં બીજાં કપડાં માટે કાળા રંગથી અણગમો રાખતા જણાવવામાં આવેલ છે. અહીં માળીયાવાળા ભાઇએ, પાઘડી, જુબ્બો અને મોજાંની ઇબારતની ધોળે દિવસે લુંટ ચલાવી, સાવ કાઢીજ નાંખેલ છે, જે સત્યવક્તા, અથવા ધર્મની નજરથી, અને શુભ નિષ્ઠાથી કામ કરનાર માટે શોભીતું નજ ગણાય. પણ જો તેથી ઉલટું કોઇનું દીલ દુઃખાવવા, અથવા કોઇ પણ ભોગે અઝાદારી બંધ કરવાનોજ હેતુ હોય તો ઇલાજ નથી.

કાળાં કપડાં સંબંધી ઉપલી હદીસોનો સાર એજ છે કે, ફીરઓન (જે ખુદાઇનો દાવો કરનાર, પહેલા નંબરનો જહન્નમી છે) અને તે લોકો જેઓ મુનાફીક બેદીન, અને એહલેબયતના દુશમનો (જેમ કે બની અબ્બાસીના બાદશાહો)નો લીબાસ હોવાથી, પાઘડી, જુબ્બો અને મોજાં શિવાયનાં કાળાં

કપડાં માટે માત્ર અણુગમો જાહેર કરવામાં આવેલ છે. એ હદીસોમાં કાળાં કપડાં હરામ, અથવા બીદઅત બીલકુલ જણાવવામાં આવ્યું નથી. ત્રીજી હદીસમાં "વકાન રસુલુલ્લાહ યકરહુ" હોવાથી કરાહત, એટલે મકરૂહ સાબીત થાય છે, અને મકરૂહના અર્થ ઇસ્લામી શરીઅતમાં એ છે કે, જે કામ કરવા માટે અઝાબ અથવા સજા ન હોય, અને હરામ ન હોય, પણ તે પસંદ કરવાજોગ અથવા લાભ-કારક ન હોય તેને મકરૂહ કહેવામાં આવે છે, તેથી સિધ્ધ થાય છે કે કાળાં કપડાં હરામ નથી, અને કાળાં કપડાં પહેરનાર સજાને પાત્ર ઠરતો નથી.

વળી એ પણ જાણવું જોઇએ કે, દરેક ચીજનો વપરાસ તેની જગોએ, અને તેના અમુક વખત માટે હોય છે. એક હલાલ વસ્તુ, દરેક વખત હલાલ રેહતી નથી, તેમજ હરામ હોય તે કોઇ વખતે હલાલ પણ થઇ જાય છે. તેમજ મકરૂહ હોય તો કરાહત દૂર થઇ, મુસતહબ અથવા વાજીબ પણ થાય છે. જેમકે:—

૧. મુરદાલ ગોશ્ત હરામ છે, પણ બીજી ખોરાકી ન મળવાથી, ભુખમરો થતો હોય, તો જાન બચાવવા ખાતર જરૂર જેટલું હલાલ થશે.
૨. માહે મુબારક રમઝાનના રોઝા વાજીબ છે, પણ બીમાર અને મુસાફર માટે રોઝા રાખવા હરામ છે.
૩. ઉંઘવું હલાલ અને મુબાહ છે (જાયઝ છે) પણ નમાઝ કઝા થતી હોય તો, અથવા ઇશાની નમાઝ પડયા અગાઉ, અને કઝા થવાનો વખત નજીક હોય છતાં સુઇ જવું હરામ છે.
૪. નમાઝ માટે વઝુ વાજીબ છે, પણ તાવ આવતો હોય, અથવા ઠંડી જણાતી હોય તો વઝુ વાજીબ નથી, તયમ્મુમ કરી નમાઝ પડી શકે છે.
૫. દુન્યાની બાબતો માટે, પૈસા અથવા દુન્યાની બીજી બાબતો માટે હાયવોય કરવી, રોવું, મકરૂહ છે, (નહિં પસંદ કરવાજોગ છે) પણ ખુદાના ખોફના

લીધે, અથવા ઇમામે હુસયનની મુસીબતો યાદ કરીને રોવું, મુસતહબ છે, અને અઝીમ સવાબ રાખે છે.

એજ મુજબ કાળાં કપડાં મકરૂહ છે (કાળી પાઘડી, કાળો જુબ્બો, અને કાળાં મોજાં શિવાય) પણ તે કયારે મકરૂહ છે, અને કયારે કરાહત દૂર થઇ મુસ્તહબ અથવા વાજીબ થાય છે, તે પણ જાણવું જોઇએ. માત્ર મકરૂહ છે એમ હદીસોમાં જોઇ, દરેક વખતના માટે મકરૂહ સમજવું, અને તેની કરાહત દૂર થઇ જવાની બાબતો મેલી આપવી, એ ખુલ્લી અવળાઇ ગણાય.

કાળાં કપડાં (પાઘડી, જુબ્બો અને મોજાં શિવાય) હમેશાં પહેરવાં પસંદ કરવાજોગ નથી. એટલાજ માટે કે,

૧. તે ગમીનો લીબાસ છે, અને હમેશા ઉદાસ રહી, ગમગીની ભરેલો દેખાવ ઠીક નથી.

૨. તે ફીરઔન જેવા, ખુદાઇ દાવો કરનાર, ઝાલીમ બાદશાહ પહેરતો હતો, અને કાળો રંગ તે પસંદ કરતો હતો.

૩. બની અબ્બાસીના ઘાતકી બાદશાહોનો, ખુશહાલીના પ્રસંગનો લીબાસ હતો, જેઓ એહલેબયતના વિરોધી અને દુશમન હતા.

જે લીબાસ ઝુલમગારો, અને એહલેબયતના દુશમનો પસંદ કરે, તેથી છેટે રહેવું જોઇએ, અને તેઓ રાજી થાય એવું ન કરવું જોઇએ. પણ વર્તમાનકાળમાં બની અબ્બાસીના ચાહકો અને એહલેબયતના દુશમનો છે, તેઓ તો રાજી થવાના બદલે, મોહર્રમના દિવસોમાં, અઝાદારોને કાળાં કપડાં પહેરતા જોઇ, કચવાય છે. તેથી તેઓને વધુ નારાજ કરવા માટે, અઝાદારીના દિવસોમાં ગમીનાં કાળાં કપડાં પહેરવાથી, ઇનશાઅલ્લાહ, અઝાદારોને વધુ સવાબ મળશે, કેમકે તેઓ અઝાદારીના વિરોધીઓની મરજી વિરૂધ્ધ અમલ કરી રહ્યા છે.

બની અબ્બાસીના બીજા ખલીફા મનસુરના ઝમાનામાં, હઝરત ઇમામ જઅફરે સાદીક અલહિસ્સલામ હતા, અને

એજ જમાનામાં, ઇમામ અબુ હનીફા પણ હતા. જેઓ મનસુરની મદદથી, છઠ્ઠા ઇમામની સામે થઇ, તેમની હદીસોથી ખીલાફ હદીસો કેહતા હતા. હ૦ ઇમામ હુસયનની શહાદત બાદ એહલેબયતે રસુલની ઓરતો, ઇમામના ગમ અને સોગમાં કાળાં કપડાં પહેરતી હતી, જે ઇતિહાસ અને હદીસોથી સિધ્ધ થાય છે.

કીતાબ બહારૂલ અનવારમાં, મુલ્લાં મહમદ બાકર મજલીસી અલયહિર્રહમા મુહાસીનથી, હ૦ ઉમર બીન અલી ઇબ્નલ હુસયન (ચોથા ઇમામના ફરઝંદ) ની સનદથી નકલ કરે છે કે, "મોહર્રમના દુઃખદાયક બનાવ પછી, બની હાશમની ઓરતો કાળાં કપડાં પહેરતી હતી, અને ઠંડી તેમજ ગરમીની પરવા કરતી ન હતી. બન્ને મોસમમાં કાળાં કપડાં પહેરતી હતી; અને ચોથા ઇમામ ઝયનુલ આબેદીન અ૦ અઝાદારીની મીજલસમાં તેઓના માટે ન્યાઝ પકાવવાનો હુકમ આપતા હતા, અને તેઓને ખવરાવતા હતા."

બની અબ્બાસીના બાદશાહો, માત્ર એહલેબયતની દુશમનીના લીધે કાળાં કપડાં, જે ગમીની નીશાની, અને મઝલુમે કરબલાના ગમમાં એહલેબયતે રસુલની ઓરતો પહેરતી હતી, તે ખાસ ઇદ, અને ખુશહાલીના દિવસોમાં અને મેળાવડા તેમજ દરબારમાં કાળાં કપડાં પહેરવાનો રિવાજ ચાલુ કર્યો; અને માત્ર એહલેબયતના ગમમાં ઉમેરો કરવા, અને વિરોધ દર્શાવવા મરણ અથવા ગમીના પ્રસંગો ઉપર ચોખ્ખાં સફેદ કપડાં પહેરવાની રસમ ચાલુ કરી. જેથી "અન્નાસુ અલા દીની મુલુકીહીમ" પ્રજા, રાજાને પગલે ચાલનાર હોય છે, અથવા 'દેશ તેવો વેશ'ને અનુસરી બની અબ્બાસીની બાદશાહતમાં, આખી પ્રજામાં ખુશહાલીના દિવસોમાં કાળાં કપડાં, અને ગમીના પ્રસંગે સફેદ કપડાં પહેરવાનો ઉલટો રિવાજ ચાલુ થયો. 'જેવો દેશ તેવો વેશ'ની કહેવત અનુસાર તે વખતના મુઅમીનોને લાચારીએ પણ સોગ અને ગમીના વખતે (તકીય્યાથી) સફેદ કપડાં પહેરવાની ફરજ પડતી હતી. જો તેઓ ગમીના ટાંકણું ઉપર કાળાં કપડાં પહેરે, તો લોકો

તેઓને એમજ કહે કે તમોએ ખુશહાલીનો દેખાવ કર્યો છે. તેથી મોહર્રમના દિવસોમાં છઠ્ઠા ઇમામને માત્ર (મુલકની રસમ મુજબ) પોતાનો શોક અને ગમ જાહેર કરવા માટે સફેદ કપડાં પહેરવાની ફરજ પડતી હતી, જેથી સઘળા લોકો એટલે દુશમનો પણ સમજતા હતા કે ઇમામના ઘરે મોહર્રમની અઝાદારી ચાલુ થઇ છે.

છઠ્ઠા ઇમામનું અઝાદારીનાં વખતે સફેદ કપડાં પહેરવું, એ હાલના કાળાં કપડાં પહેરવાની રસમને મજબૂત ટેકો આપે છે. કેમકે હાલના ઝમાનામાં દરેક મુલક અને દરેક કોમમાં શોક જાહેર કરવા માટે કાળાં કપડાં પહેરવાનો રિવાજ છે.

૧. નામદાર મરહુમ આગા અલીશાહની પાયદસ્ત વખતે, કાળાં કપડાંથી શોક જાહેર કરવામાં આવ્યો હતો. લાશની સંદુક પર કાળાં કપડાં; રેલના ડબા પર કાળાં કપડાં, ઇનજીન આગળ કાળા વાવટા, ખાલી ઘોડા ઉપર કાળાં કપડાં, જ્યાં જુઓ ત્યાં કાળાંજ કપડાં શોકની નીશાની તરીકે દેખાતાં હતાં.

૨. અંગ્રેજો 'ગુડ ફ્રાઇડે'ના દિવસે કાળાં કપડાં પહેરે છે, ને બાદશાહી કુટુંબમાં, અથવા પોતાના કુટુંબમાં, મરણ થતાં તેઓ કાળી પટી ડાબા હાથ પર પહેરે છે. ખ્રિસ્તી કોમનો રિવાજ છે કે, ધણી મર્ણ પામતાં, તેની વિધવા અમુક મુદત સૂધી કાળાં કપડાં પહેરે છે.

૩. હિંદુઓ, પારસી, વગેરે હરેક કોમમાં મુસીબતના વખતે શોક પ્રદર્શિત કરવા કાળાં કપડાં પહેરે છે તેથી દુન્યાનો સામાન્ય રિવાજ મુસીબત જાહેર કરવા માટે કાળાં કપડાં હોવાથી, અઝાદારો પોતાના મઝલુમ ઇમામની મહોબતને લીધે કાળાં કપડાં પહેરી પોતાનો ગમ જાહેર કરી રહ્યા છે. જ્યારે ઇમામના દુશમનો, આશુરાના દિવસે નવા રંગીત કપડાં પહેરી, હાથમાં મેંદી, આંખોમાં સુરમો

લગાડી (દુન્યાની ચાલુ રસમ મુજબ) ખુશહાલી જાહેર કરે છે.

જો ચાલુ સમયમાં મુસીબત અને ગમીના વખતે, રંગીત કપડાં, જેમકે લાલ રંગનાં કપડાં પહેરવાનો રિવાજ હતે, અને દરેક કોમમાં શોક પ્રદર્શિત કરવા લાલ રંગનાં કપડાં પહેરવામાં આવતાં હોય, તેમજ મહારાજા એડવર્ડ, અથવા મહારાણી વીકટોરીયાના મરણ વખતે, લાલ પટ્ટી શોકની નિશાની તરીકે વાપરવામાં આવી હોય, અથવા નામદાર મરહુમ આગા અલીશાહની લાશની પેટીપર કાળાં કપડાં બદલ લાલ મદ્રાસી લપેટવામાં આવી હતે, કે રેલના ડબા પર અને ઇનજીન આગળ લાલ કપડાં અને વાવટા હતે, તો ખચ્ચિત વર્તમાનકાળના અઝાદારોને કાળાં કપડાં તજી, શોક પ્રદર્શિત કરવા ચાલુ સમયના ધોરણ મુજબ લાલ કપડાં પહેરવા, છઠ્ઠા ઇમામનો દાખલો આપી, ભલામણ કરતે, કે બની અબ્બાસીના બાદશાહોના ઝમાનામાં શોક પ્રદર્શિત કરવા માટે સફેદ કપડાં પહેરવાનો રિવાજ હોવાથી, આપણા છઠ્ઠા ઇમામે સમયાનુસાર શોક પ્રદર્શિત કરવા સફેદ કપડાં પહેરેલાં હતાં. પણ ચાલુ વર્તમાનકાળમાં, આખી દુન્યામાં (અમારા આગાખાની ભાઇઓ સુધ્ધાં) શોક પ્રદર્શિત કરવા કાળાં કપડાં પહેરવાનો રિવાજ હોવાથી, અને એહલેબયતે રસુલ ઇમામના ગમમાં કાળાં પહેરતા હોવાથી, મોહર્રમના ગમનાક દિવસોમાં શોક પ્રદર્શિત કરવા, અઝાદારાને હુસયને મઝલુમને કાળાં કપડાં પહેરવા ભાર દઇને સુચવશું. નહિં તો કોઇ પણ કોમની સ્ત્રી અથવા પુરૂષ કાળાં કપડાં પર પ્રેમ રાખતાં નથી. પુરૂષો જવલેજ કાળી ટોપી (મુગલી અથવા મખમલની) અને કાળો કોટ પહેરતા હશે. તેમજ સ્ત્રીઓ કાળી કોરની, અથવા સાવ કાળી પછેડી પહેરતી હશે. સાધારણ દિવસોમાં પગથી માથા સૂધી આખો કાળો લિબાસ પહેરનાર, શોધે જડી શકે તેમ નથી. અલબતા જેવી રીતે કોઇના ઘરમાં મરણ થવાથી સ્ત્રીઓ કાળાં કપડાં પહેરે છે, એજ પ્રમાણે દીનદાર અને એહલેબયતની મોહબ્બત રાખનાર, હુસયને મઝલુમની અઝાદાર સ્ત્રીઓ, મોહર્રમમાં

દીલોજાનથી તમામ શણગાર તજી, કાળાં કપડાં પહેરે છે. ખુદાવંદે કરીમ તેઓની તવફીકાતમાં વધારો ફરમાવે આમીન.

ઇસ્લામી શરીઅતમાં, હરેક વિધવા ઓરતના માટે હુકમ છે કે, ધણીના મરણ કેડે, ઇદ્દતના અમુક દિવસોમાં, શણગાર તજી આપે, રંગીત કપડાં ન પહેરે, અને કાળું કપડું પહેરવું તેમના માટે શરીઅતે લાઝીમ ઠેરાવેલ છે, અને કેટલાંક ઉલમાઓએ ઇદ્દતના દિવસોમાં વિધવા માટે કાળાં કપડાં વાજીબ જણાવેલ છે, જે ખરી મુસીબત અને શોકની નીશાની છે.

છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અ૦મે જોયું કે, વિરોધીઓ જાણી જોઇ, ગમીનાં કપડાં (ફક્ત મોહર્રમની ગમીને ભૂલાવી દેવા, અને ખુશહાલીમાં ફેરવી નાખવાનાજ હેતુથી) ખુશહાલીના દિવસોમાં, અને સફેદ કપડાં ગમીના દિવસોમાં પહેરી રહ્યા છે, તેથી હઝરતે પોતાના શીઆઓને કાળાં કપડાં (જે ઇમામે હુસયનની ગમનાક મુસીબત ઝાહેર કરવા માટે બની હાશમની ઓરતોનો લીબાસ હતો તે) ખુશહાલી અથવા સાધારણ પ્રસંગોપર (પયગમ્બરની હદીસ મુજબ, પાઘડી, જુબ્બો અને મોજાં શિવાય) પહેરવાની મનાઇ ફરમાવી હતી.

હઝરત પયગમ્બર, અને હ૦ અમીરૂલ મુઅમીનીન અ૦ને પણ બની અબ્બાસીના બાદશાહોની આ પ્રકારની વિરૂધ્ધતાની ખબર હતી (તેમજ ફીરઓનનો પણ કાળો લિબાસ હતો) તેથી પોતાના શીઆઓને (અઝાદારીના દિવસો શિવાય અને પાઘડી, જુબ્બો તથા મોજા શિવાયના) કાળાં કપડાં પહેરવાની કરાહત જણાવી મનાઇ ફરમાવી હતી. બની અબ્બાસીના બાદશાહોની અવળાઇની ખબર ખુદાએ પોતાના પયગમ્બરને આપી હતી. તે હદીસ એજ કીતાબ 'મનલા યહઝરૂહુલ ફકીહ'ના ૮૨ પેજમાં લખે છે કે:—

"વિરૂવિયા અન્નહુ હબત જીબ્રાઇલ અલયહિસ્સલામ, અલા રસુલુલ્લાહ સ૦, ફી કબાઇસ્સવદાઅ, વમુનતકતુન ફીહા ખન્જરેન, ફકાલ યા જીબ્રાઇલ, મા હાઝઝીય, ફકાલ ઝય્યુ વલદ-

અમ્મિકલ અબ્બાસ, યા મુહમ્મદ સ૦ વયલુન લિવલદીક મિનવુલદીલ અબ્બાસ." તરજુમો–રિવાયત કરે છે કે, એક વખતે, કાળી કબા (જભાની નીચે, પહેરણુ ઉપર પહેરવામાં આવતો સાયો) અને તે ઉપર કમરબંધ બાંધી તેમાં ખનજર લટકાવી, હ૦ જીબ્રઇલ, પયગમ્બરની ખીદમતમાં હાજર થયા. આપે ફરમાવ્યું, હે જીબ્રઇલ! આ શા ઢંગ છે? હ૦ જીબ્રઇલે અરજ કરી, યા રસુલલ્લાહ, આ તમારા કાકા અબ્બાસના દીકરાઓનો લિબાસ છે. હે મુહમ્મદ સ૦ તમારા કાકા અબ્બાસના દીકરાઓ થકી, તમારી અવલાદને ઘણાં દુઃખો પહોંચશે.

એજ કારણે, હ૦ ઇમામ રઝા (આઠમા ઇમામ) ને રાજી રાખવાના ઇરાદાથી, ખુશહાલીના પ્રસંગપર કાળાં કપડાં પહેરવાનો બની અબ્બાસીના બાદશાહોનો રિવાજ હોવા છતાં, વલી અહદી (ગાદી વારસની નેમણુંક) ની ક્રિયા ટાણે કચેરીમાં, બની હાશમનો અસલી લીલા રંગનો લીબાસ પહેરવાનો, મામુન રશીદે પોતાના દરબારીઓને હુકમ આપ્યો હતો. કેમકે તે જાણતો હતો કે, કાળાં કપડાં ઇમામે હુસયનની મુસીબત યાદ અપાવે છે, અને વલી અહદીની ક્રિયાના શુભ પ્રસંગે, અસલ ગમીનો કાળો લિબાસ પહેરીને લોકો દરબારમાં આવશે, તો ઇમામે રઝા અ૦નું દીલ દુઃખાશે, અને રાજ્યની સલામતી અને ડીપલોમસીની ખાતર તે ઇમામે રઝાને નારાજ કરવા ચાહતો ન હતો, તેથી કાળાં કપડાંનાં બદલે ઇમામે રઝાનો મનગમતો લીલો રંગ તેણે પોતાના માટે, અને દરબારીઓ માટે પસંદ કર્યો.

ઉપલી હકીકત અમોએ, અમારી લખેલી કીતાબ "તોહફએ રઝવીય્યાહ"માં, લખેલ હોવાથી, અમારા આગાખાની ભાઇઓને જાણે કાળાં કપડાં સંબંધી કેવી ભારે દલીલ મળેલી હોય, તેમ પોતાનો હથ્યાર બનાવી અઝાદારોની સામે લખવા મંડી પડયા. હવે તેઓને ખાત્રી થશે કે મામુન રશીદે, ઇમામ રઝાને રાજી રાખવા ખુશહાલીના પ્રસંગ પર કાળાં કપડાં નહિ પહેરવાનો, અને લીલા રંગનાં કપડાંનો હુકમ આપવાથી કાળાં

કપડાં અઝાદારીમાં શોક પ્રદર્શિત કરવા માટેજ પહેરી શકાય છે. એ સ્પષ્ટ થાય છે.

ઉપલી તમામ બાબતોથી સિધ્ધ થાય છે કે, કાળાં કપડાં હરામ નથી અને ખુશહાલીનું, અથવા બીજા સામાન્ય પ્રસંગોમાં પાઘડી, જુબ્બો અને મોજાં શિવાય, ફીરઓન અને બની અબ્બાસીના બાદશાહોનો લિબાસ હોવાથી પહેરવું મકરૂહ છે. જ્યારે ઇમામે હુસયને મઝલુમની અઝાદારીમાં, ગમ અને મુસીબત જાહેર કરવા, અને એહલેબયતે તાહેરીનની (બની હાશમની) ઓરતોની પયરવી કરવા, અને આલે રસુલની મોહબ્બત જાહેર કરી તેમને રાજી રાખી, પોતાના ખુદાને ખુશનુદ કરવાના ઉમદા ઇરાદાથી, મોહર્રમના દિવસોમાં કાળાં કપડાં પહેરવામાં સવાબ છે.

અમારા આગાખાની ભાઇઓ અને બેહનો પણ જેવી રીતે નામદાર મરહુમ આગા અલીશાહની વફાતનો ગમ જાહેર કરવા રડાપીટ કરી, કાળાં કપડાં થકી શોકનો દેખાવ કરતા હતા, એજ પ્રમાણે ઇમામે હુસયન (જેમને તેઓ પણ પોતાના ઇમામ માન્ય રાખે છે) ની મુસીબતના દિવસોમાં અમલ કરી, તેમના પ્રત્યે ખરી મોહબ્બત ઝાહેર કરશે. જો તેઓ મોહબ્બત જાહેર કરી શકતા નથી, તો જે લોકો તે મઝલુમ ઇમામ પ્રત્યે મોહબ્બત જાહેર કરી અઝાદારી કરે છે, તેઓના પર ટીકા કરી, તેઓના દીલ દુઃખાવી, ઇમામે હુસયન પ્રત્યે ખુલ્લી દુશમની જાહેર કરવાથી તો જરૂર દૂર રેહશે.

પ્રકરણ છઠ્ઠું.

ઝુલજનાહ.

મોહર્રમના દીવસોમાં, ઘોડાને શણુગારી તલવાર, ઢાલ પહેરાવી ઝુલજનાહની શબીહ બનાવે છે તે પ્રત્યે, અઝાદારીના વિરોધીઓ અને નાસબીઓ ટીકા, અને મશકરી કરે છે, તેને અર્થ વગરની ક્રિયા જણાવી એક જાતની બુતપરસ્તીની ઉપમા આપે છે. તેથી ઝુલજનાહની હકીકત, તેનો ઇતિહાસ અને ખુદાવંદે કરીમે ઝુલજનાહને આપેલી ફઝીલતનું બયાન ખુલાસાવાર આપી એ શંકાનો જવાબ આપવા માંગીયે છીયે.

ઝુલજનાહની શબીહ કાઢવામાં શરીઅતથી વિરૂધ્ધ અગર બુતપરસ્તી જેવું જરાએ જણાતું નથી, કેમકે તેની કોઇ પૂજા કરતો નથી, અગર તેને સીજદો થતો નથી. જ્યાં સૂધી એક ઘોડાને ઝુલજનાહની શબીહ બનાવેલ હોય ત્યાં સૂધી અસલ ઝુલજનાહ અને તેના માલીક હ૦ ઇમામ હુસયન અ૦ના માન અર્થે તેની તઅઝીમ થાય છે, પણ જ્યારે તેને પાછો તબેલામાં લઇ જવામાં આવે છે, ત્યારે તેને એક ઘોડાથી વધુ સમજવામાં આવતો નથી.

ઝુલજનાહ ઘોડાને ખુદાની અનેક નિશાનીઓમાંથી એક ગણવામાં આવે છે, કેમકે તે ઝુલજનાહ ઉપર સવાર થઇ ખુદાના વલી, પયગંબરના નવાસા, ખલકતના ઇમામ, ખાસ ખુદાની ખુશી માટે દીને ઇસ્લામને બરબાદ અને નાશ પામતાં બચાવવા માટે દુશમનોની સામે લડવા ગયા; તેથી તે ઘોડો પણ ખુદાના નામ ઉપર આવતાં તેની હુરમત રાખવામાં આવે છે. અને તે મુજબ તેની હુરમત રાખવા માટે ખુદા તરફથી ખાસ હુકમ કુરઆને શરીફમાં આપવામાં આવેલ છે.

સુરએ હજની ૩૨ મી આયતમાં ખુદા ફરમાવે છે, "વમંય્યુઅઝ્ઝીમ શઆએરલ્લાહ, ફઇન્નહા મીન તકવલ કુલુબ."

તરજુમો—અલ્લાહની નીશાનીઓની જે કોઇ તઅઝીમ કરે, તો તેના દીલમાં પાકીઝગી (ઇમાનદારી) ની નીશાની છે, એટલે તે પરહેઝગાર છે.

હવે કોઇ સવાલ કરે કે ખુદાની નીશાનીઓમાં આ આયત મુજબ જેને માન આપવાનું ફરમાવવામાં આવ્યું છે તે પયગંબરો અવસીયા અને અવલીયા ઇમામો વી. છે, ન કે જાનવરો અગર લાકડાં કે પત્થરની બનાવેલી ચીઝો. તો તેનો જવાબ એ કે ખુદાની નીશાનીઓ પયગંબર વી. છે અને તેઓ ઉત્તમમાં ઉત્તમ અને શ્રેષ્ટ નીશાનીઓ છે, એમાં શક નથી; પણ તે સિવાય બીજી અનેક નીશાનીઓ છે, જેનું વર્ણન કુરઆને શરીફમાં કરવામાં આવ્યું છે અને તેની તઅઝીમ કરવા માટે હુકમ થયેલ છે. એજ સુરાની ૩૬ મી આયતમાં ફરમાવે છે કે, "વલબુદના જઅલનાહા, લકુ મિન શઆઇરીલ્લાહ લકુમ ફીહા ખયર." તરજુમો—કુરબાનીનો ઉંટ તે અલ્લાહની નીશાનીઓમાંથી છે અને તેમાં તમારા માટે ભલાઇ છે.

વળી બીજી આયતમાં ફરમાવે છે, "યા અય્યુહલ્લઝીના આમનું લા તુહીલ્લુ શઆઇરલ્લાહ વલશશહરલ હરામ વલલ હદયા વલલ કલાઇદા." તરજુમો—અય મુઅમીનો, શઆઇરલ્લાહ ખુદાની નીશાનીઓની બેહુરમતી ન કરો, (તેને હકીર વસ્તુ ન સમજો) તેમજ નહુરમતના મહીનાની (રજબ, ઝીલકાદ, ઝીલહજ, મુહર્રમ જે ચારે હુરમતના મહીના છે,) અને ન હજની કુરબાની (દુમ્બા, ઉંટ વી.) ના જાનવરોની, અને ન તે પટા (કુરબાનીના જાનવરોને ઓળખવા માટે ખાસ ચામડાનો પટો પહેરાવવામાં આવે છે) તેની (એ સઘળી નીશાનીઓની) બેહુરમતી કરો નહિ.

ખાનએ કઅબા, મસ્જીદો વિ. પત્થરની ઇમારતો છે, તેની હુરમત બધા મુસલમાનો ઉપર વાજીબ છે, કારણ કે તે ઇમારત સાથે ખુદાનું નામ જોડાયલું હોય છે અને તેને ખુદાનું ઘર (ખાનએ ખુદા) કહેવામાં આવે છે. તેમજ મક્કામાં સફા અને મરવા નામના બે પહાડો છે, જેની વચ્ચે હાજી લોકો સઇ કરે છે, તેને પણ ખુદાએ શઆઇરૂલ્લાહ કહેલ છે. ખુદા

ફરમાવે છે, "ઇન્નસસફા વલ મરવા મીન શઆઇરલ્લાહ." તરજુમો-અને સફા તેમજ મરવા એ બન્ને ખુદાની નીશાનીઓમાંથી છે.

ઝુલજનાહ સાથે ઉપર જણાવ્યા મુજબ ખુદાનું નામ જોડાયલું સાબીત થયું. તે ઉપરાંત પયગંબરનું નામ પણ જોડાયલું હોવાથી તેની હુરમત ખુદા અને તેના રસુલ ખાતર વધી જાય છે. ઝુલજનાહ ઘોડાનું અસલ નામ મુરતજઝ હતું અને તે પયગંબર સ૦એ સવારી માટે ખરીદયો હતો.

પયગંબરનાં પગરખાં, લાકડી, ચાબુક વીગેરે દરેક વસ્તુઓ તરફ મુસલમાનો માનની નજરથી જુવે છે, તો શું પયગંબરના ઘોડા પ્રત્યે બેઅદબી કરી શકે ખરા? મુરતજીઝ (ઝુલજનાહ) ની તવારીખ બહુજ રસિક હોવાથી લંબાણથી અત્રે લખવાનો ઇરાદો છે, પણ તેથી અગાઉ થોડો વધુ ખુલાસો કરવાની જરૂર છે. કેમકે એહલેબયતના દુશમનો અને અઝાદારીના વિરોધીઓ ઝુલજનાહની શબીહ પ્રત્યે મશકરીના રૂપમાં ઘણા એઅતેરાઝો કરતા રહ્યા છે, અને તે તરફ નજર કરવાથી ફેઅલે હરામ બીદઅત ગણી ઓરતને તલાક મળે છે, અથવા ઓરત હરામ થઇ જવાના ફતવા આપતા રહ્યા છે. બસ, ઝુલજનાહ ઉપર ભૂલેચુકે નજર પડી કે અહીંયા બેધડક રંડાઇ ગયા, અને ઘરની ઓરત હરામ થઇ. એક મૂર્તી જે ઇસ્લામની માન્યતા મુજબ કુફ્ર અને શીર્ક હોવા છતાં, તેના ઉપર નજર પડે તો ઘરની સ્ત્રી હરામ નથી થતી, બલકે ડબલ હલાલ થાય છે; પણ પયગંબરના મઝલુમ નવાસાના વફાદાર ઘોડા-પયગંબરની સવારીના ઘોડાની યાદગીરી ઉપર નજર પડતાં બધું હરામ થઇ જાએ છે. વાહરે! નાદર ઇન્સાફ!!

વળી હઝરતે ઇસમાઇલ પયગંબર માટે બેહીશતી દુમ્બો, ખુદાએ મોકલી તેમને બદલે ઝબેહ થવાથી તેમનો બચાવ થયો તેની યાદગીરીમાં અસંખ્ય દુમ્બા, ઉંટ વી. ની કુરબાની કરી તે કુરબાનીના જાનવરોની (ખુદાના ફરમાન મુજબ) હુરમત આજસૂધી જાળવી રાખવામાં આવે છે, પણ હુસયને મઝલુમની અનુપમ કુરબાનીની યાદગીરી માટે તેના વફાદાર ઘોડાની

હુરમત રાખવા વિષે આટલી બધી વિરૂધ્ધતા દેખાડવામાં આવે, એ મુસલમાનીથી અગર પયગંબરની મોહબ્બતથી હજારો કોસ દૂર ગણાય એમાં જરાએ શંકા નથી.

બીબી આયશાની ઉંટડી, જેની ઉપર સવાર થઇ જંગે જમલની લડાઇની સરદારી ફરમાવી હતી, તેની યાદગીરીમાં દર વર્ષે હેજાઝી, અને મીસરી ઉંટડીઓને અને મેહમીલને ખૂબ શણગારી લાખોના ખર્ચે ભારે ભપકા અને દબદબાથી મક્કા તરફ લઇ જવામાં આવે છે, અને તે સરઘસમાં ઉલમા, અમીરો, રઇસો, અને ફોજના સીપાહીઓ પગે ચાલીને તેની તઅઝીમ કરે છે, અને મેહમીલ અને ઉંટડીને બોસા આપે છે, તે બારામાં ઝુલજનાહને બીદઅત કહી ઓરત હરામ થવાના ફતવા આપનારા મોલવીઓ શા કારણે કાંઇ બોલતા નથી, અગર જો તે મોલવીઓ બીબી આયશાની મેહમીલ અને ઉંટડીના બારામાં પણ એવોજ નાદર ફતવો આપતા હોય તો જરૂર મુસલમાનોને કાંઇ વિચારવાનું કારણ મળે. જેથી સાબીત થાય છે કે મુસલમાનો ગમે તો બુતપરસ્તી કરે, કે ખુદાના અહકામ (કુરઆનના ફરમાનથી) ઉલ્ટા ચાલે, તેની તે મોલવીઓને જરાએ પરવા નથી. માત્ર હુસયને મઝલુમની યાદગીરી તેઓની આંખોમાં ખુંચે છે; પણ તેઓને ખબર નથી કે ખુદાના નૂરને કોઇ બુજાવી શકતું નથી. યઝીદીઓ નાશ પામ્યા, અઝાદારી બંધ કરનારા પોતાની સજાએ પહોંચી ગયા, પણ હુસયને મઝલુમનું નામ સદા રોશન અને આબાદ રહેશે.

"વાહરે ઝીકરે ગમે શબ્બીર હરદમ તાઝા હય,
"વરના ઉનકે ઝીકભી મુરદા હું ય જો ફાની હુવે."

ઝુલજનાહની શબીહની ક્રિયાઓ, હુસયને મઝલુમના અઝાદારો કેવી રીતે કરે છે તે પણ જાણવું જોઇએ, જેથી તેમાં શિર્ક અગર બીદઅત જે કાંઇ કહેવામાં આવે છે તેવું કશુંએ નથી. એ સહેલાઇથી સમજી શકાય. મોહર્રમના દીવસોમાં, ઘણું કરીને નવમી કે આશુરાની રાતના ઘોડાને ઇમામવાડામાં કે અઝાખાનામાં લાવી તે ઉપર કાળું કપડું, જેમાં તીરો પરોવેલાં અને લાલ (લોહીની નીશાનીના) ડાઘા પડેલા હોય છે, તે

રાખવામાં આવે છે. એક બાજુએ ઢાલ અને બીજી બાજુ તલવાર બાંધવામાં આવે છે અને જ્યારે ઝાકીર બયાન પડનાર એવા બયાન ઉપર આવે છે કે, ઇમામે મઝલુમ ઝખમોથી ચુર થઇ પોતાને સંભાળવા અશક્ત થઇ ઘોડા ઉપરથી ઝમીન ઉપર આવ્યા તે વેળા તે વફાદાર ઘોડો પોતાના આકા અને માલીકના ખૂનમાં આળોટી પોતાની યાળને રંગીન કરી ખયમા તરફ એહલેબયતને ખબર પહોંચાડવા આવ્યો, તે વખતે તેની આંખોમાંથી આંસુ જારી હતાં અને ખયમાના દરવાજા આગળ આવી મોટા અવાજે ખોંખારવા લાગ્યો, ત્યારે બીબીઓ બાહેર આવી ઘોડાને ખાલી, રડતો અને લોહીથી ખરડાયલો જોઇ પોતાના સરદારની શહાદતની ખાત્રી થતાં રડતાં, પીટતાં ઘોડાને ઘેરી વળ્યાં. કોઇ બચ્ચું કહેતું, "અય વફાદાર ઘોડા, મારા બાબાને કયાં ખોઇ આવ્યો?" કોઇ બીબી કહેતી, "અય ઘોડા, અમારા આકાને કયા જંગલમાં મૂકી આવ્યો?" ઇત્યાદી ઇત્યાદી.

આ ગમનાક બયાન ઉપર આવતાં કરબલાનો ચિતાર અને બીબીયોનો કકળાટ અને વિલાપ અઝાદારોની નજરે તરી આવે છે, અને ઇમામે હુસેનની મઝલુમીય્યતની અસર ઠેઠ જીગર સૂધી પહોંચી જાય છે; તે વખતે ઝુલજનાહને ઉપર લખ્યા મુજબની હાલતમાં મજલસ વચ્ચે લાવી ખડો કરે છે. આહ! તે વખતનો જીગરભેદક દેખાવ કોઇ પણ માણસનાં કઠણ હ્રદયાંને પીગળાવવા બસ છે. અઝાદારો તે ઘોડાને ઘેરી વળી પોતાના મઝલુમ ઇમામ અને તેઓની સોગવાર એહલેબયતનું સ્મરણ કરી, રડે છે અને માતમ કરે છે અને તે લોહીના ડાઘ ઉપર તેમજ તલવાર અને ઢાલ ઉપર બોસો આપે છે.

એ સિવાય બીજા પ્રસંગો ઉપર તાઝીયા તાબુત સાથે ઇમામ હુસયનના અસવાર વગરના ખાલી ઘોડાને સાથે લઇ ચાલે છે અને એ ગમનાક યાદગાર બનાવની યાદ તાજી રાખે છે.

ઉપર મુજબ ઝુલજનાહની શબીહની ક્રયા તરફ જોતાં એક સાધારણ સમજ ધરાવનાર કહી શકે છે કે તેમાં કોઇ પણ પ્રકારની ખરાબી અગર શિર્ક નથી. ધારો કે કોઇ અભણ

જાહેલ માણસ તે ઘોડા આગળ સીજદો કરે તો તે હરામ છે, અને તેની સખત મનાઇ છે, તો તેથી મૂળ શબીહ અગર ક્રિયાને ખરાબ ગણી શકાય નહિ; જેમકે મસજીદ અગર જમાતખાનામાં ધાર્મિક ક્રિયા કરવા જનારાઓમાંથી કોઇ દુષ્ટ, કજીઓ ફસાદ કરી કોઇને બે ચાર લપડાક ચોડી ચાલતો થાય, તો શું તે ધાર્મિક મકાન દંગા ફસાદની જગો અગર મારકીટ ગણાશે? કદી નહિ, તો એજ મુજબ ઝુલજનાહની શબીહને માટે સમજવાનું છે.

ઝુલજનાહનો ઇતિહાસ.

હવે આપણે મુરતજીઝ (ઝુલજનાહ) ની તવારીખ ઉપર નજર દોડાવીએ. લખે છે કે હારીસ નામના એક અરબ કનેથી રસુલે ખુદા સ૦મે મુરતજીઝ ઘોડાની ખરીદી ફરમાવી અને તેની કીંમત રોકડી ચુકાવી આપી. થોડીવારમાં તે અરબ હારીસે કીંમતના માટે ફરી માગણી કરી. આપે ફરમાવ્યું કે તારો હક્ક મળી ગયલો હોવા છતાં ફરીથી શા માટે માગણી કરે છે? તે હઠીલો અરબ હઝરતની સામે થઇ કહેવા લાગ્યો કે જો તમોએ કીંમત ચુકાવી આપેલ હોય તો કોઇ સાક્ષી લાવો. હઝરતે ફરમાવ્યું કે, કીંમત ચુકાવતી વેળા આપણા બન્ને શિવાય માત્ર ખુદા હાજર અને સાક્ષી હતો, જેથી હું બીજો સાક્ષી કયાંથી લાવું? આ તકરાર ચાલુ હતી એટલામાં હઝીમા નામનો સહાબી હાજર થયો અને હકીકતથી વાકેફ થઇ તેણે ગવાહી આપી કે હઝરતે ઘોડાની કીંમત આપી દીધેલ છે. આ સાંભળી હઝરતે ફરમાવ્યું, “ઓ હઝીમા, તમો કીંમત ચુકાવતી વેળા હાજર હતા નહિ, છતાં ગવાહી કયાંથી આપો છો?” તેણે અરજ કરી યા રસુલલ્લાહ, મારા માબાપ આપ ઉપર ફીદા થાય; આપે આપની રિસાલતની જીબ્રઇલના આવવા વિષે અને ખુદાના અહકામોની ખબર આપી, તે દરેકે દરેકને માન્ય રાખી, આપની સત્યતા ઉપર ઇમાન લાવ્યા, તો શું આવી નજીવી બાબત માટે આપ જુઠું બોલશો એ કોઇ કાળે માની શકાય? માટે આપ પોતે ફરમાવો છો કે કીમત ચુકવી આપી

છે, એજ ખરી બાબત છે અને તે માટે હું મારા યકીનની સાથે ગવાહી આપું છું કે આપ ખરા છો. આ ઇમાનદારી જોઇ હઝરત ખુશ થયા અને ફરમાવ્યું, કે એ હુઝીમા આજથી તારા એકની ગવાહીને ડબલ ગવાહી ગણવામાં આવશે, અને તે વખતથી હુઝીમાને "ઝુ શહાદતયન"નો માનવંતો ખીતાબ મળ્યો.

આ ગુફતગુ અને હુઝીમાની ગવાહી સાંભળી તે દાવેદાર અરબ પસ્તાણો અને પોતાનો (ખોટો) દાવો ખેંચી લઇ ચાલતો થયો. અહીં એક સવાલ ઉભો થાય છે કે, હઝરતે એક માણસની સાક્ષી કેમ કબૂલ ફરમાવી અને શરીઅતમાં બેઆદીલ ગવાહોનો હુકમ છતાં શા માટે એક હુઝીમાની ગવાહીને બે માણસોની સાક્ષી બરાબર ગણવાનો હુકમ આપ્યો. તેનો ટુંક જવાબ એ છે કે પ્રથમ દાવેદાર પોતે પોતાની ભૂલનો એકરાર કરેલ હોવાથી, "મુદદઇ સુસ્ત ગવાહ ચુસ્ત"ની કહેવત મુજબ આ સવાલ બાકી રહ્યો નથી. અને હુઝીમાની વાત પૂરેપૂરી અક્કલમાં ઉતરે છે કે રસુલ સત્ય હોય છે અને રસુલની સચ્ચાઇ તેણે મનાવી આપી, જેથી તેની ઇમાનદારી અને સચ્ચાઇ માટે પયગંબર સ૦ ખુશ થઇને તેનાં વખાણ કર્યા, તો તેવા ખરા ઇમાનદારની ગવાહી પ્રત્યે કયો મુસલમાન શક લઇ શકે છે?

આ વિચિત્ર બનાવ મુરતજઝની ખરીદી વખતે બન્યો તેમાં જરૂર ભેદ સમાયલો હોવો જોઇએ, અને તે બારામાં ખુદાની મરજી હતી કે તે અરબની તકરાર અને ખઝીમાને અર્પણ કરવામાં આવેલ ખીતાબની ખબર મુસલમાનોમાં ફેલાય, તે સાથે મુરતજીઝ ઘોડાની ખરીદી તેનું નામ અને પયગંબરની માલીકી પણ મુસલમાનોની જાણમાં આવે. એવું ન થાય કે મુરતજીઝ પયગંબરનો ઘોડો હતો એથી કોઇ નાવાકેફ રહી જાય. કેમકે ખુદા જાણતો હતો કે મુરતજીઝથી એક ભારે કામ થવાનું છે, તેમજ ઇમામ હુસયન અ૦ કને તે ઘોડો હોવાથી તે નામના મુસલમાનો જેઓ ઇમામને શહીદ કરવા ભેગા થયા હતા, તેઓ ઉપર હુજ્જત તમામ થાય. મુરતજીઝની શોહરત માટે એટલેથીજ પતાવવામાં આવ્યું નથી

પણ તે સાથે બીજી ઘણી બાબતોથી મુરતજીઝની ફઝીલત જાહેર કરવામાં આવેલ છે. તે ઘોડાનું નામ મુરતજીઝ એટલા માટે રાખવામાં આવ્યું કે તેના ખંખારવાનો અવાજ મ્હોટો અને મધુર હતો, જે સીફત તે વખતના બીજા ઘોડામાં ન હતી અને હ૦ રસુલ સ૦ તે ઘોડા ઉપર અસવારી ફરમાવતા હતા.

ઝુલજનાહની કરામતો.

હ૦ ઇમામ હુસયન અ૦નો સંબંધ મુરતજીઝ સાથે કયારથી શરૂ થયો, તેના બારામાં લખે છે કે, જ્યારે તેઓ ગુંઠણીએ ચાલવા લાગ્યા ત્યારે હંમેશા જ્યાં મુરતજીઝ બાંધવામાં આવતો તે જગો પાસે આવી ઘણીવાર તે ઘોડા તરફ તાકી તાકીને જોતા. એક દીવસે હ૦ રસુલ સ૦મે જોયું કે નવાસા, મુરતજીઝ તરફ બહુજ શૌકથી જોઇ રહ્યા છે, (જાણે કે ભેદની ગુફતગુ આપસમાં ચાલી રહી છે) પોતાના નવાસાને ફરમાવ્યું, "બેટા હુસયન, આ ઘોડા પર અસવારી કરવાનું મન થાય છે? ઇમામે અરજ કરી, હા, નાના જાન, મારી એ ખાહીશ છે. હઝરતના હુકમથી ઘોડાને જીન સજી તૈયાર કરવામાં આવ્યો અને ઇમામ હુસયને નજીક આવી સવાર થવા ચાહ્યું. શું તે ઘોડાના દીલમાં ઇમામની મોહબ્બત હતી કે ઇશારા વગર ચારે પગો ખોડી જમીન ઉપર બેસી ગયો. ઇમામ ઘોડા ઉપર સવાર થયા. અહીંયા પણ ત્રણ એવી અજાયબી પમાડનારા બનાવો બન્યા કે ઇનસાનની અક્કલ હેરાન થાય છે, કે જે બનાવો થકી મુરતજીઝને, ઇમામ હુસયન થકી ફઝીલત મળેલ સિધ્ધ થાય છે.

પહેલી બાબત એ કે એક જાનવરને (તે ઘોડાને) કેમ ખબર પડી કે મારા ઉપર અસવારી કરનાર આ નાનું બાળક છે, તેથી મારે ચારે પગો ખોડી લેવા જોઇએ. કોઇએ ઇશારો કરી તેને બેસાડેલો ન હતો તેમ અસવારને પીઠ ઉપર લેવા માટે જમીન ઉપર પગો ખોડી લેવાની ઘોડાની આદત નથી અને એવી રીતે ઘોડાની અસવારી કરવામાં આવતી નથી. સવારી ચાહનાર તો પેગડામાં પગ નાખી અસવાર થાય છે,

તેથી સાબીત થાય છે કે તે ઘોડાને ખુદાના તરફથી હુકમ થતાં ચેતવણી મળી કે તારી બુઝુર્ગી અને ફઝીલતનું મૂળ કારણ તારો અસલી માલેક હ૦ ઇમામ હુસયન છે, માટે તેની તાઅઝીમ માટે જમીન ઉપર બેસી જા અને તારી તાબેદારી અને મોહબ્બત દેખાડ, જે પ્રમાણે વર્તી તે ઘોડાએ ખુદાની, તેના રસુલની અને ઇમામે હુસયનની તાબેદારી કરી દેખાડી જે તેના માટે એક મ્હોટી ફઝીલત ગણી શકાય.

બીજો બનાવ અજાયબી પમાડનાર એ હતો, જે કયાંય પણ જોવામાં નથી આવ્યો કે ગુંઠણભર ચાલનાર બાળક ઘોડાની નજીક જઇ ઉભો રહી શકે અને અસવારી કરવાની મરજી દેખાડે. કેમકે બાળકો એવા મોટા જાનવરોથી ભાગતા અને ડરતાં રહે છે. અહીં હ૦ ઇમામે હુસયન અ૦નો બાળપણનો મોઅજીઝો ઝાહેર થાય છે અને તેમાં કોઇ પણ પ્રકારની નવાઇ નથી, કેમકે ઇમામો પયદા થવાની સાથે પ્રથમ સીજદામાં પડી તસબીહ, અને તકબીર કરી ખુદાની વહદાનીય્યતની શહાદત આપે છે તેમજ કુરઆનની આયતો પઢે છે; વળી મુરતજીઝ પ્રત્યે તાકી તાકીને જોવું અને તે પ્રત્યે મોહબ્બત જાહેર કરી અસવારી કરવાની મરજી દેખાડવી તેમાં પણ જરૂર ઘણા ભેદો સમાયલા છે, કેમકે ઇમામને ખુદા તરફથી ખબર મળેલ હોય છે કે કરબલાના મયદાનમાં લડાઇ વખતે આ ઘોડા ઉપર અસવારી થશે.

ત્રીજી બાબત વધુ હેરત પમાડનાર એ છે કે બાપ કદી પણ પોતાના નાના બાળકને ઘોડા જેવા જાનવર આગળ જવા દેતો નથી અને એકલો સવાર કરતો નથી. અહીં હ૦ રસુલ સ૦ જેઓ પોતાના નવાસાને બેહદ ચાહતા હતા, કેવી રીતે તેમને એકલા ઘોડા આગળ જવા આપ્યા અને અસવારી કરતા રોકયા નહિ? એમાં પણ જરૂર ભેદ છે અને તે ભેદ આપે ખુલ્લો કરી તેજ વખતે જણાવી આપ્યું હતું.

હ૦ ઇમામે હુસયનને ઘોડા ઉપર સરખા બેસેલા જોઇ અને ઘોડાને પોતાના અસવારની ખુબ સંભાળ રાખી ઉભા રેહતા જોઇ, હાજર રહેલા અસહાબો ખુશી થયા. પણ આ ગંભીર

ક્રિયા જોઇ પયગંબરના ચેહરાનો રંગ બદલાઇ ગયો અને દડ દડ આંસુ તેમનાં ગુલાબી ગાલ ઉપર ટપકવા લાગ્યાં. બસ તે બેઠક એક ગમનાક અઝાદારીની મજલીસમાં ફેરવાઇ ગઈ. બધા અસહાબો પયગંબરને રોતા જોઇ રડવા લાગ્યા. એક અસહાબે અરજ કરી, "યા રસુલલ્લાહ, આજે આપના પ્યારા નવાસાને ઘોડા ઉપર સવાર જોવાથી ખુશી થવાનો વખત હતો તેના બદલે આપ શા માટે રડી રહ્યા છો?" આપે ફરમાવ્યું, "આહ, જે હું જોઇ રહ્યો છું તે તમો જોઇ શકતા નથી. મને તે દેખાવ નજરે પડે છે કે જેવી રીતે હમણા મુરતજીઝ ઘોડાએ ચારે પગો ખોડીને પોતાના અસવારને, મારા લાડલા નવાસાને સંભાળથી પોતાની પીઠ ઉપર ઉપાડેલ છે, તેવીજ રીતે એક એવો વખત આવશે કે મારા આ નવાસા ઝખમોથી ચુર થઇ, જ્યારે પોતાને ઘોડા ઉપર સંભાળી નહિ શકશે તે વખતે મુરતજીઝ (ઝુલજનાહ) ચારે પગો જમીન ઉપર ખોડી કરબલાના બળતા રણની ગરમ રેતી ઉપર મારા ઝખમી નવાસાને આસતે અને સંભાળથી ઉતારશે. આ ગમનાક બયાન સાંભળી હાજર રહેલાઓમાં રડવાનો શોર બુલંદ થયો. તવારીખમાં એ લખેલું નથી કે તે પછી તે ઘોડો ઇમામ હુસયનને લઇ કેટલા કદમ આગળ ચાલ્યો.

ઉપલી હકીકતથી સાબીત થાય છે કે કરબલાના વાકેઆથી ઘણા વર્ષો અગાઉ પયગંબર સ૦એ લાડલા નવાસાની મુસીબતનું બયાન પ્રથમ પોતે બયાન કરી પોતાના અસહાબોને સંભળાવી ઇમામે હુસયનની એક મજલીસ બરપા કરી પોતે રડયા અને બીજાઓને રડાવ્યા, જેથી તે (કરબલાના ગમનાક બનાવ) પછી પયગંબર સ૦ની મુસીબતમાં ભાગ લઇ તેમને દીલાસો આપવા માટે તેમજ પયગંબરની તે સુન્નત ઉપર અમલ કરી રડવા માટે હુસયનના અઝાદારોને બાયલા વી. કહી ભજવનારા અગર ઝુલજનાહની શબીહની મસકરી કરનારા કદી પણ મુસલમાન ગણી શકાય નહિ.

હ૦ રસુલ સ૦એ તે વખતે પોતાના અસહાબોને જે બનાવની ખબર આપી હતી તે અક્ષરે અક્ષર કરબલામાં ખરૂં ઠર્યું

અને એજ મુરતજીઝ (ઝુલજનાહ) ઉપર ઇમામ હુસયન અ૦મે આશુરાના દીવસે સવારી કરી હતી, તે વિષે ઇમામોની બીજી ઘણી હદીસો છે કે આશુરાના દીવસે એજ ઘોડા ઉપર ઇમામ હુસયન અ૦ સવાર હતા.

અહીં વળી એક એઅતેરાઝ ચાલુ સુધરેલા ઝમાનાની ફીલોસોફી અને સાયન્સના બડેખાંઓ તરફથી કરવામાં આવશે કે મુરતજીઝની આ હીકાયત એક બનાવટી કહાણીથી વધારે વજુદવાળી ગણુતા નથી, કેમકે અમારી (જાડી) અક્કલમાં એ વાત કેમ સમાઇ શકે કે પચાસ સાઠ વરસનો ઘોડો આશુરાના દીવસની સખત ગરમીમાં તે ભારે લડાઇમાં છેલ્લી ઘડી સૂખી ભૂખ અને પ્યાસમાં ઇમામ હુસયનને કામ આવી શકે. પ્રથમ તો ઘોડાની ત્રીસ વરસથી વધુ જીંદગી હોતી નથી તો પચાસ સાઠ વરસનો ઘોડો કયાંથી કરબલામાં આવ્યો?

અફસોસ! આવા બડેખાંઓ માટે શું કહેવું? બે ચાર ચોપડી અંગ્રેજી ભણ્યા અથવા બી. એ. કે એમ. એ. થયા કે જાણે તેમના એક ચોરસ ઇંચ, અગર બે તોલા મગજમાં દીન દુન્યાની બધી વાતો સમાઇ ગઇ? એક ફઝીલત અગર મોઅજીઝો સાંભળશે કે ઝટ કહી દેશે કે મારી અક્કલ અને પટ સાયન્સમાં આ વાત સમાતી નથી. તેનું મૂળ કારણુ દીની બાબતથી નાવાકેફી અને અંગ્રેજી અધુરા જ્ઞાનનું અને નજીસ ખોરાકીનું દીલ ઉપર પ્લાસ્ટર છે. પથ્થર ઉપર પાણી સરી પડે તેમ દીની બાબતો અગર ઇમામોની ફઝીલત તેમના દીલ ઉપર અસર કરતી નથી; વળી ઘરની બાબતોથી વાકેફ થયા પહેલાં, બાળપણુથી ઇંગ્રેજી પુસ્તકોનું રટણુ થાય છે. પરધર્મિ-ઓનાં પુસ્તકો પૈસા ખરચી વાંચવાનું મન થાય પણુ ઇસ્લામ મઝહબની કીતાબો કોઇ મફત વાંચવા આપે તો પણુ તે ઉપર ઝાંખી નજર પડી શકતી નથી. નહિ તો ઇસ્લામ, એ પાક મઝહબ છે કે તેમાં કોઇ પણુ બાબત અકલીય્યાતથી ઉલટી નથી અને આંધળે મને સેવન કરવાનો હુકમ ઇસ્લામમાં મુદલ નથી. ઉસુલે દીનમાં પાંચ બાબતો સમજી વિચારી ખાત્રી કરીને માનવાનો હુકમ છે અને તે પાંચે બાબતો બરાબર ખાત્રી કરી

.લઇને સમજી લીધા પછી ગમે તેવા પરધર્મિઓનાં પુસ્તકોનું પાઠન કર્યાથી અગર તેઓના એઅતેરાઝો સાંભળવાથી તેના, મન ઉપર માઠી અસર થતી નથી. કેમકે ઇસ્લામ મજબૂત પાયા પર રચાયલો પાક મઝહબ છે, પણ તેની કદર હવે મુસલમાનો કરતા નથી, તેથી ઉલટું હાલના મુસલમાનોને સુધરેલી (પણ દીન બદીન નવસ્ત્ર થતી) પ્રજાની વાંદર નકલ કરી પોતાને સુધરેલા બનાવવાની ચીંતા વધુ રહ્યા કરે છે. ખુદા હીદાયત ફરમાવે.

ઉપલા એઅતેરાઝનો સેહલો અને સંતોષકારક ટુંક જવાબ એ છે કે, મુરતજીઝની ખરીદી અને ઇમામ હુસયનની પહેલી સવારીનો બનાવ સને ૯ હીજરીમાં ગણીએ. તે સાથે, તે ઘોડાની ઉમર ચાર વરસની ગણાતાં સને ૬૧ હીજરીના આશુરાના દીવસે તે ઘોડાની ઉમર ૫૫ વર્ષની થાય છે. હવે સવાલ એ છે કે ઘોડાની જીંદગી ત્રીસ વરસથી વધુ હોતી નથી અને જો હોય તો ૫૫ વર્ષની વયે તો ઘોડો બીલકુલ બુઢો ને નકામો હોય છે. લડાઇના મેદાન માટે તો શું પણ સાધારણ અસવારી કરવા માટે લાયક રહેતો નથી. તો તેનો જવાબ એ છે કે, ૧૩૦૦ વર્ષ અગાઉના ઝમાનાના ઘોડાની જીંદગીની સરખામણી ચાલુ ઝમાના સાથે કરવી બેઇનસાફી છે. આગલા ઝમાનામાં માણસો ત્રણસો ચારસો વર્ષની જીંદગી ભોગવતા, જ્યારે વર્તમાનકાળમાં વધુમાં વધુ એકસો વર્ષની જીંદગી ગણાય છે. છતાં વધુ ખાતરી કરી આપવા ખાતર તે સમયના (સને ૬૧ હીજરીના) ઇતિહાસ તરફ નજર પહોંચાડવાને અરજ કરીયે છીયે.

અરબબી તવારીખનવેશ દમેસના, "હયાતુલ હયવાન"માં જાહેઝનો કવલ લખે છે કે ઘણુંકરી અરબી ઘોડાની જીંદગી નેવું વર્ષની હોય છે અને તેમાં પૂર જવાનીનું જોર ચાલીસ વર્ષ સુધી રહે છે, તેમજ ચાબુક સવારોના હીસાબથી ઘોડાની જીંદગીનો એક વર્ષ અઢાર મહીનાનો ગણે છે, તો એ હીસાબે ચાલીસના ૬૦ વર્ષ પૂર જવાનીની તાકતના થયા; જેથી સને ૬૧ હીજરીમાં મુરતજીઝની ઉમર ૫૫ની ગણતાં તે વખતે પૂર્ણ જવાનીની તાકતમાં સાબીત થાય છે. આ જવાબ નાસ્તિકો,

નેચરી અને પયગંબર તથા ઇમામના મોઅજીઝાને ન માનનારાઓ માટે છે, પણ એક દીનદાર મુસલમાન જે ખુદા, તેના રસુલ અને કુરઆન અને મોઅજીઝા ઉપર ઇમાન રાખતો હોય તેના માટે આ ઉપલા જવાબ ઉપરાંત બીજો પણ એક જવાબ છે અને તે એ કે ગમે તેવા બુઢ્ઢા ઘોડાને, અગર મુરદાલ નહિ પણ મરી ગયલા ઘોડાને ખુદાની મરજી હોય તો તે સજીવન થાય છે અને જવાન થઇ જાય છે, અને એજ મુજબ ખુદાના હુકમથી પયગંબર અને ઇમામો મુઅજીઝો દેખાડી મુરદાંને સજીવન, બુઢ્ઢાને જવાન, બીમારને સાજા બનાવતા હતા. તો ઝુરતજીઝ ગમે તેવો બુઢો હોય અગર મરણ પામેલો હોય છતાં ઇમામ હુસયન અ૦ના મોઅજીઝાથી અને ખુદાના હુકમથી તે ઘોડાને સજીવન અગર જવાન તાકતવાન બનાવી શકતા હતા અને એવા ઘણા મોઅજીઝા પયગંબર સ૦ અને ઇમામોથી થયલા કીતાબોમાં મૌજુદ છે.

ઝમહેશરી પોતાની કીતાબે "ફાયકમાં" લખે છે કે, એક વખતે હ૦ રસુલ સ૦ એક સુસ્ત અને નાતવાન ઘોડા ઉપર સવાર થયા. હમૉદબીન સુલેમાન બયાન કરે છે કે, હઝરતની બરકત અને મોઅજીઝાથી તે ઘોડો જવાન અને તેજરફતાર થયો અને બીજા બધા ઘોડાથી વધારે તાકતવાન અને જવાન દેખાવા લાગ્યો.

જમીલે અશજઇ બયાન કરે છે કે, મારો ઘોડો બુઢો અને સુસ્ત હોવાથી જહાદમાં હું બધા મુજાહેદીન કરતાં છેલી સફમાં રહેતો. એક વખતે હઝરતે રસુલ સ૦મે મારી નજીક આવી ફરમાવ્યું, "અય જમીલ, દપટાવ તારા ઘોડાને અને ફોજની પહેલી સફમાં ભળી જા." મેં અરજ કરી "મારો ઘોડો બુઢો અને સુસ્ત છે, તેમાં હવે તાકત નથી." હઝરતે તેને ચાબુક માર્યો અને ફરમાવ્યું, "ખુદાયા આ ઘોડામાં તેના સવારને બરકત અતા ફરમાવ." જમીલ કહે છે કે તે પછી મારો ઘોડો એવો ચાલાક અને તેઝ થયો કે તેને હું રોકી ન શકતો અને બધા મુજાહેદીનથી આગળ વધી જતો અને તેની નસલથી મને ઘણો ફાયદો થયો.

તે ઘોડો ઇમામ હુસયનને પયગંબર કનેથી ક્યારે મળ્યો તેની વિગત ઇતિહાસમાં નથી. પયગંબર બાદ હ૦ અલી અ૦ને પયગંબરની દરેક વસ્તુઓ મળી તેમાં તે ઘોડો હશે અને હ૦ અલી અ૦ પછી હ૦ ઇમામ હુસેનને મળેલો હશે. ગમે તેમ હો, મુરતજીઝ (ઝુલજનાહ) કરબલામાં ઇમામ હુસેનની સાથે હતો.

આશુરાના દિવસે તે વફાદાર જાનવરના સંબંધમાં ઘણા બનાવો અજાયબી પમાડનાર બન્યા, જેનો નમુનો આ ઝમાનામાં મળવો મુશકેલ છે અને એ બનાવોના લીધે ઝુલજનાહને ખુદાએ ફઝીલત આપી અને તેને શઆઇરૂલ્લાહમાં ખુદાની નીશાનીયોમાંનો એક ગણી તેની હુરમત રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે.

આશુરાના દીવસે ત્રણ દીવસની ભૂખ અને તરસમાં તે વફાદાર ઘોડાએ ખરી જાન નીસારી દેખાડી હતી. લખે છે કે ફુરાત નદીના ઘાટ ઉપર ઉમરે સઅદના હુકમથી ઉમરૂ ઇબ્ને હુજ્જાજ અને અબદુલઅઅવર અસલમી ચાર હઝારની ફોજ સહીત પહેરો ભરતા હતા. ઇમામ હુસયન અ૦મે તલવારના બળથી તેઓને ભગાડી મેલ્યા અને રસ્તો સાફ થતાં નદીમાં ઉતર્યા. આહ! પાણી આગળ પહોંચતાં તે તરસ્યાં પ્રાણીએ પોતાનું મ્હોઢું પાણી તરફ નીચે નમાવ્યું. હઝરતે ફરમાવ્યું, "અય મારા વફાદાર ઘોડા, હું તરસ્યો છું અને તું પણ પ્યાસો છે. જ્યાં સૂધી તું સયરાબ નહિ થા ત્યાં સૂધી હું પાણી પીવાનો નથી. આ એક ઇશારો તે મુંગા પણ સમજુ જાનવર માટે બસ હતો અને તે બરાબર સમજી શકયો. તેથી તુરત પોતાનું માથું ઉંચું કરી લીધું અને પાણી પીધું નહિ, જાણે કે તે અરજ કરતો હતો, યા મવલા, પ્રથમ તમો તૃપ્ત થાઓ તે પછી હું સયરાબ થઇશ. હઝરતે ઝુલજનાહની વફાદારી જોઇને ફરમાવ્યું, અય મારા વફાદાર ઘોડા, અય ઝુલજનાહ, તું સયરાબ થા, જો હું પણ પાણી પીઉં છું. એમ ફરમાવી ચીલ્લુમાં આપે પાણી લીધું. ઘોડો રાહ જુવે છે કે પ્રથમ આકા પાણી પીએ પછી

હું સયરાબ થાઉં. એટલામાં એક મલઉને પુકારીને કહ્યું, યા હુસયન તમો ઠંડું પાણી પીવામાં મશગુલ છો અને ત્યાં આગળ તમારા ખયમા લુંટાઇ રહ્યા છે. તરતજ તે ગયરતદાર બની હાશમના શૂરવીર સરદાર હાથમાંનું પાણી ફેંકી તરસ્યા બાહેર નીકળી ખયમા તરફ આવ્યા, ત્યાં જોયું તો ખયમા સલામત હતા, માત્ર તે મલઉનનો મકર હતો. તે મલઉનને ખાત્રી હતી કે હુસયને મઝલુમ આ ખબર સાંભળી ગયરતના સબબથી એક પળવાર પાણી પીવા થોભશે નહિ. ઇમામ અને તેમના વફાદાર ઘોડા બન્ને તરસ્યા રહ્યા. તેથી ઇમામે ફરમાવ્યું, "ઇન્ના લીલ્લાહ વઇન્ના ઇલયહી રાજેઉન." આ વાકેઆથી મુરતજીઝની ફઝીલત સાબીત થાય છે કે પ્રથમ ઇમામનો ઇશારો સમજી શકયો અને પાણી આગળ પહોંચ્યા છતાં ઇમામની મોહબ્બતમાં તરસ્યો રહ્યો.

(૧) બીજી તારીખ મુહર્રમના—હ૰ ઇમામ હુસયન કરબલાની ઝમીન ઉપર પહોંચ્યા. જ્યારે ખાસ શહાદતની જગોએ પહોંચ્યા તે વખતે આપનો ઘોડો (મુરતજીઝ) ઉભો થઇ ગયો અને એક ડગલું આગળ વધતો ન હતો. હઝરતે તેને આગળ ચલાવવા કોશીશ કરી પણ તે મુદત આગળ વધ્યો નહિ. તે ઘોડા ઉપરથી ઉતરી બીજા ઘોડા ઉપર સવાર થયા. તે ઘોડો પણ મુરતજીઝથી આગળ વધ્યો નહિ. એ મુજબ આપે છ ઘોડા બદલાવ્યા પણ તે કોઇ આગળ વધતો નહિ તેથી તે ઝમીનનું નામ પુછતાં લોકો ગાઝરીય્યા, નયનવા વી. નામો કહી છેવટે કરબલાનું નામ જણાવ્યું. તે વખતે હઝરતે ફરમાવ્યું, "હાઝા મવઝીઉ કરબીન વબલા." આ દુઃખ અને આફતની જગો છે, જ્યાં આગળ હઝરત ઇમામ હુસયન અ૰ આશુરાના દીવસે ઘોડા ઉપરથી ઝમીન પર આવ્યા. એજ જગોએ મુરતજીઝ ઉભો રહ્યો હતો, કેમકે તે ઝમીનની માટી ઉપાડી પોતાના ખીસામાંથી એક પડીકું માટીનું કાઢીને સરખાવતાં આપને ખાત્રી થઇ કે એજ જગો પર આપની શહાદત થવાની હતી અને તે પડીકાંની માટી હ૰ જીબ્રાઇલે પયગંબરને લાવી આપેલ હતી.

આ હકીકતથી મુરતજીઝની એક એવી ફઝીલત સાબીત થાય છે કે જેથી ઇનસાનની અક્કલ હયરાન થાય છે. તે ઘોડો ખાસ એજ જગાએ ઉભો રહ્યો કે જ્યાં ઇમામની શહાદત થવાની હતી તેથી સાબીત થાય છે કે ખુદાના તરફથી તે ઘોડાને એ મુજબ હુકમ થએલ હતો.

(૨) વળી ઇમામ હુસયન અ૦મે વારાફરતી પાંચ ઘોડા બદલાવ્યા છતાં તે જાનવરોએ મુરતજીઝની પયરવી કરી આગળ ન વધ્યા. મુરતજીઝને કીયામત સૂધી એ ફઝીલત મળી છે કે જે ઘોડાને તેની શબીહ બનાવવામાં આવે છે તે મુરતજીઝને પગલે ચાલી અઝાખાનામાં માથું નીચું નમાવી શાંતિથી ઉભો રહે છે. ગમે તેવો મસતાન ઘોડો હશે, ઝુલજનાહની શબીહ બનતાં શાંત-થઇ જાય છે. એવા અનેક દાખલા હિંદુસ્તાન વીગેરે દેશોમાં થતા રહ્યા છે તેમાંથી બે ત્રણ દાખલા આ પ્રકરણમાં અન્ય સ્થળે લખીશું.

(૩) હ૦ રસુલ સ૦મે પોતાના અસહાબોને ઇમામ હુસયનની પેહલી સવારી વખતે ખબર આપી હતી કે આશુરાના દીવસે મુરતજીઝ પોતાના સવારને સંભાળથી ચારે પગો જમીન ઉપર ખોડીને ઉતારશે. એજ મુજબ તે ઘોડાએ કરી દેખાડયું. લખે છે કે તીર, તલવાર અને નેઝાના ઝખમથી ઇમામ ઘણા અશક્ત થયા અને નજીક હતું કે ઘોડાથી નીચે પડી જાય. આહ! તે વફાદાર ઘોડાને પોતાના સવારની હાલતની ખબર પડતાં એક નશેબ (ઢોળાણ) આગળ ચારે પગો ખોડી આસતેથી બેસી ગયો અને તે અરશના સીતારા પયગંબરના પાંવ ઝમીનની ગરમ રેતી ઉપર પડયા.

"બુલંદ મરતબા શાહી ઝે સવદે ઝીન ઉફતાદ,"
"અગર ગલત ન કુનમ અર્શ બર ઝમીન ઉફતાદ."

ઇમામ પ્રત્યેની વફાદારી અને મોહબ્બતમાં તે વફાદાર જાનવરે જે છેલ્લી ખીદમત બજાવી તેથી ખુલ્લી રીતે તેની ફઝીલત સાબીત થાય છે.

તે પછી જે અજાયબી પમાડનાર કામ ઝુલજનાહે શું કર્યું તે સાંભળી ઇન્સાનની અક્કલ હયરાન થાય છે. એ તમામ

બખશીશો ખુદા તરફથી ખાસ ઇમામે હુસયન પ્રત્યેની મોહબ્બત અને જાંફીશાનીના બદલામાં ઝુલજનાહને મળી હતી. લખે છે કે ઇમામ હુસયન અ૦ ઘોડા ઉપરથી ઝમીન ઉપર આવ્યા તે પછી મલઉનો ભેગા થઇ ચારે તરફથી ઘેરી વળ્યા અને શીમ્રે મલઉને સરે મુબારક તનથી જુદું કરી નેઝા ઉપર ચઢાવ્યું. યઝીદની ફોજમાં તકબીરના નઅરા બુલંદ થયા. ઝમીને કરબલા કાંપવા લાગી, સૂર્યને ગ્રહણ લાગતાં ખરા બપોરના વખતે આસમાન ઉપર તારા દેખાવા લાગ્યા. આહ! તે વફાદાર ઘોડાથી પોતાના માલીકની આ હાલત જોઇ શકાઇ નહિ. એક દુઃખી માતા પોતાના બાળકની લાશ ઉપર વિલાપ કરે, તે મુજબ તે ઘોડાએ પ્રથમ પોતાનો ચેહરો અને યાળ ઇમામે મઝલુમના ખૂનથી રંગી, ત્યાંથી રડતો અને પુકારતો ખયમા તરફ દોડયો. દરવાજા આગળ ઉભો રહી ઘણા ગમનાક અવાઝથી ખોંખારવા લાગ્યો. બીબીઓ ઝુલજનાહનો અવાઝ સાંભળી બાહેર આવી, શું જોય છે કે ઘોડો બેચેનીથી માથું ઉંચું નીચું કરી પુકારી રહ્યો છે. આંખોથી આંસુ જારી, ચેહરો ખૂનથી રંગેલો, ઝીન અસવારથી ખાલી ઉભેલો છે. આહ! તે વખતની અહલેબયતની ફરયાદ અને દુઃખનું વર્ણન લખવાની આ કલમમાં તાકત નથી. ઝુલજનાહ ખયમામાં ખબર પહોંચાડી મયદાન તરફ પાછો ફર્યો અને ચારે તરફ દોડતો ખાક ઉડાવતો અને પુકારતો હતો. ઉમરસઅદ મલઉને તે ઘોડાની આ હાલત જોઇ પોતાની ફોજને તેને પકડી લાવવા હુકમ આપ્યો. લશકરના સીપાહીઓ તેને પકડવા માટે ઘેરી વળ્યા. તે બહાદુર વફાદાર જાનવર પોતાના આકાના દુશમનોના કબજામાં રહેવાને રાજી ન હોવાથી, ઠોકરથી સીપાહીઓને હટાવતો અને મ્હોઢાથી હુમલો કરતો તેઓથી દૂર ભાગતો ફરતો હતો. આ દોડધામમાં કેટલાક સીપાહીઓ માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા. તેઓનો ઇરાદો ઘોડાને મારી નાખવાનો ન હતો, પણ જીવતો પકડી ઉમરે સાઅદ કને લઇ જવા માગતા હતા. છેવટે ઉમરે સાઅદે પોતાની ફોજને પુકારીને કહ્યું, આ ઘોડાને તેની હાલત ઉપર મૂકી આપો અને તમો દૂર હઠી જાઓ. જોઇએ તે શું કરે છે?

લશકરના સીપાહીઓ દૂર થયા કે ફરી ઝુલજનાહ કત્લ-ગાહ તરફ આવી દરેક માથાં વગરની લાશો સુંઘતો ઇમામ હુસયન અ૦ની બેસર લાશ આગળ આવી, પોતાનું મ્હોડું ઇમામના કપાયલા ગળા ઉપર રાખી સુંઘતો હતો અને પેશાની ઇમામની લોહીથી મળતો હતો. ગમગીન અવાજથી પુકારતો હતો અને એક ઓરત પોતાના જવાન ફરઝંદ ઉપર કકળાટ કરે તે પ્રમાણે રડતો અને આંસુ પાડતો હતો. આ દેખાવથી ઉમરે સાઅદ અને તેની ફોજને ઘણી અજાયબી ઉપજી. થોડી-વાર પછી અબદલ્લા ઇબ્ને કયસ બયાન કરે છે કે, તે ઘોડાએ ત્યાંથી આગળ વધી ફુરાત નદીમાં ભૂસ્કો માર્યો અને પાણીમાં પડી ગર્ક થયો. તે પછી આજદીન સૂધી તેની લાશનો પતો મળ્યો નથી તેમજ તેની વધુ ખબર પડી નથી. શીઆ ઇસ્ના અશરી લોકોની એ માન્યતા છે કે તે ઘોડા ઉપર સવાર થઇ બારમા ઇમામ હ૦ મેહદી અ૦ ઝુહુર ફરમાવશે.

જે રીવાયતમાં ઝુલજનાહ ઉપર બીબી શહરબાનુ સવાર થઇ કરબલાથી ચાલ્યા જવાનું લખવામાં આવેલ છે તે બરાબર નથી. કેમકે ચોથા ઇમામ હ૦ ઝયનુલ આબેદીનની વીલાદતના વખતે તેમની વાલેદા બીબી શહેરબાનુ વફાત પામ્યાની હીકાયત ઘણી તવારીખો અને મુઅતેબર હદીસોમાં હોવાથી સાબીત થાય છે કે તેઓ બીબી કરબલામાં હતાં નહિ, પરંતુ એક બીબી જેઓએ ઇમામે ઝયનુલ આબેદીન અ૦ને પાળેલા હતા, તેઓ કરબલામાં હોવાથી કેટલાક ઇતિહાસકર્તાઓએ તેમને બીબી શહેરબાનુ તરીકે ઓળખાવવાની ભૂલ કરેલી છે, જે પ્રમાણે મજલીસીએ લખેલ છે.

ખરેખર મુરતજીઝ (ઝુલજનાહ)ને ખુદાવંદે કરીમે એવી ફઝીલત બખશી છે કે તેનું નામ દુન્યામાં કયામત સૂધી પ્રકાશીત રહેશે. મોટી ફઝીલત તો એ છે કે તેના નામની શબીહ બનાવવામાં આવે છે અને તેથી ઘણાઓને હીદાયત થાય છે.

ઝુલજનાહની શબીહ (જે હિંદુસ્તાનમાં દુલદુલના નામથી વધુ ઓળખાય છે) ને ઘણા ગામડાંઓ અને શેહેરોમાં બના-

વવામાં આવે છે અને તે શબીહોથી ઘણી કરામતો ઝાહેર થતી રહી છે અને દીન બદીન એ મુજબ કરામતો અને ઇમામના મોઅજીઝા વધુ પ્રમાણુમાં ઝાહેર થતા રહે છે. તેથી ઇમાનદારોમાં અઝાદારી પ્રત્યેના જોશમાં વધારો થતો જાય છે. એટલુંજ નહિ પણ પરધર્મિઓ દુલદુલની શબીહ તરફ વધુ માનની લાગણીથી વર્તતા રહ્યા છે. બેશક, ઇસ્લામની સચ્ચાઇ અઝાદારી મહત્વતા તેમજ ઇમામે અ૦ હુસયનની શહાદતની અઝમત એવી ક્રિયાઓથી વધુ અને વધુ ઝાહેર થતી રહે છે. મઝહબે.ઇસ્લામની શ્રેષ્ટતા અને સચ્ચાઇ ઝાહેર કરવા માટે આવી બાબતોની જરૂરત હતી તે ખુદાએ પુરી પાડી, અને જેમ જેમ દીને ઇસ્લામના અને અહલેબયતે રસુલના દુશમનો દીને ઇસ્લામની કમર તોડવા કોશીશ કરતા રહ્યા, તેમ તેમ એવી કરામતો વધુ પ્રમાણુમાં ઝાહેર થતાં દીને ઇસ્લામની સચ્ચાઇ વધારે પ્રમાણુમાં ઝાહેર થતી રહી છે.

બનારસ જેવા શહેરમાં જ્યારે દુલદુલની શબીહ નીકળે છે તે વખતે તેલીયાનાલા મોહલ્લામાં પસાર થતાં હઝારોની સંખ્યામાં હિંદુઓમાં અઝાદારી અને માતમનો એવો જોશ ઉત્પન્ન થાય છે કે તેઓનો જોશ શીઆઓના જોશ કરતાં વધી જાય છે. તે વખતનો દેખાવ બેમીસ્લ હોય છે. હિંદુઓ અઝાદારીના ખરા જોશમાં આવી સીનાઝની–માતમ કરે છે, માથા ઉપર અને ગાલ ઉપર તમાચા મારે છે, "હાય હુસયન, હાય મેરે મઝલુમ" કહી એવી રીતે રોવે છે કે જોનારને બે ઘડી હયરત ઉપજી પોતાને રોકી ન શકતાં રડવા મંડી પડે છે.

હવે અમો ઝુલજનાહની કરામતોના હિંદુસ્તાનમાં તાજા બનેલા થોડા દાખલાઓ અત્રે આપીએ છીયે કે જે દિલ્હી વીગેરેના પેપરોમાં નામ ઠામ સહીત પ્રગટ કરવામાં આવેલ છે અને તે નજરે જોનારની સંખ્યા હઝારોથી વધી જાય છે.

બરાએચ નામના (અવધના) મુલકમાં સેંકડો શીઆ સુન્ની અને હિંદુઓએ નજરે જોયેલ બનાવ વિષે એક નજરે જોનાર બયાન કરે છે કે, મોહર્રમની દસમી તારીખ આશુરાના દીવસે દુલદુલની શબીહ માટે હંમેશાં જે ખાસ ઘોડો લાવવામાં

આવતો હતો તે બીમાર પડયો અને એક પગમાં ખોડ પેદા થવાથી એક સુન્ની મઝહબના ભાઇએ લઇ અકીદતમંદીથી તેની સારવાર કરી દવા કરવા લાગ્યો, જેથી તે ઘોડો ટુંક મુદતમાં આશુરાના દીવસથી અગાઉ સારો થઇ ગયો હતો, પણ જે લોકો શબીહ બનાવતા હતા તેઓને તે ઘોડાની સાજા થઇ ગયાની ખબર પડી નહિ, તેથી તેઓએ એક બીજો ઘોડો લાવી તાઝીયા ખાનામાં બાંધી રાખ્યો.

તે સુન્નીભાઇ અસલી ઘોડાને તાઝીયાખાનામાં લઇ આવીને લોકોને કહ્યું કે આ ઘોડો સાજો થઇ ગયો છે માટે તેને શબીહ બનાવવા માટે રાખો. પણ તેઓએ એમ વિચારીને ના પાડી કે કદાચને તે બીમાર ઘોડો પુરો તંદુરૂસ્ત નહિ થયો હોય અથવા હજી પણ તેના પગમાં ખામી રહી ગએલી હશે. આહ! તે ઘોડો અસલ ઝુલજનાહ (મુરતજીઝ)ની પચરવી કરતાં, ત્યાંથી તેને પાછો લઇ જવામાં આવ્યો ત્યારે ડગલે પગલે ઉભો રહી જતો હતો, જાણે તે ત્યાંથી ખસવા માંગતો ન હતો. અફસોસ! તે મુંગા પ્રાણીને જે દુઃખ થતું તેની કલ્પના કોઇ કરી શકયું નહિ. શબીહ બનાવનાર નાદાન દોસ્તો તે જાનવરની ઇચ્છાને પામી શકયા નહિ અને તેને નિરાશ કર્યો. એટલુંજ નહિ પણ તે જાનવરને તેઓએ હલાક કર્યો. જો તેઓ વખતસર ચેતી જતે તો તે ગરીબ જાનવર કદી પણ હલાક થતે નહિ. હવે તે ઘોડાને પાછા લઇ જતી વેળા જ્યાં આગળ શબીહના માટે ઘોડાને બાંધતા હતા ત્યાંથી પસાર થતાં તે ઘોડો ફરી ઉભો રહ્યો. અફસોસ તે જગો ઉપર તેની નજર પડતાં, તો ઘોડાની હાલત ઘણી ખરાબ થઇ ગઇ અને મ્હોટા અવાજથી ઓંખારી પુકારવા લાગ્યો અને આંખોમાંથી આંસુ પાડવા લાગ્યો, જાણે કે તે એમ કહેતો હતો કે તમો મને અહીંથી ખસેડો નહિ, પણ અફસોસ હજી પણ લોકો સમજી ન શકયા અને તે મુંગા પ્રાણીની ફર્યાદ ઉપર ધ્યાન નહિ આપી ત્યાંથી લઇ ગયા.

તે મુંગુ પ્રાણી પોતાના આકા અને મવલા મઝલુમ હુસેનની દરગાહમાં ફર્યાદ કરતું હશે કે "યા મવલા, મારી ફર્યાદને પહોંચો. આ લોકોએ મારો હક લાંબા સમયથી હોવા છતાં

આજે મને આ ખીદમતથી મહરૂમ રાખી પાછા લઇ જાય છે ”. પણ તે ફર્યાદ સાંભળવાના કાન તે અઝાદારોને કયાંથી હોય? અફસોસ ! તે ઘોડાની હાલત મુરતજીઝની છેલ્લી ઘડીની હાલતને બરાબર મળતી આવે છે.

મજકુર સુન્નીભાઇ તે ઘોડાને લઇ પોતાના મકાન ઉપર આવી તેની જગોએ ઘોડાને બાંધ્યો. તે નાઉમેદ થઇ ગએલ જાનવરે તે વખતથી ઘાસ ચારો છોડી દીધો અને બરાબર ભૂખ્યો તરસ્યો તરફડતો રહ્યો. આશુરાના દીવસે લોકો લાવેલા ઘોડાને શબીહ બનાવી અઝાદારીમાં મસરૂફ રહ્યા. અહીં આશુરાની સાંજ પડતાં તે ઘોડાની હાલત ખરાબ થઇ ગઇ અને તરફડી તરફડીને મર્ણ પામ્યો.

હવે તે લોકોની આંખો ઉઘડી અને તેઓને પોતાની ભૂલ જણાઇ આવી, તેથી ઘણો સખત પસ્તાવો કરવા લાગ્યા પણ તેઓનો પસ્તાવો ઘણો મોડો અને બધું ખતમ થઇ રહ્યા પછીનો હતો. તેઓને ખાત્રી થઇ કે તેઓની બેવકુફીથી તે જાનવર હલાક થયું. આ ખેદજનક ખબર સાંભળતાં બધા અઝાદારો દોડતા તે ઘોડા આગળ આવ્યા અને તેની લાશને ગુસલકફન આપી જનાઝાના આકારમાં ઉપાડી રડતા અને માતમ કરતા લઇ ચાલ્યા અને જ્યાં તાઝીયા ઠંડા કરવામાં આવતા હતા તે જગોએ તેને દફનાવ્યો.

હિંદુસ્તાનના બરહરા નામના ગામડામાં રહેતા સાદાતો બ્યાન કરે છે કે, એક સાલ મોહર્રમના મહીનામાં આશુરાના દીવસે હંમેશના ધારા મુજબ અમે ઝુલજનાહની સબીહ કાઢી, પણ તે વરસે અમો શબીહને હંમેશના નિયમ મુજબ જે રસ્તાથી લઇ જતા હતા તે તરફ ન જતાં બીજો રસ્તો લેવાનો ઇરાદો કર્યો.

જે રસ્તેથી અમો દર વરસે શબીહ કાઢતા તે તરફના એક મોહલ્લામાં એક મોલવી સાહેબનું ઘર હતું. તેમાં ગામની ઘણી ખરી ઓરતો તે ઘરમાં શબીહ જોવા માટે ભેગી થઇ હતી. જ્યારે તે ઓરતોને છેલ્લી ઘડીએ ખબર પડી કે ઝુલજનાહની શબીહ તે તરફથી પસાર ન થતાં બીજે રસ્તેથી લઇ જવામાં

આવશે ત્યારે મોલવી સાહેબના મકાનમાં ઓરતોએ રડાપીટ કરી કોહરામ મચાવી આખા મોહલ્લાને ગજાવી નાખ્યો.

અહીં આ મુજબ રડવા પીટવાનો શોર હતો અને તે તરફ અઝાદારો ઝુલજનાહની શબીહને લઇ માતમ કરતા મુકરર કરેલ રસ્તાથી પસાર થતા હતા, એટલામાં તેઓએ જોયું કે ઘોડો ઉભો થઇ ગયો અને ગમે તેટલી કોશીશ કરવા છતાં તે એક ડગલું પણ આગળ વધતો ન હતો. અમો તેને હંમેશના ધોરણ મુજબ કરબલા નામની જગો તરફ લઇ જવા ચાહતા હતા પણ તે ઘોડો જરાએ ખસતો ન હતો. છેવટે અઝાદારો લાચાર થયા અને તેઓએ જોયું કે હવે કોઇ પણ ઇલાજ નથી તેથી જેઓ તે ઘોડાની લગામ પકડીને ઉભા હતા તેઓને કહ્યું કે તમે લગામ ઢીલી મૂકી આપો ને જુવો કે તે જાનવર શું કરવા માંગે છે. બસ, અહીંયા લગામની દોરી ઢીલી થઇ કે તે જાનવર મ્હોઢું ફેરવીને દોડતો બીજા રસ્તા તરફ ચાલ્યો. અમો પણ તેની પછવાડે દોડતા જતા હતા. તે જાનવર અનેક આડી અવળી ગલીઓ પસાર કરી એજ મોલવી સાહેબના ઘરના દરવાજા આગળ થોભ્યો, જ્યાં શબીહને જોવા ઓરતો ભેગી થયલી હતી. પછી તે દરવાજામાં દાખલ થયો અને બરાબર જ્યાં ઓરતોનો મજમો હતો ત્યાં તેઓની વચ્ચે આવી માથું નીચું નમાવી શાંત ઉભો રહ્યો અને દડ દડ આંસુ ટપકાવવા લાગ્યો. ઝુલજનાહ–દુલદુલને કોઇ પણ માણસ વગર એકલો ઘરમાં દાખલ થયલો જોઇ તેઓના દીલમાં ઘણી ઉંડી અસર થઇ, પછી તો ચારે તરફથી તે ઘોડાને ઘેરી વળી વધુ જોર શોરથી માતમ કરવા માંડયા.

તે દેખાવ ઘણો દીલ પીગળાવનાર હતો. અસલ મુરતજીઝ ઘોડાએ જેવી રીતે કરબલામાં ઇમામની શહાદતની ખબર ખયમામાં આવી બીબીઓને પહોંચાડી હતી, એવીજ રીતે આ ઘોડાએ તેનું અનુકરણ કરી ઓરતો વચ્ચે ઉભો રહી જાણે ઇમામની શહાદતની ખબર આપવા આવ્યો હોય એવો દેખાવ થઇ રહ્યો.

બેશક, આ બનાવથી ઝુલજનાહની એક એવી ફઝીલત ઝાહેર થાય છે, જે કોઇ પણ બીજા ઘોડામાં વકી રાખી શકાય નહિ. ઝુલજનાહની શબીહના ઘોડાને તે ઓરતોની નાઉમેદી અને રડાપીટની ખબર તેમજ અનેક આડી અવળી ગલીઓમાંથી મોલવી સાહેબના મકાનની નીશાની અને તે માતમ કરતી ઓરતો વચ્ચે બેધડક ઘરમાં દાખલ થઇને ઉભા રહેવાને કોણે સુચવ્યું હતું ? શિવાય કે સર્વ શકતિમાન પરવરદીગાર જેને હુસયને મઝલુમની અઝાદારી ચાલુ રાખવાને અને ઇમામની તેમજ તેમના ઘોડાની શાન દેખાડવાની ખાસ મરજી હતી અને તે અઝાદાર સ્ત્રીઓના ખરા અંતઃકરણથી હુસયન અ૦ની અઝાદારી કરવાની ઇચ્છા તૃપ્ત કરવા માટે જેણે તે ઘોડાને એવી અનુપમ કરામત આપી.

ઇ૦ સન ૧૯૧૧ ની સાલમાં એક મોઅજીઝો ઇસ્નાઅશરી પેપરમાં જનાબ મરહુમ અલ્લામા કનતુરી સાહેબ તરફથી પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમાં લખે છે કે હિંદુસ્તાનના મશહુર મુલકમાં મોટા ખાનદાનની એક ઓરત (જે મુલક અને ખાનદાનનું નામ જાહેર પેપરમાં તે ખાનદાનને વધુ ફજેત નહિ કરવાના ઇરાદાથી અલ્લામા સાહેબે છુપું રાખ્યું હતું. જો કે હિંદુસ્તાનમાં અને તે મુલકના અતરાફના ઘણા લોકોને આ મોઅજીઝાની ખાત્રીપૂર્વક ખબર થઇ ચુકી હતી.) એહલે-બયતે અતહારની દુશમન અને ખારજી હતી, અને મુખ્ય કરીને ઇમામ હુસયન અ૦ પ્રત્યે કીનો રાખતી હતી. તે ઓરત દરવરસે મોહર્રમમાં આશુરાના દીવસે ઉમદા લીબાસ પહેરી ખુશહાલી કરતી અને મશકરીના રૂપમાં ઝુલજનાહની શબીહ બનાવતી અને પાડોસની ઓરતોને તમાશો જોવા બોલાવતી હતી. એ મુજબ કેટલીક મુદત સુધી દર વરસે નવી નવી રીતથી તમાસો કરી પોતાના દીલનો કીનો ઝાહેર કરતી હતી.

હંમેશાની રીત મુજબ એ વરસે મોહર્રમમાં આશુરાના દીવસે પોતાની બેનપણીઓને બોલાવી એક ગધેડાને શણગારી ઝુલજનાહની શબીહ બનાવી, ઘરના સહનમાં બેઠી બેઠી

તમાશો જોઇ હસતી અને ખુશહાલી કરતી હતી. એટલામાં આસમાન ઉપરથી તેણીના ઘર ઉપર એક તારો ખર્યો અને તારો ઘરના સહનમાં ઉતર્યો. એ જોઇ પ્રથમ તમાશો જોવા આવેલી સઘળી ઓરતો ગભરાઇને પોતપોતાના ઘરે ચાલી ગઇ અને તે નાપાક ઓરત પણ ડરી ગઇ અને ઘરની ઓસરીમાં દાખલ થઇ બારણું બંધ કરી અંદર ભરાઇ બેઠી; પણ ખુદાના ગઝબને કોઇ રોકી શકતો નથી. ગમે તો ગુફામાં સંતાઇ જાય તો પણ દરેક જગોએ તે પાક મઅબુદની સત્તા ચાલુ છે. તે એક સીતારો ન હતો, પણ આતશે ગઝબે ઇલાહીની ચીંગારી, (શીહાબે સાકીબ) આસમાનથી ઉતરેલો તારો હતો; જે બરાબર કોટડીમાં દાખલ થઇ તે મરદુદ ઓરતના મ્હોઢામાં ઉતરી ગયો, જેથી તરત તેણી બળીને મરણ પામી.

તેણીનાં સગાંઓએ વધુ ફજેત થતા બચવા માટે રાતોરાત તેણીને દફનાવી દીધી. પણ ખુદા જેને ફજેત કરવા ચાહે છે તેને કોણ ઢાંકી શકે? સવાર થતાં તેણીની કબરમાંથી ધુમાડો નીકળવા લાગ્યો, જાણે ચુનાની ભઠ્ઠી હોય, તે મુજબનો દેખાવ થઇ રહ્યો હતો. તે આગ ઓલવી નાખવા માટે પાણીની ઘણી મશકો રેડાવી; તેથી આખી કબરમાં ગારો અને પાણી ભરાઇ ગયું પણ ધુમાડો બંધ થયો નહિ. ત્રણ દીવસ સૂધી ધુમાડો ચાલુ રહ્યો અને હઝારો માણસો તે જોવા આવતા અને ઇબરત લેતા હતા.

છેવટે લાચાર થઇ હુસયને મઝલુમના અઝાદારોને બોલાવીને તે ઓરતના સગાઓએ આજીઝીથી માંગણી કરી કે આજે ઝીયારતનો દીવસ છે, તમો શરીક થાઓ અને કુરઆન, દુઆ વી. વી. પડો જેથી આ બલા દફે થાય. પણ શીઆ અને અઝાદારો સખત નારાઝ થયલા હોવાથી ગયા નહિ તેથી લાચાર થઇ તેઓ પોતે કબર આગળ જઇ ઇમામ હુસયનની મજલીસ બરપા કરી રડવા અને માફી ચાહવા લાગ્યા તે વખતે એ મઝલુમની અઝાદારીની બરકતથી ધુમાડો નીકળતો બંધ થયો.

ઉપર દર્શાવેલી ત્રણ કરામતોની હકીકતથી સાબીત થાય છે કે ખુદાવંદે કરીમને ઝુલજનાહની શબીહ અને ઇમામે હુસયનની યાદગીરી જાળવી રાખવા માટેની અઝાદારી પસંદ છે, અને તેની બેહુરમતી કરનાર ઉપરે નારાઝ થઇ આખેરતના અઝાબ પહેલાં દુન્યામાં સજા કરે છે. ઝુલજનાહની શબીહની જે મુખ્ય બાબત છે તે અઝાદારોની રીક્કતનો જોશ વધારવાનો છે; તેથી શબીહ થકી અઝાદારોની નજર આગળ કરબલાનો દુઃખદાયક ચિતાર ફરી વળે છે અને ઇમામ હુસયનની મઝલુમી ઉપર બે ઇખતીયાર રોવે છે. ઇમામની અઝાદારીમાં રડવામાં કેટલા ફાયદા અને સવાબ છે તે ઇનશાઅલ્લાહ એક જુદા પ્રકરણમાં ખુલાસાવાર લખ્યા છે.

પ્રકરણ સાતમું.

તાબુતે-હુસયન.

મોહર્રમના દિવસોમાં તાઝીયા-તાબુત કાઢવામાં આવે છે જે માત્ર ઇમામે હુસયનની કબર અને દરગાહની નકલ હોવાથી ઇમામે હુસયનની યાદગીરી માટે તેમના અઝાદારો બનાવે છે, પણ એ પવિત્ર યાદગીરીને બંધ કરવાના મલીન હેતુથી તાબુતને બુતપરસ્તી અને બીદઅત કહી તે તરફ નજર કરવાથી ઘરની સ્ત્રી હરામ થઇ જવાના ફતવા અપાઇ રહ્યા છે. એટલુંજ નહિ પણ 'તાબુત' જે અરબી શબ્દ છે અને જેનો અર્થ જીવતા અથવા મર્ણ પામેલા ઇન્સાન સુઇ શકે એવી લાંબી પેટીને કહે છે જેનો બીજા અર્થ કરબલામાં ઇમામે હુસયનના પવિત્ર રવઝાની નકલ થાય છે તેના મનગમતા અર્થ કરી, તા એટલે કાગળ (જેમકે કાગળનો તાવ) અને બુત એટલે બુત અથવા મૂર્તિ કરવામાં આવે છે. અફસોસ! અઝાદારીના વિરોધીઓને અરબી શબ્દ 'તાબુત'ના હડહડતા ખોટા અને ઉંધા અર્થ કરવાની અને જુઠું બોલવાની જરૂર એટલા માટે પડી કે ઇમામે હુસયનની અઝાદારી બંધ થાય કેમકે:-

૧. ઇમામે હુસયનની આઝાદારી થકી દીને ઇસ્લામ પવિત્ર એહલેબયતનો મઝહબ ઝાહેર થાય છે અને દિન બદીન તેની ચઢતી અને ફેલાવો થાય છે.
૨. તાઝીયા, તાબુત કાઢવાથી અને અઝાદારી થકી યઝીદ અને તેના પૂર્વજો તેમજ તેના ચાહકોનું ઘાતકીપણું અને બેદીની સિધ્ધ થાય છે. જે વિરોધીઓને પસંદ નથી.

'તાબુત' અરબી શબ્દ છે અને પવિત્ર કુરઆનમાં ઘણી જગોએ તાબુતનું વર્ણન કરવામાં આવ્યું છે, જે અહીં ટુંકમાં

પવિત્ર કુરઆનની આયત વડે તાબુતનો ખરો અર્થ સ્પષ્ટ કરી આપીશું.

"વકાલ લહુમ નબીય્યુહુમ ઇન્ના આયત મુલ્કીહી અન્ય્ય અતિયકુમુત્તાબુતુ ફીહી સકીનતુન મિન રબ્બિકુમ....

અર્થ:—અને તેમના પયગંબરે તેમને કહ્યું કે ખરેખર તેના રાજ્યની નિશાની એજ છે કે "તાબુત (પેટી) તમારી પાસે આવશે તેમાં તમારા પરવરદેગાર તરફથી 'સકીના' (શાન્તિ) છે અને તેમજ તેમાં મુસાના કુટુંબે અને હારૂનના કુટુંબે જે (કંઇ) પછવાડે મુકયું છે તેનો બાકી રહેલો ભાગ છે. ફિરીશતાઓ તેને ઉંચકશે. ખરેખર આમાં તમારા માટે એક નિશાની છે જો તમે માનતા હો તો.

(પવિત્ર કુરઆન—સુરએ બકર આયાત ૨૪૮
પ્રોફેસર ઇસફહાની કૃત તરજુમો પેજ ૯૦.)

આ આયતમાં 'તાબુત'નો અર્થ પેટી થાય છે જે બની ઇસરાઇલ માટે ખુદાએ મોકલાવી હતી. તે પેટી સોનાથી જડેલી શોભાયમાન હતી અને તે ત્રણ ગજ લાંબી અને બે ગજ પહોળી હતી. તેમાં તમામ પયગંબરોની, બની ઇસરાઇલ માટે શાન્તિ આપનારી ખુદાની નિશાનીઓ હતી. બની ઇસરાઇલ તે તાબુતને આગળ આગળ રાખતા હતા અને જેની બરકતથી તેઓ દરેક લટાઇમાં ફતેહમંદ થતા હતા અને દરેક પ્રકારની બરકત અને દિલાસો પામતા હતા.

ઉપલી આયતમાં 'તાબુત' (જે માત્ર પાટયાની બનાવેલી પેટી હતી,) તેને ખુદાની નીશાની જણાવવામાં આવી છે અને તેની હુરમત રાખવાનો બની ઇસરાઇલને હુકમ કરવામાં આવ્યે હતો તેથી સિધ્ધ થાય છે કે પયગંબરોની યાદગીરીની પેટી ખુદાની નિશાની તરીકે ગણવામાં આવી છે, એજ પ્રમાણે જે તાબુત અથવા પેટી ઇસ્લામના મહાન્ પયગંબરના નવાસ ઇમામે હુસયનની દરગાહ અને કબરની નીશાની તરીકે બનાવવામાં આવતી હોય તે પણ ખુદાની નિશાનીઓમાંથી ગણાત દરેક પ્રકારથી તેની હુરમત અને ઇઝઝત કુરઆનથી સીધ્ધ થાય છે.

ખાનએ કઅબા, સફા મરવા નામના મક્કાના બે પહાડો, કુરબાની માટેના ઉંટ, બેટાં વીગેરે પવિત્ર કુરઆનથી ખુદાની નિશાનીઓ તરીકે સિદ્ધ થાય છે જે વિષે ખુલાસાવાર ઝુલ-જનાહના પ્રકરણમાં લખી ગયા છીયે.

તાબુત બનાવવામાં શિર્ક અથવા બીદઅત જેવું કંઇ નથી તેમ શરાથી વિરૂદ્ધ નથી એ અનેક પ્રકારથી સાબીત કરી આપીશું. તાબુતને શિર્ક બિદઅત અને હરામ કહેનારા એહલે-બયતના દુશમનો નાસબીઓ અને અઝાદારીના વિરોધીઓ છે, જેઓ પોતાને મુસલમાન અને ઇસ્લામના મહાન્ પયગંબરને માનનાર જણાવે છે. હિંદુ, નસારા વીગેરે પરધર્મીઓ, તાબુત વિષે લેશ માત્ર ટીકા કરતા નથી બલ્કે તેઓ તાબુતની ક્રિયામાં ભાગ લીએ છે અને તે પ્રત્યે માન ધરાવે છે, જે આ પ્રકરણમાં ખુલાસાવાર લખી સઘળા એઅતરાઝોનું ખંડન કરીશું.

તાઝીયા, તા'બુત, અવલીયાની દરગાહો તથા કબરોની નિશાની જાએઝ હોવાની દલીલો.

સુન્નત જમાતની કિતાબ 'દલાએલુલ ખૈરાત'માં તેના કર્તા લખે છે કે (પયગંબરની) કબર શરીફની નકલ બનાવવાથી એ ફાયદો છે કે, જે માણસ ઝીયારત પડવા માટે જઇ ન શકયો હોય તે એ શીકલની ઝીયારત કરે અને મોહબ્બતના જોશમાં તેને બોસો આપે. એહલે સુન્નતની કીતાબ 'ફતાવાએ આલમગીરી'માં લખે છે કે માબાપની કબરોની નીશાની બનાવી શકાય છે અને તેના પર બોસો પણ દઇ શકે છે.

બીબી આઇશા, બસરામાં જંગે સીફ્ફીનની લડાઇ લડવા માટે ઉંટડીપર મેહમીલમાં બેસીને ગયાં તેની યાદગીરીમાં આજ પર્યંત શામ અને મીસરથી ઉંટડી પર મેહમીલ નાખીને હજની મોસમ ટાંકણે મક્કએ મોઅઝ્ઝમા તરફ ભારે ધામધુમથી લઇ જવામાં આવે છે અને જે મુસલમાનો ઇમામે હુસયનના તાઝીયા–તાબુતને બીદઅત બુતપરસ્તી કહી રહ્યા છે એઓજ બીબી આઇશાની ઉંટડી અને મેહમીલની નકલને માન આપી

બોસો આપી રહ્યા છે. અમે પોતે (આ કીતાબના લેખક) હજ પઢવા ગયા હતા ત્યારે મક્કએ મોઅઝ્ઝૈમામાં ખાસ ખાનએ કઅબા–મસજીદુલહરામમાં તે મેહમીલ રાખેલી જોઇ હતી જેને મુસલમાનો બોસો આપતા હતા. તો એ મેહમીલ જે માત્ર લાકડાની બનાવેલી અને રંગીન કપડાથી વીંટેલ અને નકશીકામવાળું હોય છે, તે અને તાબુત કે જે પણ બાંબુ ઉપર રંગબેરંગી કાગળો અને ઝરીકામ ચોટાડેલ હોય છે તે વચ્ચે શો તફાવત છે એ અઝાદારીના વિરોધીઓ અને તાબુતને શિર્ક હરામ કહેનારા સમજાવશે? હંમેશાં જે બનાવ મહત્વ ભરેલો અને કોમને વધુ લાભકારક હોય છે તેનીજ યાદગીરી જાળવવામાં આવે છે. તેથી ઇસ્લામના ઇતિહાસમાં, બીબી આઇશાની જમલની લડાઇથી ઇસ્લામને લાભ થયો કે નુકસાન એની તુલના કરવા ન્યાયી વાંચકોને સોંપીએ છીએ, પણ ઇમામે હુસયનની મહાન્ શહાદતથી ઇસ્લામને કેવો અને કેટલો લાભ પહોંચ્યો છે એ અમારી કીતાબ વાંચ્યાથી ખાત્રી થશે. એ કારણને લઇ તાબુતે હુસયનની યાદગીરી–બીબી આઇશાની મેહમીલ કરતાં વધુ મહત્વવાળી અને લાભકારક સિધ્ધ થશે.

સુન્નત જમાઅતની કીતાબ–'રવઝતુલ અહ્ઝાબ'માં લખે છે કે, પયગંબરનાં પગરખાં જે ગાયનાં ચામડાનાં હતાં, તેની નકલ બનાવીને તેની ઝીયારત કરે અને બોસો આપે તેથી બરકત અને સવાબ હાસીલ થાય છે, અને માથા ઉપર રાખી ખુદા પાસે તેનો વાસ્તો આપીને દુઆ કરે તો તેની દુઆ કબૂલ થશે.

જલયાનવાળા બાગમાં માર્યા ગયલા મુસલમાનો અને હિંદુઓની યાદગીરી જાળવવા ખાતર બે ત્રણ વર્ષ સૂધી એ દિવસને શોકનો દિવસ પાળી મુસલમાનો સરઘસના આકારમાં અલમ હાથમાં લઇ, નૌહા પડતા રસતા ઉપર ચાલતા હતા જે ઇ. સન ૧૯૨૩ માં અમે મુંબઇ હતા ત્યારે પાયધુણી તરફ તે દેખાવ અમારી નજરે જોઇ શકયા હતા. પણ ઇમામે હુસયનની અઝાદારીમાં જે મહત્વતા અને અસર સમાયલી હતી, તે જલીયાનવાળા બાગના બનાવમાં ન હોવાથી ટુંક મુદતમાં એ શોક અને ગમ ભૂલાઇ ગયો અને હવે અલમ

સાથે નૌહા પડતા, અને સરઘસના આકારમાં નીકળતા મુસલમાનો નજરે પડતા નથી.

તાબુત-તાઝીયાને ઇમામે હુસયન અ૦ની કબ્રની નિશાની સમજી તેને માન આપી ચુંબન કરવામાં આવે છે, જેમકે પયગંબરની કબ્રની નીશાની અથવા પગરખાં, લાકડી, અથવા પયગંબરની બી બીબી આયશાની મેહુમીલ અને ઉંટણીની નિશાનીઓના બારામાં વર્તવામાં આવે છે જે અમે એહલે સુન્નતની હદીસોથી સાબીત કરી ગયા છીએ.

તાબુત આગળ સીજદો થઇ શકતો નથી, જેવી રીતે પયગંબર અથવા ઇમામોની કબર આગળ સીજદો થઇ શકતો નથી. તેમજ તાબુત કોઇ જાનદાર ઇન્સાન અથવા જાનવરની તસ્વીર (પુતળું અથવા બુત નથી) કે જે શરીઅત મુજબ હરામ ગણાય છે. પણ તાબુત માત્ર કબરની નકલ છે. એક કબર અથવા મકાનની નકલ તેની તસ્વીર હરામ ન હોવાથી શરીઅતમાં તેના માટે મુદલ મનાઇ કરવામાં આવેલી નથી જેથી તાબુત-તાઝીયા અઝાદારી થકી ઇસ્લામને પહોંચતા બે મિસાલ લાભો અને તેનાં રહસ્યો તરફ જોતાં તે ઉપર જે કાંઇ ખરચ કરવામાં આવે છે, તે કદી પણ નક્કામું અથવા ઇસરાફ કહી શકાશે નહિ.

જે મુસલમાનો હુસયને મઝલુમના આશકો ગરીબ સ્થિતિના હોવાને લીધે કરબલા ઝીયારત માટે જઇ શકતા નથી તેઓના માટે તાબુત તાઝીયાની ઝીયારત અઝીમ નેઆમત ગણાય છે, અને તેઓને પોતાની નિય્યત અને મોહબ્બતના પ્રમાણમાં તાબુતની ઝીયારત અને તેને બોસો આપવાથી અસલ કબરની ઝીયારત અને તેને બોસો આપવાનો સવાબ મળે છે.

તાબુતપર નજર પડવાથી અઝાદારોની નજરમાં કરબલાનો દુઃખદાયક બનાવ ફરી વળે છે, તેથી તેઓ રડે છે અને આંસુ પાડી ગમ કરે છે. ઇમામના ગમમાં ગમ કરી આંસુ પાડવામાં બેહદ સવાબ છે એ અમે અન્ય સ્થળે જુદા પ્રકરણમાં ખુલાસાવાર સિદ્ધ કરી આપેલ છે, તેથી તાબુત રાખવામાં અને તેની ઝીયારત કરવામાં કેટલો સવાબ છે એ સેહલાઇથી સમજી શકાશે.

તાઝીયા-તાબુતમાં ભાગ લેનાર પરધર્મિઓ.

ઇમામે હુસયનની શહાદતમાં ખુદાએ એવી રૂહાની અસર રાખી છે કે તેથી માત્ર મુઠ્ઠીભર વિરોધીઓ અને નાસબીઓ શિવાય આખી જગત એ ગંભીર બનાવથી આકર્શાઇ તેમાં ભાગ લેતા રહ્યા છે. આ એવો મહત્વતા ભરેલો બનાવ છે અને અઝાદારીમાં એટલી રૂહાની અસર સમાયલી છે કે, બની ઉમય્યા અને બની અબ્બાસીઓના બાદશાહોએ અઝાદારી બંધ કરવાની અને ઇમામે હુસયનની કબરની નિશાની મટાડવાની ઘણી કોશીશ કરી, અને અઝાદારોને કત્લ કરવામાં આવ્યા. હિંદુસ્તાનમાં ઔરંગઝેબ વીગેરે બાદશાહોએ પણ ઘણી કોશીશ કરી અને આજ પર્યંત એવી કોશીશો ચાલુ રહી છે અને દર વર્ષે મોહર્રમનાં ટાંકણે અમરતસર વીગેરે મુલકોમાં લાખો જાહેર ખબરો છપાઇને પ્રગટ થાય છે અને આઠ આને સેંકડેના હીસાબે હજારો નકલો વેચાય છે. એટલુંજ નહિ પણ વહાબી મોલવીઓના ફતવાઓ બાહેર પાડવામાં આવે છે. એટલું છતાં ઇમામે હુસયનની અઝાદારીની એ શાન છે કે દર વર્ષે અઝાદારીનો જોશ વધતો જાય છે અને કીયામતના દહાડા સૂધી તેમાં પ્રગતી થતીજ રહેશે.

ગ્વાલીયરના મહારાજા સાહેબ બહાદુર હિંદુ હોવા છતાં દર વર્ષે મોહર્રમમાં અઝાદારી તાબુત, તાઝીયા અને અઝાદારી પાછળ ત્રણ લાખ રૂપીયા ખરચ કરે છે અને ઘણે વખતે શીઆ મોલવીને મજલીસ પડવા બોલાવે છે જેમકે એક વર્ષે શમ્સુલઓલમા મોલવી અબુલખૈર સાહેબ ગાઝીપુરીને મજ-લીસ પડવા માટે તેડાવ્યા હતા અને પોતે પણ મજલીસમાં ભાગ લ્યે છે.

'રજપુત ગેઝેટ' તા૦ ૬ ઠી ડીસેમ્બર ૧૯૧૫ ના અંકમાં લખે છે કે 'બડહાએમ' જીલ્લાનું ગામ થાણા 'અપુનામાં' ક્ષત્રી, બ્રાહ્મણ, વૈશ્ય વી૦ હિંદુઓ તાઝીયા બનાવે છે અને મુસલમાનો કરતાં પંચાણું ટકા તેઓના તાઝીયા વધારે હોય છે અને તેઓ પણ 'હાય હુસયન' કરી રોવે છે અને છાતી કુટે છે.

એ કંઠના મહારાજા હીરાસીંગ સાહેબ તાઝીયાની સલામે જાય છે અને દરેક તાઝીયા આગળ અમુક રકમ રાખે છે અને ગરમીના દિવસોમાં મોહર્રમમાં ઇમામે હુસયનના નામની સબીલ રાખે છે અને તેમના તરફથી જાત જાતનું સ્વાદિષ્ટ શરબત પીવરાવવામાં આવે છે.

તાબુતની ઝીયારતનાં રહસ્યો.

તાબુતે હુસયન મોહર્રમના અશુરાના દિવસે ઉપાડવામાં આવે છે તે સાથે હજારોની સંખ્યામાં અઝાદારો માતમ કરતા નોહા પડતાં રોતા અને પીટતા ચાલે છે અને તાબુત ઠંડા કરવાની જગ્યોએ લઇ જઇ દફન કરે છે. એ શા માટે કરવામાં આવે છે અને તેમાં કેવાં રહસ્યો સમાયલાં છે અને તાબુત બનાવવા માટે બાંબુ તથા કાગળો વીગેરે પાછળ ખરચાતા લાખો રૂપીયા વ્યર્થ જતા નથી એ ટુંકમાં સમજાવવા માંગીએ છીયે.

મોહર્રમના દિવસોમાં તાબુત રાખવામાં આવે છે અને આશુરાના દિવસે ઉપર લખ્યા મુજબ ફેરવવામાં આવે છે તે વખતનો ગંભીર અને જીગર ફાડનાર બનાવ જોઇ જોનારાઓના દીલપર ઉંડી અસર થાય છે અને ઇમામે હુસયનની શહાદતનો કરૂણાજનક બનાવ આંખો સામે તરી આવે છે. આ દેખાવથી ઇમામે હુસયનની સચ્ચાઇ, મઝલુમી અને તેમની બુઝુર્ગી ઝાહેર થવા સાથે યઝીદ અને તેના સાથીઓની હેવાનીયત અને ઘાતકીપણું જણાઇ આવે છે; જેથી ઇમામે હુસયન પ્રત્યે લોકોના દીલોમાં લાગણી અને પ્રેમભાવ ઉત્પન્ન થાય છે અને યઝીદ અને તેના સાંથીઓ પ્રત્યે અભાવ અને ધિક્કાર પેદા થાય છે.

જો અઝાદારો પોતાના ઘરોમાં બંધ બારણે અઝાદારી કરી પોતાના મઝલુમ ઇમામના ગમમાં આંસુ પાડતા હોય, તો ઇમામે હુસયનની શહાદતથી ઘણા લોકો અજાણ રહે એટલુંજ નહિ પણ અઝાદારીના વિરોધીઓ માટે મયદાન સાફ રહેતાં, તેઓ એ શહાદતનો સાવ ઇન્કાર કરી બેસે. જેમકે થોડા વખત પર કરઝન ગેઝેટના અધિપતિ, મીરઝા હયરતે માત્ર યઝીદે

મલઉનની મોહબ્બતના જોશમાં ચીત્રી માર્યું હતું કે, ઇમામે હુસયન કરબલામાં શહીદ થયા એ બીલકુલ બીન પાયાદાર અને બનાવટી હકીકત છે. ઇમામે હુસયન તો ઇસ્તંબુલમાં વફાત પામ્યા. પરિણામે મોઆવિયાના વખતથી મુસલમાનોને એહલેબયત રસુલથી અજાણ રાખવાની જે કોશીશ થતી રહી તેમાં પ્રગતી થતાં મુસલમાનોનો મ્હોટો ભાગ દીને ઇસ્લામના રક્ષક ઇસ્લામના મહાન્ પયગંબરની એહલેબયતના નામ વટીકથી નાવાકેફ રહેતે, અને એમજ સમજતે કે ઇસ્લામના રક્ષક દીનના સરદારો પયગંબર પછી બની ઉમય્યા અને બની અબ્બાસીના બાદશાહોમાં મોઆવીયા અને યઝીદ વીગેરે હતા, અને તેઓજ પયગંબરના નજીકના સગા હતા, તેથી મોઆ-વીયા અને યઝીદના આચાર વિચારો અને શિક્ષણો સિવાય ઇસ્લામનું ખરૂં શિક્ષણ બીલકુલ રહેવા પામતે નહિ. એ સિવાય ઇસ્લામની મહત્વતા અને ખુબીઓથી પરધર્મિઓ કોઇ પણ પ્રકારથી વાકેફ થઇ શકતે નહિ.

ઇમામે હુસયન અ૦મે કરબલામાં શહાદત ઇખ્તેયાર કરી ઇસ્લામના ખરાં શિક્ષણો કીયામત સૂધી ઝાહેર કરી ગયા અને હક અને બાતીલ વચ્ચેનો ફેર દેખાડી ગયા, તેમજ તબલીગનું અગત્યનું કામ મુસલમાનોને દેખાડી ગયા જે સર્વ બાબતો અઝાદારી થકીજ થઇ શકે છે, અને તે બંધ બારણે નહિ પણ ખુલ્લી રીતે બજારોમાં અને રસ્તા પર 'યા હુસયન-યા હુસયન' પુકારતાં માતમ અને નૌહાની સાથે અલમ અને તાબુત ઉપાડીને ચાલ-વાથીજ થઇ શકે છે.

તાબુતની સાથે રડતાં પીટતાં ચાલવાની કોઇ નવી રીત નથી. દરેક કોમ પોતાના દેશની રીતભાતને અનુસરી પોતાના શહીદો અને મહાત્માઓની યાદગીરી જાળવવા એવો દેખાવ કરે છે અને સરઘસના આકારમાં બાહેર નીકળે છે.

અંગ્રેજ લોકો હ૦ ઇસાને સુળી પર ચઢાવવામાં આવ્યા તેની યાદગીરી જાળવવા માટે પાદરીઓ ક્રોસને ઉપાડી રસ્તા ઉપર ચાલે છે, અને તેઓ સાથે હજારો અંગ્રેજો ચાલે છે. હિંદુઓ પણ એજ પ્રમાણે શિવાજી તથા શ્રદ્ધાનંદ વીગેરે

મહાપુરૂષોની યાદગીરી પાળે છે અને સરઘસના આકારમાં જાહેર રસ્તા પર હજારોની સંખ્યામાં ચાલે છે.

અમારા આગાખાની ભાઇઓ નામદાર આગાખાનના જન્મ ખુશહાલીનો (ધન ધન સારીનો) દિવસ ઉજવે છે અને સરઘસના આકારમાં ભાઇઓ અને બેહનો કલાકો સૂધી રસ્તા ઉપર ચાલે છે. તેઓમાંના કેટલાકો ડાંડીયારાસની રમતમાં ગુલ્તાન દેખાય છે, તો બીજાઓ રાસડા ગીત ગાતા અને ધન ધન સારી લલકારતા નજરે પડે છે. એ ધન ધનનું સરઘસ અને ડાંડીયારાસની રમતથી પ્રેક્ષકો પર કેટલી અને કેવી અસર થાય છે અને ઇસ્લામ મઝહબ પ્રત્યે કેટલી લાગણી લોકોના દીલોમાં પેદા થાય છે, તે સાથે તાબુતે હુસયન ફેરવવાના ગમનાક હૃદયભેદક દેખાવમાં કેટલી ઉંડી અસર સમાયલી છે અને તેથી ઇસ્લામ મઝહબને કેટલો ફાયદો પહોંચે છે, એ વચ્ચે સરખામણી કરવા ન્યાયી વાંચકને અરજ કર્યે છીયે.

તાઝીઆ-તાબુત ફેરવવાની ક્રિયાનો ટુંક ચિતાર ઉપર લખી ગયા છીયે તેમાં કોઇ પણ જાતની ખરાબી અને ન ઇચ્છવાજોગ બાબત હોતી નથી, અને એ ક્રિયાથી કોઇ પણ માણસનું દીલ દુઃખાતું નથી અને કોઇ પણ પંથની માન્યતાથી વિરૂધ્ધ અથવા સરકારના કાયદા કાનુનથી ઉલટું કરવામાં આવતું નથી. જે લોકો રડતાં પીટતાં દુઃખી દીલે પોતાના ઇમામે મઝલુમની મુસીબતોને યાદ કરી શોકાતુર ચેહરે તાબુત સાથે ચાલતા હોય, તેઓના કનેથી દંગા ફસાદની આશા રાખવી કેવળ મુર્ખાઇ ગણાશે. જેથી તાબુત-તાઝીયાને હરામ બીદઅત કહી શા માટે રોકવાની કોશીશ કરવામાં આવે છે એ શોચનિય છે.

મોહર્રમના આશુરાના દિવસે જરૂર દર વર્ષે દંગા ફસાદ થાય છે અને તાબુત-તાઝીયા ઉપાડનારાઓ મારપીટ કરે છે એમાં પણ શક નથી, પણ તેઓ કોણ હોય છે? અને તેઓમાં ગમગીની અને મુસીબતની કેટલી અસર હોય છે? તેઓનો હેતુ તાબુત કાઢવાથી શું છે? તે જાણવાની જરૂર છે. કેમકે તાબુત કાઢવાથી દંગા ફસાદ થાય છે અને ખૂન પણ થાય છે

એમ કહી તાઝીયા-તાબુતને અર્થ વગરની અને નુકસાનકારક ક્રિયા જણાવી તેને રોકવાની સલાહ વિરોધીઓ આપતા રહ્યા છે.

જેઓ હાથમાં મેંદી, આંખોમાં સુરમો લગાડી, સારાં રંગીન કપડાં પહેરી, પાનનો ડુચો મોમાં ઘાલી, રીંછ હાથી વીગેરે જાનવરો જેવી પોતાની શકલ બનાવી, નાચતા કુદતા, તાબુત સાથે ચાલતા હોય એવાઓના દીલોમાં મોહર્રમની મુસીબતોની જરાએ અસર થઇ નથી એ કોઇ પણ નજરે જોનાર સેહલાઇથી કલ્પી શકશે. મુસીબતના વખતે આવો હાસ્યજનક દેખાવ થઇ શકેજ નહિ. એવો દેખાવ જોઇ મુસીબત કરતાં ખુશહાલીનો અવસર છે એમ સર્વ કોઇ કહી શકે; જેથી એવા દેખાવને અથવા દંગા ફસાદને તાબુતના ગમનાક અને ગંભીર દેખાવ સાથે કશો સંબંધ નથી એ સ્પષ્ટ જણાઇ આવે છે. જો સઘળા મુસલમાનો તાબુત-તાઝીયાનું ખરૂં રહસ્ય સમજીને શાંતિથી બનાવની ગંભીરતા સમજી, શોકાતુર બની તાબુત કાઢતા રહે તો આખી જગત પર ઘણી સારી છાપ બેસે, અને પરિણામે ઇસ્લામની હૈરત પમાડનાર તરક્કી થવા પામે. તાબુત, તાઝીયા, અલમ, પંજા, દુલદુલ વીગેરે કરબલાના દુઃખદાયક બનાવોની યાદ અપાવતી વસ્તુઓ ફેરવવાથી લોકો પર કેટલી ઉંડી અસર થાય છે તે વિષે ફ્રાંસના મશહુર ઇતિહાસકાર ડાકટર જોઝેફ તારીખે ઇસ્લામમાં લખે છે કેઃ—

શીઆની મ્હોટી સંખ્યા આપણે હિંદુસ્તાનમાં જોઇએ છીયે તે અઝાદારીના પ્રતાપથી છે. આજે તેઓએ પોતાની ધાર્મિક ક્રિયાઓ બજાવી લાવવામાં એવી તરક્કી કરી છે કે, લગભગ ૨/૩ મુસલમાનોને પોતાના વિચારોમાં ભેળવી લીધા છે. ઘણા હિંદુઓ અને પારસીઓ પણ તેઓની ક્રિયાઓમાં (અઝાદારીમાં) શરીક થતા જણાય છે અને એ દેખીતું છે કે એક સૈકાની અંદર જ્યારે તેઓના (હિંદુ અને પારસીના) વંશજોને આ (અઝાદારીના) બનાવની (અને તેઓના પૂર્વજોની શામીલગીરીનો) મહત્વતા વંશપરંપરા પહોંચતી રહેશે તો તેઓના પર ઘણી સારી છાપ બેસશે અને આ (ઇસ્લામી) ધર્મને માનતા થશે....................."

"તાઝીયા અને શબીહથી સામાન્ય વર્ગ (પરધર્મિઓ પર) જે ઉંડી અસર થાય છે તે જગજાહેર છે. મજલીસની બેઠકોમાં કરબલાનું કરૂણાજનક બ્યાન સંભળાવવામાં આવે છે અને એહલેબયતની મોહબ્બતના સવાબની હદીસો સંભળાવી શૌક અપાવવામાં આવે છે અને તે સાથે શબીહ (તાઝીયા તાબુત) નો દેખાવ વધુ અસરકારક થાય છે. તે લોકો શબીહને વિવિધ પ્રકારથી બનાવીને બજારોમાં, ગલીઓમાં ફેરવે છે જેથી પોતાના અને પારકા લોકો (પરધર્મિઓ) ની નજર તે ઉપર પડે છે તેથી તેઓનું ધ્યાન ખેંચાતાં તે તરફ તેઓની લાગણી પ્રેરાય છે. આ શબીહ ફેરવવાથી એવી ઉંડી અસર થવા પામી કે હિન્દુઓ પણ શબીહ બનાવવામાં અને ફેરાવવામાં ભાગ લેતા થયા છે...................."

"એ સઘળા દેખાવોમાં માતમ (સીનાઝની) નો અને છાતી કુટતાં રસ્તામાં અને બજારોમાં ચાલવાના દેખાવથી લોકો પર ઘણી સારી અસર થાય છે. એટલુંજ નહિ પણ તેથી તેઓ પોતાનું શૌર્ય અને મરદાનગી ભરેલી હયબતની સારી છાપ બેસાડે છે અને લોકોને પોતા તરફ પ્રેરે છે.................."

"માનનીય વાત તો એ છે કે શબીહ ફેરાવનાર અને માતમ કરવાવાળાઓની સંખ્યા એક હજારની હોય અને સામાન્ય પ્રેક્ષકોની સંખ્યા એક હજારની હોય તો તેઓની સંખ્યા બમણી થતાં ભવ્ય અને અસરકારક દેખાવ થાય છે, તેથી લોકોની નજરમાં તેઓની સંખ્યા તાકત અને શવકત બમણો દેખાવ આપે છે. એજ કારણોથી દરેક ઠેકાણે શીઆ લોકોની સંખ્યા નાની હોવા છતાં દરેક મુલકમાં લોકોની નજરમાં (અસલ ખરી સંખ્યા કરતાં) બમણી અને તેઓની તાકત અને શવકત દસ ગણી જણાય છે."

તાબુત રાખવાની શરૂઆત હિંદુસ્તાનમાં કોણે કરી?

હિંદુસ્તાનમાં તાબુત રાખવાની શરૂઆત તૈમુરલંગ બાદશાહે કરી છે. તે વિષે લખે છે કે, હીજરીની આઠમી સદીમાં

તૈમુરલંગ બાદશાહે હિંદુસ્તાનમાં તાબુત બનાવવાની શરૂઆત કરી, પણ ખરૂં જોતાં હીજરીની ચોથી સદીથી એ રિવાજ બગદાદમાં ચાલુ હતો કે અલમ, પંજા વીગેરે લઇ આશુરાના દિવસે રડતાં અને માતમ કરતાં બજારોમાં ચાલતાં હતાં.

તૈમુરલંગ એક વખતે કરબલાની ઝીયારત પઢવા ગયો તેથી ફરીવાર ઝીયારત પઢવાનો તેને શૌક થયો, પણ રાજ્ય કારોબાર તજીને તે નીકળી શકયો નહિ, અને તેના વઝીરોએ પણ તેને કરબલાની લાંબી મુસાફરીએ જવા માટે રાજ્યની સલામતી ખાતર સલાહ ન આપી તેથી તે સદા શોકાતુર રહેતો હતો. એક વખતે તેણે સ્વપ્નામાં જોયું કે તેને ઇમામ હુસયનની કબરની નકલ (તાબુત) બનાવી તેની ઝીયારત કરવાનો હુકમ થયો, તે વખતથી તેણે તાબુત બનાવી તેની ઝીયારત કરવાને શરૂ કર્યું. લોકો તાબુત આગળ માનતા માની ઇમામના વસીલાથી ખુદા પાસેથી પોતાની હાજતો માગતા હતા અને તેઓની હાજતો પુરી થતી હતી. મોઅજીઝા ઝાહેર થતા રહ્યા તેથી મુસલમાનો અને હિંદુઓ તાબુત બનાવવા લાગ્યા અને દીન બદીન તાબુત પ્રત્યેની આસ્થા અને જોશમાં વધારો થતો રહ્યો.

ઔરંગઝેબ બાદશાહે વિરોધીઓની ઉશ્કેરણીથી તાબુત શાખવાની અને તે ફેરવવાની સખત મનાઇ કરી હતી પણ એક વખતે મોહર્રમ મહીનામાં આશુરાના દિવસે પોતાના મેહેલમાં બેઠો હતો અને જરૂખામાંથી બહારનો તમાશો નિહાળતો હતો એટલામાં તેણે જોયું કે કેટલાંક નાનાં બાળકો શેરડીના સાંઠા પર કપડાં બાંધી (અલમ બનાવી) માતમ કરતા રસ્તા પર ચાલતા હતા. આ કરૂણ દેખાવ જોઇ ઔરંગઝેબને ખાત્રી થઇ કે ઇમામ હુસયનનું નાહક ખૂન કોઇ પ્રકારથી છુપાવી શકાય તેમ નથી અને તે જરૂર પોતાના દુશમનોને ઝાહેર કર્યા વગર રહેશે નહિ; વળી તેને ખાત્રી થઇ કે તેમાં રૂહાની અસર સમાયલી છે તેથી તાબુત રાખવાની મનાઇનો હુકમ ઉપાડી લીધો અને તે પછી છુટ તાબુત ઉપડવા લાગ્યા.

તાઝીયા-તાબુત બનાવવા માટે બાંબુ તથા કાગળ વીગેરે ઉપર ખર્ચ થતા લાખો રૂપીયા નકકામા નથી.

અઝાદારીના વિરોધીઓ તાબુતના બાંબુ તથા કાગળ અને ઝરીકામ વીગેરે પર લાખો રૂપીયા ખરચાતા જોઇ ન શકવાથી તે ઉપર ટીકા કરે છે, અને આ ગંજાવર રકમ વ્યર્થ ન જવા દેતાં, કોઇ બીજી ઉપયોગી બાબતોમાં ખરચ કરવાની સલાહ આપી આડકત્રી રીતે અઝાદારી બંધ કરવાની વ્યર્થ કોશીશ કરી રહ્યા છે.

જે કામ પાછળ લાખો રૂપીયા ઉપર મુજબ ખરચ કરવામાં આવે છે તેમાં કેવાં રહસ્યો સમાયલાં છે અને તેથી તબલીગ દીને ઇસ્લામની તરક્કીના બેમિસાલ લાભો થાય છે એ વિષે અમે હુમણાંજ ઉપર વિવેચન કરી ચુકયા છીયે; જેથી એવા ઉપયોગી અને લાભદાયી કામ પાછળ જે કાંઇ ખરચ કરવામાં આવે છે તેથી થતા લાભો તરફ જોતાં ઘણોજ થોડો ખરચ કરવામાં આવે છે એ સ્પષ્ટ જણાશે.

ખ્રિસ્તી, આર્યસમાજી, કાદયાની, મિશનરી ખાતામાં એથીએ વિષેશ બલકે દસ ગણી રકમ ખરચાતાં, અઝાદારી થકી જે મિશનરીનું કામ થઇ શકે છે એથી પાંચ ટકા પણ તેઓ કરી શકયા નથી. ઇસ્લામમાં મિશનરી (તબલીગ) ખાતાં કેટલાં છે અને તે ઉપર કેટલો ખરચ થાય છે તેના મુકાબલામાં ખ્રિસ્તી અને આર્યસમાજી મિશનરી ખાતામાં કેટલો ખરચ થાય છે, તે સાથે થોડા અને નજીવા ખરચમાં ઇસ્લામીઓ તબલીગનું કેવું સુંદર કામ કરે છે એ સમજુ વર્ગથી છાનું નથી.

હાલમાંજ ઇરાક (મેસોપોટેમીયા) અને હીજાજ (અરબસ્તાન)માં ખ્રિસ્તી લોકો, મુસલમાનોને વટલાવી ખ્રિસ્તી બનાવવા માટે મોટા પાયા પર હીલચાલ કરવા મંડયા છે અને ચારે તરફથી એ મિશનરી ખાતાને અમૂલ્ય મદદ અપાતી રહી છે. એકજ

અંગ્રેજ બાનુએ દશ હજાર પૌંડ એ ખાતામાં આપ્યા છે જે યુરોપના અને હિન્દુસ્તાનના પેપરોથી જણાય છે. ખ્રિસ્તી મિશનરી ખાતાનો વાર્ષિક ખરચનો આંકડો કરોડો પાંઉડ પર પહોંચે છે અને તેઓના કાર્યક્રમ અને ફતેહમંદી તરફ નજર કરતાં જણાશે કે એક હજાર પૌંડના ભોગે માંડ તેઓ એક જંગલી અભણ હિન્દુ અથવા મુસલમાનને વટલાવી શકે છે. જ્યારે સુધરેલી પ્રજાઓ (ખ્રિસ્તીઓ) માત્ર એક માણસને હ૦ ઇસા પયગંબરને માનનાર ખ્રિસ્તી બનાવવા માટે એક હજાર પૌંડનો ભોગ ખુશીથી આપી રહ્યા છે, તો શું ઇસ્લામીઓની ફરજ નથી કે ખુદાના બંદાઓને સત્ય માર્ગ પર લાવી, આખેરતની જહન્નમની આગથી બચાવવા અને મોક્ષ અપાવવા માટે કાંઇ ખરચ કરે? અઝાદારીથી તબલીગનું કેવું સુંદર કામ થાય છે એ જગજાહેર છે, અને આ કીતાબમાં અમે તે ખુલાસાવાર સિધ્ધ કરી આપ્યું છે. જ્યારે અઝાદારી શિવાય ખેંચાણ અને અને અસરકારક કોઇ પણ તબલીગનું બીજું ખાતું ઇસ્લામમાં નથી તો પછી શા માટે અઝાદારી પાછળ સારી રકમ ખરચ કરવામાં ન આવે અને તેને અટકાવવાની કોશીશ કરનારા ઇસ્લામની પ્રગતીના દુશમન છે કે નહિ એ અહીં સમજાવવાની જરૂર નથી.

હિંદુસ્તાનમાં શહેનશાહી કુટુંબમાંથી પ્રિન્સ અથવા ડયુક ઑફ કૉનાટની પધરામણી થાય છે ત્યારે માત્ર થોડા દિવસની મુલાકાતની ધામધુમ રોશની તથા વાવટા પાછળ લાખો રૂપીયાનો ધુમાડો કરવામાં આવે છે. શું અંગ્રેજ સરકાર શાણી સરકાર નથી? શું તેઓને પૈસાની જરૂરત નથી? શું વિલાતમાં અંગ્રેજો ગરીબ અવસ્થામાં નથી અને તેઓને મદદની જરૂરત નથી? અને એવી ગંજાવર રકમનો વધુ સદુપ્યોગ કરી જાણતા નથી? તોએ છતાં શા માટે લાખો રૂપીયા ખરચ કરવામાં આવે છે એવો સવાલ તેનાં ખરાં રહસ્યોથી અજાણ હોય તેજ કરી શકે. એક શહેનશાહ અથવા બાદશાહી કુટુંબના માણસો વાયસરોય અથવા ગવરનરને તેઓની પદ્વિને છાજતી રીતે માન આપવાની જરૂર હોય છે. તેથીજ પ્રજાના દિલમાં તેઓ

માટે સારી છાપ બેસાડવા, અને રાજ્યનું માન જળવાય તે માટે ખરચ કરવામાં આવે છે. એ પ્રમાણે ખરચાતી રકમ ટેકસ વગેરે આવકમાંથી સહેલાઇથી વસુલ કરી શકાય છે એટલુંજ નહિ પણ એવા (વગર નોતરેલા) મેહમાનોને ભેટ સોગાદ, દેશી રજવાડા અને બડેખાંઓ તરફથી જે કાંઇ આપવામાં આવે છે તે ખરચ થયલી રકમથી ઘણી વિશેષ હોય છે.

દરેક કોમમાં શાદી ગમીના પ્રસંગો ઉપર લાખોનો ખરચ કરવામાં આવે છે તેમાં કાપકુપ થઇ શકે છે અને તે રકમનો વધુ સદુપ્યોગ થઇ શકે છે. તે ઉપરાંત સીનેમા નાટક અને તાયફાના નાચરંગમાં લાખોની રકમ હરામમાં વ્યર્થ ગુમાવવામાં આવે છે અને એથી જરાએ લાભ પહોંચતો નથી. બલકે દરેક પ્રકારની નુકશાની થાય છે છતાં તેને રોકવા માટે અથવા સારી સલાહ આપવા અર્થે બાર મહીને એકાદ રિસાલો અથવા પેમ્ફલેટ બાહેર પાડવામાં આવતો નથી. પણ તાબુત-તાઝીયા માટે દર વર્ષે આઠ આને રોકડાના હિસાબે હજારો નકલો, હેન્ડબીલો, પેમ્ફલેટો છપાવી શા માટે વિરૂધ્ધતા દર્શાવવામાં આવે છે? જ્યારે તાબુત-તાઝીયા અને અઝાદારી થકી ઇસ્લામની તરક્કી થાય છે અને તેથી કોઇ પણ પ્રકારની ખરાબી થતી નથી જે અમે આ પ્રકરણમાં સ્પષ્ટ કરી આપેલ છે. વળી તાઝીયા-તાબુત અને અઝાદારીની કોઇ પણ ક્રિયામાં (જો એકબારગી લાભ ન થતો હોય એમ સમજીએ તો પણ) કોમ અગર મઝહબને જરાએ નુકસાની પહોંચતી નથી અને તેથી કોમના અખલાકમાં અથવા આબરૂમાં ખલલ પહોંચતી નથી અને શરીઅતની નજરમાં પણ હરામ અથવા બીદઅત સિધ્ધ થતી નથી.

અજમેર શરીફ વીગેરે સ્થળોએ દર વર્ષે ઉરૂસ ભરાય છે તેમાંથી ફક્ત અજમેર શરીફમાં વાર્ષિક ત્રીસ લાખનો ખરચ કરવામાં આવે છે. એવા ઉરૂસોમાં શરીઅતથી વિરૂધ્ધ (મુજરા ગાયન-નાચ વી.) ઘણી બાબતો થાય છે. અને માત્ર એક પીરની દરગાહ પર જઇ ઝીયારત કર્યા શિવાય બીજો હેતુ

હોતો નથી. એક પીર મુરશદની કબર ઉપર તેની રૂહને શાંતિ બક્ષવા, અને તેને પ્રસન્ન કરવાના હેતુથી જનારની ફરજ છે કે ઇસ્લામી શરીઅતની હદમાં રહી નમાઝ તથા કુરઆનની તીલાવતથી પ્રથમ પોતાના પેદા કરનાર ખુદાની બંદગી કરે અને તેની રજામંદી હાસીલ કરે અને તે થકી પીર મુરશીદ માટે શાંતિ ચાહી તેને પ્રસન્ન કરી પોતાના દીન અને દુન્યાની હાજતો મેળવવા કોશીશ કરે, જેના માટે ઉરૂસ જેવા ભવ્ય અને ખરચાળ મેળાવડાની કશીએ જરૂરત રહેતી નથી.

આ બારામાં ઝીયારતના પ્રકરણમાં ખુલાસાવાર વિવેચન કર્યું છે કે જેથી સિધ્ધ થશે કે પયગંબરો ઇમામો અને અવલીયાની કબરની ઝીયારતમાં સવાબ છે અને તેમાં ઘણાં રહસ્યો સમાયલાં છે જે માત્ર ખુદાની તાબેદારી દીનદારી અને સાદાઇથીજ પ્રાપ્ત થઇ શકે છે.

તાબુતને બીદઅત કહી ઇસ્લામી શરીઅતથી વિરૂધ્ધ હોવાનું, વિરોધીઓ જણાવે છે, અને તેથી તેઓ તાબુત અને અઝાદારી બંધ કરવા તનતોડ કોશીશ કરી રહ્યા છે. અહીં બીદઅતના ખરા અર્થ, અને તાબુત બનાવવું બીદઅત નથી એ ખુલાસાવાર લખી સ્પષ્ટ કરવા માંગીએ છીએ.

બીદઅત એટલે શું ?

તાબુત અને અઝાદારી તોડી પાડવાના મલીન હેતુથી નાસબી અને વિરોધીઓ તરફથી બીદઅતના બારામાં આવેલી પયગંબરની હદીસો લખી, તેના મનગમતા અર્થ કરી મરડી મચડી તાબુતપર લાગુ કરવાની વ્યર્થ કોશીશ અનેક દિશાએથી કરવામાં આવે છે; અને હાલ થોડા મહીના થયા ઇસ્માઇલી પેપરોમાં અમુક ખારજીઓની મદદથી એવી હદીસો, તાબુત વીગેરેને લાગુ પાડવા માટેની પુચ દલીલો લખવામાં આવે છે. એ માત્ર અમુક ઇસ્માઇલી ભાઇઓ અને મિશનરી સાહેબોની અઝાદારી પ્રત્યેની અવળાઇનું મૂળ કારણ છે. કેમકે ખુદ ઇસ્માઇલી ભાઇઓમાં અનેક એવી બાબતો ચાલુ થવા પામી છે જે ઇસ્લામની નજરમાં (પવિત્ર કુરઆનના ફરમાન મુજબ)

બીદઅત અને હરામ ગણાય છે. તેથી બીદઅત એટલે શું અને અઝાદારી તથા તાબુત બીદઅતમાં ગણી શકાય કે કેમ તેનો ઉલ્લેખ અત્રે અસ્થાને નહિ ગણાય. અઝાદારીના વિરોધીઓ કહે છે કે, અઝાદારી તાબુત વીગેરે પયગંબરના ઝમાનામાં ન હોવાથી બીદઅતની પ્રથામાં ગણાય છે. આ અગત્યના સવાલનો ખુલાસાવાર જવાબ આપતાં, પ્રથમ બીદઅતનો ખરો અર્થ અને તેના કેટલા પ્રકારો છે એ સમજીએ.

બીદઅત અરબ્બી શબ્દ છે અને તેના ખરા અર્થ ઇસ્લામી શરીઅતમાં એ થાય છે કે, ઇસ્લામ મઝહબમાં જે વસ્તુ ખુદાએ હરામ નહિ કરેલ હોય તેને હરામ સમજે અથવા જે હલાલ ન હોય તેને હલાલ કહે અને જે ચીજ મકરૂહ (ન ઇચ્છવાજોગ) ન હોય તેને મકરૂહ સમજે અથવા વાજીબ ન હોય તેને વાજીબ કરે; એજ પ્રમાણે મુસતહબ (જે કામ વાજીબ ન હોય પણ તે કામ કરવામાં દીન દુન્યાના ફાયદા અને સવાબ હોય અને પયગંબરની હદીસ મુજબ તે અમલ કરવાને સવાબ મળવાનું જણાવવામાં આવેલ હોય તેને મુસતહબ અથવા સુન્નત કહે છે) ન હોય તેને મુસતહબ કરી દેખાડે. ટુંકમાં એ કે ખુદા અને તેના રસુલના ફરમાનથી ઉલટું કોઇ પણ કામ બીદઅતમાં ગણાય છે, જેમકે મુસતહબ સુન્નત નમાઝ બે રકાત હોય છે, તેની ત્રણ રકાતો પડે તો તે બીદઅતમાં ગણાશે અને તે હરામ છે. તેમજ લાઇલાહા ઇલ્લલ્લાહનો કલમો હરેક વખતે પડી શકાય છે, અને તેમાં સવાબ છે; પણ જો કોઇ એમ કહે કે સવારની નમાઝ પછી એક હજાર વખત લાઇલાહા ઇલ્લલ્લાહનો કલમો પડવામાં સવાબ છે અને તે સુન્નત છે, તો તે બીદઅતમાં ગણાશે. કેમકે તે પ્રમાણે અમુક વખતે અને અમુક ગણત્રીથી પડવા માટે પયગંબરની હદીસ ન હોવાથી પોતા તરફથી બનાવટી અમલ પોતાની મરજી મુજબ અને મનઘડત ઇબાદત ગણાશે, જેનો વધુ ખુલાસો અને બીદઅતોનું ટુંક લીસ્ટ હવે પછી આપીશું, પણ જે બાબતો પયંગબરના ઝમાનામાં ન હોય અને તે હરામ, મકરૂહ, હોવાનું જણાવવામાં આવેલ ન હોય તો તે બીદઅતમાં

ગણાશે નહિ. જેમકે ચા, કાફી, તંબાકુ, સીગરેટ, મોટરકાર, રેલવે, એરોપ્લેન, ટેબલ, ખુરસી ઇત્યાદી ઇત્યાદી વસ્તુઓ, પયગંબરના ઝમાનામાં ન હુતી અને તે વસ્તુઓ કેફી ન હોવાથી અને નજીસ અથવા હુરામ હોવાનું જણાવવામાં આવેલ ન હોવાથી બીદઅતમાં ગણાશે નહિ. છતાં બીદઅતના ખરા અર્થથી નાવાકેફ લોકો અઝાદારીની વિરૂધ્ધતાના આવેશમાં ઉપર જણાવેલી વસ્તુઓને તેમજ તાબુત ઇત્યાદીને બીદઅત કહી રહ્યા છે. હુવે બીદઅતવાળી કઇ કઇ બાબતો છે અને તે મુસલમાનોના અમુક ટોળામાં તેનો રીવાજ હોવા છતાં તે ઉપર ધ્યાન અપાતું નથી તેનું ટુંક લીસ્ટ આપી, તાબુત-તાઝીયા બીદઅતમાં ગણી શકાય નહિ એ સિધ્ધ કર્યા પહેલાં બીદઅત સંબંધી પયગંબર અને ઇમાનોની હદીસો તથા ટુંક જરૂરી ખુલાસા લખીયે છીયે.

હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું છે કે, હરેક બીદઅત ગુમરાહી છે અને ગુમરાહીનો રસ્તો જહુન્નમ તરફ લઇ જનાર છે.

એક માણસે સાતમા ઇમામ હ૦ ઇમામ મુસીએ કાઝીમને પુછયું યા મવલા હું કેવી રીતે ઇબાદત કરૂં? આપે ફરમાવ્યું અય શખસ તું દીને ખુદામાં બીદઅત નહિ કર (મન ઘડત બાબતો દીનના કામમાં દાખલ નહિ કર ને તારી મરજી મુજબ ઇબાદત ન .કર, શિવાય કે જે રીતથી ખુદા અને રસુલના હુકમ હોય) જે કોઇ માણુસ દીને ખુદામાં પોતાના મત મુજબ ચાલે છે તે નાશ પામે છે અને જે કોઇ પયગંબરના ફરમાનને તજી આપે છે તે ઉંધે રસ્તે ભટકે છે અને જે કોઇ ખુદાના ફરમાનથી ઉલટું ચાલે છે તો તે કાફર થાય છે.

હ૦ પયગંબર સ૦ મે ફરમાવ્યું કે જ્યારે મારી ઉમ્મતમાં (મનઘડત બાબતો) બીદઅત ચાલુ થાય તો આલીમ લોકોની (જાણુનારાઓની) ફરજ છે કે પોતાના ઇલ્મને જાહેર કરે અને બીદઅતને રોકે. જો તેમ નહિ કરશે તો તે મલઉન થશે, (ખુદાની રહુમતથી દૂર થશે) વળી ફરમાવ્યું કે બીદઅત કરનારાઓ (દીનના કામમાં મનઘડત બાબતો લાવનાર હરામ ન હોય તેને હરામ અને હલાલ ન હોય તેને હલાલ કેહનાર) ની

તવબા (પશ્ચાતાપ) કબૂલ થતી નથી, કેમકે બીદઅત એવી ખરાબ બાબત છે કે જેના દીલમાં તેની મોહુબ્બત દાખલ થાય છે (દીનની વિરૂધ્ધતા કરવા માંડે છે) તો તે કોઇ કાળે નીકળવા પામતી નથી.

છઠ્ઠા ઇમામ અ૦ મે ફરમાવ્યું છે કે "આગલા ઝમાનામાં એક માણુસ ઘણો નાદાર અને દુઃખી હતો, તેણે રોઝી મેળવવા દરેક પ્રયત્નો કર્યા. છેવટે હુરામથી પણ મેળવવાની કોશીશ કરી તેમાં પણ તે ફાવ્યો નહિ. શયતાને તેને વસવસો નાંખતાં કહ્યું કે, હું તને એક સહેલો રસ્તો દેખાડું છું, જો તે ઉપર અમલ કરીશ તો ઘણી સેહલાઇથી ધનની પ્રાપ્તી થશે, અને ઘણા માણુસો તારા તાબેદાર થશે અને તું સુખી થવા પામીશ."

આ સાંભળી તે માણુસ લલચાઇ ગયો અને શયતાનના કેહવાપર અમલ કરવા તય્યાર થયો, શયતાને તેને નવો ધર્મ કાઢવાની સુચના કરી અને કહ્યું કે કોઇ નવો બુટ્ટો શોધ અને લોકોને તે તરફ બોલાવ, તો ઘણા જંગલી લોકો તને મળી જશે અને તેથી તારૂં દળદર ફીટશે અને તારી ચઢતી થશે. તે માણુસે નવો બુટ્ટા શોધ્યો અને મનઘડત બાબતો બનાવી નવા ધર્મમાં લાવવાને લોકોને ઉપદેશ કરવા લાગ્યો, ટુંક સમયમાં શયતાનના કેહવા પ્રમાણે થયું અને ઘણા શયતાનના ચેલકાઓ તેના ફરેબમાં આવી ગયા અને તેની આગળ ધનનો ઢગલો થઇ ગયો.

કેટલીક મુદ્દત કેડે તેને વિચાર ઉત્પન્ન થયો કે, "હાય મેં આ શું કર્યું! મારૂં પાપી મન ખુશ કરવા અને મારી દોજખ ભરવા અને મારા એકલાના ટુંક મુદ્દતના સુખ માટે, મેં મારો પોતાનો નાશ કર્યો, તે સાથે હજારો ખુદાના બંદાઓનું નખ્ખોદ વાળી તેઓને દોજખની ધગધગતી અગ્નિમાં હોમાવી દીધા. ખરેખર મેં ઘણુંજ ખોટું કામ કર્યું તેથી હવે વધુ વાર આ ધતીંગ ચલાવી એથી વધુ ખુદાના બંદાઓનો ઘાણ વાળવા ચાહતો નથી." તેથી પ્રથમ પોતાના ચેલકાઓને ખરી હકીકત સમજાવવા લાગ્યો અને તેઓને સીધા માર્ગ તરફ

લાવવાને ઘણી કોશીશ કરી, પણ તેનું કાંઇ વળ્યું નહિ. તે આંધળાઓએ તો સાફ કહી દીધું કે, પીરસાહેબ! તમારી ડગળી ખસી ગઇ જણાય છે અને તમે પોતે આ સત પંથથી ફરી ગયલા લાગો છો, માટે અમે તો અમારા આ પવિત્ર ધર્મ પર મક્કમ રહીશું, તમારૂં મનગમતું તમે કરી પોતાનું ફોડી લ્યો.

હવે તે પીરસાહેબ લાચાર થયા અને પશ્ચાતાપની હદ ન રહી, તેથી તેઓને અને હરામથી મેળવેલ અખુટ ભંડારને તજી જંગલ તરફ ચાલ્યો ગયો. હાથમાં બેડી અને ગરદનમાં સાંકળ પહેરી એક પહાડપર ચઢયો અને પોકેપોક રડી ખુદાની દરગાહમાં પશ્ચાતાપ જાહેર કરી માફી ચાહવા લાગ્યો. સુર્યના સખત તાપથી તેનો ચેહરો કરમાઇ ગયો અને તે સાવ દુબળો મરણતોલ થઇ ગયો, એવીજ સ્થીતીમાં તે ખુદાની દરગાહમાં માફી માંગતો અને દુઆ કરતો હતો.

ખુદાના તરફથી તે ઝમાનાના પયગંબરને હુકમ થયો કે, જાઓ મારા તે નાફરમાન બંદાને ખબર આપો કે તે ગમે તેટલી માફી ચાહી પશ્ચાતાપ જાહેર કરતો રહેશે અને જીંદગી ભર રડતો રેહશે છતાં કદી પણ હું તેનાથી રાજી થઇશ નહિ, અને તેના ગુનાહો નહિ બખશું. જ્યાં સૂધી મારા જેટલા બંદાઓને તેણે ખોટે માર્ગે ચઢાવી હલાક કર્યા, તેઓને પાછા રસ્તાપર લાવે અને જેઓ તેના ખોટા પંથપર રહી મરણ પામી અઝાબ (સજા) ને પાત્ર થયા, તેઓને સજીવન કરી ફરીવાર તેઓને ખરા માર્ગપર લાવે તોજ હું તેનાથી રાજી થઇશ અને તેને બખશી આપીશ, નહિ તો તે કોઇ કાળે મારી રહમત અને બખશીશ ને લાયક થશે નહિ.

જે વસ્તુઓને ઇસ્લામી શરીઅતમાં હરામ અથવા બીદઅત જણાવેલ તેનો ખુલાસો કરવામાં આવ્યો છે, એ શિવાયની દરેક વસ્તુઓ માટે સામાન્ય હુકમ આવેલ છે. જેમકે દરેક કેફી વસ્તુ, નજીસ અને જીવલેણ નુકસાનકારક વસ્તુઓ હરામ કરવામાં આવી છે. તેથી દરેક બાબત અથવા વસ્તુને (જેનો ખુલાસો કરવામાં ન આવ્યો હોય અને હરામ અથવા હલાલ હોવાનો જાહેર હુકમ આપવામાં આવ્યો ન હોય, તેમજ એવી

વસ્તુઓ પયગંબરના ઝમાનામાં ન હોવાથી) સામાન્ય ફરમાન પવિત્ર કુરઆન અને પયગંબરની હદીસોની કસોટી પર કસી તે હરામ છે અથવા હલાલ છે તેનો ખુલાસો મેળવી, ફતવા આપવાનું કામ આલેમો અને મુજતહેદોનો છે, તેથી દરેક વસ્તુને વગર વિચારે હરામ અગર બીદઅત કહી શકાય નહિ, સિવાય કે ઉપર જણાવ્યા પ્રમાણે પવિત્ર કુરઆન અથવા પયગં-બરની હદીસોથી હરામ અથવા બીદઅત સાબીત કરવામાં આવે.

હવે જે વસ્તુઓ અથવા અમલ શરીઅતથી હરામ અને બીદઅત સિધ્ધ થાય છે (અને મુસલમાનોના અમુક ટોળામાં તેનો રિવાજ ચાલુ છે.) તે વધુ સ્પષ્ટ કરવા માટે તેના થોડા દાખલા અહીં આપીયે છીયે.

(૧) 'નમાઝે તરાવીહ' જે માહે મુબારક રમઝાનમાં મગરીબની નમાઝ બાદ વીસ રકાત પડવામાં આવે છે, તે પયગંબર સ૦ના ઝમાનામાં પડાતી ન હોવાથી અને તેના માટે પયગંબરનો હુકમ ન હોવાથી બીદઅતમાં ગણાય છે, જે બીજા ખલીફાએ પોતાના રાજ્ય અમલમાં ચાલુ કરી હતી અને તે વિશે તેમણે કહ્યું છે કે, "બીદઅહ વનિ અમલ બીદઅહ" નમાઝે તરાવીહ બીદઅત છે અને તે ઘણી સારી બીદઅત છે. જે નમાઝે તરાવીહ માટે ચોથા ખલીફા હ૦ અલી અ૦મે ચોકખી મનાઇ ફરમાવી હતી પણ વિરોધીઓ પોતાની હઠપર રહ્યા.

(૨) ઇસ્લામમાં પાંચ વખતની બંદગી અરબીમાં પડાય છે અને તેની સત્તર રકાતો છે અને તે મસ્જીદોમાં પડાય છે, પણ નમાઝને મુકી–પીરોના જ્ઞાનો અને દુઆ વગેરે ચતુરંગી ભાષામાં અને મસજીદને બદલે જમાતખાનામાં પડાય છે તે ઇસ્લામ અને તેના પવિત્ર ફરમાનોથી ઉલટું હોવાથી ઇસ્લામ અને શરીઅતની નજરમાં બીદઅત અને હરામ ગણાશે. એમ તો સર્વ કોઇ પોતાના ધર્મના સિધ્ધાંત

મુજબ પુજા, પ્રાર્થના કરે તેમાં બીજાને વાંધો લેવાનો કશો હક નથી, પણ જે પોતાને ઇસ્લામમાં ગણે તેના માટે એવી પ્રાર્થના, પુજા અને દુઆ, ગટપાટ ઇત્યાદી ક્રીયાઓ અવશ્ય બીદઅતમાં ગણાશે.

(૩) ઇસ્લામમાં ઝકાત-ખુમ્સ-અને ફકીરોને સદકો આપવાનો હુકમ છે, તે શિવાય મુસલમાનો પાસેથી ધર્મના નામે કોઇ પણ પ્રકારના કર જેવા કે છાંટો નખાવવો, મોટા કામ, સુરોમુરો, નાંદી ઇત્યાદીના અને શાદી ગમીના અવસરો પર લેવાતા બધા કરો, બીદઅત અને હરામ ગણાય છે. જેઓ પોતાને ઇસ્લામમાં ગણતા ન હોય તેઓ માટે બીદઅત જેવું કંઇએ નથી.

એવી બીજી ઘણી બાબતો છે જે ઇસ્લામના અમુક ટોળામાં (ખુદા વ રસુલની નાફરમાનીના લીધે) દાખલ થવા પામી છે જે બીદઅત અને હરામ છે.

તાબુત-તાઝીયા બીદઅત અને હરામ છે વીગેરે જણાવી ખરી બીદઅતોની હદીસોને મરડી મચડી ખારજીઓની મદદથી અમારા ઇસ્માઇલી બંધુઓ પેપરો અને માસીકમાં ચાલુ લેખો આપી નાહક હુસયને મઝલુમના અઝાદારોને પજવે છે, અને તેથી તેઓનો મુદ્દો માત્ર શીઆ ઇસ્નાઅશરી ખોજા ભાઇઓની વિરૂધ્ધતા દર્શાવવાનો હોય છે, તે સાથે તેઓ પોતાને ઇસ્લામના ટોળામાં ગણી બીદઅતથી રહિત, સત્ય માર્ગ અને મારેફત-તરીકત ઉપર ચાલનાર જણાવે છે. તેથી ઇસ્લામી શરીઅતની નજરમાં પવિત્ર કુરઆન અને પયગંબરની તેમજ જે છ ઇમામોને તેઓ માની રહ્યા છે તેઓની હદીસો મુજબ તેઓમાં જે બીદઅતો દાખલ થવા પામી છે અને તે ઉપર અમલ કરી રહ્યા છે તેનો ટુંક ચીતાર આપવાની અમોને ફરજ પડી છે. જો તેઓ અઝાદારીને (સાવ ખોટી રીતે) બીદઅત લખવાની હિંમત ન કરતે અને અઝાદારોને નાહક પજવવાનું મેલી

આપતે તો તેઓની ક્રિયાઓ વિશે અમને લખવાની દીલગીરી ભરેલી ફરજ કદી ન પડતે.

તાબુત–તાઝીયા, પયગંબરના ઝમાનામાં બનાવવામાં અને રાખવામાં આવતા ન હતા તેથી તે કોઇ કાળે બીદઅતમાં ગણી ન શકાય, કેમકે તાબુત–તાઝીયા માત્ર કબરની નકલ અને લાકડાં અને કાગળના બનેલા હોવાથી અને કોઇ જાનદાર સુરત ઇન્સાન અથવા હયવાનની ન હોવાથી ઇસ્લામી શરીઅત મુજબ હરામ નથી જે અમે આ પ્રકરણની શરૂઆતમાં સિધ્ધ કર્યું છે. એટલુંજ નહિ પણ ઇમામે હુસયન અ૦ની અઝાદારી આપની શહાદત થયા અગાઉ ખુદ પયગંબર સ૦ મે કરી હતી અને કરબલાની માટી એક શીશીમાં રાખી બીબી ઉમ્મે સલમાને તે સાંચવી દરરોજ તેની ઝીયારત કરવાનો હુકમ આપ્યો હતો અને ફરમાવ્યું હતું કે, જ્યારે આ માટી રાતી થાય તો સમજવું કે મારા પ્યારા નવાસા શહીદ થઇ ગયા છે. તેથી સિધ્ધ થાય છે કે, ઇમામે હુસયન જે જગોપર દફન થવાના હતા તે જગોની માટી આપે સુંઘી હતી, અને એક શીશીમાં સાચવીને રાખી હતી જે તાબુત–તાઝીયાની ક્રિયાને ઘણી મલતી આવે છે.

ઇમામોના ઝમાનામાં તાબુત–તાઝીયા ન થવાના ઘણા કારણો હતા તે પૈકી અમુક કારણો નીચે મુજબ હતાં.

(૧) બની ઉમય્યા અને બની અબ્બાસીના ઝાલેમ બાદશાહોનો તે ઝમાનો હતો, જેઓ ઇમામે હુસયનની અઝાદારી બંધ કરાવવા આતુર હતા અને ઇમામની કબરની નીશાની સાવ મટાડી નાખવા અને કબર ખોદી નાખવા પણ ચુકયા ન હતા, પણ ખુદાના નુરને તેઓ બુજાવી ન શકયા. તેથી ઇમામો તેમના શીઆઓ અને અઝાદારો ખુલ્લી રીતે અઝાદારી કરી શકતા ન હતા.

(૨) તાબુત–તાઝીયા ઇમામની યાદગારી તાજી રાખવા અને તે ઇમામની મઝલુમી અને ત્રણ દિવસ સૂધી તેમની લાશોને દફન કરવામાં ન આવ્યા

વીગેરે હૃદયભેદક બનાવો નજર સામે લાવવા માટે, તાબુત-તાઝીયાની જરૂર હોય છે, પણ જ્યારે તે મઝલુમ ઇમામના ફરઝંદો, ચોથા, પાંચમા, છઠા ઇમામો વીગેરે હાજર હતા તેથી તેમનાજ મુબારક અને ગંભીર નૂરાની ચેહરા તરફ નજર નાખતાંજ ઇમામે હુસયન, અને કરબલાનો કરૂણ કિસ્સો નજર સામે તરી આવતો હતો અને તેમને જોઇનેજ તે ગમનાક બનાવ યાદ કરી અઝાદારો રડતા અને આંસુ પાડતા હતા, તેથી અને ઝાલીમ બાદશાહોની બીકના લીધે તાઝીયા-તાબુત બનાવતા ન હતા. પણ બારમાં ઇમામની ગયબત પછી અને બની અબ્બાસીના રાજ્યના આખરી વખતમાં શીઆ અને અઝાદારોને કરબલાની યાદગીરી જાળવવાની તક મળી. તેથી તે વખતથી અનેક પ્રકારની અઝાદારીની ક્રિયાઓની સાથે તે ગંભીર બનાવની યાદગીરી જાળવવા માટે કોશીશ થતી રહી.

હાલમાંજ નામદાર આગાખાન સાહેબે, પ્રિન્સ ઓફ વેલ્સનું બાવલું દસ હજાર પૌંડની મોટી રકમથી તૈયાર કરાવી મુંબઇ નગરીને અર્પણ કર્યું છે. ઇસ્લામી શરીઅત મુજબ નામદાર આગાખાન સાહેબે અર્પણ કરેલું નામદાર પ્રિન્સ ઓફ વેલ્સનું પુતળું (જે એક ઇન્સાનની સુરત-પથ્થર અથવા ખનીજ પદાર્થ-ધાતુનું બનાવેલું પુતળું હોવાથી) હરામ અને બીદઅત ગણાશે, કે તાઝીયા-તાબુત (જે માત્ર લાકડાં અને કાગળની બનાવેલી પેટી અથવા કબરની નકલ છે) તે બીદઅત અને હરામ ગણાશે તેનો ઇન્સાફ કરવા અમે ન્યાયી વાંચકોને અરજ કરીએ છીયે. જો અમારા આગાખાની ભાઇઓ નામદાર આગાખાન સાહેબના હુકમથી બનાવવામાં આવેલ ઇન્સાનનું પુતળું બીદઅત અને હરામ કહી શકતા ન હોય તો તાઝીયા-તાબુત પણ તેઓની માન્યતા મુજબ બીદઅત કહી શકાય નહિ. જો તેઓ અઝાદારોને મુસલમાન ગણી તેઓનાજ ઇસ્લામી શરીઅતના આધારે તાબુત-તાઝીયાને બીદઅત અને હરામ સાબીત

ફરી આપવા માંગતા હોય, તો પ્રથમ ઇસ્લામી શરીઅત-તાઝીયા તાબુતને બીદઅત અને હરામ જણાવતી નથી જે અમે ઉપર સિધ્ધ કરી આપ્યું છે; પણ તે સાથે ઇસ્લામી શરીઅત, ઇન્સાનનું પુતળું બનાવવું બીદઅત અને હરામ જણાવે છે જે નીચે લખેલી હદીસોથી વધુ સ્પષ્ટ થશે તે પણ તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ.

"સઇદ ઇબ્ને અબીલ હુસયન બયાન કરે છે કે એક દિવસે હું ઇબ્ને અબ્બાસ આગળ બેઠો હતો એટલામાં એક માણસે આવીને ઇબ્ને અબ્બાસને પુછયું, હું ચિતારો છું અને લોકોનાં ચિત્રો બનાવીને પેટ ભરૂં છું. ઇબ્ને અબ્બાસે તેને કહ્યું કે, આ ધંધો તજી દે, કેમકે તે હરામ છે. મેં પયગંબર સ૦ પાસેથી સાંભળ્યું છે કે, જે કોઇ જાનદાર સુરત બનાવશે તો ખુદા તેને સખત અઝાબ કરશે. જ્યાં સૂધી તે ચિત્ર અથવા સુરતમાં રૂહ દાખલ કરે અને ખચ્ચિત તે માણસ કોઇ કાળે તેમાં રૂહ દાખલ કરી શકશે નહિ, તેથી તે સદા અઝાબમાં રેહશે."

આ સાંભળી સવાલ કરનારના ચેહરાનો રંગ બદલાઇ ગયો અને ખુદાના ખૌફથી ધ્રુજવા લાગ્યો, ત્યારે ઇબ્ને અબ્બાસે કહ્યું વાય થાય તારા પર, જો તારે આજ ધંધો કરવો હોય તો જાનદાર (ઇન્સાન, હયવાન) શિવાય બીજી ચીજો જેમકે ઝાડ, મકાન વીગેરેના ચિત્રો બનાવી શકે છે કેમકે તેમાં વાંધો નથી."

(સહીહ બુખારી.)

અહલે સુન્નતના મશહુર ઇમામ ઇબ્ને હજર શરેહ મુસલીમથી નકલ કરેલ છે કે "ઝાડ-પથરના મકાન વીગેરે જાનદાર ચીજો શિવાયની બીજી તસ્વિર બનાવવી હરામ છે.

છઠ્ઠા ઇમામ હ૦ ઇમામ જઅફરે સાદીકથી નકલ કરે છે કે, આપે ફરમાવ્યું કે, જાનદાર (ઇન્સાન, હયવાન) સિવાયની ચીજોની તસવીર બનાવવામાં વાંધો નથી.

અમોને આશા છે કે જ્યારે અમારા આગાખાની ભાઇઓ કુરઆનને માનતા નથી, ઇસ્લામી શરીઅત ઉપર તેઓનો અમલ નથી અને નમાઝના બદલે ધોઆની કીયા કરે છે, ઇન્સાનનું પુતળું બનાવવું તેઓમાં જાએઝ હોય છે, તો ઉપર

લખેલો ખુલાસો વાંચ્યા પછી ઇસ્લામી શરીઅતમાં સમજ્યા વગર દખલગીરી ન કરવા ડહાપણ વાપરશે અને તાઝીયા-તાબુત અને અઝાદારીને બીદઅત અને હરામ જણાવી અઝાદારોના દીલ દુઃખવવાનું મેલી આપશે.

અમારા આગાખાની ભાઇઓ, એડીટરો અને મિશનરીઓ ઇસ્લામી શરીઅતથી અજાણ હોવાથી તેઓને પયગંબરની હદીસો કયાંથી મળી શકે ? તેઓ જે કાંઇ લખે છે તે હિંદુસ્તાનના ખારજી નાસબી લોકોની મદદથી (ઘણું કરી ઉરદુ ભાષા અને ગુજરાતી લીપીમાં એવાં લખાણો) લખે છે તેથી આડકત્રી રીતે તાઝીયા તાબુત ઉપરના બધા આક્ષેપો અને એઅતેરાઝો એવા ખારજીઓ અને નાસબી લોકો થકીજ કરવામાં આવે છે તેથી તેઓને પણ ટુંક જવાબ આપીશું.

અઝાદારીના વિરોધીઓ નાસબી અને ખારજીઓ, તાબુત તાઝીયાને શિર્ક બીદઅત કહી રહ્યા છે, પણ તેઓ પોતે શું કરી રહ્યા છે અને તેઓની કીતાબોમાં શું લખેલું છે, તે ટુંકમાં લખી સાબીત કરી આપીશું કે, ઇન્સાન અને જાનવરની તસવીર તેમજ માટીનું પુતળું, ઢીંગલા, ઢીંગલી (રમકડાં) બનાવવામાં તેઓ હરામ અને બીદઅત સમજતા નથી.

(૧) બીબી આઇશાની ઉંટડી અને મેહમીલની નકલ દર વર્ષે ધામધુમથી મીસર અને શામથી મક્કએ મોઅઝ્ઝમાં તરફે હજની મોસમ ટાંકણે લઇ જવામાં આવે છે તેમાં અને તાબુતમાં શો ફેર છે ?

(૨) બીબી આયશા નકલ કરે છે કે "હું મારી બેનપણીઓ સાથે પયગંબરના ઘરમાં ઢીંગલીઓથી રમતી હતી.

(ફતહુલબારી, શરહે સહીહ બુખારી જીલ્દ પાંચમી પેજ ૫૮૭.)

(૩) બીબી આયશાની ઉપલી હદીસની શરહમાં એહલે સુન્નતના ઇમામ ઇબ્ને હજરમક્કી લખે છે કે "આ હદીસથી નાનાં બાળકો અને બાળકીઓની રમત ગમત માટે ઢીંગલીઓ (રમકડાં) બનાવી વેચાણ

કરવા અને તે ઘરમાં રાખવામાં વાંધો જણાતો નથી. જો કે જાનદાર તસવીર કે માટીનું પુતળું વીગેરે બનાવવાની મનાઇ કરવામાં આવી છે, પણ નાનપણથી બાળાઓને ઘરસંસારી બાબતોનું શિક્ષણ આપવા અર્થે ઢીંગલીઓ અને રમકડાં અપાવી તે સાથે રમવા દેવામાં હરકત નથી. કેમકે બીબી આયશા પણ ઢીંગલાઢીંગલીની બાળપણમાં રમત કરતી હતી.

(૪) એજ કીતાબમાં બીજી જગોએ લખેલ છે કે, એક વખતે હ૦ પયગંબર સ૦ પોતાની સ્ત્રી બીબી આયશાના ઘરમાં દાખલ થયા અને જ્યાં રમકડાં રાખવામાં આવ્યાં હતાં તે ઉપરનું કપડું ઉંચકીને પુછયું આ શું છે? બીબી આઇશાએ કહ્યું "મારાં રમવાનાં રમકડાં છે." આપે જોયું કે તે રમકડાંમાં બે ઘોડા પાંખોવાળા હતા તેથી પુછયું કે "આ શું છે?" બીબી આયશાએ કહ્યું, "આ ઘોડા છે." આપે ફરમાવ્યું, "શું ઘોડાને પણ પાંખો હોય છે?" બીબી આયશાએ કહ્યું, "શું તમોને ખબર નથી કે હ૦ સુલયમાન પયગંબરના ઘોડાને પાંખો હતી."

આ સાંભળી આપ હસ્યા.

(૫) શેખ અબદુલહક દહેલવી એહલે સુન્નતના દિલ્હીમાં થઇ ગએલા મશહુર આલીમ અને ઇતિહાસકાર લખે છે કે, "રમકડાં, ઢીંગલા, ઢીંગલીના માટે વાંધો નથી કેમકે બીબી આયશા તે સાથે રમતી હતી જે મીશકાતે શરીફ અને સહીહ બુખારી, અને સહીહ મુસ્લીમમાં લખાયલું છે."

ઇમામે હુસયનના અઝાદારો, શીઆ લોકો, એ ઢીંગલા ઢીંગલી, અને જાનદાર સુરતના રમકડાંને પણ હરામ અને બીદઅત સમજે છે, કેમકે બીબી આયશા શિવાય પયગંબરની એવી કોઇ પણ હદીસ નથી જેમાં ઢીંગલાઢીંગલીને જાનદાર

સુરતના રમકડાંની રજા આપવામાં આવી હોય, તેથી નાસબી અને ખારજી લોકો તાઝીયા–તાબુત જાનદાર સુરત ન હોવા છતાં શા માટે અને શા આધારે બીદઅત અને હરામ કેહતા હશે? એટલાજ માટે (અને તે કોઇ પણ આધાર વગર) તાઝીયા–તાબુતને બીદઅત કહે છે કે, અઝાદારી બંધ થાય, ઇમામ હુસયનને કોઇ યાદ ન કરે અને યઝીદ અને તેના પૂર્વજોના એબો ઉઘાડાં પાડવામાં ન આવે, પણ ખુદા ફરમાવે છે કે, "યુરીદૂના લીયુતફીઉ નુરલ્લાહી બીઅફ્વાહીહીમ-વલ્લાહુ મુતિમ્મુ નુરીહી વલવ કરેહલ કાફેરૂન." (અર્થ) તેઓ ચાહે છે કે પોતાના મોઢાંથી ખુદાના નૂરને બુજાવી નાખે પણ ખુદા પોતાના નુરને સદા તેજસ્વિ રાખશે અગરચે કાફરો તે પ્રત્યે અણગમો રાખતા હોય.

(પવિત્ર કુરઆન.)

"યેહ ચમન યુંહી રહેગા ઔર હઝારો જાનવર
અપની અપની બોલીયાં સબ બોલકર ઉડ જાએંગે."

પ્રકરણ આઠમું.

"સબીલે હુસયન."

કરબલાના શહીદની પ્યાસની યાદમાં, તેમના અઝાદારો હજારો રૂપીયા ખરચ કરી પ્યાસાઓને ઠંડું પાણી તથા શરબત પીવરાવે છે; અને તે મઝલુમની યાદગીરી જાળવી રહ્યા છે, તે અઝાદારીના વિરોધીઓ જોઇ શકતા નથી, અને તે પ્રત્યે અનેક જાતના આક્ષેપો મૂકી ઇમામની થતી યાદગીરી બંધ કરવા મથી રહ્યા છે. એવા વિરોધીઓ સબીલે હુસયનમાં હજારો રૂપીયા ખરચ ન કરતાં કોઇ બીજી ઉપયોગી સંસ્થામાં આપવાનું જણાવે છે, અને સબીલ પાછળ થતો ખર્ચ વ્યર્થ અને અસરાફ થયલો જણાવે છે; પણ તે રકમ કોઇ ગુનાહના કામમાં અગર બદફેલીમાં ખરચ થાય છે એમ તો કોઇ પણ કહી શકે નહિ. એવા વિરોધીઓની ફરજ છે કે હજારો બલકે લાખોની રકમ જે શાદી વીગેરે અવસરોમાં શરાથી વિરૂધ્ધ બાબતોમાં વપરાય છે, તેની વિરૂધ્ધતા પ્રથમ દર્શાવે. સબીલમાં ઇમામ હુસયનના નામ પર પ્યાસાઓને ઠંડું પાણી અને શરબત પીવરાવવામાં આવે છે, તેમાં કોઇ પણ શરા વિરૂધ્ધ અથવા ન ઇચ્છવાજોગ બાબત નથી. કરબલાના પ્યાસાઓના નામ પર સબીલમાં ખરચ કરવાથી જે લાભો થાય છે, તેથી ઘણા લોકો અજાણ હશે તે સમજાવવા માટે અમો ખુલાસાવાર લખવા માંગીયે છીયે.

'સબીલે હુસયન'માં ઠંડું પાણી અને શરબત પીવરાવવામાં ઘણાં રહસ્યો સમાયલાં છે, અને તેથી હુસયને મઝલુમની પ્યાસની યાદગીરી જળવાય છે. દુન્યાની કુલ્લે વસ્તી ઇમામે હુસયનની દર્દભરેલી શહાદતથી વાકેફ થાય છે અને તેઓના કાનમાં ઇમામ હુસયનના નામ સાથે મહાન્ પયગંબરનું નામ પોંહચે છે, જેથી તેઓ દીને ઇસ્લામની હસ્તીથી વાકેફ થતાં તેઓ ઉપર ખુદાની હુજ્જત પુરી થાય છે. ટુંકમાં એ કે

'સબીલે હુસયન' ઇસ્લામી મિશનની ગરજ સારે છે. જે કામ 'સબીલે હુસયન' અને અઝાદારીથી થઇ શકે છે, તેથી દસ-ઘણી રકમ ખરચ કરીને પણ ખ્રિસ્તી મિશનરીઓ કરી શકતા નથી. તે ઉપરાંત કોઇ પણ ઇન્સાન અગર જાનવરને ઠંડું પાણી પીવરાવી તેની તરસ બુજાવવાથી ખુદા ખુશનુદ થાય છે, અને તે ઉત્તમમાં ઉત્તમ અમલ છે.

હંમેશાં દુન્યાનો રીવાજ છે કે મઝલુમ, પોતા ઉપર ગુજરેલા સિતમને છડેચોક બયાન કરી ઝાલીમને ફજેત કરે છે, તેથી ઝાલીમની બુરાઇ ઝાહેર થતાં લોકો તેને ધિક્કારે છે, અને તે પ્રત્યે અણગમો ઝાહેર કરી તેનાથી દૂર રહે છે. તો યઝીદે મલઉન અને તેના સાથીઓની છેલ્લી હદની જંગલી અને ઘાતકી વર્તણુંક જે તેઓએ પાણી જેવી વસ્તુથી ઇમામે હુસયનના નાના બાળકો અને ઓરતોને છેટે રાખી, તેઓને અને તેમના વફાદાર ઘરડા, અને જવાન સાથીઓને કરબલાના બળતા રણમાં ત્રણ ત્રણ દહાડા સૂધી તરસ્યા રાખ્યા, એ દુન્યાની સઘળી મખલુકાત આગળ ઝાહેર કરવા માટે 'સબીલે હુસયન' ઉમદામાં ઉમદા ઇલાજ છે. સબીલે હુસયનપર અઘટિત ટીકા કરનારાઓ પોતે નાટક સીનેમા અને ગાનતાન વી. માં દર વર્ષે હજારો રૂપીયા વ્યર્થ બરબાદ કરી શરાથી વિરૂધ્ધ વર્તન ચલાવી રહ્યા છે. પણ સબીલે હુસયન, જે શરાથી વિરૂધ્ધ કાંઇ પણ ન હોવા છતાં અટકાવવાની વ્યર્થ કોશીશ કરી રહ્યા છે, જેથી તેઓ કેવા ન્યાયી છે તે જણાઇ આવે છે.

આવી યાદગારી જાળવવા માટે પ્રથમના પયગંબરોના દાખલાઓ આપીશું જેથી સમજી શકાશે કે, આ 'સબીલે હુસયન' ઉમદા અને નેક હુકમ છે. હ૦ ઇબ્રાહીમ ખલીલુર્રેહમાનના પ્યારા પુત્ર હ૦ ઇસમાઇલ, બાળ વયમાં પ્યાસા થયા, અને તેમની પવિત્ર મા બીબી હાજરા પાણીની શોધમાં–સફાથી મરવા નામના પહાડો વચ્ચે સાત વખત દોડતા ચાલ્યાં. છેવટે હઝરત ઇસમાઇલે પ્યાસની શીદતથી જમીન ઉપર પગો અફાડતાં ઝમઝમનું પાણી તેમના પગોની નીચેથી ઝાહેર થયું, અને તેથી હ૦ ઇસમાઇલ તૃપ્ત થયા. એ થોડા કલાકોની

પ્યાસની યાદગીરી જાળવવા માટે, ઝમઝમનું પાણી હાજીઓને પીવરાવવામાં આવે છે; અને તે એક જાહેર સેવા હોવાથી ખાનએ કઅબાના મુતવલ્લીઓ માટે ફખરનું કારણુ થઇ પડયું હતું જેથી પયગંબરના કાકા હ૦ અબ્બાસ અરબોપર ફખર કરતા, અને ગર્વ લેતા હતા, કે હાજીઓને ઝમઝમનું પાણી પીવરાવવાનું કામ તેઓના હાથમાં હતું. જેના બારામાં ખુદા કુરઆનમાં ફરમાવે છે "અજઅલતુમ સિકાયતલ હાજ" "શું તમો હાજીઓને પાણી પીવરાવવાની ખીદમત થકી તે મોઅમીન ઉપર (હ૦ અલી અ૦) સર્વોપરી દેખાડવા ચાહો છો કે જે ખુદા અને કિયામતના દિવસ ઉપર ઇમાન લાવ્યા છે અને ખુદાના રસ્તામાં જહાદ કરી રહ્યા છે."

(પવિત્ર કુરઆન.)

હ૦ ઇસમાઇલની અમુક કલાકની પ્યાસની યાદગીરી માટે હાજીઓને આજપર્યંત ઝમઝમનું પાણી પીવરાવવામાં આવે છે, તો કરબલાના પ્યાસાઓની ત્રણુ દિવસની પ્યાસની યાદગીરીમાં દરેક મુલકમાં સબીલ રાખી ઠંડુ પાણી પીવરાવવામાં આવે, તો તેમાં શું ખોટું છે; એ સબીલના વિરોધીઓ દેખાડી શકશે?

બની હાશમ, દુશમનોના હાથો વડે દુઃખ સહન કરતા રહ્યા તેઓને પ્યાસા રાખવામાં આવતા, છતાં તેઓ પોતાના દુશમનોને દર્યાદીલથી પાણી આપતા રહ્યા, જેનું વર્ણન 'અતશે બની હાશમ'ના જુદા પ્રકરણુમાં કરવામાં આવ્યું છે. તો તે બુઝર્ગવારોની પાણીની સખાવતને યાદ કરી સબીલે હુસયન રાખી હુસયનના અઝાદારો દોસ્ત અને દુશમનને પાણી પીવરાવવામાં પોતાના સરદારોનું અનુકરણુ કરી રહ્યા છે.

હ૦ અબ્બાસ અલમદાર આશુરાના દિવસે પ્યાસના લીધે નાના બાળકોનો કકળાટ જોઇ, ફુરાત નદી ઉપર પાણી લેવા ગયા, પણુ તે નિર્દય કર્પિણુ મલઉનોએ, તેમને પાણી લઇ જવા ન આપ્યું અને તેમને શહીદ કર્યા. તો તે સર્વોએ એહલે બયતની યાદમાં, પ્યાસાઓને પાણી પીવરાવી 'સબીલે

હુસયન' રાખનાર અઝાદારો ગમે તેટલા ખરચે તે મઝલુમની યાદગીરી જાળવે, તે માટે કદી પણ ઠપકાપાત્ર ગણી શકાય નહિ.

ઇન્સાન તો ઇન્સાન, જાનવરને પણ કોઇ પાણી પીવાથી અટકાવતો નથી. એક ખૂનીને ફાંસીની સજા કરતી વેળા અગર તે તરસ્યો હોય અને પાણી માંગે તો તેને કદી પણ મના કરવામાં આવતી નથી. ગમે તેટલી દુશમની છતાં કોઇ માણસ પોતાના શત્રુને પણ પાણી જેવી ચીજથી નિરાશ કરતો નથી.

કિતાબે 'મઆરેજુન નોબુવ્વત'માં લખે છે કે નમરૂદ મલઉને હ૦ ઇબ્રાહીમને બંદીવાન બનાવવાની ઘણી કોશીશ કરી પણ તે ફાવ્યો નહિ. છેવટે શયતાનના શીખવવાથી તેણે હ૦ ઇબ્રાહીમને તેમના માથાના બાલોથી જકડી નાખ્યા અને ઇજા પહોંચાડવાના ઇરાદાથી તડકામાં બેસાર્યા અને તેમને આગમાં બાળવા માટે મોટી ચેહ સળગાવી.

જ્યારે આગ તૈયાર થઇ ગઇ, અને હ૦ ઇબ્રાહીમને ગોફણમાં બેસાડી આગમાં ફેંકી દેવાની તૈયારી થઇ, તે વખતે હ૦ ઇબ્રાહીમ ઘણા પ્યાસા થયા, અને નમરૂદ પાસેથી પાણીની માંગણી કરી. નમરૂદે પોતાના નોકરને હુકમ કર્યો કે, એક કુંજામાં બરફ નાંખી ઠંડુ પાણી લાવી હ૦ ઇબ્રાહીમને આપ. આ હુકમ સાંભળી તેના નોકરે અરજ કરી કે જેને તમો આગમાં હોમવા ઇરાદો રાખો છો, તે તમારા દુશમનને તમો શા માટે પાણી પીવરાવી તૃપ્ત કરવા ચાહો છો? નમરૂદે કહ્યું કે, ઇ૦ ઇબ્રાહીમ મારો કટ્ટો વેરી છે છતાં મારાપર તેમનો એક હક છે, કેમકે તેમણે મને એક સવાલ પુછયો હતો જેનો જવાબ હું આપી ન શકયો, તેમજ હવે તો ઘડીભરનો મેહમાન છે અને તે બળીને ભસ્મ થઇ હલાક થશે તો શા માટે તેને પાણી આપી રાજી ન કરૂં?

કિતાબ ખુલાસતુલ અખબારમાં લખે છે કે, "એક વખતે ત્રણસો બંદીવાનોને એક બાદશાહની કચેરીમાં રાજ્ય સામે બંડ ઉઠાવવાના વાંકપર લાવવામાં આવ્યા, બાદશાહે તેઓને મારી નાખવાનો હુકમ આપ્યો, ત્યારે તેઓમાંથી એક જવાન

છોકરો જે ઘણો ચાલાક હતો તેણે સમયસૂચકતા વાપરી, બાદશાહને અરજ કરી કે હું પ્યાસો છું મને પાણી પીવરાવો. બાદશાહે જલ્લાદને થોભી જવાનું કહી પાણી લાવવાનો હુકમ આપ્યો. પાણી હાજર થતાં તે છોકરાએ કહ્યું કે, હું એકલો કેવી રીતે પાણી પી શકું? આ તારા સઘળા બંદીવાનો તરસ્યા છે; જો તેઓને પાણી આપવામાં આવશે તોજ હું પાણી પીશ. બાદશાહે તે સઘળા બંદીવાનોને પાણી આપવાનો હુકમ કર્યો, અને તેથી તે સઘળા કેદીઓને પાણી પીવરાવવામાં આવ્યું."

તે પછી તે ચાલાક છોકરો આગળ વધી બાદશાહને નમન કરી અરજ કરવા લાગ્યો, "એ બાદશાહ સલામત, હવે અમે આપના કેદી રહ્યા નથી. આપની કચેરીમાં હાજર થઇ અમોએ પાણી પીધું, તેથી આપના મેહમાન થયા છીએ, અને દુન્યાની સપાટી ઉપર એવો કોઇ પણ ન હશે, કે જે પોતાના મેહમાનને કત્લ કરી મારી નાંખે." બાદશાહને તેની ચાલાકી ઘણી ગમી, અને તે બંદીવાનોને છુટા કર્યા.

ઉપલી બે હીકાયતોથી જણાશે કે પાણી જેવી અમૂલ્ય વસ્તુ માટે પોતાના શત્રુને પણ મના થઇ શકતી નથી. પણ અફસોસ, કરબલાના રણમાં યઝીદની ફોજમાં કુફાના એવા લોકો હતા જેઓએ પોતાના પયગંબરના ફરઝંદને હજારો કાગળો લખી તેડાવેલા પોતાના મેહમાનને ત્રણ દિવસ સૂધી તરસ્યા રાખી શહીદ કર્યા. એ મઝલુમોની પ્યાસને યાદ કરી સબીલે હુસયન રાખવામાં, અને પ્યાસાઓને પાણી પીવરાવવામાં બેહદ સવાબ છે, તે નીચેની હદીસથી સાબીત થાય છે.

પાણી પીને ઇમામની પ્યાસ યાદ કરવાનો સવાબ.

કીતાબે અમાલીમાં દાવુદે રિક્કીથી નકલ કરે છે કે, એક દિવસે હું હઝરતે ઇમામે જાઅફરે સાદીકની ખીદમતમાં હાજર હાજર હતો. આપે પાણી મંગાવ્યું, પાણી પીધા પછી આપ ઘણું રડયા, અને આપની આંખો આંસુથી. તર થઇ ગઇ. તે પછી ફરમાવ્યું, "એ દાવુદ, ખુદા લઅનત કરે તે ઝાલેમો

ઉપર જેઓએ મારા દાદા હુસયને મઝલુમને તરસ્યા શહીદ કર્યા. એ દાવુદ, જે મુઅમીન પાણી પીધા પછી દાદાની પ્યાસને યાદ કરશે, અને તેમના કાતેલો ઉપર લઅનત કરશે, તો ખુદા તેના નામએ અઅમાલમાં એક લાખ નેકીઓ લખે છે, અને લાખ ગુનાહો માફ કરે છે, અને લાખ દરજ્જા તેના માટે બુલંદ કરે છે, અને લાખ ગુલામો આઝાદ કરવાનો સવાબ પામે છે, અને કિયામતના દહાડે શાંતિથી પોતાની કબરમાંથી ઉઠશે, અને કિયામતની ગરમીથી તેને અમાન મળશે."

લખે છે કે એક શહેરમાં એક દીનદાર ઓરત એહલેબયતે રસુલની મોહબ્બતમાં હજાર જાનથી ફીદા હતી, અને જે કાંઇ તેને મળતું તે ઇમામે હુસયનની અઝાદારીમાં મોહર્રમના દીવસોમાં પોતાને ઘેર અઝાદારી કરી ઇમામના નામ પર ન્યાઝ કરી ખરચ કરતી હતી. એક વર્ષે તેણી કને કાંઇ પણ ન હોવાથી પોતાને ઘેર અઝાદારી કરી શકી નહિ તેથી બીજે સ્થળે જ્યાં મજલીસ થતી હતી ત્યાં જઇ ઇમામે મઝલુમની અઝાદારીમાં ભાગ લેતી, અને અઝાદારોને પાણી પીવરાવતી હતી.

એક દિવસે મોહલ્લાની ઓરતો સાથે તેણી કબ્રસ્તાનમાં ફાતેહા પડવા ગઇ. સઘળી ઓરતો પોતપોતાના અઝીઝો અને સગાઓની કબરપર બેસી ફાતેહા પડવા લાગી, પણ તે દીનદાર આશકે હુસયન એક મશકમાં પાણી લઇ કબ્રસ્તાનમાં ચારે તરફ ફરી તે ઓરતોને પાણી પીવરાવતી, અને કેહતી હતી "આ ત્રણ દિવસના પ્યાસા ઇમામની નઝર છે, જેને પ્યાસ લાગી હોય તે પીએ, અને પોતાના ઇમામની પ્યાસને યાદ કરી તેમના કાતેલો ઉપર લઅનત કરે."

એક ઓરતે તેણીને કહ્યું, "તું કબ્રસ્તાનમાં ફાતેહા પડવા માટે આવી, છતાં પોતાના અઝીઝની કબ્ર ઉપર ફાતેહા ન પડતાં બધાને પાણી પીવરાવી રહી છે? શું તારા સગા વ્હાલાની કોઇ કબર આ કબ્રસ્તાનમાં નથી?" તે મોઅમીનાએ જવાબમાં કહ્યું, "મારા અઝીઝ અને સગા સ્નેહી જે કહો તે ફકત મારા મવલા હુસયને મઝલુમ છે, તેઓ શિવાય દુન્યાની સપાટી

ઉપર મારો કોઇ અઝીઝ નથી. અફ્સોસ! મારા આકા અને ઇમામ, જ્યારે શહીદ થયા, ત્યારે તેમની કબર ઉપર રોવા, અને ફાતેહા પડવા માટે કોઇ ન હતું તો તેઓ શિવાય કોના માટે ફાતેહા પડું ?"

તે ઓરત પાણી લઇ કબ્રસ્તાનમાં ચારે તરફ ફરતી, અને ઇમામે મઝલુમના નામપર પાણી પીવરાવતી હતી. એટલામાં તેણીએ જોયું કે એક બીબી કાળી ચાદર ઓઢી, તેણીના એક સગાની કબર ઉપર બેસી ફાતેહા પડે છે. તેથી તેની નજીક જઇને કહ્યું, "ઓ બીબી તમો કોણ છે ? આ કબર મારા સગાની છે, કદાચ તમો ભૂલથી અહીં બેસી ફાતેહા પડતાં હશો." તે બીબીએ માથું ઉંચુ કરીને કહ્યું, "તું કોના નામ પર પાણી પીવરાવે છે ? અને કયા મઝલુમની મુસીબતને યાદ કરી રોવે છે ?" તેણીએ કહ્યું, "હું મારા મઝલુમ શહીદ, ઇમામે હુસયનની પ્યાસને યાદ કરી તેમના નામ પર પાણી પીવરાવું છું." આ સાંભળી તે બીબીએ ઠંડો નિસાસો નાંખી ફરમાવ્યું, "ઓ મુઅમેના, જે મઝલુમના નામપર તું પાણી પીવરાવે છે, એજ મઝલુમની દુખ્યારી મા, શોહદાની અઝાદાર, ફાતેમા ઝોહરા છું. તારા અઝીઝોની કબર પર ફાતેહા ન પડતાં મારા ગરીબ ફરઝંદ હુસયનની અઝાદારીમાં રહી તેના નામપર પાણી પીવરાવે છે, તેથી હું તારા વતિ એ તારા અઝીઝોની કબર ઉપર ફાતેહા પડવા આવી છું." આ સાંભળી તે મુઅમીનાએ ચાહ્યું કે કદમો ઉપર ઝુકીને બોસો આપે, એટલામાં તે બીબી નજરોથી અદ્રશ્ય થયાં અને તે મુઅમીના રડતી રહી ગઇ. જુઓ, ઇમામ હુસયન અલયહિસ્સલામ પ્રત્યે ખરા પ્રેમના લીધે આકર્ષાઇને ૬૦ ફાતેમા ઝોહરા (સલવાતુલ્લાહી અલયહા) રૂહાની જીંદગીમાંથી આવીને, ખુલ્લે ખુલ્લા તે મોઅમેના ઓરતને પોતાનો દીદાર બક્ષીને, તેની ફીદાગીરીનો બદલો દેખાડી આપ્યો કે, હુસયન અ૦ના પ્રેમ ખાતર તેણી તથા તેણીના સગાઓ માટે શફીએ રોઝે જઝા, ખાસ ફાતેહા પડવા આવે, અને જેમના માટે આવા બુઝર્ગવાર બીબી, ફાતેહા પડે, તો તેમના બખશાઇ જવામાં અને જન્નતના હકદાર થવામાં

૬૦

શું શક રહે છે; પણ આવા સાચા પ્રેમની જરૂરત છે. ખુદાવંદે કરીમ આપણે સૌ કોઇને તેવો પ્રેમ અને મોહબ્બત મેળવવાની તૌફીક આપે આમીન.

હદીસમાં છે કે હ૦ ઇમામ હસન અ૦મે ફરમાવ્યું "લા ઇસરાફ ફીલ ખયર" સારા કામમાં (ખરચ કરવાથી) ઇસરાફ નથી. પાણી અને શરબત પીવરાવી, પ્યાસાઓના જીગરને ઠંડુ કરવું, એ ઉત્તમમાં ઉત્તમ અમલ છે; અને તે સારૂં કામ હોવાથી તેમાં મુદલ ઇસરાફનો સવાલ રહેતો નથી. ગરમીના દીવસોમાં ઘણા લોકો રાહદારીઓ માટે પાણી રાખે છે, તો 'સબીલે હુસયનથી' ઉપર જણાવ્યા પ્રમાણે નેક અમલ હોવા ઉપરાંત ઇમામની ત્રણ દિવસની પ્યાસની યાદગીરી જળવાય છે. દુન્યાના સઘળા લોકો શહીદે ઇસ્લામથી જાણીતા થઇ, મઝહબ ઇસ્લામની ખુબી અને સચ્ચાઇથી વાકેફ થાય છે. અહીં અમો પાણી પીવરાવવાના સવાબના બારામાં આવેલી હદીસો લખયે છીએ, જેથી ખાત્રી થશે કે 'સબીલે હુસયન'માં જે લોકો પોતાનાં નાણાંનો સદુપયોગ કરે છે, તેઓને બેહદ સવાબ મળે છે.

ઇસુલે કાફીમાં, હ૦ ઇમામ જઅફરે સાદિકથી નકલ કરે છે કે, "હઝરત અલી અ૦મે ફરમાવ્યું છે કે, જ્યારે કિયામતના દહાડે નેક લોકોને નેકીનો સવાબ આપવામાં આવશે, ત્યારે સર્વથી પહેલાં તે લોકોને નેકીનો બદલો મળશે, જેઓએ દુન્યામાં પ્યાસાને પાણી પીવરાવ્યું હશે."

એજ ઉસુલે કાફીમાં એજ બુઝર્ગવારથી નકલ કરે છે કે, પ્યાસના લીધે સળગતા કાળજાને ઠંડુ કરવા પાણી પીવરાવવું, એ ઉત્તમમાં ઉત્તમ અમલ છે. વળી ફરમાવે છે કે, "જે કોઇ શખ્સ કોઇ પ્યાસાને એવે ઠેકાણે પાણી પીવરાવે, જ્યાં પાણી મળી શકતું હોય તો તેને એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે, અને જો તે એવે ઠેકાણે કોઇ પ્યાસાને પાણી પીવરાવશે, જ્યાં પાણી મુદ્દલ મળી શકતું ન હોય તો તેને એક માણસને જીવતદાન આપવાનો સવાબ મળશે, અને જે

કોઇ એક માણુસનો બચાવ કરશે તેને આખી જગતના માણુસોનો બચાવ કરવા જેટલી નેકી મળશે.

કીતાબે કાફીમાં મુસાદીફથી નકલ કરે છે કે, એક વેળા હું છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અ૦ સાથે મક્કા અને મદીના વચ્ચે મુસાફરી કરતો હતો. રસ્તામાં મેં જોયું કે એક માણુસ ઝાંડની નીચે બેશુધ્ધ હાલતમાં પડયો છે, અને તેની છેલ્લી ઘડી હોય એમ જણાતું હતું. હઝરતે મને ફરમાવ્યું "એ મુસાદીફ! ચાલો આપણે તેની હાલતની ખબર લઇએ, મને એમ જણાય છે કે તે તરસ્યો હશે! અમો તેની નજીક ગયા, તો જોયું કે તે એક મજુસ (આતશપરસ્ત) હતો, અને તેના બાલ ઘણા લાંબા હતા. હઝરતે તેને પુછયું "શું તું પ્યાસો છે? તેણે કહ્યું હા, હું પ્યાસના લીધે મરણુતોલ થયો છું." તેની આ હાલત જોઇ આપને દયા ઉત્પન્ન થઇ, અને મને ફરમાવ્યું, "એ મુસાદીફ! જલદી તેને પાણી પીવરાવ." આ હુકમ સાંભળી હું ઘોડા પરથી ઉતર્યો અને તેને પાણી પાઇ, તૃપ્ત કર્યો. તે પછી અમો ત્યાંથી રવાના થયા, તો મેં અરજ કરી "યા મવલા! આ માણુસ પરધર્મી નસારા હતો. શું તેને પણ પાણી આપી શકાય? આપે ફરમાવ્યું જરૂર, તેને પાણી આપી શકાય છે કેમકે તે પ્યાસના લીધે મરણુતોલ થઇ ગયો હતો."

હ૦ ઇમામ ઝયનુલ આબેદીને ફરમાવ્યું, "જે કોઇ મુઅમીન ભૂખ્યાને અન્ન આપશે, તો કિયામતના દહાડે ખુદા તેને બેહિશ્તના મેવા આપશે. અને જે કોઇ પોતાના પ્યાસા મુઅમીન ભાઇને પાણી પીવરાવશે, તો કિયામતના દહાડે ખુદા તેને કવસરનું પાણી આપશે. અને નવઅને કપડાં પહેરાવશે, તો તેને લીલા રંગનાં બેહિશ્તી કપડાં આપશે."

હ૦ ઇમામ મુહમ્મદ બાકર અલયહિસ્સામે ફરમાવ્યું કે, "જે કોઇ તરસ્યા જીગરને પાણી પીવરાવી ઠંડુ કરે છે, તો ખુદા તેને દોસ્ત રાખે છે. અને જે કોઇ ઇનસાન અથવા જાનવરને પાણી પીવરાવી, તેની પ્યાસને બુઝાવશે, તો ખુદા

તેને કિયામતના દહાડાની ગરમીથી બચાવશે, અને તે ખુદાની રેહમતના છાયા હેઠળ રહેશે.

સબીલના બારામાં ઉપર આપેલી હદીસો બસ થશે, અને ઇમામે હુસયનના નામ ઉપર પાણી અથવા શરબત પીવરાવવામાં, દુન્યા અને આખેરતનો સવાબ છે, એ અમારા આખે ટુંકમાં આપેલા ખુલાસાથી સાબીત થશે. અઝાદારીની વિવિધ ક્રિયાઓનાં રહસ્યો અને તેમાં સમાયલા દુન્યા તથા આખેરતના લાભો, પ્રકાર પ્રકારથી ખુલાસાવાર આ કીતાબમાં અન્ય સ્થળે સમજાવવાની કોશીશ કરી છે, અને અમને ખાત્રી છે કે તેથી અઝાદારે હુસયનના ઇમાનમાં વધારો થશે.

સબીલના બારામાં એક એ પણ આક્ષેપ મૂકવામાં આવે છે કે, પાણી અથવા શરબત મૂકવા માટે જે આરકાં બનાવવામાં આવે છે, તે ઉપર જરીકામ, અથવા ફેન્સી ચિત્રો, અને સીનસીનેરી વગેરે ગોઠવવામાં આવે છે. અને એક બીજા ઉપર સરસાઇ ભોગવવા માટે, હરીફાઇમાં ખરચનું પ્રમાણ વધી જાય છે. તો તેના બારામાં અમો એટલુંજ કહીશું કે, એ પ્રમાણે સબીલના આરકાંની બાજુમાં કાળા વાવટા, અને કાળાં કપડાં, ટાંગવામાં આવે તો સ્તુતિપાત્ર થશે. ખરી રીતે જોતાં આ સબીલે હુસયન, હુસેની દરબારનું એક અંગ છે. જુઓ, કોઇ પણ શાહી દરબારમાં જોશો, તો તે અતિશય કીમતી વસ્તુઓથી શૃંગરાયલું હોય છે. પણ જ્યારે ત્યાં શોકનો પ્રસંગ આવે છે, ત્યારે તે ભવ્ય વસ્તુઓને ફેંકી દેવામાં આવતી નથી, પણ તેની ઉપરે અથવા બાજુમાં કાળા વાવટા, કે બીજાં કાળાં ચિન્હો મેલવામાં આવે છે. પાણી, શરબત, તથા દુધ ઇત્યાદીમાં, ગમે એટલું નાણું ખરચાય, તો તે કદી પણ વ્યર્થ ગણાશે નહિ. અને જો તે સાથે કાળાં કપડાં, અથવા કાળા વાવટા ઉપર હુસયને મઝલુમનું નામ, અથવા કરબલાની પ્યાસ યાદ અપાવનાર લીટીઓ લખાય, તો મૂળ હેતુ પાર પડેલ ગણાશે. રંગબેરંગી ચિત્રો તથા જરીકામ વીગેરે ઉપર જે કાંઇ ખરચ કરવામાં આવે છે, તે રકમ તથા અઝાદારીની બીજી ક્રિયાઓ, જેમકે મજલીસ, ફાતેહા, ન્યાઝ, કુલહુવલ,

તાબુત, અથવા પ્રવિણ ઝાકીરને બોલાવી, શહાદતનાં રહસ્યોથી લોકોને વાકેફ કરાવવા વીગેરેમાં ખરચ કરવામાં આવે છે, તે સર્વે યાદગીરી જાળવવાનાં કાર્ય હોય છે, અને તેથી સબીલોનાં આરકાં ઉપર ઝાહેરી શોભા માટે ઝરીકામ વીગેરે (જો તેમાં ન ઇચ્છવાજોગ દેખાવ અગર ચિત્રો ન હોય તો) શરીઅત મુજબ હરામ ન હોવાથી તે ગુનાહનું કામ કહી પણ ગણી શકાય નહિ. બલકે તે રકમ ઇમામે હુસયનના નામ ઉપર ખરચેલી હોવાથી સવાબની ઉમેદ રાખી શકાશે.

ઉપર જણાવ્યા મુજબ સબીલના આરકા ઉપર ખેંચાણકારક દેખાવ જોઇ, અઝાદારીના વિરોધીઓ બળાપો કરી રહ્યા છે, તેઓને અજમેર શરીફના ઉરસ તરફ લક્ષ પહોંચાડવાને, અથવા તો એક વખત ત્યાંની હકીકત, જાતે જોઇ ખાત્રી કરી લેવા અરજ કરીએ છીયે. એક પીર મુરશદની કબર ઉપર ફાતેહા પડવા માટે, કેવા કેવા ન ઇચ્છવાજોગ બનાવો બનતા રહે છે, અકેક ઉરૂસ પાછળ રૂપીયા પચીસથી ત્રીસ લાખનો ધુમાડો થતો જણાવવામાં આવે છે, અને તેથી ઇસ્લામને શો લાભ થાય છે, અથવા કેટલી ચડતી થાય છે, તેમજ તેથી ઇસ્લામીઓને કેવાં શિક્ષણો મળે છે એ જણાવવાની કાંઇ જરૂરત નથી. જ્યારે આ યાદગીરીમાં કોઇ ગુનાહોનાં કામો થતાં નથી બલકે તબલીગે ઇસ્લામનું મીશન જારી રહે છે. આવાં દીની કામો પ્રત્યે ખારજીઓની શંકાઓ અને આક્ષેપોથી દીનદાર બીરાદરો, અને આશકાને હુસયન કોઇ કાળે પોતાના કાર્યમાં પાછળ પડનાર નથી, એ અમો હિંમતથી કહી શકીએ છીએ. ખુદાવંદે કરીમ તેમના કાર્યમાં બરકત આપે અને તેમના ઉત્સાહમાં વધારો કરે કેમકે કરબલાના શહીદોની યાદગીરીમાં દુન્યા અને આખેરતના લાભો સમાયલા છે.

પ્રકરણ નવમું.

'નઝર-ન્યાઝ' (જમણ).

ઇમામે હુસયન અ૦ની અઝાદારીમાં, બીજી સઘળી ક્રિયાઓ કરતાં, નઝર અને ન્યાઝ પાછળ વાર્ષિક ઘણી મ્હોટી રકમ શરબત, ચા, જમણ વગેરેમાં ખર્ચાય છે, તેથી અઝાદારીના વિરોધીઓ, માત્ર અઝાદારી બંધ કરવાના મલીન હેતુથી, ન્યાઝ, જમણ અને નઝરમાં વપરાતી ગંજાવર રકમોના બારામાં અનેક પ્રકારના એઅતેરાઝો કરી રહ્યા છે; અને બીરયાની, પુલાવ, જરદા, મીઠાઇ વગેરે ખર્ચાળ પકવાનો (જે ઘણાજ થોડા પ્રમાણમાં, જવલેજ, અને માત્ર મ્હોટા શહેરોમાં થાય છે) ના નામથી તેનું ખોટું રૂપ આપી રહ્યા છે. તેઓ એમ જણાવવા માંગે છે કે લાખો રૂપીયા માત્ર જમણમાં વ્યર્થ ખરચવા કરતાં, જો તે ગંજાવર રકમ સ્કુલ, કૉલેજ, મુસાફરખાનાં, યતીમખાનાં ઇત્યાદી કોમોપયોગી સંસ્થાઓ પાછળ ખરચવામાં આવે તો, વધુ લાભકારક થાય. વળી તે સાથે અઝાદારોપર ટીકા કરતાં, તેઓ એમ પણ કહે છે કે, મોહર્રમના ગમનાક દિવસોમાં, રડવા પીટવા અને માતમ કર્યા પછી, તરતજ ઉમદા સ્વાદિષ્ટ જમણ અઝાદારોના ગળે કેમ ઉતરતું હશે ? એ દેખાવથી ગમગીની કરતાં ખુશહાલીનો પ્રસંગ હોય એમ જોનારને જણાયા વગર રહે નહિ. એ સઘળી બાબતો અને ન્યાઝ જમણનાં રહસ્યો અને તેથી થતા દીન દુન્યાના લાભો આ પ્રકરણમાં ખુલાસાવાર સમજાવવા માંગીયે છીયે, જેથી ઇનશાઅલ્લાહ ન્યાઝમાં ખરચ કરનારના ઉત્સાહમાં વધારો થશે, અને વિરોધીઓની જબાન પણ બંધ થશે. અમને ખાત્રી છે કે, નજર ન્યાઝ અને મોહર્રમમાં અપાતાં જમણનાં રહસ્યોથી જ્યારે અઝાદારો વાકેફ થશે, ત્યારે તેઓ જે રકમ અઝાદારી અને ન્યાઝ પાછળ ખરચી રહ્યા છે, તેમાં સંગીન વધારો થશે, અને વિરોધીઓની ટીકાની તેઓ લેશભાર દરકાર કરશે નહિ.

હરેક સુધરેલી પ્રજામાં અનેક પ્રસંગો ઉપર જમણ અપાય છે. અંગ્રેજોની ડીનર પાર્ટી, લન્ચીયન વગેરે યુરોપ અને હિંદુસ્તાનમાં થાય છે; હિંદુ અને પારસીઓમાં પણ હરેક પ્રસંગો પર જમણ અપાય છે. અમારા આગાખાની ભાઇઓ તો જમણ આપવામાં મશહૂર છે. લાખો રૂપીયાની વકફ કરેલી રકમની આવકમાંથી જંગબાર વગેરે મુલકોમાં દર શુક્રવારે સગરી ધામનું જમણ અપાય છે; જે એકજ શુક્રવારના સગરી ધામ પાછળ વાર્ષિક લાખો રૂપીયા ખરચાય છે. આ શિવાય દેશપરદેશના અમારા આગાખાની ભાઇઓમાં જુદા જુદા પ્રસંગે જેટલાં જમણ થાય છે, તેનો અડસટો કાઢવામાં આવે તો વાર્ષિક ઓછામાં ઓછા દસથી પંદર લાખ રૂપીઆ જેટલી ગંજાવર રકમ (તેમનાજ શબ્દોમાં વ્યર્થ) ખરચાયલી જણાશે. જો એ પંદરથી વીસ લાખની વાર્ષિક રકમ જમણ પાછળ વ્યર્થ ન ખરચાતાં ગરીબ અને દુઃખી આગાખાની જોજા ભાઇઓનું હળદર ફીટાડવામાં વપરાય, તો ખચિત બે ત્રણ વર્ષમાં અમારા સઘળા આગાખાની ભાઇઓનું હળદર ફીટી જાય, અને તેઓમાંના કોઇ પણ દુઃખી અને મોહતાજ રહેવા ન પામે.

અંગ્રેજ, હિંદુ અને પારસી ઇત્યાદિ કોમોમાં ઘણા લોકો કંગાળ સ્થિતિમાં હોય છે, છતાં તેઓ વાર્ષિક લાખોની રકમ ડીનર પાર્ટી જમણ વગેરેમાં શા માટે ખરચ કરતા હશે! મોહર્રમમાં નઝર ન્યાઝ પાછળ ખરચાતી ગંજાવર રકમોના બારામાં અકેક વિષયપર વિવિધ પ્રકારથી વિવેચન કરી તેનો ખુલાસો કરી, હુસયને મઝલુમના અઝાદારોને એ સવાલની ચોખવટ કરી આપીશું. પ્રથમ અમે પવિત્ર કુરઆનની ચોકી આયતો ટાંકીને જમણ આપવાના બારામાં ખુદાનો શું હુકમ છે એ સ્પષ્ટ કરીશું અને તે પછી હ૦ પયગંબર અને ઇમામોની હદીસો વડે સિધ્ધ કરીશું.

જેવી રીતે શુભ પ્રસંગોપર જમણ કરવામાં આવે છે, એજ પ્રમાણે હરેક કોમમાં ગમીના પ્રસંગોપર જમણ કરવામાં

આવે છે. ઇસ્લામીઓમાં રિવાજ છે અને શરીઅતમાં પણ મુસતહબ છે કે, ફાતેહાખાનીના ત્રીજે દિવસે મય્યતની રૂહના સવાબ અર્થે ઝીયારતનું જમણ કરવામાં આવે છે. તેમાં પુલાવ, મીઠાઇ ઇત્યાદી પીરસવામાં આવે છે. હિંદુઓ પણ ભાતભાતની મીઠાઈ એવા માઠા પ્રસંગોપર જમાડે છે, તેથી એમ નજ કહી શકાય કે એવા માઠા પ્રસંગોપર ખુશહાલીનો દેખાવ કરવામાં આવે છે. કેમકે સર્વ કોઇ પોતાની સ્થિતિ અને લાયકાત મુજબ વર્તી એવા પ્રસંગોપર જમણ કરે છે.

અમારા આગાખાનીભાંઇઓ, દરેક મુલકમાં મોહર્રમના બાર દિવસો સુધી દરરોજ જમણ કરતા હતા, જે હાલ ટુંક સમય થયાં બંધ થયેલ હશે, છતાં હજુ કેટલેક ઠેકાણે મોહર્રમની ન્યાઝનું જમણ ચાલુ અપાય છે. તો શું એ ન્યાઝનું જમણ કરનારા અને તેમાં પૈસા આપનારા ભાઇઓ, સર્વ બેવકુફ હશે, અને એ રકમના સદુપયોગથી અજાણ હશે?

મુસલમાનોને જમાડવા અને માનતા માનવા સંબંધી પવિત્ર કુરઆનની આયતો.

૧. "વમા અનફકતુમ મિન નફકતિન, અવ નઝરતુમ મિન નઝરિન, ફઇન્નલ્લાહ યઅલમુહુ, વમા લિઝ્ઝા લીમીન મિન અન્સાર."

અર્થ:—અને જે તમે દાનમાં ખરચો છો, અથવા જે માનતા માનો છો, તો તે ખરેખર ખુદા જાણે છે, અને ઝાલેમગારો માટે કોઇ મદદગાર નથી.

(પવિત્ર કુરઆન, સુરએ 'બકરહ' આયત ૨૭૦.)

૨. યુફૂના બિન્નઝર, વયખાફૂના યવમન કાન શર્રુહૂ મુસ્તતીરા, વયુતઇમૂનત્તઆમ, અલા હુબ્બિહી મિસ્કીનન, વયતીમન વઅસીરા ઇન્નમા નુત ઇમુકુમ લિવજ હિલ્લાહ, લાનુરીદુ મિનકુમ જઝા-અન વલા શુકૂરા."

અર્થ:-તેઓ પોતાની નઝર (માનતા) પુરી પાળે છે, અને તેઓ એવા દિવસનો ડર રાખે છે કે, જેનું દુઃખ ખુલ્લું અને સર્વને પહોંચનાર છે, અને તેઓ ખુદાના પ્રેમને લીધે ગરીબ અને માબાપ વગરના, અને કેદીને ખોરાક ખવડાવે છે; અને (કહે છે) કે અમે તમને માત્ર ખુદાની ખુશી માટે ખવડાવીએ છીયે, અમને તમારી પાસેથી કંઇ બદલાની, અને આભારની ઇચ્છા નથી.

(પવિત્ર કુરઆન, સુરએ દહર, આયત-૭-૮-૯.)

૩. ખુઝૂહુ ફગુલ્લૂહુ, સુમ્મલ જહીમી સલ્લૂહુ, સુમ્મા ફી સિલસિલતીન સબ્ઉન ઝિરાઅન ફસ્લુકૂહુ ઇન્નહુ કાન લાયુઅમિનુ બિલ્લાહિલ અઝીમ; વલા યહુઝ્ઝુ અલા તઆમિલ મિસ્કીન."

અર્થ:-(કિયામતના દિવસે કહેવામાં આવશે કે) તેને પકડો, પછી તેને સાંકળમાં નાંખો, પછી તેને દોઝખમાં ફેંકો, પછી તેને એક સાંકળ કે જેનું માપ સિંતેર ગઝ છે તેમાં નાંખો. ખરેખર તે મહાન્ ખુદા ઉપર ઇમાન લાવતો નહોતો, અને ગરીબોને ખવડાવવાની આતુરતા રાખતો ન હતો.

(પવિત્ર કુરઆન સુરતુલ 'હાક્કા' આયત ૩૦ થી ૪૦.)

૪. "વઇઝા કીલા લહુમ અનફિકૂ મિમ્મા રઝકકુમુલ્લાહુ, કાલલ્લઝીના, કફરૂ લિલ્લઝીના આમનુ અનુત્ઇમુ મન લવ યશાઉલ્લાહુ અત્અમહુ, ઇન અન્તુમ ઇલ્લા ફી ઝલાલિન મુબીન."

અર્થ:-અને જ્યારે તેઓને કેહવામાં આવે છે કે જે ખુદાએ તમોને રોજી આપી છે, તેમાંથી દાન કરો; ત્યારે જે કાફર થયા છે, તે મોઅમેનોને કહે છે, કે શું અમે તેને ખાવાનું આપીએ, કે જેને જો

ખુદાએ ઇચ્છયું હોત તો તેણે ખાવાનું આપ્યું હોત? તમે માત્ર ચોકખી ભૂલમાં છો.

(પવિત્ર કુરઆન સુરએ યાસીન, આયત ૪૭.)

૫. **લાયુઆ ખીઝુકુમ બિલ્લગવી ફી અયમાનિકુમ, વલાકીન યુઆખીઝુ કુમ-બિમા અકકદ-તુમુલ અય-માન, ફકફ્ફારતુહુ ઈત્આમુ અશરતુ મસાકીન.”**

અર્થ:-તમારા અશ્રિત સોગંદ માટે ખુદા તમને પકડશે નહિ, પણ તમારા નિશ્રત સોગંદ માટે પકડશે. પછી તેનો કફારો (પશ્ચાતાપ) દશ ગરીબોને જે સાધારણ ખોરાક તમે તમારા કુટુંબને ખવરાવો છો તે ખવરાવવાનું, અથવા તેમને લુગડાં પેહરાવવાનું અથવા એક ગુલામને છુટો કરવાનું છે.

(પવિત્ર કુરઆન સુરતલ માએદા-આયત ૭૯.)

ઉપર મુજબ પાંચ આયતો મૂળ હેતુ સમજાવવા માટે બસ થશે. માહે મુબારક રમઝાનના રોઝાનો કફારો, સોગંદનો કફારો, વગેરે શરઇ બાબતોમાં થયલી ભૂલોના પશ્ચાતાપમાં ગરીબોને ખવરાવવાનો હુકમ આપવામાં આવેલ છે, તેથી સિદ્ધ થાય છે કે, ગરીબોને અને દીન બંધુઓને જમાડવું ઉત્તમ ઇબાદતમાં ગણાય છે અને તેમાં ઇસરાફ વ્યર્થ પૈસા ગુમાવવાનો સવાલ બાકી રહેતો નથી. હવે તે વિષે પયગંબર અને ઇમામોની હદીસો આપી વધુ સ્પષ્ટ કરીયે છીયે.

૯૦ પયગંબર અને ઇમામોની હદીસો.

હઝરત પયગંબર સ૦મે ફરમાવ્યું, “જે શખસ ભૂખ્યા મુઅમીનને જમાડશે, તો ખુદા તેને બેહિશ્તના મેવા આપશે, અને તરસ્યાને એક ઘુંટડો પાણી પાશે તો બેહિશ્તનાં શરબતથી ખુદા તેને તૃપ્ત કરશે, અને જે નવસ્ત્રાને લિબાસ આપશે, તો ખુદા તેને બેહિશ્તના રેશમી લીબાસ પેહરાવશે; અને જ્યાં સુધી તે કપડાંનો એક તાર બાકી રેહશે, ત્યાં સુધી ફિરીશતા તેના ઉપર સલવાત મોકલતા રેહશે.”

હ૦ ઇમામ અલીય્યુન્નકી અ૦એ ફરમાવ્યું કે, એક વખતે હ૦ મુસા પયગંબરે ખુદાની દરગાહમાં અરજ કરી, "બારે ઇલાહા! જે માણુસ માત્ર તારી ખુશી માટે કોઇ ફકીરને જમાડશે તો તેનો કેટલો સવાબ છે?" હુકમ થયો, "અય મુસા! કયામતના દહાડે એક મુનાદીને હુકમ કરીશ કે લોકોને પુકારીને કહે કે, આ માણુસને મેં જહન્નમની આગથી મુક્ત કર્યો છે."

હ૦ ઇમામ મોહમ્મદ બાકર અ૦ એ ફરમાવ્યું કે, ત્રણુ બાબતો મુઅમીનને ચઢતી પર લાવે છે, અને તેનો મરતબો બુલંદ થાય છે (૧) દરેક માણુસને સલામ કરવાથી (૨) લોકોને જમાડવાથી (૩) અને રાતના વખતે જ્યારે લોકો મીઠી ઉંઘમાં પોઢેલા હોય, ત્યારે ઉઠીને નમાઝ (નમાઝે શબ) પડવાથી.

છઠ્ઠા ઇમામ અ૦ એ ફરમાવ્યું કે, "એક મુઅમીનને જમાડવું તે (મુઅમીન શિવાયના) બીજા એક લાખ માણુસોને જમાડવા કરતાં હું વધુ પસંદ કરૂં છું. અને જે કોઇ મુઅમીનને જમાડશે તો તેના પર બેહિશ્ત વાજીબ થશે." વળી આપે ફરમાવ્યું કે, "જે કોઇ તવંગર મુઅમીનને જમાડશે, તો તેને હ૦ ઇસ્માઇલ પયગંબરની અવલાદમાંથી એક માણુસને કત્લ થઇ જતાં બચાવ કરવાનો સવાબ મળશે, અને જે ફકીર (ગરીબ) મુઅમીનને જમાડશે તો તેને હ૦ ઇસમાઇલ પયગંબરની અવલાદમાંથી એકસો માણુસોના ખૂન થતાં અટકાવ કરવાનો (જાન બચાવવાનો) સવાબ મળશે."

હ૦ ઇમામ જઅફરે સાદીક અ૦ એ ફરમાવ્યું કે, હ૦ રસુલે ખુદા સ૦ એ, હઝરત અબદુલ મુત્તલિબની અવલાદને ભેગા કરીને ફરમાવ્યું કે, એ બની અબદુલ મુત્તલિબ (તમોને હું ભલામણુ કરૂં છું કે) મ્હોટા આવાજથી બધાને સલામ કરો, તમારા કુટુંબીઓ સાથે (સીલે રહમ) ભલાઇથી વર્તો, જ્યારે માણુસો ઉંઘતા હોય, ત્યારે તમે જાગૃત રહી નમાઝે શબ (રાતની નમાઝ) પડો, લોકોને જમાડો, અને બોલવામાં મધુર શબ્દોનો ઉપયોગ કરો (સારૂં બોલો)."

અખિલ મકન્દર, નકલ કરે છે કે એક વખતે પયગંબર સ૦ સવાર થઇ તશ્રરીફ લઇ જતા હતા. એક માણુસે ઘોડાની

લગામ પકડી (આપને થોભાવી) ને પુછ્યું, "યા રસુલિલ્લાહ ! ઉત્તમમાં ઉત્તમ અમલ શું છે? આપે ફરમાવ્યું, લોકોને જમાડવું, અને નરમાસ (મીઠાસ) થી બોલવું."

કદાહ, છઠ્ઠા ઇમામથી નકલ કરે છે કે, આપે ફરમાવ્યું કે, જે કોઇ પોતાના મુસલમાન ભાઇને પેટ પુરતું જમાડશે, તો તેના માટે આખેરતમાં જે નેકી અને સવાબ છે, તે ખુદા શિવાય કોઇ પણ જાણતો નથી. તે પછી ફરમાવ્યું, ખુદાની બક્ષીશ અને બહિશ્ત મેળવવાનો સવાબ લોકોને (મુસલમાનોને) જમાડવામાં છે."

હુસયન ઇબ્ને નઇમ નકલ કરે છે કે, એક દિવસે હું છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અલયહિસ્સલામની ખીદમતમાં હાજર થયો. આપે પુછ્યું "ઓ હુસયન! તમે તમારા દીન-બંધુઓની મોહબ્બત રાખો છો ? મેં અરજ કરી, હા યબ્ના રસુલિલ્લાહ, આપે ફરમાવ્યું, શું તેઓમાંના ગરીબોને તું કામ આવે છે ? (લાભ પહોંચાડે છે ?) મેં અરજ કરી, હા મારા મવલા, હું તેઓની સાથે ભલાઇ કરૂં છું અને તેઓને લાભ પહોંચાડું છું. તે પછી આપે ફરમાવ્યું, "બચ્ચિત એમજ થવું જોઇએ, અને તારા ઉપર લાઝીમ છે કે, જે ખુદાની મોહબ્બત રાખે તેને ચાહે અને કસમ પરવરદીગારના જ્યાં સૂધી તેઓને ચાહીશ નહિ ત્યાં સૂધી કદી પણ તેઓને લાભ પહોંચાડી શકીશ નહિ." "ભલા કોઇ વખતે પણ તેઓને તારે ઘેર તેડી જમાડે છે ?" મેં અરજ કરી, હા યબ્ના રસુલિલ્લાહ, હું કોઇ પણ વખતે મારે ઘેર જમવા બેસતો નથી. શિવાય કે તેઓમાંના બે અથવા ત્રણ (મારા દીનબંધુઓ) મારી સાથે હોય છે. આ સાંભળી હઝરતે ફરમાવ્યું, "યકીનન તેઓ કરતાં તું તેઓનો વધુ એહસાનમંદ છો, અને તેઓની ભલાઇ તારા એહસાન કરતાં વધુ ગણાશે." મેં અરજ કરી, મવલા ! એ કેમ બની શકે ? હું પૈસા ખરચ કરી, મહેનત ઉઠાવી પ્રકાર પ્રકારની વાણીઓ તેઓના માટે તૈયાર કરી, તેઓને મારે ઘેર તેડીને જમાડું છું, છતાં તેઓ મારા કરતાં શ્રેષ્ટ કેમ થયા ? હઝરતે ફરમાવ્યું, "ઓ હુસયન ! હા, તેઓ તારા કરતાં શ્રેષ્ટ

એટલાજ માટે થયા કે, તેઓ તારા માટે અને તારા કુટુંબીઓ માટે ખુદાની મગફેરત (માફી) સાથે તારે ઘેર દાખલ થાય છે, અને જ્યારે જમીને બાહેર જાય છે ત્યારે તારા અને તારા કુટુંબીઓના ગુનાહોને બાહેર સાથે લઇને જાય છે."

ઇસ્લામના ઇતિહાસમાં પેહલું જમણ

ઇસ્લામના આરંભ (બેઅસત) પછી ચાર વર્ષ રહીને જ્યારે પયગંબરને પોતાના કુટુંબીઓને ઇસ્લામનું આમંત્રણ આપવાનો હુકમ થયો, ત્યારે પયગંબરે અબ્દુલ મુત્તલિબની અવલાદને, અબૂ તાલિબને ત્યાં જમણ માટે બોલાવ્યા. હાજર રહેલાઓમાં અબુલહબ, અબ્બાસ અને હઝરત હમઝા પણ હતા. જમી રહ્યા પછી એ લોકો તરત વિખેરાઇ ગયા, અને પયગંબરની વાત સાંભળવા પણ થોભ્યા નહિ. પયગંબરે બીજા દિવસ માટે તેઓને દાવત આપી, અને એ દિવસે પણ એમજ બન્યું. પણ ત્રીજા દિવસે જમ્યા પછી, પયગંબરે તેઓને શાંત રાખી ફરમાવ્યું, "હે અબ્દુલ મુત્તલિબના પુત્રો! જો હું તમોને કહું કે આ સામે દેખાતા પહાડ પાછળ તમારા શત્રુઓ ભરાઇને બેઠા છે, અને તમારી હલાકતનો ઇરાદો રાખે છે, તો તમે મારી વાત પર વિશ્વાસ રાખશો?" તેઓએ કહ્યું, "અલબત, અમે તમારી વાત માન્ય રાખશું." પયગંબરે ફરમાવ્યું "તો તમે સાંભળો અને વાકેફ થાઓ કે, અલ્લાહનો ગઝબ તમારી નજીક આવતો જાય છે અને જો તમે તમારા ભુંડા રિવાજો અને મૂર્તિપૂજાનો ત્યાગ નહિ કરો તો નાશ પામશો, અને કિયામતના દિવસે તમારા માટે જહન્નમ શિવાય બીજી જગા નથી. માટે તમે મૂર્તિપૂજા તજી, એકજ ખુદાની ઇબાદત કરો અને મને તેના રસુલ તરીકે માન્ય રાખો. તમારામાંથી એવો કોણ છે, જે "લા ઇલાહા ઇલ્લલ્લાહ"નો ઉપદેશ કરવામાં મારો મદદગાર થાય, અને એજ મારી પાછળ મારો વસી, અને ખલીફો થશે, જેવી રીતે હારૂન મુસાના વઝીર હતા." આ સાંભળી સૌ ચુપ રહ્યા, પણ હ૦ અબૂ તાલિબના ફરઝંદ

હ૦ અલી અલયહિસ્સલામ શેરેખુદા ઉભા થયા. "યા રસુલલ્લાહ!. હું હાજર છું આપને સ્હાય થઇશ અને આપના હુકમને તાબે રહીશ." આપે ફરમાવ્યું "યા અલી થોભી જાઓ." ફરી વાર પયગંબરે તેઓને એજ સવાલ કર્યો, અને માત્ર હ૦ અલી ઉભા થયા અને પયગંબરે તેમને થોભી જવા કહ્યું, ત્રીજી વખતે પણ જ્યારે હ૦ અલી શિવાય પયગંબરના અવાજ પર "લબ્બયક યા રસુલલ્લાહ" કહેવા કોઇ ન ઉઠયો. ત્યારે ફરમાવ્યું, "બેશક, તમે મારા ભાઇ, મારા વસી અને ખલીફા છો, હે અબ્દુલ મુત્તલિબના પુત્રો! તમે સર્વ એની તાબેદારી કરજો, અને એની વાત માનજો." અબુ જેહલ ખડખડ હસી પડયો, અને હ૦ અબૂ તાલિબને ટકોરમાં કહ્યું કે "હવે તારા પુત્રની તાબેદારીમાં રહેજે અને તેની આજ્ઞા બજાવતો રહેજે."

(કારલાઇલ, જોન ડેવનપોરટ, ગિબન, તારીખે તબરી, ઇબ્ને અસીર વગેરે.)

ઉપલા બનાવ શિવાયના બીજા અનેક બનાવો ઇસ્લામી તવારીખમાં નોંધાયલા છે, જેમાં હ૦ અલી અ૦, હ૦ ઇમામ હુસન, અને ઇમામ હુસયન અ૦ તથા તે પછીના ઇમામો મુસલમાનોમાંના ગરીબ અને તવંગરને પોતાને ઘેર તેડી જમાડવાનું વર્ણન કરવામાં આવ્યું છે. હ૦ ઇમામ હસન અ૦ના વિશાળ સુફરા વિશે એટલુંજ બસ થશે કે દરરોજ બે ઉંટ ફક્ત ડુંગળી લીલોતરી વગેરેનાં છીલતાં તથા કચરો ઉપાડવા માટે જોઇતા હતા, જેની હકીકત સ્થળ સંકોચના લીધે લખતા નથી.

ઇમામે હુસયન અ૦ની અઝાદારીમાં ન્યાઝ જમણ કરવાનો સવાબ.

હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું કે, જીબ્રઇલે મને મારા ફરઝંદ હુસયનની શહાદતની ખબર આપી, અને કહ્યું કે ખુદા તમારી ઉમ્મતમાંથી એવા લોકોને પેદા કરશે, જેઓ દર વર્ષ

તમારા હુસયનની અઝાદારી કરશે, અને ઝીયારત પડવા જશે. તમે તેઓને ખુશખબરી આપો કે, ઝીયારતે કરબલાની મુસાફરીમાં તેઓના અકેક પગલે એક હજનો સવાબ મળશે. અને અઝાદારીમાં અને ઝીયારતમાં તેઓ જે કાંઇ ખરચ કરશે, તેના એક દિરહમ બદલે સીંતેર દિરહમ ખુદા તેઓને આપશે અને આસમાનના ફિરીશતા તેઓના માટે વ્હેપાર કરશે (ખુદાની ઇબાદત કરશે, જે આખેરત કમાવવા માટે ઉત્તમ વેપાર છે) અને તેનો નફો (સવાબ) તેઓને મળશે.

(નાસિખુત્તવારીખ, બહારૂલ અનવાર વગેરે.)

હ૦ ઇમામ જઅફરે સાદીક અ૦ની ખીદમતમાં, ઇ૦ને સીનાન અસહાબે આવીને અરજ કરી, "યા મવલા! તમારા પવિત્ર પિતાએ (પાંચમા ઇમામ અ૦મે) ફરમાવ્યું છે કે, જે કોઇ મક્કએ મોઅઝ્ઝમા હજ કરવા જાય અને તે રસ્તે જે કાંઇ ખરચ કરે, તેને એક દિરહમના બદલામાં એક હજાર દિરહમનો સવાબ મળે છે. તો ઇમામે હુસયનની અઝાદારી અને ઝીયારતમાં જે ખરચ કરવામાં આવે, તેનો કેટલો સવાબ મળશે? આપે ફરમાવ્યું કે, "દરેક દિરહમના બદલામાં દશ હજાર દિરહમનો સવાબ મળે છે, અને (તે અઝાદાર અને ઝાઇરની મારેફતને મોહબ્બતના પ્રમાણમાં) તેથી પણ વધુ સવાબ મળે છે; ખુદાની અપાર બક્ષીશની કોઇ હદ નથી."

અઝાદારીમાં ઇમામે હુસયનની મોહબ્બતમાં તેમના નામ પર ખરચ કરવામાં આવે છે, તે ઇમામથી અજાણ હોતું નથી, તેથી તે બુઝર્ગવાર રાજી થાય છે, અને તે મુઅમીનના માટે દુઆ ફરમાવે છે. પોતાના એક મુઅમીન ભાઇની મોહબ્બતમાં ખરચ કરવાથી, અને તેને ખુશ કરવાથી, ખુદા રાજી થાય છે, અને તેમાં ઘણો સવાબ છે. જે વિષે ખુલાસાવાર ઉપર લખી ગયા છીયે; તો ઇમામે હુસયન અને પયગંબર તેમજ બીજા ઇમામોને પોતાથી ખુશનુદ કરવામાં કેટલો સવાબ મળે છે, એ શહીદે ઇસ્લામના અઝાદારો, અને એહલેબયતે રસુલના દોસ્તદારોને સમજાવવાની જરૂર નથી.

નઝર, માનતા, ઇસ્લામી શરીઅતમાં જાયઝ છે.

ઇમામે હુસયન અ૦, અને હ૦ અબ્બાસ અલમદાર અ૦ની નઝર, માનતા મનાય છે, અને એ બુઝર્ગવારોના વસીલાથી, પોતાની હાજતો ખુદા કને માંગવામાં આવે છે, અને હાજત પુરી થતાં, માનતામાં જે નઝર ન્યાઝ કરવાને પોતાના પરવરદીગારને વચન આપ્યું હોય, તે પ્રમાણે અમલ કરવામાં આવે છે. અઝાદારીમાં જે ન્યાઝ અને જમણ કરવામાં આવે છે તે ઘણે ભાગે નઝર–માનતાનું હોય છે. તે પ્રત્યે એહલેબયતના દુશ્મનો અને અઝાદારીના વિરોધીઓ, બીદઅત અને હરામ કહી, માત્ર ઇમામે હુસયનની ખરી ફઝીલત છુપાવવા, અને તેમની યાદગીરી બંધ કરવા માટે આક્ષેપ મૂકે છે. જેથી ટુંકમાં ખુદા અને તેના રસુલના કૌલ મુજબ સ્પષ્ટ કરી આપીશું, કે નઝર–માનતા બીદઅત અથવા હરામ કહી શકાય નહિ.

"વમાઅન ફકતુમ મિન નફકતીન, અવ નઝરતુમ મિન નઝરીન ફઇન્નલ્લાહા યઅલમુહુ............"

અર્થ:–અને જે તમે દાનમાં ખરચો છો અથવા જે માનતા માનો છો, તો તે ખરેખર ખુદા જાણે છે.

(પવિત્ર કુરઆન, સુરએ બકરહ, આયત ૨૭૦.)

"સુમ્મલ યકઝુ તફસહુમ વલયૂફૂ નુઝુરહુમ, વલયૂફૂ નુઝૂરહુમ, વલ્યત્તવફૂ બિલ બયતિલ અતાક."

અર્થ:–પછી પોતાની હજની ક્રિયા અદા કરી, પોતાનું શરીર સ્વચ્છ કરે, અને પોતાની નઝર (માનતાઓ) પુરી કરે અને જૂના ઘર (ખાનએ કઅબા) ની આસપાસ તવાફ કરે.

(પવિત્ર કુરઆન, સુરએ હજ. આયત ૨૯.)

હઝરત ઇસા પયગંબરની મા બીબી મરયમ અ૦મે નઝર કરી હતી, હ૦ ઝકરિય્યા પયગંબરે માનતા માની હતી, તેનું વર્ણન પણ ખુદાએ પવિત્ર કુરઆનમાં કર્યું છે.

એક વખતે હ૦ ઇમામ હસન અને હ૦ ઇમામ હુસયન બીમાર પડયા, તેથી હ૦ પયગંબર, હ૦ અલી, હ૦ ફાતેમા અ૦

અને ફીઝ્ઝાએ તેમની શફા માટે ત્રણ રોઝા રાખવાની માનતા કરી હતી, જેનું વર્ણન પવિત્ર કુરઆનમાં, સુરએ 'દહર'માં કરવામાં આવ્યું છે, અને તેનું વર્ણન ઇસ્લામી કીતાબોમાં મશહૂર હોવાથી, અને ઇસ્લામના કુલ્લે ફીરકાએ તેનું વર્ણન કરેલું હોવાથી લંબાણની બીકે અહીં લખતા નથી.

જો કોઇ અઝાદાર પોતાની હાજત પુરી થવા માટે નઝર કરે, કે મારૂં ફલાણું કામ થાય, અથવા મારી હાજત પુરી થાય, તો હું ઇમામે હુસયનની અઝાદારીમાં અમુક રકમ ખરચ કરીશ, અથવા તાઝીયા બનાવીશ (જે શરીઅત મુજબ હોવાથી અને તેમાં ભારે સવાબ પણ છે) તો તેની એવી નઝર અથવા માનતા માટે ટીકા કરનાર, ખુદા અને તેના રસુલના ફરમાન પર ટીકા કરનાર ગણાશે.

દીલગીરીની બીના તો એ છે કે, જેઓ માત્ર અઝાદારી બંધ કરવાના મલીન હેતુથી, આવી ચોકખી બાબતોને હરામ અથવા બીદઅત કહી રહ્યા છે, તેઓ પોતાની સ્થિતિ જોઇ શકતા નથી, અને તેઓની સહીહ કીતાબોમાં શું લખાયલું છે અને માનતા–નઝર વિષે તેઓ પોતે કેવી માન્યતા રાખે છે, તેનું તેઓને ભાન નથી.

સહીહ તરમઝી શરીફમાં લખે છે કે, એક વખતે એક કાળી હબસણ, હ૦ પયગંબરની ખીદમતમાં હાજર થઇ, અને અરજ કરી કે, મેં માનતા કરી છે કે મારી હાજત પુરી થાય, તો તમારી સામે ગાઇ વજાડી તમોને ખુશ કરૂં. આપે તેણીને રજા આપી, તેથી તેણીએ એ પ્રમાણે હઝરતની સામે ગાઇ વજાડી પોતાની માનતા પુરી કરી. અફસોસ! એવા લોકો માત્ર નઝર પુરી કરવા ખાતર, ગાવું વજાડવું હરામ હોવા છતાં તે બારામાં પયગંબરે રજા આપેલી જણાવે છે (જે તદન ગલત વાત, અને પયગંબર પર સાવ બોહતાન છે) જ્યારે ઇમામે હુસયનના નામ પર હલાલ અને જાયઝ કામમાં કરેલી નઝર માનતાને હરામ અને બીદઅત જણાવે છે.

મુસીબત વખતે સ્વાદિષ્ટ અને ઉમદાં જમણુ શા માટે થાય છે, અને તે અઝાદારો કેમ ખાઇ શકે ?

મોહર્રમના દિવસોમાં ઘણે ભાગે, ન્યાઝમાં શરબત, દુધ, ચા, કાફી, બીસ્કીટ વગેરે હોય છે. દરેક ઠેકાણે જમણુ કરવામાં આવતું નથી, ઇરાક (મેસોપોટેમીયા), ઇરાન, હીજાઝ, શામ, મીસર વગેરે ઇસ્લામી મુલકોમાં, અઝાદારીની મજલીસોમાં, ચા, સીગરેટ, અથવા રોટલી વગેરે આપવામાં આવે છે, કેમકે તે મુલકોમાં ઘણાખરા ગરીબ સ્થિતિના માણસો હોય છે. આફ્રીકા અને હિંદુસ્તાનમાં પણ મ્હોટે ભાગે ઉપર લખ્યા પ્રમાણે ચા, દુધ, કાફી, શરબત વગેરે થાય છે, કેમકે તવંગર અને પૈસાદારો કરતાં ગરીબ વર્ગની સંખ્યા દરેક ઠેકાણે વધુ હોય છે, અને હિંદુસ્તાનમાં તો સેંકડે પાંચ ટકા ધનવાન હોતા નથી. તેથી મ્હોટે ભાગે અઝાદારો ગરીબ વર્ગના હોય છે. હવે જેઓને ખુદાએ નાણું આપ્યું હોય, તેઓ સ્વભાવિક વ્યાપારી હોવાથી ઇમામના નામપર પોતાના દીનબંધુઓને, મોહર્રમના દિવસે જમાડી, ખુદા સાથે–આખેરતનો ઉત્તમ વેપાર કરે છે. બીજા સંજોગો અને અવસરોપર જમાડવા કરતાં, મોહર્રમના દિવસોમાં ઇમામના નામપર, અને અઝાદારીમાં પોતાના દીનબંધુઓને જમાડી, બેહદ સવાબ મેળવી, એક કાંકરે બે પક્ષી મારવા જેવું કરી બમણો વેપાર કરે છે, એવી ઉમદા અને અમૂલ્ય તક કોઇ પણ ઇમાનદાર જતી કરે નહિ.

જ્યારે કોઇ શેઠયાને પોતાના કોમી બંધુઓને જમાડવાની તક મળે છે, ત્યારે ખુદાએ તેને બક્ષેલી દોલત, અને મરતબાને છાજતી રીતે ખરચ કરી ઉમદા જમણુ આપશે, અને સો બસો રૂપીયાના માટે કદી પણ લોભ કરશે નહિ. વળી ઇમાનદારો, પોતાના ખુદા અને ઇમામના નામપર પોતાની શક્તિ મુજબ પોતાની મનગમતી અને ઉત્તમ પ્રિય વસ્તુ આપી, પોતાની ઇમાનદારી ઝાહેર કરે છે, કેમકે ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે, "લન તનાલુલ બિર્રા, હત્તા તુનફિકુ મિમ્મા તુહિબ્બુન." અર્થ:–તમે હરગીઝ નેકીને (ભલાઇ અથવા સવાબને) નહિ

પહોંચો, જ્યાં સુધી તમારી પ્રિય વસ્તુમાંથી તમે કાંઇ દાનમાં ન ખરચો, તેથી તે મુઅમીન પોતાના ગજા મુજબ અઝાદારીમાં ઉમદા જમણ કરી પોતાના દીનબંધુઓને જમાડે છે તે ખુશહાલીનું જમણ કરેલું કદી પણ નહિ કહી શકાય. વળી મીજલસમાં હાજર રહેલા અઝાદારીની સામે જે ન્યાઝ રાખવામાં આવે છે, તે ન્યાઝે હુસયન અને તબરૂક સમજીનેજ ખાય છે. તેઓ કોઇ કાળે જમાડનારને જઇને કહેતા નથી કે અમોને ફલાણી વસ્તુ જોઇએ છે, તેમજ મીજલસમાં કેવા પ્રકારનું જમણ કરવામાં આવ્યું છે, તે અમુક કાર્યવાહકો શિવાયના ભાગ્યેજ બીજાને ખબર પડે છે.

હવે મુસીબતના વખતે અને અઝાદારીની મીજલસોમાં, એવી સ્વાદિષ્ટ વાણીયો શા માટે પીરસવામાં આવે છે, અને અઝાદારો તે કેમ ખાઇ શકે છે જેથી ખુશહાલીના પ્રસંગ જેવો દેખાવ થાય છે ? તેનો ટુંકમાં જવાબ એ છે કે, અમારા આગાખાની ભાઇઓ જેઓ ઉપર લખ્યા પ્રમાણે અઝાદારોપર આક્ષેપ મૂકે છે, તેઓને પૂછશું કે શું તેઓના કુટુંબીઓના મરણનું ખાવું કરતા નથી ? અને તેમાં પુલાવ, મીઠાઇ વગેરે પીરસવામાં આવતું નથી ? હાલમાંજ માતા સલામત, પ્રિન્સેસ થેરેસા લેડી આગાખાનના અકાળ અવસાનના ગમીના પ્રસંગે, તેઓએ જમણ કર્યું ન હતું ? જે તેઓ કેમ ખાઇ શકયા ? એ સઘળા સવાલોનો જે જવાબ હોઇ શકે, એજ અઝાદારીની મીજલસોમાં અપાતા જમણનો જવાબ સમજવા વિનંતી કર્યે છીયે.

જ્યારે કોઇ નગરશેઠ મરણ પામે છે, ત્યારે તેના વારેસો ઝીયારતનું જમણ કરે છે, અને પોતાની સ્થિતિને છાજતું જમણ કરે છે, તેથી તેઓ ખુશહાલીનો દેખાવ કરે છે, અથવા ખાનારા તે જમણમાં ભાગ લઇ તે નગરશેઠના મરણની ખુશહાલી જાહેર કરે છે એવું કંઇએ નથી.

જેવી રીતે તે નગરશેઠની ઝીયારત (ત્રીજા દિવસની) મીજલસમાં આવી જમણમાં ભાગ લેનારા ભાઇઓથી તે મરહુમના વારેસો ખુશ થાય છે, અને મરહુમ પ્રત્યે તેઓની લાગણી પ્રદર્શિત થયલી માને છે, એજ પ્રમાણે અઝાદારીની

મીજલસમાં ભાગ લેનારાઓથી ઇમામ ખુશ થાય છે, અને તેઓને પોતાના અઝાદાર સમજી તેઓ પર મોહબ્બતની નજર નાંખે છે.

હિંદુસ્તાનમાં એવા હજારો અઝાદારો છે, જેઓ મુહર્રમના બાર દિવસો સૂધી જમીન પર સુવે છે, દુધ વગરની ચા પીએ છે, અને તંબાકુ, પાન વિગેરે તજી દીએ છે. ઘરમાં પકાવતા નથી, મજલીસમાં જે સુકું પાકું ન્યાઝ મળે છે, તે ઉપર સંતોશ માને છે. સર્વ કોઇ ઓછાવત્તા પ્રમાણમાં પોતાની મારેફત–મોહબ્બત અને સમજશક્તિ મુજબ અઝાદારીમાં ભાગ લીએ છે, જેવી રીતે સઘળા મુસલમાનો ઇમામો–મોહબ્બત–અને મારેફતના એકસરખા દરજ્જા ઉપર હોઇ શકતા નથી એજ પ્રમાણે અઝાદારોમાં એકજ પ્રકારના હોઇ શકે નહિ. કોઇ રાત દિવસ ઇબાદત કરે છે, અને ખુદાની મોહબ્બતમાં લીન હોય છે, અને દુન્યાને સાવ તજી દીએ છે, તો કોઇ માત્ર વાજીબાત અદા કરે છે. તેમજ કોઇ ખુદાની મોહબ્બતમાં જાન માલ અને પોતાનું સર્વસ્વ લુંટાવી આપે છે, તો કોઇ થોડી સખાવત કરે છે. જેથી જેઓ થોડી ઇબારત કરે છે, તેઓને એમ કહેવું કે, કાં તો રાત દિવસ ઇબાદત કરો, અને જાન માલ ખુદાના રસ્તે લુંટાવી આપો, અને નહિ તો તમે ઇસ્લામમાં ન રહો. એ બીલકુલ અશકય અને બેવકુફીભરેલું ગણાશે.

નઝર–ન્યાઝ ઉપર ખોટા આક્ષેપો મૂકી, અઝાદારો પર ટીકા કરી, અમારા આગાખાની ભાઇઓ, આડકત્રી રીતે માત્ર અઝાદારી બંધ કરવા માગે છે, પણ ખુદાનું નૂર કોઇ બુજાવી શકતો નથી. નામદાર આગાખાનની માતુશ્રી (માતા સલામત)ના તરફથી હજી સૂધી મોહર્રમના દિવસોમાં ન્યાઝનું જમણ થાય છે, અને તેમાં પુલાવ, કોરમા, કબાબ વગેરે પીરસવામાં આવે છે, જે માત્ર અઝાદારી પ્રત્યેની તેઓની ભલી લાગણીનું કારણ છે, જેને અમારા આગાખાની ભાઇઓ ગમે તે ઉપમા આપી શકે છે.

અઝાદારીમાં પ્રથમ ઉમદા સ્વાદિષ્ટ ન્યાઝો બંધ કરવાનું કેહવામાં આવે છે, તે જો બંધ થાય, તો તે પછી સાધારણ ન્યાઝ ચા, કાફી, બીસ્કીટ વગેરે બંધ પાડવાની કોશીશ ચાલુ થશે, અને ચા, કાફીમાં નુકસાની છે વગેરે અનેક વિચિત્ર

મનઘડીત બાબતો સામે લાવી તે પણ નહિ કરવાની સૂચના થશે, અને એમ કરતાં એકેક બાબતો પર મનગમતી ટીકાઓ કરી, અઝાદારી સાવ બંધ કરવાની કોશીશ થશે. કેમકે વિરોધીઓની નજરમાં બીરયાની પુલાવ નથી, કેમકે તેઓ પોતે રાત દિવસ લાખોના ખરચે, દરેક શુભ અને માઠા પ્રસંગો પર ખુબ દબાવી રહ્યા છે. લોકો બીરયાની દબાવે, કે હરામ ગોસ્ત ખાય, અથવા દારૂ પીએ, તેની તેઓને લેશમાત્ર પરવા નથી. તેઓની આંખોમાં માત્ર હુસયને મઝલુમનું નામ અને તેમની અઝાદારી ખુંચે છે. કેમકે તે થકી દીને ઇસ્લામની તરક્કી થાય છે, અને અઝાદારોની સંખ્યા વધતીજ જાય છે, તેથી અઝાદારી બંધ કરવા માટેજ સદા તેઓની જીવતોડ કોશીશ ચાલુ રહે છે. અમોને આશા છે કે, હુસયને મઝલુમના આશકો દીને ઇસ્લામમાં તરક્કી કરવા અને આઝાદારીને વધુ મજબૂત પાયા પર લાવવા માટે પોતાની હલાલ કમાઇની દોલતનો વધુ ભોગ આપશે, અને દરેક ઠેકાણે વધુ જોરશોરથી અઝાદારી કરી, નઝર ન્યાઝ બનાવી, પોતાના દીનબંધુઓને અને ગરીબોને જમાડવાનો ભારે અઝીમ સવાબ, અઝાદારીમાં પૈસા ખરચ કરવાનો સવાબ, અને દીને ઇસ્લામની તબલીગનો સવાબ હાસીલ કરી, દીન દુન્યાનો બેહદ ફાયદાકારક વેપાર કરશે. અને દુન્યામાં એકના સીતેર, અને આખેરતમાં હમેશ રહેવાવાળી ખુદાની અપાર નેઅમતો મેળવવા કોશીશ કરશે.

જે લોકો ઇમામના નામપર, ખુદાની ખુશીના માટે નઝર ન્યાઝ જેવા ઉત્તમ અને ભારે સવાબના કામમાં પોતાની દોલતનો સદુપયોગ કરતા નથી અને બીજાઓને પણ તેમ કરતા અટકાવી રહ્યા છે, તેઓ બીજી રીતે પોતાની દોલતનો દુરૂપયોગ કર્યા વગર રહેતા નથી, જે તેઓને મુદલ સુજતું નથી. લોકોને દેખાડવા, નામવરી મેળવવા, અને માનચાંદ ખાટી જવા માટે લાખો રૂપીયા, ખુદાના ફરમાનથી વિરૂદ્ધ વર્તી (રીયામાં) ખરચ છે. અને ભારે ગુનાહનાં ગીરફતાર થાય છે, જે અઝાદારીની વિરૂધ્ધતાની એક અણુદીઠ અને ગયબી સજા હોય છે. જેમકે છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અ૦મે

ફરમાવ્યું કે, "જે કોઇની સામે નેકીનું કામ આવે, અને તેમાં તે ખરચ કરી શકતો હોય છતાં ન ખરચે, તો તેની સજામાં, જે રકમ તે નેકી અને સવાબના કામમાં ખરચવાની હતી, તેથી ડબ્બલ રકમ કોઇ ગુનાહના કામમાં ખુદાના ફરમાનથી વિરૂધ્ધ વર્તી ખરચ કરશે, જેની સજા કિયામતના દિવસે તેને થશે."

ન્યાઝ જમણનાં રહસ્યો.

ન્યાઝે હુસયનમાં આપવામાં આવતાં જમણનો સવાબ, ઉપર ખુલાસાવાર લખી ગયા છીયે માત્ર એજ હેતુથી જો ન્યાઝ કરવામાં આવતી હોય, તો પણ તે ઇચ્છવાજોગ અને લાભકારક ગણાશે. છતાં એ શિવાયનાં ન્યાઝમાં જે ઉમદા રહસ્યો સમાયલાં છે, તેમાંથી ટુંક અહીં લખવા માંગીયે છીયે.

જે રકમ અઝાદારી અને ન્યાઝ જમણ પાછળ ખરચાય છે, તે જો બંધ કરવામાં આવે, અને તે રકમ બીજી કોઇ સંસ્થામાં આપવાનું અઝાદારોને કહેવામાં આવે તો એટલી રકમ નજ મેળવી શકાય. જેઓ ઇમામે હુસયનની મોહબ્બતમાં તેમના નામ પર ખરચી રહ્યા છે, તેઓએજ ઉત્સાહથી અને એટલીજ રકમ (જેમાં મ્હોટે ભાગે નઝર અને માનતાની રકમ હોય છે) કોઇ કાળે બીજી રીતે આપશે નહિ. તેથી જો ન્યાઝ બંધ કરવામાં આવે તો દીન બંધુઓને જમાડવાનો, અને ઇમામના નામ પર અઝાદારીમાં પોતાની પ્રિય દોલત ખરચ કરવાનો સવાબ ન્યાઝ કરવા થકી મળે છે, તે પણ નહિ મળે, અને એટલું કારેખયર થાય છે, તે પણ નહિ થાય.

ઇમામની મોહબ્બતના લીધે અઝાદારીમાં ખરચ કરતાં, ઉદાર દીલ થવાય છે. સારા કામમાં ખરચ કરવાની આદત પડે છે, અને હાથ છુટો થાય છે. નઝર ન્યાઝમાં ખરચ કરનારાઓ મસજીદ, મદ્રેસા, ઑરફનેજ, મુસાફરખાનાં વગેરેમાં પણ આપતા રહે છે. શીઆ ઇસ્નાઅશરી કોમ, (હુસયને મઝલુમના અઝાદારો)ની સંખ્યા બીજી

કોમોના મુકાબલામાં ઘણી નાની હોવા છતાં, તેઓની સખાવત, બીજી કોમો કરતાં કોઇ કાળે ઘટે તેમ નથી. બલ્કે સંખ્યાના પ્રમાણમાં તેઓની સખાવતનું પ્રમાણ બીજી કોમો કરતાં મ્હોટું જ જણાશે, તેથી એમ તો નજ કહી શકાય કે, જેઓ ન્યાઝ જમણમાં ખરચ કરે છે, તેઓ બીજા સારા કામમાં આપતાજ નથી, બલકે ન્યાઝ જમણથી અઝાદારીની મહત્વતા ઝાહેર થાય છે. અને મીજલસમાં લોકોની સંખ્યા વધુ હોય છે. (અને ઘણે ભાગે શીઆ કોમ શિવાયના બીજી કોમના મુસલમાનોની પણ હાજરી હોય છે) કેમકે ઘેર જમવા જવાની ચિંતા ન રહેવાથી નાના, મ્હોટા, સ્ત્રી, પુરૂષો સર્વ હાજરી આપી શકે છે, અને એક બે કલાક વધુ રોકાઇ શકે છે. જ્યાં તેઓ મજલીસ પડાતી સાંભળે છે. જેમાં મુલ્લાં મોલવીઓ વાએઝ કરે છે, અને મસજીદ, મદ્રેસા, ઑરફનેજ, મુસાફરખાના વગેરે કોમોપયોગી, દીની અને દુન્યવી સંસ્થાઓ બનાવવાનો સવાબ બ્યાન કરે છે. અને લોકોને આખેરતનો સવાબ પ્રાપ્ત કરવા ઉત્સાહી બનાવે છે. પણ જો ઇમામે હુસયનની અઝાદારીની મજ-લીસો કરવામાં ન આવતી હોય, તો એવા ઉમદા શિક્ષણો, ખુદા અને તેના રસુલનાં ફરમાનો સાંભળવા અને સમજવાનો બીજો મવકો ભાગ્યેજ મળી શકે. કેમકે પોતાના કામ ધંધા મેલી, મુલ્લાં મોલવીઓને ઘેર એવી દીની બાબતો સાંભળવા, અને દીની મસાએલ સમજવાને ભાગ્યેજ કોઇ જઇ શકે. તેમજ ધાર્મિક પુસ્તકો વાંચનારા અને ઉત્સાહ ધરાવનાર ઘણાજ થોડા, સેંકડે પાંચ ટકા પણ હોતા નથી. તેથી જે શિક્ષણ અને લાભ મજલીસથી પહોંચે છે, એ બીજી રીતે ભાગ્યેજ મળી શકે. જેવી રીતે નાના બાળકો માટે ઉસુલેદીન, કુરઆન વગેરેની તાલીમ માટે મદ્રેસાની જરૂર છે, એજ પ્રમાણે મોટી વયના સ્ત્રી અને પુરૂષોના માટે દીન દુન્યવી તાલીમ આપતી સંસ્થા, અને ખુદા, તેના રસુલ ઇમામો, અને કિયામતના હિસાબ યાદ અપાવતી મજલીસો અને લાયક શેહરી બનાવવા માટેની બેઠકોની જરૂર છે, જે તમામ બાબતો એકજ અઝા-દારીની મજલીસો થકી પ્રાપ્ત થઇ શકે છે. તેથી સ્પષ્ટ થાય

છે કે, અઝાદારીની બેઠકો, નાના, મ્હોટા, ગરીબો, તવંગરો, સ્ત્રી, પુરૂષો, સારા નરસાં, દરેકને દીની દુન્યવી, જરૂરીયાત શિક્ષણો આપવા માટે ઉપયોગી સંસ્થા અથવા મદ્રેસા છે. જેવી રીતે નાના બાળકોના મદ્રેસા પાછળ ખરચાયલી રકમો વ્યર્થ નથી ગણાતી, એજ પ્રમાણે એ ઉપયોગી સંસ્થા અથવા મદ્રેસા (મીજલસની બેઠકો) પાછળ ખરચાતી રકમો કદી પણ વ્યર્થ અથવા ઇસરાફ કહી શકાય નહિ.

ગરીબ દીનબંધુઓ સાથે એકજ બેઠકમાં બેસવું, તેઓની સાથે ભળી જવું, અને એકજ થાળમાં જમવું, એ ધનવાન પુરૂષો માટે જરૂરી, અને ઉત્તમમાં ઉત્તમ ખસલત ગણાય છે, અને ઇસ્લામી શરીઅતમાં, મગરૂરી તજી તે પ્રમાણે વર્તવા ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે. ધનવાનો માટે, પોતાના ગરીબ દીનબંધુઓને પોતાને ઘેર તેડી જમાડવાનો પ્રસંગ ભાગ્યેજ આવતો હશે. જેથી અઝાદારીની મીજલીસોમાં ન્યાઝ જમણ કરવાથી ધનવાનોને, અહંકાર તજી દેવા, અને ગરીબ દીનબંધુઓ સાથે ભળી જઇ, એકજ થાળમાં બેસીને જમવાની ઉમદા તક હાથ આવે છે. એક ધનવાન અઝાદાર, ઇમામના નામ પર મજલીસમાં ન્યાઝનું ઉમદા જમણ કરે છે, અને પોતાના દીનબંધુઓને જમાડે છે, જેમાં મ્હોટે ભાગે ગરીબ વર્ગના બીરાદરો હોય છે. તેથી તે ન્યાઝ કરનાર તવંગર હોવા છતાં, પોતે દેખરેખ રાખતો ઉભો રહે છે, તેથી તેનામાં મગરૂરીનો જરા પણ અંશ રહેતો નથી. તે સાથે પોતાના ગરીબ દીનબંધુઓને જમાડવાનો, અહંકાર તજી દેવાનો ભારે સવાબ મેળવવા ભાગ્યશાળી થાય છે.

ગરીબ સ્થિતિના લીધે, જેને મહીને બે મહીને પણ ચાવલ ગોશ્ત, કે મીઠાઇની વાસ પણ નસીબ થતી ન હોય તે તેને ન્યાઝના જમણમાં મળે છે, તેથી તેને સંતોષ ઉપજે છે, અને ખુદાના શુકર કરી, ન્યાઝના બાનીને દુઆ આપે છે. જેથી ખુદા રાજી થાય છે, અને ન્યાઝ કરનારને તેનો અઝીમ સવાબ મળે છે.

કેટલાક મુસલમાન ભાઇઓની સ્થિતિ એવી કંગાળ હોય છે કે, તેઓને બબે દિવસ સૂધી પેટ પુરતું ખાવાનું મળતું નથી, પણ મજીલીસમાં બીજા પ્રસંગોની માફક રોકટોક ન હોવાથી, તેમાં થતાં ન્યાઝ જમણથી એવા ગરીબોનું પેટ ભરાય છે. જો આખી મીજલસમાં ફક્ત એવા એકજ ગરીબનું પેટ ભરાય. તો ન્યાઝ કરનારને કેટલો અઝીમ.સવાબ મળે છે, તે આ પ્રકરણની શરૂઆતમાં, કુરઆનની આયતો અને હદીસો વડે સ્પષ્ટ કરી આપેલ છે, જે ફરીવાર લખવાની જરૂર નથી.

ગરીબ અને તવંગર સાથે બેસીને એક થાળમાં જમવાથી, અરસપરસ મોહબ્બતમાં વધારો થાય છે અને જે કોમમાં સલાહ સંપનો પાયો પડે છે તે તરક્કી ઉપર આવે છે, જેના માટે ઇમામે હુસયનની અઝાદારી અને ન્યાઝ-જમણ એક ઉમદા કારણ છે.

એહલેબયતના દોસ્તદારો, હુસયને મઝલુમના અઝાદારો ઇમાન અને મોહબ્બત રાખવાનો દાવો કરે છે, તેઓની સચ્ચાઇ માટે કસોટીની જરૂર છે. એમ તો સર્વ કોઇ દાવો કરી શકે છે, પણ ખરેખરા તેઓ પોતાની દરેક પ્રિય વસ્તુ (જાન-માલ-અવલાદ) કરતાં પોતાના ઇમામ અને એહલેબયતે રસુલને વધુ પ્રિય ગણે છે કે નહિ, તે માટે તેઓની પરીક્ષા, નઝર ન્યાઝમાં પોતાની પ્રિય દોલત ખરચવાથી થાય છે. પૈસા દરેકને પ્રિય હોય છે, તે જો છુટથી પોતાના ઇમામના નામ પર, અને ખુદાની ખુશી માટે, ખરચી શકતો હોય એજ એહલેબયતની મોહબ્બતનો દાવો કરી શકે છે. જેથી સિધ્ધ થાય છે કે અઝાદારી પાછળ ખરચ કરનારા એહલેબયતના ખરા મુહીબ અને દોસ્તદારો છે, અને જેઓ એહલેબયતે રસુલના નામ પર પુટી બદામ પણ આપતા નથી, તેઓ મોહબ્બતનો દાવો કરી શકતા નથી.

"મોહબ્બત હો, યઝીદ્દા મોઆવીયા, વ મરવાન કે ઘરસે,
"તો કયા મતલબ, નબી-વ-ફાતેમા, હસનેન વ હયદરસે,"

પ્રકરણ દસમું.

કરબલાની માટ્ટી (ખાકે શફા) ની તસબીહ અને મોહોર.

કિતાબ બહારૂલ અનવારમાં પાંચમા અને છઠ્ઠા ઇમામ અ૰ થી એક હદીસ નકલ કરે છે કે ખુદાવંદે કરીમે શહાદતના બદલામાં ચાર બાબતો દુન્યામાં ઇમામે હુસયનને આપેલ છે. (૧) તેમની અવલાદમાં નવ બુઝર્ગવારોને ઇમામતની પદ્વિ મળી. (૨) કરબલાની પવિત્ર માટીમાં દરેક બીમારી માટે શફાની અસર રાખી. (૩) કરબલામાં હઝરતની કબર આગળ દુઆ માંગવાથી હાજત પુરી થવી અને (૪) જે કોઇ મુઅમીન કરબલાની ઝીયારત માટે જાય તો ઝીયારતની મુસાફરીના દિવસો તેની જીંદગીના દિવસોમાં ગણવામાં આવતા નથી એટલે તેની જીંદગીના દિવસોમાંથી બાદ થતા નથી.

ઉપલી હદીસથી સાબીત થાય છે કે ઝમીને કરબલાની માટીમાં ઇમામની શહાદતના લીધે ખુદાએ ખાસ એ તાસીર દાખલ કરી જે દરેક બીમારી માટે દવાની ગરજ સારે છે એ શિવાય કરબલાની પવિત્ર ઝમીન અને માટીની ફઝીલતમાં ઘણી હદીસો પયગંબર સ૰ અને ઇમામોએ બયાન ફરમાવેલ છે. અહીં અમો નમાઝ વીગેરે ઇબાદતોમાં શીઆ લોકો મોહોર તથા તસબીહ રાખે છે તે ઉપર જે એઅતેરાઝ કરવામાં આવે છે કે તે બીદઅત અગર શીર્ક છે તેનો ખુલાસાવાર જવાબ આપવા માંગીએ છીએ.

જલયાનવાળા બાગમાં માર્યા ગયલા હિંદીઓની યાદગીરી જાળવવા ખાતર તે જગો મોંઘી કીંમતે ખરીદ કરવામાં આવી, અને ત્યાંની માટીને પવિત્ર વસ્તુ સમજી હજારો રૂપીયા રાજી-ખુશીથી આપી, પરદેશથી લોકો મંગાવી રહ્યા છે, તે પ્રત્યે કોઇ પણ માણસે પોતાની વિરૂધ્ધતા દર્શાવવાની કોશીશ કરી

નથી, અને તે ધર્મ વિરૂધ્ધ અગર બીદઅત તરીકે કોઇએ જણાવ્યું નથી. છતાં કરબલા જેવી પવિત્ર જમીનની માટીના બારામાં પ્રકાર પ્રકારના એઅતેરાઝો કરી હુસયને મઝલુમની શહાદતના ભયંકર બનાવને ઉતારી પાડવાની કોશીશ થાય છે એ માત્ર હુસયને મઝલુમની જાહેર દુશમની શિવાય બીજું કંઇ નથી.

જગતના આરંભથી તમામ કોમોમાં એ રિવાજ ચાલુ છે કે જ્યારે કોઇ જાણુવાજોગ અને હેરત પમાડનાર બનાવ બને છે, અથવા કોઇ એવો પુરૂષ જે બેમીસલ ખાસ ગુણોવાળો હોય છે તે અમુક જગોએ દેહ છોડે છે, તો તેની યાદગીરી જાળવવામાં આવે છે કે જેથી તે માણસનું નામ ચરિત્ર અને અહવાલ દુન્યાની સપાટી ઉપર જળવાઇ રહે જેથી તે વિસરાઇ ન જાય.

ઇમામે હુસયન અ૦ની શહાદતનો દુઃખદાયક અને ગંભીર બનાવ અને એ બુઝુર્ગવારની યાદગીરી દુન્યાની સપાટી ઉપર કીયામતના દહાડા સૂધી કાયમ રાખવા માટે, ખુદાએ અનેક અસબાબ બનાવ્યા કે જેથી તે મઝલુમની યાદગીરી એવી રીતે જળવાઇ રહી છે કે જેની મીસાલ બીજા કોઇ શહીદના માટે જોવામાં આવતી નથી. એ અસબાબો પૈકી એક ઝમીને કરબલાની પાક માટી છે, જેમાં ખુદાએ દરેક બીમારી માટે શફાનો ગુણ રાખી તેની ફઝીલત જાહેર કરી આપી છે અને તે માટીમાંથી મોહોર અને તસબીહ બનાવી, હુસયનના અઝાદારો હંમેશા પોતાની સાથે રાખી દરેક બંદગીના વખતે પોતાના મઝલુમ ઇમામને યાદ કરી રહ્યા છે.

મોહોર—સીજદેગાહ.

કરબલાની માટીમાંથી મોહોર બનાવી નમાઝમાં સીજદો કરતી વેળા કપાળ તેના ઉપર રાખવામાં આવે છે. તેથી ખુદાની ઇબારતમાં શિર્ક અગર બીદઅત જેવું કંઇ પણ નથી કેમકે નમાઝમાં સીજદાની હાલતમાં કપાલને માટી ઉપર (જમીન ઉપર) રાખવાનો હુકમ છે અને તે હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે તે વખતે એક અશક્ત અને તકસીરવાર

બંદો પોતાના સર્વ શક્તિમાન પેદા કરનાર અલ્લાહની સામે આજીઝીથી માથું નમાવે છે તેથી છેલ્લી હદની આજીઝી દેખાડવા માટે પોતાનું માથું માટી ઉપર રાખી દેય છે. તે વખતે તેને ખીયાલ ઉત્પન્ન થાય છે કે તે પોતે માટીમાંથી સરજાયલો અને છેવટે માટીમાંજ ભળી જવાનો છે જેથી તેની તકબ્બુરાઇ અને ગર્વનો નાશ કરવા માટે સર્વથી સરસ રસ્તો થાય છે.

નમાઝમાં માટી શિવાય ઝાડનાં પાંદડાં અગર તેની છાલમાંથી વણુવામાં આવેલી ચટાઇ અને (ખાવા પહેરવાની ચીજો શિવાયની) પાક ચીજો ઉપર સીજદો થઇ શકે છે જે નમાઝના મસાએલની કીતાબમાં ખુલાસાવાર લખાએલ છે પણ સૌથી શ્રેષ્ટ અને ઉત્તમ વસ્તુ સીજદો કરવા માટે જમીન અગર માટી છે તે વિષેની કેટલીક હદીસો લખીએ છીયે.

અબી સઇદ બયાન કરે છે કે હ૦ રસુલ સ૦ને માટી ઉપર સીજદો કરતાં મેં જોયા એટલે સૂધી કે માટીની નીશાની તેમના કપાલ ઉપર હું જોઇ શકતો હતો.

(સહીહ બુખારી.)

બીબી ઉમ્મે સલમાં બયાન કરે છે કે હ૦ રસુલેખુદા સ૦ મે રબાહને ફરમાવતા હતા "ઓ રબાહ, સીજદાની હાલતમાં મોઢું માટી ઉપર રાખો."

ઉપલી હદીસોથી સાબીત થાય છે કે હ૦ રસુલ માટી ઉપર સીજદો કરતા હતા અને તે મુજબ વર્તવા માટે બીજાઓને હુકમ આપતા હતા. જ્યારે આફ્રીકા હિંદુસ્તાનની પાક માટી ઉપર સીજદો થઇ શકે છે તો કરબલાની માટી ઉપર સીજદો કરવામાં બીદઅત અગર શિર્કનો સવાલ બાકી રહેતો નથી. હવે જેઓના દીલમાં એહલેબયતે રસુલની મોહબ્બત હશે તે જરૂર પોતાના મઝલુમ પવિત્ર ઇમામની યાદગીરી પોતાના દીલમાં સદા જાળવવા ખાતર કરબલાની માટી મંગાવી તે ઉપર સીજદો કરશે. કેમકે માટી ઉપર સીજદો કરવાનો હુકમ છે તે સાથે ઇમામ હુસયન પ્રત્યેની મોહબ્બતમાં દુન્યાની કોઇ પણ જગો કરતાં કરબલાની જમીનને વધુ શ્રેષ્ટ ગણે

છે. એટલુંજ નહિ પણ કરબલાની માટી ઉપર સીજદો કરવામાં ઇમામ હુસયન અ૦ પછીના નવ ઇમામોનું અનુકરણ કરી પોતાની ઇમાનદારીમાં વધારો કરે છે.

ઇમામ જઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું છે કે જે કોઇ મુઅમીન કરબલાની માટી ઉપર સીજદો કરશે, તો સાતમા ઝમીન સુધી તેની પેશાનીનું નૂર પહોંચશે, અને તેની નમાઝનો સવાબ તેને સીતેર ગણો મળશે.

ઇમામે હુસયન અ૦ની શહાદત, માત્ર દીને ખુદાને જેમાં નમાઝ પણ સાથે છે તે કીયામત સુધી બાકી રાખવા માટે થઇ છે જેથી દરેક ઇબાદતમાં તેઓની યાદગીરી સમાયલીજ હોય છે. અને કોઇને વ્હેમ ન જાય કે નમાઝ જેવી ઇબાદતમાં ઇમામે હુસયનની યાદગીરી શામીલ હોવાના કારણે તેમની પણ ઇબાદત થાય છે, પણ તેવું કંઇએ નથી. નમાઝ તેમજ બીજી ઇબાદતોથી માત્ર ખુદાની બંદગી થાય છે પણ તેમાં પયગંબર અને તેમની આલ જેમાં ઇમામે હુસયન અ૦ પણ છે તેઓની યાદગીરી શામીલ કરવાને (કરબલાની માટી ઉપર સીજદો કરવા ઉપરાંત) ખુદાનો ખાસ હુકમ તમામ નમાઝીઓને થએલ છે કે, નમાઝમાં પયગંબર અને તેના આલ ઉપર દુરૂદ મોકલો, જે કોઇ નમાઝમાં તેઓ બુઝરગવારો ઉપર દરૂદ નહિ મોકલે તેઓની નમાઝ બાતલ છે.

એહલે સુન્નતના શાફઇ ઇમામ કહે છેઃ—

"યા અહલુ બયતિ રસુલુલ્લાહ હુબ્બહુકુમ-
ફરઝુન મિનલ્લાહિ ફિલ કુરઆન અનઝલહુ
"કફાકુમ મીન અઝીમિલ કદ્ર અન્નકુમ-
મન લમ યુસલ્લિ અલયકુમ લાસલે તલહુ."

તરજુમોઃ—અય એહલેબયતે રસુલે ખુદા, તમારી મોહબ્બત ખુદાના કલામ કુરઆન મુજબ વાજીબ છે. તમારી બુઝુર્ગી માટે એટલુંજ બસ છે કે જે કોઇ નમાઝમાં તમારા પર દુરૂદ ન મોકલે તો તેની નમાઝ બાતીલ (નકામી) છે.

નમાઝ અસલ તૌહીદને કાયમ રાખવા માટે એક કાનુન છે તેમાં ખાસ આ બીનાની અગત્યતા જોવામાં આવી કે નમાઝ

કેવી રીતે ફેલાવવામાં આવી અને અનેક સંકટો વેઠી જેઓએ નમાઝનું શિક્ષણ જગતના લોકોને પહોંચાડયું અને એકજ સાચા ખુદાને માનતા શીખવ્યા તેની નોંધ જળવાઇ રહે, તે માટે ખુદાએ ચાહ્યું કે તે બુઝર્ગવારોનું નામ પણ નમાઝમાં લેવામાં આવે જેવી રીતે કલેમએ તવહીદમાં લાઇલાહા ઇલ્લલ્લાહ સાથે મુહમ્મદુન રસુલુલ્લાહ સ૦ બોલવામાં આવે છે જેથી સ્પષ્ટ રીતે દેખાઇ આવે કે ઇસ્લામના સ્થાપકના ખરા વારેસો અને ખરા હાદી માત્ર તેઓજ આલે રસુલ છે.

નમાઝ ટાણે કરબલાની માટીનો ઉપયોગ કરી બેમીસાલ યાદગીરી જાળવવાની રીત દેખાડનાર અને પહેલ કરનાર મઝલુમે કરબલાના ફરઝંદ ઇમામે ઝયનુલ આબેદીન હતા, જેઓ પોતાના મઝલુમ શહીદ પિતાના ગમમાં ચાલીસ વર્ષ સૂધી રડતા રહ્યા. ખાતાં પીતાં દરેક હાલતમાં પોતાના ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા શહીદોને યાદ ફરમાવતા હતા. તેમણે પોતાના પિતાની શહાદત બાદ પોતાની જીંદગીના દિવસો ખુદાની ઇબાદતમાં અને રડવામાં પસાર કર્યા. તેમની નમાઝ અને ઇબાદત બેમીસાલ હતી, તેથી સય્યદુસ્સાજે દીન (સીજદો કરનારાના સરદાર) અને ઝયનુલ આબેદીન (આબીદોમાંના શ્રેષ્ટ)ના નામથી ઓળખાવવા લાગ્યા. તેઓ કરબલાથી પોતાના પવિત્ર પિતાની કબરની માટી પોતાની સાથે લાવ્યા હતા અને તે ઉપર સીજદો કરતા હતા. તે પછી તેમના શીઆઓ અને દોસ્તો તેમનું અનુકરણ કરી કરબલાની માટી ઉપર સીજદો કરવા લાગ્યા.

આહ ! હુસયને મઝલુમની શહાદતની શું અસર છે અને ઇમામ ઝયનુલ આબેદીન અ૦મે પોતાના મઝલુમ પિતાની કેવી હેરત પમાડનાર યાદગીરીની રીત દેખાડી ગયા છે કે જ્યાં સૂધી દુન્યાની સપાટી ઉપર એક મુસલમાન નમાઝ પડનાર બાકી હશે ત્યાં સૂધી મઝલુમે કરબલાની યાદગીરી બાકી રહેશે.

કરબલાની ઝમીન બેહીશતનો ટુકડો છે અને તેની ફઝીલત બેશુમાર છે. અહીં એક હિકાયત લખી તે પછી તસબીહની ખુબીનું વર્ણન કરીશું.

ઈસફહાનમાં ફરંગસ્તાન (યુરોપના) બાદશાહનો એક એલચી આવ્યો જે કાબીલ અને ઇલ્મે નજુમીથી પણ વાકેફ હતો. એક વખતે અજમના બાદશાહે પોતાની કચેરીમાં ઈસ્લામ મઝહબના આલીમોને બોલાવ્યા અને તે નસારા આલીમ સાથે ધાર્મિક વાદવીવાદ કરવાને હુકમ આપ્યો. જ્યારે કચેરીમાં સઘળા આલીમો ભેગા થયા તો કાશાનના એક આલીમે તે નસરાનીને કહ્યું કે, અફસોસની વાત છે કે તારા જેવો ભણેલ હુશ્યાર અને તમામ ઇલમોથી વાકેફ હોવા છતાં ઇસ્લામ મઝહબથી છેટે રહે ? આ વિચીત્ર પ્રકારના સવાલથી તે નસરાની આલમ ઘણો અચરત પામીને બોલ્યો કે, રીતસર વાદવિવાદ ન કરતાં આવો આડો સવાલ લાવવાનું તમોએ શા માટે પસંદ કર્યું ? જો રીતસર વાદવિવાદ કરવાનો ઇરાદો હોય તો મને સવાલ પુછો અને જવાબ ન આપતાં હું ચુપ રહું તો મારી હાર થયલી સમજીશ.

આ સાંભળી તે કાશાનના આલીમે ખીસામાં હાથ નાખી કોઇ વસ્તુ બાહેર કાઢી પોતાની મુઠ્ઠીમાં સંતાડીને તે નસરાની આલમને કહ્યું કે બતાવ મારા હાથમાં કઇ ચીજ છે ?

નસરાની આલમ ઇલ્મે નજુમથી તપાસ કરવા મંડી પડયો અને થોડીવારમાં તેના ચેહરાનો રંગ ફીકો પડી ગયો. તેને વિચારમાં જોઇ કાશાનના આલીમે કહ્યું, કેમ વિચારમાં પડયા છો કબૂલ કરી લ્યો કે તમારો સઘળો દાવો ખોટો હતો.

તેણે જવાબ આપ્યો કે તમારૂં ધારવું ખરૂં નથી, હું ઇલ્મે નુજુમથી તમારા હાથમાંની વસ્તુ જાણી શકયો છું, પણ મને અચરત એ ઉપજે છે કે તે વસ્તુ તમારા હાથમાં કેમ કરતાં અને કયાંથી આવી. જુઓ તમારા હાથમાં જન્નતની માટી છે પણ હું હયરાન છું કે તે કેમ કરતાં તમોને મળી.

તેજ વખતે તે આલીમે પોતાની મુઠ્ઠી ઉઘાડીને કહ્યું, જુઓ, આ કરબલાની માટી છે અને અમારા પયગંબરે ફરમાવ્યું છે કે, કરબલાની જમીન બેહીશતનો એક ટુકડો છે, તેથી તારો જવાબ ખરો છે પણ તે કયાંથી મારા હાથમાં આવી–તે કુફરના પરદાના લીધે જાણી શકયો નહિ. આ સાંભળી તે

નસરાની આલમે કહ્યું બેશક તમો દીને હક ઉપર છો એમ કહીને એજ વખતે બાદશાહની હજુરમાં તે મુસલમાન થયો.

"તસબીહ."

જેવી રીતે કરબલાની માટી (ખાકે શફા)માંથી મોહોર (સીજદેગાહ) બનાવવામાં આવે છે એજ મુજબ તસબીહ (માળા) બનાવી, અલ્લાહના અનુપમ પવિત્ર નામોનું રટણ કરવા માટે હાથમાં રાખી તેના મણુકા ફેરવવામાં આવે છે.

દરેક મઝહબમાં ધાર્મિક ક્રિયાઓ બજાવી લાવવા માટે માળા (તસબીહ)નો ઉપયોગ કરવામાં આવે છે, અને અમુક ગણત્રીની સંખ્યાથી અમુક શબ્દોનું રટણ કરવામાં આવે છે. મુસલમાનો પોતાની દૈનિક પાંચ વખતની નમાઝ ટાણે, તસબીહ હાથમાં લઇ અલ્લાહના પવિત્ર નામો લેતાં તે ફેરવે છે. મુસલમાનો તસબીહ પ્રકાર પ્રકારની ખનીજ પદાર્થમાંથી અગર સુગંધી લાકડાંમાંથી નાની મોટી સાઇઝના ગોળચંદ્ર આકાર જેવા દાણા બનાવી દોરીમાં પરોવે છે, પણ તેઓમાંથી ફકત શીઆ લોકો કરબલાની માટીની તસબીહ બનાવી તેનો ઉપયોગ કરે છે, અને તેમ કરતાં તેઓ ખુદાના પવિત્ર નામોનું રટણ કરવા સાથે ઇમામે હુસયન પ્રત્યેની તેઓની અપાર મોહબ્બત દેખાડી તેમની યાદગીરી જાળવી રહ્યા છે.

ઉપર જણાવ્યા મુજબ તસબીહનો ઉપયોગ કરવાની શરૂઆત પવિત્ર પયગંબર હ૦ રસુલ સ૦ની બેટી જનાબે ફાતેમા ઝોહરા અ૦મે કરી છે તે વિષે ઇસ્લામી તવારીખમાં લખાયલું છે કે, એકવાર હ૦ ફાતેમા અ૦મે પોતાના પિતા હ૦ રસુલ સ૦ પાસેથી ઘરના કામકાજમાં સ્હાય થવા માટે એક કનીઝ (ચાકરડી)ની માંગણી કરી. તેના જવાબમાં હઝરતે ફરમાવ્યું, મારી વ્હાલી બેટી, હું તને એક એવી ઉત્તમ વસ્તુ દેખાડું જે કનીઝના સુખ કરતાં ઘણે દરજે વિશેષ રાહત આપનાર અને લાભકારક છે. જો તમે દરેક નમાઝ અદા કર્યા બાદ, ૩૪ વખત અલ્લાહો અકબર, ૩૩ વખત અલહમ્દુલીલ્લાહ અને ૩૩ વખત સુબ્હાનલ્લાહની તસબીહ કાઢતા રહો, તો તમારા

માટે ઉત્તમમાં ઉત્તમ અમલ છે. જનાબે ફાતેમા આ અનુપમ ભેટથી ઘણાં ખુશી થયાં અને પોતાના પવિત્ર પિતાના ફરમાનુસાર દરેક નમાઝ ખતમ થયા બાદ ઉપર મુજબ તસબીહ કાઢવાનો અમલ ચાલુ કર્યો.

પ્રથમ એક કાળી વણેલી દોરી લઇ એકસોહ ગાંઠ વાળી ઉપર મુજબ ખુદાના પાક નામોની તસબીહ કાઢતા હતા, પણ તે પછી જ્યારે તેમના કાકા હ૦ હમઝા શહીદ થયા ત્યારે તેમની કબરની માટી મંગાવી તેના મણકા બનાવી એક દોરીમાં પરોવી તેનો ઉપયોગ કરવા લાગ્યા.

ઇમામે હુસયન અ૦ની શહાદત બાદ તેમના ફરઝંદ ઇમામે ઝયનુલ આબેદીન અ૦મે કરબલાની માટીની તસબીહ બનાવી, તેથી આજદીન સુધી તેમના શીઆઓ કરબલાની માટીની તસબીહનો ઉપયોગ કરતા રહ્યા. ખાકે શીફાની તસબીહ અથવા મોહોરનો ઉપયોગ કરવાથી હુસયને મઝલુમની યાદ સદા તાજી રહે છે અને તેમની મઝલુમી યાદ આવવાથી મુઅમીનોનાં દીલ ઉદાસ થાય છે જે ઉમદામાં ઉમદા ઇબાદત હોવાથી ખુદાને વધુ પસંદ છે. તેથીજ દુશમનો અને વિરોધીઓ એવી યાદગીરીઓ બંધ કરવા માટે બીદઅત વીગેરે કહીને ગમે તેટલી કોશીશ કરી રહ્યા છે છતાં દીન બદીન તેમાં વધારો થતો રહે છે અને ખુદાના તરફથી તેની મહત્વતા ઝાહેર થતી રહે છે. બીજી સાધારણ માટી કરતાં કરબલાની માટી શ્રેષ્ઠ અને પવિત્ર છે તે દેખાડી આપવા માટે અને તે માટીમાં હુસયને મઝલુમની લોહીની અસર બાકી રહી છે એ સ્પષ્ટ કરવા માટે ખુદાની કુદરત અને ઇમામે હુસયનના મોઅજીઝા એ માટીના બાબમાં ઝાહેર થતા રહે છે. આવા મોઅજીઝા દીને ઇસ્લામની સચ્ચાઇ અને પયગંબરની નોબુવ્વત હક હોવાની ઘણી મજબૂત દલીલ છે.

કરબલાની માટીને જે મરતબો ખુદાએ આપ્યો છે તે ઇમામ હુસયનના સબબથી છે. આશુરાના દિવસે રાતા થઇ જવાનો મોઅજીઝો ઇમામે હુસયન શહીદ થયા તે દિવસથી ચાલુ થએલ છે. જેમકે હ૦ રસુલે ખુદા સ૦ પોતાની બીબી

ઉમ્મે સલમાને એક શીશીમાં કરબલાની માટી આપીને ફરમાવ્યું કે, આ કરબલાની માટી હ૦ જીબ્રઇલ લાવ્યા છે. તમો તમારી પાસે રાખો. જ્યારે એ ખાક તાજું લોહી બની જાય ત્યારે સમજવું કે મારા ફરઝંદ હુસયન શહીદ થઇ ગયા. બીબી ઉમ્મે સલમા બયાન કરે છે કે મદીનાથી રવાના થતી વખતે ઇમામે હુસયન અ૦મે બીજી એક શીશી કરબલાની માટી આપીને મને ફરમાવ્યું કે, આ શીશી તમો રાખો જ્યારે તેમાંની માટી રાતી થઇ જાએ ને તેમાંથી લોહી ટપકે ત્યારે સમજવું કે હું શહીદ થઇ ગયો છું. ઇમામના રવાના થયા પછી હંમેશા હું તે બન્ને શીશીઓને બરાબર જોતી રહી. એક દિવસે મેં જોયું કે તે બન્ને શીશીઓમાંની માટી એકદમ રાતી થઇ ગઇ છે અને તેમાંથી લોહીનાં ટીપાં દેખાવા લાગ્યાં. તે વખતે મને ખાત્રી થઇ ગઇ કે પયગંબરના નવાસા શહીદ થઇ ગયા, તેથી હું ઘણી રડી અને મદીનાની ઓરતોને પણ તેમની શહાદતની ખબર આપી. ઇમામે હુસયનની શહાદતની ખબર મદીનામાં પહોંચી કે મોહર્રમની દસમી તારીખ આશુરાના દહાડે શહીદ થયા તે બરાબર એજ દિવસ હતો કે જે દિવસે મેં તે શીશી-ઓમાંની માટી રાતી થયલી જોઇ હતી.

હિંદુસ્તાનમાં કરબલાની માટીની એવી તસબીહો છે કે જે આજ દીન સૂધી દર વર્ષે આશુરાના દહાડે રાતી થઇ જાય છે. હવે કોઇ એમ કહે કે, કરબલામાં જ્યાંથી એ માટી લાવવામાં આવે છે ત્યાંની માટી અગર તસબીહ રાતી થતી નથી– અથવા હિંદુસ્તાનમાં અસંખ્ય મોહોર તસબીહો છે તે રાતી થતી નથી પણ અમુક તસબીહ રાતી થઇ જવાનું શું કારણ છે? તો તેનો જવાબ એ છે કે કરબલાની કુલ માટી જ્યાં પણ હોય ત્યાં રાતી થઇ જવાની જરૂરત નથી. જો તેમજ થાય તો આશુરાના દિવસે આખી કરબલાની ઝમીન રાતી થઇ જાય. તેમાંથી લોહી ઝાહેર થતાં ત્યાંના લોકોની હાલત ઘણી ગંભીર થઇ જાય અને તેનો દેખાવ મોઅજીઝા કરતાં બીજું રૂપ પકડે. એજ મુજબ આફ્રિકા, હિંદુસ્તાન, યૂરોપ વીગેરે દેશોમાં જેટલી તસબીહ મોહોર હોય એ કુલ રાતી થઇ જાય તો તે મુઅજીઝો

ન ગણાતાં તે માટીની સાધારણ ખાસીયત તરીકે ગણી તે પ્રત્યે લોકો બેદરકાર રહે, અથવા તો તમામ દુન્યાના લોકો ઉપર ખુદાની એવી હુજ્જત સાબીત થાય કે કાં તો લોકો ડરના મારે મુસલમાન થાય અને જો ઇમાન ન લાવે તો તેઓ તાત્કાળિક અઝાબના લાયક થાય. ખુદા કુરઆનમાં ફરમાવે છે, "લા ઇકરાહ ફીદ્દીન" દીનના કામમાં જબરદસ્તી નથી. પોતાની મખલુકાતને ખુદાએ અક્કલ આપી છે અને સારી નરસી બાબતો સમજાવવા માટે પયગંબરો આસમાની સહીફા નાઝીલ કર્યા અને પોતાની મસલેહત મુજબ તે પયગંબરોની સચ્ચાઇ સાબેત કરવા માટે તેઓને મોઅજીઝા દેખાડવાની શક્તિ આપી છે. એજ મુજબ હ૦ રસુલે ખુદા સ૦ની નોબુવ્વત અને ઇમામે હુસયનની ઇમામતની સચ્ચાઇ ઝાહેર કરવા માટે ઘણા મોઅજીઝા ઝાહેર થતા રહ્યા, તેમાંથી ઇમામે હુસયનનો એક મોઅજીઝો એ છે કે, જે કરબલાની માટી રાતી થઇ જાય છે. કરબલા વીગેરે સ્થળો કરતાં, અઝાદારીના વિરોધીઓ હિંદુસ્તાનમાં વધુ હોવાથી, હિંદુસ્તાનમાં દર વર્ષે મોહર્રમના દિવસોમાં આવા મોઅજીઝા ઝાહેર થાય છે. આવા અનેક મોઅજીઝા અને કરામતો જોઇને પરધર્મિઓ પણ હુસયને મઝલુમના આશકો બની અઝાદારીમાં શામેલ થાય છે અને તાબુત ઝુલજનાહ વીગેરે કાઢે છે, જેનું બયાન આ કીતાબમાં જુદા જુદા મવકા ઉપર કરવામાં આવેલ છે.

સને ૧૩૩૦ હીજરીના ઇસ્ના અશરી પેપરમાં જનાબ સયદ કરમ નવાઝ ઇન્સપેકટર, થાણા બુડલાણા, જીલ્લો પટયાલા સ્ટેટથી લખે છે કે, પટયાલા જીલ્લાનું ગામ સામાના શહેરમાં મીર જાફર હુસેનને ત્યાં ખાકે શીફાની તસબીહ છે, તેના બાર તેર પારાહ (દાણા) આશુરાના દીવસે રાતા થઇ જાય છે અને સય્યદ મહમદઅલીને ત્યાં એક તસબીહ છે તેના આઠ પારા રાતા થઇ જાય છે. આ બંને સાહેબો શીઆ મઝહબના છે અને ત્રીજી તસબીહ સુન્નત જમાતના અબદુલ કરીમ નામના હજામ પાસે છે. તે વિષે તેનું કહેવું છે કે હું જ્યારથી સમજુ થયો ત્યારથી મને ફકીરોની ખીદમતનો શોક હતો. પંદર વર્ષ પહેલાં હું અજમેર શરીફ ગયો હતો ત્યાં સાંભળ્યું કે, તારા-

ગઢના પહાડ ઉપર જે અજમેરથી બે ગાઉ છેટે છે ત્યાં એક ફકીર રહે છે. તેથી હું તેને મળવા ગયો. તે એક ઝઇફ બુઢો ઘણી લાંબી ઉમરનો ફકીર હતો. પ્રથમ મને જોઇને ચાલ્યા જવાનો ઇશારો કર્યો, પણ હું ત્યાંથી ખસ્યો નહિ અને તે પછી કેટલાક મહીના સૂધી ત્યાં રહી તેની ખીદમત કરતો રહ્યો. એક દિવસે તેણે મને સુકી રોટલીના થોડા ટુકડા આપ્યા, જે કપડામાં બાંધીને હું મારે ઉતારે લઇ ગયો. ત્યાં પોટલી ખોલીને જોયું તો રોટલીના ટુકડાને બદલે ખુશબુદાર ચાવલ હતા. આ જોઇને હું તે ફકીર પાસે પહાડ ઉપર ગયો પણ તે ત્યાં મળ્યો નહિ પણ જ્યાં તે બેસતો હતો તે તરફ નજર કરી તો ત્યાં સોનાની બે અશરફી અને ખાકે શીફાની બે તસબીહ પડેલી જોઇ તે લઇને હું પોતાને વતને પાછો ફર્યો.

હું બે વર્ષ સૂધી એ તસબીહ લઇને ખુદાનો ઝીકર કરતો હતો. તે પછી આશુરાના દિવસે ઝોહરની નમાઝ પછી તે તસબીહના ચુકતે દાણા એકાએક રાતા થઇ ગયા તેથી તે તસબીહની ઘણી તાઝીમ કરી એક રેશમી રૂમાલમાં લપેટી એક ડાબલીમાં સાચવીને રાખી. તે પછી દર વર્ષે મોહર્રમની દસમી તારીખે તે ડાબલી ખોલીને તસબીહ બાહેર કાઢીને હું જોતો હતો અને નિયમીત બપોર પછી આખી તસબીહ રાતી થઇ જતી હતી, જે જોવા માટે મુસલમાનો હિંદુ વીગેરે અસંખ્ય માણસો આવતા હતા અને તે રાતી થઇ ગયલી તસબીહ જોઇ ઇમામે હુસયનની મઝલુમી યાદ કરીને રડતા હતા.

વચમાં બે વર્ષ સૂધી તે તસબીહના પારાહ રાતા થયા નહિ તેથી ગામના સાદાતોએ આવીને મજલીસ બરપા કરી માતમ કર્યું તો તેજ વખતે તસબીહનો રંગ બદલાઇ એકદમ રાતી થઇ ગઇ. આ મોઅજીઝો જોઇ ઘણા હિંદુઓ મુસલમાન થયા, તેમાંના એકનું નામ જાણુતો હોવાથી જાહેર કરૂં છું. ભીખુરામ ગનીદા નાથસીંગ, જેણે પોતાનું નામ ઇસ્લામી નામ અબ્દેઅલી રાખ્યું, અને તે હાલ પટયાલા જીલ્લાના બુઢલાડાહ નામના ગામમાં રહે છે,

એ તસબીહ હજુ સૂધી મારા પાસે છે અને તે મેળવવા માટે રઇસો અને તાલેવંતો મોટી રકમ આપી રહ્યા છે છતાં હું તે તસબીહથી છુટો થવા માંગતો નથી.

અલ્લામાં મોલવી સય્યદ ગુલામ હુસેન કનતુરી (મરહુમ) ઇસ્ના અશરી પેપરનાં ૧૩૩૦ હીજરીના એક અંકમાં લખે છે કે, "મારૂં વતન કંતુર છે, ત્યાં એક વર્ષે આશુરાની રાતે એક તસબીહ રાતી થઇ ગઇ હતી જે સુન્ની, શીઆ, હિંદુ વી. સેંકડો માણુસોએ તે મોઅજીઝો જોયો હતો અને તે નજરે જોનારાઓમાંના ઘણા જીવતા છે. મેં પણ તે રાતી થયલી તસબીહ મારી નજરે જોએલ છે."

કરબલ્લાની માટીમાં સમાયલી તાસીર.

ખાકે શિફા કરબલાની માટીમાં ખુદાએ ઘણી તાસીર રાખેલ છે. બીમારોને શિફા મળે છે, અને કબરમાં મય્યત સાથે રાખવાથી તેના અઝાબમાં ઘટાડો થઇ ખુદાની બખશીશ અને રેહમત વધવાનો સબબ થાય છે. એવી માન્યતા પર અઝાદારીના વિરોધીઓ ટીકા કરી રહ્યા છે તેથી અમે તેનો જવાબ ટુંકમાં પણ સચોટ દલીલો વડે આપી ખાકે શિફાની ફઝીલત સાબીત કરી આપીશું.

પ્રથમ ઇસ્લામની આવી માન્યતા પ્રત્યે પરધર્મિઓને એઅતેરાઝ અગર ટીકા કરવાનો જરાએ હક નથી અને આવા એઅતેરાઝો પરધર્મિઓ તરફથી કરવામાં આવતાજ નથી. આવા હુમલાઓ માત્ર ઇસ્લામના લીબાસમાં રહેનાર યઝીદની ઉમ્મત તરફથી થાય છે, તેથી જાહેરમાં તેઓ પોતાને મુસલમાન કહેવડાવે છે તો તેઓને અમે ઇસ્લામી અકાયદ (માન્યતા) મુજબ જવાબ આપીશું.

ખાકે શિફા, એહલેબયતના દોસ્તદારો હુસયને મઝલુમના અઝાદારો અને ઇમાનદારોને તેઓની હયાતીમાં અને હયાતી બાદ બેશક લાભ પહોંચાડે છે અને બેઇમાનોને નુકસાની પહોંચાડે છે. જેમકે હદીસમાં છે કે, "મુઅમીનની કબર

ઉપર કુરઆને શરીફ પડાય છે ત્યારે અકેક આયતનો સવાબ તેને પહોંચે છે અને તેની બરકતથી તેના ગુનાહો માફ થાય છે અને ખુદાની રહેમત તેની કબર ઉપર મોકલવામાં આવે છે, પણ જો તે એક બેઇમાન—એહલેબયતના દુશમનની કબર હશે, તો અકેક આયતના બદલામાં તેના અઝાબ અને સજામાં વધારો કરવામાં આવશે. જ્યારે કબર ઉપર પડનાર, કુરઆનમાંથી નમાઝ, રોઝા, હજ ઇત્યાદીની આયતો પડે છે, ત્યારે અઝાબના ફિરીશતા તેને કહે છે કે, શું ખુદાના આ ફરમાનો કુરઆનમાંથી તારા સાંભળવામાં આવ્યાં ન હતાં? શા માટે તેના ઉપર અમલ કરવામાં ગફલતી કરી? તે મય્યત જવાબમાં કહે છે કે, હા, તે આયતો મને સંભળાવવામાં આવી હતી, પણ દુન્યાની મોજ શોખમાં લીન રહેવાથી તે ઉપર અમલ કરવાનું સુજ્યું નહિ. તે વખતે તે ફીરિશ્તાઓ તેના અઝાબમાં વધારો કરશે."

કુરઆનની આયતોથી ઇમાનદારોની હાજતો પુરી થાય છે અને બલાઓ દફે થાય છે અને તેમાં ખુદાએ તાસીર રાખી છે. એજ પ્રમાણે ખાકે શિફાને પણ પોતાના માનવંતા બંદા પવિત્ર ઇમામની બુઝુર્ગીના લીધે ખુદાએ તાસીર આપી છે. દુન્યાની સપાટી ઉપર દરેક મઝહબના લોકો પોતાના પીર પયગંબર અથવા દેવતાઓના પગની રજમાં તાસીર સમાયલી માને છે. હાલના સુધરેલા ઝમાનામાં આપણે જોઇએ છીયે તેમ અમુક લોકો પોતાના પીરના મ્હોઢાની થુંક, અથવા તેનું એઠું-તબરૂક સમજી મોંઘે ભાવે ખરીદ કરી પોતાની માન્યતા મુજબ તેનો ઉપયોગ કરે છે. તો એમાં જે મુખ્ય બાબત છે તે એ કે એવા પીરો અગર ઇમામોને ખુદાએ એવી ફઝીલત અથવા કરામત આપેલી છે કે નહિ, અથવા તેથી ઉલટું બળ જબરીથી અથવા પોતાની દોલતના જોરથી પીર અથવા ઇમામનો દાવો કરી રહ્યા છે, તેની તપાસ લેવાની જરૂરત છે. કેમકે એ ઉસુલેદીનમાં હોવાથી ખાત્રી કર્યા શિવાય ભોળે મને માની લઇ શકાય નહિ. ઇમામે હુસયન અ૦ પયગંબરના દોહિત્ર, હ૦ અલી અ૦ ના ફરઝંદ માસુમ અને ઇમામ હતા, તેમજ ખુદાવંદે કરીમે તેમને ભારે દરજ્જો—ફઝીલત અને મોઅજીઝા આપેલ છે,

એ મુસલમાનો આગળ સાબીત કરવાની કશી જરૂરત નથી. જેથી તે બુઝુર્ગવારની કબરની માટીને ખુદા શરફ બખશે એમાં કાંઇ પણ નવાઇ નથી.

પવિત્ર ઇમામનું લોહી પણ પવિત્ર ગણાય છે અને તે લોહી જે ચીજમાં ભળી જાય તે પણ પવિત્ર ગણાય છે, અને જે તાસીર તે પવિત્ર લોહીમાં હોય એ કરબલાની માટીમાં ભળી જવાથી તેમાં તાસીર ઉત્પન્ન થાય એ સંભવિત છે એ સિધ્ધ કરી આપવા માટે થોડા ઇતિહાસીક દાખલાઓ આપીયે છીયે.

કીતાબ બેહારૂલ અન્વારમાં મજલીસી અલયહિર્રહમાં લખે છે કે "ઇમામે હુસયનની શહાદત પછી ઘણા પંખીઓ કરબલામાં આવી ઇમામે શહીદની લોહીથી પોતાની પાંખોને તર કરી ચારે તરફ ઇમામથી શહાદતની ખબર પહોંચાડવા ઉડી ગયાં. તેમાંથી એક પંખી મદીના આવી પ્રથમ પયગંબરના હરમે મુતહહરમાં દાખલ થઇ, પયગંબરની કબર ઉપર બેસી વિલાપ કરવા લાગ્યું. જાણે પયગંબરને તેમના નવાસાની શહાદતની ખબર પહોંચાડવા આવ્યું હોય તેમ પુકારવા લાગ્યું, "અલા કુતિલલ હુસયનું બિકરબલા, અલા ઝુબિહલ હુસયનું બિકરબલા" યા રસુલલ્લાહ! તમારા લાડલા નવાસા કરબલામાં ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ થયા, તેને જઇ મદીનાના પંખીઓ ભેગા થઇને પુકારવા લાગ્યાં. આ બનાવ જોઇ મદીનાવાળાઓને ઘણી અજાયબી ઉપજી પણ તે પછી જ્યારે ઇબ્ને ઝીયાદ તરફથી ઇમામની શહાદતની ખબર મદીનામાં પહોંચી ત્યારે તે પંખીની ખબરની સચ્ચાઇની તેઓને ખાત્રી થઇ. તે પંખી વિષે જનાબે મજલીસી લખે છે કે "પગયંબરના હરમથી બાહેર નીકળી મદીનાની નજીક એક બગીચાના એક ઝાડપર જઇને બેઠું અને આખી રાત એજ પ્રમાણે વિલાપ કરતું રહ્યું. તે બગીચામાં એક યહુદીએ પોતાની એક છોકરીને જે આંખે આંધળી અને શરીરે બીલકુલ અપંગ હતી તેને તે ઝાડના નીચે મૂકીને પોતાના કામે ગયો. તે છોકરી પોતાની મુસીબત ઉપર રડતી હતી એટલામાં તે જાનવરની પાંખોમાંથી લોહીનું ટીપું તે છોકરીની આંખમાં

આવી પડયું. ખુદાની કુદરત અને મઝલુમે કરબલાની લોહીની તાસીરથી તેની એક આંખ દેખતી થઇ. આ જોઇ તે છોકરી ઘણી રાજી થઇ અને વિચારમાં હતી એટલામાં બીજું ટીપું તેની બીજી આંખમાં આવી પડયું અને તેથી તે આંખ પણ સાજી થઇ, ત્યાર બાદ એક ટીપું તેના હાથપર પડયું તેથી તેનો રહી ગયલો હાથ સારો થયો, તે પછી જે લોહીનાં ટીપાં ખરતાં તે લઇ પોતાના શરીર ઉપર લગાડતી ગઇ અને એમ કરતાં તેનું આખું શરીર તંદુરૂસ્ત થઇ ગયું, અને તેની ખૂબસૂરતીમાં પણ ઘણો વધારો થઇ ગયો.

તે છોકરી ખુશી ખુશી બગીચામાં પોતાના પિતાની રાહ જોતી ફરવા લાગી. થોડી વાર પછી તેણીનો પિતા આવ્યો અને તે ઝાડ આગળ પોતાની છોકરીની શોધ કરતાં ત્યાં આગળ તેણીને ન જોવાથી બગીચામાં શોધવા લાગ્યો એટલામાં સામેથી તેની છોકરી હસતી અને ખુશ થતી પોતાના બાપ આગળ આવી. તે યહુદીએ તેને પુછયું, અહીં આ ઝાડની નીચે મારી એક અપંગ છોકરીને મૂકીને ગયો હતો તે હવે દેખાતી નથી. ખબર નથી કે તેના શા હાલ થયા હશે. કેમકે તેનામાં એક ડગલું ખસવાની પણ તાકત ન હતી. તે છોકરીએ હર્ષ-ભેર પોતાના પિતાના ગળામાં હાથ નાખીને કહ્યું, "પિતા! તમો મને ઓળખી ન શકયા. હું તમારી એજ અપંગ અને દુઃખી છોકરી છું. જુઓ! આ ઝાડ ઉપર એક પંખી બેઠું છે અને વિલાપ કરી રહ્યું છે. તેની પાંખો ખબર નથી કોઇ મઝલુમના લોહીથી ખરડાયલી છે. તેમાંથી પ્રથમ એક ટીપું મારી એક આંખમાં પડયું તેથી તે આંખ સારી થઇ. તે પછી બીજું ટીપું પડતાં બીજી આંખ દેખતી થઇ અને તે પછી જે ટીપાં ખરતાં તે મારા શરીર પર ઘસતી. એમ કરતાં હું તદન સાજી થઇ ગઇ અને મારી તાકત અને ખૂબસૂરતીમાં પણ ઘણો વધારો થયો. આ હકીકત સાંભળી તે યહુદી ઘણું રડયો અને બેહોશ થયો. હોશમાં આવતાં પોતાની દીકરીને તે ઝાડ આગળ લઇ ગયો, તો જોયું કે તે પંખી ઝાડપર બેઠું છે અને એજ પ્રમાણે વિલાપ કરી રહ્યું છે. તેણે તે જાનવરને પુછયું "ઓ મઝલુમના

કાસીદ, હું તને તે મઝલુમના સોગંદ આપું છું કે જેનું લોહી તારી પાંખોમાં લગાડી તેને યાદ કરી તું વિલાપ કરે છે. તારી હકીકત જણાવ. ખુદાના હુકમથી અને મઝલુમે કરબલાના મોઅજીઝાથી તે પંખી બોલ્યું, "મને ઇમામે હુસયનની શહાદતની ખબર પડતાં કરબલા જઇ મારી પાંખોને તે મઝલુમની લોહીથી રંગીન કરી અહીં પયગંબરને ખબર કરવા આવ્યો છું. અફસોસ! મલઉનોએ પોતાના પયગંબરના નવાસાને ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા ઝબેહ કરી તેમના સરને નેઝા ઉપર ચઢાવી તેમની એહલે બયતને કેદી કરી કુફા તરફ લઇ ગયા." આ સાંભળી તે યહુદી ઘણું રડયો અને તેને ખાત્રી થઇ ગઇ કે દીને ઇસ્લામ જેનું શિક્ષણ મદીનાના પયગંબર હ૦ મોહમ્મદ સ૦ આપી ગયા, તે સત્ય ધર્મ અને મઝહબે બરહક છે, તેથી તે અને તેની છોકરી ખરા દીલથી ઇસ્લામમાં દાખલ થયાં અને તેઓએ મદીનામાં આવી પોતાના કુટુંબી-ઓને ખબર કરી. તેઓને પણ તે બેહાલ અપંગ છોકરીને એકાએક તંદુરસ્ત થએલી જોઇ ખાત્રી થઇ ગઇ, તેથી કુલ પાંચસો યહુદી મુસલમાન થયા. આ બનાવથી સાબીત થાય છે કે ઇમામે હુસયનનું લોહી દરેક બીમારી માટે તાસીર રાખે છે અને તે યહુદીની દીકરીના માટે ઇમામનો મોઅજીઝો ઝાહેર થયો કે જેથી પાંચસો યહુદી મુસલમાન થયા. એટલુંજ નહિ પણ તેથી મદીનાના મુસલમાનો માટે હુજત તમામ કરવામાં આવી કે ઇમામે હુસયનની શહાદતનો બનાવ એટલી મહત્વતા ધરાવે છે કે તેને યાદ કરી જાનવરો પણ વિલાપ કરી રડે છે.

ઇમામે હુસયનની લોહી દુશમનો માટે કેવી તાસીર રાખે છે તેના બારામાં લખે છે કે, કુફામાં ઇબ્ને ઝીયાદ મલઉનની કચેરીમાં હ૦ ઇમામ હુસયન અ૦નું સરે મુબારક લાવવામાં આવ્યું, તે મરદુદે સરે મુબારક સાથે બેઅદબી કરી અને પછી તે સરને ઉપાડીને પોતાની જાંગ ઉપર રાખ્યું. તેમાંથી લોહીનું એક ટીપું પડયું જે તેની જાંગમાં સોંસરૂં દાખલ થઇ તે જગોએ એક મ્હોટું

જખમ કર્યું. જ્યાં સૂધી તે મલઉન જીવ્યો ત્યાં સૂધી તે જખમમાંથી પરૂ નીકળતું અને ઘણી દુર્ગંધ નીકળતી હતી, તેથી તે મલઉન તે જખમમાં કસ્તુરી નાખી દુર્ગંધ છુપાવતો હતો. એ શિવાય એવા બીજા ઘણા બનાવો તવારીખમાં લખાયલા છે જે અમો લંબાણ થવાની બીકના લીધે લખતા નથી.

જે પ્રમાણે ઇમામે મઝલુમની લોહીમાં તાસીર છે એજ મુજબ ખાકે શિફામાં તાસીર સમાયલી છે તે બારામાં કીતાબે જલાઉલ ઉયુનમાં જનાબે મજલીસ લખે છે, "શેખ તુસી અલયહીરરેહમાં લખે છે કે, મુસા બીન અબદુલ અઝીઝ બયાન કરે છે કે, એક વખતે અબી અહુમદના ઘરે એક નસરાની તબીબ સાથે મારી મુલાકાત થઇ." તેણે મને કહ્યું, "હું તને તારા પયગંબરના હકની કસમ આપું છું, મને જણાવ કે ઝમીને કરબલામાં કયા બુઝર્ગવાર દફન થયલા છે, જેની ઝીયારત પડવા તમો જાઓ છો. શું તે તમારા પયગં-બરના અસહાબોમાંથી છે?" મેં કહ્યું કે તેઓ પયગંબરના દોહિત્ર, ઇમામે હુસયન અ૰ છે, જેમને મલઉનોએ ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ કર્યા છે. તે પછી આ સવાલ કરવાનું કારણ પુછતાં તે નસરાનીએ કહ્યું, "મારા કને એક અજીબ કીસ્સો છે. એક દિવસે હારૂન રશીદના દરબારી શાપુરે રાતના વખતે મને તેડાવ્યો. હું તરતજ તેના ઘરે ગયો. તેણે તરત મને પોતાની સાથે મુસા બીન ઇસા હા[illegible]ી, બની અબ્બાસીયોમાંથી હતો તેના ઘરે લઇ ગયો. જે તે વખતે બીમાર અને તદન બેશુધ્ધ હતો. તેની સામે એક વિશાળ તશત (ઠામ) હતું, જેનાં તેના પેટનાં આંતરડાં અને કલેજાંના ટુકડા મેં જોયા, જે તેણે ઉલટી કરી બાહેર કાઢયા હતા. શાપુરે તે ઘરના એક નોકરને બોલાવીને પુછયું કે, આ શું બનાવ છે? તેણે કહ્યું કે, એક કલાક અગાઉ તે પુર તંદુરૂસ્તી અને ખુશ મ[illegible]જમાં પોતાના ગોઠયાઓ સાથે બેસી ગુફતગુ કરતો હતો. તેઓ વચ્ચે ઇમામે હુસયન અ૰ના બારામાં ગુફતગુ ચાલતી હતી. તે વખતે મુસા બીન ઇસાએ કહ્યું કે, રાફઝી લોકો ઇમામ હુસયનના બારામાં હદ ઉપરાંત માન્યતા રાખે છે

અને તે એટલી હદ સૂધી વધી ગઇ છે કે તેઓ કરબલાની માટીના બારામાં કહે છે કે, તે હરેક બીમારીઓ માટે રામબાણ ઇલાજ છે અને જ્યારે પણ તેઓ બીમાર પડે છે ત્યારે કરબલાની માટીનો ઉપયોગ દવાના ઠેકાણે કરે છે. આ સાંભળીને હાજર રહેલાઓમાંના એક બની હાશમે કહ્યું કે, કરબલાની માટીના બારામાં જે કાંઇ તમોએ સાંભળ્યું છે તે ખરૂં છે અને મેં પોતે તેની અજમાયશ લીધી છે, તેથી મને ખાત્રી થઇ છે કે, કરબલાની માટીમાં ખુદાએ ઘણી તાસીર રાખી છે. હું એક વખત સખત બીમાર પડયો. હરેક પ્રકારના ઇલાજો કર્યા છતાં મારી બીમારી ઘટી નહિ, તેથી મારા એક નોકરે મને સલાહ આપી કે કરબલાની માટીનો ઉપયોગ કરૂં તેથી મારી બીમારી દફે થશે. તેના કહેવાથી મેં કરબલાની માટીનો ઉપયોગ (તેની રીત મુજબ) કર્યો. ખુદાવંદે કરીમે ઇમામે હુસયનની બરકતથી મને તંદુરસ્તી બખશી આપી. મુસાએ તેને કહ્યું કે તે માટીમાંથી તારા કને કાંઇ બાકી રહી ગયેલ છે? તેણે કહ્યું, હા, મારા કને તેમાંથી થોડી બાકી છે. મુસાએ કહ્યું કે મારા માટે તે લઇ આવો. તે હાશમીએ પોતાના નોકરને મોકલી, તે માટી મંગાવીને મુસાને આપી. મુસાએ તેના હાથમાંથી તે લઇને, તે પ્રત્યે તિરસ્કાર જાહેર કરી પોતાની દુબુર (પયખાનાની જગો) માં નાંખી દીધી. તેણે એવી બેઅદબી કરી કે તરતજ બેબાકલો થઇ બુમ બરાડા પાડવા લાગ્યો, "અન્નાર અન્નાર" મારા પેટમાં આગ સળગી ઉઠે છે. અરે કોઇ આવો! અને આગ બુજાવો!! જલદી તશ્ત હાજર કરો!!! તશ્ત હાજર થતાં તેમાં તેણે ઉલટી કરી અને તમો જોઇ રહ્યા છો તે પ્રમાણે તેના કલેજા અને પેટનાં આતરડાં બાહેર નીકળી પડયાં.

આ હકીકત સાંભળી શાપુરે મને કહ્યું કે "આ બીમારની કોઇ દવા હોય તો ઇલાજ કર, તેથી મીણબત્તી સળગાવી પ્રથમ તે તશ્તમાં નજર કરતાં મને જણાયું કે તેના પેટના આંતરડાં, કલેજા ઇત્યાદી પેટ માંહેલી હરેક વસ્તુઓ બાહેર નીકળી પડેલી છે. એવો દેખાવ મેં કોઇ વખતે જોયલો નહતો અને મને ખાત્રી થઇ કે આ માણસના માટે હવે કોઇ

ઇલાજ નથી. તેથી મેં શાપુરને કહ્યું કે, જો હ૦ ઇસા પયગંબર આવે તોજ આ માણુસ સારો થઇ શકે, જેઓ મુરદાને સજીવન કરી શકે છે. મારા કને તેના માટે કોઇ પણુ ઇલાજ નથી. શાપુરે કહ્યું કે, "તારૂં કહેવું ખરૂં છે પણુ તું અહીં થોભ અને આ માણુસનો અંત કેવી રીતે આવે છે, તે જોઇ મને ખબર આપ." એટલું કહી શાપુર ત્યાંથી ચાલ્યો ગયો.

તે નસરાની કહે છે કે હું તે બીમાર આગળ થોભ્યો. આખી રાત તે તરફડતો રહ્યો. સવારની નજીક સૂર્યના ઉદય થવા પેહલાં તે મરણુ પામ્યો. હું ત્યાંથી ઉઠયો અને શાપુરને તેના મરણુની ખબર આપી આવ્યો.

નકલ કરનાર કહે છે કે તે નસરાની આ બનાવ પછી મુસલમાન થયો અને અવારનવાર ઇમામે હુસયન અ૦ની ઝીયારત માટે કરબલા જતો હતો.

ઉપલી હકીકતથી સાબીત થાય છે કે ખાકે શિફા દોસ્તો માટે શિફા અને દુશમનો તથા બેઇમાનો માટે કાતીલ ઝેર સમાન છે, જેથી અઝાદારીના વિરોધીઓના માટે ખાકે શિફા લાભકારક નથી એ સ્પષ્ટ થાય છે.

પ્રકરણ અગ્યારમું.

કરબલાની ઝીયારત.

ઇમામે હુસયન અ૦ના આશકો, તે મઝલુમની ઝીયારત માટે કરબલા જાય છે અને તેથી ઇમામ પ્રત્યેની પોતાની ખરી મોહુબ્બત ઝાહેર કરી, દીન અને દુન્યાનો લાભ મેળવે છે. કબરની ઝીયારતથી કબ્ર પરસ્તી થતી નથી અને તે ઇસ્લામી શરીઅત પ્રમાણે બીદઅત અથવા હુરામ પણ નથી, પણ તેથી ઉલટું કબરની ઝીયારતમાં બેહદ સવાબ, પવિત્ર કુરઆનથી અને પયગંબરની હદીસોથી સિધ્ધ થાય છે, અને કબરની ઝીયારત માટે હ૦ પયગંબર, જનાબે ફાતેમા ઝેહરા, હ૦ અલી અ૦ જતા હતા જે આ પ્રકરણમાં તફસીલવાર લખીશું.

અઝાદારીના વિરોધીઓ, અનેક નાપાયદાર આક્ષેપો સાથે કબરને ઝીયારતને કબરપરસ્તી અને બીદઅત-હુરામ કહી, ઇમામે હુસયન પ્રત્યેની દુશમથી ઝાહેર કરી રહ્યા છે. તેથી પ્રથમ તેઓને જવાબ આપીશું અને તે પછી અમારા આગાખાની બંધુઓ કરબલાની ઝીયારતને કબરપરસ્તી જણાવી ઇમાનદાર આગાખાની ભાઇઓને ઝીયારત કરવા માટે રોકી રહ્યા છે અને જેઓ ઝીયારત માટે જાય છે તેઓને સજા કરવા વટીક ચુકતા નથી તેથી તેઓને પણ મજબૂત દલીલોથી જવાબ આપી સાબીત કરી આપીશું કે કરબલાની ઝીયારત ખુદા અને તેના રસુલના હુકમ મુજબ થાય છે અને નામદાર આગાખાન અને તેમના પૂર્વજોના પણ ફરમાન અને આચરણ મુજબજ છે.

"વલા તુસલ્લિ અલા અહદીન મિન્હુમ માત અબદન, વલા તકુમ અલા કબ્રિહી, ઇન્નહુમ કફરૂ બિલ્લાહ વરસુલીહી વમાતૂ વહુમ ફાસિકૂન."

અર્થ:-અને તું તેઓમાંનો કોઇ મરી જાય તેના મુડદા ઉપર કદી નમાઝ પઢ નહિ અને તેની કબર પાસે ઉભો ન

રહે. ખરેખર તેઓ ખુદા અને તેના પયગંબરને માન્યા વગર મરી ગયા અને તેઓ દુષ્ટ કામ કરનારા હતા.

(પવિત્ર કુરઆન સુરએ તવબા આયત ૮૪.)

આ આયતમાં ખુલ્લી રીતે દુષ્ટ લોકોની કબર ઉપર ઉભા ન રેહવાને ખુદા પોતાના પયગંબરને ફરમાવે છે. જેથી સિદ્ધ થાય છે કે મુસલમાનોની કબરો ઉપર ઉભા રહી ફાતેહા પડી શકાય છે, જેને 'ઝીયારતે કુબૂર' કબરોની ઝીયારત કહે છે.

મોઅમીનોની કબર પર ફાતેહા પડવાનો સવાબ.

હ૦ ઇમામે અલી મુસા રિઝા અ૦મે ફરમાવ્યું "જે કોઇ અમારી ઝીયારત માટે જવા અશક્ત હોય, તેઓ અમારા દોસ્તોની કબરની ઝીયારત કરે અને જે કોઇ અમારી સાથે (દૂર હોવાથી) ભલાઇ કરવા, કે નેકસલુકથી વર્તવા અશક્ત હોય તેઓ અમારા મોઅમીન દોસ્તોની સાથે ભલાઇ કરે; જેથી તેને અમારી ઝીયારત કરવાનો અને અમારી સાથ નેકસલુક કરવાનો સવાબ મળશે."

મોહમદ બીન અબદુલ્લાહ બીન મેહરાન, નકલ કરે છે કે, એક દિવસે હું અલી બીન બીલાલ સાથે મોહમ્મદ બીન બઝીઅની કબર પર ફાતેહા પડવા ગયો. તે વખતે અલી બીન બીલાલે મને કહ્યું કે, આ કબરમાં સુતેલો માણસ (મહમ્મદ બીન બઝીઅ) ઇમામ રઝા અ૦થી રીવાયત કરતો હતો કે, ઇમામે ફરમાવ્યું કે જે કોઇ પોતાના મોઅમીન ભાઇની કબર ઉપર ઉભો રહી સાત વખત 'ઇન્ના અનઝલ્નાહુ' નો સુરો પડશે તો ખુદા તેને કિયામતના દહાડાના સંકટ અને બીકથી નજાત આપશે. એટલે કીયામતના દહાડે તે ખુશ રહેશે.

સફ્વાનુલ જમ્માલ, છઠ્ઠા ઇમામથી નકલ કરે છે કે, આપે ફરમાવ્યું કે હ૦ પયગંબર પોતાના અસહાબો સહીત દર ગુરૂવારે સાંજના બકીઅ નામના કબ્રસ્તાનમાં જતા હતા અને કબરો પાસે ઉભા રહી ત્રણ વખત ફરમાવતા હતા "અસ્સલામુઅલયકુમ અહલ દિઇયાર" સલામ થાય તમારા

ઉપર, હે કબરમાં રહેનારાઓ! અને ત્રણ વખત ફરમાવતા હતા 'રહિમ કુમુલ્લાહ' ખુદા તમારા ઉપર રહેમ ફરમાવે.

છઠ્ઠા ઇમામ પોતાના બાપ દાદાથી નકલ કરે છે કે, હ૦ ઇમામ અલી અ૦ પોતાના સાથીઓ સહીત કબ્રસ્તાનમાં જતા હતા અને કબરો આગળ ઉભા રહી ફાતેહા પડતા હતા, દુઆ ફરમાવતા હતા અને કહેતા હતા, "હે કબરવાસીઓ! હે માટીમાં મળી ગયલાઓ!! હે એકલા અટુલા અંધારી જગોમાં રહેનારાઓ!!! તમારા સંબંધી જે કાંઇ અમે જાણીયે છીયે તે એ છે કે, તમારી દોલતની વહેંચણી કરવામાં આવી અને તમારી ઓરતોના બીજીવાર નીકાહ થઇ ગયા; તમારી ઉમદા ઉમદા હવેલીઓમાં હવે બીજાઓ રહેવા લાગ્યા છે. હવે તમારી પોતાની શું ખબર છે તે જણાવો? તે પછી હઝરત પોતાના સાથીઓને સંબોધી ફરમાવતા હતા, જુઓ? અગર આ મરણ પામેલાઓને બોલવાની રજા મળે તો ખચ્ચિત તેઓ આપણને એમજ કહેશે કે, હે લોકો! આખેરત માટે ભાતું તય્યાર કરો અને ગફલતમાં ન રહો, નહિ તો અમારી માફક તમોને એક દિવસે સખત પસ્તાવો થશે.

મુહમ્મદ ઇબ્ને મુસ્લીમ કહે છે કે, મેં છઠ્ઠા ઇમામ અ૦ને પુછયું, "યા મવલા! કબ્રસ્તાનમાં જઇ મારા ગુજરી ગયલા ભાઇઓની ઝીયારત કરૂં? આપે ફરમાવ્યું, ખચિત જવુંજ જોઇએ. મેં અરજ કરી કે શું તેઓને અમારી ઝીયારતની ખબર પડે છે અને તેથી તેઓને લાભ પહોંચે છે? આપે ફરમાવ્યું હા, તેઓને ખબર પડે છે અને તેઓને તમારી ઝીયારત અને દુઆથી ઘણીજ ખુશહાલી ઉત્પન્ન થાય છે. તે પછી મેં પુછયું કે અમે કબ્રસ્તાનમાં જઇને શું કરીયે? આપે એક દુઆ શીખવાડી અને પછી ફરમાવ્યું કે 'અલ્હમ્દ'–સુરએ ફાતેહા એક વખત અને 'કુલહોવલ્લાહ' સુરએ તોહીદ, અગ્યાર વખત પડો, જેથી તે બેહદ સવાબ ખુદા તે મરણ પામેલાઓને પહોંચાડશે.

પયગંબરની પુત્રિ જનાબે ફાતેમા, દર શનીવારે સાંજના તેમના પવિત્ર પિતાના કાકા, હ૦ હમઝાની કબર પર જઇ દુઆ ફરમાવતા હતા.

હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું કે, જે કોઇ કબ્રસ્તાનમાં જઇ કબરો આગળ કુરઆન પડશે, તો ખુદા તેને સીતેર પયગંબરોનો સવાબ આપશે. અને જે કોઇ કબ્રસ્તાનમાં જઇ મરણ પામેલાઓ માટે દુઆ કરી તેઓની મગફેરત ચાહશે, તો ખુદા તે દુઆ કરનારને જહન્નમની આગથી મુકત કરશે. એ પ્રમાણે આપ ફરમાવતા હતા અને ખુદાની અનુપમ બક્ષીસથી ખુશ થઇ મલકાતા હતા.

ઉપલી હદીસોથી કબરની ઝીયારતના અતુલ્ય સવાબ અને બેહદ ફાયદા સિધ્ધ થાય છે. દુન્યાના વૈભવમાં ચકચુર, પોતાના ખુદાને ભૂલી ગયલા મગરૂર ધનવાનની નજર કબર ઉપર પડે છે તો ઘડીભર તેનું દીલ નરમ થાય છે અને વીજળીના આંચકા મિસાલ તેના મગજમાં અનેક વિચારો ક્ષણવારમાં દોડતા થાય છે અને પોતાની સ્થિતિનું ભાન થાય છે. જો કે દુન્યાની મોહજાળમાં અને લાંબી લાંબી આશાઓમાં લપટાયલો હોવાથી તેનું દીલ કાળું અને પત્થર જેવું થઇ ગએલું હોય છે, જેથી એકજ વખતમાં જોઇએ તેવી અસર થવા પામતી નથી, અને ઘેર જતાં ભૂલાઇ જવાય છે. છતાં તેના દીલમાં પોતાના મર્ણ પામેલાં સગાવ્હાલાંઓ અને દોસ્તોની મોહબ્બત સાથે એહુલેબયતની મોહબ્બત અને ઇમાનની અસર હોવાથી, ઓછામાં ઓછું દર જુમેરાતના દીનબંધુઓ સહિત એક વખત કબ્રસ્તાનની ઝીયારતનો મવકો મળતો હોવાથી દર અઠવાડીએ એવીજ ઝણઝણાટી તેના દીલમાં ઉત્પન્ન થયા કરશે. એ પ્રમાણે ચાલુ અસર રહેવાથી અવશ્ય તે માણસના વિચારો બદલાશે અને પાકો મોઅમીન થઇ પોતાની આકેબત સુધારવા પ્રેરાશે.

કરબલાની ઝીયારતમાં એથી વિશેષ અસરની આશા રાખી શકાય છે. કેમકે કબ્રસ્તાનમાં ઘડીભર આખેરતના જે સુંદર વિચારો ઉત્પન્ન થવા પામે છે, તે ઉપરાંત કરબલાની ઝીયારતમાં પોતાના અઝીઝ મેહમાન પ્રત્યેની ચાહનાથી ઇમામની મીઠી નજર અને આશીર્વાદનો ઉમેરો થાય છે,

તેથી તેની અસર ઉંડી થાય છે અને તે ઝાઇરને દીન દુન્યાના બેશુમાર ફાયદા હાસીલ થાય છે.

પોતાના મોઅમીન ભાઇની કબર ઉપર ફાતેહા પડવામાં કેટલો સવાબ છે એ ઉપલી હદીસોથી સ્પષ્ટ થાય છે, તો તમામ મોઅમીનોના સરદાર, પયગંબરના પ્યારા નવાસા, અમીરૂલ મુઅમીનીનના લાડકા ફરઝંદ, મોહસીને ઇસ્લામ, શહીદે કરબલા હ૦ ઇમામે હુસયનની કબરની ઝીયારતમાં એથી વિશેષ સવાબ કેમ ન હોય?

કરબલાની ઝીયારતનો સવાબ.

જનાબે મુલ્લા મુહમદ બાકર મજલીસી તોહફતુઝ્ઝાએરમાં, પાંચમા ઇમામ હ૦ મોહમ્મદ બાકર અલયહિસ્સલામથી સહીહ હદીસ નકલ કરે છે કે "હઝરતે ફરમાવ્યું અમારા શીઆઓને ઇમામે હુસયન અ૦ની ઝીયારત માટે કરબલા જવાનો હુકમ કરો. કેમકે કરબલાની ઝીયારતની બરકતથી દુન્યાની અનેક આફતો, જેમકે ઘર નીચે દબાઇને મરવું, આગમાં બળવું, ફાડી ખાનારા જાનવરોના ભોગ થવું, દર્યામાં ડુબી જવું વીગેરેથી બચાવ થાય છે. અને જે માણસ ઇમામે હુસયનની ઇમામત અને સચ્ચાઇ ઉપર ઇમાન રાખે તેના પર ઝીયારત ફરજ છે.

છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું છે કે ઇમામે હુસયનની ઝીયારત પડવા જાઓ અને ઝીયારત પડવા જવાને તજી દેવાથી ઇમામ ઉપર જફા ન કરો (તેમને ભૂલી જાઓ) એક બીજી હદીસમાં એજ બુઝર્ગવારે. જાબીરે જોઅફીને ફરમાવ્યું, હે જાબીર! તારૂં દીલ ચાહે છે કે ઇમામે હુસયનની ઝીયારતના સવાબની ખુશ ખબરી આપી તને ખુશ કરૂં? જાબીરે અરજ કરી, યા મવલા હું તમારા ઉપરથી ફીદા થાઉં, ફરમાવો. હઝરતે ફરમાવ્યું કે, જે શખ્સ તમારામાંથી (ઇમાનદારોમાંથી) ઝીયારતનો ઇરાદો કરે છે, તેને ફિરીશતા વધામણી આપે છે કે, ખુદાના બંદા, તું કેવો ખુશનસીબ (ભાગ્યવાન છો) કે તેં ઉત્તમમાં ઉત્તમ અમલનો નેક ઇરાદો કર્યો છે. તે પછી જ્યારે તે મોઅમીન પોતાને

ઘેરથી પગે ચાલીને અથવા સવારી પર બેસીને રવાના થાય છે ત્યારે ખુદાવંદે કરીમ ચાલીસ હજાર ફિરીશતાને હુકમ આપે છે કે તેઓ તેની સાથે રહી કરબલા સૂધી જાય અને તે મુદત દરમ્યાન તે ચાલીસ હજાર ફિરીશતાઓ જે ઇબાદત કરે છે તેનો સવાબ તે મોઅમીનને મળે છે, અને તે ફિરીશતાઓ તે મોઅમીનના માટે ઇસ્તીગફાર કરે છે, અને તેના પર સલવાત મોકલતા રહે છે. તે મોઅમીનને ખુદાવંદે કરીમ દરેક ડગલે અને પગલે શહીદનો સવાબ આપે છે.

હે જાબીર! જ્યારે તું કરબલા પહોંચે તો ગુસલ કરી પાક કપડાં પેહરીને હરમમાં દાખલ થા અને ઇમામે હુસયનની કબરની ઝરીહને બન્ને હાથો વડે પકડી કહે "અસ્સલામુ અલયકા યા હુજ્જતલ્લાહિ ફી અરઝીહી" એટલે અએ ખુદાની હુજ્જત જમીન ઉપર, તમારા ઉપર સલામ થાય (તે પછી લંબાણથી ઝીયારતની કીતાબોમાં લખાયલી ઝીયારતો પડાય છે) ઝીયારત પડયા પછી ઝીયારતની બે રકાત નમાઝ પડ. હે જાબીર! જ્યાં સૂધી તું ઝીયારતમાં રોકાયલો રેહશે ત્યાં સૂધી ખુદા અને તેના મલાએકા તારા ઉપર સલવાત મોકલતા રેહશે અને હરેક ઝીયારત અને ઝીયારતની નમાઝના હરેક રકાતનો સવાબ, હજાર હજ અને હજાર ઉમરાની બરોબર છે અને હજાર ગુલામ આઝાદ કરવાનો તથા રાહે ખુદામાં જહાદ કરી શહીદ થવાનો સવાબ તને મળશે. હે જાબીર! જ્યારે તું ઇમામે હુસયનની પાક ઝરીહ આગળ ઉભો રહે છે ત્યારે આસમાનથી તને કહેવા-વાળો મુબારકબાદી અને વધામણી આપે છે. તેના શબ્દો જો તું સાંભળે, તો કદી પણ ત્યાંથી આઘો ખસે નહિ, અને કબરથી જુદો ન થાય. તે પુકારવાવાળો ખુદા તરફથી તને સંભળાવે છે કે, હે ખુદાના બંદા, હુસયનના ઝાઇર, તને વધામણી આપું છું કે તું ખુદાની પનાહ (આશરા) હેઠળ છો અને ખુદાએ તારા સઘળા ગુનાહો બખશી આપ્યા છે, માટે હવે તું નવેસરથી અમલ કર અને ગુનાહોથી છેટે રહે (જો તું એ મુજબ વર્તશે તો) તારા થઇ ગયલા ગુનાહો માટે તને પુછવામાં નહિ આવશે.

તે પછી હઝરતે ફરમાવ્યું, હે જાબીર! જો તે ઝવ્વાર તેજ વર્ષે મરણ પામે તો ખુદાવંદે રહમાન પોતાની કુદરતના હાથથી તેની રૂહ કબજ કરે છે. (એટલે મોતની તકલીફ તેને થતી નથી અને સાધારણ મોઅમીનો કરતાં તેનો દરજ્જો ચઢતો હોય છે.) પણ જો તે ઝવ્વાર, સહીસલામત પોતાને ઘેર પાછો ફરે છે, તો તે ચાલીસ હજાર ફિરીશતા પણ તેની સાથે રહે છે અને તે ઝાઇરને તેના ઘર સૂધી પહોંચાડે છે અને તેને ત્યાં પહોંચાડી તે ફિરીશતાઓ ખુદાની જનાબમાં અરજ કરે છે. "બારે ઇલ્લાહા! આ તારો બંદો ઝીયારત કરી પોતાને ઘેર પહોંચી ગયો. હવે અમે આસમાન ઉપર અમારી જગોએ પાછા આવી ઇબાદતમાં રહીએ?" ખુદાનો તેઓને હુકમ થાય છે કે, તમો મારા બંદાના ઘર ઉપર રહો અને મારી ઇબાદત કરો અને તે મરણ પામે ત્યાં સૂધી તેનો સવાબ તેના અમલનામામાં લખો.

હે જાબીર! જ્યારે તે ઝાઇર પોતાની જીંદગીના દહાડા પુરા કરી મરણ પામે છે, ત્યારે તે ચાલીસ હજાર ફિરીશતા તેના ગુસલ કફન અને દફનની ક્રિયાઓમાં ભાગ લયે છે અને તેના જનાઝા ઉપર નમાઝ પડી કબ્રસ્તાન સૂધી સાથે ચાલે છે. તે મોઅમીનને કબ્રમાં દફન કર્યા પછી ફરી તે મલાએકાઓ અરજ કરે છે, "ખુદાયા! હવે તારો શો હુકમ છે? તેઓને હુકમ થાય છે કે હવે તમો તેની કબર ઉપર રહી મારી ઇબાદત કરો અને કીયામત સૂધી તેનો સવાબ તેના નામએ અમલમાં લખો."

એક બીજી હદીસમાં એજ બુઝર્ગવારે ફરમાવ્યું છે કે, "કિયામતના દહાડે ખુદાવંદે કરીમ ઇમામે હુસયનના ઝવ્વારોને જે મરતબો આપશે, તે જોઇને જે લોકો ઝીયારત ન કરી શકયા હોય, તેઓ આરઝુ કરશે અને પસ્તાવો કરશે. ઇમામે હુસયનના ઝાઇર સીતેર ગુનેહગારોની શફાઅત કરી શકશે અને તેની શફાઅત કબૂલ કરવામાં આવશે."

કીતાબે તહઝીબમાં, અલી ઇબ્ને મયમુન, હ૦ ઇમામે જઅફરે સાદીક અ૦થી નકલ કરે છે કે, આપે ફરમાવ્યું, મેં

સાંભળ્યું છે કે અમારા શીઆ અને દોસ્તદારોમાં કેટલાક એવા છે કે, જેઓ એક વર્ષ અથવા બે વર્ષ પસાર થઇ જાય છે, છતાં કરબલા ઝીયારત માટે જતા નથી. મેં અરજ કરી, આપ ફરમાવો છો એમજ છે, હું ઘણા એવાઓને ઓળખું છું, જેઓ બબ્બે વર્ષ બલકે તેથી વધુ થઇ જાય છે અને તેઓ ઝીયારત માટે જતા નથી. હઝરતે ફરમાવ્યું, ખુદાની કસમ તેઓ અમૂલ્ય નેઅમત અને આખેરતનો ભારે સવાબ ગુમાવે છે. ખરેખર તેઓ કિયામતના દિવસના સવાબથી અને બેહિશ્તમાં પયગંબરના પડોસથી જાણીજોઇને દૂર રહેવાનું કરે છે. મેં અરજ કરી, યા મવલા! જો કોઇ કરબલા પહોંચવા અશક્ત હોય અથવા કામકાજના લીધે નહિ નીકળી શકે, તો બીજા કોઇને પોતા તરફથી પૈસા આપી ઝીયારત કરવા મોકલી શકે છે? અને તેને એટલોજ સવાબ મળશે? હઝરતે ફરમાવ્યું, હા, તે મોકલી શકે છે. પણ બહેતર એ છે કે પોતે જાય અને પોતે મુસાફરીની જેહમત ઉઠાવી ભારે અઝીમ સવાબ હાંસીલ કરે.

એજ બુઝર્ગવારે બીજી હદીસમાં ફરમાવ્યું છે તેનો સાર એ છે કે, જેઓ કરબલામાં હોય તેઓના પર લાઝીમ છે કે દરરોજ ઝીયારત કરે, અને જેઓ કરબલાની આસપાસ હોય તેઓ મહીનામાં એક વખત ઝીયારત માટે જાય, અને જેઓ દર્યાપાર દૂર દેશાવરોમાં રેહતા હોય તેઓ દર ત્રણ વર્ષે ઝીયારત માટે જાય અને તેથી વધુ વખત ન રોકાય.

ઝીયારતનાં રહસ્યો.

કરબલાની ઝીયારતની મુસાફરી સ્ટીમર, રેલ અને મોટર કારમાં થતી હોવાથી, ટુંક ખરચમાં અને સહેલાઇથી જઇ શકાય છે. પણ તેમાં જે રહસ્યો સમાયલાં છે અને ઇસ્લામ મઝહબની પ્રગતી થાય છે તે તરફ નજર નાંખતાં, મેહનત અને ખરચથી વિશેષ લાભ થાય છે જે અમે અહીં ટુંકમાં સમજાવીશું.

દર બે ત્રણ વર્ષે આપણને બહારગામ હવાફેર માટે અથવા પરદેશથી પોતાના વતન તરફ જવા માટે મુસાફરી કરવી પડે

છે, તો તે મુસાફરી દરમ્યાન માત્ર એક બે મહીનામાં થોડે ખરચે કરબલા અને ખુરાસાનની ઝીયારત પણુ થઇ શકે છે; તેથી દીન અને દુન્યાના લાભ સાથે આપણો મૂળ હેતુ પાર પડે છે.

મુસાફરી કરવાથી આપણુને ઘણું જાણુવાનું મળે છે અને જુદા જુદા મુલકોના લોકોનો પરીચય થતાં તેઓની સ્થિતિ, રીતભાત અને વેપાર ઇત્યાદી બાબતોનો સારો અનુભવ મળે છે, તેથી કાબેલીય્યતમાં વધારો થતાં ઇન્સાન કુશળ અને ચાલાક થાય છે. જેઓને વર્ષો સૂધી મુસાફરી કરવાનો સંજોગ મળતો નથી તેઓ ઇમામે હુસયનની ઝીયારતના શૌકથી મુસાફરી કરવા પ્રેરાય છે, તેથી આખેરતનો સવાબ હાંસીલ કરે છે અને ઇમામે હુસયન પ્રત્યેની પોતાની ફરજ અદા કરે છે, તે સાથે મુસાફરીથી થતા અનુપમ લાભો મેળવે છે.

જેવી રીતે મોહર્રમના દિવસોમાં ખુલ્લી રીતે ઇમામે હુસયનની અઝાદારી કરવાથી, પરધર્મિઓનું ધ્યાન ખેંચાતાં તબલીગનું કામ થાય છે, એજ પ્રમાણે ઝીયારતની મુસાફરી થકી તબલીગનું કામ થાય છે જે નીચે લખેલા બનાવથી વધુ સ્પષ્ટ થશે.

ઇસવી સન ૧૯૨૦માં, અમે (આ કીતાબના લેખક) હજ પડવા માટે મક્કએ મોઅઝ્ઝમા ગયા હતા. હજથી ફારેગ થઇ સ્ટીમરની રાહ જોતા લગભગ એક મહીનો જીદ્દામાં રોકાણા અને મોહર્રમના બાર દીવસો જીદ્દામાં રહી, ઇમામે હુસયનની અઝાદારી અમારા ઉતારાની જગોમાં કરી હતી, જેમાં લગભગ ત્રીસ ચાલીસ આપણા ખોજા બીરાદરો અને ૧૦૦ થી ૧૫૦ ઇરાનના મુગલ ભાઇઓ ભાગ લેતા હતા. તેઓમાંથી એક સય્યદ ઝાકીર મજલીસ પડી પોતાની ઝાકેરીનો સારો લાભ આપતા હતા, જેથી અઝાદારીની રોનકમાં ઘણો વધારો થવાથી અઝાદારોમાં ઘણા પ્રિય થઇ ગયા હતા. એક દિવસ મજકુર સય્યદે એક અજબ બનાવ અમોને જીદ્દામાં કહી સંભળાવ્યો જેનો સાર નીચે દરજ કરીએ છીયે.

"ગએ વર્ષે અમે હિંદી અને મુગલ ઝવ્વારો મુંબઇથી મેલ સ્ટીમરમાં કરબલા જવા માટે બસરા રવાના થયા. કરાંચી મુકયા પછી જુન જુલાઇનો તોફાની મહીનો હોવાથી, દર્યો ગરમ અને સખત તોફાન થયું, અને સ્ટીમરની અંદર પાણીનાં મોજાં આવવા લાગ્યાં. કપ્ટાન લગભગ નિરાશ થવાથી પોતાની બ્રીજ ઉપરથી નીચેના ફાલકામાં, જ્યાં સઘળા ઉતારૂઓને જગ્યા આપવામાં આવી હતી ત્યાં અમારી આગળ આવ્યો અને અમોને કહ્યું કે, તમો તમારા ઇમામની મજલીસ પડો અને દુઆ માંગો કે ખુદા આપણો બચાવ કરે, કેમકે તમો કરબલાની ઝીયારત માટે જાઓ છો.

જો કે તોફાન સખત હોવાથી અમારી બીક અને નિરાશાનો પાર ન હતો તેથી કપ્ટાનના આવ્યા અગાઉ અમે અમારા ઇમામને યાદ કરતા હતા અને ખુદા કને તે બુઝર્ગવારનો વાસ્તો આપી બચાવ માટે દુઆ માંગી રહ્યા હતા, પણ હવે કપ્તાનની માંગણીથી અમારા દીલમાં ઘણી ધાસ્તી ઉત્પન્ન થઇ અને તુરત મજલીસ શરૂ કરી અને મેં ઝાકેરી કરી. પ્રથમ હું હદીસે કીસા પડયો અને તે પછી ઇમામે હુસયનની મુસીબતનું ગમનાક બયાન, એવું અસરકારક પડયો કે સઘળા ઉતારૂઓ પોકે પોકે રડવા લાગ્યા. હજી અમારી મજલીસ ખતમ થવા પામી ન હતી કે દર્યો શાંત થયો અને સ્ટીમર સ્થિર થઇ ગઇ. મજલીસ ખતમ થયા બાદ સાકર વીગેરે જે કાંઇ હાજર હતું તે ઇમામના નામ પર નીયાઝ વેહેંચવામાં આવી અને ખુદાની બખશીશ અને ઇમામના મોઅજીઝા થકી અમારા થયલા બચાવના લીધે હર્ષઘેલા થઇ ગયા હતા."

થોડીવાર પછી કપ્તાન ખુશ થતો અમારી આગળ આવ્યો અને મજલીસ તથા દુઆ પડનાર તરીકે મારી ઓળખ મળવાથી મને એક થેલી આપતાં કહ્યું, "લયો, મારા તરફથી આ એક અદના ભેટ સ્વીકારો, જે તમારી અઝાદારીની બરકતથી આપણા થયલા બચાવની ખુશહાલીમાં મારા તરફથી તમોને આપું છું." મેં તે થેલી લીધી અને તે માંહેલી રકમ ગણતાં તેમાં ત્રણસો રૂપીયા હતા.

ઉપલી હકીકતથી ઝંવ્વારોની હીલચાલ અને મુસાફરીના અંગે તે ખ્રિસ્તી કેપ્તાન ઉપર ઇમામે મઝલુમની બુઝુર્ગી અને ફઝીલતની થયલી અસર સિદ્ધ થાય છે, જે ઇસ્લામી મિશન તબલીગના ઉત્તમમાં ઉત્તમ પરિણામ તરીકે ગણી શકાય. ઝંવ્વારોના સંબંધમાં ઝાહેર થયલો એવોજ એક બીજો મોઅજીઝો અહીં લખ્યે છીયે જે અસ્થાને ગણાશે નહિ.

અલ્લામા કન્તુરી, ઇન્તેસારૂલ ઇસ્લામમાં લખે છે કે, નવ્વાબ સયદ વિલાયતઅલી ખાન બહાદુર એક વખત ઝીયારત પડવા કરબલા ગયા, અને મુંબઇથી બસરા જવા માટે મેલ સ્ટીમરમાં બાલબચ્ચાં સહિત રવાના થયા. રસ્તામાં તેમની પુત્રીને ઝાડો અને ઉલટીનું દરદ લાગુ થયું અને બીમારીએ ઘણું મ્હોટું રૂપ પકડયું, જેથી બીમારની ઝીંદગી માટે બધા લોકો નિરાશ થઇ ગયા હતા.

એક દિવસે દરયામાં સખત તોફાન થયું અને પાણીના મોજાંથી સ્ટીમરની હાલત ભયભરેલી થઇ ગઇ હતી. ઉતારૂઓ સઘળા રડવા પીટવા લાગ્યા, સ્ટીમરના કપતાન અને આફીસરો પણ સ્ટીમરને બચાવવા માટે જાનતોડ કોશીશ કરતા રહ્યા, પણ ગરમ દર્યો અને તોફાની મોંજાઓ સામે તેઓનું ચાલ્યું નહિ. એ વખતે નવ્વાબ સાહેબની પુત્રીની હાલત પણ ઘણી ખરાબ થઇ ગઇ અને બેભાન હાલતમાં પથારીવશ થઇ પડી હતી.

પાછલી રાતના તે છોકરી એકદમ ચોંકી પડી અને મ્હોટા અવાજે કહેવા લાગી, “ બાવાજાન ! મારી પાસે આવો, જુવો તો ખરા હું સાજી થઇ ગઇ અને દર્યાનું તુફાન પણ શાંત પડવાથી સઘળા ઉતારૂઓ બચી ગયા. ” આ સાંભળી નવ્વાબ રડવા લાગ્યા, કેમકે તેઓ સમજ્યા કે હવે મારી પુત્રીની છેલ્લી ઘડી હોવાથી સનેપાત થઇ આવવાથી બકે છે. એ છોકરીએ જોયું કે, તેણીના પિતા રડી રહ્યા છે અને નજીક આવતા નથી, તેથી પથારી પરથી ઉઠીને પોતાના પિતાની નજીક આવી અને ગળામાં હાથ વીંટાળીને કહ્યું, “ બાબા ! શા માટે રડો છો ? શું તમે એમ ધારો છો કે હું બકવાટ કરૂં છું ? જુઓ ખુદાએ મને શફા બખશી અને મારા મવલાનો મોઅજીઝો ઝાહેર થયો

અને હું બીલકુલ તંદુરૂસ્ત અને સાજી થઇ ગઇ છું." આ સાંભળી નવ્વાબ સાહેબ હર્ષના આવેશમાં રડવા લાગ્યા અને ખુશહાલીનાં આંસુ ટપકાવવા લાગ્યા. થોડીવાર પછી શાંત થતાં પુછયું, "બેટી! તને કેમ કરતાં શફા મળી અને મવલાનો કેવો મોઅજીઝો ઝાહેર થયો તે બયાન કર. વળી દર્યાનું તુફાન સમી ગયું અને ઉતારૂઓ બચવા પામ્યા એ તે કેમ જાણ્યું?"

નવ્વાબ સાહેબની પુત્રીએ કહ્યું, "બાબાજાન, હું બીમારીના લીધે બેભાન પડી હતી અને તુફાનની કે બીજા કોઇ સંકટની ખબર ન હતી, પણ હમણાં મારી બેભાન સ્થિતિમાં મેં જોયું કે એક બુઝર્ગવાર ઘોડા ઉપર સવાર થઇ સ્ટીમરની નજીક આવ્યા અને પ્રથમ પોતાનો નેઝો સ્ટીમરને અડાડી, દર્યા તરફ ઇશારો ફરમાવ્યો, જેથી તોફાન સમી ગયું. તે પછી મારી પથારી આગળ આવીને ફરમાવ્યું હે ઝવ્વારે હુસયન! ઉઠ ઉભી થા તને બીમારીથી શફા મળી છે અને તું સાજી થઇ ગઇ. આ વધામણી સાંભળી મેં અરજ કરી, આપ કોણ છો? હઝરતે ફરમાવ્યું તમે જે મઝલુમની ઝીયારત પડવા જાઓ છો તે બુઝર્ગવાર ઇમામે હુસયનના ભાઇ અબ્બાસ અલમદાર છું. તે પછી તેઓ મારી નજરોથી ગાયબ થઇ ગયા અને હું શુદ્ધિમાં આવી, તો પોતાને એકદમ તંદુરૂસ્ત ભાળી. હવે તમે બાહેર જઇને જુઓ કે સ્ટીમર કેવી સ્થીર ચાલે છે અને ઉતારૂઓ બચી જવાની ખુશહાલીમાં કેવો ઘોંઘાટ મચાવી રહ્યા છે.

નવ્વાબ સાહેબ પોતાની કેબીનથી બાહેર આવ્યા તો જોયું કે તોફાન સમી ગયું અને સ્ટીમર ધારા પ્રમાણે સ્થીર ચાલે છે. તે સ્ટીમરના કપ્તાનને મલવા ગયા. કપતાન ખુશહાલીમાં હતો અને નવ્વાબને આવકાર આપી મુબારકબાદી આપીને કહ્યું કે, આપની અને સઘળા ઉતારૂઓની જાન બચી ગઇ. નવ્વાબ સાહેબે કપતાનને એકાએક તોફાન નરમ પડવાનું કારણ પુછયું તો કપતાને અજાયબી દેખાડતાં કહ્યું કે, મારી સમજથી એ વાત બાહેર છે અને એકાએક પલવારમાં દર્યાની હાલત બદલી જવાથી મને ઘણી નવાઇ જણાય છે. નવ્વાબ

• સાહેબે કહ્યું કે, અમારા ઇમામનો મોઅજીઝો ઝાહેર થયો છે, તમો મારી પુત્રીની ગંભીર હાલત જોઇ ગયા છો અને તેણીના માટે બચવાની જરાએ આશા ન હતી અને આપણે તેણીને થોડા કલાકોની મેહમાન સમજતા હતા. હવે તેણી બીલકુલ તંદુરૂસ્ત થઇ ગઇ. તેણીએ બેભાન સ્થિતિમાં હ૦ અબ્બાસ અ૦ને પ્રથમ સ્ટીમરને નેઝો અડાડી દર્યા તરફ ઇશારો કરતાં જોઇ અને તે પછી તેણીને ઉઠવાને હુકમ આપતાં તેણી શુધ્ધિમાં આવી અને પોતાને તંદુરૂસ્ત ભાળી. આ હકીકત સાંભળી કપ્તાને હ૦ અબ્બાસનો મોઅજીઝો માન્ય રાખ્યો અને કહ્યું કે મને એ વાત ખરી જણાય છે અને એમજ હોવું જોઇએ.

જ્યારે કોઇનો પિતા, ભાઇ, અથવા દાદા પરદેશમાં મરણ પામે છે અને તેની ખબર આવે છે, ત્યારે પુત્ર, ભાઇ, અથવા પૌત્ર જે હોય, તેની નાતજાતના ધોરણ રીત રીવાજ પ્રમાણે ફરજ હોય છે કે, પરદેશમાં મરણ પામેલા પિતા, ભાઇ, અથવા દાદા વી૦ની કબર ઉપર જઇ ફાતેહા પડે અને શક્તિ મુજબ ખૈરાત કરે અને મોઅમેનોને જમાડે. (જેને આપણે ડીયારો કહીયે છીયે) જો તેમ ન કરતાં પોતાના વતનમાંજ નચિંત પડયો રહે, તો તેના કુટુંબીઓ અને સ્નેહીઓ જરૂર તેના પર ટીકા કરી તેને નાલાયક, નગુણો અને ઘાતકી અથવા લોભીની ઉપમાં આપ્યા વગર રહેશે નહિ. આપણા મર્ણ પામેલા પિતા અગર કુટુંબીની કબર પર ફાતેહા પડવાને દૂર વેર જવાની આપણી ફરજ હોય છે, તો શું આપણા રૂહાની અને ધર્મ પિતા, જેમણે આપણી હીદાયત અર્થે કરબલાના રણમાં પોતાના કને જે કાંઇ હતું તે સર્વ ખુદાના રસ્તામાં લુટાવી આપ્યું; અને જાન, માલ, અવલાદ સર્વ કુરબાન કરી નાખ્યું તેમના એહસાન અને તેમની મોહબ્બત આપણા પિતા-ભાઇ અથવા કુટુંબીની મોહબ્બત અને એહસાન જેટલાં ન ગણાય ? શું એ બુઝર્ગવારના અગણીત એહસાનના બદલામાં તેમની કબર ઉપર જઇ ઝીયારત પડવાથી પણ આપણે પછાત રહીયે ? એક ખરો મુસલમાન અને ઇમામે હુસયનના એહસાનોથી વાકેફ વફાદાર ગુલામ, કદી પણ પછાત રહેશે નહિ. એ બેમિસાલ કુરબાનીનો

બદલો આપણે કોઇ કાળે આપી શકીશું નહિ. સઘળા મુસલમાનોની જાનો કરતાં પયગંબરના પ્યારા નવાસાના લોહીનું એકજ ટીપું લાખ દરજ્જે પવિત્ર અને અમૂલ્ય હોય છે. તો થોડી ઝેહમત અને ટુંક ખરચ સહન કરી ઝીયારત પડવા જવાનો ઇનકાર એજ કરી શકે જેના દીલમાં એ મઝલુમ પ્રત્યે જરાએ મોહબ્બત ન હોય, બલકે તેના દીલમાં ઇમામની દુશમની હશે એજ ઇન્કાર કરશે. પોતે ઝીયારત પડવા નહિ જાય અને બીજાઓને અટકાવશે. એમ તો મોહબ્બત, ઇમાન અને માઅરેફત ધરાવવાનો ફાંકો રાખનારા ઘણા હશે, પણ ખચિત ખરા ઇમાનદારો ઘણાજ થોડા હોય છે. જેમકે ખુદા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે. "વકલી લુન મિન ઇબાદિયશશકુર" અર્થ:- "ખચિત અમારા ઘણા થોડા બંદાઓ છે જેઓ શુકર કરવાવાળા હોય છે." હવે શુકર કરવાવાળા ઇમાનદાર કરબલાની ઝીયારત માટે જનારા ઝવ્વારોને ગણવા અથવા તે લોકો જેઓ ઝીયારતને કબરપરસ્તી અને કરબલાની માટી હિંદુસ્તાનની માટી માફક કહી, પોતે જતા નથી અને બીજાઓને અટકાવી રહ્યા છે તેઓને સમજવા એનો ઇન્સાફ કરવા ન્યાયી વાંચકને સિપુર્દ કરીએ છીએ.

દુન્યાનો રિવાજ છે કે, એક વખત કોઇની મુલાકાતે જઇએ તો તે આપણને તેના બદલામાં જરૂર વળતી મુલાકાત આપે છે, અને એક વખત સલામ કરીએ તો તે બેવાર સલામ કરે છે. જો તેમ ન કરે તો તે નગુણો અને બેમુરૂવ્વત ગણાય છે. એજ પ્રમાણે ઇમામ હુસયનનો ઝાઇર પોતાના વતનથી કરબલાની લાંબી મુસાફરી કરી ઝીયારત માટે જાય છે અને ઇમામને સલામ કરે છે, તો ઇમામે હુસયન જરૂર તેને સલામનો જવાબ વાળે છે. એટલુંજ નહિ પણ તે ઝાઇરને વળતી મુલાકાત આપે છે. હવે ઇમામે હુસયન પોતાના ઝાઇરને વળતી મુલાકાત ક્યારે આપે છે, તે પણ જાણવું જોઇએ. જો આપણી મુલાકાત (ઝીયારત) અને ઇમામની વળતી મુલાકાત એકજ પ્રકારની હોય, અથવા આપણી મોહબ્બત અને ખીદમત અને તેનો બદલો સરખોજ હોય તો ઇમામે હુસયન અ૦ જેવા બની હાશમના

ખાનદાનની, સખી અને દયાળુ બુઝર્ગવારની શાનથી ઉલટું ગણાશે. એક બાદશાહ પાસે નજીવી કીમતની વસ્તુ મોહબ્બતની નીશાની દાખલ કોઇ ભેટ લઇ જાય છે, ત્યારે તેના બદલામાં બાદશાહ તેને માન ઇકરામ અને અમૂલ્ય બખશીશની નવાજીશ કરી પોતાની બુઝુર્ગી અને લાયકાત દેખાડે છે. જેથી ઇમામના ઝાએરને તેની ઝીયારતના બદલામાં જે અમૂલ્ય ભેટ અને મૂલાકાત મળે છે, તેની શાન સાવ જુદા પ્રકારની હોવી જોઇએ તે વિષે ખુદ ઇમામે હુસયન અ૦ શું ફરમાવે છે તે તપાસીએ.

"અં નિસ્સાહિકી અલયહીસ્સલામ, અન્નહુ કલ, કાલલ હુસયનુ અલયહિસ્સલામ, મનઝારની બઅદ મવતી, ઝુરતુહુ યવમલ કિયામહ વલવ લમયકુન ઇલ્લા ફિન્નાર" છઠ્ઠા ઇમામ હ૦ જઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું કે, ઇ૦ ઇમામે હુસયન અ૦મે ફરમાવ્યું, "જે કોઇ મારી શહાદત બાદ મારી ઝીયારત કરશે, તો હું કિયામતના દહાડે તેની મુલાકાત લઇશ, પછી ભલેને (પોતાના ગુનાહોના લીધે) જહન્નમ શિવાય બીજી કોઇ પણુ જગોએ ન હોય (છતાં હું તેની મુલાકાત જરૂર લઇશ અને તેનો બચાવ કરીશ.)

ઉપલી હદીસથી સિધ્ધ થાય છે કે જ્યારે તે ઝાઇરને ઇમામની મેહેરબાની અને મુલાકાતની ખરી હાજત હશે, તે દિવસે (કયામતના દહાડે) ઇમામે મઝલુમ તેની મુલાકાત લેવા માટે તેને કોઇ પણુ જગોથી શોધી કાઢશે અને તેની મદદ ફરમાવી અઝાબ અને મુસીબતથી છોડાવશે.

બીજી હદીસોમાં છે કે કબરમાં પણુ ઇમામે હુસયન પોતાના ઝ૦વારોને મળવા જાય છે અને દિલાસો આપી તેના છુટકારા માટે શફાઅત કરે છે. કેમકે ઝાઇર હોવા છતાં જો તેનાથી ભારે ગુનાહો થાય છે અને મરતાં સૂધી તે ગુનાહોને છોડીને તવબા કરતો નથી, તો તે ગુનાહોની સજા પામે છે. પણુ ઝાએર હોવાથી તેની સજાની મુદત એકદમ ટુંકી થાય છે અને ઇમામે હુસયનની શફાઅતથી તેનો વેળાસર છુટકારો કરવામાં આવે છે.

જે લોકો પોતાની અશક્ત સ્થિતિના અંગે કરબલા જઇ શકતા નથી, તેઓ તાબુતને જોઇને સ્મરણુ તાજી કરી ઇમામની

કબર તરફ ઇશારો કરી ઝીયારત પડે છે, તેમજ ઘરના કોઠા ઉપર ચઢી કરબલા તરફ મ્હોઢું કરી તે તરફ ઇશારો કરી ઝીયારત પડે છે, તેથી તેઓને પણ તેઓની નીય્યત પ્રમાણે ઝીયારતનો સવાબ મળે છે; અને છેટેથી પણ ઇમામને સલામ પહોંચે છે અને પોતાના દૂર અને નજીકના ઝંવારોને ઓળખે છે, કેમકે ખુદાના માર્ગે શહીદ થયલાના બારામાં ખુદા ફરમાવે છે:—

"વલા તકુલુ લિમન યુકતલુ ફી સબીલીલ્લાહ અમવાતુન બલ અહયાઉન વલા કિન લા તશઉરૂન." અર્થ:-અને એવું કહો નહિ કે, જેઓ ખુદાના રસ્તા (જહાદ) માં માર્યા ગયા છે (શહીદ થયા છે,) તેઓ મુએલા છે, બલકે તેઓ જીવતા છે પણ તમે તે જાણુતા નથી.

(પવિત્ર કુરઆન સુરએ બકર આયત ૧૫૪.)

કરબલાની ઝીયારત પ્રત્યે આગાખાની ભાઇઓની વિરૂદ્ધતા.

ખારજી નાસબી, જેઓ એહુલેબયતે રસુલના દુશમનો અને અઝાદારીના વિરોધીઓ હોય છે તે શિવાયના ઇસ્લામના કુલ્લે ફિરકાના લોકો, ઇમામે હુસયન ઉપર આસ્થા રાખે છે અને કરબલાની ઝીયારત માટે આતુર હોય છે. ઇસમાઇલી વોહરા બીરાદરો પણ કરબલાની ઝીયારતથી મુશર્રફ થઇ સવાબ હાંસીલ કરે છે. દસ પંદર વરસ અગાઉ આગાખાની ભાઇઓ પણ કરબલાની ઝીયારત માટે જતા હતા પણ આગાખાની મિશનરી સાહેબો કરબલાની ઝીયારત પ્રત્યે વિરૂધતા દર્શાવે છે એ શોચનીય છે.

મક્કએ મોઅઝ્ઝમાની હજ અને કરબલાની ઝીયારત માટે આગાખાની જમાતમાં તાકીદભરેલી મનાઇ કરવામાં આવે છે અને જો કોઇ આગાખાની બીરાદર ઇમામે હુસયનની ખરી મોહુબ્બતથી પ્રેરાઇ ઝીયારત પડવા જાય છે, તો તેની ખુબ ઝાટકણી થાય છે. પ્રકાર પ્રકારથી ઝીયારતના બારામાં મિશનરી સાહેબો ખોટા વિચારો ફેલાવી રહ્યા છે અને તે બારામાં તેઓ એમ સમજાવે છે કે:—

૧. "મૌજુદ ઇમામ ના. આગાખાનના દીદાર કરવાની તકલીફને કરબલા, મક્કા શરીફ સુધી મુસાફરી વેઠતાં પણ દીને ઇસ્લામનો મૌજુદ રેહબર જોવામાં આવે નહિ."

(વરતેજી કૃત 'વેદીક ઇસ્લામ.')

૨. કરબલાની ઝીયારતથી કબરપરસ્તી થાય છે.

૩. કરબલાની માટી અને હિન્દુસ્તાનની માટી વચ્ચે કશોએ ફેર નથી.

૪. કરબલામાં ઇમામે હુસયનની કબર ઉપર રૂપાની ઝરીહ છે તે ઉપર બોસો આપવો અને ચાંદીના રૂપીયાના સિક્કા ઉપર બોસો આપવો બરોબર છે.

આગાખાની મિશનરી સાહેબોના સઘળા આક્ષેપોનો સમાવેશ ઉપલી ચારે બાબતોમાં થાય છે તેનો જવાબ ટુંકમાં આપીશું.

૧. જો હાજર ઇમામના દીદાર થકીજ હજ અને ઝીયારતની ફરજ અદા થઇ શકતી હોય, તો ઇસ્લામના મહાન્ સ્થાપક પવિત્ર પયગંબરની હયાતીમાંજ તેમના દીદાર મળતાં છતાં મદીનાથી જંગલની મુસાફરીની કષ્ટ ભોગવી મુસલમાનો શા માટે મક્કા શરીફ હજ પડવા માટે જતા હતા? ખુદ પયગંબર, શા માટે મદીનાથી મક્કા શરીફ હજ પડવા માટે જતા હતા અને મુસલમાનોને હજનો હુકમ આપતા હતા? એ શિવાય ચોથા, પાંચમા અને છઠ્ઠા ઇમામ, જેઓની ઇમામત આગાખાની ભાઇઓ પણ માન્ય રાખે છે તેઓ, હજ અને કરબલાની ઝીયારત માટે જતા હતા અને પોતાના શીઆ અને દોસ્તોને ઝીયારતનો હુકમ આપતા હતા, જે ઇસ્લામી પુસ્તકોથી સિધ્ધ થાય છે.

નામદાર આગા હસન અલીશાહ, સાહેબે ફારસીમાં પોતાના હાથે લખેલી "ઇબ્રત અફ્ઝા"માં લખે છે, તેનો ગુજરાતી તરજુમો પણ છપાએલ છે તેના પેજ ૨૬ માં જણાવેલ છે:—

"સરકાર વાલેદએ મગપુર (માતા સલામત) તથા નવાબ શાહઝાદી ખાસ મહલ તથા બચ્ચાંઓને તાબેદારો તથા નોકરો

સાથે આપીને બુઝર્ગવાર આસ્તાના યાને કરબલા તરફ વિદાય કરી રવાના કર્યા અને હું પોતે કુટુંબ એટલે ભાઇઓ, ભત્રીજાઓ તથા કેટલાક ઘરના કબીલાઓની સાથે મક્કા મોઅઝ્ઝમાની સફરના બંદોબસ્તમાં રહ્યો."

નામદાર આગા જહાંગીર શાહે પોતાનો એઅતેકાદ જણાવવા ખાતર, ફારસીમાં જે રિસાલો લખેલ છે તેના ગુજરાતી તરજુમાના પેજ ૩૯ મા (મુરીદોના એહવાલમાં) જણાવેલ છે કે, "કેટલાકો કરબલા મોઅલ્લા તથા નજેફ અશરફ જીયારત પડવા માટે તથા મક્કા મોઅઝ્ઝમા પણ જાય છે અને ખુદા અને તેના રસુલનાં ફરમાનો મુજબ દીની એહકામો બજાવી લાવે છે."

નામદાર આગાઅલી શાહ, કરબલા વીગેરે પવિત્ર સ્થળોની ઝીયારતે ગયા છે અને તેઓ નામદારની શાદી પણ કરબલામાં થઇ, એ પણ મશહુર છે અને તેઓ નામદારની વસીય્યત અનુસાર તેઓની લાશને કરબલાએ મોઅલ્લા મોકલવાને ત્યાં દફનાવવામાં આવી છે.

હાલના નામદાર આગાખાનની માતુશ્રી, લેડી અલીશાહ (માતા સલામત) પણ કરબલા, નજફ, સામરા અને કાઝમૈનની ઝીયારતે બે વખત ગયલાં છે, અને તેઓની સાથે ના. આગાખાન સાહેબ પણ ગયા હતા. હાલમાંજ બે ચાર વરસ થયાં લેડી અલીશાહ (લેડી સલામત) ખુરાસાનમાં આઠમા ઇમામ હ૦ અલી મુસારિઝાની ઝીયારતે ગયાં હતાં.

'મહુવા કમીશન કેસ'ના રિપોર્ટમાં ભાવનગરની હાઇકોર્ટના બાહોશ પારસી જડજ મી. મીરઝા ઝીયારતના બારામાં લખે છે તેમાંથી થોડા ફકરાનો ઉતારો અહીં ઉતારીએ છીયે.

"વળી ઘણાક ખોજાઓ આ ગામના તેમજ બાહેર દેશાવરના કરબલા હજ કરવા (હજના બદલે ઝીયારત જોઇએ જે સમજફેર અથવા સરતચુકથી થયેલ હશે) જાય છે અને આગા પાર્ટીના આગેવાનોના આખા કુટુંબો એવી હજ કરી આવ્યા

છે. એ હજમાં કરબલા, નજફ, કાજમીન, અને સામરા નામના ગામોની મુલાકાત લેવામાં આવે છે.

(પેજ ૫૯.)

" તે ઉપરાંત એવું પણ માલમ પડે છે કે, આગાના પોતાના વડીલો અને તેમનું કુટુંબ કાજમીન* અને સામરા†માં દફનાવવા એટલું તો ખુશી છે કે, મુંબઇવેરથી અને ઇરાન વેરથી ભારે ખર્ચ કરી તેઓની મૈયત ત્યાં લઇ જઇ દફન કરાવે છે. આગા અલીશાહ જે મુંબઇ ગુજર્યા તેમની નજફમાં કબર છે. આગા જલાલશાહ જે ઇરાનમાં ગુજર્યા તેમની સામરામાં કબર છે. કાઝમીનમાં આગાએ એક ધર્મશાળા બંધાવી છે.

(પેજ ૬૦.)

૨. કબરની ઝીયારતને કબરપરસ્તી જણાવે છે તેના જવાબમાં એટલુંજ કહીશું કે, ડુંગરી ઉપરની દરગાહમાં પીર મહમદશાહની કબર છે ત્યાં આગાખાની ભાઇઓ શું કબરની પુજા કરવા માટે જતા હશે? અથવા માહીમના ઉરસને પણ અમારા આગાખાની ભાઇઓ કબરપરસ્તી સમજી રહ્યા છે.

કબરની ઝીયારતના બારામાં, પવિત્ર કુરઆનની આયતો અને હદીસો વડે આ પ્રકરણમાં ખુલાસાવાર ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તેનાં રહસ્યો તથા સવાબ સ્પષ્ટ કરી આપેલ છે, જેથી સિધ્ધ થશે કે ઝીયારત કબરપરસ્તી નહિજ કહી શકાય. હા, જેઓ મોઅમેનોની કબર ઉપર અને ઇમામોની કબર ઉપર ફાતેહા અથવા ઝીયારત પડવા જતા નથી, તેના બારામાં ખુદા પવિત્ર કુરઆનમાં શું ફરમાવે છે તે ફરીવાર વાંચી ઇન્સાફ કરવા ન્યાયી વાંચકને નમ્ર અરજ કરીયે છીયે.

" યા અય્યુહલ્લઝીના અમનુલા તતવલ્લવ કવમન ગઝિબલ્લાહુ અલયહિમ કદ ય ઇસુ મિનલ આખેરતી કમા યઇસલ કુફ્ફાર મિન અસ્હાબીલ કબુર." અર્થ:—હે મોઅમેનો, તમે

---

* કાઝમેનમાં સાતમા ઇમામ હ૦ મુસાએ કાઝીમ અ૦ અને નવમા ઇમામ હ૦ મોહમદતકીની કબરો છે.

† સામરામાં દસમા ઇમામ હ૦ અલી યુન્નકી અ૦ તથા અગ્યારમા ઇમામ હ૦ હસન અસકરી અ૦ની કબરો છે.

તે કોમ સાથે દોસ્તી કરો નહિ કે, જેના ઉપર ખુદાનો કોપ થયો છે. ખરેખર તેઓ આખેરતથી નિરાશ થયા છે, જેવી રીતે કાફરો કબરના માણસોથી નિરાશ થયા છે.

(પવિત્ર કુરઆન સુરતુલ મુમતહેના આયત ૧૩.)
પ્રોફેસર ઇસ્ફહાની કૃત તરજુમો પેજ ૧૦૬૧.

૩-૪ કરબલાની માટી, ઝરીહની ચાંદી અને હિંદુસ્તાનની માટી, રૂપીયાની ચાંદી વચ્ચે ફેર છે કે નહિ, એ ઇસ્લામી બીરાદરોને સમજાવવાની જરૂર નથી. પરધર્મિઓનાં મંદીર-દેવળમાં જે માટી ચુનો વપરાય છે, એજ મસજીદમાં વપરાય છે; પણ મુસલમાનો અવષ્ય મસજીદની રજકણને પણ પવિત્ર માને છે. એક અંગ્રેજના હાથની સોના રૂપાની વીંટી કરતાં, નામદાર આગાખાનની હાથની વીંટીને આગાખાની ભાઇઓ લાખ દરજ્જે પવિત્ર ગણે છે. તો એ બેઉ વીંટી વચ્ચે શો ફેર ગણાય? હા! જેના દીલમાં ઇમામે હુસયનની લેશ બાર મોહબ્બત અને ઇમાન ન હશે તેના માટે બધુંએ સરખુંજ છે.

ઉપલા ખુલાસાથી સ્પષ્ટ થાય છે કે, કરબલાની ઝીયારત માટે ખોજા કોમના પીરોએ કોઇ કાળે મનાઇ કરી નથી. માત્ર એ રોકટોક મિશનરી સાહેબોની પોલીટીકલ હીલચ.લને આભારી છે. કેમકે જો કરબલા જવાની છુટ રાખવામાં આવે તો ઇમામે હુસયનની ઝીયારતથી દીને ઇસ્લામ પ્રત્યેના ઇમાનમાં વધારો થવા સાથે, નમાઝ, રોઝા ઇત્યાદી ઇબાદતો તરફ આગાખાની ભાઇઓનું લક્ષ ખેંચાય અને તેમ થતાં ઇસ્નાઅશરી અને આગાખાની વચ્ચે જુદાઇ રહેવા ન પામે અને સર્વ એક બીજા સાથે ખાંડ ચામાં ભળી જાય તેમ ભળી જતાં વાર ન લાગે. જે અમારા મિશનરી સાહેબને રૂચતું નથી એ ખેદકારક છે. નહિ તો ઝીયારતે કરબલામાં દુન્યા અને આખેરતના બેહદ અને બેમિશાલ લાભો શિવાય નુકસ.નીની જરાએ બીક નથી. ખુદા અમારા આગાખાની ભાઇઓને પીરોના પગલે ચાલી, કરબલાની ઝીયારતનો અઝીમ સવાબ હાંસીલ કરવાની નેક-તૌફીક આપે.

કરબલાનો ટુંક ઇતિહાસ.

દુન્યાની નજરે ચડી રહેલા મેસોપોટેમીયા અથવા ઇરાકમાં ફુરાત-નદીની એક નહેરના કાંઠે આવેલા કરબલા શેહેરમાં, શહીદે ઇસ્લામ હ૦ ઇમામ હુસયન અ૦ શહીદ થયા અને ત્યાંજ તેમની અને તેમના સાથીઓની કબરો છે. એ પવિત્ર સ્થળ મુસલમાનો માટે ઝીયારતગાહ થઇ ગએલ છે અને દર વર્ષે હુસયને મઝલુમના લાખો આશીકો તે શહેનશાહની કચેરીમાં દાખલ થઇ પોતાનું સિર નમાવીને શહનશાહનાં આંગણાંને ચુંબન કરી ખરો પ્રેમ ઝાહેર કરે છે.

કરબલાનો વિસ્તાર આસરે ત્રણથી ચાર ચોરસ માઇલ અને તેની વસ્તી ૪૦ થી ૫૦ હજારની ટેવી શકાય. એ પવિત્ર શેહેરનો પાયો ઇ૦ સ૦ ૬૮૦ માં નાખવામાં આવ્યો હતો. પાયો નાખવામાં આવે છે ત્યારે મોટી મોટી ક્રિયાઓ થાય છે, ભોગ દેવાય છે. એજ પ્રમાણે કરબલાના શેહેરનો પાયો નંખાણો ત્યારે એવી યાદગાર ક્રિયા થઇ હતી. જેને યાદ કરી આજ પર્યંત તમામ મખલુકાત લોહીના આંસુએ રૂદન કરી રહી છે. હ૦ ઇમામે હુસયન અ૦મે આ મહાન્ ક્રિયા ઇ૦ સન ૬૮૦ અકટોબર મહીનાની ૧૦ મી તારીખે (સને ૬૧ હીજરી મોહર્રમની દસમી તારીખે, આશુરાના દહાડે કરી હતી.

દુન્યામાં ઘણાં શહેર બન્યાં ને નાશ પામ્યાં, પણ કરબલાના શહેરનો મજબૂત પાયો મહાન્ ગંભીર ક્રિયાથી એવી રીતે નંખાણો જે હજી સૂધી એજ સ્થિતિમાં બલ્કે પુર આબાદી સહીત ટકી રહ્યું છે અને કિયામતના દહાડા સૂધી આબાદ રહેશે. વખતો વખત કરબલાના શહેનશાહ શહીદે ઇસ્લામના વિરોધીઓ તરફથી તે શહેરનો નાશ કરવાના પ્રયત્નો થતા રહ્યા પણ ખુદાનું નૂર કોઇ ઓલવી શકયું નથી. જેમ જેમ દુશમનોની વિરૂધ્ધતા વધતી ગઇ તેમ તેમ કરબલાની ચડતી અને આબાદીમાં પ્રગતી થતી રહી. નદીના પાણીને લાવી એને ડુબાડી નાખવાની કોશીશ કરવામાં આવી પણ ખુદાનું ચાહ્યુંજ થયું. કરબલા આબાદ થયું ત્યારથી કદી બરબાદ ન થયું.

સર્વથી પહલે ઇમામે હુસયનની ઝીયારત કરવાનું માન, પયગંબરના વયોવૃધ્ધ માનવંતા સહાબી જાબીર ઇબ્ને અબદલ્લા અનસારી ખાટી ગયા. તેમને ઇમામની શહાદતની ખબર મળતાંજ મદીનાથી રવાના થયા અને ચેહલુમના દિવસે (ઘણું કરી શહાદતના બીજે વર્ષે સન ૬૨ હીજરીમાં) કરબલામાં પહોંચ્યા. તે પછી હ૦ ઇમામ ઝયનુલ આબેદીન અ૦ એહલેબયત સાથે એજ દિવસે શામના કેદખાનાથી છુટી કરબલા પહોંચ્યા.

તે પછી સને ૬૪ હીજરીમાં યઝીદે મલઉન મરણ પામ્યો તે વખતે કુફાના બંદીખાનામાં ચાર હજાર પાંચસો શીઆઓ કેદ હતા, જેઓને મોઆવીયાના ઝમાનાથી માત્ર હ૦ અલી અ૦ના મોહિબ હોવાના વાંકપર કેદ કરવામાં આવ્યા હતા. તેઓને યઝીદના મરણ પામવાની ખબર મળવાથી બંદીખાનું તોડી છુટા થયા અને બની ઉમય્યા કનેથી ઇમામે હુસયનના ખુનનો બદલો લેવાની તય્યારી કરી. પ્રથમ કરબલા ઇમામની કબરપર ઝીયારત પડવા અને દુશમનો કનેથી બદલો લેવા માટે લડવાની ઇજાઝત તલબ કરવા ગયા હતા. આ લોકોની ઝીયારત અને કરબલામાં તેઓની ગીરયા વ ઝારી તેમજ બની ઉમય્યા સામેની તેઓએ કરેલી લડાઇનું વર્ણન ઘણું લાંબુ હોવાથી ટુંકમાં પતાવવા ખાતર લખતા નથી.

તે પછી હીજરીની બીજી સદીમાં, કરબલામાં આબાદી શરૂ થઇ અને મરવાનીઓ-બની ઉમય્યાની રોકટોક નરમ પડવાથી છુટાછવાયાં માટીનાં મકાનો ઇમામની કબરની અતરાફ બનાવવામાં આવ્યાં, અને છઠ્ઠા ઇમામના ઝમાનામાં શીઆ લોકોનો મજમો કરબલામાં વધતો ગયો. હારૂન રશીદના ઝમાનામાં તેના હુકમથી ઇમામની કબર ઉપર એક બોરડીનું ઝાડ નીશાની માટે હતું તે કાપી નાંખવામાં આવ્યું હતું. તેના દીલમાં એહલેબયતે રસુલની સખત અદાવત હતી પણ ઇમામે હુસયનની ઝીયારતના બારામાં તેની કોઇ હીલચાલ ઇતિહાસમાં લખવામાં આવી નથી.

ત્રીજી સદીની શરૂઆતમાં સને ૨૩૨ હીજરીમાં, બની અબ્બાસીનો બાદશાહ વાસીકબિલ્લાહના મરણ પછી મુત-

વક્કીલ અબ્બાસી ગાદીએ બેઠો. તે મરદુદ નાસબી અને એહલે-બયતનો પક્કો દુશમન હતો. તેના મેહેલમાં એક ગાનારી કનીઝ હતી જેનાથી તે ઘણી મોહબ્બત રાખતો હતો. એક વખતે તે ઓરતને હાજર થવાનો હુકમ થયો પણ મેહેલમાં હાજર ન હોવાથી થોડીવાર પછી હાજર થઇ. મુતવક્કીલે તેણીને ગેરહાજરીનું કારણ પુછયું ? તે ઓરતે કહ્યું કે, હું હજ પડવા ગઇ હતી. મુતવક્કીલે અચંબો પામીને કહ્યું કે, આ તો શઅબાનનો મહીનો છે, હજની મોસમને ઘણી વાર હોવા છતાં, તું કેમ કરતાં હજ કરવા ગઇ ? માટે ખરૂં કહી દે, નહિ તો તારા જાનની સલામતી જોખમમાં છે; ત્યારે તેણીએ કહ્યું કે હું ખરેખરૂં કહું છું કે, ઇમામે હુસયનની ઝીયારત પડવા કરબલા ગઇ હતી. આ સાંભળી મુતવક્કીલ ક્રોધે ભરાયો અને તે ઓરતને કેદ કરવાનો હુકમ આપ્યો. તે પછી શાહી ફરમાન બાહેર પાડવાનો હુકમ આપ્યો કે, "જે કોઇ ઇમામે હુસયનની ઝીયારત પડવા જશે તેને સજા કરવામાં આવશે" અને તે સાથે કરબલાની ચારે દીશાએ પેહરેગીરો રાખ્યા કે કોઇ પણ માણુસ ઇમામની કબર આગળ જઇ શકે નહિ. તે પછી એક માણુસને જેનું નામ દયઝજ હતું તેને બોલાવીને કહ્યું કે, તને જોઇએ તેટલાં માણુસો પોતાની સાથે કરબલા લઇ જા અને ઇમામે હુસયનની કબર ખોદી તે ઉપર પાણી લાવી કબરની નીશાનીને સાવ નાબુદ કરી નાંખ. તે મલઉન – કરબલા ગયો અને મુતવક્કીલના ફરમાનુસાર અમલ કરી કબર સુધી પાણી લઇ આવ્યો પણ કબર આગળ પાણી પહોંચ્યું નહિ અને કબરની ચારે તરફ પાણીની દીવાલ ઉભી થઇ ગઇ તેથી તે મલઉન ત્યાંથી મુતવક્કીલને ખબર કરવા પાછો ફર્યો.

મુતવક્કીલ મલઉને વખતોવખત માણુસો મોકલી કબરની નીશાની મટાડવા પ્રયત્નો કર્યા પણ તે મલઉન ખુદાના નૂરને બુજાવી ન શકયો.

એહલે સુન્નતની મશહુર તવારીખ 'તારીખુલ ખુલફા' સુયુતીમાં લખે છે કે, "સને ૨૩૬ હીજરીમાં મુતવક્કીલ મલઉને હુકમ આપ્યો હતો કે, ઇમામે હુસયનની કબરને તોડી

પાડવામાં આવે અને તેના પર પાણી લાવી તેની નીશાની સાવ નાબુદ કરવામાં આવે અને કબર ઉપર ખેતી કરી, લોકોને ઝીયારત માટે કરબલા જવાની મનાઇ કરવામાં આવે. એવી રીતે સને ૨૩૭ અને ૨૪૭ માં પણ મુતવક્કીલે કબરની નીશાની નાબુદ કરવા પોતાના માણુસોને મોકલ્યા હતા પણ તેમાં ફાવ્યો નહિ.

'જલાઉલ ઉયુન'માં લખે છે કે, જે ઝમાનામાં મુતવક્કીલ મલઉને ઇમામની કબરની નીશાની નાબુદ કરવા માણુસોને કરબલા મોકલ્યા હતા તે વખતે, ઝયદેમજનુન મિસરમાં હતા. તેને આ ગમનાક બનાવની ખબર પડી કે ત્યાંથી ઝીયારત કરવાના ઇરાદાથી કુફા તરફ રવાના થયા. ત્યાં આગળ પ્રથમ બેહલુલની મુલાકાત થઇ. તેને જોઇને ઝયદે સલામ કરી. સલામનો જવાબ આપી બેહલુલે તેને પુછયું કે, "તમે મિસરથી શા માટે અહીં આવ્યા છો?" તેના જવાબમાં ઝયદે કહ્યું કે, "મુતવક્કીલ મલઉને ઇમામે હુસયનની કબરની નીશાની નાબુદ કરવાના ઇરાદાથી કરબલાની જમીન ઉપર પાણી ફેલાવી કબર ઉપર ખેતી કરવાનો હુકમ આપ્યો છે, તેથી મને ઘણો સદમો થયો છે, માટે એ મઝલુમની ઝીયારતના ઇરાદાથી અહીં આવ્યો છું." બેહલુલે તેને કહ્યું, "ચાલો આપણે બન્ને કરબલા જઇ ઇમામની ઝીયારત કર્યે." તે પછી તેઓ બન્ને સાથે રવાના થયા અને કરબલા પહોંચીને જોયું કે, ઇમામે મઝલુમની કબરની આસપાસ પાણી ફેલાઇ ગયું છે પણ કબર આગળ દીવાલની માફક પાણી થંભી ગયું છે.

જે માણુસ મુતવક્કીલ તરફથી કબરની નીશાની નાબુદ કરવા કરબલા આવ્યો હતો તેણે તે બન્ને જણાઓને જોઇને કહ્યું કે તમો અહીં શા માટે આવ્યા છો? શું તમે નથી જાણુતા કે મુતવક્કીલની સખત મનાઇ છે કે અહીં કોઇ પણ ઝીયારત કરવા ન આવે અને મનાઇ છતાં જે કોઇ આવે તેને કત્લ કરી નાખવાનો હુકમ થયો છે, માટે તમે ચાલ્યા જાઓ નહિ તો ફોકટ માર્યા જશો. ઝયદે તેને કહ્યું કે હું એજ કત્લ થવાની આશાએ અહીં આવ્યો છું અને લાંબી મુદ્દત થયાં

શહાદત માટે આતુર છું. આ સાંભળી તે માણસે ઝયદના પગો પર પડી તેના પર બોસો આપી રડતાં કહ્યું કે, હું મુતવક્કીલના હુકમથી ઇમામની કબરની નીશાની મટાડવા અહીં આવ્યો છું અને મેં ઘણી કોશીશ કરી પણ ખુદાના નૂરને હું બુઝાવી ન શકયો અને એ શિવાય ઘણા મોઅજીઝા અહીં મારા જોવામાં આવ્યા, જેથી મને ખાત્રી થઇ કે ઇમામે મઝલુમ બરહક છે અને તેઓ ખુદાના નૂર છે. હવે હું મારા ગુનાહો માટે તૌબા કરૂં છું અને અહીંથી મુતવક્કીલ આગળ જઇ ઇમામના મોઅજીઝા અને કરામતોનું વર્ણન તેની આગળ કરીશ પછી ભલે તે મને કત્લ કરી નાખે તેની મને જરાએ દરકાર નથી.

તે પછી મુતવક્કીલનો નોકર તેઓ બન્નેને કરબલામાં મૂકી પોતે બગદાદ આવ્યો અને એ તમામ હકીકતથી મુતવક્કીલને વાકેફ કર્યો. મુતવક્કીલે તેને કત્લ કરાવી તેની લાશને બજારોમાં ફેરવી સુળીએ લટકાવવાનો હુકમ આપ્યો, જેથી ફરીથી કોઇ પણ માણસ એહલેબયતની ફઝીલત બયાન કરવાની હિંમત ન કરી શકે.

ઝયદને આ બનાવની ખબર મળવાથી બગદાદ ચાલ્યો આવ્યો પ્રથમ તે લાશને સુળીપરથી ઉતારી ગુસલ આપી કફન પેહરાવી દફન કરી આપી અને ત્રણ દિવસ સુધી તેની કબરપર કુરાન પડતો રહ્યો. એક દિવસે તેણે જોયું કે શેહેરના લોકો ઉઘાડે માથે રડતા પીટતા એક જનાઝાને ભારે ઠાઠમાઠથી કાળા વાવટાની સાથે ઉપાડી દફન કરવા લઇ જતા હુતા, તેણે કોઇને પુછયું તો તેને કહેવામાં આવ્યું કે, મુતવક્કીલ બાદશાહની એક ઓરતની તે લાશ હતી તે પછી તેણે જોયું કે તે લાશને કબરમાં દફનાવ્યા પછી કબર ઉપર એક શામયાનો ઉભો કરવામાં આવ્યો અને પ્રકાર પ્રકારનાં ફુલો કબરપર રાખવામાં આવતાં હતાં અને લોકો ફાતેહા, કુરાન પડતા હતા. આ દેખાવ જોઇ ઝયદની આંખોમાં કરબલાના મઝલુમની કબરની દુઃખદાયક હાલત તરી આવી અને તે ઘણું રડયો. એક ઠંડો નિસાસો ખેંચી તેણે કહ્યું, "હાય અફસોસ! પયગંબરના નવાસાને ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા શહીદ કરવામાં

આવે, તેમની એહલેબયત ઓરતો અને નાનાં બચ્ચાંઓને બંદીવાન બનાવી ગામોગામ ફેરવવામાં આવે, તેમનાપર તો કોઇ રોનાર પીટનાર ન હોય. બલકે હવે તે મઝલુમની કબરની નિશાની પણ મટાડવાની કોશીશ થાય છે. જ્યારે અહીં તો મુતવક્કીલની એક કાળી બાંદીની લાશને કેવા ઠાઠમાઠથી દફ્નાવી, તેની કબર ઉપર પુલો ચઢાવી તેપર શામયાનો ઉભો કરાવે છે. તે પછી દુઃખ અને મુસીબતના આવેશમાં તેણે કેટલાંક કાવ્યો રચ્યાં અને કાગળપર લખી મુતવક્કીલના દરબાન મારફતે તેની આગળ મોકલી આપ્યા. મુતવક્કીલ તેના કાવ્યો વાંચી ઘણો ગુસ્સે થયો અને ઝયદને તેડાવી ઘણી ધમકી આપી ડરાવ્યો અને કહ્યું કે, અબુતુરાબ (હ૦ અલી અ૦) કોણ છે ? જેના ફરઝંદ (ઇમામ હુસયન અ૦)નાં વખાણ કરી રહ્યો છે.

ઝયદે કહ્યું, “ઓ મુતવક્કીલ ! તું અજાણ નહિ થા; તું અબુતુરાબને અને તેમની ફઝીલતને મારા કરતાં વિષેશ સમજે છે, છતાં મને પુછે છે ! જે માણુસ એ બુઝર્ગવારોની ફઝીલતનો ઇનકાર કરે, તે મુનાફીક છે. તે પછી હ૦ અલી અ૦ની ઘણી ફઝીલતો તેને કહી સંભળાવી તેથી મુતવક્કીલ ઘણો ગુસ્સે થયો અને ઝયદને કેદખાનામાં મોકલી આપ્યો. રાતના વખતે મુતવક્કીલે સ્વપ્નામાં જોયું કે, કોઇએ આવી તેના માથાપર પગથી ઠોકર મારી તેને કહ્યું, જલદી ઝયદને મુક્ત કર નહિ તો તને હલાક કરી નાખીશ. આ ભયંકર સ્વપ્નુ જોઇ મુતવક્કીલ જાગી ઉઠયો અને તુરત દરબાનને મોકલી કયદખાનામાંથી ઝયદને તેડાવ્યો, અને તેને સારી પેહરામણી, રોકડ નાણું આપીને મુકત કર્યો; અને પુછયું કે, તારી બીજી કોઇ હાજત હોય તો બયાન કર. ઝયદે કહ્યું કે મારી એકજ હાજત છે કે, ઇમામે મઝલુમની કબરને બનાવવા અને ઝીયારત પડવા જવાની છુટ આપ. મુતવક્કીલે રજા આપી તેથી ખુશ થતો ઝયદ બાહેર આવ્યો અને રસ્તા ઉપર ઉભા રહી મ્હોટા અવાજે પુકારવા લાગ્યો, “જે માણુસ ઇમામ હુસયનની ઝીયારત પડવાનો ઇરાદો રાખતો હોય, તેને છુટ છે કે કરબલા જાય અને ઇમામની ઝીયારતથી મુશર્રફ થાય.”

હીજરીની દસમી સદીની શરૂઆત સુધી કરબલામાં જુજ વસ્તી હતી, કેમકે પુરાત નદીની તે શાખા જે ઇમામે હુસયનની શહાદતના વખતમાં વહેતી હતી તે સુકાઇ ગઇ હતી અને કરબલામાં પાણીનો દુકાળ રહેવાથી તે સમયમાં (હીજરી ૧૦ મી સદીમાં) એક ફકીર જેનું નામ "મોમિનુદવલા" હતું તે હઝરતની કબર સાફ રાખવા માટે મુજાવર થઇ ત્યાં રહ્યો. તેણે પોતાની આખી જીંદગી ઇમામની ખીદમતમાં અર્પણ કરી હતી અને અથાગ કોશીશથી લગભગ છ સાત કોસ દૂર પુરાત નદીની બીજી શાખા વહેતી હતી ત્યાંથી પાણી લાવીને કેટલાંક ખજુરીનાં ઝાડો ઘણી મુશકેલીએ તેણે રોપ્યાં હતાં, તેને પાણી પાતો અને હઝરતની કબર ઉપરથી કચરો સાફ કરતો ને ફકીરીમાં જીવન ગાળતો.

તે ઝમાનામાં બની અબ્બાસીઓની બાદશાહીનો દોર ક્યારનો તમામ થઇ ગયો હતો. ઉસમાની ખાનદાનમાંથી (તુર્ક) બાદશાહ, સુલતાન ગાઝી સલીમખાન હીજરી સન ૯૧૮ માં તખ્ત ઉપર બેઠો. એજ વર્ષે તેને ઇરાક ઉપર ચઢાઇ મોકલવી પડી અને લશકરની સરદારી પોતાના માનીતા વઝીરને આપી.

સુલતાનને પોતાના વઝીર સાથે એટલી મોહબ્બત હતી અને લડાઇનું પરિણામ જાણવા એટલો આતુર હતો કે, દરરોજ નજુમીઓ પાસેથી રમલ નખાવી હકીકત પુછીને વાકેફ થતો હતો, અને યાદી માટે તેની નોંધ લખી લેવાનો હુકમ આપતો હતો. એક દિવસે નજુમીઓએ સુલતાનને જણાવ્યું કે, વઝીર ઇરાકની જમીનપર પહોંચ્યો અને ત્યાંથી બેહિશ્તમાં દાખલ થયો, અને તે પછીની હકીકત નજુમના હીસાબથી મળી શકી નહિ, છતાં હિસાબથી સિદ્ધ થાય છે કે વઝીર જીવતો છે અને મરણ પામ્યો નથી. આ ખબરથી બાદશાહ ઘણો ઉદાસ થયો અને તેને ખાત્રી થઇ કે વઝીર મરણ પામ્યો છે. કેમકે, "આપ મુવા વિના સ્વર્ગે ન જવાય" મુજબ જીવતો રહી કોઇ બેહિશ્તમાં દાખલ થઇ શકતો નથી.

તે પછી બીજે દિવસે નજુમીઓએ ફરીવાર રમલમાં નજર કરી અને સુલતાનને ખબર આપી કે, હવે વજીર

બેહિસ્તથી બાહેર આવીને લડાઇ ફતેહ કરી વિજયી લશકર સહિત પાછો ફરે છે. વઝીરે પાયતખ્તની નજીક પહોંચી સુલતાનને લડાઇ ફતેહ થયાની મુબારકબાદી સાથે વિજયી ફોજ સહિત આવી પહોંચ્યાના સમાચાર મોકલ્યા, તેથી સુલતાન ઘણો ખુશ થયો અને દરબારના અમીરો અને સરદારો સાથે વઝીરને સામે લેવા ગયા અને ભારે દબદબા સાથે શહેરમાં લઇ આવવામાં આવ્યો.

પ્રથમ વઝીરને રસ્તાની અને લડાઇની હકીકત પુછી લીધા પછી સુલતાને કહ્યું કે, ફલાણી તારીખે તમે બેહિસ્તમાં દાખલ થયા એમ નજુમીઓએ હીસાબથી જણાવ્યું તો તે દિવસે તમે કયાં હતા? વઝીરે અરજ કરી, "જહાંપનાહ! તે દિવસે હું કરબલાએ મોઅલ્લાની ઝમીન ઉપર પહોંચ્યો હતો." તે પછી તેણે કરબલાની બુઝર્ગી અને ઇમામે હુસયનની શહાદત અને સંપૂર્ણ ફઝીલત સમજાવી. જે સાંભળતાં બાદશાહને કરબલાની ઝીયારત કરવાનો શૌક ઉત્પન્ન થયો અને ટુંક અરસામાં પોતાના મજકુર માનીતા વઝીર અને પોતાના રસાલા સહિત કરબલાની ઝીયારત માટે રવાના થયો અને કરબલા પહોંચી ઝીયારતથી મુશર્રફ થયો.

'મોમિનુદવલાહ' કબર મુબારક ઉપર રહેતા મુજાવરને, સુલતાને બોલાવીને કહ્યું, "તારી જે કંઇ હાજત હોય તે માંગી લે." તે ફકીરે બાદશાહને ટુંકમાં જવાબ આપ્યો કે, તમારી આગળ મારી કોઇ હાજત નથી જેથી સુલતાન ઘણો ખફા થયો અને તેને રજા આપી પોતાના ખૈમામાં આવી સુતો. સ્વપ્નામાં સુલતાને જોયું કે ઇમામે હુસયન અ૦ તશરીફ લાવ્યા છે. સુલતાને સલામ કરી. ઇમામે મ્હોઢું ફેરવી લીધું. બીજી વાર સલામ કરી તો પણ ઇમામે જવાબ ન આપ્યો, તેથી સુલતાને કરગરીને અરજ કરી કે, મારી શું તકસીર થઇ છે, જેથી આપે મારાથી મ્હોઢું ફેરવી લીધું? હઝરતે ફરમાવ્યું કે, દુન્યાની સપાટી પર મારો સેવક, મારી કબરનો મુજાવર તે ફકીર એકજ હતો, જેના ઉપર તું આજે ગુસ્સે થયો અને તેને

નારાજ કરેલ છે. આ સ્વપ્નું જોઇ સુલતાનની આંખો ખુલી ગઇ અને તુરત પોતાના વઝીરને બોલાવીને કહ્યું કે, જલદી તે ફકીર મુજાવરને રાજી કરીને મારી આગળ તેડી લાવો. વઝીર ગયો અને તે ફકીર મુજાવરને સમજાવી પટાવી–રાજી કરીને બાદશાહ આગળ લઇ આવ્યો. બાદશાહે તેને સારો આવકાર આપી નરમાસથી ફરીવાર તેની હાજત વિષે પુછ્યું, તો ફકીરે કહ્યું કે મને કોઇ પણ ચીજની જરૂરત નથી પણ અહીં પાણીની ઘણી તાણ છે અને ઇમામની ઝીયારત પડવા આવનારાઓને તેથી ઘણી અડચણ પડે છે. જો બાદશાહ પાણીની એક નેહેર આ ઝમીન પર જારી કરશે, તો પાણીનું સુખ થતાં ઝવ્વારોની તકલીફ મટી જશે. તેની આ દરખાસ્ત સુલતાને ઘણી ખુશી સાથે પસંદ કરી. વઝીરને તેનો ઘટતો બંદોબસ્ત કરવા અને કામ શરૂ કરી દેવાનો હુકમ આપ્યો. સુલતાને પોતાના વઝીરને કહ્યું કે હું નજફેઅશરફ જાઉં છું અને ત્યાં સાત દહાડા રહીને પાછો કરબલા આવીશ તે દરમ્યાન કોઇ પણ રીતે નહેરનું કામ પુરૂં થવું જોઇએ. જેથી હું પાછો ફરૂં ત્યારે મારા હાથે પાણી જારી કરૂં અને નેહેર તૈયાર થતાં હું આવું ત્યાં સુધી તેનું મ્હો બંધ રાખવું. વઝીરે ઘણી મેહનત કરી કે બાદશાહ નજફથી પાછો ફરે ત્યાં સુધી નેહેર તૈયાર થઇ જાય તો પણ કેટલુંક કામ બાકી રહી ગયું; વઝીરે બાદશાહની ખફગીની બીકે મજકુર મુજાવર આગળ અરજ કરી કે બાદશાહ પાછો ફરે ત્યાં સુધી નેહેરનું બાંધકામ તૈયાર નહિ થશે તો શાહી ગજબ ઉતરશે માટે તેનો ઇલાજ થવો જોઇએ.

મુજાવરે તેથી દુઆ કરી, તો નજફમાં એટલો વરસાદ પડયો કે બાદશાહ ત્યાંથી નીકળી ન શકયો. તે દરમ્યાન નેહેર તૈયાર થઇ ગઇ. સુલતાન સલીમ, નજફથી પાછો ફર્યો અને નેહેરનું કામ તૈયાર થએલું જોઇ ખુશ થયો અને તેણે નેહેરનું મ્હોં માટીથી બંધ કરેલું ખોદયું. પણ પાણી પોતાની જગોથી આગળ ન વધ્યું તેથી બાદશાહે અજબ થઇને વઝીરને તેનું કારણ પુછયું. વઝીરે અરજ કરી કે, ઓ બાદશાહ! ફુરાતનું પાણી ઇમામે હુસયનથી શરમીંદો છે, કેમકે કરબલાના રણમાં

પુરાત નદી વેહતી હોવા છતાં તે બુઝર્ગવાર અને તેમના નાનાં નાનાં બાળકો ત્રણ દિવસ સૂધી તરસ્યાં રહ્યાં. છેવટે ત્યાં આગળ એક મજલીસ કરવામાં આવી અને કરબલાનું કરૂણારસિક બયાન કરી સર્વે લોકો રડવા લાગ્યાં. તે વખતે તે પાણી આગળ વધ્યું.

પ્રથમ ભાગ સમાપ્ત.